Saurashtra University
Re – Accredited Grade ‘B’ by NAAC
(CGPA 2.93)

Pansheriya, Laljibhai M., 2008, “પ્રાચીન સંસ્કૃત વાઙ્મયમાં નીતિકાવ્યોની પરંપરા અને તેના આલોકમાં 'શુક્રનીતિ'નું સમીક્ષાત્મક અધ્યયન”, thesis PhD, Saurashtra University

http://etheses.saurashtrauniversity.edu/id/940

Copyright and moral rights for this thesis are retained by the author

A copy can be downloaded for personal non-commercial research or study, without prior permission or charge.

This thesis cannot be reproduced or quoted extensively from without first obtaining permission in writing from the Author.

The content must not be changed in any way or sold commercially in any format or medium without the formal permission of the Author

When referring to this work, full bibliographic details including the author, title, awarding institution and date of the thesis must be given.

Saurashtra University Theses Service
http://etheses.saurashtrauniversity.edu
repository@sauuni.ernet.in

© The Author

॥ શ્રી જી ॥


**સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ**

**વિનયન વિદ્યાશાખાની, સંસ્કૃત વિષયની**

**પીએચ.ડી ની ઉપાધિ માટે પ્રસ્તુત શોધ નિબંધ**


# ‘‘પ્રાચીન સંસ્કૃત વાઙ્મયમાં નીતિકાવ્યોની પરંપરા અને તેના આલોકમાં ‘શુક્રનીતિ’નું સમીક્ષાત્મક અધ્યયન’’

# "THE TRADITION OF MORAL POETRY IN ANCIENT SANSKRIT LITERATURE AND CRITICAL EVALUATION OF 'SHUKRANITI' IN ITS CONTEXT"


**રજૂ કરનાર**

**પ્રા. લાલજીભાઈ એમ. પાનશેરીયા**

**એમ.એ., બી. એડ.**

**અધ્યક્ષ**

**સંસ્કૃત વિભાગ**

**સ્વ. એન. આર. બોરિચા એજ્યુ. ટ્રસ્ટ સંચાલિત**

**શ્રી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ મેંદરડા.**

**માર્ગદર્શકશ્રી**

**ડૉ. શ્રી જે. પી. એન. દ્વિવેદી**

**નિયામકશ્રી**

**શ્રી દ્વારકાધીશ સંસ્કૃત, એકેડેમી એન્ડ ઇન્ડોલોજીકલ રિસર્ચ ઇન્સ્ટીટયુટ,**

**દ્વારકા.**



**ઈ.સ. ૨૦૦૮**



‘‘પ્રાચીન સંસ્કૃત વાઙ્મયમાં નીતિકાવ્યોની પરંપરા અને
તેના આલોકમાં ‘શુક્રનીતિ’નું સમીક્ષાત્મક અધ્યયન’’

॥ શ્રી જી ॥

**સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ**
**વિનયન વિદ્યાશાખાની, સંસ્કૃત વિષયની**
**પીએચ.ડી ની ઉપાધિ માટે પ્રસ્તુત શોધ નિબંધ**

# ''પ્રાચીન સંસ્કૃત વાઙ્‌મયમાં નીતિકાવ્યોની પરંપરા અને તેના આલોકમાં 'શુક્રનીતિ'નું સમીક્ષાત્મક અધ્યયન''

# "THE TRADITION OF MORAL POETRY IN ANCIENT SANSKRIT LITERATURE AND CRITICAL EVALUATION OF 'SHUKRANITI' IN ITS CONTEXT"


**રજૂ કરનાર**

**પ્રા. લાલજીભાઈ એમ. પાનશેરીયા**

એમ.એ., બી. એડ.

અધ્યક્ષ

સંસ્કૃત વિભાગ

સ્વ. એન. આર. બોરિચા એજયુ. ટ્રસ્ટ સંચાલિત

શ્રી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ મેંદરડા.

**માર્ગદર્શકશ્રી**

**ડૉ. શ્રી જે. પી. એન. દ્વિવેદી**

**નિયામકશ્રી**

શ્રી દ્વારકાધીશ સંસ્કૃત, એકેડેમી એન્ડ ઇન્ડોલોજીકલ રિસર્ચ ઇન્સ્ટીટયુટ,

દ્વારકા.


ઇ.સ. ૨૦૦૮

''પ્રાચીન સંસ્કૃત વાઙ્‌મયમાં નીતિકાવ્યોની પરંપરા અને તેના આલોકમાં 'શુક્રનીતિ'નું સમીક્ષાત્મક અધ્યયન''

# :: જાહેરનામું ::

આથી હું સ્વીકૃત અને પ્રમાણિત કરું છું કે, પ્રસ્તુત પ્રબંધરૂપે પ્રસ્તુત થયેલું સંશોધનકાર્ય મેં સલગ્ન સૂચિમાં નિર્દીષ્ટ પ્રમુખ સંદર્ભ ગ્રંથો તથા શુક્રનીતિ ગ્રંથના આધારે તૈયાર કર્યું છે. તેમાં આવતા નિરૂપણ અને નિષ્કર્ષ મૌલિક છે. પ્રસ્તુત શોધકાર્યમાં રજૂ થયેલ મંતવ્યો અને વિગતો માટેની જવાબદારી મારી પોતાની છે.

સ્થળ : મેંદરડા

તારીખ :     /     /૨૦૦૮

લાલજીભાઇ એમ. પાનશેરીયા

મને વિધા માર્ગે દોરનાર મારા પરમ પૂજનીય
સ્વ. માતા–પિતા, વડીલ બંધુશ્રી જીવરાજભાઈ,
જેન્તીભાઈ, સ્વ. છગનભાઈ તથા રણછોડભાઈને
આભારપૂર્વક સ્મરી તેમના ચરણ કમલોમાં આ
શોધકાર્ય અર્પણ કરી ઋણ મુકત થવા પ્રયત્ન કરું છું.
ઋણ મુકત થવાનો દાવો કરતો નથી.

# સંશોધન કાર્ય દરમ્યાન મને પ્રોત્સાહિત કરનાર મહાનુભાવો તથા મિત્રો પ્રત્યે કૃતજ્ઞતા.

વડીલ બંધુશ્રી જીવરાજભાઈ પાનસેરીયા, જેન્તીભાઈ પાનસેરીયા, રણછોડભાઈ પાનસેરીયા, ખીમજીભાઈ પાનસુરીયા, પરેશ (રાહુલ) તથા બ્રીજેશ પાનસેરીયા, પ્રિ. ડૉ. કે. એસ. કરમટા સાહેબ, ડૉ. આર. એસ. ટોપણદાસાણી, પ્રા. એમ. પી. મહેતા, પ્રા. વી. કે. પરમાર, પ્રા. ડી. પી. વાળા, પ્રા. બી. આર. બારડ, પ્રા. બી. વી. ભાડજા, પ્રા. એસ. યુ. પટેલ, પ્રા. કે. એચ. વાળા, પ્રા. એન. બી. દૂધાત, પ્રા. બી. ડી. ડોડીયા, ડૉ. એફ. એ. શેખ, પ્રા. જે. ડી. ભાલાણી, પ્રા. એચ. ડી. બારડ, પ્રા. યુ. બી. ગામેતી, ડૉ. જે. આર. બામરોટીયા, પ્રા. બી. એન. રેવર, પ્રા. બી. એચ. દવે, શ્રીમતિ પ્રા. એચ. વી. સાવલીયા, શ્રીમતિ પ્રા. એન. કે. ચિત્રોડા, શ્રીમતિ પ્રા. જી. સી. ચૌધરી તથા સર્વે નોન ટીચીંગ સ્ટાફ મિત્રો, ડૉ. એમ. કે. મોલિયા, ડૉ. હિનાબેન કિકાણી, પ્રા. એમ. કે. મેતરા, પ્રા. ડૉ. કે. પી. બાકુ સાહેબનો આભાર વ્યકત કરું છું.

# ❖ નિવેદન ❖

સમગ્ર વિશ્વ સાહિત્યમાં જેવી રીતે સંસ્કૃત વાઙ્મય પ્રાચીનતમ છે તેવી જ રીતે 'રાજનીતિ' પણ વિશ્વમાં પ્રાચીનતમ છે.

પ્રાચીન કાળથી જ ભારતની મહાભૂમિ એ અનેક મહાપુરુષો અને દિવ્યાત્માઓને જન્મ આપ્યો છે. ભારતની આ પાવન ભૂમિએ રામ, કૃષ્ણ, બુદ્ધ, મહાવીર અને મહાત્મા ગાંધી વગેરે જેવા મહાપુરુષોને કાલિદાસ, અશ્વઘોષ, ભવભૂતિ, બાણભટ્ટ, તુલસીદાસ, વ્યાસ જેવા મહાકવિઓને, પાણિનિ, પતંજલી, ગૌતમ, કણાદ્, કપિલ, ભરત, ભામહ, મમ્મટ જેવા આચાર્યોને તેમજ ભારદ્વાજ, બૃહસ્પતિ, વિશાલાક્ષ, પ્રાચેતસ્, પરાશર, કૌટિલ્ય, કામન્દક, શુક્રાચાર્ય જેવા નીતિશાસ્ત્રના આચાર્યોને જન્મ આપ્યો છે. આ મહાપુરુષો, દિવ્યાત્માઓ અને આચાર્યોએ ભારતના સામાજિક, ધાર્મિક, આધ્યાત્મિક, શૌર્ય અને રાજનૈતિકના ક્ષેત્રમાં અનેક કીર્તિમાન અભિગમો સ્થાપિત કર્યાં છે.

પ્રાચીન ભારતમાં રાજનીતિશાસ્ત્રીય વિચારધારાની એક ઉજ્જવળ પરંપરા રહી છે. નીતિશાસ્ત્રના આચાર્યોમાં બ્રહ્મા આદ્ય પ્રવર્તક છે, ત્યારપછી ભગવાન શંકરે આ નીતિશાસ્ત્રને ગ્રહણ કર્યું, ભગવાન શંકર પાસેથી દેવરાજ ઇન્દ્રએ આ નીતિશાસ્ત્રને ગ્રહણ કર્યું. તેને સંક્ષિપ્ત કરી 'બહુદન્તક નીતિશાસ્ત્ર' એવું નામ આપ્યું. ત્યારપછી આ શાસ્ત્રને બૃહસ્પતિએ પોતાના બુદ્ધિ-બળથી સંક્ષિપ્ત કરી તેને 'બાર્હસ્પત્ય નીતિશાસ્ત્ર' નામ આપ્યું. ત્યારપછી મહાયશસ્વી, યોગાચાર્ય તથા અમિત બુદ્ધિમાન શુક્રાચાર્યે આ નીતિશાસ્ત્રને દેશ, કાળ, પરિસ્થિતિ અને મનુષ્યોની આયુષ્યનો હ્રાસ થતો જોઇને તેને વધુ સંક્ષિપ્ત કર્યું -

अध्यायानां सहस्रेण काव्यः संक्षेपमब्रीवीत् ।

तच्छास्त्रममितप्रज्ञो योगाचार्यो महायशाः ॥

- મહા. શાંતિ. - ૫૯ / ૮૫

નીતિશાસ્ત્રની મહત્તા દર્શાવતા ગ્રંથકાર સ્વયં કહે છે, કે - બીજા જેટલા પણ શાસ્ત્રો છે, તે સર્વે વ્યવહારના એકમાત્ર પાસાને દર્શાવે છે. પરંતુ સર્વે લોકોને ઉપકારક અને સમાજની સ્થિતિને સુરક્ષિત રાખનારું 'નીતિશાસ્ત્ર' જ છે, કારણ કે ધર્મ, અર્થ અને કામનું કારણ અને મોક્ષદાયક દર્શાવાયું છે -

'धर्मार्थकाममूलं हि स्मृतं मोक्षप्रदं यतः ॥

– શુક્રનીતિ – ૧/૫.

આમ નીતિશાસ્ત્રની આ પરંપરામાં શુક્રાચાર્યનું સ્થાન સન્માનનીય છે. વર્તમાન શુક્રનીતિ પાંચ અધ્યાયોમાં વિભાજિત છે. આ ગ્રંથે વર્ષો સુધી કૌટિલ્યના વિચારોનું પ્રતિનિધિત્વ પણ કર્યું હતું. તેનો પ્રભાવ અન્યત્ર પણ ઝીલાયો છે. સારગ્રાહિતા, બોધાત્મકતા અને કાવ્યાત્મકતા એ ગુણો તેમના ગ્રંથના આકર્ષણો છે. પ્રાચીન ભારતીય રાજનીતિશાસ્ત્રીય સાહિત્યના આ નોંધપાત્ર ગ્રંથનો અભ્યાસ ઉપાદેય બની રહે તેવા વિશ્વાસથી અહીં તેના સમીક્ષાત્મક અધ્યયનનો નમ્ર પ્રયાસ કર્યો છે. આ શોધકાર્ય કરવાની પ્રેરણા સારા ગુરુવર્ય પરમાદરણીય ડૉ. જે. પી. એન. દ્વિવેદી સાહેબે આપી.

ભારતીય સંસ્કૃતિના પાયાના નૈતિક સિદ્ધાંતોથી શાળામાં ભણતો ત્યારથી જ પ્રભાવિત થયો. સંસ્કૃત ભાષા અને સાહિત્ય પ્રત્યે પહેલેથી જ લગાવ અને તેમાંય ધોરણ-૧૨ પાસ કરી વલ્લભવિદ્યાનગર ગયો ત્યાં કોલેજ કાળમાં સંસ્કૃતના પ્રાધ્યાપકશ્રીઓએ સંસ્કૃત વિષય લઇ આગળ વધવા માટે સતત પ્રેરણા આપી. અભ્યાસકાળથી રાજનીતિશાસ્ત્ર પ્રત્યે રુચી હતી. કોલેજમાં મુખ્ય સંસ્કૃતની સાથે દ્વિતીય ગૌણ તરીકે રાજશાસ્ત્ર (Political Science) રાખેલ ત્યારપછી એમ. એ. સંસ્કૃત ભવન – સરદાર પટેલ, યુનિ. માં જ પ્રવેશ મળવ્યો અને ત્યાં ડૉ. શુકલ સાહેબ, ગુરુવર્ય ડૉ. અજિતભાઇના સાનિધ્યમાં રહી બે વર્ષ સુધી સંસ્કૃત વિષયના અનેક આયામોનો અભ્યાસ કર્યો. ત્યારપછી ૧૯૯૩ માં એમ. એ., બી.એડ. નો અભ્યાસ પૂર્ણ કરી મેંદરડા કોલેજમાં સેવા આપવાની શરૂઆત કરી કોલેજમાં અધ્યાપન કાર્ય દરમ્યાન મનુસ્મૃતિ જેવા માતબર ગ્રંથના અધ્યયન અધ્યાપનનો પ્રસંગ મળ્યો અને પ્રાચીન ભારતીય રાજનીતિશાસ્ત્રીય વિચારોને જાણવાની જિજ્ઞાસા વધી. સંદર્ભ ગ્રંથોના અધ્યયનથી પ્રતીતિ થઇ કે વેદથી શરૂ કરી પ્રશિષ્ટ કાવ્ય સાહિત્ય સુધીનું સંપૂર્ણ વાઙ્મય રાજનીતિશાસ્ત્રીય સંદર્ભથી સભર છે. કોલેજમાં નોકરીએ લાગ્યા પછી પણ વારંવાર થયા કરતું કે કંઇક સંશોધન કરવું જોઇએ. આ પ્રકારના વિચારોનું મંથન સતત ચાલ્યા કરતું એવામાં પ્રસંગોપાત ડૉ. દ્વિવેદી સાહેબ સાથે મુલાકાત થઇ તેમની સાથે સંશોધન અંગેની ચર્ચા

કરતાં જે સૌમ્યતાથી તેમણે વિદ્વતાપૂર્ણ અને તલસ્પર્શી જવાબો આપ્યા તેનાથી હું અત્યંત પ્રભાવિત થયો. ત્યારપછી સંશોધન સંદર્ભે ગુરુજીને દ્વારકા મળવા ગયો ત્યારે તેઓશ્રીએ કેટલાક વિષયો ઉપર ઊંડાણપૂર્વક વિચારવા જણાવ્યું ત્યારપછી બીજી મુલાકાતમાં ગુરુજીએ જણાવ્યું કે 'શુક્રનીતિ' પર લગભગ કામ થયેલ નથી અને એ વિષય તમારા માટે અપરિચિત છે, પરંતુ મહેનત કરશો તો જરૂર કામ થઇ શકશે અને સારું કામ થશે.

આજે ભારતીય રાજનીતિના પાયાના નૈતિક સિદ્ધાંતોની તાતી જરૂરત છે. આ રાજનીતિનું નિરૂપણ કરતાં કવિશ્રી શુક્રાચાર્યના સમાજોપયોગી અને મહત્ત્વપૂર્ણ સાહિત્યથી વિદ્વત્વર્ગ પરિચિત થાય તેમજ આ નૈતિકતાના સિદ્ધાંતોનું પુનઃસ્થાપન થાય તેવા શુભ ઉદ્દેશથી સંશોધનના મહત્ કાર્યની અભ્યાસ રુચિ ઉત્તરોત્તર વૃદ્ધિ પામી. સૌ પ્રથમ તો હું વીણાપાણિ માતા શારદાને સાદર વંદન કરું છું, જેની કૃપાદષ્ટિ પ્રાપ્ત થઇ. પરમ પૂજ્ય સન્માનનીય ગુરુવર્ય નિયામક શ્રી દ્વારકાધીશ સંસ્કૃત એકેડેમી દ્વારકાના ડૉ. જયપ્રકાશ નારાયણ દ્વિવેદી સાહેબને બે કર જોડી વંદન કરું છું. જેમણે પ્રસ્તુત વિષય પરત્વેના વિચારોને સ્વીકૃતિ આપી. તેમજ કેટલાક પાયાના ગ્રંથોના વાચન માટે માર્ગદર્શન, પ્રેરણા અને સાહિત્ય ઉપલબ્ધ કરાવ્યું અને આ મહાનિબંધના શીર્ષક અને સંશોધન કાર્યની રૂપરેખા નિશ્ચિત કર્યા. ફરી એકવાર ડૉ. દ્વિવેદી સાહેબને સાદર વંદન કરું છું કે આપની નિરંતર સદ્ચિંતન વૃત્તિથી આ કાર્ય ચરમસીમાએ પહોંચશે.

કૌટુંબિક પ્રોત્સાહન તેમજ મારા પરમ પૂજ્ય સ્વ. માતા-પિતા, વડીલ બંધુઓ અને વડીલોના આશીર્વાદથી આ કાર્ય ગતિશીલ બન્યુ. આ ઉપરાંત મેંદરડા કોલેજના સર્વે પ્રાધ્યાપક મિત્રો, ડૉ. એમ. કે. મોલિયા સાહેબ, ડૉ. કે. પી. બાકુ સાહેબ, પ્રા. એમ. કે. મેતરા સાહેબ વગેરેનું અમૂલ્ય માર્ગદર્શન પણ મને આ કાર્ય દરમ્યાન મળતું રહ્યું છે. પ્રુફ રિડીંગ કરીને તથા અન્ય ક્ષતિઓનું સમાર્જન કરી આપવા બદલ ભીખનભાઇ રામ સાહેબનો પણ આ તકે આભાર માનું છું. મારી જીવન સંગિની શ્રીમતી ચંદ્રિકા પાનસેરીયાનો સહકાર સાદ્યંત અભિનંદનીય રહ્યો છે. તો રામ કાર્યમાં મદદ કરનાર ખિસકોલીની જેમ મારા પુત્ર 'પ્રણયે' પણ આ શોધકાર્ય દરમ્યાન પોતાની શકિત પ્રમાણે મદદ કરી છે,

તેને પણ આ તકે યાદ કરું છું. આ ઉપરાંત તે પ્રત્યેક સામર્થ્યશીલ વ્યક્તિને વંદન કરું છું જેમના આશીર્વાદ, સહયોગ, પ્રેરણા તેમજ પરામર્શ દ્વારા આ શોધકાર્ય પૂર્ણ થયેલ છે.

સમગ્રલક્ષી મૂલ્યાંકનમાં વિષયાનુરૂપ પ્રાચીન, અર્વાચીન પુસ્તકો જેમાં વેદ, પુરાણ, ઈતિહાસ, નીતિશાસ્ત્રો, કોશગ્રંથો, પત્રિકાઓ તેમજ અન્ય સંદર્ભ પુસ્તકોના પ્રશસ્ય ગ્રંથાવલંબન માટે સુચારુ અને સરલ પ્રાપ્તિ માટે ગ્રંથપાલ શ્રી દ્વારકાધીશ સંસ્કૃત એકેડેમી, શ્રી કુસુમબેન ગોકાણી તેમજ અન્ય સ્ટાફ મિત્રોનો સહકાર સ્મરણીય છે. ઉપરાંત શ્રી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ મેંદરડાના ગ્રંથપાલ શ્રી જયેશભાઇ કરંગીયાનો પણ આ તકે આભાર માનુ છું.

આ સંશોધન કાર્યમાં કોઇ ક્ષતિ રહી હોય તે ક્ષતિ મારી છે એમ સમજી ઉદાર હૃદયે ક્ષન્તવ્ય ગણવા વિદ્વત્સમાજને કરબદ્ધ વિનંતિ છે.

## :: શબ્દ-સંકેત સૂચી ::

## :: ગ્રંથ સંકેતો ::

| | | |
|---|---|---|
| શુ. ની. | – | શુક્રનીતિ |
| કૌ. અર્થ. | – | કૌટિલ્ય રચિત અર્થશાસ્ત્ર |
| અનુ. | – | મહાભારત અનુશાસન પર્વ |
| અ. પુ. | – | અગ્નિપુરાણ |
| અયોધ્યા., વા. રા. | – | વાલ્મીકિ રામાયણ, અયોધ્યાકાંડ |
| અરણ્ય. | – | વાલ્મીકિ રામાયણ, અરણ્યકાંડ |
| મ. ભા. | – | મહાભારત |
| આદિ. | – | મહાભારત, આદિ પર્વ |
| આશ્રમ. | – | મહાભારત, આશ્રમવાસિક પર્વ |
| ઉ. નિ. | – | કામન્દકીય નીતિસાર પર ઉપાધ્યાય નિરપેક્ષા વ્યાખ્યા |
| કા. ની. | – | કામન્દકીય નીતિસાર |
| કા. સૂ. | – | કામસૂત્ર |
| ગ. પુ. | – | ગરુડ પુરાણ |
| જ. મ. | – | કામન્દકીય નીતિસાર પર શંકરાચાર્યની જયમંગલા પંજિકા |
| દશ. | – | દંડીકૃત દશકુમારચરિત |
| ની. પ્ર. | – | વૈશમ્પાયન રચિત નીતિપ્રકાશિકા |
| નીલમત. | – | નીલમતપુરાણ |
| ની. મ. | – | નીલકંઠ કૃત નીતિમયૂખ |
| ની. વા. | – | સોમદેવ રચિત નીતિવાક્યામૃત |
| પંચ. | – | પંચતંત્ર |
| બા. અર્થ. | – | બાર્હસ્પત્ય અર્થશાસ્ત્ર |
| બુ. ચ. | – | બુદ્ધચરિત |
| મત્સ્ય. કે. મ. પુ. | – | મત્સ્ય પુરાણ |

| | | |
|---|---|---|
| મ. સ્મૃ. | – | મનુસ્મૃતિ |
| યા. સ્મૃ. | – | યાજ્ઞવલ્કયસ્મૃતિ |
| રઘુ. | – | રઘુવંશ |
| રા. ર. | – | ચંડેશ્વર રચિત રાજનીતિ રત્નાકર |
| વિ. પુ. | – | વિષ્ણુપુરાણ |
| શાંતિ | – | મહાભારત, શાંતિપર્વ |
| શિશુ. | – | શિશુપાલવધ |
| સભા. | – | મહાભારત, સભાપર્વ |
| અ. સ. | – | અથર્વવેદ સંહિતા |
| ઋ. સ. | – | ઋગ્વેદ સંહિતા |
| એ. આ. | – | અંતરેય આરણ્યક |
| એ. બ્રા. | – | એતરેય બ્રાહ્મણ |

# :: પ્રમાણપત્ર ::

આથી હું પ્રમાણિત કરું છું કે, પ્રા. શ્રી લાલજીભાઇ માધવજીભાઇ પાનશેરીયા દ્વારા પ્રસ્તુત થનાર મહાનિબંધ ''પ્રાચીન સંસ્કૃત વાઙ્મયમાં નીતિકાવ્યોની પરંપરા અને તેના આલોકમાં 'શુક્રનીતિ' નું સમીક્ષાત્મક અધ્યયન'' તેમનું મૌલિક અને સ્વતંત્ર સંશોધનકાર્ય છે. તેઓશ્રી એ મારા માર્ગદર્શન હેઠળ આવશ્યક અભ્યાસ નિષ્ઠાપૂર્વક કરેલ છે.

સ્થળ : દ્વારકા

તારીખ : / /૨૦૦૮

ડૉ. જયપ્રકાશ નારાયણ દ્વિવેદી
નિર્દેશક
શ્રી દ્વારકાધીશ સંસ્કૃત એકેડમી અને
ઇન્ડોલોજીકલ રિસર્ચ ઇન્સ્ટીટયુટ
દ્વારકા.

# शोधप्रबन्ध के सन्दर्भ में ........

भारतीय राजनीतिक चिंतन से सम्बद्ध विपुल सामग्री वेदों से ही प्राप्त होने लगती है । आगे के काल में इसका विस्तार प्रमुखता से हुआ है । अर्थशास्त्र में उपलब्ध राजनीतिक सामग्री सार्वभौमिक रुप में और विशेषतः शासन-कला के दृष्टिकोण से एक आश्चर्यजनक उपलब्धि है । शुक्राचार्य द्वारा प्रणीत 'शुक्रनीति' में प्राचीन भारतीय शासन व्यवस्था पर विशद सामग्री संकलित है । ग्रंथ के पाँच अध्यायों में राजनीतिक सिद्धांत तथा शासन-कौशल का अद्भुत समन्वय है । साथ ही शुक्र द्वारा प्रस्तुत सामाजिक-राजनीतिक विचार आधुनिक शासन सिद्धांत का आभास देते है । शुक्र द्वारा जाति-व्यवस्था की विवेचना गुण और Occupation के आधार पर करने के कारण कर्म-सिद्धांत को एक सुदृढ़ वैचारिकी की आधार शिला पर स्थापित किया है । स्वधर्म (कर्तव्य) का पालन शासक तथा शासित दोनों पर अनिवार्य बन्धन है । शुक्र के अनुसार जन्म नही गुण राजत्त्व की प्राप्ति का आधार है । प्रस्तुत ग्रंथ की विशेषता इस बात में है कि इसमें शुक्रनीति में प्राप्त सिद्धांत आधुनिक राजनीतिक लोकतांत्रिक मूल्यो एवं सिद्धांतो के परिवेश में विश्लेषित किये गये है । राजा की स्थिति 'दास' की होने (स्वभागभृत्य दासत्वे प्रजानां च नृपः कृतः । - शु. नी. - १/१८८) और जनमत का राजा से अधिक महत्त्व होने की बातें इसका प्रत्यक्ष प्रमाण है ।

संशोधक ने आधुनिक पाश्चात्य राजनीतिक सिद्धांतो से स्थान-स्थान पर इस ग्रंथ में प्राप्त सिद्धांतो का तुलनात्मक अध्ययन करके विषय वस्तु की समीचीनता को एक नया आयाम दिया है । फलतः शोधप्रबन्ध में प्रतीची-प्राची का अनुपम संश्लेषण होने के साथ वर्तमान मानव समाज की सामाजिक-राजनीतिक समस्याओं के हल हेतु प्रगतिशील दृष्टिकोण अपनाया गया है ।

मार्गदर्शकश्री

डॉ. जे.पी.एन द्विवेदी

## :: અનુક્રમાણિકા ::


| પ્રકરણક્રમાંક | વિગત | પૃષ્ઠ |
|---|---|---|
| **વિભાગ-૧** | **પ્રાચીન ભારતીય રાજનીતિશાસ્ત્રની રૂપરેખા** | **૧ થી ૮૦** |
| ૧. | પ્રાચીન નીતિશાસ્ત્રની પ્રાચીનતા તેમજ નીતિ અને તેના પર્યાયોના વિચાર | ૧ થી ૧૨ |
| ૨. | નીતિનો વ્યુત્પતિજન્ય અર્થ તથા નીતિનો પર્યાય ‘આચાર’ | ૧૩ થી ૨૪ |
| ૩. | પૂર્વેના દાર્શનિક સંપ્રદાયોમાં નીતિદર્શન | ૨૫ થી ૩૯ |
| ૪. | નીતિશાસ્ત્રના પ્રવર્તક આચાર્યો | ૪૦ થી ૪૯ |
| ૫. | રાજનીતિનું નિરૂપણ કરતાં ગ્રંથો | ૫૦ થી ૮૦ |
| **વિભાગ-૨** | **ગ્રંથકાર પરિચય, ગ્રંથ પરિચય તથા ગ્રંથ સમીક્ષા** | **૮૧ થી ૯૦** |
| ૬. | ગ્રંથકાર પરિચય | ૮૧ થી ૯૦ |
| ૭. | ગ્રંથ પરિચય | ૯૧ થી ૧૦૪ |
| | - શુક્રનીતિનો સંક્ષિપ્ત પરિચય | |
| | - શુક્રનીતિની વિવિધ આવૃત્તિઓ | |
| | - શુક્રનીતિનું સ્વરૂપ | |
| | - શુક્રનીતિ રચનાનો ઉદ્દેશ | |
| | - શુક્રનીતિની વિષયવસ્તુ | |
| ૮. | રાજય નિરૂપણ | ૧૦૫ થી ૧૨૮ |
| | - રાજય એટલે શું ? | |
| | - રાજયની ઉત્પત્તિ વિષયક વિવિધ મતો | |
| | - શુક્રનીતિમાં રાજય સંબંધિત ચિંતન | |
| | - રાજયાંગો, તેના પર્યાય અને તેનો ક્રમ વગેરે | |
| | - રાજભવન | |
| | - રાજયના ઉત્તરાધિકારી | |
| | - અવિભાજય રાજય | |
| | - રાજય અને ધર્મ | |
| | - રાજયનું કાર્યક્ષેત્ર | |

| | | |
|---|---|---|
| ૯. | સ્વામી | ૧૨૯ થી ૧૮૧ |
| | - રાજા શબ્દની વ્યુત્પત્તિ અને પર્યાયો | |
| | - રાજનું દૈવિપણું | |
| | - રાજા અને દંડ | |
| | - રાજપદ આનુવંશિક કે ક્ષત્રિયનો અધિકાર ? | |
| | - રાજા અને વિદ્યા | |
| | - રાજા અને ઇન્દ્રિયજય | |
| | - રાજા અને વૃદ્ધસંયોગ | |
| | - રાજાની દિનચર્યા | |
| | - રાજાની રાજકીય ઘોષણા | |
| | - રાજાના આવશ્યક ગુણો | |
| | - રાજાની આવશ્યકતા અને મહત્ત્વ | |
| | - રાજાના કાર્યો અને જવાબદારી | |
| ૧૦. | અમાત્યાદિ વિચાર | ૧૮૨ થી ૨૦૧ |
| | - અમાત્ય, મંત્રી અને સચિવ એ પદ વિચાર | |
| | - અમાત્યની મહત્તા અને તેના ગુણો | |
| | - અમાત્યનો વર્ણ અને અમાત્યની આનુવંશિકતા | |
| | - અમાત્યની પરીક્ષા | |
| | - અમાત્યના કાર્યો | |
| | - મંત્રી પરિષદ | |
| | - રાજકીય પદાધિકારીઓની નિયુક્તિ | |
| | - યુવરાજ - રાજકુમાર | |
| ૧૧. | મિત્ર વિભાવના | ૨૦૨ થી ૨૨૫ |
| | - મિત્રની વ્યાખ્યા | |
| | - મિત્રાદિ પ્રત્યે સામાદિનો વિચાર (ઉપાયચતુષ્ટ્ય) | |
| | - સામાદિચતુર્વિધ ઉપાયોના પ્રયોગો | |
| | - દંડ નિરૂપણ | |

| | | |
|---|---|---|
| | - ષાડ્ગુણ્ય નિરૂપણ | |
| ૧૨. | કોશ નિરૂપણ | ૨૨૬ થી ૨૩૫ |
| | - કોશની વ્યાખ્યા | |
| | - કોશની મહત્તા | |
| | - કોશ સંચય | |
| | - કર નિર્ધારણના સિદ્ધાંતો | |
| | - અન્નનો સંચય | |
| | - કોશ રક્ષા | |
| | - કોશનો વિનિયોગ | |
| ૧૩. | રાષ્ટ્ર વિચાર | ૨૩૬ થી ૨૪૪ |
| | - રાષ્ટ્રનો અર્થ અને તેના પર્યાયો | |
| | - વર્ણાશ્રમ વ્યવસ્થા | |
| | - રાષ્ટ્રનું મહત્ત્વ | |
| | - રાષ્ટ્રમાં નાગરાદિ વ્યવસ્થા | |
| | - રાષ્ટ્રવ્યાપી સડક વ્યવસ્થા | |
| | - ધર્મશાળા વ્યવસ્થા | |
| ૧૪. | દુર્ગ નિરૂપણ | ૨૪૫ થી ૨૫૨ |
| | - દુર્ગનો અર્થ અને પર્યાયો | |
| | - દુર્ગના પ્રકારો | |
| | - શ્રેષ્ઠ દુર્ગ | |
| | - દુર્ગનું મહત્ત્વ | |
| ૧૫. | બલ વિચાર | ૨૫૩ થી ૨૬૭ |
| | - બલ શબ્દનો અર્થ અને તેના પર્યાયો | |
| | - સૈનિકની યોગ્યતા | |
| | - સેનાના પ્રકાર | |
| | -અસ્ત્ર-શસ્ત્રનો વિચાર | |
| | - સેનાપતિ અને તેના ગુણો | |
| | - સેનાપતિ અને નાયક | |

| | | |
|---|---|---|
| ૧૬. | શુક્રનીતિમાં યુદ્ધનીતિ | ૨૬૮ થી ૨૭૯ |
| | - દુર્ગના પ્રકારો | |
| | - કૂટ યુદ્ધ | |
| | - ચઢાઈ - પ્રયાણ | |
| | - વ્યૂહ વિધાન | |
| | - દાન કલ્પના | |
| **વિભાગ-૩** | | **૨૮૦ થી ૩૫૧** |
| ૧૭. | વૈદિક સાહિત્યમાં નીતિદર્શન | |
| | - વેદોનું મહત્ત્વ | |
| | - વેદ શબ્દની વ્યુત્પત્તિ | |
| | - વેદોમાં નીતિ ચિંતન | |
| | - ઉપનિષદોના નૈતિક સિદ્ધાંતો | |
| ૧૮. | નીતિદર્શનની પાશ્ચાત્ય પરંપરા | ૩૩૬ થી ૩૫૧ |
| | - વિધાનવાદીઓની દૃષ્ટિમાં નીતિતત્ત્વ | |
| | - પ્રજ્ઞાવાદીઓની દૃષ્ટિમાં નીતિતત્ત્વ | |
| | - સુખવાદી દાર્શનિકોની દૃષ્ટિમાં નીતિતત્ત્વ | |
| | - વિકાસવાદી દાર્શનિકોની દૃષ્ટિમાં નીતિતત્ત્વ | |
| | - વૈરાગ્યવાદી દાર્શનિકોની દૃષ્ટિમાં નીતિતત્ત્વ | |
| | - પૂર્ણતાવાદી દાર્શનિકોની દૃષ્ટિમાં નીતિતત્ત્વ | |
| | - મૂલ્યવાદી દાર્શનિકોની દૃષ્ટિમાં નીતિતત્ત્વ | |
| | - અન્ય આધુનિક પાશ્ચાત્ય દાર્શનિકોની દૃષ્ટિમાં નીતિતત્ત્વ | |
| **વિભાગ-૪** | **મૂલ્યાંકન** | **૩૫૨ થી ૩૬૨** |
| ૧૯. | રામાયણ, મહાભારત અને શુક્રનીતિ | |
| | - વા. રામાયણમાં રાજધર્મ | |
| | - વા. રામાયણ અને શુક્રનીતિ | |
| | - મહાભારતનું રાજધર્મ | |
| | - મહાભારત અને શુક્રનીતિ | |

| | | |
|---|---|---|
| ૨૦. | મનુસ્મૃતિ અને શુક્રનીતિ<br>- મનુસ્મૃતિની વિષયવસ્તુ<br>- મનુસ્મૃતિમાં રાજધર્મ<br>- મનુસ્મૃતિ અને શુક્રનીતિની ચર્ચામાં સામ્ય | ૩૬૩ થી ૩૭૦ |
| ૨૧. | યાજ્ઞવલ્કયસ્મૃતિ અને શુક્રનીતિ<br>- યાજ્ઞવલ્કયસ્મૃતિમાં રાજધર્મ<br>- યાજ્ઞવલ્કયસ્મૃતિ અને શુક્રનીતિમાં જોવા મળતુ સામ્ય<br>- વાજ્ઞવલ્કયસ્મૃતિ અને શુક્રનીતિમાં વૈરાગ્ય | ૩૭૧ થી ૩૭૬ |
| ૨૨. | કામન્દકીયનીતિસાર અને શુક્રનીતિ<br>- કામન્દકીયનીતિસારનો વણર્યવિષય<br>- કામન્દકીયનીતિસાર અને શુક્રનીતિમાં સામ્ય-વૈષમ્ય<br>- કામન્દકીયનીતિસાર એ શુક્રનીતિનું પુનઃ સંસ્કરણ ? | ૩૭૭ થી ૩૮૩ |
| ૨૩. | શુક્રનીતિની વિશિષ્ટતા | ૩૮૪ થી ૩૯૪ |
| | **પરિશિષ્ટ-૧** | **૩૯૫ થી ૩૯૭** |
| | **ઉપસંહાર** | **૩૯૮ થી ૪૦૩** |
| | **સંદર્ભ ગ્રંથોની સૂચિ** | **૪૦૪ થી ૪૧૮** |

# ❈ વિભાગ - ૧ ❈

## પ્રાચીન ભારતીય નીતિશાસ્ત્રની રૂપરેખા

## ❈ પ્રકરણ - ૧ ❈

### ❈ પ્રાચીન નીતિશાસ્ત્રની પ્રાચીનતા તેમજ નીતિ અને તેના પર્યાયોનો વિચાર :-

| | | |
|---|---|---|
| ઉપપ્રકરણ : | (૧ - ૧) | ભારતીય નીતિશાસ્ત્રની પ્રાચીનતા અને સ્વતંત્રતા. |
| પ્રકરણ : | (૧ - ૨) | રાજનીતિમાં 'નીતિ' અને તેના પર્યાયો. |
| | (૧ - ૨ - ૧) | નીતિ |
| | (૧ - ૨ - ૩) | નીતિશાસ્ત્ર |
| | (૧ - ૨ - ૪) | દંડનીતિ |
| પ્રકરણ : | (૧ - ૩) | દંડનીતિ-રાજનીતિની ઉત્પત્તિ, ક્ષેત્ર અને મહત્ત્વ |
| | (૧ - ૩ - ૧) | દૈવી ઉત્પત્તિ |
| | (૧ - ૩ - ૨) | દંડનીતિની લૌકિક ઉત્પત્તિ |
| | (૧ - ૩ - ૩) | દંડનીતિનું ક્ષેત્ર |
| | (૧ - ૩ - ૪) | દંડનીતિ-રાજનીતિનું મહત્ત્વ |

## વિભાગ-૧

### ❖ પ્રાચીન ભારતીય નીતિશાસ્ત્રની રૂપરેખા :-

### ❖ ભારતીય નીતિશાસ્ત્રની પ્રાચીનતા તેમજ નીતિ અને તેના પર્યાયોનો વિચાર :-

ભારતીય ચિંતન પરંપરાની એ વિશેષતા છે કે તેણે વ્યક્તિ તેમજ સમાજનું ખંડ નહીં પણ અખંડ દર્શન કર્યું છે. માનવજીવનના, સમાજજીવનના રહસ્યોનો તાગ લેવા માટે અખિલાઇભર્યું દર્શન અપેક્ષિત છે અને ભારતીય મનીષીઓએ સ્વપ્રજ્ઞાથી એવું જ દર્શન કરાવ્યું છે. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ પુરુષાર્થ ચતુષ્ટયનું પ્રસ્તુતીકરણ આ પારમિતા પ્રજ્ઞાની જ પરિણતિ છે. પ્રથમ દષ્ટિએ પરસ્પર-વિરુદ્ધ જણાતા આ પુરુષાર્થ વાસ્તવમાં તો પરસ્પર સંબંધ ધરાવે છે. ધર્માવિરુદ્ધ કામ, ધર્માવિરુદ્ધ અર્થ, વ્યક્તિની વિકાસયાત્રામાં ઉપાદેય છે. અંતમ પુરુષાર્થ મોક્ષના પ્રથમ ત્રણ સાધન છે. આ કારણે ભારતમાં ધર્મશાસ્ત્ર અને કામશાસ્ત્રની જેમ અર્થશાસ્ત્રની પણ મહત્તા સ્વીકારાઇ છે.

વ્યક્તિ સમાજનું એક અંગ છે. સમાજ એમનેે એમ ચાલતો નથી, તેને ચાલક બળની આવશ્યકતા રહે છે. પરંપરા પ્રાપ્ત ધર્મા, નિયમો અને વ્યવહાર સમાજના ચાલક બળ છે. સમાજની સામૂહિક ભાવનાઓ ની કેન્દ્રિય અભિવ્યક્તિ રૂપે, માનવની શક્તિ અને પ્રવૃતિઓના સંગઠન અને કેન્દ્રિકરણ માટે શાસન સંસ્થાઓની આવશ્યકતા હોય છે. [૧]

જનજીવનમાં કેટલીક જટિલતાઓ રહેલી હોય છે, તેના કારણે સંઘર્ષો પણ થાય છે. આથી, માનવહિતની રક્ષા માટે પરિમાણસ્વરૂપ રાજનીતિક સંસ્થાઓ અસ્તિત્વમાં આવે છે. પ્રત્યેક સમાજમાં પ્રતિભાવના મનીષીઓ સમાજ સામે ઉપસ્થિત સમસ્યાના નિરાકરણ માટે નીતિ અને સંસ્થાનો પાયો નાખે છે. સમસ્યાની અનંતતા અને માનવવયની અલ્પતા એ બે પરિબળો તેમને પોતાના વિચાર મંથન અને અનુભવ નવનીતને શાસ્ત્રરૂપે અભિવ્યક્ત કરવા પ્રવૃત કરે છે. [૨] આથી પ્રત્યેક જાતિએ પ્રત્યેક યુગમાં રાજય, તેના લક્ષ્ય, કાર્ય, સંઘટન વગેરે વિષયોનું ચિંતન

૧. ડૉ. વર્મા વિશ્વનાથ પ્રસાદ - 'राजनीति और दर्शन' - પૃ. ૧૨૯.
૨. ડૉ. શાસ્ત્રી રઘુવીર - 'महाभारतकालीन राज्यव्यवस्था' - પૃ. ૪.

કર્યું છે અને રાજયને વધુ કુશળ અને શ્રેષ્ઠતર બનાવવા પ્રયાસ કર્યો છે. આ પરંપરા આપણી સમક્ષ રાજનીતિક ચિંતન સ્વરૂપે પ્રાપ્ત થાય છે. સમાજને રાજનીતિશાસ્ત્રની ઉપલબ્ધિ થાય છે.

**(૧) ભારતીય રાજનીતિશાસ્ત્રની પ્રાચીનતા અને સ્વતંત્રતા :-**

ભારતીય રાજનીતિશાસ્ત્રની પ્રાચીનતા તેમજ સ્વતંત્રતા અંગે કેટલાક પાશ્ચાત્ય વિદ્વાનોએ સૂર ઉઠાવેલ.

**(અ) બ્લૂમફીલ્ડ :-** બ્લૂમફીલ્ડ કહે છે – ''માનવ જીવનને ચાર આશ્રમમાં વહેચનારી આશ્રમ વ્યવસ્થા જેવી ધાર્મિક સંસ્થાઓના અત્યધિક પ્રભાવને કારણે વ્યક્તિને માત્ર એક ધર્મપરાયણ શિલ્પ, ઇશ્વરથી ડરનાર અને યજ્ઞ કરનાર ગૃહસ્થ, એક મનનશીલ અરણ્યવાસી અને સંસારત્યાગી સંન્યાસી બનાવી દેવામાં આવી અને આથી રાજયના હિત તેમજ સમાજના વિકાસની દિશામાં વિચાર કરવાનો અવકાશ જ રહ્યો નહી.''[૩]

**(બ) વિલોબી :-** વિલોબી પણ આવું જ મંતવ્ય ધરાવે છે. ''સૃષ્ટિ અને સમાજવ્યવસ્થાની દિવ્ય ઉત્પતિના સિદ્ધાંતોમાં કટ્ટર વિશ્વાસ રાખવાને કારણે તેમનામાં (હિંદુઓમાં) પોતાની સામાજિક અને રાજનીતિક સંસ્થાઓના વિષયમાં તર્કપૂર્ણ વિચાર કરવાની પ્રવૃત્તિ ઉત્પન્ન ન થઇ''[૪] એમ પણ સાબિત કરવાનો પ્રયાસ થયો કે ભારતીયો અંધ બનીને ધર્મના ક્ષેત્રમાં ખૂબ જ આગળ વધી ગયા એ કારણે તેઓ રાજનીતિના ક્ષેત્રમાં વિકાસ કરી શકયા નહીં.[૫] ભારતીય રાજનીતિ સ્વતંત્ર નથી એવો મત પણ છે.

**(ક)** ''પૂર્વીય આર્યોએ પોતાના રાજનીતિશાસ્ત્રને કયારેય ધાર્મિક અને દાર્શનિક પર્યાવરણથી મુક્ત કર્યું નથી. આથી તેઓ આ ક્ષેત્રમાં સંસારના અન્યતમ રાજનીતિક લોકોએ પ્રાપ્ત કરેલી મહત્તાને આંબી શકયા નહી.''[૬]

**(ડ)** હર્બર્ટ એચ. ગોવેન પણ આવી ધારણાઓનો સંકેત કરે છે.[૭]

---

૩. Feligion of Veda - P. 4-5.

૪. ડૉ. શાસ્ત્રી રઘુવીર – 'महाभारतकालीन राज्यव्यवस्था' – પૃ. ૪.

૫. ડૉ. શાસ્ત્રી રઘુવીર – અનેસ્ટ બાર્કરનો ટાંકેલ મત – પૃ. ૪.

૬. ડૉ. શાસ્ત્રી રઘુવીર – અનેસ્ટ બાર્કરનો ટાંકેલ મત – પૃ. ૧૩ ડનીંગનો મત.

૭. Gowen Ferbert H., "History of In. Literature" - P. 171.

(ઈ) મેકસમૂલર પણ વિશ્વના રાજનીતિક ઇતિહાસમાં ભારતનું કોઇ સ્થાન સ્વીકારતા નથી.[૮]

વિલોબ્બી માને છે કે વિધિ અને ધર્મ બાબતમાં ભારે મતિભ્રમને કારણે રાજનીતિશાસ્ત્રનો એક પૃથક વિદ્યા તરીકે વિકાસ કરવામાં પૂર્વનો સુસંસ્કૃત સમાજ પણ નિષ્ફળ રહ્યો.[૯]

ઉપર દર્શાવેલા મત પૂર્વગ્રહજનિત ન હોય તો પણ એટલું અવશ્ય કહી શકાય કે તથ્યરહિત છે. ભ્રાન્ત ધારણા પર આધારિત છે. પ્રાચીન ધર્મના સાચા સ્વરૂપને પામવાની અસમર્થતા, કૌટિલ્ય રચિત અર્થશાસ્ત્ર જેવા ગ્રંથોની બાબતમાં અજાણતા અથવા અનુશીલનનો અભાવ વગેરે આવી ભ્રાન્તિઓના કારણો હોઇ શકે.

વાસ્તવમાં વિદ્યાના ચાર-ત્રયી, આન્વીક્ષિકી, વાર્તા અને દંડનીતિ - જ દર્શાવે છે કે પ્રાચીન ભારતીયોએ ધર્મ, તત્ત્વવિદ્યા અને વાર્તા તેમજ દંડનીતિ દરેકને સ્વતંત્ર અભ્યાસનો વિષય સ્વીકારેલ છે. વિદ્યાની સંખ્યા બાબત મતભેદ છે પણ પ્રત્યેક મત પ્રમાણે દંડનીતિનો વિદ્યા તરીકે સ્વીકાર થયો જ છે. આથી કહી શકાય કે રાજનીતિ સ્વતંત્ર છે.

વળી ખરેખર તો સંપૂર્ણ ભારતીય વાઙ્મયનું અનુશીલન જ પાશ્ચાત્ય વિદ્વાનોના મતને નિરાધાર સિદ્ધ કરી આપે. વેદથી શરૂ કરી કલાત્મક કાવ્ય સાહિત્ય સુધીનું સંપૂર્ણ ભારતીય વાઙ્મય રાજનીતિક માન્યતાઓ અને સિદ્ધાંતોને પ્રતિપાદિત કરતાં સંદર્ભોથી સભર છે. આ સંદર્ભોમાં માનવસ્વભાવ, સમાજવ્યવસ્થા, રાજય રાજસત્તા, શાસનતંત્ર, વિધિ અને ન્યાય, રાજનય, યુદ્ધ જેવા અનેક લૌકિક વિષયો પર શુદ્ધ રાજનીતિશાસ્ત્રીય દષ્ટિસંપન્ન વિચારધારાનું સંકલન થયું છે. નીતિગ્રંથો તેમજ સુભાષિતોમાં પણ રાજનીતિશાસ્ત્રનાં તત્ત્વોને વણી લેવાયાં છે. તે બાબત રાજનીતિશાસ્ત્રની લોકપ્રિયતા અને સાધારણ જનસમાજની તેમાં રુચિ કેળવી શકવાની ક્ષમતાનું પ્રતિપાદન કરે છે.[૧૦]

---

૮. History of Ancient Sanskrit Literature - P. 31G.

૯. Nature of the State - P. 42.

૧૦. ડૉ. શાસ્ત્રી રઘુવીર - 'महाभारतकालीन राज्यव्यवस्था' - પૃ. ૧૪.

## (૨) રાજનીતિમાં 'નીતિ' અને તેના પર્યાય :-

વર્તમાન સમયમાં આપણે જે રાજનીતિશાસ્ત્ર શબ્દનો પ્રયોગ સામાન્ય રીતે કરીએ છીએ તેને સૂચવતા અનેક શબ્દો પ્રાચીન ભારતીય સમાજમાં રૂઢ થયા હતા. સુદીર્ઘ રાજનીતિક ચિંતનની પરંપરામાં કેવળ કોઇ એક સંજ્ઞાથી ચલાવી લેવાનું વલણ ન હોય તે સ્વાભાવિક પણ છે. વિશાળ સાહિત્યમાં રાજનીતિ, રાજનીતિશાસ્ત્ર, નીતિશાસ્ત્ર, દંડનીતિ, અર્થશાસ્ત્ર-નીતિ વગેરે સંજ્ઞાઓ પ્રાપ્ત થાય છે. જોઇ શકાય કે રાજ, નૃપ, અર્થ દંડ પૈકી કોઇ એક શબ્દ અને સમાસથી જોડાતા મોટાભાગનાં ઉપર નિર્દિષ્ટ સંજ્ઞાઓ બની છે. આ સંજ્ઞાઓનો વિચાર કરીએ.

- **નીતિ :-** નીતિ શબ્દની 'प्रायणे' ધાતુ પરથી બન્યો છે. ની અર્થાત્ લઇ જવું. પ્રજાને અનુચિત પથ પરથી ઉચિત પથ પર લઇ જાય છે. માટે 'નીતિ' શબ્દ સાર્થક છે. આ બાબતનો સંકેત કામન્દક, શુક્ર કરે છે.[૧૧] ઇષ્ટની પ્રાપ્તિ માટેના ઉપાય, યુક્તિને પણ નીતિ કહી શકાય. અંગ્રેજીમાં જેને Policy કહે છે. તે અર્થ પણ નીતિ શબ્દમાં અભિપ્રેત છે. કર્તવ્યના અર્થમાં પણ નીતિ શબ્દને ગ્રહી શકાય અને આથી રાજાએ સ્વીકાર કરવાના ઉપાય, યુક્તિ અથવા તો રાજાના કર્તવ્ય તે 'રાજનીતિ' એમ સમજી શકાય.
- **राजनीति :-** 'राजन्' અને 'नीति' એ બે શબ્દોનો આ સામાસિક શબ્દ છે. યાસ્ક અનુસાર પ્રકાશવું એ અર્થ ધરાવતા 'राज्' ધાતુમાંથી રાજા શબ્દ બન્યો છે. આની સ્પષ્ટતા દુર્ગાચાર્યે સુંદર કરી છે. 'પાંચ કે આઠ લોકપાલની યાત્રાથી નિર્મિત શરીરથી પ્રકાશે છે. તે રાજા છે.'[૧૨] 'रुज' - પ્રસન્ન કરવું એ ધાતુમાંથી 'राजन्' શબ્દ બન્યો છે તેવી માન્યતા છે. મ.ભા. ના સમયથી ચાલી આવે છે. ''સર્વ પ્રજાને પ્રસન્ન કરવામાં આવી હોઇ વેનપુત્ર પૃથુને રાજા કહેવામાં આવે છે.''[૧૩] 'લોકરંજન જ પૃથ્વી પર રાજાનો સનાતન ધર્મ છે.'[૧૪] લોકરંજકતા જ રાજપદને સાર્થકતા અર્પે છે. એમ સંસ્કૃત કવિઓ પણ કહે છે. રઘુવંશમાં 'राजनीति' શબ્દ

---

૧૧. नयनान्नीतियुच्यते । - કા.ની. - ૨/૧૫, શુ.ની. - ૧/૫૬.
૧૨. નિરુક્ત - ૨-૩ અને તે પર દુર્ગાચાર્યની ટીકા.
૧૩. શાંતિપર્વ - ૫૯-૧૨૫.
૧૪. શાંતિપર્વ - ૫૭-૧૧.

પ્રયોજતા કાલિદાસ કહે છે - 'પ્રજાનું રંજન કરે છે માટે તે રાજા છે.'[૧૫] ભવભૂતિની દૃષ્ટિએ 'રાજાનો આદર્શ પ્રજાની પ્રસન્નતા છે. વસિષ્ઠનો નૂતન રાજા રામને એ સંદેશ છે કે તેણે પ્રજાને પ્રસન્ન કરવાના કાર્યમાં લાગ્યા રહેવું'[૧૬] મલ્લિનાથ બન્ને વ્યુત્પત્તિનું સમાધાન કરે છે.[૧૭] શ્રી પી. વી. કાણે રાજધર્મકાંડમાંથી એક શ્લોક ટાંકે છે, જે અનુસાર 'रुज અને राजन् બન્ને ધાતુમાંથી રાજા શબ્દ નિષ્પન્ન થયો છે.'[૧૮] તંત્રવાર્તિકમાં કુમારિલ કહે છે કે 'ત્રણેય લોકમાં રાજયના કર્તાને રાજા કહેવામાં આવે છે.'[૧૯]

- **नीतिशास्त्र :-** રાજનીતિ માટે નીતિશાસ્ત્ર એ પણ અતિ પ્રયુક્ત શબ્દ છે.[૨૦] નીતિ, રાજનીતિના નિયમો દર્શાવતું શાસ્ત્ર તે નીતિશાસ્ત્ર એમ સમજી શકાય. એ પણ નોંધવું જોઈએ કે પ્રત્યેક માનવ માટે ઉચિત અને અનુચિત કાર્યો નિરૂપતું શાસ્ત્ર પણ નીતિશાસ્ત્ર (Ethics) ગણાય છે. ''માનવજીવનના લક્ષ્ય તરફ કયાં કયા નિયમોના પાલનથી પહોંચી શકાય તે બાબતનું જ્ઞાન આપતું શાસ્ત્ર તે નીતિશાસ્ત્ર. તે ગ્રંથ કે જ્ઞાન જેનાથી આપણે કોઈ જીવન અને જગતની વસ્તુઓનું નિયંત્રણ અને નિયમન કરી શકીએ તે નીતિશાસ્ત્ર એમ પણ કહેવામાં આવે છે.''[૨૧]
- **दण्डनीति :-** 'બ્રહ્મદેવે પોતે રચેલ નીતિશાસ્ત્ર ત્રણેય લોકમાં વ્યાપ્ત થઈ દંડનીતિ નામે પ્રસિદ્ધ એવી આગાહી કરી છે.'[૨૨] દંડનીતિ શબ્દનો અત્ર તત્ર સર્વત્ર વિપુલ પ્રમાણમાં પ્રયોગ થયો છે.[૨૩] મહાભારત અનુસાર 'દંડ વડે પ્રજાને (સન્માર્ગે) લઈ જવાય છે, દંડ બધાને (સન્માર્ગે) લાવે છે. માટે તે દંડનીય કહેવાઈ છે.'[૨૪]

---

૧૫. રઘુવંશમ્ - ૧૭-૧૮, ૪-૧૨.

૧૬. ઉતરરામચરિતમ્ - ૧-૧૩.

૧૭. રઘુવંશમ્ - ૪-૨ ટીકા મલ્લિનાથ.

૧૮. बलेन चतुरङ्गेण यतो रुजयति प्रजाः ।
दीप्यमानः त वपुषा तेन राजाऽभिधीयते ॥ - History of Dharmashatra-3 - P. 28.

૧૯. राज्यस्य कर्ता राजेति त्रिषु लोकेषु जीयते । - શુ.ની. સં. બ્રહ્મશંકર મિત્ર. પ્રસ્તાવના - પૃ. ૨૫.

૨૦. મહાભારતઃ શાંતિ. - ૩૭-૧૦, ૫૯-૨૯.

૨૧. ડૉ. શાસ્ત્રી રઘુવીર - 'महाभारतकालीन राज्यव्यवस्था' - પૃ. ૨ અને ૯.

૨૨. મહાભારતમ્, શાંતિપર્વ - ૫૯-૭૮.

૨૩. મહાભારતમ્, વનપર્વ : ૧-૪, ૯-૩, ૧૯૮-૨૩, ઉદ્યોગ. ૧૩૦-૧૨,૧૩.
શાંતિ. ૨૫-૨૯, ૨૬-૩૨, ૬૩-૨૮, ૬૪-૭, ૭૦- ૧ થી ૪.
કૌ.અર્થ.- ૧-૨-૧,૨,૪,૬,૧૧ વગેરે મનુસ્મૃતિ-૭-૪૩, કા.ની. ૨-૧ થી ૭ ૭-૯,૧૫-૪૪

૨૪. મ.ભા. શાંતિ. - ૫૯-૭૮

કૌટિલ્ય સમજાવે છે કે – 'આન્વીક્ષિકી, ત્રયી, વાર્તાના યોગક્ષેમનું સાધન દંડ છે. દંડની નીતિ તે દંડનીતિ, અલબ્ધનો લાભ, લબ્ધનું પરિરક્ષણ, રક્ષિતની વૃદ્ધિ અને વૃદ્ધિ પામેલનું તીર્થપ્રતિપાદન દંડનીતિ શકય કરી આપે છે. [૨૫] એક એવો પણ મત છે કે – 'દંડ કરવા યોગ્ય તરફ દંડની ગતિ કરાવવી તે દંડનીતિ'. [૨૬] દંડનીતિ ચાર વિદ્યા પૈકી એક ગણાય છે. આન્વીક્ષિકી, ત્રયી અને વાર્તા એ અન્ય ત્રણ તેના પર આધાર રાખે છે. દંડનીતિ શબ્દને કામન્દક અને શુક્રે વધુ સરળ કરી આપ્યો છે. 'દમન કરવું, નિયંત્રિત કરવું તે દંડ છે. દંડ રાજામાં રહેલો છે, તેથી દંડ રાજા છે. તેની રાજાની નીતિ તે દંડનીતિ. લઇ જવું તે પરથી 'નીતિ' શબ્દ બન્યો છે.' [૨૭]

આ રીતે રાજકીય સિદ્ધાંતોને પ્રસ્તુત કરનાર, શાસ્ત્ર દંડનીતિ નામથી ઘણા સમયથી ઓળખાતું રહ્યું છે. આમ નીતિ એ દંડ સાથે જોડાયેલ છે.

એકજ શબ્દ નીતિશાસ્ત્ર નૈતિક ગુણો, વિચારોને રજુ કરતું શાસ્ત્ર (Ethics) અને રાજકીય સિદ્ધાંતો નિરૂપતું શાસ્ત્ર (Politics) એમ બન્ને અર્થને પોતાનામાં સમાવી શકયો છે. આમેય બન્ને શાસ્ત્રો જુદા હોવા છતાં ગાઢ સંબંધ છે. કારણ – ''જીવનનું સર્વોત્તમ શ્રેય નીતિ આપે છે અને એની સિદ્ધિની અનુકૂળતા રાજયે કરી આપવાની છે.'' [૨૮]

નીતિ સમય જતાં રાજનીતિ તે જ નીતિ એવી સમજ દઢ બની. કામન્દકીય નીતિસાર, શુક્રનીતિસાર, નીતિવાકયામૃત જેવા શબ્દોમાં 'નીતિ' શબ્દ પ્રયોજયો છે. રાજનીતિ નહીં. કાલિદાસે ઔશનસી નીતિનો ઉલ્લેખ કરે છે. [૨૯]

---

૨૫. કૌ.અર્થ. – ૧-૪-૩.

૨૬. કા.ની. – ૨-૧૫ પર ઉ.ની. ટીકા.

૨૭. કા.ની. – ૨-૧૫, શુ.ની. – ૧-૧૫૬.

૨૮. ભાસ્કર ગોપાળજી દેસાઇ – નીતિશાસ્ત્ર – પૃ. ૧૪-૧૫.

૨૯. કુમાર સંભવમ્ ૩-૬. મલ્લિનાથ તેનો અર્થ નીતિશાસ્ત્ર કરે છે.
જયારે વલ્લભદેવ અર્થશાસ્ત્ર અર્થ સમજે છે.
(કુ.સ. સં. ગૌતમ પટેલ – પૃ. ૮)

## (૩) દંડનીતિ - રાજનીતિની ઉત્પત્તિ, ક્ષેત્ર અને મહત્ત્વ :-

### (૧) દંડનીતિ-રાજનીતિની ઉત્પત્તિ :-

રાજનીતિની ઉત્પત્તિનો પ્રશ્ન પ્રાચીન ભારતીયોના મનમાં ઊઠયો તો હતો જ. પરંતુ જેમ અન્ય શાસ્ત્રોની બાબતમાં બન્યું છે તેમ તેની પણ દૈવી ઉત્પત્તિ દર્શાવી તેનો તેમની દષ્ટિએ કાયમનો ઉકેલ પણ લાવી દીધો છે.

### ❖ દૈવી ઉત્પત્તિ :-

મહાભારતમાં બે વાર દંડનીતિના ઉદ્‌ગમ ઉપર પ્રકાશ પાડયો છે. યુધિષ્ઠિરે રાજાની ઉત્પત્તિ બાબત પૂછેલ પ્રશ્નના ઉત્તરમાં ભીષ્મ કહે છે – ''સત્યયુગમાં ન રાજય હતું, ન રાજા હતો, ન દંડ હતો ન દંડ્ય. ધર્મને અનુસરીને પ્રજા પરસ્પરનું રક્ષણ કરતી હતી. સમય જતાં મોહવશ બનેલા લોકો તેમના જ્ઞાનનો લોપ થતાં લોભને આધીન બન્યા......યજ્ઞાદિ ધર્મનો લોપ થયો. ત્રસ્ત દેવો પિતામહ બ્રહ્મને શરણે ગયા. દેવોના કલ્યાણાર્થે તેઓએ એક લાખ અધ્યાયનું નીતિશાસ્ત્ર તૈયાર કર્યું. તેઓ ધર્મ, અર્થ, કામ અને મોક્ષનું વર્ણન કર્યુ તેમજ કર્મકાંડ, જ્ઞાનકાંડ, જીવિકાકાંડ, દંડનીતિ વગેરે વિદ્યાઓનું કથન કરવામાં આવ્યું.''[૧]

બ્રહ્મદેવે ભવિષ્ય ભાખ્યું – ''રાજનીતિની છણાવટ કરતું આ શાસ્ત્ર દંડ દ્વારા લોકોને રક્ષશે, સ્વર્ગલોકમાં પ્રસરશે. આ શાસ્ત્રના અભ્યાસથી સર્વનું દંડ પ્રત્યે વલણ વધશે. આ શાસ્ત્ર 'દંડનીતિ' નામે પ્રસિદ્ધ થશે.''[૨] આ શાસ્ત્ર સર્વ પ્રથમ ભગવાન શિવે ગ્રહણ કર્યું અને લોકોને અલ્પાયુ જાણી આ શાસ્ત્રને દશ હજાર અધ્યાયમાં સંક્ષિપ્ત રૂપ આપ્યું. તે વૈશાલાક્ષ નામ પામ્યું. ઈન્દ્રે તેનો પાંચ હજાર અધ્યાયમાં સંક્ષેપ કર્યો જે બાહુદન્તક નામે પ્રસિદ્ધ થયો. બૃહસ્પતિએ તેને ત્રણ હજાર અધ્યાયમાં સંક્ષિપ્ત કર્યો. આ સંક્ષિપ્ત સ્વરુપને બાર્હસ્પત્ય નામ પ્રાપ્ત થયું. પછી શુક્રાચાર્યે તે શાસ્ત્રને એક હજાર અધ્યાયમાં ટૂંકાવ્યું.[૩] દંડનીતિના સંક્ષિપ્તીકરણની આ કથા દંડનીતિના મહિમાનું ગાન કરે છે.

વળી શાંતિપર્વમાં જ અન્યત્ર દંડનીતિની ઉત્પત્તિની કથા આપી છે. ''બ્રહ્મદેવને યજ્ઞમાં દીક્ષિત (શાંત) થયેલ જાણી દંડ અંતર્હિત થયો. વર્ણસંકરતા

---

૧. મહાભારતમ્ શાંતિ. – ૫૯ – ૪ થી ૩૩.

૨. મહાભારતમ્ શાંતિ. – ૫૯ – ૭૮.

૩. મહાભારતમ્ શાંતિ. – ૫૯ – ૮૫.

વિસ્તરવા લાગી, વિવેક ગયો, કોઇ જાતની મર્યાદા ન રહી. ત્યારે બ્રહ્મદેવની પ્રાર્થનાથી શિવે પોતાના અંશભૂત દંડની ઉત્પત્તિ કરી, સર્વત્ર ધર્માચરણ વધવા લાગ્યું અને ત્યારે દેવી સરસ્વતીએ સહાય કરવા, દંડનીતિ (નામની એક કન્યા) ને ઉત્પન્ન કરી''[૪] સ્પષ્ટ છે કે આ કથામાં દંડ શિવનું જ અંશ સ્વરૂપ છે, દંડનીતિ સરસ્વતીની રચના છે એમ કહી દંડનીતિના દૈવી ઉદ્‌ગમનો પુનઃ સ્વરૂપાન્તરે વર્ણવેલ છે.

દંડનીતિને પ્રમાણભૂતતા અને મહત્તા પ્રદાન કરી શકાય તેવા પ્રયાસો ચાલુ રહ્યા. ભાગવતપુરાણ અને બ્રહ્માડપુરાણમાં દંડનીતિનો દૈવી ઉદ્‌ગમ સ્વીકાર્યો છે.[૫] ગરુડપુરાણ અનુસાર બૃહસ્પતિએ નીતિસારનો ઉપદેશ ઇન્દ્રને આપ્યો. જેથી ઇન્દ્ર સર્વજ્ઞ બન્યો અને દૈત્યોને પરાજિત કરી સ્વર્ગ પામ્યો. આ નીતિસાર વિષ્ણુએ શૌનકને કહ્યો. શંકરે તેનું શ્રવણ કર્યું. શંકર પાસેથી વ્યાસે તે સાંભળ્યો. વ્યાસ પાસેથી ઋષિઓ એ તેનું જ્ઞાન મેળવ્યું.[૬] કામસૂત્ર પ્રમાણે પ્રજામાં ત્રિવર્ગના શાસન માટે તેમ જ મર્યાદા જાળવવા માટે પ્રજાપતિએ એક લાખ અધ્યાયનો ગ્રંથ રચ્યો. તેમાંના ધર્મ ભાગને ધ્યાનમાં રાખી મનુએ તેને સંક્ષિપ્ત રૂપ આપ્યું. અર્થ ભાગને ધ્યાનમાં રાખી બૃહસ્પતિએ સંક્ષેપ કર્યો.[૭] નીતિપ્રકાશિકા[૮] બ્રહ્માદિને રાજશાસ્ત્ર પ્રણેતા કહે છે અને પચાસ હજાર અધ્યાયમાં ટૂંકાવ્યો, સ્કન્દે પચીસ હજાર અધ્યાયમાં આ ગ્રંથનો સંક્ષેપ કર્યો. સ્કન્દના ગ્રંથને ઇન્દ્રે બાર હજાર અધ્યાયમાં, ઇન્દ્રના ગ્રંથને પ્રાચેતસ મુનિએ છ હજાર અધ્યાયમાં પ્રસ્તુત કર્યો. કાવ્યે અર્થાત શુક્રાચાર્યે તેના એક હજાર અધ્યાય બનાવ્યા જેનો સાતસો અધ્યાયમાં સંક્ષેપ ભારદ્વાજે કર્યો. ગૌરશિર દ્વારા તેનું પાંચસો અધ્યાયમાં સંક્ષિપ્ત રૂપ બનાવાયું અને પછી મહામતિ ભગવાન વેદવ્યાસે તે ગ્રંથને ત્રણસો અધ્યાયમાં ટૂંકાવ્યો.

શુક્રનીતિ[૯] પ્રમાણે શુક્રે અસુરો આગળ જે નીતિસારનો ઉપદેશ કર્યો તે તેને બ્રહ્માએ શીખવેલ. એક કરોડ શ્લોક ધરાવતા બ્રહ્માના નીતિશાસ્ત્રને વશિષ્ઠ, શુક્ર વગેરે ઋષિઓએ અલ્પાયુ રાજાઓના હિતાર્થે ટૂંકાવ્યો.

૪. મહાભારતમ્ શાંતિ. - ૧૨૨.

૫. Dikshitar V. R. R. 'Parana Index' - 2 P. 66.

૬. ગરુડ પુરાણ - ૧-૧૦૮-૧૦, ૧-૧૧૫-૮૩.

૭. કામસૂત્ર - ૧-૫-૮, કામન્દકીય નીતિસાર - ૧-૬ પરની ટીકામાં, ઉપાધ્યાય નિરપેક્ષા વ્યાખ્યામાં પણ કામસૂત્રના આ વાકયો ઉધ્ધૃત છે.

૮. નીતિપ્રકાશિકા - ૧-૨૨ થી ૨૭.

૯. શુક્રનીતિ - ૧-૧ થી ૪.

## દંડનીતિની લૌકિક ઉત્પત્તિ :-

દંડનીતિની લૌકિક ઉત્પત્તિ પરત્વે પણ મહાભારત સંકેત કરે છે. ''ચિત્રશિખંડી નામે પ્રસિદ્ધ મરીચિ વગેરે સાત ઋષિઓએ ચાર પુરુષાર્થોનું વર્ણન કરતું, એક લાખ શ્લોક ધરાવતુ શાસ્ત્ર રચ્યું. ભગવાન નારાયણ તેથી પ્રસન્ન થયા, ભવિષ્ય ભાખ્યું કે સ્વાયંભુવ મનુ આ શાસ્ત્રમાંથી જ ધર્મોનું પ્રવચન કરશે. શુક્ર, બૃહસ્પતિ જયારે ઉત્પન્ન થશે ત્યારે આ શાસ્ત્રને અનુસરી ધર્મકથન કરશે. આ શાસ્ત્ર ધર્મ અને અર્થ પ્રદાન કરશે.''[૧૦]

મહાભારત નિર્દિષ્ટ આ કથામાં આ શાસ્ત્રનું નામ રાજનીતિ કે દંડનીતિ આપ્યું નથી, - ચિત્રશિખંડીઓને રાજયશાસ્ત્ર પ્રણેતા પણ કહ્યા નથી. પરંતુ આ શાસ્ત્ર ધર્મ અને અર્થ પ્રદાન કરશે એમ કહ્યું છે તેથી આ શાસ્ત્રને દંડનીતિ પ્રબોધક માની શકાય. સાથે એ બાબત નોંધવી જોઈએ કે સ્પષ્ટપણે સીધી રીતે તો આ શાસ્ત્રના ઉદ્‌ગમમાં દૈવી તત્ત્વનો હાથ નથી છતાં સપ્તર્ષિઓએ આ શાસ્ત્ર ભગવાન નારાયણ આગળ પ્રસ્તુત કર્યું તેમજ તેઓ પ્રસન્ન થયા તે સૂચવે છે કે દૈવી તત્ત્વની મંજૂરીથી મહોર લાગી છે તેમજ પ્રતિપાદિત કરવું તો આવશ્યક ગણાયું જ છે.

દંડનીતિ કે રાજનીતિનો ઉપર દર્શાવેલ દૈવી કે લૌકિક ઉદ્‌ગમ સૂચવે છે કે પ્રાચીન સમયથી આ શાસ્ત્રનો પ્રચાર હતો. તે સામાન્ય શાસ્ત્ર ન હતું. પ્રત્યક્ષ કે પરોક્ષ દેવોનો સહયોગ હતો. આ શાસ્ત્રના પુરસ્કર્તા કે રચયિતાનું બહુમાન મેળવનાર માનવી પણ સામાન્ય માનવી નહીં ઋષિકક્ષાનો માનવી છે. આથી રચયિતા, પુરસ્કર્તા કે સંક્ષેપકર્તાની પ્રખર પ્રતિભા તેમ જ સમાજ પરત્ત્વેની અપાર કરુણાજનિત હિતબુદ્ધિ તથા અનુભવ સમૃદ્ધિએ આ શાસ્ત્રને સર્વલોકહિતકૃત બનાવી દીધું.

આ દૈવી ઉદ્‌ગમની બાબતને કેવળ કાલ્પનિક ગણીએ તો પણ એનું મહત્ત્વ છે જ. દૈવી ઉદ્‌ગમ દર્શાવી શાસ્ત્રોનો સંક્ષેપકર્તા કે પ્રસ્તુતકર્તા ઇષ્ટશાસ્ત્રના પૂર્વસૂરિ પ્રત્યે સમાદર દર્શાવી તેમની પરંપરામાં પોતાને સમજી ગૌરવ અનુભવતો હશે તેમજ આ શાસ્ત્ર માટે અન્યના હ્રદયમાં માન ઉપજાવી શકયો હશે. વળી આ દૈવી ઉદ્‌ગમની આ કથા શાસ્ત્રકારોની નમ્રતાની પરિચાયક છે કારણ આ રીતે તેમણે ગ્રંથના રચયિતાનું શ્રેય ઇશ્વરને ચરણે ધર્યું છે.

૧૦. મહાભારતમ્ શાંતિ. અધ્યા. - ૨૩૫.

## (૨) દંડનીતિ-રાજનીતિનું ક્ષેત્ર :-

મહાભારત નિર્દિષ્ટ અને બ્રહ્મદેવ નિર્મિત્ત નીતિશાસ્ત્ર ગ્રંથનો વર્ણવિષય જોતાં સમજાય છે કે દંડનીતિનું ક્ષેત્ર કેટલું વિશાળ છે. ચરપ્રચાર, ઉપાયયોજના, વિવિધ સંધિ, અમાત્ય, રાષ્ટ્ર, દુર્ગ, બળ અને કોશના લક્ષણ, સેના પ્રકાર, વ્યૂહવૈવિધ્ય, યુધ્ધવૈવિધ્ય, વૃધ્ધિક્ષય-સ્થાન વિચાર, અનુજીવિઓના વેતન, વ્યસન-વિચાર, રાજમંડળ, ષાડ્ગુણ્ય, પ્રજા પરત્ત્વેના રાજાના કર્તવ્ય વગેરે અનેક બાબતો એ નીતિશાસ્ત્રમાં વર્ણવેલ છે.[૧૧]

દંડનીતિ, રાજનીતિ કે અર્થશાસ્ત્રનો પર્યાય બની ગયો છે. કૌટિલ્ય કહે છે તેમ દંડનીતિ નહીં મેળવેલ વસ્તુને મેળવી આપનારી, મેળવેલ વસ્તુનું રક્ષણ કરનારી, રક્ષિતની વૃદ્ધિ કરનારી અને વૃદ્ધિ પામેલનો માત્રમાં વિનિયોગ કરનારી વિદ્યા છે, લોકયાત્રા તેના પર નિર્ભર છે. ત્રિવર્ગ સિદ્ધિ તેનો ઉદ્દેશ છે.[૧૨] કામન્દક ત્રિવર્ગ પરિવૃદ્ધિ કાજે યોગ્ય સમતે કરગ્રહણ પર ભાર મૂકે છે.[૧૩] આ ઉપરાંત શુક્રાચાર્યના મતે આ નીતિશાસ્ત્ર મોક્ષપદ છે.[૧૪]

આમ દંડનીતિ-રાજનીતિનો પ્રાચીન ભારતીયોનો ખ્યાલ વ્યાપક છે, માનવ પ્રકૃતિની અન્ય શાખાઓ તેની સામે જોડાઇ ગયેલ છે. રાજાએ આર્થિક કલ્યાણ, કૃષિ, સિંચાઇ, ખાણ, સંદેશવ્યવહાર વગેરેની સઘન, નક્કર સમજ રાખવી તે આવશ્યક બની જાય છે, આ બધી બાબતો રાજનીતિનો અંશ બની જાય છે. દુર્ગનિર્માણ, દુર્ગરક્ષા, સેનાનો તલસ્પર્શી વિચાર અપરિહાર્ય બની જાય છે. આથી રાજનીતિના ગ્રંથોમાં તેમને પણ સ્થાન મળ્યું છે. ગુપ્તચર યોજનાની પણ આ કારણે વિશદતાથી ચર્ચા થઇ છે. સમાજ વ્યવસ્થા-વર્ણવ્યવસ્થા, આશ્રમવ્યવસ્થા અને રાજનીતિ વચ્ચે ગાઢ સંબંધ છે. લોકોપકાર એ આ વિદ્યાની ફળશ્રુતિ છે. આ સમાજના શ્રેય માટે આવશ્યક અને રાજા તેમજ પ્રજાને સ્પર્શતી તમામ બાબતોનો રાજનીતિના ક્ષેત્રમાં સમાવેશ થઇ જાય છે. રાજનીતિનું ક્ષેત્ર ઘણું જ વ્યાપક છે.

---

૧૧. મહાભારતમ્ શાંતિ - ૫૯, ૩૪ થી ૭૯.

૧૨. કૌટિલ્ય અર્થશાસ્ત્ર - ૧-૪-૩, ૪; ૧૫-૧-૭૯.

૧૩. કામંદકીય નીતિસાર - ૫-૮૩.

૧૪. શુક્રનીતિ - ૧-૫.

## (૩) દંડનીતિ-રાજનીતિનું મહત્ત્વ :-

વ્યક્તિ સમાજનું એક અંગ છે. સમાજ એમને એમ ચાલતો નથી. તેને ચાલક બળની આવશ્યકતા રહે છે. પરંપરા પ્રાપ્ત ધર્મો, નિયમો અને વ્યવહાર સમાજના ચાલક બળ છે. સમાજની સામૂહિક ભાવનાઓની કેન્દ્રિય અભિવ્યક્તિ રૂપે, માનવની શક્તિ અને પ્રવૃતિઓના સંગઠન અને કેન્દ્રીકરણ માટે શાસન સંસ્થાઓની આવશ્યકતા હોય છે.[૧૫] જનજીવનમાં કેટલીક જટિલતાઓ રહેલી હોય છે, તે કારણે સંઘર્ષો પણ થાય છે. આથી માનવહિતની રક્ષા માટે પરિણામ સ્વરૂપ રાજનીતિ, દંડનીતિ અસ્તિત્વમાં આવે છે. આ નીતિશાસ્ત્રોનો આશ્રય, તેનો પ્રચાર સમસ્ત સમાજ માટે શ્રેયકર છે. કારણ આ શાસ્ત્ર અરાજકતા, અવ્યવસ્થા, સમાજમાં અનિષ્ટોને દૂર કરવાના ઉપાયો વર્ણવ્યા છે. સર્વ અનિષ્ટોનું મૂળ સ્વધર્મચ્યુતિ જ છે. માનવ સ્વભાવવશ મનોદૌર્બલ્યનો શિકાર બની જાય છે. તેથી ધર્મચ્યુત થઇ જાય તે અસંભવિત નથી. પરંતુ દંડનો ભય તેને ધર્મચ્યુત થતો અટકાવે છે.[૧૬] આ દંડ રાજાના પ્રયોજનની સિદ્ધિ માટે ઇશ્વર બ્રહ્માએ સર્વ પ્રાણીઓનું રક્ષણ કરનાર અને બ્રહ્મતેજથી પૂર્ણાધર્મરુપ (પોતાના) પુત્ર એવા દંડને પ્રથમ સજર્યો.[૧૭] દંડનો સમ્યક પ્રયોગ સમાજના પ્રત્યેક સભ્યને સુશાસિત, અનુશાસિત, ધર્માભિરત રાખી શકે છે. એવી પ્રાચીન ભારતીય વિચારકોની શ્રદ્ધા છે. તેમણે દંડના સમ્યક્ પ્રયોગ પર બહુ ભાર મૂકયો છે. દંડના સમ્યક્ પ્રયોગમાં બધી સમસ્યાઓનું સમાધાન સાંપડતાં અને દંડનીતિની સર્વસિદ્ધકારિતાનો અનુભવ થતાં તમામ ગ્રંથો દંડનીતિના યશોગાનમાં એક સાથે સૂરે જાણે કે સ્પર્ધા કરી રહ્યા હોય તેમ જણાય છે. મહાભારતમાં દંડનીતિ–રાજધર્મની ખૂબજ પ્રશંસા થઇ છે.[૧૮] હાથીના એક પગલામાં સર્વ પ્રાણીઓના પગલાઓનો સમાવેશ થઇ જાય છે, તેમ રાજધર્મમાં સર્વ ધર્મનો સર્વ પ્રકારે સમાવેશ થઇ જાય છે. ક્ષાત્રધર્મ અનેક કલ્યાણોનું સાક્ષાત સ્વરૂપ છે. પુરાણા રાજધર્મની અવગણના વેદલોપ, ધર્મક્ષય, આશ્રમધર્મ વિનાશને જ નોતર છે.[૧૯] દંડનીતિ અનુસાર શાસન કરનારા રાજા પ્રજાને નિયમમાં

૧૫. ડૉ. વર્મા વિશ્વનાથપ્રતાપ ''રાજનીતિ ઔર દર્શન'' – પૃ. ૧૨૯.

૧૬. કામન્દકીનીતિસાર –૨–૪૩; મનુસ્મૃતિ – ૭–૨૨, શુક્રનીતિ – ૧/૨૩.

૧૭. तस्यार्थे सर्वभूतानां गोप्तारं धर्ममात्मजम् ।
ब्रह्मतेजोमयं दण्डमसृजत्पूर्वमीश्वरः ॥ મનુસ્મૃતિ – ૧૪.

૧૮. મહાભારતમ્ આરણ્યક પર્વ અધ્યા. – ૧૪૯, શાંતિ. અધ્યા. – ૬૩.

૧૯. મહાભારતમ્ શાંતિ – ૬૩–૨૫ થી ૨૮.

રાખે છે. તે અનપગામિની સંપત્તિ પ્રાપ્ત કરે છે.[૨૦] રાજધર્મને અનુસરીને પ્રજાને પુત્રવત પોષે છે. રક્ષે છે.[૨૧] રાજા દંડનીતિનો યત્નપૂર્વક અભ્યાસ કરે તો તે શત્રુ વિજયી અને લોકરંજક બને છે તેમજ આ નીતિશાસ્ત્ર સર્વને ઇષ્ટકર છે એમ શુક્રાચાર્યનો મત[૨૨] ઉચિત જણાય છે.

**॥ સમાપ્ત ॥**

૨૦. કામન્દકીનીતિસાર - ૨-૪૮.
૨૧. મહાભારતમ્ શાંતિ. - ૬૪-૩૦.
૨૨. શુક્રનીતિ - ૧-૬; ૧-૧૨.

# ❈ પ્રકરણ - ૨ ❈

## ❈ નીતિનો વ્યુત્પત્તિજન્ય અર્થ તથા 'નીતિ' નો પર્યાય 'આચાર' :-

ઉપપ્રકરણ : ( ૨ – ૧ ) 'નીતિ' ની પ્રારમ્પરિક અવધારણા

( ૨ – ૨ ) વિભિન્ન કોશોમાં નીતિનો અર્થ

( ૨ – ૩ ) નીતિની અન્ય વ્યાખ્યાઓ

( ૨ – ૪ ) નીતિનો પર્યાય 'આચાર'

( ૨ – ૫ ) 'આચાર' નો વ્યુત્પત્ત્યાત્મક અર્થ

( ૨ – ૬ ) કોશગ્રંથોને આધારે 'આચાર' નો અભિપ્રાય

## (૨) નીતિની પારમ્પરિક અવધારણા :-

સંસ્કૃત સાહિત્યમાં 'નીતિ' પ્રયોગ અને એની વ્યાખ્યા પુષ્કળ પ્રમાણમાં મળે છે. નીતિ વિષયક અનેક ગ્રંથો આજે પણ ઉપલબ્ધ છે. જેમ કે આચાર્ય કામન્દકીયનીતિસાર, ભર્તૃહરિનું નીતિશતક, નીતિકલ્પતર, નીતિરંગ, નીતિદિપીકા, નીતિપ્રદિપ, નીતિમંજરી, નીતિમયૂખ, નીતિરત્ન, નીતિરત્નાકર, નીતિવાકયામૃત, નીતિવિલાસ, નીતિવિવેક, નીતિસાર, નીતિસાર સંગ્રહ, ચાણકયનીતિ, વિદૂરનીતિ, હિતોપદેશ, પંચતંત્ર આદિ અનેક ગ્રંથોમાં નીતિશાસ્ત્રકારોએ પોતપોતાની રીતે 'નીતિ' વ્યાખ્યા કરી છે. ધર્મની જેમ નીતિ શબ્દ સાહિત્ય જગતમાં વિસ્તૃત અર્થમાં પ્રયોજવામાં આવ્યો છે.

- કામન્દકે કામન્દકીય નીતિસારમાં 'નીતિ' ની વ્યાખ્યા આપે છે કે – नयनान्तीरुच्यते ।
- શુક્રાચાર્ય નીતિની વ્યાખ્યા આ પ્રમાણે આપે છે –

  सर्वोपजीवकं लोकस्थितकृन्नीतिशास्त्रकम् ।

  धर्मार्थकाममूलं हि स्मृतं मोक्षप्रदं यतः ॥ (૧-૫) – શુક્રનીતિ.
- ચાણકયના નામથી પ્રખ્યાત કૌટિલ્ય અર્થશાસ્ત્રમાં નીતિની વ્યાખ્યા આપેલ છે. તે અનુસાર 'नयानयो दण्डनीत्यिा' અર્થાત્ રાજાને દંડનીતિથી ઉચિત અનુચિત વ્યવહારની શિક્ષા ગ્રહણ કરવી જોઇએ. 'नयनयौ' - ઉચિત-અનુચિત વ્યવહાર.[૧]

  'नयानयौ' - એકસપીડિએકટ એન્ડ ઇનએકસપીડિએન્ટ.[૨]
- ચાણકયસૂત્ર અનુસાર ''राजतंत्रायत्तं नीतिशास्त्रम्'' તથા ''नीतिशास्त्रानुगो राजा'' રાજનીતિ વાચક તથા ''नीतिज्ञो देशकालौ परीक्षेत्'' સામાન્ય નીતિનો વાચક.[૩]
- ચાણકયના મતાનુસાર 'નીતિ' નો પ્રયોગ 'लोकानां हितकाम्यया'[૪] સામાન્ય લોક વ્યવહારને માટે છે. અમુક રાજનીતિપરક શ્લોક પણ આપેલ છે. આ ગ્રંથોની રચના લોકોની હિતકામનાની દષ્ટિથી થઇ છે.

---

૧. સંપાદક રામશાસ્ત્રી, કૌટિલ્ય અર્થશાસ્ત્રમ્ મૈસૂર ૧૯૨૪ - અધિ-૧, અધ્યા. ૨.

૨. कौटिल्य अर्थशास्त्रम् का रामशास्त्रीकृत अंग्रेजी अनुवाद - मैसूर १९२९ - पृ. ६.

૩. कौटिल्य अर्थशास्त्र के परिशिष्ट में चाणक्यसूत्र क्रमशः - ४३, ४८, ११२.

૪. ચાણકય નીતિદર્પણ, પ્ર. ગોવર્ધન પુસ્તકાલય મથુરા, પ્રથમ સંસ્કરણ અધ્યા. ૧/૩.

- શુક્રનીતિમાં પણ 'નીતિ' શબ્દ 'રાજનીતિ' નો દ્યાતક છે. પરંતુ સાધારણ વ્યવહારનો પણ બોધક છે –

  ''अतः सदा नीतिशास्त्रमभ्यसेद्यत्नतो नृपः ।'' (રાજનીતિનો બોધક)

  ''अथ साधरणं नीतिशास्त्रं सवेधुचोचयते ।'' (સામાન્ય નીતિનો બોધક)[૫]

- ભર્તૃહરિનો નીતિશતક સામાન્ય નીતિનો ગ્રંથ છે. એમમાં '''नय' અને 'नीति' શબ્દ ક્રમશઃ સ્વવિવેક વ્યવહાર અને લોકોચિત વ્યવહારના અર્થનાં અર્થમાં આવેલ છે.''[૬]

- પંચતંત્ર અને હિતોપદેશ ગ્રંથ પણ એના લેખકો દ્વારા નીતિશાસ્ત્રના રૂપમાં માનવામાં આવ્યા છે.[૭] 'આ ગ્રંથોની રચના અવિવેકી અને ઉન્માર્ગ માર્ગી રાજકુમારો માટે થઇ હતી. પણ આ સામાન્ય નીતિથી પરિપૂર્ણ છે.' કે.પી. જાયસ્વાલના 'હિન્દુ પોલિટી' માં લખ્યું છે.

- સોમદેવ રચિત 'नीतिवाकयामृत માં પણ 'નીતિ' અને 'રાજનીતિ' નું મિશ્રણ છે.[૮]

- ચૌદમી થી અઢારમી સદી સુધીના સમયમાં રચિત ગ્રંથ 'राजनीतिरत्नाकर' તથા 'राजनीतिमयूज' નામના ગ્રંથોના નામથી એના વિષય સ્પષ્ટ છે. 'नीति' વિષયક ગ્રંથોના અવલોકનથી આપણને જાણવા મળે છે કે – 'नीति' શબ્દનો પ્રયોગ રાજનીતિ અને સામાન્યલોક વ્યવહાર બન્ને અર્થમાં થયો છે.

- કોશગ્રંથોમાં પણ 'नीति' ના લગભગ ત્રીસ અર્થ બતાવવામાં આવ્યા છે.

- અમરકોશ 'नय' અને 'नीति' શબ્દ એકજ અર્થનો ઉલ્લેખ કરે છે. 'नय' માં અન્ પ્રત્યય લગાવી 'नी' નો ગુણ અને ए નો अय् આદેશ થઇ 'नय' શબ્દ બન્યો છે. 'भावेस्त्रियांकितन्' સૂત્રથી 'नी' ધાતુમાં 'क्तिन्' પ્રત્યય લાગતા 'न्' તથા 'क्' નો લોપ થઇ જાય છે. આ પ્રમાણે 'नीति' શબ્દની ઉત્પતિ થાય છે.

---

૫. અનુવાદ મિહિરચંદ્ર, શુક્રનીતિ, વૈકટેશ્વર પ્રેસ મુંબઇ ૧૯૮૨ – ૨–૬, ૩.૧.

૬. प्रीतिः साधुजने नयो नृपजने विद्वज्जनेष्वार्जवम् ।
સં. ડી. ડી. कोसाम्बी शतत्रयम् भारतीय विद्या भवन – बम्बई १९४६ – પૃ. ૪૪ – શ્લોક – ૭૫.

૭. अधीते य हदं नीतिशास्त्रं श्रृणोतिव ।
न पराभवमवाप्नोति राक्रादपि कदाचना ॥ – પંચતંત્ર, પંડિત પુસ્તકાલય, કાશી ૧૯૫૨ – પૃ. ૬.૧૦.
– હિતોપદેશ, નિર્ણયસાગર મુદ્રણાલય, મુંબઇ ૧૯૪૯, પ્રાસ્તા. પૃ. ૧૧.

૮. ઇટ ઇજ એ મિકસચર ઓફ ઇથિકસ પોલિટિકસ – હિન્દુ પોલિટી, બેંગલૌર ૧૯૫૫ – પૃ. ૮.

- સંસ્કૃત - શબ્દાર્થ - કૌસ્તુભકાર શ્રી ઝા તથા ચતુર્વેદીએ આ આધાર પર ઇહ અને પરલોકની સિદ્ધિ પ્રાપ્ત કરવાના સાધનોને 'નીતિ' માને છે.[૯]
- મંદિનીકોશકાર ને પણ આ અર્થ સ્વીકાર્ય છે. જેમ કે -

  नीयन्ते संलभ्यन्ते उपायादयः ऐहिकामुष्मिकार्था वाऽस्यामनया वा नीकअधिकरणे अच् नयः । नीकभावे क्तिन् (प्रायणे) - इति मोदिनी ।
- ઇષ્ટની પ્રાપ્તિ માટેના ઉપાય, યુક્તિને પણ 'નીતિ' કહી શકાય, અંગ્રેજીમાં જેને Policy કહે છે. તે અર્થ પણ નીતિ શબ્દમાં અભિપ્રેત છે.
- કર્તવ્યના અર્થમાં પણ 'નીતિ' શબ્દને ગ્રહી શકાય અને આથી રાજાએ સ્વીકાર કરવાના ઉપાય, યુક્તિ અથવા તો રાજાના કર્તવ્ય તે 'રાજનીતિ' એમ સમજી શકાય.
- કાલિદાસ 'ઔશનસી નીતિનો' ઉલ્લેખ કરે છે.[૧૦] પરંતુ મલ્લિનાથ ઔશનસીનીતિનો અર્થ 'નીતિશાસ્ત્ર' કરે છે. જયારે વલ્લભદેવ 'અર્થશાસ્ત્ર' અર્થ સમજે છે.[૧૧]
- 'નીતિ' - સ્ત્રી. દોરવું તે, વર્તવું તે, વર્તન, શિષ્ટતા, શિષ્ટાચાર, ડહાપણ, રાજનીતિ અને સદાચાર એવા અર્થો બૃહતકોશ અનુસાર થાય છે.[૧૨]

**(૩) વિભિન્ન કોશોમાં 'નીતિ' નો અર્થ :-**

(૧) શુક્રાદિકૃત રાજવિદ્યા, રાજનીતિ, દંડનીતિ, ધર્મ દર્શન.[૧૩]

(૨) દાન, ભેટ, ચઢાવો, સંબંધ, સહારો.[૧૪]

(૩) પોતાની રહેણી-કહેણી (ચાલ-ચલન) કોઇ વ્યક્તિના જીવનયાપનનો ઢંગ.[૧૫]

(૪) જે રીતિ જેના પર ચાલવાથી કલ્યાણ થાય પણ બીજાની હાનિ ન થાય,

૯. સંસ્કૃત શબ્દાર્થ કૌસ્તુભઃ દ્વિતીય સંસ્કરણ - પૃ. ૬૧૧.
૧૦. કુમાર સંભવમ્ ૩ - ૬.
૧૧. कुमार संभवम् - (With commentary of Vallobhadeva) સં. ગૌતમ પટેલ - પૃ. ૮૦.
૧૨. બૃહત કોશ : સંસ્કૃત - ગુજરાતી, સં. રતિલાલ સાં. નાયક - ૨૦૦૩ - પૃ. ૨૩૦.
૧૩. वाचस्पत्यम्, खण्ड - ५ - પૃ. ૪૧૨૭.
૧૪. संस्कृत शब्दार्थ कौस्तुभ - પૃ. ૩૪૪.
૧૫. आप्टे की संस्कृतः अंग्रेजी डिकशनरी - પૃ. ૯૩૪.

મનુષ્ય અને સમાજના હિત માટે સ્પષ્ટ આચાર-વિચાર અને સારો વ્યવહાર.[૧૬]

(૫) હિંમત, યુક્તિ અને ઉપાય.[૧૭]

(૬) ચતુરાઇભરી ચાલ અને કાર્યસિદ્ધિ અથવા ક્રિયાત્મક વ્યવહાર.[૧૮]

(૭) શીલ, સભ્યતા, યોગ્યતા, ઔચિત્ય, શિષ્ટતા, સદાચાર.[૧૯]

(૮) પદ્ધતિ, રીતિ, ઢંગ, પ્રણાલી, યોજના.[૨૦]

(૯) ઉચ્ચ વ્યવહારિક આચારના નિયમ-નિર્દેશ, પ્રબંધ પથ પ્રદર્શન.[૨૧]

અંગ્રેજી ભાષાનાં પોલિસી, કન્ડક્ટ, ડાયરેકશન, ડેમોકોરમ, ગાઈડ્સ, પ્લાન, મેનેજમેન્ટ, સ્કીમ, પોલિટિકલ, સાઇન્સ, મોરલ, ફિલોસફી, રાઇટ કોર્સ ઓફ એકશન, વર્ડલી વિજડમ, મોરેલિટી આદિ શબ્દ આચાર અથવા નીતિના જ પર્યાયવાચી શબ્દો છે.[૨૨]

## (૩) નીતિની અન્ય વ્યાખ્યાઓ :-

શ્રી રામથાન સુમનજી એ 'નીતિ ધર્મ દર્શન' ની ભૂમિકામાં પોતાનો વિચાર વ્યકત કરતાં કહ્યું છે કે - ''બધા અંતમાં એક છે.'' કર્મસુલભ થવા પર નીતિ, ભાવસુલભ હોવા પર ધર્મ અને જ્ઞાન સુલભ હોવા પર દર્શનના રૂપમાં અવતરિત થાય છે.[૨૩]

આ જ પુસ્તકમાં અન્ય જગ્યાએ પણ આ જ પ્રકારે લખ્યું છે કે - વિવિધ દેશો, સમયો, વર્ગો, સમાજ માટે બનાવવામાં આવેલ આચરણના નિયમ જો જીવનની મૂળપ્રેરણા, મૂળધારાને આગળ વધારવામાં મદદરૂપ થાય છે. નીતિ છે.[૨૪]

ગંગાધર ભટ્ટે પણ પ્રાચીન ગ્રંથોના વિશ્લેષણ અને વિવેચન કરતાં નીતિનું

---

૧૬. प्रामाणिक हिन्दी कोश, रामचन्द्र वर्मा - પૃ. ૭૧૧.
૧૭. राष्ट्रभाषा कोश, प्रयाग १९९२ - પૃ. ૮૫૬.
૧૮. भार्गव हिन्दी कोशः - પૃ. ૬૧૭.
૧૯. સંસ્કૃત-ગુજરાતી નીતિ કોશ - પૃ. ૨૫૬.
૨૦. સંસ્કૃત-ગુજરાતી નીતિ કોશ - પૃ. ૨૫૬.
૨૧. प्रेक्टिकल संस्कृत डिक्शनरी ए.ए. मेक्डोनाल.
૨૨. मोनियर विलियमन्स आम्टे, बाहरी तथा केन्द्रीय हिन्दी निदेशालय के शब्दकोशो के आधार पर.
૨૩. नीति धर्म दर्शन, भूमिका साधना सुमन, इलाहाबाद १९६८ - પૃ. ૧૯.
૨૪. नीति धर्म दर्शन, भूमिका साधना सुमन, इलाहाबाद १९६८ - પૃ. ૧૫.

સ્વરૂપ આ રીતે જ કરેલુ છે - ''માનવ સમાજને શ્લાઘનીય તેમજ સુવ્યવસ્થિત રસ્તા પર (અગ્રચર) કરી, એના પ્રત્યેક વ્યક્તિનો ધર્મ, અર્થ, કામ અને મોક્ષની સમ્યક્ તેમજ વૈયક્તિક તેમજ સામાજિક નિયમોના વિધાન જે દેશ, કાળ અને પાત્રના લક્ષ્યમાં રાખી બનાવી શકાય છે. તે જ 'નીતિ' છે.[૨૫]

રાજબલી પાંડેના નીતિશાસ્ત્રના સંદર્ભમાં વિચાર છે કે - ''આજ કાલની સરળ વ્યાખ્યામાં 'નીતિ' એ શાસ્ત્ર છે જો શુદ્ધ અને અશુદ્ધ, સત્ય અને અસત્ય ઉચિત અને અનુચિત અથવા શુભ અને અશુભના આધાર પર માનવજીવનનું વિવેચન કરે છે.'' સંસ્કૃતના ધર્મમૂળ શબ્દ આ વ્યાખ્યાની નજીક છે, પરંતુ એમાં અદુષ્ટ અને અપૂર્વ બે રહસ્યવાદી તત્ત્વ જોડાયેલા છે. 'મોક્ષપ્રદ' શબ્દતો 'નીતિ' ના આધ્યાત્મિક અને ઉચ્ચ આદર્શને રજૂ કરે છે.[૨૬]

- ભીખનલાલ આત્રેયના મતાનુસાર 'નીતિ' શબ્દનો અર્થ - લઇ જવાની પદ્ધતિ (રીત) અર્થાત્ જીવનની લક્ષ્યની તરફ કયાં-કયાં નિયમોનું પાલન કરવાથી લઇ જઇ શકાય છે. સંસ્કૃતના 'ની' ધાતુથી જેનો અર્થ લઇ જવાઇ છે, આ શબ્દ બન્યો છે.[૨૭]
- પાશ્ચાત્ય વિદ્વાનોને પણ સ્વીકાર્ય છે કે, 'એથિકસ' માં અમુક સ્થળો પર વ્યવહારિક પ્રશ્નોના સમાધાનના પ્રયત્નો થયા છે. બીજે બધે ચિંતન 'સમય બોનસ' (સર્વોત્તમ શુભ) ની વ્યાખ્યા કરવાનું પ્રતીત થાય છે.[૨૮]

જે કોશકારો અને લેખકોના કેવળ પશ્ચિમી આધાર પર નીતિશાસ્ત્રની વ્યાખ્યાઓ દીધી છે. અથવા વ્યાખ્યાઓ કરેલ છે, એના પગ ડગમગવા લાગ્યા છે.[૨૯]

ભારતીય આચારશાસ્ત્રવેત્તાઓ અને પાશ્ચાત્ય વિચારકો દ્વારા પ્રમાણિત 'નીતિ' નો અર્થ અને વ્યાખ્યાઓના અવલોકનથી આપણને જાણવા મળે છે કે 'નીતિ' ની અંદર એ બધા જ તથ્યોનો સમાવેશ કરી શકાય છે. જે માનવજીવનનું

૨૫. 'संस्कृत काव्य में नीति तत्व' - બાકના પ્રકાશન - પૃ. ૧૪.
૨૬. 'भारतीय नीति का विकास' - प्रास्ताविक - પૃ. ૧.
- बिहार राष्ट्रभाषा परिषद् पटना ।
૨૭. 'भारतीय नीतिशास्त्र का इतिहास' - પૃ. ૯, પંક્તિ - ૮.
૨૮. कम्पटन्स पिकयर्ड एनसाइक्लोपीडिया भाग-૪ - પૃ. ૪૦૦૧.
૨૯. महाराष्ट्रीय ज्ञान कोश भाग-૧૬ - પૃ. ૩૧૪.

પરમ લક્ષ્ય અથવા મોક્ષ અથવા પરમાનંદની પ્રાપ્તિ કરવામાં સહાયક થાય છે. ધર્મ, અર્થ અને કામ એ ત્રિવિધ પુરુષાર્થોના સમાન વ્યવહારમાં ઉપયોગી થાય અને કોઇ વ્યક્તિની ઐચ્છિક ક્રિયાઓના પ્રયોગમાં શુભાશુભ અને ઉચિત અનુચિતના વિચાર કરવામાં સહાયક સિદ્ધ થાય છે. આ રીતે શ્રેષ્ઠ આચરણનો નિયમ સત્ય, અહિંસા આદિ સદ્‌ગુણ, સદાચાર તથા એના વિપરિત અર્થના બોધક અનાચારની અન્તર્ગત દુર્ગુણ, અસત્ય, હિંસા, ક્રોધ આદિ માનવને કલ્યાણકારી માર્ગ પર લઇ જાય છે.

**(૪) નીતિનો પર્યાય 'આચાર' :-**

સંસ્કૃત સાહિત્યમાં નીતિના પર્યાય આચારનો પ્રયોગ તેમજ એમની વ્યાખ્યા પુષ્કળ પ્રમાણમાં મળે છે. મનુષ્યના મનમાં જયારે વિચારોનો ઉદય થયો ત્યારે તેનું ધ્યાન સર્વપ્રથમ બાહ્ય જગત પર ગયું કેટલાક સમય પછી એમણે જીવનની વ્યાવહારિક આવશ્યકતાઓને એમની અંદર જાગૃત થઇ જે 'આચાર' ની ઉત્પતિમાં પ્રેરણાસ્ત્રોત બની. તેથી આપણે સમજી શકીએ છીએ કે આચાર એ બૌદ્ધિક પ્રણાલી છે. જેના દ્વારા નૈતિક ચેતનાની નિરન્તર શોધ કરી શકાય છે. 'આચાર' શબ્દના વ્યુત્પત્તિજન્ય અર્થને જાણ્યા વિના આપણે એમના તાત્પર્યને સ્પષ્ટરૂપથી સમજી શકતા નથી. તેથી આચાર શબ્દથી નિષ્પત્તિ आचरति एनम् अनेन इति वा માં आ + चर् + धज् વ્યુત્પત્તિથી થઇ છે. વિદ્વાનો એ આચાર શબ્દને 'નીતિ' ધર્મ અથવા કર્તવ્ય નામથી પણ ઓળખાવે છે.

'આચાર' અને 'નીતિ' બન્ને શબ્દો અંગ્રેજી ભાષાના 'એથિકસ' અથવા 'મૉરેલિટી' ના હિન્દી પર્યાય છે. એમના જ્ઞાનના માટે જ 'નીતિવિજ્ઞાન' અથવા 'આચારવિજ્ઞાન' આધારિત છે. અંગ્રેજીના 'એથિકસ' શબ્દની ઉત્પતિ મૂળ ગ્રીક ભાષા વિશેષણ 'એથિકા' થી થઇ જે રીતિ, રિવાજ અભ્યાસ અથવા આદતના અર્થમાં પ્રયુક્ત થયા છે. આ પ્રમાણે અંગ્રેજીનો 'મૉરેલિટી' શબ્દ જેને 'મોરલ ફિલોસફી' અથવા 'સાયન્સ ઓફ મૉરેલિટી' વગેરેથી પણ જાણી શકાય છે. આમાં 'મૉરલ' શબ્દની ઉત્પત્તિ લેટિન ભાષાના 'મોર્સ' સંજ્ઞા શબ્દથી થઇ છે, જયાં 'મોર્સ' નો અર્થ રીતિ-રિવાજ અથવા આદત છે.[૩૦] તેથી 'આચારશાસ્ત્ર' નો

૩૦. एनसाइक्लोपीडिया ब्रिटेनिका, भाग : ८ - पृ. ७५७.

શાબ્દિક અર્થ થાય છે - 'માનવના રીતિ, રિવાજો અથવા અભ્યાસનું વિજ્ઞાન'. વાસ્તવમાં રીતિ-રિવાજ યા અભ્યાસ મનુષ્યના કર્મોના પ્રતિફળ જ છે, જેમને પ્રચલન, વ્યવહાર કે આદતના રૂપમાં પણ જાણી શકાય છે. માનવ ચરિત્રના નિર્માણમાં એમની મહત્ત્વની ભૂમિકા છે. ઉપરાંત બીજા શબ્દોમાં 'આચારશાસ્ત્ર' ને જે મનુષ્યના 'ચરિત્રવિજ્ઞાન' કહેવામાં આવે તો અતિશયોક્તિ નથી.

આપણે આપણા દૈનિક જીવનમાં વિભિન્ન સામાજિક પ્રાણીઓની સાથે જે વ્યવહાર કરીએ છીએ તે જ માણસનું આચરણ કહેવાય છે. આચરણ ને માટે અંગ્રેજી ભાષામાં 'કન્ડકટ' શબ્દનો પ્રયોગ કર્યો છે. એમના દ્વારા માત્ર માણસની ઐચ્છિક ક્રિયાઓની તરફ સંકેત કરવામાં આવ્યો છે. જો કોઇ વ્યક્તિ પ્રયોજનવશ કોઇ ક્રિયાને પૂરી કરે છે તો તે ઐચ્છિક ક્રિયા છે. પરંતુ આપણે પ્રતિદિન છીંકવું, શ્વાસ લેવો આદિ અનેક અનૈચ્છિક ક્રિયાઓ પણ પૂરી કરીએ છીએ. આ અનૈચ્છિક ક્રિયાઓને આચારશાસ્ત્રની સાથે સરખાવેલ નથી. ડૉ. ભીખનલાલ આત્રેયને મનુષ્યની દૈનિક ખાન-પાન, કામ-ક્રોધાદિ ક્રિયાઓને પણ આ સંદર્ભમાં પ્રભાવશાળી માને છે.[૩૧]

જે રીતે નાટકમાં પાત્રોને પોતાની યોગ્યતા અનુસાર ભૂમિકાને નિભાવવી પડે છે. તેવી જ રીતે આ જગતમાં પણ એક નૈતિક રંગમંચ છે. જયાં આપણે બધા પોતપોતાની ભૂમિકાને નિભાવવા આવ્યા છીએ. માનવજીવનના શ્રેષ્ઠ ઉદ્દેશ્ય અને નૈતિક આદર્શોનું જ્ઞાન આપણને જે શાસ્ત્ર દ્વારા થાય છ, એને જુદા-જુદા વિદ્વાનો દ્વારા આચારશાસ્ત્ર, નીતિશાસ્ત્ર, ધર્મશાસ્ત્ર અને કર્તવ્યશાસ્ત્ર આદિ નામોથી જાણીતા છે.

## (૫) આચારનો વ્યુત્પત્ત્યાત્મક અર્થ :-

સામાન્યતઃ 'ધર્મ' અને 'કર્તવ્ય' શબ્દ આચાર અને નીતિથી અલગ છે. તથા એમના અંગ્રેજી રૂપમાં પણ ક્રમશઃ 'રિલીજન' અને 'ડયૂટી' છે, પરંતુ વાસ્તવમાં આ બધાનો અર્થ એક જ લક્ષ્યની પૂર્તિ કરે છે. વિદ્વાનોએ એ બાબતને

---

૩૧. ''प्रत्येक विचार, प्रत्येक आकांक्षा, इच्छा, सुख दुःख का अनुभव हमारे जीवन-प्रासाद के निर्माण में ईंट, पत्थर, लोहैं, लकडी, चूने, सीमेन्ट, गारे और पानी का काम करते है''
- 'भारतीय नीतिशास्त्र का इतिहास' : भीखनलाल आत्रेय - પૃ. ૮.

સિદ્ધ કરી દીધી છે કે અંગ્રેજીનો 'રિલીજન' શબ્દ સંસ્કૃત અથવા હિન્દી ભાષાનો ધર્મ શબ્દનો પર્યાય નથી. 'રિલીજન' શબ્દનો પ્રયોગ અત્યંત સંકુચિત અર્થમાં કરવામાં આવ્યો છે - મોટેભાગે કોઇ વિશેષ ઉપાસના - પ્રણાલીના સંદર્ભમાં, જયારે ભારતીય પરમ્પરાનો 'ધર્મ' શબ્દ સંપૂર્ણ જીવન પદ્ધતિને આત્મસાત્ કરવાની ક્ષમતા રાખવાવાળા વ્યાપક અર્થમાં પ્રયુક્ત થયો છે. 'રિલીજન' શબ્દ લેટિન ભાષાના 'રિલીજિયો' શબ્દથી નિષ્પન્ન થયો છે, જે મૂળ 'રેલિગારે' (બાંધવું) ધાતુ થી સંબદ્ધ છે. તેથી આ શબ્દ સમાજના વિભિન્ન માણસોને બાંધવાવાળી અનુષ્ઠાન - વિધિઓના દ્યોતક છે. આ ઉપરાંત આ શબ્દ દેશ તથા સમયની પરિધિમાં સીમિત હોય છે. આચાર્ય બલદેવ ઉપાધ્યાયે 'રિલીજન' અને ધર્મ બન્નેના ભિન્ન સ્વરૂપને સ્પષ્ટ કરતા કહ્યું છે, - ''રિલીજનનો યથાર્થ પર્યાય मजहब છે. નહી કે ધર્મ, કોઇ દેશ-વિશેષમાં કોઇ વિશિષ્ટ વ્યક્તિ દ્વારા સામયિક ઉપયોગિતાની દષ્ટિથી એકબીજાને વિશિષ્ટ સમાજના રૂપમાં બાંધવા માટે જે આચાર, મુખ્ય નિયમ બનાવવામાં આવે છે. તે જ 'રિલીજન' ની અંતર્ગત આવે છે........ જયાં ધર્મ હોય છે, ઇશ્વર, નિર્મિત, સત્ય, સર્વદા, સ્થાયી, દેશકાળની સીમાનું અતિક્રમણ કરવાવાળુ તત્વ.''[૩૨]

ધર્મને ધર્મ એટલા માટે કહેવાય છે કે 'ध्रियते अेनेनेति धर्मः' અર્થાત્ ધર્મ ધારણ કરવામાં આવે છે. આ કથનથી અમારી શંકાનું સમાધાન થતુ નથી. પરંતુ પુનઃ નવો પ્રશ્ન અમારી સમક્ષ ઊભો રહે છે, કે - શું ધારણા કરવામાં આવે છે ? આ પ્રશ્નના ઉતરમાં એ કહેવું અનુચિત નથી કે ધર્મના દ્વારા મનુષ્ય, મનુષ્યના રૂપમાં ધારણ કરવામાં આવ્યો છે. માનવ સમાજની સાથે-સાથે સંપૂર્ણ જગતની પ્રતિષ્ઠા પણ ધર્મમાં જ છે, કારણ સંસારમાં પદાર્થ અને દ્રવ્યોના એકત્ર, ધારણ તેમજ સંયોગથી માનવ-જીવનનો નિર્વાહ શકય છે.[૩૩] વેદ પણ એમનું સમર્થન કરે છે. વેદ અનેક ક્ષેત્રોમાં આપણા કર્મોના વિધાન કરે છે એ કર્મોનું પાલન કરવું એ જ ધર્મ છે.

---

૩૨. भारतीय धर्म और दर्शनः आचार्य बलदेव उपाध्याय - પૃ. ૧૩.

૩૩. धर्मो विश्वस्य जगतः प्रतिष्ठा.......।

મહાભારતના શાંતિપર્વમાં વ્યાસ દ્વારા પ્રતિપાદિત વ્યાખ્યા ધર્મના સ્વરૂપને સ્પષ્ટરૂપથી વ્યક્ત કરે છે.[૩૪]

વૈશેષિક દર્શનના પ્રણેતા મહર્ષિ કણાદે ભારતીય ધર્મના લક્ષ્ય બતાવતા કહ્યું છે કે જેનાથી આ લોક અને પરલોક બન્નેમાં સફળતા મળે તે જ ધર્મ છે.[૩૫] ઇહલોકની સફળતાને અભ્યુદય તથા પરલોકની સફળતાને નિઃશ્રેયસ્ કહે છે.

મનુસ્મૃતિમાં ધર્મલક્ષણમાં પ્રતિપાદિત નિર્દિષ્ટ તત્ત્વ.[૩૬] વાસ્તવમાં સામાજિક પ્રગતિ તેમજ કલ્યાણને માટે આવશ્યક છે. ધર્મ એજ એ નિયમ છે જેનાથી જીવન માનવ ઉચિત ઢંગથી ભલીભાતિ ચાલતો રહે છે.[૩૭]

નીતિ અને ધર્મ પરસ્પર જોડાયેલ છે. જો નૈતિકતાને ધર્મથી પૃથક્ કરી દેવામાં આવે તો આચારનું કોઇ સ્વરૂપ રહેતું નથી.

આચાર અને નીતિના અર્થમાં કર્તવ્ય શબ્દ પણ પ્રયુક્ત છે. 'કર્તવ્ય' શબ્દની વ્યુત્પત્તિ 'कृ' (करणे) ધાતુથી 'तव्यत्' પ્રત્યયના યોગથી થાય છે. આ 'કર્તવ્ય' શબ્દનો અભિપ્રાય મનુષ્યના જે કાર્યોથી છે જે માનવને એમના લક્ષ્ય સુધી પહોચાડવામાં અથવા જીવનને સમ્યક્ રૂપથી ચલાવવા માટે કરવો જોઇએ.

નીતિના રૂપમાં આચાર અને ધર્મનો પ્રયોગ સંસ્કૃત સાહિત્યમાં પુષ્કળ પ્રમાણમાં મળે છે. નીતિનો સમાવેશ રાજનીતિ, રણનીતિ આદિ અન્ય અર્થોમાં પણ કરવામાં આવે છે. પરંતુ 'णी प्रायर्णे' ધાતુમાં ભાવાર્થક 'क्तिन्' પ્રત્યયના સંયોગથી નિષ્પન્ન થયેલ નીતિ શબ્દ આચારના પર્યાયના રૂપમાં છે. નીતિ મનુષ્યને પોતાના ઉદ્દેશ્ય સુધી પહોચાડે છે. માટે 'નીતિ' (नयन) નો અર્થ 'લઇ જવું' 'ઉચિત વ્યવહાર' ના અર્થમાં એમનો વિસ્તાર થયો છે.

આપણે કહી શકીએ કે આ પ્રકારે ધર્મ, કર્તવ્ય અને નીતિ શબ્દોના વ્યુત્પત્તિલક્ષ્ય અર્થમાં એક જ ઉદ્દેશ્ય પ્રગટ થાય છે, તે છે માનવજીવનના સમ્યક્ અને ઉત્કૃષ્ટ વ્યવહાર. જો આપણે કોઇ વ્યક્તિને સદાચારી કહીને વિભૂષિત કરીએ

---

૩૪. धारणात् धर्म इत्याहुः धर्मो धारयते प्रजाः । यस्माद् धारण संयुक्तः स धर्म इति निश्चयः ॥ महा. शांतिपर्व, - ૧૦૮-૧૧.

૩૫. यतोऽभ्युदय निःश्रेयससिद्धिः स धर्मः - 'वैशेषिक दर्शन' - ૧,૧,૨.

૩૬. अहिंसा सत्यमस्तेय शैमिन्द्रिय निग्रहः ।
धीर्विधा सत्यमक्रोधो दशकं धर्मलक्षणम् ॥ - મનુસ્મૃતિઃ - ૬૯૨.

૩૭. धर्मो ही तेषामधिकोविशेषः धर्मेण हीनाः पशुभिः समानाः । - મહાભારતઃ શાંતિ. - ૨૯૪,૨૩.

છીએ. પોતે પણ આપણને એમના સત્ આચરણથી નૈતિકતા, ધાર્મિકતા અને કર્તવ્યપરાણયતાનો બોધ થવા લાગે છે. વર્તમાનમાં ધર્મનું વ્યાપક ક્ષેત્ર અત્યંત સંકુચિત થઇ ગયું છે.

ભારતીય દાર્શનિકોએ જીવનનું અંતિમ ઉદ્દેશ્ય મોક્ષ માન્યું છે અને મોક્ષ પ્રાપ્તિના વિભિન્ન સાધનોમાં સદાચાર-પાલનને મહત્વપૂર્ણ સ્થાન માનેલ છે. સત્ આચારણ જે 'નૈતિકતા' છે. નૈતિકતાપૂર્ણ મનુષ્ય જ ધાર્મિક છે અને એજ મનુષ્યનું પરમ કર્તવ્ય છે. તેથી આચાર, નીતિ, ધર્મ અને કર્તવ્ય શબ્દ એકબીજાથી પરસ્પર જોડાયેલ છે.

**(૬) કોશ ગ્રંથોને આધારે 'આચાર' નો અભિપ્રાય :-**

મોટાભાગના કોશકારોની દષ્ટિમાં આચારનો અભિપ્રાય વ્યવહાર, ચાલ-ચલન અને આચરણ છે. પરંતુ કેટલાક સ્થળો પર એમનો અર્થ સામાજિક પ્રથાઓ, લોકાચાર આદિ પણ આપેલ છે. પરંતુ સૂક્ષ્મ અવલોકન કરવાથી આપણને જાણવા મળ્યું છે કે એમાં વ્યવહાર, આચરણ આદિનો ઉલ્લેખ કરેલ છે. સર મોનિયમ વિલિયમ્સે પોતાના ''અંગ્રેજી સંસ્કૃત શબ્દ કોશ'' માં આચારને માટે પ્રયોજેલ 'મોરલ', મોલર ફિલોસફી તેમજ 'મૉરેલિટી' શબ્દના અર્થોમાં 'ब्रार्हस्पत्यम्' નો ઉલ્લેખ કરતાં આચાર, નીતિ, ધર્મ તથા કર્તવ્યને પર્યાય માને છે.[૩૮]

વામન શિવરામ આપ્ટેએ પણ પોતાના સંસ્કૃત અંગ્રેજી કોશમાં આચારનો અભિપ્રાય બતાવતા મનુને ઉદ્ધત કરે છે.[૩૯]

---

૩૮. Moral (virtuous), Moral Philosophy - सदाचार, सदाचारी । नीतिशास्त्र, नीतिविद्या, व्यवहारशास्त्रं, नीतिः । Morality (System of moral duties) विद्या, नीतिशास्त्रं, व्यवहारशास्त्रं, नय, नयविद्या, नयशास्त्रं, अर्थशास्त्र, विनयविद्या, शीलविद्या, सदसद्विचार, सदसद्विवेक, कर्तव्यकर्तव्यविचार, कर्तव्याकर्तव्यविवेकः, as invented by Brihaspati, 'बार्हस्पत्यम्' (Pracitice of moral duties, virtus) धर्मानुष्ठानं, धर्माचरणं, धर्माचारिता, धर्म्मः, सदाचारत्व सच्चरितं, सुचरितं साधुशीलता (Confirmity of principles of reatitude) धर्मानुसारित्वं न्यायानुसारः, न्यायः, धर्मता, धर्मत्वं - Disctionary : English and Sanskrit by sir Monier Willanms.

૩૯. आचार - conduct behaviour. Manner of action or of conducing oneself. A custom practice. ''तस्मिन्देशे य आचारः पारम्पर्यक्रमामतः'' Ms 2.18 3 (Apte - sanskrit English Dictionary) आचारः (आ + चर + धञ्) आचरण व्यवहार, काम करने की रीति, चाल-चलन, २ प्रथा, रिवाज प्रचलन तस्मिनदेशेय आचारः पारम्पर्यक्रमागतः । मनु. २.१८.

હલાયુદ્ધ અનુસાર આચારનો અર્થ આચરણ, શીલ, ચરિત્ર આદિ ગ્રહણ કરીને વ્યવહાર તથા ચિરત્રવિષયક અનેક ઉદ્ધરણ દીધા છે. તથા આચારને વિપરીતાર્થક શબ્દ પણ સ્પષ્ટ કર્યો છે.[૪૦]

સંસ્કૃતનો પ્રસિદ્ધ કોશ ''શબ્દકલ્પદ્રુમ'' માં આચારનો અર્થ જણાવતા હેમચંદ્ર, મનુસ્મૃતિની કુલ્લુક ભટ્ટીયા ટીકા તથા બૃહસ્પતિ આદિના વિચારોનો ઉલ્લેખ કર્યો છે.[૪૧] આ જ ગ્રંથમાં સજ્જનોના આચરણનો મનુ દ્વારા બતાવેલ લક્ષણ પણ દર્શાવેલ છે.[૪૨]

બૃહત સાંસ્કૃતાભિધાન કોશ 'वाचस्पत्यम्' માં પણ આચારની વ્યુત્પત્તિ બતાવતા એમને સદાચાર અને કદાચાર એમ દ્વિવિધ રૂપમાં બતાવેલ છે.[૪૩]

વૈજયન્તી કોશકાર યાદવપ્રકાશાચાર્યને પણ આચારથી અભિપ્રાય વૃત, ચરિત્ર, ચરિણ, તથા ચરણાદિ લઇ ઇષ્ટપૂર્વક કર્મોના રૂપમાં એમની વ્યાપ્તિ પણ બતાવી છે.[૪૪]

આ ઉપરાંત બૃહત્ હિન્દી કોશમાં પણ આચારનો અર્થ બતાવી આચારમાં વિભિન્ન શબ્દોના યોગથી એમના અર્થોનો ભેદ સ્પષ્ટ કર્યો છે.

---

૪૦. आचार : पु. (आङ् + चर् + धज्) व्यवहारः, चरितं चरित्रं, चरणं, वृत्तंशीलं, विचार, ''आचारेणावसन्नोऽपि पुनर्लेखयते यदि । सोऽभिधेयो मितं पूर्वं प्राङ्न्यायस्तु स उच्चते । इति व्यवहार तत्वम् ।'' 'चरित्रम्' - ''आचारलाजैरिव पौरकन्या'' इति रघुवंशे - २.१०,८५९-८६९.
''आचारे अयनादौ'' अयोग्य क्रिया । = हलायुद्धकोश

૪૧. आचारः, पु. (आङ् + चर् + धञ्) व्यवहारः तत्पर्यायः ।
१. चरित्रं, २. चरितं, ३. चारित्रं, ४. चरणं, ५. वृतं, ६. शीलम्, ७. इति हेमचन्द्रः । स्नानविमना दिः इति मानवे २ अध्याय; ६६ श्लोकटीकायां फुल्लुकभट्टः । व्यवहारः । स तु विचारः । यथा बृहस्पतिः - आचरेणावसन्नेऽपि पुनर्लेखयते यदि ।
सोऽभिधेयो मितः पूर्व प्राङ्न्यायस्तु स उच्यते ॥ इति व्यवहारतत्वम् चरित्रं । एतद्विवरणं सदाचार शब्दे द्रष्टव्यम् - रघु. २/१०.
''आचारलाजैरिव पौरकन्याः ।'' 'शब्दकल्पद्रुम।'

૪૨. सदाचारः पु. (सतां साधूनामाचारः) साधूनामाचरणम् । तल्लक्षणम् यथा - ''सरस्वती दृषद्वत्योर्देवनद्यार्यदन्तरम्'' तद्देवनिर्मित'' दशं ब्रह्मावर्त प्रचक्षते । तस्मिन्देशे य आचारः पारम्पर्यक्रमागतः, वर्णानां सान्तरालानां सदाचारः स उच्यते ॥ इति मनु. । - 'शब्दकल्पद्रुम'

૪૩. आचारः पु. आं + चर + भावे धञ् । आचरणे अनुष्ठाने सच अनुष्ठान निवृत्यात्मक भावभावरुपः तत्र सदाचारः वेदस्मृत्यादिविहितः तत्र नित्यनिषिद्धश्च कदाचारः इति भेदात् द्विविधः - 'वाचस्पत्यम्'

૪૪. इष्टं यागात्मकं कर्म तूर्य खातदिकर्मणि ।
आचारो वृत्तचारित्राणि च ॥ ३.६.११५ - भूमिकाण्ड - ब्राह्मण अध्या. ११५, 'वैजयन्ती कोश'

આ પ્રકારે કોશકારો દ્વારા પ્રતિપાદિત આચારના વ્યુત્પત્તિજન્ય અર્થથી જાણવા મળ્યું કે યથાર્થ રૂપમાં આચાર શબ્દ મનુષ્યના ઉચિત આચરણ અથવા વ્યવહાર સાથે સંબંધિત છે. યોગ્ય આચરણ દ્વાર ા જ મનુષ્ય પોતાના જીવનમાં દીર્ઘકાલિન શુભત્વની પ્રાપ્તિ કરી શકે છે. આપણે એ પણ જાણીએ છીએ કે અનુચિત વ્યવહાર, કર્મ અથવા આચરણ અશુભ કર્મોમાં પ્રવૃત્ત કરીને અકલ્યાણકારી માર્ગ પર લઇ જાય છે. આચારની ઉપયોગિતા માત્ર હમારા વ્યક્તિગત જીવન માટે નથી, પરંતુ સમસ્ત સમાજને શુભફળ અપાવવામાં સહાયક છે.

## ❈ પ્રકરણ - ૩ ❈

### ❈ 'પૂર્વના દાર્શનિક સંપ્રદાયોમાં નીતિદર્શન' :-

ઉપપ્રકરણ : (૩ - ૧) ઉત્તરકાલીન નીતિદર્શન

(૩ - ૨) સ્મૃતિઓમાં નીતિદર્શન

(૩ - ૩) મહાકાવ્યોમાં નીતિદર્શન

(૩ - ૪) સાંખ્યદર્શનમાં નીતિદર્શન

(૩ - ૫) યોગદર્શનમાં નીતિદર્શન

(૩ - ૬) પૂર્વમીમાંસામાં નીતિદર્શન

(૩ - ૭) વેદાંતદર્શનમાં નીતિદર્શન

## (૪) પૂર્વેના દાર્શનિક સંપ્રદાયોમાં નીતિ દર્શન :-

### ❖ પ્રસ્તાવના :-

પ્રાચીન ભારતીય નીતિતત્ત્વોનું વર્ણન દાર્શનિક ગ્રંથો અને ધર્મશાસ્ત્રના નામથી પ્રસિદ્ધ સ્મૃતિ ગ્રંથો તથા સૂત્રગ્રંથોમાં ઉપલબ્ધ છે. પુરાણ તથા ઇતિહાસ ગ્રંથોમાં પણ આ પ્રકારનો પર્યાપ્ત વિચાર રજૂ થયેલ છે. શુક્રાચાર્યની નીતિશાસ્ત્રીય પરિભાષામાં કહેવાયું છે.[૧] (જે સર્વેની આજીવિકાનું સાધન સમાજસ્થિતિ બનાવી રાખવાવાળા, ધર્મ, અર્થ અને કામનું મૂળ મોક્ષપ્રદ છે, તેને નીતિશાસ્ત્ર કહે છે.) નીતિશાસ્ત્રથી અલગ અન્ય બધા શાસ્ત્રો વ્યવહારિક જગતના કોઇ એક ભાગનું જ વર્ણન કરે છે, પરંતુ સાર્વજનિક હિત તેમજ સામાજિક સુરક્ષા (Guaranty) નું બંધકત્ત્વ નીતિશાસ્ત્ર જ આપે છે, કારણ કે ધર્મ, અર્થ અને કામ અને મોક્ષરૂપ પુરુષાર્થ ચતુષ્ટયનો એ સાધક છે.

મનુષ્યે માત્ર આ જીવન સુધી પોતાની સત્તા અથવા સાર્થકતા સમજવાની નથી પરંતુ તેના પછી પણ આત્માનું અસ્તિત્વ રહે છે અને જીવનની પણ અનંત સંભાવનાઓ બતાવેલ છે. આ વિચાર આપણને સમગ્ર ભારતીય ચિંતનના આધારરૂપમાં દષ્ટિગોચર થાય છે.

એ સ્પષ્ટ છે કે વૈદિક સમયથી આજ સુધી ભારતમાં નૈતિકચિંતનની અનેક પરંપરા છે. અહીંયા નીતિનું ફકત શાસ્ત્રીય અથવા બૌદ્ધિક વિવેચન થતુ નથી, પરંતુ જીવન અને આચાર બન્નેના સંદર્ભોમાં નૈતિક ચિંતનની સાર્થકતા રહે છે. નીતિનો સંબંધ ધર્મ અને દર્શનની સાથે જ છે, સાથે વ્યક્તિ અને સમાજના સંદર્ભમાં પણ નીતિપરક વિવેચન થયુ છે. આનાથી ઉપર વૈયક્તિક જીવનમાં વિશેષરૂપથી નીતિ પર ભાર દેવામાં આવેલ છે. વિભિન્ન કાળમાં અને ભારતીય દાર્શનિક સંપ્રદાયોમાં નીતિદર્શનનું સ્વરુપ આ પ્રકારે આપણને જોવા મળે છે. આ સમયમાં મુખ્યત્વે ઋગ્વેદનો જ સમાવેશ કરવામાં આવ્યો છે. ઋગ્વેદમાં 'દેવ' શબ્દનો અર્થ જ્ઞાપકતા, દિવ્યતા, ઉચ્ચતા, પરોપકારિતા, વગેરે છે તથા તેને કલ્યાણકારી શક્તિઓનો અધિષ્ઠાતા માનેલ છે. તેથી દેવના શુભ, સત્ય, હિત વગેરેના ધારક તેમજ પ્રદાતા અને દોષોના નાશક માનવામાં આવેલ છે.

---

૧. सर्वोपजीवकं लोकस्थितिकृन्नीतिशास्त्रकम् ।
धर्मार्थकाममूलं हि स्मृतं मोक्षप्रदं यतः ॥ – શુક્રનીતિ – ૧–૫.

ઋગ્વેદમાં ઋત[૨], સત્ય[૩], અહિંસા, મૈત્રી[૪], અભય[૫], સ્વતિક[૬], વિવેક બુદ્ધિ[૭], દાન યશ, પાપરાહિત્ય[૮] વગેરે નૈતિક તત્ત્વ મનુષ્યરૂપથી વર્ણિત છે.

'ઋત' દેવી જગતનું એવું શાશ્વત તેમજ અટલ વિધાન છે જેને આધિન પૃથ્વી, આકાશ, સૂર્ય-ચંદ્ર વગેરે પ્રાકૃતિક તત્ત્વ મર્યાદિત થઇ પોત-પોતાના કર્મમાં જોડાયેલ છે. આ માનવજગતમાં 'ઋત' એ નૈતિક મૂલ્યો તેમજ આદર્શોનો અધિષ્ઠાતા છે, જે જીવનના પ્રેરક છે તથા જેના ઉપર સભ્ય સમાજ પ્રતિષ્ઠિત છે. યાસ્કની દૃષ્ટિમાં ઋતનો અર્થ છે - ઉદક, સત્ય તેમજ યજ્ઞ[૯] સાયણે ''ઋત'' ને કર્મફળ, સ્ત્રોત તેમજ ગતિ અર્થના વાચક રૂપે સ્વીકાર કર્યો છે.[૧૦] પાશ્ચાત્ય ભાષ્યકાર ગ્રિફિથે 'ઋત' ને વિશ્વની વ્યવસ્થા તેમજ નિર્દેશ કરવાવાળુ તત્વ છે. ડૉ. મંગલદેવશાસ્ત્રી 'ઋત' અને 'સત્ય' નો અભિપ્રાય ''સમગ્ર વિશ્વ પ્રપંચમાં વ્યાપ્ત નૈતિક આધાર લે છે.[૧૧] પાશ્ચાત્ય વિદ્વાનોની દૃષ્ટિમાં 'ઋત' સર્ગ સિદ્ધાંતનો વાચક છે.[૧૨] કાલાન્તરમાં ઋતને સત્યનો પર્યાય માનવામાં આવ્યો. પરંતુ ઋગ્વેદથી એ સ્પષ્ટ થાય છે ઋત અને સત્યનો પરસ્પર સંબંધ હોવા છતાં પણ અલગ તત્ત્વ છે.[૧૩] ધાટેના મતાનુસાર વિકાસની અંતિમ દશામાં 'ઋત' તે નૈતિક વિધાન છે,

---

૨. ऋतस्य ही शुरुधः सन्ति पुर्वीऋतस्य धीतिर्वृजिनानि हन्ति । ऋतस्य
श्लोको बधिरा ततर्द कर्णा बुधानः शुचमान आयोः ॥
ऋतस्य दुसहा धरुणानि सन्ति परुणि चन्द्र वपुषेव पूषि ।
ऋतेन दीर्घमिषणन्त पृक्षऋतेन गावऋतमा विपेशुः ॥
ऋतं येमान ऋतमिद् वनोत्युतस्य शुष्मस्तुरया क गव्युः ।
ऋताय पृथिवी बहुले गभीरे ऋताय परश्रे दुद्यते ॥ - ઋગ્વેદ સંહિતા - ૪.૫.૫.

૩. पापासः सन्तो अनृता असत्या इदं पद्मजनता गभीरम् । - ઋગ્વેદ સંહિતા - ૪.૫.૫.

૪. शिवा नः सख्यां भात्राऽग्ने देवेषु युष्मे - ઋગ્વેદ સંહિતા - ૭૪.૧૦.૮.

૫. ઋગ્વેદ સંહિતા - ૧૦.૭.૭.

૬. स्वस्ति पन्थामनु चरेम । - ઋગ્વેદ સંહિતા - ૫.૫૧.૧૫.

૭. यक्षन्ति प्रचेतसः । मज्जन्त्यविचेतसः । - ઋગ્વેદ સંહિતા - ૯.૬૪.૨૧.

૮. तरन्तो विश्वा दुरिता स्याम । - ઋગ્વેદ સંહિતા - ૧૦.૩.૧.૧.

૯. ऋतमित्युदकनाम। - નિરુક્ત - ૨.૨૫.
सत्यं वा यज्ञं वा - નિરુક્ત - ૪.૧૯૧.

૧૦. ऋतस्य सत्पस्यावश्यंभाविनः कर्मकलस्य। - ઋત. સં. ના ૧-૧.૧૬ માં 'ઋત' શબ્દ પર સાયણભાષ્ય.

૧૧. भारतीय संस्कृति का विकास ऋतस्य सत्पस्यावश्यंभाविनः कर्मकलस्य (वैदिक धारा)
- ડૉ. મંગલદેવ શાસ્ત્રી - પૃ. ૩૩૦.

૧૨. वैदिक देवशास्त्र - ડૉ. સૂર્યકાન્ત - પૃ. ૧૮.

૧૩. ऋतं च सत्यं चाभीद्धात् ऋते सत्यं प्रतिष्ठितम् - ઋગ્વેદ સંહિતા.

જેનું પાલન દરેક સદાચારીને માટે આવશ્યક છે.[૧૪] ઋત અને સત્ય પર આધારિત સુવ્યવસ્થિત સંકલ્પયુક્ત આચરણ 'વ્રત' કહે છે. દેવના આદેશને 'ધ્યાન' કહેવાય છે. ધર્મ વસ્તુ અને માનવનો સ્વભાવ છે જે એમના કલ્યાણને માટે વિવિધ નિયમોમાં અભિવ્યકત હોય છે. માણસના બધા કર્તવ્યોને યજ્ઞનું સ્વરૂપ આપેલ છે. પાપ અને અપરાધને માટે પણ 'અદેવ' અને 'અયજ્ઞ' આદિ અનેક શબ્દોનો પ્રયોગ ઋગ્વેદમાં મળે છે. સામાજિક સાચા-ખોટાના વિષયમાં પણ ઋગ્વેદમાં પર્યાપ્ત પ્રકાશ પાડવામાં આવ્યો છે.

સામાજિક સંગઠન વગેરેના સંબંધમાં પ્રસિદ્ધ પુરુષસૂક્ત વિરાટ્‌પુરુષ અંગેના રૂપમાં સમાજનાં જુદા જુદા વર્ગોનું પ્રતિપાદન કરે છે. આ પ્રકારે જીવનના બધા પાસાને સંબંધિત ગુણ-દોષનું વર્ણન ઋગ્વેદમાં પ્રાપ્ત થાય છે. પરંતુ અહીંયા ભાવના અથવા વિશ્વાસના પાસાની જ પ્રધાનતા ધ્યાનમાં લેવાઇ છે. ઋગ્વેદમાં દુષ્કૃત્યના દુષ્ફળના વિષયમાં પણ સારી વ્યાખ્યા કરેલ છે. જુગાર (ધૂતક્રીડા) વેદની દષ્ટિમાં દુષ્કૃત્ય છે અને ખેતી (કૃષિ) સત્કૃત્ય છે.[૧૫] ઋગ્વેદના દશમાં મંડળમાં ધનના મહિમાનું વિશદ્ રીતે વર્ણન કરતાં પ્રેરણા-હેતુ વિવિધ પ્રકારના પ્રલોભન તથા આધાર દર્શાવેલ છે.[૧૬] તે સમયમાં મનુષ્યો જાણતા હતાં કે મનુષ્યોને પોતાની ઇચ્છાપૂર્તિ માટે યજ્ઞાદિ શ્રેષ્ઠ કર્મ કરીને દેવોને જરૂર પ્રસન્ન કરવા જોઇએ જેથી તેમને યોગ્ય ફળ પ્રાપ્ત થાય.[૧૭]

### (૧) ઉત્તર વૈદિકકાલિન નીતિ-દર્શન :-

ઉત્તર વૈદિક સમયની અંતર્ગત યજુર્વેદ સામવેદ અને અથર્વવેદ તથા બ્રાહ્મણ આરણ્યક તેમજ ઉપનિષદ્ સંકળાયેલા છે. એ સમયમાં કર્મકાંડ તથા ચિંતનની સમાજમાં પ્રધાનતા હતી. બ્રાહ્મણગ્રંથોમાં મનુષ્યોના ત્રણ ઋણ અને પાંચ યજ્ઞ પ્રતિપાદિત કરવામાં આવેલ જેના દ્વારા મનુષ્ય વિશ્વની સાથે પોતાનો યોગ્ય સંપર્ક અને સાંમજસ્ય સ્થાપિત કરે. એની સાથે જ બ્રાહ્મણ સાહિત્યમાં કર્તવ્ય

---

૧૪. लेक्यर्स आन ऋग्वेद - ધાટે - પૃ. ૩.૧૪૪.

૧૫. अश्वस्येय जरतो वस्न्यस्य नाद्वं विन्दामि कितवस्य भोगम्। - ઋગ્વેદ સં. ૧૦-૩૪-૩.

૧૬. न भोजा मभ्रुर्न न्यर्थमीयर्नु रिष्यन्ति न व्यथन्ते ह भाजाः ।
हदं युद्धिश्चं भवनं स्वश्चैत्वसर्व दक्षिणैभ्यो ददाति ॥ - ઋગ્વેદ સં. ૧૦૨૧૦-૭-૮.

૧૭. नाकस्य पृष्ठ अधितिष्ठति श्रितो यः पृणाति सहदेवेषु गच्छति ।
तस्मा आपो धृतमर्षन्ति सिन्धवस्तस्मां इयं दक्षिणां पिन्वते सदा ॥ - ઋગ્વેદ સં. ૧-૧૨૫.૫.

કર્મ બે ભાગમાં વિભાજિત કરવામાં આવેલ છે. (૧) ઇષ્ટ અને (૨) આપૂર્ત. વિવિધ યજ્ઞાદિ ઇષ્ટકર્મની અંતર્ગત આવે છે. લોકોપકારી કાર્ય દાન-ધર્માદિ પૂર્તની અંતર્ગત આવે છે.

ઉપનિષદ્ સાહિત્યમાં પણ નીતિપરકદાર્શનિક વિવેચન પ્રાપ્ત થાય છે, પરંતુ ઓછુ અને સારભૂત. ઉપનિષદોએ નૈતિક આદર્શના રૂપમાં બ્રહ્મને પ્રતિપાદિત કરવાનો પ્રયાસ કર્યો છે. જયાં સુખ-દુઃખ, રાગ-વિરાગ આદિ સમસ્ત પ્રપંચોથી મુક્તિ મળી જાય છે. એ અંતિમ આદર્શના પરિપ્રેક્ષ્પમાં વૈયક્તિક અને સામાજિક કર્તવ્યપાલનની સાર્થકતા પ્રતિપાદિત છે. ઉપનિષદોમાં નિષ્કામ કર્મનું મૂળ બીજ પ્રાપ્ત થાય છે.[૧૮]

તત્ત્વજ્ઞાનના વધારે અનેક પ્રેરક નિર્દેશ આપણને ઉપનિષદોમાં પ્રાપ્ત થાય છે, જેમ કે ઇશાવાસ્યોપનિષદ્માં કહેવાયું છે કે -

ईशावास्यमिदं सर्वं यत्किच जगत्यां जगत् ।

तेन त्यक्तेन भुजीथाः मा गृधः कस्य स्विद् धनम् ॥

આ ઉપનિષદમાં જ્ઞાનના અનુષ્ઠાનથી અમરતાની પ્રાપ્તિ (विद्ययाऽमृतमश्नुते) કાર્યોના માટે સજાગતા (कृतंस्मर), આત્મદહનની નિંદા આદિનું વર્ણન કરવામાં આવ્યું છે. ઉપનિષદોમાં વર્ણાશ્રમ ધર્મ સાધનના રૂપમાં સ્વીકારેલ છે.

આજે ધાર્મિક હિન્દુ પોતાના દૈનિક જીવનમાં જે વેદમંત્રો અથવા ઉપનિષદ વાકયોનું પઠન કરે છે, તેમાં પણ નૈતિક તત્ત્વ મૂળભૂત રીતે ઉપલબ્ધ છે. પ્રસિદ્ધ ગાયત્રી મંત્રમાં બુદ્ધિની સત્યપ્રેરણા માટે પ્રાર્થના કરાઇ છે.[૧૯] આંખ-કાનથી સત્ય સાંભળવવામાં -જોવામાં તથા પુષ્ટ અંગોથી યુક્ત હોવા છતાં દેવહિતમાં પોતાના આયુષ્ય પ્રાપ્ત કરવાની પ્રાર્થના કરવામાં આવી છે.[૨૦]

એવી જ રીતે સાથે ચાલવાની, ભજન કરવાની, પાણી પીવાની અને સમસ્ત

---

૧૮. कुर्वन्नेवेह कर्माणि जिजीविषेन्छतं समाः ।
एवं त्वयि नान्यथेतोऽस्ति न कर्मलिप्यते नरः ॥ - વાજ્ઞસનેય સંહિતા ૪૦.૨૧.

૧૯. तत्सवितुर्वरेण्यं भर्गो देवस्य धीमहि, धियो योनः प्रचोदयात् ।

૨૦. ॐ सहनाववतु । सहनौ भुनक्तु । सहवीर्य करवा वहै ।
तेजस्विना वधीमस्तु । मा विद्विषाव है ।

કલ્યાણમાં પ્રવૃત રહેવાની અથવા મંગલ-સંદેશ વિભિન્ન મંત્રોમાં સમાયેલ છે.[૨૧] એજ પ્રકારે અસત્ થી સન્માર્ગ તરફ જવાની પણ પ્રાર્થનાઓ છે -

असतो मा सद्गमय तमसो मा ज्योतिर्गमय मृत्योर्माऽमृतं गमय ॥

## (૨) સ્મૃતિઓમાં નીતિ-આચાર :-

સ્મૃતિઓના સંદર્ભમાં રઘુવંશ મહાકાવ્યમાં મહાકવિ કાલિદાસે કહ્યું છે કે તે છાયાની જેમ વેદોનું અનુસરણ કરે છે.[૨૨] એમની સાથે ધર્મસૂત્રો અને ધર્મશાસ્ત્રોનો પણ સમાવેશ કરવામાં આવેલ છે. મનુસ્મૃતિ તેમજ યાજ્ઞવલ્કયસ્મૃતિ તથા સૂત્રોમાં ગૌતમ, આપસ્તમ્બ, આશ્વલાયન વગેરે સૂત્રગ્રંથ પ્રસિદ્ધ છે. એમાં વૈયક્તિક વિકાસના વિવિધ નિયમ પ્રસ્તાવિત કરવામાં આવ્યા છે અને સામાજિક જીવનની સુદઢતા માટે આ ધર્મશાસ્ત્રકારોએ ગહન વિચાર કર્યો છે. જેનાથી આગળ તેમાં જન્મથી મૃત્યુપર્યંત કરવામાં આવતા વિવિધ સંસ્કારો તથા કર્મકાંડોની કાર્યપદ્ધતિનો પણ ખૂબજ વિસ્તારથી વિચાર કરવામાં આવ્યો છે. વ્યક્તિત્વના વિકાસના સંદર્ભમાં મનુનું આ કથન પ્રસિદ્ધ છે. જેમાં ધૃતિ, ક્ષમા, દમ, અસ્તેય, શૌચ, ઇન્દ્રિય નિગ્રહ, વિદ્યા, સત્ય વગેરે દશ ધર્મ બતાવેલ છે.[૨૩]

આ જ સ્મૃતિઓ દ્વારા વર્ણ તથા આશ્રમધર્મની પ્રસ્થાપના વિભિન્ન રૂપોમાં કરવામાં આવી છે અને તેમને વર્ણાશ્રમ ધર્મમાં રાખવામાં આવી છે. ગુણ, કર્મ તેમજ સ્વભાવનુસાર સમાજમાં મનુષ્યનું સ્થાન તેમજ તેમના કર્તવ્ય અનુસાર વર્ણ ધર્મ છે.[૨૪] વર્ણવિભાજનને મનુએ સમાજ કલ્યાણનું કારણ માન્યું છે.[૨૫] વર્ણ

---

૨૧. भद्रं कर्णभिः श्रयुयाम देवा भदं पश्येमाक्षभिर्यज त्राः
स्थिरैरङ्गैष्टुवासंस्तनूभिर्व्यशेम हिदेवहितं यदायुः ॥
- ઋગ્વેદ - ૧.૮૯.૮. - સામવેદ - ૧૮.૭૪. - વા.સ. - ૨૫-૨૧.

૨૨. छायेव तां स्मृतिरन्वगच्छत् - રઘુવંશ - ૨-૩.

૨૩. धृतिः क्षमा दमोऽस्तेयं शोचमिन्द्रियनिग्रहः ।
धीर्विद्या सत्यमक्रोधो दशकं धर्मलक्षणम् ॥ - મનુસ્મૃતિ - ૬.૯૨.

૨૪. अध्यायनमध्ययनं यजनं याजनं तथा दानं । प्रतिग्रहश्चैव ब्राह्मणानामकल्पयत ॥
प्रजानां रक्षणं दानमिज्याध्ययनमेव च । विषयेष्वप्रसक्तिश्च क्षत्रियस्य समादिशत् ।
पशूनां रक्षणं दानमिज्याध्यनमेव च । वणिक्कर्म कुसीदं च वैश्यस्य कृषिमेव च ॥
एकमेव तु शुद्रस्य प्रभुः कर्म समादिशत् । एतेषा मेववर्णाना शुश्रुषामनसूयया ॥
- મનુસ્મૃતિ - ૧.૮૭-૯૧.

૨૫. लोकानां तु विवृद्धयर्थम् - મનુ. - ૧.૩.૭.

અનુસાર ચારેય આશ્રમોના પણ વિશિષ્ટ કર્તવ્ય મનુએ બતાવ્યા છે.[૨૬] કયારેક મનુષ્યની સામે એવી પરિસ્થિતિ આવી પડે છે ત્યારે એમના વર્ણાશ્રમથી કામ થતું નથી આ વિશેષ પરિસ્થિતિઓમાં મનુએ આપદ્ ધર્મના આચરણનો નિર્દેશ કર્યો છે.[૨૭] મનુએ આચારના પ્રમાણ માટે શ્રુતિ, સ્મૃતિ, સદાચાર અને અંતઃકરણના રૂપમાં ચાર આધાર પણ સ્વીકાર્યા છે.[૨૮] યાજ્ઞવલ્કય વેદધર્મશાસ્ત્ર, સજ્જનોનું આચરણ, પોતાના આત્માને અનુકૂળ ઉત્તમ કાર્ય તથા વિવેકપૂર્ણ સંકલ્પથી ઉત્પન્ન થયેલ ઇચ્છા આ સર્વે ધર્મનું મૂળ છે.[૨૯]

### (૩) મહાકાવ્યોમાં નીતિ - દર્શન :-

રામાયણ લૌકિક સંસ્કૃત સાહિત્યનું આદિ મહાકાવ્ય છે. ‘‘જયાં સુધી આ પૃથ્વી પર પર્વતો સ્થિર રહેશે અને સરિતાઓ સુકાશે નહિ ત્યાં સુધી રામાયણ કથા લોકોની અંદર જીવતી રહેશે અને ફેલાતી રહેશે’’ વાલ્મીકિએ રામાયણમાં કરેલી આ વાત આત્મશ્લાધા કે અતિશયોક્તિ નથી. કારણ કે આ રામકથા માત્ર ભારતમાં જ નહિ આખા એશિયા ખંડમાં અને દૂર પૂર્વના દેશોમાં સેંકડો વર્ષથી લોકપ્રિય બનેલી છે. માનવ જીવનમાં ઝળાહળ પ્રકાશ પાથરી દેનારી ભારતીય સંસ્કૃતિના સર્વગ્રાહી પ્રતીક તરીકે કોઇ એક જ ગ્રંથનું નામ આપવું હોય તો કેવળ ‘રામાયણ’ નું જ નામ આપી શકાય.

રામાયણના નાયક રામ એક આદર્શ નીતિમાન પુરુષ હતા. ધર્મ, મર્યાદા, સ્નેહ, નૈતિકતા, બંધુપ્રેમ, વાત્સલ્ય, સહાનુભૂતિ વગેરેની દષ્ટિએ તેનું નામ વિશ્વવાઙમયમાં અમર છે. રામાયણ નો આદર્શ જ એક આદર્શ પુરુષના અન્વેષણની જિજ્ઞાસાથી થાય છે અને મર્યાદા પુરુષોતમના રૂપમાં ભગવાન રામના ચરિત્રનું મંગલકારી ચિત્રણ કરવામાં આવ્યું છે.[૩૦]

---

૨૬. ब्रह्मचारी गृहस्थश्च वानप्रस्थो यतिस्ताथ ।
एते गृहस्थप्रभश्चत्वारा पृथगाश्रमा ॥ - મનુ. - ૬.૮૭.

૨૭. મનુસ્મૃતિ - ૧૦.૮.૧, ૯૮.૧૨૧.

૨૮. वेदः स्मृतिः सदाचारः स्वस्य च प्रियमात्मनः ।
एतच्चतुर्विधं प्राहंः साक्षात् धर्मस्यलक्षणम् ॥ - મનુ. - ૨.૧૨.

૨૯. श्रुतिः स्मृतिः सदाचारः स्वस्य च प्रियमात्मानः ।
सम्यक्सङ्गल्यजः कामो धर्ममूलमिदं स्मृतम् ॥ - યાજ્ઞવલ્કય સ્મૃતિ - ૧.૭.

૩૦. कोऽन्वस्मिन् साम्प्रतं लोके गुणवान् कश्चवीर्यवान् ।
धर्मज्ञश्च कृतज्ञश्च सत्यवाक्यो दृढव्रतः ॥ - વાલ્મીકી રામાયણ - ૧.૧.૧૨.

મહર્ષિ વાલ્મીકિએ જયાં વૈયક્તિક ગુણોનું પૂર્ણ વિશ્લેષણ કર્યું છે, ત્યાં લોકકલ્યાણને જીવનનું અપરિહાર્ય અંગ માન્યું છે. રામાયણના આધાર પર રચિત – 'યોગવશિષ્ટ' તો જીવનનાં સંચાલક તત્વોનું જ વિસ્તારથી વિવેચન કરે છે. તેમાં ઋષિ વશિષ્ઠે રામચંદ્રજીને અનેક પ્રકારની વિદ્યા આપી છે. જેમાં, વર્ણાશ્રમધર્મયોગ અને પરમતત્ત્વ સામેલ છે. વૈયકિતક અને સામાજિક સર્વવિધ ગતિવિધિઓ અને સંચાલનના માર્ગદર્શન યોગવાશિષ્ટનું પ્રયોજન પ્રતીત થાય છે.

વિશ્વમાં રામાયણનું જેટલું સ્થાન છે તેટલું જ મહાભારત પણ સ્થાન ધરાવે છે તથા ઐતિહાસિક મહાકાવ્ય તરીકે પણ મહાભારત ખૂબ મહત્વનું સ્થાન ધરાવે છે. નીતિવર્ણનની દૃષ્ટિએ સૌથી વિશાળ એક લાખ શ્લોકોનો સંગ્રહ છે. મહાભારતનો મૂળ આધાર નીતિ નિરૂપણ જ છે, એમ કહીએ તો કશું ખોટું નથી. મહાભારતના દરેક પર્વમાં નીતિપરક વિચાર પદ્યે-પદ્યે જોઇ શકાય છે. રત્નોના ભંડાર જેવા મહાભારત ગ્રંથે હજારો વર્ષથી લોકસંસ્કૃતિનું ઘડતર કર્યું છે. મ.ભા. 'મહાકાવ્ય' તો છે જ, તે ઉપરાંત પ્રાચીન ઇતિહાસ, ભૂગોળ, ધર્મશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, રાજયશાસ્ત્ર વગેરે વિષયો ઉપર કલાત્મક ચિંતન રજૂ કરતો વિરાટ ગ્રંથ છે.

મ.ભા. યુધિષ્ઠિરને ધર્મ અને સત્યના અવતારના રૂપમાં તથા ભીષ્મને વ્રતપાલન અને ધર્મોપદેશકના રૂપમાં પ્રતિષ્ઠાપિત કરે છે. આના સિવાય અનેક ઉચ્ચ ચરિત્રોના તથા ધર્માધર્મનું વિવેચન મ.ભા. માં કરવામાં આવ્યું છે.

શ્રીમદ્‌ભગવત્ ગીતા મ.ભા. નું અંગ છે. કુરુક્ષેત્રના મેદાનમાં યુદ્ધ માટે એક જ પરિવારના યુયુત્સવોની સામ-સામી વ્યૂહરચના અને પોતાનો જ પરિવાર પોતાને હાથે હણાશે એ વિચારે પાંડવ સેનાપતિ અર્જુનનો વિષાદ અને અર્જુનના આ વિષાદને કારણે ભગવાન શ્રીકૃષ્ણ દ્વારા 'પ્રસાદ' સ્વરૂપે અર્જુનને કેન્દ્રમાં રાખી માનવજાતના ઉદ્ધાર માટે આપેલો 'ગીતામૃતમ્' રુપી ઉપદેશ આજે પણ માનવજાતને ઉન્નત જીવન જીવવાની કલાનું માર્ગદર્શન આપી રહ્યો છે. આ ગીતાનો મુખ્ય વિષય નૈતિક જિજ્ઞાસા છે. અર્જુન કર્તવ્યાકર્તવ્યની વિમુઢતાથી શ્રીકૃષ્ણ પાસે જિજ્ઞાસા કરે છે અને શ્રીકૃષ્ણ એમને લાંબા ઉહાપોહની સાથે નિષ્કામ કર્મયોગનો આદેશ આપે છે. જીવનની વિવિધ ક્ષણોમાં ઉત્પન્ન થતી શંકાઓ

તથા માનવીય જીવનથી સંબંધિત કર્મા-કર્મ, ગુણ-દોષ, લાભ-હાનિ, આદિનું વિશુદ્ધ વિશ્લેષણ શ્રીમદ્ભગવત્ ગીતા કરે છે. વિવિધ પુરાણો ઉપપુરાણો એ પણ પ્રસંગતઃ વર્ણાશ્રમધર્મ અને અધ્યાત્મ સાધનને માટે આવશ્યક સદ્ગુણોનું વિવેચન કર્યું છે.

ભારતમાં વિભિન્ન દાર્શનિકોએ વિભિન્ન દર્શનોનું નિર્માણ કર્યું પરંતુ માત્ર આર્વાક દર્શનને બાદ કરતાં બધાં દર્શનોના કેટલાક માન્ય નિર્ણયો એવા છે જે ભારતીય નીતિના મૂળ આધાર છે. ધર્મ દર્શન અને નીતિ-આચારનો સંબંધ અટૂટ છે. પરંતુ એ કહી શકાય કે ધાર્મિક વિશ્વાસ નીતિનો મૂળ આધાર છે. જયારે આપણે સત્યના વિષયમાં ચિંતન કરીએ છીએ અને એમની સત્યતા પર જયારે વિશ્વાસ થાય છે તો એમની પ્રાપ્તિ માટે આપણને તદ્નુસાર આચરણ કરવા પ્રવૃત થઇએ છીએ.

**(૪) સાંખ્યદર્શનમાં નીતિ-આચાર :-**

સાંખ્ય દુઃખની સાર્વભૌમિકતાનો સ્વીકાર કરી પોતાના દર્શનશાસ્ત્રનો પ્રારંભ કરે છે.[૩૧] અને દુઃખ ત્રણ પ્રકારના છે તે દર્શાવે છે.

**(૧) આધ્યાત્મિક :-**

મનુષ્યના આત્મિક અને ભૌતિક સ્વરૂપના કારણે ઉત્પન્ન થયેલ દુઃખ આ દુઃખના બે પ્રકારો જાણવા મળે છે -

**(અ) શારીરિક :-** વાત્, પિત અને કફની અસામ્યાવસ્થાથી ઊભા થતાં રોગોનાં દુઃખો.

**(બ) માનસિક :-** કામ, ક્રોધ, લોભ, મદ્, મોહ, મત્સર વગેરે માનસિક વિકારોથી જે દુઃખ ઊભા થાય છે તે માનસિક દુઃખ.

**(૨) આધિભૌતિક :-**

સમાજમાં વસતાં મનુષ્યો સાથે અન્ય મનુષ્યો, પશુ, પક્ષી, વૃક્ષો, પર્વતો કે જીવજંતુઓથી ઉત્પન્ન ત્રાસને આધિભૌતિક દુઃખો છે. અર્થાત્ જગતના ભૌતિક પદાર્થો દ્વારા પ્રાપ્ત થતા દુઃખો.

૩૧. भारतीय दर्शन - डॉ. राधाकृष्णन् - પૃ. - ૨૬૫. સાંખ્ય પ્રવચન સૂત્ર - ૬.૬૮.

### (૩) આધિદૈવિક :-

અતિપ્રાકૃત અર્થાત્ જે જૈવિક શક્તિ દ્વારા ઉત્પન્ન દુઃખ . જેમાં ટાઢ, વરસાદ, પૂર, વાવાઝોડા વગેરેનો સમાવેશ થાય છે. તે ઉપરાંત ગ્રહો, રાક્ષસો અને યક્ષો દ્વારા પ્રાપ્ત થતા ત્રાસને પણ આધિદૈવિક દુઃખો કહી શકાય.[૩૨] ઈશ્વરકૃષ્ણે પણ સાંખ્યકાટિકામાં दुःखत्रयी[૩૩] ના નાશ માટે કારણોની જિજ્ઞાસા થાય તેમ જણાવ્યું છે.

આ દુઃખ જો શરીર સંબંધી અવસ્થાઓ અથવા માનસિક અશાંતિને કારણે ઉત્પન્ન હોય તે પ્રથમ કોટિનું દુઃખ છે, મનુષ્યો અને પશુ-પક્ષીઓ દ્વારા પ્રાપ્ત થાય તે દ્વિતીય કોટિનું દુઃખ છે અને તૃતીય કોટિના એસ્તિત્ત્વ ગ્રહો અને પંચતત્ત્વોના કારણે છે.[૩૪] પ્રત્યેક વ્યક્તિ દુઃખને ઓછું કરવા તથા યથાસંભવ તેમાંથી છૂટવા માટે પ્રયત્ન કરે છે પરંતુ ચિકિત્સાશાસ્ત્રમાં બતાવેલ દવાઓ અને ધર્મશાસ્ત્રોમાં દર્શાવેલ ઉપાયોથી દુઃખને જડમૂળમાંથી નાશ કરી શકાતું નથી.[૩૫] બૌદ્ધ તેમજ જૈન મતોની જેમ સાંખ્યમાં પણ આ વાત પર ભાર મૂકવામાં આવ્યો છે કે વૈદિક કર્મકાંડમાં નૈતિક સિદ્ધાંતોના જુદા આચરણ મળે છે. (અગ્નિષ્ટોમ - યજ્ઞ ને માટે કોઈ પશુની હત્યા દ્વારા અહિંસાના નૈતિક સિદ્ધાંત પર વ્યાઘાત હોય છે. છતાં પણ દુઃખના બોધમાં બંધન તથા ક્રિયાઓના રૂપમાં ભેદ અને અભેદ ચિત્ત અથવા આંતરિક ઈન્દ્રય સાથે સંબંધ રાખે છે. તો પણ પુરુષના સુખ અથવા દુઃખ માત્ર એમની અંદર પડેલા દુઃખનું પ્રતિબિંબ રૂપ છે.[૩૬] પુરુષનું બંધન એક મિથ્યા વિચાર છે.[૩૭] વિજ્ઞાનભિક્ષુએ કર્મપુરાણમાંથી એક શ્લોક ઉદધૃત કર્યો છે.[૩૮] જેનો આશય એવો છે - ''જો આત્મ સ્વભાવથી અશુદ્ધ, અપવિત્ર અને વિકારવાન હોય તો વસ્તુતઃ એમના માટે સેંકડો જન્મોમાં પણ મોક્ષ સંભવ હોતો નથી.[૩૯] બંધનનું કારણ સમય અથવા દેશ, શરીરધારણા

---

૩૨. વિષ્ણુપુરાણ - ૫:૬.

૩૩. ''दुःखत्रयाभिधातानृजिज्ञासा तदपधातके हेतौ ।'' - સાંખ્યકારિકા - ૩૧.૧.

૩૪. तत्वकौमुदी - ૧.

૩૫. सांख्यकारिका - २.

૩૬. सांख्य प्रवचन भाष्य - ૧.૫૦.૮.

૩૭. 'वाङ्मात्रम् - सांख्य प्रवचन सूत्र वृत्ति' - ૧.૫૮.

૩૮. कूर्मपुराणा - ૨.૨.૧૨.

૩૯. यद्यात्मा मलिनोऽस्वच्छो विकारी स्यात् स्वभभावतः ।
न हि तस्य भवेन्मुक्तिर्जन्मान्तरशतैरपि ॥ - સાંખ્ય પ્રવહન ભાષ્ય - ૧.૭.

અથવા કર્મ નથી.[૪૦] પુરુષ સ્વભાવથી જ નિત્ય અથવા શુદ્ધ છે. જ્ઞાન સ્વરુપ તથા બંધન રહિત છે.[૪૧] જ્ઞાન તથા અજ્ઞાન જ ક્રમશઃ મોક્ષ તથા બંધનના નિર્ણાયક હોય છે.[૪૨] પુરુષ હમેંશા સ્વતંત્ર તે ન તો ઇચ્છા કરે છ, ન તો દ્વેષ કરે છ, નતો શાસન કરે છે, ન તો આજ્ઞાપાલન કરે છે. કોઇને પ્રવૃત કરતો નથી અને રોકતો નથી. નૈતિક જીવન સૂક્ષ્મ શરીરમાં બતાવેલ છે. જે પ્રત્યેક જન્મમાં પુરુષની સાથે રહે છે, દુઃખ શારીરિક જીવનનો સાર છે.[૪૩] આપણી સમસ્ત નૈતિક ક્રિયાઓ આપણા અંતસ્થ પુરુષની પૂર્ણતર અવસ્થા ગ્રહણ કરવા માટે છે, નૈતિક પ્રક્રિયા કોઇ નવી વસ્તુનો વિકાસ કરતી નથી પરંતુ એમને શોધી કાઢવાની છે જેને આપણે ભૂલી ગયા છીએ. પોતાના યથાર્થ સ્વરૂપમાં પણ આવવાનું નામ જ મોક્ષ છે અને એ પોતાના જીવનને આધિન કરી રાખ્યુ છે. આ જે ભ્રાંતિને દૂર કરવાની છે જે અમારા યથાર્થ સ્વરુપને અમારી દૃષ્ટિથી છુપાયેલ છે. આ પ્રકારનું જ્ઞાન[૪૪] ની ‘હું નથી’ (नास्मि) મારું કંઇ નથી (न मे) અને અહંભાવ નથી (नाहम्) મોક્ષને પ્રાપ્ત કરે છે.[૪૫] મોક્ષપ્રાપ્તિ કરવાવાળા જ્ઞાન ધર્માચરણ તેમજ યોગાદિથી નિષ્પન્ન થાય છે.[૪૬] નિસ્વાર્થ કર્મ અપ્રત્યક્ષ રૂપથી મોક્ષ આદિનું સાધન છે.[૪૭] સત્-અસત્ વિવેક બાદ વૈરાગ્ય ઉત્પન્ન થાય છે.[૪૮]

નૈતિક પુણ્યકર્મ ચૈતન્યની ઊંડાઇ સુધી પહોંચવામાં આપણને મદદરૂપ બને છે. પરંતુ દુષ્કર્મ ચૈતન્યને અંધકારમય બનાવે છે. દુરાચરણમાં પ્રવૃત રહેવાથી આત્મા પોતાને ભૌતિક શરીરમાં વધુને વધુ ફસાવી લે છે. સાંખ્યસૂત્રમાં કહેવાયું છે કે આપણે એ દિશામાં વિવેકમય જ્ઞાન પ્રાપ્ત કરી શકીએ પરંતુ આપણી ભાવનાપ્રધાન ઉતેજનાઓ વશમાં રહે તથા આપણી પોતાની બૌદ્ધિક ક્રિયાઓ પર નિયંત્રણ હોય. જયારે ઇન્દ્રિયો નિયમપૂર્વક કામ કરતી હોય અને

---

૪૦. सांख्य प्रवचन सूत्र - ૧૨.૧૬.
૪૧. सांख्य प्रवचन सूत्र - ૧.૧૯.
૪૨. सांख्य प्रवचन सूत्र - ૨.૭.
૪૩. सांख्यकारिका - ૫૫.
૪૪. सांख्यकारिका - ૬૪.
૪૫. सांख्य प्रवचन भाष्य - ૩.૭૭-૭૮.
૪૬. सांख्य प्रवचन भाष्य - ૫.૧.૮૨-૮૫.
૪૭. सांख्य प्रवचन भाष्य - ૫.૧.૮૨-૮૫.
૪૮. तत्त्वकौमुदी - ૨૩.

મન શાંતિ પ્રાપ્ત કરી લે તો બુદ્ધિ પારદર્શી થઇ જાય છે અને એમાં પુરુષના વિશુદ્ધ પ્રકાશ પ્રતિબિંબિત હોય છે. બુદ્ધિનું આંતરિક સ્વરૂપ સાત્વિક છે. અને પોતે પ્રાપ્ત કરેલ સંવેગો અને પ્રવૃતિઓ (વાસનાઓ) ને કારણ એમનો પોતાની અન્તઃસ્થ વિશુદ્ધથી નાશ થઇ જાય છે.[૪૯]

સાંખ્યદર્શનમાં રહેલા ગુણોનો સિદ્ધાંત[૫૦] સદાચારની દષ્ટિથી મહત્ત્વપૂર્ણ છે, સંસારના પ્રાણીઓનું વર્ગીકરણ એની અંદર જુદા-જુદા ગુણોને અનુસરીને કરવામાં આવ્યું છે. દેવોમાં સત્ત્વગુણ, મનુષ્યોમાં તમોગુણની પ્રધાનતા અને પશુજગતમાં સત્ત્વગુણોનું ઓછુ તત્ત્વ જોવા મળે છે. વનસ્પતિઓમાં તમોગુણની પ્રધાનતા રહેલી છે. ખરેખર ગુણ આપણા માનસિક સ્વરૂપમાં નિર્ણાયક હોય છે. જો તમોગુણ પ્રધાન હોય તો તે નિષ્ક્રીયતા ઉત્પન્ન કરે છે. જે મનુષ્યોમાં રજોગુણ પ્રધાન હોય છે તે સાહસિક, બેચેન અને કર્મશીલ હોય છે. સત્ત્વગુણના કારણે વિવેચનાત્મક, સમાનતા અને વિચારશીલ સ્વભાવનો વિકાસ થાય છે. ત્રણેય ગુણ અલગ-અલગ રીતે બધા મનુષ્યોમાં જોવા મળે છે. છતાં પણ આ ગુણ આપણા જીવનમાં દરેક ભાવમાં અસર કરે છે.

સાંખ્યકારિકાની ૪૪ મી કારિકા સ્પષ્ટ રૂપથી આચાર-નીતિ દર્શનના નિયમોનું વિધાન પોતાની રીતે કરે છે - જેમકે -

''धर्मेण गमनमूर्ध्य गमनमधस्ताद्भवत्यधर्मेण ।
ज्ञानेन चापवर्गो विपर्ययादिष्यते बन्धः ॥''

એમાં આપેલ ''धर्म'' શબ્દથી જયમંગલાકારે યમ-નિયમોનું સ્પષ્ટ ગ્રહણ કર્યું છે અને વાચસ્પતિ મિશ્રે અભ્યુદય અને નિઃશ્રેયસ્‌ના સાધક યજ્ઞ તથા દાનાદિના અનુષ્ઠાન તેમજ અષ્ટાંગયોગને નિરૂપિત કર્યા છે. ત્યારપછીની ૪૫ મી કારિકામાં પણ વૈરાગ્ય આદિ તત્ત્વોનું મહત્ત્વ દર્શાવાયેલ છે. ''वैराग्यात् प्रकृतिलयः'' આમાં જ આગળ ''राजसाद् रागात्'' માં 'राग्' નો અર્થ કામ ક્રોધાદિ કરવામાં આવ્યો છે.

---

૪૯. सांख्य प्रवचन सूत्र - ૩.૩૦., सांख्य प्रवचन भाष्य - ૩.૩૦.

૫૦. જયાં સાંખ્યમાં ગુણોને જ્ઞાનરહિત માનવમાં આવ્યા છે. ત્યાં વેદાંત અનુસાર એ બુદ્ધિના સ્વરુપને પ્રતિપાદિત કરે છે.

## (૫) યોગદર્શનમાં નીતિ :-

મહર્ષિ પંતજલિના યોગદર્શનસાંખ્યમાં તત્ત્વજ્ઞાન સંબંધી સૈદ્ધાંતિક પૃષ્ઠભૂમિ પર માનવામા આવે છે. જેમાં યમ અને નિયમો દ્વારા નૈતિક સાધના ઉપર પ્રકાશ પાડવામાં આવ્યો છે. જેના વિના યોગાભ્યાસ કરવાની કોઇ સંભાવના જ નથી. આપણે અહિંસા, સત્ય, અસ્તેય, જીતેન્દ્રિયતા અને અપરિગ્રહનું પાલન કરવું જોઇએ.[૫૧] તેમાં સૌથી મહત્વનું ''અહિંસા'' છે. બાકી બધા સદ્ગુણો અહિંસામાંજ સમાયેલા છે. અહિંયા દરેક પ્રકારથી અને પ્રત્યેક સમયે બધા જીવિત પ્રાણીઓ તરફ રાગભાવથી અલગ કરે.[૫૨] આ માત્ર નુકશાન પહોચાડવા માટેનો જ અભાવ નથી, પરંતુ વેરનો ત્યાગ કરવાનો પણ છે.[૫૩] મિત્રતાનો ભાવ સહાનુભૂતિ, પ્રસન્નતા અને સુખ તથા દુઃખદાયક સારી અને ખરાબ વસ્તુઓ પ્રત્યે માનસિક વિકાર શૂન્યતા આ બધા ગુણોને વધારવાથી મનને પ્રસન્નતાની પ્રાપ્તિ થાય છે. આપણા માટે ઇર્ષાભાવથી જુદુ હોવું પણ જરૂરી છે અને આપણે બીજાના દુઃખોની ઉપેક્ષા ન કરવી જોઇએ. પાપ તરફ નફરત કરવાની સાથે આપણે પાપી તરફ સારો વ્યવહાર જ કરવો જોઇએ ''કોઇને મારશો નહિં'', આ એક સ્પષ્ટ અને નિરપેક્ષ આદેશ છે. સેનાથી ભાગેલો, ધર્મપરિવર્તન કરવાવાળો અને બ્રાહ્મણની નિંદા કરવાવાળાને મારી શકે છે. આત્મરક્ષા માટે હત્યા કરવાથી એ ધર્મ સંમત કરી શકાય નહીં. નિયમોનું પાલન સાર્વભૌમ એ ધર્મ છે. આમાં જાતિભેદ, દેશભેદ, આયુભેદ અને સ્થિતિભેદના કારણે કોઇ અપવાદ નથી.[૫૪] આને પ્રાપ્ત કરવાના વિધાન મનુષ્યમાત્ર માટે કરેલ છે. નિયમોની અંદર આંતરિક અને બાહ્ય પવિત્રતા, સંતોષ, તપસ્યા અને ઇશ્વરભક્તિ આ સર્વે આવે છે.[૫૫] યમ અને નિયમના અભ્યાસથી વૈરાગ્ય અર્થાત્ વાસનાનો અભાવ સુલભ થઇ જાય છે. અર્થાત્ ઇચ્છાથી તે સાંસારિક પદાર્થો માટે હોય છે કે સ્વર્ગના સુખો માટે મુક્તિ મળી જ જાય છે.[૫૬]

જયારે કયારેય આપણને નૈતિક આદર્શોને તોડવાના પ્રલોભનો થાય તો તે

૫૧. योगभाष्य - २/३०.
૫૨. सर्वथा सर्वदा सर्वभूतानामनाभिद्रोहः - योगभाष्य - २/३०.
૫૩. योगभाष्य - २/३५.
૫૪. योगभाष्य - २/३१.
૫૫. योगभाष्य - २/३२.
૫૬. योगभाष्य - १/१५.

સમય, યોગદર્શનના આદેશાનુસાર આપણે અનેક પ્રતિપક્ષની ભાવના પોતાની અંદર ઉત્પન્ન કરવી જોઇએ.[૫૭] મનની ધારાનો પ્રભાવ બન્ને પક્ષોએ વહે છે. જયારે એમની ગતિ મોક્ષ તથા જ્ઞાનની દિશામાં હોય તો કહેવાય છે કે એમનો પ્રવાહ સત્‌કર્મ તરફ હોય છે અને જયારે એ જીવનના કુંડાળામાં ફસાઇ નીચે ભેદજ્ઞાનના અભાવ તરફ હોય છે ત્યારે આપણે કહીએ છીએ કે એમનો પ્રવાહ બુરાઇની તરફ છે.[૫૮]

કર્મની ક્રિયાઓ બે પ્રકારની હોય છે - બાહ્ય અને આંતરિક ક્રિયાઓ. એમનું ચાર વર્ગોમાં વિભાજન થયેલુ છે, કૃષ્ણ કર્મ દુષ્ટ કર્મ છે. જે બાહ્ય અને આંતરિક બે પ્રકારના છે. બાહ્ય કર્મ જેમકે બીજાની નિંદા કરવી તથા આંતરિક કર્મ જેમકે વિશ્વાસનો અભાવ છે. શુકલ ધાર્મિક ક્રિયાઓ છે અને તે આંતરિક છે. જેમ કે શ્રદ્ધા, જ્ઞાનાદિ....... શુકલ-કૃષ્ણ એ બાહ્ય કર્મ છે, જે ગમે તેટલા સારા હોય તો પણ તેમાં બુરાઇના અંશો હોવાના જ વૈદિક કર્મોમાં પણ અન્ય પ્રાણીઓને કોઇને કોઇ ક્ષતિ પહોચાડવામાં સામેલ છે. અશુકલ અકૃષ્ણ કર્મ જેમના છે એમણે સર્વે છોડી દીધુ છે.[૫૯] ઉચ્ચત્તમ શ્રેણીની ક્રિયાશીલતાનો સંબંધ અંતિમ પ્રકારના કર્મો સાથે છે.

### (૬) પૂર્વમીમાંસામાં નીતિ :-

ટીકાકારોનું કહેવું છે કે જેનો આદેશ કરવામાં આવે છે, એમની અંદર દુઃખની અપેક્ષા સુખ ઉત્પન્ન કરવાની ક્ષમતા વધારે રહે છે. એ પ્રકારે નીતિઆચારની પદ્ધતિઓ જેમનું વિધાન કરવામાં આવે છે તે અભિલક્ષ્ય ઉદેશ્યોની તરફ આપણને લઇ જાય છે. પરલૌકિક સુખ માટે આપણે લોકમાં આત્મત્યાનનો અભ્યાસ કરવો જોઇએ. જે કાર્યોનું પરિણામ નુકશાન અથવા દુઃખ હોય તે ધર્મ નથી, ધર્મ એ છે કે જે આપણને સુખ તરફ લઇ જાય છે.

પૂર્વમીમાંસા દ્વારા પ્રતિપાદિત આચારપરક તથ્ય ઇશ્વરીય જ્ઞાનના અનુકૂળ છે. મીમાંસકોના મતાનુસાર સત્કર્મ એ છે જે વેદમૂલક છે જો સ્મૃતિઓ શ્રુતિની વિરોધી છે તો તે સ્મૃતિઓને અમાન્ય ગણવી જોઇએ.[૬૦] આપણે જાણીએ છીએ

૫૭. योगभाष्य - २/३३.
૫૮. योगभाष्य - १/१२.
૫૯. योगभाष्य - ४/७.
૬૦. પૂર્વમીમાંસા - ૧/૩૩.

કે સ્મૃતિઓનું નિર્માણ સ્વાર્થની પ્રેરણાથી થાય છે તો એવી સ્મૃતિઓનો અવશ્ય ત્યાગ કરી દેવો જોઇએ.[૬૧] સ્મૃતિઓથી આગળ સજ્જન પુરુષોના આચરણ આપણા માર્ગદર્શક છે.[૬૨] એક હિન્દુનું જીવન વૈદિક નિયમોથી શાસિત છે અને એ એટલા માટે હિન્દુ-વિધાનની વ્યાખ્યા માટે મીમાંસાના નિયમ ઘણા મહત્ત્વપૂર્ણ છે.

મીમાંસકોની દૃષ્ટિએ જો આપણે સ્વાભાવિક પ્રેરણાઓની વશ થઇ કોઇ કાર્ય કરીએ છીએ તો આપણે ધર્માત્મા નથી.[૬૩] મોક્ષની પ્રાપ્તિને માટે આપણે સંધ્યા વગેરે નિત્ય કર્મોનું પાલન કરવું જોઇએ અને યોગ્ય સમયે નૈમિતિક કર્મનું પાલન કરવું જોઇએ. જો આપણે એ પૂર્ણ ન કરીએ તો પાપ લાગે છે. નિષિદ્ધ કર્મોનો ત્યાગ કરીને જ આપણે નરકથી બચી શકીએ. જો આપણે કામ્યકર્મોથી દૂર રહીએ તો આપણે પોતાને સ્વાર્થપરક ઉદ્દેશ્યોથી સ્વતંત્ર રાખી શકીએ અને જો આપણે પોતાને પ્રતિબંધ વગર કર્તવ્ય-કર્મોનું પાલન કરતા રહીએ તો આપણને મોક્ષ લાભ થશે. જૈમિનિના મતાનુસાર યજ્ઞ કરવાનો અધિકાર માત્ર ઉપરના ત્રણ વર્ણો અર્થાત્-બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્યનો જ છે કારણ કે શુદ્ધ વેદોનું અધ્યયન કરી શકતો નથી. એટલા માટે આ યજ્ઞ કરવાના અધિકારથી વંચિત છે.[૬૪]

પ્રભાકરના અનુયાયી - 'संकल्प शक्ति' નું વિસ્તૃત વિશ્લેષણ કરે છે. 'સિદ્ધાંતમુકતાવલી' અનુસાર ઐચ્છિક કર્મ વિવેચન આ ક્રમમાં છે. કાર્યતાજ્ઞાન > ચિકીર્ષા > ચેષ્ટા > ક્રિયા.

### (૭) વેદાન્ત-દર્શનમાં નીતિ :-

શંકરાચાર્યથી પૂર્વે વેદાન્તની પ્રસ્થાનત્રયીના પ્રત્યેક ભાગમાં નીતિ-આચાર દર્શનનું વિસ્તારથી નિરુપણ જોવા મળે છે. ઉપનિષદમાં પ્રાપ્ત નૈતિકદર્શન પોતાના મૂળ રૂપમાં સંપૂર્ણ વિશ્વના માનવ સમાજનો માર્ગદર્શક છે. જેમ કે, 'આપણે આપણા ધનનો ત્યાગમય ઉપભોગ કરીએ 'तेन त्यक्तेन भुज्जीथाः' તથા 'આપણે કર્મ કરતાં સો વર્ષના થઇએ' कुर्वन्नेवेह कर्माणि जिवीविषेच्छतं समाः ॥ અને 'મનુષ્યની

૬૧. પૂર્વમીમાંસા - ૧/૩૪.
૬૨. પૂર્વમીમાંસા - ૧/૩/૮/૯.
૬૩. પૂર્વમીમાંસા - ૪/૧/૩.
૬૪. પૂર્વમીમાંસા - ૬/૧/૨૫/૨૮

સંતુષ્ટિપૂર્ણ તૃપ્તિ માત્ર ધનથી નથી 'न वित्तेन तर्पणीयो मनुष्यः ।' વગેરે નૈતિક નિર્ધારક તત્ત્વ માનવ માત્રને માટે ઉપાદેય છે. સત્ય, તપ, શ્રદ્ધા અને બ્રહ્મચર્ય વગેરે નૈતિક મૂલ્યોનું વિશદ્ નિરુપણ એમાં થયેલું છે. મૈત્રાયણી ઉપનિષદમાં સ્પષ્ટ કહેવાયું છે.[૬૫] એનો અભિપ્રાય એ છે કે આત્મકલ્યાણના ઇચ્છુકને સમજવું જોઇએ કે પવિત્ર સ્થાન પર, શુદ્ધ તથા સાત્વિકભાવથી સંપન્ન થઇ, સદ્ગ્રંથોનું અધ્યયન કરતાં-કરતાં સત્યયજ્ઞનું અનુષ્ઠાન કરે.

વેદાંતના બીજા પ્રસ્થાન ગ્રંથ શ્રીમદ્ભગવત્ ગીતના શ્લોકે-શ્લોકે નીતિ નિરુપણ થયેલું છે. નિષ્કામ અને અનાસક્ત કર્મોનું અનુષ્ઠાન, ગીતા અનુસાર ત્યારે થઇ શકે - જયારે મનુષ્ય સદાચારની તરફ ઉન્મુખ થાય. નિયમિત આહાર વિહારવાળા, નૈતિક આચરણ કરવાવાળા અને કર્મોમાં યુક્ત ચેષ્ટાઓ તથા સમયે જાગવાવાળા અને સૂવાવાળા વ્યક્તિની યોગસાધના દુઃખોનું નિવારણ કરી શકો છે.[૬૬]

૬૫. शुचो देशेः सत्त्वस्थः सदाचारी सद्ध्यायी सद्यायी स्यात् ।
- મૈત્રાયણી ઉપનિષદ - ષષ્ઠ પ્રપાઠક - ૩૦.

૬૬. युक्ताहारविहारस्य युक्तचेष्टस्यकर्मसु ।
युक्तस्वप्नावबोधस्य योगो भवति दुखहा ॥ - ગીતા - ૬/૧૭.

# ❈ પ્રકરણ - ૪ ❈

## ❈ 'નીતિશાસ્ત્રના પ્રવર્તક આચાર્યો' :-

ઉપપ્રકરણ : (૪ - ૧) ભારદ્વાજ

(૪ - ૨) ઉશનસ્

(૪ - ૩) બૃહસ્પતિ

(૪ - ૪) વિશાલાક્ષ

(૪ - ૫) પ્રાચેતસ્

(૪ - ૬) પરાશર

(૪ - ૭) નીતિશાસ્ત્રના અન્ય વિચારકો

(૪ - ૮) નીતિશાસ્ત્રના પરવર્તી નીતિકારો.

## ❖ નીતિશાસ્ત્રનાં પ્રવર્તક આચાર્યો :-

પ્રાચીન ભારતમાં જે નીતિશાસ્ત્રોની જ્ઞાનગંગા વહી છે. એની ગંગોત્રી નિશ્ચિત કરવાનું સરળ નથી. કયા ભગીરથે જ્ઞાનસાધના કરી તેને આ ધરતી પર વહાવી તે કહેવું પણ દુષ્કર છે. રાજનીતિ વિદ્યાના સર્વપ્રથમ પ્રવકતા કે પુરસ્કર્તાનું નિર્ધારણ ઐતિહાસિક આધારના અભાવમાં અશકય છે. પરંતુ અનુમાન થઇ શકે કે અતિ વ્યાપક ક્ષેત્ર ધરાવતું નીતિશાસ્ત્ર સામાન્ય માનવીનું પ્રદાન હોય તેમ સ્વીકારવાની અનિચ્છાએ અન્ય પરિબળોની સાથે મળી આ શાસ્ત્રના પ્રથમ પ્રવર્તક તરીકે કોઇ દેવને પ્રસ્થાપિત કર્યાં. દૈવી ઉદ્ગમની માન્યતાના વર્તુળમાંથી બહાર નીકળી ગયેલાઓ એટલું તો દર્શાવી ગયા કે ઋષિઓએ તેની રચના કરી અને ભગવાન નારાયણને રાજી કર્યા. વાસ્તવમાં જેને આદિ પ્રવર્તક તરીકે પ્રસ્તુત કરવામાં આવેલ છે તે કોઇ દેવ નહીં હોય, કોઇ માનવ નહીં હોય પરંતુ દીર્ઘ સમયની ચિંતન પરંપરામાં, વિચાર મંથનમાં પ્રાપ્ત થયેલ નવનીત રૂપે સમાજને રાજનીતિશાસ્ત્રની ભેટ આપનાર વિદ્વાનોની પરંપરા હશે. આ શાસ્ત્ર એક નિશ્ચિત સમયમાં રચાયું એમ પણ કહી શકાય તેમ નથી.

પ્રાચીન ભારતીય રાજનીતિ પ્રવર્તકોમાં નામી કરતાં અનામીની સંખ્યા વિશેષ હશે. સમયના પ્રહાર ખમતાં-ખમતાં જેમણે નામરુપે પણ ટકી રહેવાનું સદ્ભાગ્ય સાંપડયું તેમને જ આપણે જાણીએ છીએ. બાકી તો અનેકની કૃતિઓ જ નહીં નામ પણ પોતાનું નિશાન છોડી જવા સદ્ભાગી ન બન્યા. કેટલાક વિચારો સમજફેરના કારણે અનાદરનો ભોગ બન્યા અને પરિણામે સુરક્ષિત રહી શકયા નહીં. કૌટિલ્ય જેવા મહામેઘાવીની પ્રતિભાથી આવૃત કેટલાયે સદા માટે અદશ્ય બની ગયા કે પછી કૌટિલ્યની પ્રસિદ્ધિની આડશને પોતાનું આગવું ગજુ કાઢી સૈકાઓ સુધી ચાલી રહે તેવી ખ્યાતિ મેળવી શકયા નહીં. એવા અસંખ્ય અનામીઓને શત-શત વંદન કરી જેમના નામ નિર્દિષ્ટ થાય છે. તેઓશ્રીના નામને કૃતજ્ઞતાપૂર્વક સ્મરણ કરવાનું ગમશે.

મહાભારત અને કૌટિલ્ય અર્થશાસ્ત્ર એ પ્રાચીનતમ ગ્રંથોમાં રાજનીતિ પ્રણેતાઓ અને આચાર્યોનો ઉલ્લેખ જોવા મળે છે. કાળદષ્ટિએ આ બન્નેના પૌર્વાપર્યનો વિચાર અહીં અસ્થાને છે. એક મત છે કે 'મહાભારત શાંતિપર્વની

અંતર્ગત રાજધર્માનુંશાસન પર્વની ઘણી બધી સામગ્રી નિશ્ચિત રૂપે કૌટિલ્ય પહેલાની છે.[૧] આગળ દર્શાવ્યાનુસાર 'બ્રહ્મદેવના નીતિશાસ્ત્ર ગ્રંથને સંક્ષિપ્ત સ્વરૂપ પ્રદાન કરવાની પરંપરામાં ઘણાનો ફાળો રહ્યો. વિશાલાક્ષ (શિવ) બાહ્દન્તિપુત્ર (ઇન્દ્ર), બ્રહસ્પતિ અને ઉશનાનો આ પરંપરામાં ઉલ્લેખ થાય છે.[૨]

મહાભારતમાં અન્યત્ર રાજનીતિપ્રણેતાની એક સૂચિ છે. ભીષ્મ યુધિષ્ઠિરને કહે છે કે મેં તમને રાજધર્મનો તાત્વિક સાર કહ્યો. ભગવાન બૃહસ્પતિ પણ મેં કહ્યો છે તેવો ન્યાયયુક્ત ધર્મની પ્રશંસા કરે છે. એ સિવાય ભગવાન વિશાલાક્ષ મહાતપસ્વી શુક્રાચાર્ય, સહસ્ત્રનેત્ર, ઇન્દ્ર પ્રચેતાપુત્ર મનુ, ભરદ્વાજ અને મુનિ ગૌરશિરા વગેરે રાજનીતિ રચનાઓએ પ્રજારક્ષણને જ રાજાઓનો મુખ્ય ધર્મ કહ્યો છે.[૩] વળી મહાભારતમાં અન્યત્ર ઉપરિચર રાજા જેમના શાસ્ત્ર ને અનુસરતો હતો તે ચિત્રશિખંડી નામના સપ્તર્ષિઓનો નિર્દેશ કર્યો છે. આથી મરીચિ, અત્રિ, અંગિરા, પુલસ્ત્ય પુલહ, કતુ અને વશિષ્ઠનું આ ક્ષેત્રે પ્રદાન રહ્યું હશે.[૪]

ઉપર્યુકત દર્શાવ્યા ઉપરાંત મહાભારતમાં યત્ર, તત્ર, સર્વત્ર, રાજનીતિવિચારકોના નામ પ્રાપ્ત થાય છે. જેમ કે – 'આંગરિષ્ઠ રાજાના પ્રશ્નનું સમાધાન કામન્દે–કામન્દકે કર્યું.'[૫] ''શંખ અને લિખિત ઇન્દ્રની સભાના સભ્યો હતા. તેમની કથા અપરાધીને દંડ દેવાનો ધર્મ રાજાનો જ છે તે પ્રતિપાદિત કરે છે.''[૬] નારદે આપેલ ઉપદેશમાં રાજધર્મનું સુંદર નિરૂપણ છે.[૭] શંબર, મહામાચ, દેવલ, કાલકવૃક્ષીય, કણિક, વામદેવ, ભારદ્વાજ, અંગિરા, ઉતથ્ય, માતંગ વગેરેના મતો પ્રાપ્ત થાય છે.[૮]

રાજનીતિવિષયક વિવિધ શાસ્ત્રોમાં કૌટિલ્યનું અર્થશાસ્ત્ર અત્યંત મહત્ત્વનું

૧. Dikshitar V. R. R, 'Mauryan Polity' - P. 14.
૨. મહાભારતમ્ – શાંતિપર્વ – ૫૯–૨૯, ૮૧ થી ૮૫.
૩. મહાભારતમ્ – ૫૮–૧ થી ૩.
૪. મહાભારતમ્ – ૩૩૫ – ૨૭ થી ૨૯, ૪૪ થી ૪૯.
૫. મહાભારતમ્ – ૧૨૩–૧૦ થી ૨૫.
૬. મ.ભા. સભા. – ૭–૯ અને શાંતિ. – અધ્યા.૨૩.
૭. મ.ભા. સભા. – અધ્યા.૫.
૮. મહાભારતમ્ શાંતિ. – ૧૦૨–૩૧–૩૨, સભા. ૫૩–૬,૭ : ૬૪–૫
શાંતિ. અ – ૧૦૩, આદિ. – ૧૪૦–૧૨,૧૫,૧૯,૨૧, ઉદ્યાગ – ૧૫૦–૯
શાંતિ. અ. – ૯૨,૯૩,૯૪, મહાભારત અધ્યા. – ૧૪૦, અ–૯૦, ઉદ્યોગ – ૧૨૫– ૧૦ થી ૨૦.

સ્થાન ધરાવે છે. તે કૌટિલ્ય અર્થશાસ્ત્રમાં અનેક પૂર્વાચાર્યોનો નિર્દેશ છે. પાંચ સંપ્રદાયનો પણ ઉલ્લેખ છે. માનવજાત (પાંચ વાર), બાર્હસ્પત્યમત (છ વાર), ઔશનમત (સાત વાર), પરાશરમત (ચાર વાર) અને આંભીયમત (એક વાર) આ ઉપરાંત કાત્યાયન, કિંજલ્ક, કૌણપદન્ત, ઘોટકમુખ, દીર્ઘચારાયણ, પરાશર પિશુન, પિશુનપુત્ર, બાહુદન્તિપુત્ર, ભારદ્વાજ, કણિક ભારદ્વાજ, વાતવ્યાધિ, વિશાલાક્ષના મતો પણ રજૂ થાય છે. એમ આચાર્યો માને છે. એમ નિર્દેષ્ટ કરી ૫૩ વાર મતનિર્દેશ કર્યો છે.[૯]

વાત્સ્યાયન કહે છે કે ત્રિવર્ગ નિરૂપતા એક લાખ અધ્યાયવાળા ગ્રંથની બ્રહ્માએ રચના કરી અને તેમાંના ધર્મ, અર્થને અનુક્રમે મનુ અને બૃહસ્પતિએ અલગ તારવ્યા.[૧૦]

રાજનૈતિક વિચારધારામાં કામન્દક નીતિસાર પણ મહત્ત્વનું સ્થાન ધરાવે છે. કા.ની. માં પણ જુદે-જુદે સ્થળે પ્રાચીન વિચારકોના મત રજૂ કર્યા છે, આ પૈકી કેટલાક કૌ.અ. માં પણ પ્રાપ્ત થતાં નથી. કામન્દક[૧૧] બૃહસ્પતિ, મય, પુલોમ, ઉશનસ, મનુ, માનવ, ઔશનસા, સુપુરોધા, ગુરૂ, શુક્ર, વિશાલાક્ષ, પારાશર, ભરદ્વાજ અને બાહુદન્તિસુતનો ઉલ્લેખ કરે છે.

નોંધનીય એ છે કે નીતિશાસ્ત્ર મહોદધિના સમુધ્ધર્તા તરીકે કૌટિલ્યનો સૌપ્રથમ ઉલ્લેખ આપણે કામદકતપ નીતિસારમાંથી પ્રાપ્ત કરીએ છીએ.[૧૨] શુક્રનીતિમાં પણ પ્રાચીન રાજનીતિવિચારકોનો ઉલ્લેખ છે.[૧૩] શુક્ર રચિત એક કરોડ શ્લોકોવાળા નીતિશાસ્ત્રને વશિષ્ઠ વગેરેએ સંક્ષિપ્તરૂપ આપ્યું.

વૈશમ્પાયન[૧૪] બ્રહ્મ, મહેશ્વર, ઇન્દ્ર, પ્રાચેતમ, મનુ, બૃહસ્પતિ, શુક્ર, ભારદ્વાજ, ગૌરશિર અને વેદવ્યાસનો નિર્દેશ કરે છે.

---

૯. Kane P. V. 'History of Dharmasastra' Vol. I, Part-I - P. 210.

૧૦. કામસૂત્ર : અધ્યા. - ૧.

૧૧. કામન્દક નીતિસારઃ ૫-૮૮, ૮-૫, ૯-૬૦, ૧૧,૪૦, ૧૨-૪૮ ૮-૨૦ : ૮-૨૩ / ૮-૨૧/ ૮-૨૨ : ૧૨-૪૮ / ૧૨-૪૮.

૧૨. કા.ની. - ૧-૬.

૧૩. શુ.ની. - ૧-૪.

૧૪. નીપ્ર. - ૧-૨૨ થી ૨૭.

સોમદેવ[૧૫] ગુરુ, શુક્ર, વિશાલાક્ષ, પરીક્ષિત, પારાશર, ભીમ, ભીષ્મ, ભારદ્વાજ વગેરેના ઉલ્લેખ કરે છે.

નીતિવાકયામૃતના અજ્ઞાત ટીકાકાર નારદ, અત્રિ, અંગિરા, ઋષિપુત્ર, કાર્ણિક, રાજપુત્ર, કૌશિક, ગર્ગ, ગૌતમ, જૈમિની, દેવલ, યાજ્ઞવલ્કય, ભાગુરિ, વશિષ્ઠ, હારિત, બાદરાયણ, વિદૂર, ચાણકય, રેભ્ય, વલ્લભદેવ, શૌનક, કામન્દક, રાજગુરુ ગર્ગ વગેરેથી શ્લોકો ઉદધૃત કરે છે.[૧૬]

કામનકીયનીતિસારની ટીકા ઉ.નિ. પ્રમાણે બ્રહ્મના ગ્રંથને ક્રમશઃ નારદ, ઇન્દ્ર, ગુરુ, ભાર્ગવ, ભારદ્વાજ, વિશાલાક્ષ, પારાશર, મનુ દ્વારા ઉતરોતર સંક્ષિપ્ત રૂપ અપાયું અને છેલ્લે મહાત્મા વિષ્ણુગુપ્તે તેને વળી ટૂંકાવ્યો.[૧૭]

દશકુમાર ચરિતમાં દંડીએ શુક્ર, આંગિરસ, વિશાલાક્ષી બાહુદન્તિપુત્ર, પરાશરનો નિર્દેશ કર્યો છે.[૧૮] અશ્વઘોષ ભૃગુ, અંગિરા, શુક્ર અને બૃહસ્પતિના શાસ્ત્રનો ઉલ્લેખ કરે છે.[૧૯]

આ રીતે જુદા-જુદા ગ્રંથોમાં નિર્દિષ્ટ આ વિચારકોમાંથી મોટાભાગના વિદ્વાનોની સ્વતંત્ર કૃતિ પ્રાપ્ત થતી નથી. કેટલાકના નામ અમુક કૃતિઓ સાથે સંકળાયેલ છે. પરંતુ પ્રાપ્ત વર્તમાન કૃતિ મૂળ કૃતિ જ છે એવા નિશ્ચિત વિધાન માટે પૂરતા પુરાવાઓ મળતા નથી. કેટલાક વિચારકો તો નામ માત્રથી જાણીતા છે. આ પૈકી કેટલાક વિશે માહિતી પ્રાપ્ત છે. તેનો પરિચય અત્રે ઉલ્લેખનીય છે.

### ભારદ્વાજ :-

ભારદ્વાજ નામ અતિ પ્રાચીન છે. ઋગ્વેદના છઠ્ઠા મંડળના ઋષિ ભારદ્વાજ છે. મહાભારત પ્રમાણે તેઓ બૃહસ્પતિના જયેષ્ઠ પુત્ર છે. તેઓએ દંડમાહાત્મ્ય સમજાવેલ છે.[૨૦] કૌટિલ્ય અર્થશાસ્ત્રમાં અમાત્યનિયુક્તિ, મંત્રરક્ષા રાજપુત્ર પ્રત્યે ઉપાંશુદંડ વ્યવહાર, રાજા અને અમાત્યના વ્યસનમાં અમાત્ય વ્યસનની ગંભીરતા, બળવાન શત્રુ સાથે નેતરની જેમ રહેવું વગેરે તેમના મતો ઉદધૃત

૧૫. યશ. નિર્ણસાગર આવૃતિ.
૧૬. शर्मा एम. एल. 'नीतिवाक्यामृत में राजनीति' - પૃ. - ૨-૩
૧૭. આનંદાશ્ર આવૃતિ - પૃ. ૮.
૧૮. દશકુમાર ચરિતઃ ઉત્તર પીઠિકા ઉચ્છવાસ - ૮.
૧૯. બુધચરિત - ૧-૪૬.
૨૦. મહાભારતઃ અનુ. ૩૦-૨૪ : શાંતિ. અધ્યા. - ૧૪૦.

થયા છે. સોમદેવ તેમના બે શ્લોકો ટાંકે છે.[૨૧] આ બાબત દશમી સદી સુધીની તેમની કૃતિની પ્રાપ્તિને સૂચવે છે. કૌટિલ્ય અર્થ. ની નયચન્દ્રિકા ટીકા પ્રમાણે ભારદ્વાજ એટલે દ્રોણાચાર્ય.[૨૨] મહાભારતમાં એક સ્થળે દ્રોણને નયમાં બૃહસ્પતિ તુલ્ય કહ્યા છે. એ સિવાય રાજનીતિ વિચારક તરીકે રજૂ થયા નથી. સંભવ છે કે દ્રોણના જન્મ સાથે ભારદ્વાજ સંકળાયેલા હોઇ ટીકાકારે ભારદ્વાજ એટલે દ્રોણ અર્થ કર્યો છે. કૌ. અર્થ. માં રજૂ થયેલ ભારદ્વાજના મત મ.ભા. માં નિર્દિષ્ટ ભારદ્વાજ મતથી ભિન્ન છે. કણિક ભારદ્વાજ નામે પણ ઉલ્લેખ છે.[૨૩]

### ઉશનસ્ :-

અસુરગુરુ ઉશનસ્ અર્થશાસ્ત્રના રચયિતા મનાયા છે. અલબત્ત વૈદિક સંદર્ભો તેમને દેવો સાથે સંબંધ ગણાવે છે. પણિ દ્વારા ચોરાયેલી ગાયો પાછી મેળવવા તેમણે ઇન્દ્રને સહાય કરેલી. મનુ માટે તેમણે અગ્નિ સ્થાપ્યો.[૨૪] મહાભારત તમને કવિના પુત્ર અને ભૃગુના હોઇ કાવ્યભાર્ગવ તરીકે ઓળખાવે છે.[૨૫] શાંતિપર્વ તેમના શુક્ર નામને સમજાવતી કથા આપે છે.[૨૬] શ્રીકૃષ્ણ શુક્રની નીતિને અનુસરે છે. રાજાની અનિવાર્યતા તેમણે સુંદર રીતે સમજાવી છે.[૨૭] અતિ વિશ્વાસ ન કરવો. તે તેમનું પાયાનું સૂત્ર છે. મહાભારત, કૌટિલ્ય અર્થશાસ્ત્ર, કા.ની. સેના વ્યૂહ અંગેના શુક્રના મતને નોંધે છે.[૨૮] શકટ, પદ્મ અને વજ્ર વ્યૂહના જ્ઞાતા છે.[૨૯] ચરક, કાલિદાસ પણ તેમનો ઉલ્લેખ કરે છે. મહાભારતના રચનાકાળ સમયે ઉશનસ્નો રાજનીતિ પરનો કોઇ ગ્રંથ હશે. હાલમાં ઔશનસ ધર્મશાસ્ત્ર મળે છે. પણ તે પરવર્તી રચના છે. શુ.ની. મૂળ શુક્રનીતિ નથી. શુ.ની. ના સમય અંગે મતભેદ છે.[૩૦]

---

૨૧. યશ. - પૃ. ૧૦૦.
૨૨. Kane P. V. Op. Oit. - P. 110.
૨૩. Roy B. P., 'Political Ideas and Institutions in the Mahabharata' PP 77-78.
૨૪. ઋગ્વેદઃ ૮-૨૩-૧૭ : ૯-૮૭-૩.
૨૫. આદિપર્વ અધ્યા. - ૬૦.
૨૬. શાંતિ. અધ્યા. ૨૮૯ (ચિત્રશાળા પ્રેસ આવૃત્તિ)
૨૭. શાંતિ. - ૫૭-૪૦,૪૧.
૨૮. કૌટિલ્ય અર્થ. - ૧૦-૬-૧ : કા.ની. - ૨૦-૩૧.
૨૯. મહાભારત આશ્રમ - ૭.૧૫.
૩૦. Gopal Lalanji, Sukraniti - A, Nineteen Contury text."

**બૃહસ્પતિ :-**

મહાભારત અને કૌટિલ્ય અર્થશાસ્ત્રમાં એમના ઘણા મત પ્રસ્તુત થયા છે.[૩૧] જેથી કહી શકાય કે ઇ.સ. ના આરંભ પહેલાના સૈકાઓમાં તેમનું નામ ખૂબ જાણીતું હતું. દેવપુરોહિત કે દેવગુરુ, બૃહસ્પતિ અંગિરાના પુત્ર હતા. ઉપરિચર રાજાને તેમણે ચિત્રશિખંડીઓનો ગ્રંથ શીખવ્યો હતો. ભીષ્મે તેને પ્રસન્ન કરી રાજનીતિ જાણી હતી.[૩૨] યુદ્ધ નીતિ વિશેષજ્ઞ બૃહસ્પતિએ કેટલાક નવા વ્યૂહ પ્રસ્તુત કર્યા હતા.[૩૩] બૃહસ્પતિના નામે बृहत्पतिसूत्रम्, बृहत्पतित्मृति, बार्हुत्पत्य अर्थशास्त्र જેવી કૃતિઓ ચઢેલી છે. આ પ્રથમ કૃતિ વ્યવહાર અને પ્રાયશ્ચિતની ચર્ચા કરે છે. બીજી કૃતિમાં માત્ર ૮૦ શ્લોક છે. આ બધા પ્રમાણમાં પરવર્તી જણાય છે. મહાભારતના રચનાકાળ સમયે બૃહસ્પતિએ રચેલ અર્થશાસ્ત્રીય ગ્રંથ પ્રસિદ્ધ હશે એવો એક મત છે.[૩૪] બાર્હસ્પત્યાઃ ઉલ્લેખ દ્વારા તેમના મતના અનુયાયીઓ તેમના વિચારની પરંપરા સૂચિત થયેલ કલ્પી શકાય.[૩૫]

**વિશાલાક્ષ :-**

પુરુષાર્થ ચતુષ્ટયને કેન્દ્રમાં રાખી બ્રહ્મદેવ રચિત દંડનીતિના સંક્ષેપકર્તા અને રાજશાસ્ત્ર પ્રણેતા વિશાલાક્ષના વિચારો રાજનીતિશાસ્ત્રીય ગ્રંથોમાં ઉદ્ધૃત થયા છે. ગુપ્ત કાર્યોમાં સાથે રહી ચુકેલાને રાજાએ અમાત્ય બનાવવા પરંતુ સાથે ભણી ચુકેલાને અમાત્ય ન બનાવવા એ તેમનો મત છે. એકથી મંત્રસિદ્ધિ શક્ય નથી, રાજપુત્રોને ઉપાંશુદંડ ન આપવો, અમાત્ય વ્યસનની તુલનાએ જનપદ વ્યસન ગંભીર છે. એમ તેઓ માને છે.[૩૬] મ.ભા. તેમને શિવ તરીકે વર્ણવે છે.[૩૭]

**પ્રાચેતસ :-**

રાજશાસ્ત્ર પ્રણેતા પ્રાચેતસ મનુનું વિશેષણ છે. વળી સ્વાયંભુવ મનુ, મનુ

---

૩૧. Kane P. V. Op. Oit. - P. 160-162.
૩૨. મહાભારતમ્ શાંતિ. - ૩૩૫-૪૫, ૩૭-૮.
૩૩. કૌ.અ. - ૧૦-૬-૨, મ.ભા. કર્ણ. - ૨૨-૧૧.
૩૪. Kane P. V. Op. Oit. - P. 162.
૩૫. Kane P. V. Op. Oit. - P. 163.
૩૬. કૌ.અ. - ૧-૮-૬ : ૧-૧૫-૧૮ : ૧-૧૭-૮ : ૮-૧-૧૯.
૩૭. શાંતિપર્વઃ અધ્યા. - ૫૯.

નામે પણ જાણીતા છે. આ ત્રણેય અભિન્ન છે કે ભિન્ન એ નિશ્ચિત થઇ શકતું નથી. મનુ એક પ્રાચીન વિચારક છે. તેમની વિચાર પરંપરા ઘણા સમય સુધી પ્રચલિત રહી જણાય છે. ધર્મશાસ્ત્રપ્રણેતા મનુ છે. તેમ અર્થશાસ્તપ્રણેતા મનુ પણ છે.[૩૮]

**પરાશર :-**

કૌટિલ્ય પરાશરનો ઉલ્લેખ વારંવાર કરે છે. આનાથી સ્પષ્ટ થાય છે, તેમનો રાજનીતિનો કોઇ ગ્રંથ પ્રાચીન કાળમાં હોવો જોઇએ. પરાશર નામ તો વેદકાળથી પ્રસિદ્ધ છે. નિરુક્ત પરાશર શબ્દ સમજાવે છે. વ્યાસ તેમના પુત્ર હોઇ પારાશર્ય ગણાવ્યા છે. પરાશરની સ્મૃતિ પ્રાપ્ત થાય છે. પરંતુ કેવળ આચાર અને પ્રાયશ્ચિતની ચર્ચા છે. બૃહત્પરાશર પ્રાપ્ત થાય છે. પણ તે ઘણી પરવર્તી રચના છે.[૩૯]

**અન્ય નીતિશાસ્ત્રના વિચારકો :-**

ગૌરશિર વિશે વિશેષ કશું જાણવા મળતું નથી. મહાભારત અનુસાર ઇન્દ્રની સભામાં તેમનુ સ્થાન હતું.[૪૦] કૌટિલ્ય અર્થશાસ્ત્રની એક ટીકા પ્રમાણે પિશુન એ નારદ, કૌણપદની એ ભીષ્મ અને વાતવ્યાધિ એ ઉદ્ધવ છે. પરંતુ મ.ભા. માં કયાંય નારદને પિશુન કહ્યા નથી. ટી. ગણપતિ શાસ્ત્રી, કૌ. અર્થ. પરની પોતાની શ્રીમૂલ ટીકામાં કહે છે કે પ્રદ્યોતપુત્ર પાલકને રાજનીતિશાસ્ત્ર શીખવનાર અધ્યાપકનું નામ પિશુન હતુ.[૪૧]

નારદે મહાભારતમાં રાજનીતિનો સુંદર ઉપદેશ આપ્યો તે પ્રસિદ્ધ છે. રામાયણમાં નારદીય અર્થશાસ્ત્રનો નિર્દેશ છે.[૪૨] બાણ પણ તેનો ઉલ્લેખ કરે છે. એક નારદસ્મૃતિ મળે છે. પણ તે વ્યવહારની જ મુખ્યત્વે ચર્ચા કરે છે. ચંડેશ્વર નારદના શ્લોક ટાંકે છે.[૪૩] ભીષ્મે મ.ભા. માં અનેક સ્થળે રાજધર્મ વિશે છણાવટ કરી છે અને તેથી ભીષ્મનીતિ શબ્દ પ્રયોગ થઇ શકે પરંતુ કૌણપદન્ત નામ મહાભારતમાં નથી. ટી. ગણપતિ શાસ્ત્રી કહે છે કે કોઇ શાપથી શંતનુનો

૩૮. Ibid. - P. 76.
૩૯. काणे पी. वी. 'धर्मशास्त्र का इतिहास' (अनु. कश्यप) प्रथम भाग - પૃ. ૫૪.
૪૦. મહાભારત સભા. - ૭-૯.
૪૧. Unni N. P., 'Kautilya Arthsastra - A Study.' - P. 41.
૪૨. રામાયણઃ અયોધ્યાકાંડ - સર્ગઃ ૧૦૦.
૪૩. Roy B. P., Op. cit. - PP - 81-82.

દાંત વિકૃત થઇ જતાં તે કુણપદંત કહેવાયા અને તેમના પુત્ર ભીષ્મ કૌણપદન્ત.[૪૪]

ઉદ્ધવના રાજનીતિ વિષયક મત પ્રસિદ્ધ નથી. જો કે માધ તેને રાજનીતિજ્ઞ તરીકે રજૂ કરે છે.[૪૫] મહાભારતમાં[૪૬] કામન્દક-કામન્દકનો ઉલ્લેખ કરેલ છે. તેથી તેનો કોઇ ગ્રંથ પ્રસિદ્ધ હશે. પરંતુ વર્તમાન કામન્દકીય નીતિસારને તે ગ્રંથ સાથે કોઇ સંબંધ નથી. નીતિવાકયતામૃતની અજ્ઞાતકર્તૃક ટીકામાં નિર્દિષ્ટ વિચારકો પૈકી કેટલાક સ્મૃતિકારો છે. ઘણા વિચારકોની ખરી ઓળખાણ અશકય છે. વળી પરંપરા પ્રચલિત માન્યતાના આધારે આ વિચારકોના મત રજૂ કર્યા હશે.

આમ અંતમાં કહી શકાય કે પ્રાચીન ભારતીય ચિંતનમાં આ રીતે દેવ, ઋષિ અને આચાર્યોનો સહયોગ પ્રાપ્ત થયો છે. પ્રાચીન કાળથી જ આ વિચારધારાએ મનીષીઓના મનને આકર્ષેલ. આ વિદ્યાની માવજત પણ કાળજીભરી રીતે થઇ છે. બધુ સુરક્ષિત બચ્યું નથી. છતાં એ વિધાન યથાર્થ છે કે પ્રાચીન ભારતીય રાજનીતિક ચિંતન મરણોન્મુખ અવસ્થામાં ન હતુ પણ પરિવર્તમાન સમયની આવશ્યકતાને અનુરૂપ પરિવર્ધિત વિચારોથી ગતિમાન બન્યું હતું.[૪૭]

### ❖ નીતિશાસ્ત્રના પરવર્તી નીતિકારો :-

यो धर्ममर्थ कामं च यथाकालं निषेवते ।

धर्मार्थकामसयोग, सोऽमुत्रेह च विन्दति ।

જે મનુષ્ય ઉચિત સમયે ધર્મ, અર્થ અને કામનું સેવન કરે છે તે આ લોક તેમજ પરલોકમાં પણ ધર્મ, અર્થ અને કામનો સંયોગ પ્રાપ્ત કરીને સુખ ભોગવે છે. ભારતીય સંસ્કૃતિમાં ધર્મ, અર્થ અને કામને માનવ જીવનની સફળતા માટે સત્કારવામાં આવ્યા છે. ધર્મ અને કામની સિદ્ધિ અર્થ નામના પુરુષાર્થથી જ સંભવિત બને છે. 'અર્થ' ની સામાન્ય સમજૂતી છે ધન. પરંતુ અર્થશાસ્ત્રના સંદર્ભમાં રાજનીતિ અને ધનનો અર્થ સમન્વિત છે. તેથી અર્થશાસ્ત્રનો હેતુ સંપતિ સંબંધી અભ્યાસ કરવા પર્યંત જ મર્યાદિત ન રહેતાં રાજયની પ્રાપ્તિ તથા રક્ષણના ઉપાયોનું વર્ણન કરવાનો પણ હતો. પ્રાચીન કાળમાં રાજનૈતિક સિદ્ધાંતો તથા શાસન વ્યવસ્થા સંબંધી ગ્રંથો માટે અર્થશાસ્ત્ર અથવા દંડનીતિ જેવા શબ્દોનો પ્રયોગ કરવામાં

૪૪. Unni N. P., Op. cit. - P - 41.

૪૫. શિશુપાલવધઃ સર્ગ - ૨.

૪૬. મહાભારતઃ શાંતિ. - ૧૨૩-૧૧ વગેરે.

૪૭. Saletor B.A. 'Ancient Indian Political Science' - P. 50.

આવતો હતો. ઉશનસ્‌ના ગ્રંથનું 'દંડશાસ્ત્ર' અને બૃહસ્પતિના ગ્રંથનું નામ અર્થશાસ્ત્ર હતું.

ઇ.સ. પૂર્વે ૬૫૦ થી ભારતવર્ષમાં રાજનીતિ વિષયક શાસ્ત્ર સર્જનનો આરંભ થઇ ચૂકયો હતો. કલ્પસૂત્રના પ્રભાવ અર્થશાસ્ત્રની લેખન શૈલી અને શબ્દો ઉપર જોવા મળે છે. ઇ.સ. પૂર્વે ૭૦૦ માં કલ્પસૂત્રોની રચના થઇ હશે એમ માનવામાં આવ્યું છે. ત્યાર પછી બૌધાયન ધર્મસૂત્રો અને ઇ.સ. પૂર્વે ૫૦૦ પછી અર્થશાસ્ત્ર-નીતિશાસ્ત્રની રચના પ્રક્રિયાનો આરંભ માનવામાં આવ્યો છે.

રાજયશાસ્ત્ર સંબંધી વિચારણા સૌપ્રથમ વૈદિક-સાહિત્યમાં મળે છે. વેદના વિભિન્ન મંત્રોમાં વેદકાલિન રાજય વ્યવસ્થાનો નિર્દેશ થયો છે. જેમાં રાજયાભિષેક, રાજયારોહણ તથા ત્યાર પછીની વિધિઓ અને યજ્ઞોનું વર્ણન મળે છે. તે સમયે દેશ નાના-નાના રાજયોમાં વિભાજિત હતો. શાસક, રાજા, મંત્રી અને આચાર્યો પુરોહિતો. રાજયશાસ્ત્રના ભિન્ન-ભિન્ન સિદ્ધાંતોની ચર્ચા કરતા હતા. દુર્ભાગ્યે રાજયશાસ્ત્ર વિષયક કોઇ સ્વતંત્ર ગ્રંથ પ્રાપ્ત થતો નથી.

જૈનધર્મી અશોકના પુત્ર આલૌક રાજાની શાસન સુધારણા તેમજ તેની કીર્તિનું વર્ણન કરતાં રાજતરંગિણીમાં કલ્હણે નોંધ્યું છે કે - 'રાજા યુધિષ્ઠિરની માફક પોતાની શાસનવ્યવસ્થા સુદઢ બનાવવા માટે ધર્માધ્યક્ષ, ધનાધ્યક્ષ, સેનાધ્યક્ષ, પરરાષ્ટ્ર, સચિવ, પુરોહિત, જયોતિષી આદિ ૧૮ કર્મસ્થાનોની સ્થાપના કરી હતી.' આ નોંધથી સાબિત થાય છે કે પ્રાચીન ભારતમાં રાજયકાર્યના સંચાલન માટે અનેક વિભાગોની રચના કરવાની પરંપરા હતી.

ઇ.સ. પૂર્વે ૪૦૦ થી ઇ.સ. ૪૦૦ ના ગાળામાં રચાયેલ અર્થશાસ્ત્રના ગ્રંથોમાં કામન્દકનો 'નીતિસાર' મહત્ત્વનો ગ્રંથ છે. આ પદ્યમય રચના હતી અને તેને શુક્રનીતિનું સંક્ષેપ સ્વરૂપ માનવામાં આવ્યું છે. હાલમાં ઉપલબ્ધ નીતિસાર લગભગ ૧૭ મી શતાબ્દીનું પુનઃ સંસ્કરણ મનાયું છે.

ચંડેશ્વર 'નીતિરત્નાકર' અને 'નીતિપ્રકાશિકા' રાજા સોમેશ્વરનું 'માનસોલ્લાસ' લગભગ બારમી શતાબ્દીની રચનાઓ છે.

છઠ્ઠી અને સાતમી શતાબ્દીમાં રચાયેલ અગ્નિપુરાણ અને મત્સ્યપુરાણમાં અર્થશાસ્ત્ર અને આચાર્યો સંબંધી ઉલ્લેખો છે પણ તેમનું વિશેષ પ્રદાન નથી. ચાલુકય રાજા સોમેશ્વરનું માનસોલ્લાસ ઉલ્લેખનીય છે. 'બૃહસ્પતિ સૂત્ર' અને

'નીતિવાકયામૃત' નામના બે ગ્રંથો નવમી શતાબ્દીમાં પ્રકાશિત થયા. 'બૃહસ્પતિસૂત્ર' મૂળ સ્વરૂપે અતિ પ્રાચીન ગ્રંથ હતો. પરંતુ હાલમાં ઉપલબ્ધ નવમી શતાબ્દીનું સંસ્કરણ છે. 'નીતિવાકયામૃત' સોમદેવની રચના છે અને તે સૂત્રાત્મક શૈલીમાં રચાઇ છે.

૧૨ મી શતાબ્દીમાં નીતિ વિષયક રચાયેલા ગ્રંથો નીચે પ્રમાણે છે.

+ જૈનમુનિ આચાર્ય હેમચંદ્રસૂરિ - લઘ્વર્હનીતિ
+ ધારાનરેશ ભોજ - યુક્તિ કલ્પતરુ
+ ચંડેશ્વર - નીતિરત્નાકર
  - નીતિપ્રકાશિકા

૧૪ મી થી ૧૮ મી શતાબ્દીમાં પણ વિવિધ ગ્રંથોની રચના થઇ હતી. પ્રમુખ ગ્રંથો અને ગ્રંથકારોની યાદી નીચે આપવામાં આવી છે.

(૧) ચંદ્રશેખર - રાજનીતિરત્નાકર
(૨) મિત્રમિશ્ર - વીરમિત્રોદય
(૩) નીલકણ્ઠ - રાજનીતિમયૂખ
(૪) લક્ષ્મીધર - રાજનીતિકલ્પતરુ
(૫) અજ્ઞાત નામ - રાજનીતિ કામધેનુ
(૬) દેવણ ભટ્ટ - રાજનીતિ કાંડ

સંસ્કૃત, પાલી અને પ્રાકૃત ભાષાના ગ્રંથોમાં પણ અર્થશાસ્ત્રની રાજનીતિ વિષયક ચર્ચા ઉપલબ્ધ છે. જેમાં પંચતંત્રની કથાઓ, સ્મૃતિગ્રંથો, રામાયણ, મહાભારત, વિદેશયાત્રીઓના વર્ણનો દ્વારા વિચારો રજૂ થયા છે. જૈનોના આચારાંગ સૂત્ર તથા બૌદ્ધોના દિઘનિકાયમાં તત્કાલીન ગણતંત્રો પર પ્રકાશ પડે છે. મેગેસ્થનીઝના ઇન્ડીકામાં તત્કાલીન ગણતંત્રોની વ્યવસ્થાનું સુરેખ ચિત્ર પ્રગટ થયું છે. હુએનસાંગ અને ફાહિયાનનાં યાત્રા વર્ણનો પણ નોંધપાત્ર છે.

પ્રાચીન લેખો, તામ્રપત્રો અને સિક્કાઓમાંથી તત્કાલીન અર્થવ્યવસ્થા સ્પષ્ટ થાય છે. મૌર્ય અને ગુપ્તકાળમાં શિલાલેખોમાં તે યુગની રાજયવ્યવસ્થાનો પરિચય મળે છે.

**॥ સમાપ્ત ॥**

## ❁ પ્રકરણ - ૫ ❁

### ❁ **'રાજનીતિનું નિરૂપણ કરતા ગ્રંથો' :-**

ઉપપ્રકરણ : (૫ - ૧) શુદ્ધ રાજનૈતિક શાસ્ત્રીય ગ્રંથો

(૫ - ૧ - ૧) અર્થશાસ્ત્ર

(૫ - ૧ - ૨) કામન્દકીય નીતિસાર

(૫ - ૧ - ૩) બાર્હસ્પત્ય અર્થશાસ્ત્ર

(૫ - ૧ - ૪) શુક્રનીતિસાર

(૫ - ૧ -૫) નીતિવાકયામૃત

(૫ - ૧ - ૬) નીતિપ્રકાશિકા

ઉપપ્રકરણ : (૫ - ૨) 'રાજનીતિ' નું આનુષંગિક વર્ણન કરતાં રાજનૈતિક શાસ્ત્રીય ગ્રંથો

(૫ - ૨ - ૧) ધર્મસૂત્ર સાહિત્ય

(૫ - ૨ - ૨) રામાયણ અને મહાભારત

(૫ - ૨ - ૩) સ્મૃતિ સાહિત્ય

(૫ - ૨ - ૪) પુરાણ સાહિત્ય

(૫ - ૨ -૫) લધ્વર્હન્નીતિ

(૫ - ૨ - ૬) ધર્મશાસ્ત્રીય નિબંધ ગ્રંથો

(૫ - ૨ - ૬ - ૧) યુક્તિકલ્પતરુ

(૫ - ૨ - ૬ - ૨) રાજનીતિકામધેનુ

(૫ - ૨ - ૬ - ૩) માનસોલ્લાસ

(૫ - ૨ - ૬ - ૪) સ્મૃતિચંદ્રિકા

(૫ - ૨ - ૬ -૫) રાજનીતિરત્નાકર

(૫ - ૨ - ૬ - ૬) નીતિમયૂખ

(૫ - ૨ - ૬ - ૭) વીરમિત્રોદય

(૫ - ૨ - ૬ - ૮) કૃત્યકલ્પતરુ

(૫ - ૨ - ૬ - ૯) રાજધર્મ કૌસ્તુભ

## ❐ રાજનીતિનું નિરૂપણ કરતાં ગ્રંથો :-

## (અ) શુદ્ધ રાજનીતિ શાસ્ત્રીય ગ્રંથ :-

### ❖ ભૂમિકા :-

પ્રાચીન ભારતીય રાજનીતિ સંસ્કૃત સાહિત્યને ઘણી પ્રભાવિત કરતી રહી છે. જેના પરિણામે સંસ્કૃત વાઙ્મય સમૃધ્ધ બન્યું છે. તેમાં પણ પ્રાચીન ભારતીય રાજનીતિનું સુસ્પષ્ટ ચિત્ર ઉપસાવવામાં રાજનીતિનું નિરુપણ કરતાં ગ્રંથોનો સૌથી વિશેષ ફાળો છે. રાજશાસ્ત્ર પ્રણેતાઓની દીર્ઘ પરંપરા જોતાં અનુમાન થઇ શકે કે રાજનીતિ વિષયક સાહિત્ય પણ વિપુલ પ્રમાણમાં રચાયું હશે. પરંતુ જેમાં કેવળ રાજનીતિ - અન્ય શાસ્ત્રથી ગૌણ ન બની હોય તે રીતે - નિરુપિત થઇ હોય તેવા ગ્રંથો આંગળીના વેઢે ગણી શકાય તેટલા જ મળે છે. આવા શુદ્ધ રાજનીતિશાસ્ત્રીય ગ્રંથોમાં - કૌટિલ્યરચિત અર્થશાસ્ત્ર, શુક્રનીતિસાર, કામન્દકીય નીતિસાર, બાર્હસ્પત્ય અર્થશાસ્ત્ર, નીતિવાકયામૃત અને નીતિપ્રકાશિકા જેવી પ્રસિદ્ધ કૃતિઓ છે. આ ગ્રંથોનો વિસ્તૃત પરિચય અહીંયા અસ્થાને છે. માટે તેમનો સંક્ષિપ્ત પરિચય આ પ્રમાણે છે.

### (૧) અર્થશાસ્ત્ર :-

अर्थेण धर्मः अर्थेण कामः अर्थेण मोक्षः प्रतिपद्यते च ।
अर्थेण नरो यो कुशलः प्रभावी सर्वाणि सुखानि समालभेच्च ।।

મહાભારતના શાંતિપર્વમાં મહર્ષિ કૃષ્ણદ્વૈપાયન વ્યાસે કહ્યુ છે તેમ - ''ધર્મ, કામ અને મોક્ષની સિદ્ધિ અર્થ નામના ચતુર્થ પુરુષાર્થથી જ સંભવિત બને છે. અર્થપ્રાપ્તિ માટે જે મનુષ્ય કુશળ હોય તે જ સંસારના સર્વ સુખો મેળવે છે.'' માનવજીવનમાં 'અર્થ' નું પ્રાધાન્ય આપણે સ્વીકારીએ છીએ. આચાર્ય વિષ્ણુગુપ્તે અર્થશાસ્ત્રમાં અર્થનીતિની વિસ્તારથી ચર્ચા કરી છે.

૨૦ મી સદીનો પ્રથમ દાયકો હજુ ચાલી રહ્યો હતો ત્યાં સુધી અર્થશાસ્ત્ર નામના ગ્રંથનું કેવળ પ્રાપ્ત ગ્રંથોમાંના ઉદ્ધરણોને આધારે અનુમાન થતું હતું. કૌટિલ્ય પ્રથમ રાજનીતિશાસ્ત્રી હતા.એમણે રાજનીતિશાસ્ત્રના મહત્ત્વના વિચારો પ્રસ્તુત કર્યા હતા એમ સૌ માનતા. પરંતુ તેમની રચનાની કશી જાણ ન હતી. પરંતુ ૨૦ મી સદીનો પૂરો થતો આ પ્રથમ દાયકો ભારતીય રાજનીતિશાસ્ત્રના ઇતિહાસમાં

સીમાચિહ્ન બની ગયો. પ્રાચીન ભારતીય રાજનીતિનો ખજાનો પ્રાપ્ત કરવા ઝંખતા વિદ્વાનોને તો અણધાર્યો લાભ થયો. અર્થશાસ્ત્ર ગ્રંથની પ્રાપ્તિ થઇ. ઇ.સ. ૧૯૦૯ માં મૈસૂરના વિદ્વાન શામશાસ્ત્રીને અર્થશાસ્ત્રની હસ્તપ્રત મળી. તેમણે અંગ્રેજી અનુવાદ સાથે ગ્રંથ પ્રકાશિત કર્યો. વિદ્વજ જગતમાં હલચલ મચી ગઇ, ઉહાપોહ, વાદ-પ્રતિવાદ, ખંડન-મંડનની પરંપરા ચાલી. પછીના દસકાઓમાં વધુ હસ્તપ્રતો મળી જેના આધારે આ ગ્રંથની ઘણી આવૃત્તિઓ પ્રસિદ્ધ થઇ. ૧૯૬૦ માં બોમ્બે યુનિવર્સિટી દ્વારા શ્રી આર. પી. કાંગલે સંપાદિત સમીક્ષિત આવૃત્તિ પ્રકાશિત થઇ. અંગ્રેજી અનુવાદ અને અભ્યાસ પણ પ્રકાશિત થયા. અગાઉ પણ તેના અંગ્રેજી અનુવાદ અને અભ્યાસ તેમજ અન્ય વિદેશી તેમજ ભારતીય ભાષાઓમાં અનુવાદ થયા હતા.

અર્થશાસ્ત્ર અધિકરણોમાં વિભાજિત છે. અધિકરણમાં અધ્યાય, પ્રકરણ અને શ્લોકોનો સમાવેશ થાય છે. **'રાજવૃતિ'** નામના પ્રથમ અધિકરણમાં ગ્રંથકારે લખ્યું છે કે - शास्त्रसमुद्देशः पच्चदशाधिकरणानि सपच्चाशदध्याय शत साशौति प्रकरणशतं षट्श्लोकसहस्त्राणीति । ૧૫ અધિકરણ, ૧૫૦ અધ્યાય, ૧૮૦ પ્રકરણ અને ૬૦૦૦ શ્લોકોનો સમાવેશ આ ગ્રંથમાં થયો છે. શ્લોકમિશ્રિત સૂત્રાત્મક શૈલીમાં રચાયેલ અર્થશાસ્ત્ર ભારતીય રાજનીતિશાસ્ત્રીય ગ્રંથોમાં કેન્દ્ર સ્થાને છે. સૂત્રોના અક્ષરોને અનુષ્ટુપના માપમાં ગણતા ૬૦૦૦ શ્લોક સંખ્યા થાય છે. જેનો દંડીનિર્દિષ્ટ પરિમાણ સાથે મેળ બેસી જાય છે. દંડી કહે છે કે[૧], .......... इयमिदानीमाचार्यविष्णुगुप्तेन मोर्यार्थे षड्भिः श्लोकसहस्रैः संक्षिप्ता ..... । સ્વયં ગ્રંથકાર કહે છે કે પૂર્વાચાર્યો એ રચેલા અર્થશાસ્ત્રોનો સાર ગ્રહી આ અર્થશાસ્ત્ર રચ્યું છે.[૨] ઉપસંહારમાં કહ્યું છે કે જેણે શસ્ત્ર, શાસ્ત્ર અને નંદરાજાના હાથમાં રહેલી પૃથ્વીનો શીઘ્ર ઉદ્ધાર કર્યો હતો તેણે આ શાસ્ત્ર રચ્યું છે.[૩] કામન્દક[૪] વિષ્ણુગુપ્તને ભવ્ય અંજલિ આપે છે. આ વિષ્ણુગુપ્ત એ જ ચાણકય અને એ જ કૌટિલ્ય[૫]. અર્થશાસ્ત્રના રચનાકાળ બાબત ઘણા મત રજૂ થયા છે.

૧. દશકુમાર ચરિતમ્ - ઉચ્છ્વાસ - ૮.
૨. કૌટિલ્ય અર્થશાસ્ત્રમ્ - ૧/૨/૧.
૩. એજન - ૧૫/૧/૭૩.
૪. કા. ની. - ૧/૨ થી ૬.
૫. Choudhary R. K., 'Kautilya's Political Ideas Insti.' - P. 27.

ઇ.સ.પૂ. ચોથો સૈકો એ વિશેષ સ્વીકૃત મત બની શકે.[૬]

ભારતીય રાજનીતિશાસ્ત્રીય ગ્રંથોમાં મહત્વનું સ્થાન ધરાવનાર અર્થશાસ્ત્રનો અધિકરણાદિ પરિચય નીચે પ્રમાણે છે.

| અધિકરણ | અધિકરણનાનામાભિધાન | અધ્યાય | પ્રકરણ |
|---|---|---|---|
| ૧ | વિનયાધિકારક | ૨૧ | ૧૮ |
| ૨ | અધ્યક્ષપ્રચાર | ૩૬ | ૩૮ |
| ૩ | ધર્મસ્થીય | ૨૦ | ૧૯ |
| ૪ | કંટક શોધન | ૧૩ | ૧૩ |
| ૫ | યોગવૃત | ૬ | ૭ |
| ૬ | 'મંગળયોનિ' | ૨ | ૩ |
| ૭ | ષાડ્ગુણ્ય | ૧૮ | ૨૯ |
| ૮ | વ્યસનાધિકારિક | ૫ | ૮ |
| ૯ | આભયાસ્યત્કર્મ | ૭ | ૧૨ |
| ૧૦ | સાંગ્રામિક | ૬ | ૧૩ |
| ૧૧ | સંઘવૃત્ત | ૧ | ૨ |
| ૧૨ | આબલીયસ | ૫ | ૯ |
| ૧૩ | દુર્ગલંભોપાય | ૫ | ૬ |
| ૧૪ | ઔપનિષદિક | ૪ | ૩ |
| ૧૫ | ''તંત્રયુક્તિ'' | ૧ | ૧ |

કૌટિલ્ય અર્થશાસ્ત્ર વિદ્યાસમુદ્દેશ, દંડનીતિનું મહત્વ, વૃદ્ધસંયોગ અને ઇન્દ્રિયજય, અમાત્યોની નિયુક્તિ, ગુપ્તચર મંત્રણા, આત્મરક્ષા, જનપદનિવેશ, દુર્ગવિદ્યા, વિવિધ અધ્યક્ષોની નિયુક્તિ અને કામગીરી, વ્યવહાર, કંટકશોધન, પ્રકૃતિસપ્તક, રાજયકોશવૃદ્ધિના ઉપાય, અનુજીવિવૃત, વિપત્પ્રતિકાર, મંગળયોજના, ક્ષય, સ્થાન, વૃદ્ધિ, સંધિ વગેરે છ ગુણ, ઉપાય, વિજેતાનો વ્યવહાર, વ્યસન, યાત્રાકાળ, સેનાની છાવણી, કપટયુધ્ધ, વ્યૂહયોજના, મંત્રયુદ્ધ, મંત્ર-ઔષધિ દ્વારા શત્રુની હત્યાનાં પ્રયોગો, શત્રુવિહિત પ્રયોગોનો પ્રતિકાર વગેરે બાબતોનું વિગતે નિરુપણ કરે છે. ખરેખર આ એક 'ગ્રંથ' નહીં

૬. Ibid. - P. 45.

પણ 'ગ્રંથાગાર' છે. સમસ્ત ગ્રંથમાં તેના રચયિતાની વ્યાપકતા, સર્વગ્રાહી અને સૂક્ષ્મ બુદ્ધિનો ઉન્મેષ પ્રગટ થાય છે.

કૌટિલ્યની રાજનીતિમાં 'રાજા' કેન્દ્ર સ્થાને છે. એકહથ્થું સત્તા ધારણ કરતાં રાજાના પ્રજા પરત્વેના કર્તવ્યનું નિરુપણ છે અને પ્રજાનાં સુખાકારી અને પ્રસન્નતા માટેના વિધિવિધાનો છે. અહીં આદર્શ નહીં પણ વાસ્તવિક દર્શન છે. ધર્મયુક્ત આ રાજનીતિમાં કપટપૂર્ણ ઉપાયો આચરવામાં કશો છોછ નથી, એક માત્ર લક્ષ્યસંધાન છે શત્રુવિજય. નૃપતંત્ર પ્રણાલીના સમર્થક કૌટિલ્યે રાજાની ઉચ્છૃંખલ સ્વચ્છન્દતાને માન્ય રાખી નથી અને પ્રજાના હિતમાં રાજાનું ખરું હિત છે એમ કહી[૭] સાર્વભૌમ, સનાતન, સાર્વકાલિક, સત્ય પ્રકટ કર્યું છે. રાજા પોતાને પ્રજામાં સમરસ બનાવી દે, એકાકાર કરી દે તેમાં રાજપદની સાર્થકતા સમજાવી છે. આવી કૌટિલ્ય પ્રસ્તુત રાજયની અંતતોગત્ત્વા કલ્યાણ રાજય એ જ ગતિ છે.

કૌટિલ્યના અવતરણની સાથે જ પૂર્વવર્તી વિચારકો પાશ્ચાદ્ભૂમાં ધકેલાઇ ગયા. પરવર્તીઓ તેની આભાથી અંજાઇ ગયા છે. આમ પ્રાયઃ સર્વત્ર તેની પ્રબળ અસર છે. રાજનીતિનું સ્વતંત્ર નિરુપણ કરતો કોઇ ગ્રંથ હિંદુઓ પાસે નથી એ વસમું મેણું આ ગ્રંથે ભાંગ્યું છે. કૌટિલ્યના જેવી વ્યક્તિ - વિભૂતિ કયારેક જ જન્મે – 'હિન્દુ શાસ્ત્રકારો માત્ર કલ્પના પરથી જ શાસ્ત્રો લખતા, તેમનામાં વ્યવસ્થિત રાજય કરવાની શક્તિ કદી જ હતી નહીં, આધ્યાત્મિક દૃષ્ટિને લીધે તેમણે ઐહિક સ્થિતિનો વિચાર જ કર્યો નથી..........[૮] કૌ. અર્થનું આ મૂલ્યાંકન યોગ્ય થયું છે.

## (૨) કામન્દકીયનીતિસાર :-

શુદ્ધ રાજનીતિશાસ્ત્રીય ગ્રંથોમાં કૌટિલ્ય અર્થશાસ્ત્ર પછી મહત્ત્વનો ગ્રંથ કા. ની. છે. પ્રાપ્ત થતા ગ્રંથોમાં કાળક્રમે પણ કૌ. અર્થ. પછી તેનું સ્થાન છે. રાજનીતિના વિચારોને સંપૂર્ણતયા શ્લોકબદ્ધ પ્રસ્તુત કરવાનો આ સર્વપ્રથમ પ્રયાસ છે. રામાયણ અને મહાભારતમાં રાજનીતિના વિચારો અસંખ્ય શ્લોકોમાં પ્રસ્તુત થયા છે. પરંતુ આ બન્ને શુદ્ધ રાજનીતિ શાસ્ત્રીય ગ્રંથો નથી.

---

૭. કૌ. અર્થ. – ૧/૧૯/૩૪.

૮. ર. છો. પરીખ (સં.) 'આર્ય વિદ્યા વ્યાખ્યાન માળામાં' રા. વિ. પાઠકનો લેખ – પૃ. ૪૩.

આ નીતિસાર શ્લોકબદ્ધ છે. ગ્રંથની ભાષા પ્રાયશઃ મનુસ્મૃતિ, ચરક, સુશ્રુતના જેવી છે. ગ્રંથકારનું કથયિતવ્ય સુગ્રાહ્ય બને તે માટે કાવ્ય-શૈલીનો સ્વીકાર સફળ રહ્યો છે. ૨૦ સર્ગ (કેટલીક હસ્તપ્રત અનુસાર ૧૯ સર્ગ) અને કુલ ૧૨૨૪ (કેટલીક હસ્તપ્રતો અનુસાર ૧૧૮૭, ૧૧૯૭, ૧૨૨૫) શ્લોકો ધરાવતો આ ગ્રંથ ૩૬ પ્રકરણોમાં કૌ.અર્થ. ના અમુક અધિકરણોનો સાર પ્રસ્તુત કરે છે. સારગ્રહણ અને તેના પ્રસ્તુતિકરણમાં ગ્રંથકારની સિદ્ધિ અને મર્યાદાના દર્શન થાય છે.

આ ગ્રંથના વિષયવસ્તુને સંક્ષેપમાં આ પ્રમાણે દર્શાવી શકાય - ઇન્દ્રિયજય અને વિદ્યાવૃદ્ધ સંયોગની મહત્તા, વિદ્યા વિભાગ, વર્ણાશ્રમ વ્યવસ્થાની આધારશિલાને દઢ કરી દંડના મહત્ત્વનું પ્રતિપાદન, સદાચારની ઉપાદેયતાનું સ્થાપન, સ્વામી વગેરે સપ્તપ્રકૃતિના કાર્ય, શિષ્ટતાપૂર્વક રાજાની સેવા કરી શકે તેવું અનુજીવિઓને માર્ગદર્શન, આત્મરક્ષા માટે રાજાની જાગૃતિની આવશ્યકતા, મંડળ સિદ્ધાંત, સંધિ વગેરે ગુણોનું વર્ણન, મંત્રમહત્તા તેમજ મંત્રરક્ષા, ગુપ્તચર વ્યવસ્થા, પ્રકૃતિવ્યસન,વાક્પારુષ્ય, દંડપારુષ્ય, અર્થદૂષણ, મૃગયા, દ્યૂત, સ્ત્રીસંગ અને મદિરાપાન જેવા વ્યસનોથી ગ્રસ્તનો વિનિપાત, ચઢાઇ સંબંધી માર્ગદર્શન, ઉપાયસપ્તક, સેનાપ્રકાર, સેનાપતિ યોગ્યતા, કુટયુદ્ધ, સૈનિકોને પુરસ્કાર, વ્યૂહ દ્વારા સાંગ્રામિક નીતિનું નિરુપણ આ ગ્રંથમાં વર્ણિત મુખ્ય બાબતો છે.

કૌ. અર્થ. માંના વિચારોનો સાર પદ્યમાં રજૂ કરતી વેળા વહીવટીતંત્ર અને ન્યાયતંત્રની ચર્ચાને બાજુએ રાખી દીધી છે. કા.ની. ની કૌ.અર્થ. સાથેની સરખામણીથી સમજાય છે કે તે સાર-સંક્ષેપ નથી જ અને તેની આગવી વિશેષતા પણ છે. કા. ની. લેખક અને રચનાકાળ વિશે અનેક મત પ્રવર્તે છે. કામન્દકિ કે કામન્દક દ્વારા આ ગ્રંથની રચના થઇ છે એમ શીર્ષક સૂચવે છે. સંભવતઃ આ ગ્રંથ ઇ.સ. ના પાંચમાં કે છઠ્ઠા સૈકાની કૃતિ જણાય છે. આ ગ્રંથ પર ઘણા પંડિતોએ ટીકાઓ રચી છે. તેમાંથી ઉપાધ્યાયનિરપેક્ષા અને જયમંગલા નામની બે ટીકા હાલમાં પ્રસિદ્ધ થઇ છે. આ ગ્રંથનું ભાષાંતર શ્રીયુત ઇચ્છારામ સૂર્યરામ દેસાઇએ સંવત ૧૯૪૬ માં કર્યું હતું.

### (૩) બાર્હસ્પત્ય અર્થશાસ્ત્ર :-

મહાભારત અને કૌટિલ્ય અર્થશાસ્ત્ર તેમજ ભાસના સમયમાં અર્થશાસ્ત્રી બૃહસ્પતિની પ્રસિદ્ધિ પ્રસરેલી છે પરંતુ તેમની કૃતિ બૃહસ્પતિ સૂત્ર અથવા

બાર્હસ્પત્ય અર્થશાસ્ત્રના પ્રથમ પ્રકાશનનું શ્રેય ડો. થોમસનને ફાળે જાય છે. ઈ.સ. ૧૯૧૬ માં આ ગ્રંથ પ્રકાશિત થયો. તેમાં છ અધ્યાય છે. સૂત્રશૈલીમાં રચાયેલા આ ગ્રંથમાં ઈન્દ્ર અને દેવગુરુનો સંવાદ છે. કૌટિલ્ય પહેલા રચાયેલા આ ગ્રંથે કૌટિલ્ય માટે પ્રાથમિક આધાર પૂરો પાડયો છે. એવી માન્યતા છે અને એથી વિપરિત મત પણ છે કે આ ગ્રંથ પ્રાચીન નથી, ૧૨ મી સદીમાં રચાયેલ છે.[૯]

આ ગ્રંથ દંડનીતિની મહત્તા, રાજાની વૈયક્તિક સુરક્ષા, વિદેશથી આવતા શાસકો સાથે અપનાવવાની નીતિ, આંતરિક પ્રશાસન, વિદેશનીતિ, મંત્રવિધિ, મંત્રીઓના ગુણદોષ વગેરેનું નિરૂપણ કરે છે.

કૌટિલ્ય અર્થશાસ્ત્ર, કામન્દકીય નીતિસારમાં બૃહસ્પતિના જે મત પ્રસ્તુત થયા છે. તેમનો બાર્હસ્પત્ય અર્થશાસ્ત્રમાંની બાબતો સાથે પ્રાયઃ સુમેળ નથી. જેમ કે કૌ.અર્થ. મુજબ બાર્હસ્પત્ય મતે વાર્તા અને દંડનીતિ એ બે વિદ્યા છે.[૧૦] પરંતુ બા. અર્થ. માં દંડનીતિને એક માત્ર વિદ્યા માની છે. કા. ની. અનુસાર બૃહસ્પતિ સપ્તપ્રકૃતિક રાજય[૧૧] અને અઢાર પ્રકૃતિનું[૧૨] રાજમંડળ માને છે. તે બાબત બા. અર્થ. માં પ્રાપ્ત નથી. મંત્રીની સંખ્યા અને પ્રતિગ્રહ વ્યૂહની રચના અંગે બૃહસ્પતિના મતનો પણ બા. અર્થ. માં નિર્દેશ નથી. ધાર્મિક સંપ્રદાય, તીર્થ જેવા રાજનીતિ સિવાયના વિષયોનું વર્ણન છે. સંભવતઃ આથી માનવામાં આવે છે કે હાલ ઉપલબ્ધ મૂળ કૃતિના આધારે પરવર્તીકાળમાં રચાયેલ આ ગ્રંથના કર્તવ્યનું બૃહસ્પતિ પર આરોપણ થયું છે.[૧૩] બૃહસ્પતિના નામે ચઢેલ એક અન્ય ગ્રંથ – 'બૃહસ્પતિ સ્મૃતિ' માં વ્યહાર ચર્ચામાં રાજનીતિ શાસ્ત્રીય વિગતો. આ સ્મૃતિનો સમય ઈ.સ. ૨૦૦ અને ૪૦૦ વચ્ચેનો છે.[૧૪]

### (૪) શુક્રનીતિસાર :-

પ્રાચીન ભારતીય રાજનીતિશાસ્ત્રમાં શુક્રનું સ્થાન મહત્ત્વનું છે. કૌટિલ્ય અને મહાભારતના સમયથી અતિ પ્રસિદ્ધ શુક્રના ભાર્ગવ, કાવ્ય, ઉશના એવા

---

૯. डॉ. बाजपेयी राघवेन्द्र, 'बार्हपत्य राज्यव्यवस्था' आमुख - पृ. ११-१२.
१०. કૌ. અર્થ. - ૧/૨/૧૪.
૧૧. કા. ની. - ૮/૪, ૫.
૧૨. એજન - ૮/૨૬.
૧૩. डॉ. बाजपेयी राघवेन्द्र, 'बार्हपत्य राज्यव्यवस्था' - पृ. १५.
૧૪. काणे पी. वी. 'धर्मशास्त्र का इतिहास'.

અન્ય નામ છે. બ્રહ્મદેવ રચિત એક લાખ અધ્યાયના નીતિશાસ્ત્રને ટૂંકાવવાની પરંપરામાં તેમનો સહયોગ મહાભારતમાં નોંધેલ છે. પરંતુ વર્તમાન શુક્રનીતિ ગ્રંથમાં કેવળ પાંચ અધ્યાય છે. શુ. ની. ના એક શ્લોક અનુસાર આ ગ્રંથમાં ૨૨૦૦ શ્લોકો છે.[૧૫] પરંતુ પ્રકાશિત આવૃત્તિઓમાંની શ્લોક સંખ્યા સાથે તેનો મેળ બેસતો નથી.[૧૬]

શુક્રનીતિના રચનાકાળ સંબંધમાં અનેક મત છે. ગુસ્તાવ ઓપેર્ટ તેને સ્મૃતિ અને રામાયણ, મહાભારતના કાળમાં રચાયેલ માને છે.[૧૭] શ્રી પ્રધાન તેને ચોથી સદીનો અને કે.પી. જાયસ્વાલ આઠમી સદીનો ગ્રંથ ગણે છે.[૧૮] તેમાં આવતા બંદૂક અને દારૂના ઉલ્લેખો તેની પ્રાચીનતાની વિરુદ્ધ જાય છે. ઇ.સ. ૧૨૦૦ થી ૧૬૨૫ ઇ.સ. વચ્ચેના સમયમાં તેની રચના થઇ હોય એવો એક મત છે.[૧૯] લાલનજી ગોપાલે શુક્રનીતિ વર્તમાન સંસ્કરણ ૧૯ મી સદીનું પ્રતિપાદિત કરવાનો પ્રયાસ કર્યો છે.[૨૦] બી. કે. સરકારના મતને ઉદ્ધૃત કરી પદ્મા ઉદ્ગાંવકર જણાવે છે કે સૈકાઓ દરમ્યાન આ ગ્રંથનો વિસ્તાર થતો રહ્યો. કા. ની. ના ઘણા શ્લોકો શુક્રનીતિમાં પ્રાપ્ત થાય છે.[૨૧] ઉપરાંત મનુસ્મૃતિ અને મત્સ્યપુરાણના શ્લોકો પણ અહીં જોવા મળે છે. પરંતુ આ ગ્રંથનો મુખ્ય ભાગ ઇ.સ. ૧૨૦૦ પછીનો ભાગ્યેજ હોઇ શકે એવું તારણ થયું છે.[૨૨]

રાજનીતિના સર્વગ્રાહી નિરુપણની દૃષ્ટિએ આ ગ્રંથ અત્યંત નોંધપાત્ર છે અને આ બાબતમાં કૌ. અર્થ. પછી તેનું નામ મુકી શકાય. આ ગ્રંથનું વિષયવસ્તુ આ પ્રમાણે છે. સર્વોપકારક અને લોકસ્થિતિકૃત નીતિશાસ્ત્ર ત્રિવર્ગનું મૂળ છે, મોક્ષપ્રદ છે તેમ કહી નીતિની અનિવાર્યતા સમજાવી રાજનિરુપણ આરંભ્યું છે. રાજા આઠ લોકપાલોનો અંશ છે. પણ તેના ગુણ, કર્તવ્ય પર ભાર મૂક્યો છે.

---

૧૫. શુક્રનીતિ બહાલગઢ આવૃત્તિ - ૪/૭/૪૦૪.

૧૬. ૨૫૦૭ - બહાલગઢથી ૧૯૮૩ માં પ્રકાશિત આવૃતિ.
૨૬૭૫ - ચૌખમ્બા સંસ્કૃત સીરાઝ પ્રકાશન.

૧૭. Sarkar B. K., "Positive Background of Hindu Sociology" - P. 64.

૧૮. Modern Peview, Feb. 1916.

૧૯. Ghoshal U. N., A. History of Hindu Political Theories - P. 249.

૨૦. Gopal Lalanji - Op Cit.

૨૧. વિભાગ - પ્રકરણ -

૨૨. Udgaonkar P. B. Op. Cit. - P. 5-7.

અધર્મરત રાજાને રાક્ષાસાંશ ગણ્યો છે. ઉત્તરાધિકારી ના નિયમો, સપ્તાંગ નિરુપણ, રાજપ્રવૃત્તિ, મંત્રીપરિષદની કામગીરી, કોશવિનિયોગ, કરનિર્ધારણ સિદ્ધાંત, ગ્રામ અને નગરના શાસનની વ્યવસ્થા, નવવિધ દુર્ગ, ષડવિધ બળ, સૈન્ય સંચાલન, સામાજિક પ્રશ્ન, ન્યાયતંત્ર, મુદ્રાઓ, રત્નવૈવિધ્ય, રત્ન પરીક્ષા વગેરે પ્રમુખ મુદ્દાઓનો વિસ્તાર અહીં પ્રાપ્ત થાય છે.

**(૫) નીતિવાકયામૃત :-**

જૈન કવિ સામદેવની રચના નીતિવાકયામૃત મહત્ત્વનો રાજયનીતિ શાસ્ત્રીય ગ્રંથ છે. દક્ષિણ ભારતના ચાલુકયોના આશ્રયમાં ની.વા.ની રચના ઇ.સ. ૯૬૪ માં થયેલી મનાય છે. તે પહેલા ઇ.સ. ૯૫૯ માં સોમદેવે યશસ્તિલકચમ્પૂની રચના કરી છે.[૨૩] યશસ્તિલકચમ્પૂના ત્રીજા આશ્વાસમાં રાજનીતિનું વિશદ વર્ણન છે.

૩૨ સમુદ્દેશ અને ૧૫૫૦ સૂત્રો ની. વા. ગ્રંથ કૌ. અર્થ. આધારે રચાયો છે પણ તે બૃહત્કાય નથી. શીર્ષક પર કા.ની. ની અસર છે. શ્રોતા અને રાજા ઉભય માટે આ શીર્ષક યથાર્થ છે. એમ સમજાવતું ટીકાકારનું વાકય છે.[૨૪]

नीतेर्वाक्यानि वचनरचना विशेषात्तान्येवामृतमिवामृतं श्रोतृश्रोत्र -
विवरानवरतामन्द्रर सुखन्दोहदायकत्वाद्राज्ञं वानेकार्थ समुत्पन्न -
संमोहमहामूर्च्छापरिहारित्वात् नीतिवाक्यामृत ................. ।

ત્રિવર્ગફલપ્રદ રાજયને નમસ્કાર કરી પ્રથમ ત્રણ સમુદ્દેશમાં ધર્મ, અર્થ અને કામનું નિરુપણ કર્યું છે. બાકીના સમગ્ર ગ્રંથમાં રાજય અને શાસનવ્યવસ્થા સાથે સંકળાયેલી બાબતો પર પ્રકાશ પાડયો છે. સ્વામી, અમાત્ય, જનપદ, દુર્ગ, કોશ, બલ અને મિત્ર એ સાતેય અંગ ઉપરાંત ષડ્ગુણ્ય, ઉપાયચતુષ્ટય, મંડળ સિધ્ધાંત, દૂતપ્રચાર અને અન્ય સામાજિક બાબતો વિશેના વિચારો પ્રસ્તુત કર્યા છે.

વર્ણાશ્રમ વ્યવસ્થાનો સ્વીકાર કરનાર અને બ્રહ્મ, વિષ્ણુ, મહેશ, ઇન્દ્ર, યમાદિ દેવોનો ઉલ્લેખ કરનાર લેખક જૈન હશે એમ માની શકાય નહીં તેટલી હદે સોમદેવ સહિષ્ણુ રહયા છે.

૨૩. डॉ. शर्मा एम. एल., ''नीतिवाक्यामृत में राजनीति'' - पृ. १३-१५.

૨૪. એજન - પૃ. ૨૫ ઉપરાંત પાદટીપ - ૨.

રાજનીતિની પ્રસિધ્ધ બાબતોનું રોચક સૂત્રોમાં પ્રસ્તુતીકરણ એ તેની વિશેષતા છે. 'દુષ્ટનિગ્રહ અને શિષ્ટપરિપાલન રાજાનો ધર્મ છે નહીં કે શિરોમુંડન કે જટાધારણ, 'અંકુશ વિનાના હાથીની જેમ વિદ્યાવૃદ્ધ સંયોગ પામ્યા વિનાનો રાજા નાશ પામે છે.' 'રાજાનો સ્ત્રીગૃહમાં પ્રવેશ સર્પના દરમાં દેડકાના પ્રવેશ જેવો છે.' 'આવકની દરકાર રાખ્યા વિના ખર્ચ કરનાર કુબેર પણ ભિક્ષુક જેવો બની જાય છે.' શ્રોત્રિય ન હોય તેને શ્રાદ્ધમાં અધિકાર નથી હોતો તેમ મૂર્ખનો મંત્રમાં અધિકાર નથી વગેરે.[૨૫] તેવા સૂત્રો છે. પ્રસિદ્ધ લોકોકિતઓનો આશ્રય પણ ગ્રહયો છે. રાજનીતિ ઉપરાંત સમાજશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, ધર્મશાસ્ત્ર, મનોવિજ્ઞાનનું ઉપયોગી વર્ણન પ્રાપ્ત થાય છે.

### (૬) નીતિપ્રકાશિકા :-

વૈશમ્પાયનની રચના નીતિપ્રકાશિકા મુખ્યત્વે ધનુર્વિદ્યાનો ગ્રંથ છે છતાં તેમાં રાજનીતિના તત્ત્વોની ચર્ચા છે. રાજશાસ્ત્રપ્રણેતા અને તેમના ગ્રંથોની તેણી આપેલ સૂચિ રાજનીતિની દૈવી ઉત્પત્તિના મતનું અનુમોદન કરે છે.[૨૬] રાજયશાસ્ત્રના સંક્ષેપીકરણની પ્રક્રિયામાં ત્રણસો અધ્યાયનો નીતિગ્રંથ વ્યાસે રચ્યો અને તેનાં લક્ષણ-ઉદ્દેશમાત્ર સ્વરુપે વૈશમ્પાયને જનમેજયને આ રાજશાસ્ત્ર સંભળાવ્યું.[૨૭]

નીતિપ્રકાશિકામાં આઠ અધ્યાય અને ૫૪૬ શ્લોક છે. પ્રથમ પાંચ અધ્યાયમાં શસ્ત્ર અને અસ્ત્રના નિરૂપણમાં ૧૩૬ થી વધુ આયુધો વર્ણવ્યા છે. છેલ્લા ત્રણ અધ્યાયમાં વ્યૂહભેદ, વ્યૂહનિર્માણ, યુદ્ધની તૈયારી, ચતુરંગકર્મ, સેનાપત્યાદિનિયમન, દુષ્ટશિક્ષા, ગ્રામાધિપતિના અધિકાર, કરગ્રહણ વ્યવસ્થા, મંત્રણા પ્રકાર વગેરે વર્ણવવામાં આવ્યા છે.

ધનુર્વેદ અને યુદ્ધનીતિના આ ગ્રંથનું નામ નીતિપ્રકાશિકા રાખ્યું છે. રાજનીતિ અને સૈન્ય સંચાલન નીતિને સમાવિષ્ટ કરતી દંડનીતિ એમ બન્નેને આવરી લે તેવો 'નીતિ' શબ્દનો અર્થ ગ્રંથકારને અભિપ્રેત છે. રાજનીતિમાં નિષ્ણાતોનો જ દંડનીતિમાં અધિકાર સૂચવવા રાજધર્મનો ઉપદેશ આ પ્રબંધમાં થયો છે.[૨૮]

---

૨૫. નીતિવાકયામૃતમ્ અનુક્રમે - ૫ - ૨, ૩. ૫-૬૫. ૨૪-૩૧. ૧૮-૧૦. ૧૦-૮૯.

૨૬. નીતિપ્રકાશિકા - ૧/૨૧ થી ૨૭.

૨૭. એજન - ૧/૨૮.

૨૮. Chandrashekharan T., 'Niti Prakasika', - P. 11, V.

ગ્રંથકર્તા વૈશમ્પાયન છે. જે મહાભારત - પ્રસિદ્ધ વૈશમ્પાયન જ છે એમ ગ્રંથારંભે દર્શાવ્યું છે. પરંતુ કા. ની. ના ઘણાં શ્લોકો શબ્દશઃ જોવા મળે છે તેથી પરવર્તી કાળમાં કોઇએ આ ગ્રંથનું સંકલન કર્યું હોવું જોઇએ. તેના કાળ બાબત નિશ્ચિત કરી શકાય તેમ નથી. વ્યાખ્યાકાર સીતારામ તત્ત્વવિવૃત્તિ વ્યાખ્યામાં કહે છે.[૨૯]

तदुक्तं विक्रमार्कचरित्रे -

श्रुत्त्वा वैशम्पायनमुखादूष्टो जन्मेजयल्लदा ।

अष्टाध्यायवर्ती नीतिं प्रावर्तयत तां तदा ॥

આ શ્લોકનો સંકેત નીતિપ્રકાશિકા તરફ જણાય છે. વિક્રમાર્કચરિત્રના વિક્રમચરિત, સિંહાસનધ્વાત્રિંશિકા, ધ્વાત્રિંશત્પુતલિકા એમ અન્ય નામ છે. વિક્રમચરિતના સમયમાં નીતિપ્રકાશિકાની ખ્યાતિ જણાય છે. શ્રી દાસગુપ્તા વિક્રમચરિતના રચનાકાળની પૂર્વસીમા ૧૩ મી સદી માને છે.[૩૦] જયારે વિન્ટરનિત્ઝ આ ગ્રંથને ૧૧ મી સદી પહેલાનો ગણતા નથી. ઇ.સ. ૧૫૭૪ માં તેનું ફારસી ભાષાંતર થયું છે.[૩૧] આ પરથી કહી શકાય કે નીતિપ્રકાશિકા મધ્યકાલીન રચના હોઇ શકે.

### (બ) રાજનીતિનું આનુષંગિક વર્ણન કરતા ગ્રંથો :-

#### ભૂમિકા :-

પ્રાચીન ભારતીય નીતિ પરક ગ્રંથોની પરંપરામાં રાજનીતિનું નિરુપણ કરતાં ગ્રંથોનું મહત્ત્વનું યોગદાન રહ્યું છે. તેમાં માત્ર રાજનીતિનું જ વર્ણન કરતા એટલે કે શુદ્ધ રાજનીતિશાસ્ત્રીય ગ્રંથોનો આગળ પરિચય મેળવ્યા બાદ આ પરંપરામાં શુદ્ધ રાજનીતિશાસ્ત્રીય ન હોય તેવા ગ્રંથોમાં પણ પ્રસ્તુત થયેલા વિચારોનું સંકલન કરી શકાય અને તેને પણ પ્રાચીન ભારતીય રાજનીતિનો સ્ત્રોત માની શકાય. આ સ્ત્રોતને નીચે પ્રમાણે છ વિભાગમાં વહેંચી શકાય, જયાં રાજનીતિનું આનુષંગિક વર્ણન છે.

(૧) ધર્મસૂત્ર સાહિત્ય.

---

૨૯. નીતિપ્રકાશિકા - પૃ. ૧.

૩૦. Dasgupta S. N. (Ed.), 'A History of Sanskrit Literature', P. - 425.

૩૧. Winternitz M. 'A History of Sanskrit Literature', Vol. III Part - 1 P. - 413.

( ૨ ) રામાયણ અને મહાભારત.

( ૩ ) ધર્મશાસ્ત્ર અથવા સ્મૃતિસાહિત્ય.

( ૪ ) પુરાણ સાહિત્ય.

(૫) લધ્વર્હન્નીતિ.

( ૬ ) ધર્મશાસ્ત્રીય નિબંધ ગ્રંથો.

આ સ્ત્રોતોમાં પ્રગટ થતા રાજનીતિશાસ્ત્રીય વિચારો ક્રમશઃ તપાસીએ –

**(૧) ધર્મસૂત્ર સાહિત્ય :-**

વૈદિક સાહિત્યની પરંપરામાં કલ્પ એ વેદાંગની અંતર્ગત ધર્મસૂત્રની રચના માની શકાય. ધર્મસંબંધી આ સૂત્રાત્મક રચનાઓનો કાળ ઇ.સ. પૂ. ૬ ઠા સૈકા આસ-પાસથી ઇ.સ. ૩૦૦ વચ્ચેના સમયગાળાને આવરી લે છે.[૩૨] ધર્મ શબ્દે સૈકાઓ દરમ્યાન વિધિ, નિશ્ચિત, નિયમ, કર્તવ્ય વગેરે અર્થછટાઓ દાખવી છે. માનવના વિશેષાધિકાર, કર્તવ્ય, બંધન, આચારવિધિ અને વર્ણાશ્રમનો તે દ્યોતક બની ગયો છે.[૩૩]

વૈદિક વાઙ્મયમાં માનવ સમસ્ત માટે કલ્યાણકારી એવા નિયમો, અનુશાસન દર્શાવે છે.[૩૪] તેનું પાલન કરવાથી ધર્મનું પાલન થાય છે. આ નિયમો અનેકવિધ છે. માનવનું જેમ એક વ્યક્તિગત સ્વરુપ છે તેમ તે સમાજમાં રહેતો હોઇ તેથી ભિન્ન એવું તેનું સામાજિક સ્વરુપ પણ છે. ધર્મ માનવને વૈયક્તિક કક્ષાએ, સામાજિક કક્ષાએ સમુચિત કર્તવ્યના પાલન માટે માર્ગદર્શન પૂરું પાડે છે. આથી વેદવિહિત કર્મોમાં પ્રેરણા આપનાર તે ધર્મ એ પૂર્વમીમાંસાનું (૧-૧-૨) પ્રસિદ્ધ સૂત્ર કે વેદ ધર્મનું મૂળ છે.[૩૫] તે પ્રસિદ્ધ વાકય સમજી શકાય છે. જેનાથી અભ્યુદય અને નિઃશ્રેયસની સિદ્ધિ થાય તે ધર્મ એ વૈશેષિક સૂત્રમાંની ધર્મની વ્યાખ્યા[૩૬] પણ સ્પષ્ટ થાય છે.

મુખ્ય ધર્મ સૂત્રોમાં 'આપસ્તમ્બ', 'હિરણ્યકેશી', 'વૈખાનસ', બૌધાયન', 'ગૌતમ' અને 'વશિષ્ઠ' ના ધર્મ સૂત્રો ગણાય છે. શંખ-લિખિત અને પૈઠીનસિના

૩૨. काणे पी. वी., 'धर्मशास्त्र का इतिहास' - १ प्राक्कथन - पृ. १४.

૩૩. એજન - પૃ. ૪.

૩૪. જુઓ પ્રકરણ : 'વૈદિક સાહિત્યમાં નીતિ નિરુપણ'.

૩૫. મનુસ્મૃતિ - ૨/૬.

૩૬. काणे पी. वी., 'धर्मशास्त्र का इतिहास' - पृ. ४ पर उद्धरण.

ધર્મસૂત્રોના અણસાર અન્યત્ર પ્રાપ્ત થતાં ઉદ્ધરણોથી મળે છે. આ પૈકી કેટલાક પ્રકાશિત પણ થાય છે - ૧૯૩૩ માં બનારસથી 'આપસ્તમ્બ ધર્મસૂત્ર', ઇ.સ. ૧૯૨૯ માં મુંબઇથી 'આપસ્તમ્બ ધર્મસૂત્ર' (હરદત્તની વ્યાખ્યા સાથે), ૧૯૨૯ માં પુનાથી પ્રકાશિત 'બૌધાયન ધર્મસૂત્ર', ૧૯૩૧ માં પુનાથી 'ગૌતમ ધર્મસૂત્ર' (મિતાક્ષર સાથે), ૧૯૧૬ માં મુંબઇથી 'વાસિષ્ઠ ધર્મસૂત્ર' અને ૧૯૮૧ માં કલકતાથી પ્રકાશિત 'વિષ્ણુધર્મસૂત્ર' નો સમાવેશ થાય છે.

પ્રાપ્ય ધર્મસૂત્રોના વિષયોના સંદર્ભમાં અત્રે તેની ચર્ચા ઉપાદેય રહેશે. તદ્નુસાર ધર્મસૂત્રોમાં આચાર, પ્રાયશ્ચિત, વ્યવહાર સંબંધી બાબતોની સાથે રાજધર્મની પણ ચર્ચા છે. રાજાના કર્તવ્ય, રાજાના અપેક્ષિત ગુણ, ત્યાજય વ્યસન, આવક, નિવાસસ્થાન, ગ્રામ્ય વહીવટીતંત્ર, રાજય વિભાગ, ઉપાયો, વિજીત પ્રદેશ પર વિજેતાનું કર્તવ્ય વગેરે મુદ્દાઓ પર ધર્મસૂત્રોએ પ્રકાશ પાડયો છે.

સમગ્ર વિષયવસ્તુને પામવું અહીંયા અશકય હોય તો થોડી વિગતો મેળવીએ તો ધર્મસૂત્રો પ્રમાણે - રાજાનો મુખ્ય ધર્મ પ્રજાપાલન છે. સાથોસાથ પ્રજા વર્ણાશ્રમધર્મરત બની રહે તે જોવાનું પણ તેનું કર્તવ્ય છે. મૃગયા, દ્યૂત, સ્ત્રીસંગ અને સુરાપાન જેવા વ્યસનોથી રાજાએ દૂર રહેવું જોઇએ. રાજાના કર્તવ્યોમાં વિદ્વાનોને સમાશ્રય, બ્રાહ્મણ પૂજન, ભૂમિદાન, પુરોહિતમાં શ્રદ્ધા, દુષ્ટોને યોગ્ય દંડ વગેરે વિશેષ મહત્ત્વ ધરાવે છે. રાજાએ વિષ અને વશીકરણ પ્રયોગથી સચેત રહેવું જોઇએ. માટે પૂર્વપરીક્ષિત અન્નાદિનો જ ઉપયોગ કરવો જોઇએ. પોતાના રાજયમાં, શત્રુના રાજયમાં ગુપ્તચર નીમવા જોઇએ. દંડની ઉપયોગિતા અને સમ્યક્ પ્રયોગ પરત્વે 'વૈખાનસ ધર્મસૂત્ર' ભાર મૂકે છે.[૩૭] ગૌતમ ધર્મસૂત્ર અનુસાર પ્રજાએ આવકનો છઠ્ઠો ભાગ રાજાને કર રૂપે આપવાનો હોય છે. બદલામાં રાજાએ પ્રજાનું રક્ષણ કરવું જોઇએ.' વૈખાનસ ધર્મસૂત્ર' આ બાબત પર વિશેષ પ્રકાશ પાડે છે. આપસ્તમ્બ રાજસભાના સ્થાન દ્વારા તે વિશે કેટલીક બાબતો વર્ણવે છે. રાજાનું નિવાસ્થાન ધાન્યપૂર્ણ અને જંગલ પ્રદેશમાં હોય ધન્વ, નૃ, મહી, વારિ, વૃક્ષ અને ગિરિ એ છ દુર્ગોનું વર્ણન છે. રાજા પ્રત્યેક ગામનો નેતા (ગ્રામીણ) નીમે છે. ૧૦૦ ગામનું એક એકમ ગણાય છે અને તેનો એક નેતા હોય છે. દશ ગામના પેટા એકમની અને તેના નેતાની વ્યવસ્થા થઇ છે. આપસ્તમ્બ અનુસાર ગામ અને

૩૭. Benerjee S. C., 'Dharma Sutras - A Study in their origin and Development'. - P. 122.

નગરનો નેતા કુલીન, સત્યપ્રિય અને શૂચિ હોવો જોઇએ.[૩૮] ધર્મસૂત્ર પ્રતિપાદિત રાજનીતિમાં વિભાગાધ્યક્ષની નિયુક્તિનું વિધાન પણ છે. આકર, કર, બલિ, હસ્તી અને વન એ વિભાગો પાડયા છે. કર્મ અને યોગ્યતાને અનુરૂપ અધ્યક્ષોની નિયુક્તિ કરવા કહ્યું છે. અનાજ, માંસ, મધ, ઘી, ફળ, રસ વગેરેનો છઠ્ઠો ભાગ પશુપાલનની આજીવિકામાંથી પચાસમો ભાગ, પણ્ય વસ્તુમાંથી દશમાં ભાગ, જળમાર્ગના વ્યાપારમાંથી દશમો ભાગ અને કારીગરોએ પ્રત્યેક મહિને ચોક્કસ દિવસ સ્વરુપે કર આપવાનું વિધાન છે.[૩૯] વશિષ્ઠ અને બૌધ્ધાયનના મતે શ્રોત્રિય બ્રાહ્મણ, સ્ત્રીઓ, છાત્રો, સ્વાર્થ વિના તપ કરનારાઓ, દ્વિજાતિઓની સેવા કરતા શુદ્રો, અંધ, મુક, બધિર, રોગી, અનાથ, રાજપુરુષ, કુમારિકાને કર ચૂકવવામાં મુક્તિ આપવી. રાજા, અમાત્યાદિને હાનિ પહોચાડનારને દેહાંત દંડ આપવો જોઇએ. સામાદિ ચાર ઉપાય, સંધિ વગેરે છ ગુણનું પણ ધર્મસૂત્રો નિરૂપણ કરે છે. વિજેતાઓ વિજિત રાજયમાં પ્રવર્તમાન નિયમો, રીતિરિવાજોને માન્ય કરે, તેનો સમાદર કરી, પરાજિત રાજયના વારસને 'રાજપદ' આપી સન્માનિત કરે એમ પણ ધર્મસૂત્રો કહે છે.

આમ ધર્મસૂત્રોમાં આપણે વિકસિત રાજનીતિશાસ્ત્રીય ચિંતનના અણસાર મેળવીએ છીએ. ઇ.સ.પૂ. છઠ્ઠા સૈકાની આસપાસ રાજનીતિશાસ્ત્રીની ચોક્કસ વ્યવહારુ, વ્યવસ્થિત, સર્વગ્રાહી વિચારધારા પ્રવર્તતી હતી તેના સંકેત મેળવીએ છીએ. એમ કહી શકાય કે કૌ. અર્થ. માં ઉલ્લેખિત અને અનુપલબ્ધ અર્થશાસ્ત્રીય વિચારધારાને આધારસામગ્રી પૂરી પાડનારુ વાતાવરણ આપણને આ પ્રાચીન ધર્મસૂત્રોમાં પ્રાપ્ત થાય છે.

### (૨) રામાયણ અને મહાભારત :-

રામાયણ આદિ - 'કાવ્ય' છે અને મહાભારત 'ઇતિહાસ' છે તેથી તેમને રાજનીતિશાસ્ત્રના ગ્રંથો કહી ન જ શકાય તે સ્વાભાવિક છે. પરંતુ બન્ને કૃતિઓનો વ્યાપ એટલો બધો છે કે તેમાં રાજનીતિશાસ્ત્રીય બાબતોને પણ સ્થાન મળ્યું છે. રામાયણ આર્ય સંસ્કૃતિના સંપૂર્ણ ચિત્રને સર્વપ્રથમ પ્રસ્તુત કરે છે. રામાયણને લીધે જ ભારતીય જનમાનસ રામ જેવા આદર્શ રાજાની અપેક્ષા રાખતું થઇ

૩૮. એજન - પૃ. ૧૨૨.

૩૯. એજન - પૃ. ૧૨૩.

ગયું છે. રામરાજય શબ્દ આદર્શ રાજયનો પર્યાય થઇ ચૂકયો છે અને આથી સૌ રામરાજયનું સ્વપ્ન સેવી રહ્યા છે.

જયારે મહાભારતમાં બધા શાસ્ત્રોને સમાવવાની અદ્ભૂત ક્ષમતા છે. તેના વિશે ગ્રંથકારનો દાવો છે કે -

यदिहास्तितदन्यत्र यन्नेहास्ति न तत्क्वचित् ।

યથાર્થ છે. વિશ્વકોશ, જ્ઞાનકોશ સમા મહાભારતમાં રાજનીતિના સિદ્ધાંતો અને રાજનીતિક સંસ્થાઓ બાબત ઘણી સમૃદ્ધ માહિતી પ્રાપ્ત થાય છે. આથી પ્રાચીન ભારતીય રાજનીતિ શાસ્ત્રની પ્રમાણભૂત અસાધારણ સામગ્રી તરીકે આ બન્ને ગ્રંથોની ઉપેક્ષા પોસાય તેમ નથી. આ બન્ને કૃતિઓનો આ દષ્ટિએ સંક્ષેપમાં ક્રમશઃ પરિચય આ પ્રમાણે છે.

## રામાયણ :-

રામાયણમાં યત્ર - તત્ર - સર્વત્ર  વિકર્ણ રાજનીતિશાસ્ત્રીય સૂત્રોને એકત્ર કરીએ તો વાલ્મીકિસંમત તથા રામાયણ કાલીન રાજનીતિશાસ્ત્રની કંઇક આવી રૂપરેખા પ્રાપ્ત થાય છે.

રામાયણમાં નૃપાત્મક રાજયતંત્ર પ્રસ્તુત થયું છે. રાજા અને રાજયની દૈવી ઉત્પતિ દર્શાવી છે. પૃથ્વી પર કોઇ રાજા ન હતો આથી પ્રાર્થના કરવામાં આવતા બ્રહ્માએ સર્વલોકપાલોના અંશરૂપ ક્ષુપને સર્જી તેને માનવોનો રાજા બનાવ્યો.[૪૦] મહીતલ પર દેવો મનુષ્યરુપે, રાજા રુપે વિચરે છે.[૪૧] રાજા અગ્નિ, ચંદ્ર, વરુણ, ઇન્દ્ર અને યમનું રુપ છે. આથી સર્વ અવસ્થામાં તેમને માન્ય અને પૂજય કહ્યા છે.[૪૨] રાજા, અમાત્ય, જન, પુર, કોશ, દંડ અને મિત્ર એ રાજયાંગોથી વાલ્મીકિ પરિચિત છે. રાજાને શાસનસૂત્રનો સંચાલક ગણ્યો છે. રાજાના અભાવે પ્રવર્તતા માત્સ્યન્યાયના દુષ્પરિણામો વિગતે વર્ણવી અરાજકતાની નિંદા કરી છે.[૪૩] રાજાનું પરમ ધ્યેય પ્રજાનુ રંજન છે. કર ગ્રહણ અને પ્રજારક્ષણ એકબીજાની અપેક્ષા રાખે છે. છઠ્ઠો ભાગ કર રુપે વસૂલ કરતો રાજા પ્રજાને સંતાનની જેમ રક્ષે નહીં તો તે મહા પાપી છે.[૪૪] રાજાની દિનચર્યા ઘડી આપી છે. રાજયવ્યવસ્થા ધર્મના પાયા

૪૦. રામાયણ, ઉત્તરકાંડ - ૭૯/૧૬ - ૨૦.
૪૧. રામાયણ, કિષ્કિન્ધાકાંડ - ૧૮ - ૩૮.
૪૨. રામાયણ, અરણ્યકાંડ - ૩૮/૧૨, ૧૩.
૪૩. રામાયણ, અયોધ્યાકાંડ ૬૧ માં અધ્યાય.
૪૪. એજન - ૮૩/૭.

પર સ્થિર હોઇ ધર્મ સર્વોપરિ છે. રાજાની સત્તા અબાધિત નથી. અમાત્યની મહત્તા અનેક સ્થળે પ્રગટ થઇ છે. તે રાજાનો સહાય, સ્વજન અને મિત્ર છે. રામાયણ સભાનો નિર્દેશ કરે છે જે વેદકાલિન સભા, સમિતિના વિકાસનો ખ્યાલ આપે છે. સભાના અર્થમાં સંસદ, પરિષદ, શબ્દ પ્રયોજયા છે. દશરથે રાજાને રાજય સોંપવા બાબત સભા બોલાવેલી જેમાં પ્રજાના પ્રતિનિધિઓ સામેલ હતા. મંત્રી પરિષદના અર્થમાં પણ સભા શબ્દ પ્રયોજાયો છે. પ્રજાને પુત્રવત્ ગણી વર્તવા ભલામણ કરી છે.[૪૫] નાદેય, પાર્વત, ખનિત્ર અને અમ્બુ એમ ચાર પ્રકારના દુર્ગનો ઉલ્લેખ છે. કોશવૃધ્ધિ માટે બલિગ્રહણ અગત્યનું સાધન ગણ્યું છે. આમ કરતા વ્યય વધી ન જાય તેવી સોનેરી સલાહ આપી છે.[૪૬]

आयस्ते विपुलः कच्चित्कच्चित्स्वल्पतरः व्ययः ।

ચતુરંગ સેના તેમજ મૌલ સૈન્ય, શત્રુસૈન્ય, આહવિક સૈન્ય, સુહૃત્સૈન્ય, શ્રેણિસૈન્યના ઉલ્લેખો, ગુપ્તચર વ્યવસ્થા, ગરુડ વ્યૂહ વગેરેનો નિર્દેશ તત્કાલીન સૈન્ય વ્યવસ્થા પર પ્રકાશ પાડે છે. રામાયણ ધર્મયુદ્ધ પર ભાર મૂકે છે. પરંતુ રાક્ષસોની માયા સામે કૂટ યુદ્ધનો પ્રયોગ સ્વીકાર્યો છે. પાપી સામે પાપ આચરનાર દોષયુક્ત બનતો નથી.[૪૭] વળી રામાયણમાં પરરાષ્ટ્રનીતિના તત્કાલીક સ્વરુપનો પણ અણસાર મળે છે. વિજિગીષુ, મિત્ર, અમિત્ર, મધ્યસ્થ, ઉદાસીન જેવા શબ્દો મંડળ સિદ્ધાંતના પ્રચારના પરિચાયક છે. સામ, દાન, ભેદ અને દંડ એ ચાર ઉપાય અને સંધિ વગેરે છ ગુણોનો ઉલ્લેખ પર આ બાબતમાં નોંધનીય છે.

આમ સમગ્ર રીતે જોતાં રાજય લોકહિતકારી અને કલ્યાણકારી બની રહે તે જ વાલ્મીકિ સંમત રાજનીતિનું પરમ ધ્યેય છે. પ્રજાજીવનને પ્રતિકૂળ હસ્તક્ષેપ રાજા ન કરે એમ વાલ્મીકિ સૂચવે છે. વળી સુરક્ષાનું કવચ પામેલ પ્રજા જ સર્વાંગી વિકાસ પ્રતિ ગતિ કરી શકે એ રહસ્ય તેમનાથી અજાણ્યું નથી. રાજાને અનિયંત્રિત, સર્વતંત્ર, આપખુદ શાસક બનવાની છૂટ આપી નથી. રાજા ધર્મનો વાલી બની રહે તે અપેક્ષા છે. અધર્મ સાથે જોડનારા પ્રજા સાથેનો સંબંધ તૂટી જાય છે. વાલ્મીકિનો આદર્શ રાજા રાષ્ટ્રવર્ધન સુખદાતા અને વૃદ્ધિકામ છે. રામાયણ નિયમો ઘડીને

૪૫. રામાયણ, અરણ્યકાંડ - ૫૫/૧૧.

૪૬. રામાયણ, અયોધ્યાકાંડ - ૧૧૪/૫૫.

૪૭. રામાયણ, લંકાકાંડ - ૮૨/૪૯.

રાજનીતિના સંસ્કાર શીખવતું નથી. આચરણ દ્વારા તેના પાઠ શીખવે છે. આથી અદ્યાપિ આદર્શ રાજતંત્ર કે આદર્શ શાસકનું માપદંડ રામાયણ પ્રસ્તુત શરતોને આધીન રહ્યું છે. આ રીતે બાલકાંડથી માંડીને ઉતરકાંડ સુધી વિસ્તરતી રામાયણની કક્ષાએ માત્ર ભારતના જ નહિ, અનેક દેશના અનેક જનસમુદાયોને પ્રભાવિત કર્યો છે. કામની વાત જાણે કે પ્રત્યેક માનવના પોતાના પરિવારની વાત બની ગઇ છે. તે એટલા માટે કે કવિ વાલ્મીકિએ દેશ-કાળના મર્યાદિત બંધનોથી મુક્ત થઇને માનવહૃદયના શાશ્વત ભાવોનું આલેખન 'રામાયણ' માં કર્યું છે. માનવ, પરિવાર, સમાજ તથા રાષ્ટ્ર અને વિશ્વની અરસપરસ એકબીજા પ્રત્યે શું ફરજ હોઇ શકે તેનું સફળ સરસ નિરૂપણ રામકથાના માધ્યમથી કવિએ કર્યું છે !

❖ **<u>મહાભારત</u> :-**

'यदिहास्ति तत्सर्वत्र यन्नेहास्ति न तत्क्वचित ।'

જે અહીં છે તે સર્વત્ર છે અને જે અહીં નથી તે કયાંય નથી એમ કહીને જેનું ગૌરવ વધારવામાં આવ્યું છે, તે મહાભારત પરવર્તી રચના છે. આખરી સંસ્કરણ સુધીમાં અનેક હાથ અને દાયકાઓ પસાર થઇ ગયા છે. જેથી અહીં પ્રસ્તુત થયેલ રાજનીતિશાસ્ત્રીયનું ચિત્ર વિશેષ સ્પષ્ટ અને સુરેખ છે. મહાભારતના વિસ્તૃત ફલકને કારણે એવી પરિસ્થિતિ નિર્મિત થઇ કે થોડા પૃષ્ઠો પર દષ્ટિપાત કરીએ અને રાજનીતિશાસ્ત્રીય સંદર્ભ ન હોય તો નવાઇ લાગે. શાંતિપર્વ તો રાજનીતિશાસ્ત્રીય જ્ઞાનનો ભંડાર છે. ઉપરાંત સભાપર્વ, અરણ્યપર્વ, ઉદ્યોગપર્વ, કર્ણપર્વ વગેરેમાં પણ યત્ર તત્ર સર્વત્ર રાજનીતિ આપણને પ્રાપ્ત થાય છે. મહાભારત પ્રથિત રાજનીતિને પામવું મુશ્કેલ છે અને અતિ સંક્ષેપથી રજૂ કરવું તે પણ અતિ કઠિન છે. છતાં ટૂંકમાં, રાજનીતિના વિચારોને પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરીએ તો -

સૂત્ર રુપે જોઇએ તો રાજય, દંડનીતિ, રાજાની ઉત્પત્તિ અંગે મહાભારત દૈવી ઉત્પત્તિ દર્શાવે છે. કરારના સિદ્ધાંતનો અણસાર પણ છે જેમ કે - માત્સ્યન્યાયજનિત ઘોર અવ્યવસ્થામાંથી રક્ષાર્થે બ્રહ્માએ મનુને રાજા બનાવ્યો. પ્રજા તેની સાથે કરારથી બંધાઇ મનુએ સૌને ધર્મ મર્યાદામાં સ્થાપિત કર્યો.[૪૮] વર્ણધર્મ, આશ્રમધર્મથી કોઇ ચ્યુત ન થાય તે મહાભારતને ઇષ્ટ છે. અહીં રાજતંત્ર, ગણરાજયનો ઉલ્લેખ છે. સામાન્યતયા રાજયના સાત અંગ વર્ણવ્યા છે.

૪૮. મહાભારત, શાંતિપર્વ અધ્યા. ૬૭.

પરંતુ આઠમાં અંગ તરીકે શ્રેણિનો પણ સંકેત છે.[૪૯] રાજાની યોગ્યતા, તેના બૌધ્ધિક અને આધ્યાત્મિક ગુણોનો વિકાસ, પ્રજાપાલનરુપ મહત્તમ કર્તવ્ય, સદાચરણ પર ભાર મૂક્યો છે.[૫૦] વંશપરંપરાગત રાજાધિકાર જોવા મળે છે. મંત્રીઓની મંત્રણા વિજયનું મૂળ છે તેવું રાષ્ટ્ર વૃદ્ધિ પામે છે,[૫૧] પ્રજાના બધા વર્ગોના પ્રતિનિધિ મળી કુલ ૪૭ મંત્રીઓ હોય વગેરે બાબતો[૫૨] મંત્રિપરિષદના મહત્ત્વને સૂચવે છે. ૧૮ તીર્થ દ્વારા તત્કાલીન પ્રશાસનનો ખ્યાલ આવે છે. કર નિર્ધારણના સિદ્ધાંતો નોંધપાત્ર છે. ભ્રમર અને માળી વગેરેના દષ્ટાંત દ્વારા હળવા અને સહ્ય કરની ભલામણ કરે છે.[૫૩] લાભનો સિધ્ધાંત પણ ધ્યાનમાં રાખ્યો છે. સંગીન ન્યાયવ્યવસ્થા અંગેની વિગતો પણ પ્રાપ્ત થાય છે. અલબ્ધલિપ્સા, લબ્ધવૃધ્ધિ, વર્ધિતપાલન, પાલિતવિનિયોગ[૫૪] એ ચાર પર કૌ. અર્થ. ની જેમ ભાર મૂક્યો છે.

મહાભારત અનુસાર રાજા શક્તિત્રયસંપન્ન, ઉપાય ચતુષ્ટુકોવિદ, સન્ધ્યાદિગુણષટકવેતા હોય એ જરૂરી છે. અરિ, મિત્ર, અરિમિત્ર, મિત્રમિત્ર, અરિમિત્રમિત્ર, વિજિગીષુ, પાર્ષ્ણિગ્રાહ, આક્રન્દ, આક્રન્દાસાર, મધ્યમ અને ઉદાસીનની ચર્ચા દ્વારા રાજમંડળનું નિરૂપણ થયું છે.[૫૫] યુદ્ધની વાસ્તવિકતાને ઉવેખી નથી. એક સ્થળે કહ્યું છે કે – યુદ્ધ ન કરનાર રાજાને ભૂમિ ગળી જાય છે.[૫૬] પણ ક્ષત્રિય માટે શ્રેયકર તો છે ધર્મ્યયુદ્ધ. એક સ્થળે યુધ્ધને યજ્ઞ સાથે સરખાવે છે. યુદ્ધકાળ, યુદ્ધભૂમિ, સેનાનાં અંગ, સૈન્યસંગઠન, વ્યૂહવૈવિધ્ય, સ્કન્ધાવાર, ઉભય પક્ષે પાળવાના નિયમો વગેરે બાબતો પર વિપુલ માહિતી પ્રાપ્ત થાય છે.

આમ શુદ્ધ રાજનીતિશાસ્ત્રીય ગ્રંથ ન હોવા છતાં મહાભારતમાંથી તત્

૪૯. મહાભારતમ્ આશ્રમવાસિક પર્વ – ૫/૮, સભાપર્વ – ૫/૨૩.
૫૦. મહાભારતમ્ શાંતિપર્વ અધ્યા. ૬૮ અને ૭૦.
૫૧. એજન – ૮૭-૪૮.
૫૨. એજન અધ્યા. ૮૭.
૫૩. એજન – ૮૯/૪, ૫.
૫૪. એજન – ૧૪૦-૫.
૫૫. મહાભારતમ્ આશ્રમવાસિક પર્વ – ૬/૧ થી ૬.
૫૬. મહાભારતમ્ શાંતિ – ૫૭/૩.

સંબંધી પુષ્કળ માહિતી સાંપડે છે.[૫૭] તેથી મહાભારતની રાજનીતિશાસ્ત્રીય ચિંતનના સ્ત્રોત તરીકે સદા ઉપાદેય બની રહેશે. આ ગ્રંથ રાજનૈતિક દષ્ટિએ એટલું મહત્ત્વ ધરાવે છે તેટલું જ લોકોના સંસ્કાર ઘડતર કરવામાં મહત્ત્વ ધરાવે છે. આ વિરાટ ગ્રંથો રાજનૈતિક અને સંસ્કાર ઘડતરમાં ફાળો આપ્યો તેટલો ફાળો આખા જગતના ગ્રંથો એકઠાં થઈને પણ આપી શકે કે કેમ તે વિચારવા જેવું છે.

**(૩) સ્મૃતિસાહિત્ય :-**

સૈકાઓ સુધી ભારતીય જનજીવન પર ધર્મશાસ્ત્ર એટલે કે સ્મૃતિનો પ્રભાવ રહ્યો છે. ધર્મપ્રામાણ્ય પરત્વે વેદ પછીનું સ્થાન સ્મૃતિઓનું સ્વીકારાયું છે.[૫૮] સ્મૃતિ પણ ધર્મનું ઉદ્‌ગમ સ્થાન છે. સ્મૃતિ માટે સામાન્યતયા ધર્મશાસ્ત્ર શબ્દ પ્રચલિત છે. એક અન્ય શબ્દ ધર્મસૂત્ર પણ કયારેક ધર્મશાસ્ત્રના અર્થમાં પ્રયુકત થયો છે. પરંતુ મોટે ભાગે બન્ને એક નથી. તેમની વચ્ચે તફાવતના સ્પષ્ટ મુદ્દાઓ છે એમ દર્શાવી પૃથક્ સાબીત કરવાનો પ્રયાસ થયો[૫૯] છે.

સ્મૃતિ શબ્દ વ્યાપક અર્થ ધરાવતો હોવા છતાં ધર્મશાસ્ત્રના અર્થમાં દીર્ઘકાળ સુધી પ્રયુક્ત થયો છે. એક અર્થમાં સ્મૃતિ શબ્દ વૈદિકવાઙ્‌મયથી ઇતર ગ્રંથો જેમ કે પાણિનિનું વ્યાકરણ, શ્રૌત્ર, ગૃંહ્ય અને ધર્મસૂત્ર, મહાભારત, ગીતા અને મનુ તેમજ યાજ્ઞવલ્કય વગેરેના ધર્મશાસ્ત્ર માટે પ્રયુક્ત થયો છે પણ સીમિત અને રૂઢ અર્થમાં તે ધર્મશાસ્ત્રનો પર્યાય છે.[૬૦] સ્મૃતિ ધર્મ નિરૂપે છે અને ધર્મનું ફલક અતિ વિસ્તૃત છે. સ્મૃતિ તેમજ ધર્મશાસ્ત્રનો અર્થ એક જ છે. મનુ કહે છે કે

''श्रुतिस्तु वेदो विज्ञेयो धर्मशास्त्रं तु वै स्मृतिः ॥''[૬૧]

સ્મૃતિઓની સંખ્યા બાબતમાં એક મત નથી. અપરાર્ક અનુસાર ભવિષ્યપુરાણમાં ૩૬ સ્મૃતિઓ વૃદ્ધગૌતમ સ્મૃતિમાં ૫૭ ધર્મશાસ્ત્રના નામ છે. 'વીર મિત્રોદય' માં ઉધ્ધૃત પ્રયોગ-પારિજાતે ૧૮ મુખ્ય સ્મૃતિઓ, ૧૮ ઉપસ્મૃતિઓ તથા ૨૧ અન્ય સ્મૃતિકારોના નામ છે.[૬૨] બ્યુહલરે ૧૦૦ થી વધુ

---

૫૭. જુઓ - Political Ideas and Institutions in Mahabharata. (Roy B. P.)
(डॉ. रघुवीर शास्त्री, 'महाभारतकालीन राज्यव्यवस्था ।')

૫૮. वेदो धर्ममूलम् । तद्विदा च स्मृतिशीले । - गौतम धर्मसूत्र - १/१/२.

૫૯. Banerjee S. C., Op. Cit. - P. 2.

૬૦. काणे पी. वी., 'धर्मशास्त्र का इतिहास' - पृ. ४०.

૬૧. મનુસ્મૃતિઃ - ૨/૧૦.

૬૨. વીરમિત્રોદય, પરિભાષા પૃ. - પૃ. ૧૮.

સ્મૃતિની યાદી આપી છે. 'નિર્ણયસિંધુ' માં કમલાકરે ૧૩૧ સ્મૃતિનો ઉલ્લેખ કર્યો છે. અનંતદેવના મતે નિર્ણયસંધુમાં ૧૦૪ સ્મૃતિનો ઉલ્લેખ છે.[૬૩] શ્રી કાણે પણ સ્મૃતિઓની સંખ્યા ૧૦૦ થવા જાય છે એમ દર્શાવે છે.[૬૪] વીરમિત્રોદય અનુસાર ૧૮ મુખ્ય સ્મૃતિકારની યાદી આ પ્રમાણે છે - મનુ, બૃહસ્પતિ, દક્ષ, ગૌતમ, યમ, અંગિરા, યોગીશ્વર, પ્રચેતા, શાતાતપ, પરાશર, સંવર્ત, ઉશના, શંખ, લિખિત અત્રિ, વિષ્ણુ, આપસ્તમ્બ અને હારિત[૬૫] આમાં યાજ્ઞવલ્કયનો નિર્દેશ નથી.

## મુખ્ય સ્મૃતિઓનો પરિચય :-

મુખ્ય સ્મૃતિઓનો સંક્ષિપ્ત પરિચય આ પ્રમાણે છે. સ્મૃતિઓમાં અગ્રતમ મનુસ્મૃતિ ગણી શકાય. ૧૨ અધ્યાય અને ૨૬૮૫[૬૬] શ્લોકો ધરાવતી મનુસ્મૃતિનું ભારતીય સંસ્કૃતિમાં અનેરુ સ્થાન છે. મ.સ્મૃ. ના ૭ માં અધ્યાયમાં રાજધર્મ અને ૮, ૯ અધ્યાયમાં વ્યવહારનું નિરુપણ થયું છે.

યાજ્ઞવલ્કય સ્મૃતિ પણ પ્રસિદ્ધ છે. ૧૦૧૦ શ્લોક ધરાવતા આ ગ્રંથના ત્રણ ભાગ છે. આચારાધ્યાય, વ્યવહારાધ્યાય અને પ્રાયશ્ચિતાધ્યાય. આચારાધ્યાયમાં રાજધર્મ અને વ્યવહારાધ્યાયમાં ન્યાયતંત્ર અને વહીવટીતંત્ર પર પ્રકાશ પાડયો છે. વર્તમાન મનુસ્મૃતિના સંસ્કરણનો સમય ઇ.સ.પૂ. બીજી સદી અને ઇ.સ. ની બીજી સદી વચ્ચેનો મનાયો છે.[૬૭] તો યાજ્ઞવલ્કય સ્મૃતિનો સમય ઇ.સ. પૂ. પ્રથમ સદી અને ઇ.સ. ની ત્રીજી સદીનો ગણાયો છે.[૬૮] યા. સ્મૃ. પર મનુસ્મૃતિ અને કૌ.અર્થ. ની અસર માનવામાં આવી છે.

પરાશર સ્મૃતિના વર્તમાન સંસ્કરણમાં ૧૨ અધ્યાય અને ૫૯૨ શ્લોક છે. બૃહત્પરાશરસંહિતા પણ રચાઇ છે. પરાશરસ્મૃતિમાં આચાર અને પ્રાયશ્ચિતનું નિરુપણ છે. આ સ્મૃતિ કલિયુગ માટે મહત્ત્વપૂર્ણ ગણાઇ છે.

આ ઉપરાંત નારદ સ્મૃતિ બૃહસ્પતિસ્મૃતિ અને કાત્યાયન સ્મૃતિ મુખ્યત્વે વ્યવહારને નિરૂપે છે. મનુસ્મૃતિ સાથે નારદસ્મૃતિને સામ્ય છે. ૧૦૨૮ શ્લોક

---

૬૩. Gupta Ram Kishore, 'Political throught in the Smrti Literature', - P. 5.

૬૪. કાણે પી. વી. ઉપર્યુકત - પૃ. ૪૧.

૬૫. એજન.

૬૬. મનુસ્મૃતિઃ - 'સસ્તું સાહિત્ય વર્ધક સાહિત્ય' - અમદાવાદ - ૭ મી આવૃતિ ૨૦૦૧.

૬૭. પી. વી. કાણે ઉપર્યુકત - પૃ. ૪૭.

૬૮. એજન - પૃ. ૫૩.

ધરાવતો આ ગ્રંથ ઇ.સ. ૧૦૦ અને ઇ.સ. ૩૦૦ વચ્ચેના ગાળામાં રચાયેલ છે.[૬૯] બૃહસ્પતિસ્મૃતિમાં ૭૧૧ શ્લોક છે. મનુસ્મૃતિની ઘણી અસર ઝીલી છે અને નારદસ્મૃતિ સાથે સામ્ય છે. ઇ.સ. ૨૦૦ અને ઇ.સ. ૪૦૦ વચ્ચે રચાયેલી મનાતી[૭૦] આ સ્મૃતિના કર્તા બૃહસ્પતિ યાજ્ઞવલ્કય દ્વારા નિર્દિષ્ટ બૃહસ્પતિ હોય તે સંભવિત નથી. કાત્યાયનના શ્લોકો ધર્મશાસ્ત્રીય નિબંધ ગ્રંથોમાં પ્રચુર માત્રામાં જોવા મળે છે. આ સ્મૃતિનો સમય ઇ.સ. ની ચોથી અને છઠ્ઠી સદી વચ્ચેનો ગાળો હોઇ શકે.[૭૧]

આ ઉપરાંત હારીતસ્મૃતિ, અંગિરાસ્મૃતિ, વિષ્ણુસ્મૃતિ, વ્યાસસ્મૃતિ, યમસ્મૃતિ, દેવલસ્મૃતિ, સંવર્તસ્મૃતિ, પ્રજાપતિસ્મૃતિ, શંખસ્મૃતિ વગેરે અન્ય ગૌણ પરવર્તી રચનાઓ છે. પરંતુ રાજનીતિક સિદ્ધાંતોના નિરૂપણની બાબતમાં આ સ્મૃતિઓનું નોંધપાત્ર પ્રદાન નથી.

### સ્મૃતિઓમાં નિહિત રાજનીતિ :-

સ્મૃતિઓમાં પ્રતિપાદિત રાજનીતિ નહીં પણ ધર્મ સ્મૃતિઓનો પ્રતિપાદ્ય વિષય રહ્યો છે. અહીં સામાન્ય ધર્મની સાથે વ્યક્તિ ધર્મ, જાતિધર્મ, વર્ણધર્મ પર પ્રકાશ પાડયો છે અને એ સંદર્ભમાં રાજાનો ધર્મ - રાજધર્મ - સ્મૃતિના વર્ણ્ય વિષયોમાં સ્થાન પામ્યો છે. અંતિમ પુરુષાર્થના સાધનરૂપ ત્રિવર્ગનું સેવાન એ જ સ્મૃતિઓનો પ્રધાન ઉપદેશ છે. આથી ધર્મમીમાંસાની સાથોસાથ અર્થમીમાંસા થયેલ છે. આથી રાજનીતિનું વર્ણન અહીં આનુષંગિક છે. ડૉ. બેટાઇ મનુ વિશે કહે છે તે [૭૨] અન્ય સ્મૃતિઓને થોડા અંશે લાગુ પાડી શકાય.

મનુસ્મૃતિ રાજાની દૈવી ઉત્પતિ વર્ણવે છે. બ્રહ્માએ ઇન્દ્ર, મરુત, યમ, સૂર્ય, અગ્નિ, વરુણ, ઇન્દ્ર અને કુબેરમાંથી અંશો ગ્રહી રાજાનું સર્જન કર્યું તેથી બધા જીવોમાં તે ચઢિયાતો છે.[૭૩] નૃપ આઠ લોકપાલોના શરીર ધારણ કરે છે. રાજા બાળક હોય તો પણ તેનું અપમાન કરવું નહીં કારણ મનુષ્યના રૂપમાં આ મહાન દેવ છે.[૭૪] નારદના વચન મુજબ સાક્ષાત ઇન્દ્ર રાજા સ્વરુપે પૃથ્વી પર

૬૯. એજન - પૃ. ૫૬.
૭૦. એજન - પૃ. ૫૭.
૭૧. એજન - પૃ. ૫૯.
૭૨. Betai R. S., 'A Reconstruction of the original Interpretations of the Manu Smriti' - P. 239.
૭૩. મનુસ્મૃતિઃ - ૭/૪, ૫.
૭૪. એજન - ૭/૮.

સંચરે છે, અગ્નિ, ઇન્દ્ર, સોમ અને કુબેરના રૂપને ધારણ કરે છે.[૭૫] કાત્યાયન અનુસાર સ્વર્ગથી ચ્યુત દેવરાજ પૃથ્વી પર રાજા રૂપે રહ્યો છે.[૭૬] રાજા દેવોના કાર્યો કરે છે. તેમ પણ મનુસ્મૃતિ કહે છે.[૭૭] સર્વની રક્ષા માટે નૃપસર્જન થયેલ છે. માત્સ્યન્યાયને દંડધર રાજા જ રોકી શકે તેવો સ્મૃતિકારોનો વિશ્વાસ છે. વળી દંડને દેવત્ત્વ પ્રદાન કરેલ છે.[૭૮] દંડના સમ્યક્ પ્રયોગની ખાસ ભલામણ કરી છે. પ્રજાપીડક અભ્યાચારી ભ્રષ્ટ રાજાને સહન કરવાની વાત કયાંય નથી.

તો વળી સ્મૃતિઓમાં સપ્તાંગ રાજયના સિદ્ધાંત સ્વીકાર્યા છે. રાજયના સાવયવ અને જૈવિક સ્વરુપનો પણ સંકેત થયો છે. મનુસ્મૃતિ પ્રમાણે આ સાત પ્રકૃતિઓમાં પૂર્વ ગુરુતર છે. સાથોસાથ સ્મૃતિકાર એમ પણ જોઇ શકયા છે, કે એકબીજાના વિશેષ ગુણોને લીધે ત્રણ દંડની જેમ એકબીજાના આધારે રહેલ આ સાતેય અંગોમાં કોઇ એક અંગ કોઇ બીજા અંગથી અધિક નથી.[૭૯] કોઇ એક અંગની મહત્તા પોતાના સ્થાન પર છે. આ વિધાન પ્રતીતિકર છે. પ્રજાપાલન રાજાનું પ્રધાન કાર્ય છે. જે રાજા પ્રજાને પીડા પહોંચાડે છે તે પરિવાર અને રાજય સાથે પોતાનો નાશ કરે છે. ''ન્યાયપૂર્વક પ્રજાપાલન કરવાથી રાજા પ્રજાના પુણ્યનો છઠ્ઠો ભાગ મેળવે છે. સર્વદાનથી મળતા પુણ્યની તુલનાએ પ્રજાપાલનનું ફળ શ્રેષ્ઠ છે. અરક્ષિત પ્રજા જે પાપ આચરે છે તેનો અર્ધો ભાગ રાજાના ભાગમાં આવે છે. પ્રજાપીડનનો સંતાપ એ હુતાશનને પ્રગટાવે છે. જે રાજાના કુળ, લક્ષ્મી અને પ્રાણને નષ્ટ કરીને જ શાંત પડે છે.''[૮૦] આમ કરગ્રહણ અને પ્રજા રક્ષણ સાથોસાથ ચાલે છે.

રાજા સ્વયં વ્યસનરહિત, સંયમી, વિનયાન્વિત, વૃદ્ધસેવી અને ગુણસંપન્ન હોય એ અપેક્ષા છે.[૮૧] રાજા સિવાયના અન્ય રાજયાંગ વિષે વિગતે ચર્ચા છે.

---

૭૫. નારદસ્મૃતિઃ - પ્રકીર્ણક - ૨૦, ૨૨.
૭૬. રાજધર્મકાંડમાં ભાગ - ૩ - પૃ. ૧૬ પર ઉધ્ધરણ.
૭૭. મનુસ્મૃતિઃ - ૯ / ૩૦૩ થી ૩૧૧.
૭૮. એજન - ૭ / ૨૫ તથા યાજ્ઞવાલ્કય સ્મૃતિ - ૧ / ૩૫૩.
૭૯. મનુસ્મૃતિઃ - ૯ / ૨૯૫, ૨૯૬.
૮૦. યાજ્ઞવલ્કય સ્મૃતિ - ૧ / ૩૩૫, ૩૩૭, ૩૪૧.
૮૧. મનુસ્મૃતિ, અધ્યા. ૭, યાજ્ઞવલ્કયસ્મૃતિ, આચારાધ્યાય.

ષાડ્ગુણ્ય, ઉપાય ચતુષ્ટય અને દ્વાદશ રાજમંડલનું નિરુપણ પણ સ્મૃતિઓમાં થયું છે. મનુસ્મૃતિ તો સંધિ વગેરે છ ગુણોના પ્રત્યેકના બે-બે પ્રકાર દર્શાવે છે.[૮૨] દૂતયોગ્યતા, દૂતકાર્ય, દુર્ગપ્રકાર, યુદ્ધ પ્રકાર, સૈન્ય પ્રકાર, વ્યૂહભેદની ચર્ચા યુદ્ધનીતિનો સંકેત કરે છે.

રાજયના વહીવટમાં એક ગામ, દશ ગામ, વીશ ગામ, સો ગામ, હજાર ગામના એકમોની શૃંખલા કેન્દ્રીકરણની સાથોસાથ વિકેન્દ્રીકરણનો ખ્યાલ આપે છે. વ્યવહારની ચર્ચા ન્યાયતંત્રનો પરિચય આપે છે. વ્યવહારના નિર્ણયમાં પરામર્શ કરી જાણનાર મંત્રી અને બ્રાહ્મણની સહાય લેવા કહ્યું છે. વ્યવહાર શબ્દ કાત્યાયને આ પ્રમાણે સમજાવ્યો છે -

वि नानार्थेऽवसंदेहे हरणं हार उच्चयते ।

नानासंदेहहरणाद्वव्यवहार इति स्मृतः ॥[૮૩]

આમ જુદા-જુદા સંદેહ દૂર કરવા તે વ્યવહાર છે. વ્યવહારના અઢાર[૮૪] પ્રકાર છે - કરજ ન કરવું, થાપણ ન સોંપવી, ભાગીદારીમાં વેપાર કરવો, આપેલુ દાન પાછું ઝુંટવી લેવુ, સીમનો ઝઘડો વગેરે[૮૫] સ્ત્રી-પુરુષના ધર્મની વ્યવસ્થા, દાયભાગની ચર્ચા પણ સ્મૃતિ ગ્રંથોએ કરી છે. ન્યાયાધીશના કાર્યો, સાક્ષીની યોગ્યતા, પરીક્ષા અને સજા તથા દિવ્ય પ્રયોગો પર ઘણો પ્રકાશ પાડ્યો છે. આ બધા દ્વારા તત્કાલીન દીવાની અને ફોજદારી અપરાધોના ન્યાયની વ્યવસ્થા જાણી શકાય છે.

આમ સ્મૃતિઓમાં નિરુપિત રાજધર્મ અને વ્યવહાર સ્મૃતિઓને રાજનીતિશાસ્ત્ર સાથે ગાઢ રીતે સાંકળી લે છે. સ્મૃતિઓ રાજધર્મ દ્વારા રાજા અને પ્રજા ઉભયને સ્વધર્મનિરત બનાવવાનું ધ્યેય પાર પાડે છે. આથી સમાજમાં સુવ્યવસ્થા શકય બને છે. ધર્માનુપ્રાણિત રાજનીતિ એ જ સ્મૃતિસંમત રાજનીતિ છે. સ્મૃતિઓમાં ધાર્મિક, નૈતિક અને દાર્શનિક પૃષ્ઠભૂમિમાં રાજનીતિના

૮૨. મનુસ્મૃતિઃ - ૭/૧૬૩ થી ૧૬૮.

૮૩. એજન - ૮/૧ પર કુલ્લુકની ટીકામાં ઉધ્ધરણ.

૮૪. એજન - પૃ. ૧૫૧ પર શ્લોક અનુસાર (પ્રક્ષેપ).

૮૫. એજન - ૮/૪ થી ૭.

તત્ત્વો પ્રસ્તુત કરવાનો પ્રયાસ જોઇ શકાય.

**(૪) પુરાણ સાહિત્ય :-**

પ્રાચીન ભારતીય રાજનીતિના સિદ્ધાંતોને જાણવા આધાર સામગ્રી સ્વરૂપે જ્ઞાનકોશ એવા પુરાણોની ઉપયોગિતા શંકાતીત છે. સર્ગ, પ્રતિસર્ગ, વંશ, મન્વન્તર અને વંશાનુચરિત એ પંચલક્ષણ ધરાવતા પુરાણોનો અભ્યાસ કરી પુરાણ નિર્દિષ્ટ રાજનીતિ તારવવાના સન્નિષ્ઠ પ્રયાસ થયા છે.

કૌ. અર્થ. પુરાણથી પરિચિત હોવું તે રાજા માટે મહત્ત્વનું ગણે છે. આપસ્તમ્બ ધર્મસૂત્ર પૌરાણિક સંદર્ભોને ટાંકે છે. આમ, ઇ.સ.પૂ. ના પાંચેક સૈકાઓ જૂના પુરાણો છે પરંતુ તેમના સંસ્કરણો થતાં રહ્યાં છે. મોટાભાગના પુરાણોના વર્તમાન સંસ્કરણો તુલનાએ પરવર્તી કાળમાં થયાં છે. ઇ.સ. ના ૬ ઠા સૈકા પછી અને ૧૦ માં સૈકા સુધીમાં પુરાણોમાં રાજધર્મ વિષયક બાબતો ભેળવી દીધી છે.[૮૬]

અ.પુ., મ.પુ., વિ.ધ.પુ., કાલિકા, બૃ.ધ.પુ. અને નીલમતમાં રાજધર્મનિરુપણ પ્રાપ્ત થાય છે. અ.પુ. માં અધ્યાય ૨૧૮ થી ૨૩૫ તેમજ ૨૩૮ થી ૨૪૨ અધ્યાય રાજધર્મ સંબંધી છે. મત્સ્યપુરાણમાં અધ્યાય ૨૧૫ થી ૨૪૩ સુધી રાજધર્મ વર્ણન છે. વિ.ધ.પુ. ના બીજા ખંડના અધ્યાય ૨ થી ૭, ૧૮, ૨૧, ૨૪ થી ૨૬, ૨૮, ૬૧ થી ૬૩, ૬૬ થી ૭૨, ૧૪૫ થી ૧૫૧ અને ૧૬૩ થી ૧૭૭ રાજધર્મને સ્પર્શે છે. કાલિકા. અધ્યાય ૮૭ રાજધર્મ વિષયક છે. બૃ.ધ.પુ. માં ૨-૩ માં આ વિષય વર્ણવ્યો છે. નીલમત. માં શ્લોક ૯૭૦ થી ૧૦૧૧ રાજધર્મ પર પ્રકાશ પાડે છે. માર્કંડેય પુરાણના ૨૪ માં અધ્યાયમાં મદાલસા અને પુત્રના સંવાદમાં રાજધર્મ વર્ણન છે.

**❖ પુરાણપ્રતિપાદિત-રાજધર્મ :-**

ઉપર્યુકત દર્શાવ્યા અનુસાર પુરાણોમાં રાજધર્મ રાજનીતિના વિચારો યત્ર-તત્ર પથરાયેલા છે. તદ્અનુસાર જોઇએ તો સૌ પ્રથમ એ ધ્યાનમાં રહેવું જોઇએ કે પુરાણોમાં નિરુપિત રાજધર્મ વિષયક મોટાભાગની બાબતો અન્ય

---

૮૬. - Hazra R. C., 'Studies in the Puranic Pecords on Hindu Rites and Custom.' - P. 133-44.
- Mishra B. B. Op. Cit. - P. 17.

ગ્રંથોમાંથી લેવામાં આવી છે. અ.પુ., મ.પુ. અને વિ.ધ.પુ. ની રાજધર્મની ચર્ચા મનુસ્મૃતિ, કામંદકીયનીતિસાર, નારદીયસ્મૃતિ વગેરેમાંથી ઉમેરી દેવાઇ છે. અ.પુ. માં તો કા.ની ના કેટલાયે શ્લોકો જોવા મળે છે. ગરુડપુરાણના ૩૯૦ શ્લોકોમાંથી ૩૩૪ શ્લોકો ચાણક્ય રાજનીતિશાસ્ત્રના શ્લોકોને મળતા આવે છે. [૮૭]

માત્સ્યન્યાય, અરાજકસ્થિતિ, પુરાણોમાં પણ વર્ણિત છે. માત્સ્યન્યાયનો પ્રતિકાર દંડ છે. દંડ ધર્મ છે. દંડના ભયથી પાપી પાપ કરતો નથી એ માન્યતા પુરાણમાં પણ વ્યક્ત થઇ છે. [૮૮] રાજાની દૈવી ઉત્પત્તિનો વિચાર પુરાણોમાં પણ છે. સ્વાયંભવ મનુ પ્રજાપાલન માટે બ્રહ્માથી ઉત્પન્ન થયેલ છે એમ ગરુડપુરાણમાં[૮૯] કહ્યું છે. ચક્રવર્તી રાજા વિષ્ણુના અંશમાંથી નિર્મિત થયેલ છે, તેનો સંકેત મ.પુ., બ્ર.પુ., વા.પુ. વગેરેએ કર્યો છે. પુરાણો સપ્તાંગ રાજયને નિરૂપે છે. [૯૦] તેમાં રાજાનું મહત્ત્વ સ્પષ્ટ છે. જેમકે -

अबलस्य बलं राजा, राष्ट्रस्य रक्षणं राजा, पृथिव्यां भूषणं नृपः ।

પશુપાલન રાજની મુખ્ય વૃત્તિ છે. તેણે પ્રજા પ્રત્યે પુત્ર જેવો ભાવ રાખી પોષણ કરવું જોઇએ. રાજા સર્વ વર્ણોના બંધુ છે. [૯૧] અમાત્યનું મહત્ત્વ પુરાણો સ્વીકારે છે. અ.પુ. અનુસાર રાજાને આવશ્યક ગુણો અમાત્યમાં પણ હોવા જોઇએ. પુરાણોમાં વહીવટીતંત્ર કરપ્રણાલી, અનુજીવીઓના વ્યવહાર, પરરાજયનીતિ, સંધિ વગેરે ગુણો, મંડળસિદ્ધાંત, યુદ્ધનીતિ, સૈન્ય વ્યવસ્થા વગેરે પણ નિરુપિત થયેલ છે. પુરોગામીઓની ઘણી અસર પ્રવર્તતી હોવા છતાં સમયાનુસાર પરિવર્તન અને ઉમેરણ થયા છે.

આમ વૈદિક સાહિત્યની જેમ પુરાણ સાહિત્ય પણ પુરાતન અને પુનિત ગણાય છે, તેથી પુરાણોને પાંચમો 'વેદ' માનવામાં આવે છે. પુરાણ સાહિત્ય કોઇ એક કાળની કે એક વ્યક્તિની રચના નથી. પરંતુ સમયના વિશાળ પટ ઉપર અનેક ઋષિકુળો દ્વારા જ આનું સર્જન આવ્યું છે. આમ પુરાણોના સર્જનમાં પણ એક કરતાં વધારે વ્યાસની કલમપ્રસાદીનો ફાળો છે. હજારો વર્ષના સમયગાળામાં

૮૭. डॉ. अवस्थी अवधविहारीलाल, 'गरुड पुराण एक अध्ययन'. પૃ. ૭૭ પર ઉધ્ધરણ.
૮૮. મત્સ્યપુરાણ - ૨૨૪-૮, ૯, ૨૪.
૮૯. ગરુડપુરાણ - ૧-૫-૧૮.
૯૦. એજન અનુક્રમે - ૧-૧૧૫-૪૧; ૧-૨૨૨-૪૬; ૧-૧૧૩-૧૩.
૯૧. એજન - ૨-૧૭-૩૧.

પૃથ્વી, આકાશ, માનવ, યજ્ઞો, સૃષ્ટિ, પ્રલય, વિનાશ તથા રાજવંશો અને ભૂગોળ ખગોળની જે કથાઓ, પ્રસંગો, ઘટનાઓ વગેરે લોકોમાં જાણીતી હતી તેમાં અનેક કલ્પનાઓના રંગો ઉમેરીને પુરાણોમાં વર્ણવવામાં આવી છે. તદુપરાંત વેદમાં જે કોઇ નાનું વિચાર બીજ પડયું હોય તેને ઉપાડીને પુરાણોમાં વિશાળ વટવૃક્ષ બનાવી દીધું છે.

**(૫) લઘ્વર્હન્નીતિ :-**

નીતિવાકયામૃતની જેમ જે અન્ય જૈન કૃતિઓ ઘણીવાર રાજનીતિશાસ્ત્રીય ગ્રંથ તરીકે નિર્દેશ થાય છે. તે 'લઘ્વર્હન્નીતિ' છે. કુમારપાલના આગ્રહથી અર્હન્નીતિ નામના શાસ્ત્રમાંથી કંઇક સાર લઇને રાજા અને પ્રજાના હિત માટે આ ગ્રંથ રચાયો છે એમ ગ્રંથારંભે વિધાન છે.[૯૨] આ ગ્રંથના ચારેય અધિકારની પુષ્પિકા અનુસાર **હેમચન્દ્રાચાર્ય** તેના રચયિતા છે.[૯૩] માગધી ભાષાના બૃહદર્હનનીતિના સંક્ષેપ રૂપે આ ગ્રંથની રચના હેમાચાર્યે કરી છે, એમ પુરવાર કરતી દલીલો પ્રસ્તુત થઇ છે.[૯૪] પરંતુ શ્રી **જીનવિજયજી** વગેરે વિદ્વાનોનું માનવું છે કે આ ગ્રંથ હેમચન્દ્રાચાર્યનો નથી જ.[૯૫]

લઘ્વર્હન્નીતિમાં ચાર અધિકાર અને ૯૦૦ શ્લોક છે. પ્રથમભૂપ ઋષભદેવ, મહાવીર, ગણધરો અને સરસ્વતીને વંદના કરી આરંભ કર્યો છે. રાજા શ્રેણિકના પ્રશ્નના મહાવીરે આપેલ ઉત્તર રૂપે આ ગ્રંથ પ્રસ્તુત થયો છે. પ્રશ્ન આ પ્રમાણે પૂછવામાં આવ્યો હતો કે –

पुरा स्वामिन् राजनीतिमार्गः केन प्रकाशितः ।
कतिभेदश्य किंरुपो जिज्ञासेति भृशं मम ॥[૯૬]

ઋષભદેવને રાજનીતિના પુરસ્કર્તા દર્શાવી આ ગ્રંથકાર દંડનીતિની દૈવી ઉત્પતિની મહાભારત વગેરે દ્વારા નિર્દિષ્ટ માન્યતાનું અનુકરણ કરતા જણાય છે. પ્રથમ અધિકારમાં રાજા, અમાત્ય, દૂત વગેરેનું વર્ણન છે. શુભ લક્ષણો, સુંદર શરીર શુદ્ધ

---

૯૨. अर्हन्नीति (અનુ. મણિલાલ નથુભાઇ ડોસી) શ્લોક – ૬/૭ – પૃ. ૨.

૯૩. એજન – પૃ. ૨૦, ૪૮, ૨૫૩–૫૪, ૨૬૪.
(त्याचार्यश्रीहेमचन्द्रविरचित चौलुक्यवंशभूषणकुमारपाल शुश्रूषिते लध्वर्हन्नीतिशास्त्रे........ ऽधिकारः ॥

૯૪. એજન ગ્રંથવિવેચન – પૃ. ૧૨.

૯૫. મોદી મધુસૂદન, હેમસમીક્ષા.

૯૬. अर्हन्नीति, ઉપર્યુકત – પૃ. ૩.

રાજકુળમાં જન્મ વગેરે ૩૬ ગુણો રાજા માટે આવશ્યક ગણ્યા છે. પ્રજાપાલનને રાજાનું શ્રેષ્ઠ કર્તવ્ય દર્શાવી મંત્રી, સેવક વગેરેથી પીડાતી પ્રજાના પાલનમાં પ્રમાદ નહીં કરવા ભલામણ કરી છે.[૯૭] નીતિપૂર્વક કોશવૃદ્ધિ ઇષ્ટ માની છે. ન્યાયચ્યુત રાજા ઉભયલોકમાં દુઃખ ભોગવે છે. મૃગયા વગેરે વ્યસનોથી રાજા દૂર રહે વગેરે વચનો ધર્મશાસ્ત્રીય વચનો સાથે સંવાદિતા ધરાવે છે. કૌ.અર્થ. ની માફક ત્રણ શક્તિ, ચાર ઉપાય, છ ગુણ, સાત અંગ વગેરેનું અહીં જે નિરૂપણ થયું છે તે સંક્ષિપ્ત છે. પ્રકૃતિને રાજયનું આઠમું અંગ માનેલ છે. વળી સાત અંગના ઉલ્લેખમાં ક્રમ ભિન્ન છે.[૯૮]

स्वाम्यमात्यसहत्कोशराष्ट्रदुर्गबलानि च ।

રાજા પછીનું સ્થાન અમાત્યનું છે. મંત્રી અને અમાત્યને એક ગણ્યા છે. મંત્રી કુલીન, ધીર, ન્યાયનિષ્ઠ, મેધાવી, દંડનીતિ વિશારદ અને આસ્તિકયાદિ ચાર પ્રકારની બુદ્ધિમાં આસ્થાવાન અને કુળક્રમાગત હોવો જોઇએ. સેનાપતિના ગુણોમાં યવનલિપિદક્ષતા, મ્લેચ્છભાષાનિપુણતાનો જે સમાવેશ કર્યો છે તે સમકાલીન આવશ્યકતાને કારણે થયો જણાય છે, દૂત બાબત વિશેષ કહેવાયું છે કે તે ઘણું કરીને બ્રાહ્મણ હોવો જોઇએ. અહી જે વ્યૂહ વર્ણવ્યા છે, યુદ્ધનીતિ દર્શાવી છે, વ્યવહાર નિરૂપણ થયું છે, તે પ્રાયઃ ધર્મશાસ્ત્રીય વિચારોને અનુરૂપ છે. સ્ત્રીનું સ્થાન, પુત્રપ્રકાર, પ્રાયશ્ચિતાદિ પણ વર્ણવ્યા છે. પૌનર્ભવ, કાનીન, પુચ્છન્ન, ક્ષેત્રજ પુત્રોને વારસાના અધિકારી ગણ્યા નથી કારણ કે જારપણાનો દોષ રહેલો છે.

આમ મનુસ્મૃતિ, યાજ્ઞવલ્કયસ્મૃતિ વગેરેની પુષ્કળ અસર છતાં આ ગ્રંથમાં જૈન માન્યતાઓનું અંતર પ્રવર્તતુ દેખાય છે. રાજનીતિ શાસ્ત્રમાં આ ગ્રંથનું સ્થાન મહત્ત્વનું ન ગણી શકાય. આમેય આ ગ્રંથ શુદ્ધ રાજનીતિનો નથી. નીચેનું તારણ[૯૯] યથાર્થ છે -

"This wort has More the character of Dharmasastra than that of a Nitisastra. But the Main topics of the Nitisastra proper are generally found here."

---

૯૭. એજન - પૃ. ૯.

૯૮. એજન - પૃ. ૧૧.

૯૯. Chaudhary G. C. - "Political History of Northern India From Jain Sources.' - P. 8.

## (૬) નિબંધગ્રંથો :-

ધર્મશાસ્ત્રીય સાહિત્યની પરંપરામાં ઇ.સ. ૮૦૦ થી ઇ.સ. ૧૮૦૦ સુધી એક હજાર વર્ષના ગાળાને વિદ્વાનો ત્રીજું સોપાન ગણાવે છે.[૧૦૦] આ ગાળામાં મૌલિક અને સ્વતંત્ર સ્મૃતિ ગ્રંથોની રચના થઇ નથી, પરંતુ ભાષ્ય અને સંકલન ગ્રંથો - નિબંધો રચાયા છે. આ ત્રીજા સોપાનમાં રાજનીતિશાસ્ત્રના ક્ષેત્રે કોઇ ગણનાપાત્ર સ્વતંત્ર ચિંતન પ્રસ્તુત થયું નથી. પૂર્વરચિત અર્થશાસ્ત્ર - નીતિશાસ્ત્રમાંના વિશદ્ નિરૂપણનો તથા મનુસ્મૃતિ, યાજ્ઞવલ્કયસ્મૃતિ વગેરેમાં નિર્દિષ્ટ રાજધર્મ, વ્યવહાર વગેરેના વિચારોનો વ્યાપક સ્વીકાર થઇ જવાથી કશું નવું પ્રસ્તુત કરવાની આવશ્યકતા રહી નહીં હોય તેમ અનુમાન કરી શકાય. આથી જે ચિંતન પરંપરાથી મળે છે તેના સંકલનમાં આ સમયના વિદ્વાનોની પ્રતિભા અને પ્રવૃત્તિ સીમિત બની ગઇ છે.

રાજનીતિશાસ્ત્રનો સંબંધ છે ત્યાં સુધી નિબંધ ગ્રંથો પૈકી નીચેની રચનાઓ ઉલ્લેખનીય છે. જેમ કે,

### ૧. યુક્તિકલ્પતરુ :-

૧૧ મી સદીના પૂર્વાર્ધના પરમારવંશીય રાજા ભોજની મનાતી રચના 'યુક્તિકલ્પતરુ' ગ્રંથનો બહુ થોડો ભાગ રાજનીતિશાસ્ત્રીય ચિંતન રજૂ કરે છે. વિશેષતઃ અહીં વિવિધરત્ન, આયુધ, વાહન, ગજ, અશ્વ વગેરે પ્રાણીઓ અને નગરરચનાનું નિરુપણ છે. અલબત્ત નીતિ, અધ્યક્ષપ્રચાર, સૈન્યભેદ, પરરાષ્ટ્રનીતિ, યુદ્ધનીતિ, દંડવ્યવસ્થા અને દુર્ગવૈવિધ્ય વગેરે રાજનીતિ સંબંધી વિષયોનું પણ અહીં નિરૂપણ છે. પરંતુ તેમાં વિશેષ નાવીન્ય નથી. રાષ્ટ્રીય સંકટ માટે અનામત કોશની આવશ્યકતા, કોશની વિશેષ મૂલ્યવતા તેમજ નૌકાદળની ઉપાદેયતા અને નગરનિર્માણના વિગતપૂર્ણ નિયમો વિશેના વિચારોને યાદ કરતાં પ્રાયઃ સઘળું પૂર્વવર્તી ગ્રંથોના વિચારોનું સારગ્રહણ છે. જો કે ભોજ રાજનીતિના વર્ણનમાં મહત્તમ રસ ધરાવે છે.[૧૦૧]

### ૨. રાજનીતિકામધેનુ :-

ગોપાલ રચિત આ ગ્રંથ પ્રાપ્ય નથી પરંતુ અન્ય ગ્રંથોમાં તેના ઉધ્ધરણો

---

૧૦૦. काणे पी. वी., 'धर्मशास्त्र का इतिहास' - पृ. ६५.

૧૦૧. Udgaonkar P. B., The Poli. Inst. and Adm. - P. 28-29.

પ્રાપ્ત થાય છે. રાજનીતિકામધેનુનો સમય ઇ.સ. ૧૦૦૦ અને ઇ.સ. ૧૧૦૦ વચ્ચેનો મનાયો છે.[૧૦૨]

### ૩. કૃત્યકલ્પતરુ :-

કૃત્યકલ્પતરુના રચયિતા મહાસંધિવિગ્રહિક લક્ષ્મીધર ભટ્ટનો સમય ઇ.સ. ની ૧૨ મી સદીનો છે.[૧૦૩] આ ગ્રંથ વિશાળકાય છે. તેના ૧૪ કાંડ પૈકી એક 'રાજધર્મકાંડ' છે. આ કાંડમાં નાના મોટા ૨૧ અધ્યાય છે. પ્રથમ ૧૨ અધ્યાયમાં રાજયમાં સાત અંગો, અધ્યાય ૧૩ અને ૧૪ માં ષડ્ગુણ્ય અને છેલ્લા સાત અધ્યાયમાં રાજાના કલ્યાણાર્થે ઉત્સવ, પૂજન અને કૃત્યો વર્ણવ્યા છે. ગ્રંથકાર અર્થશાસ્ત્ર કરતાં ધર્મશાસ્ત્રને પ્રબળ માને છે. કદાચ આ કારણે અર્થશાસ્ત્ર અને નીતિશાસ્ત્ર સંબંધી ગ્રંથોમાંથી સુલભ હોવા છતાં તેઓએ તેવાં કોઇ ઉદ્ધરણ આપેલ નથી.[૧૦૪] તેઓ રાજશાસન કરતાં ધાર્મિક વિધિ વિધાનોમાં વિશેષ રસ ધરાવે છે.

### ૪. માનસોલ્લાસ :-

માનસોલ્લાસ અગિયારમી સદીના પૂર્વાધના ચાલુકયનરેશ સોમેશ્વરની રચના છે. આ ગ્રંથ એક વિશાળકાય સારસંગ્રહની ગરજ સારે છે. આ ગ્રંથનું અન્ય નામ 'અભિલષિતાર્થ ચિંતામણી' છે. આ ગ્રંથ રાજયપ્રાપ્તિકારણ, રાજયસ્થૈર્યકારણ, ભર્તુરુપભોગકારણ, પ્રમોદકારણ અને ક્રીડાવિંશતિ એમ પાંચ વિંશતિમાં વિભાજિત થયો છે. અહીં દ્વિતીય વિંશતિમાં રાજનીતિની વિશેષ ચર્ચા કરી છે. તદ્ અનુસાર રાજાના ગુણો, મંત્રીપરિષદનું મહત્ત્વ, અધિકારીના કાર્યો, કોશરક્ષણ, દુર્ગવિધાન, ષાડ્ગુણ્ય, યુદ્ધનીતિ, રાજયરક્ષણ વગેરે બાબતો પર અહીં પ્રકાશ પાડયો છે. દુર્ગમાં શત્રુનો સામનો સારી રીતે થઇ શકે તે માટે વાઘ, સિંહ, સર્પના સંગ્રહ પર ભાર મૂકયો છે. દુર્ગના પ્રસિદ્ધ પ્રકાર ઉપરાંત પથ્થર, ઇંટ અને કાદવ-ગારો આ દુર્ગની પણ ચર્ચા કરી છે. યુદ્ધ દરમિયાન ઘરને આગ લગાડવી, પાકનો નાશ કરવો, જળાશય તોડી નાખવા વગેરે સલાહ આપી છે. બળવો કરનાર રોગતુલ્ય મનાયો છે. રાજનીતિ ઉપરાંત અન્ય શાસ્ત્રો જેવા કે આયુર્વેદ, ખગોળ, જયોતિષ,

---

૧૦૨. काणे पी. वी., उपर्युक्त - पृ. ७४.

૧૦૩. એજન - પૃ. ૭૭.

૧૦૪. पाण्डेय श्यामलाल, ''भारतीय राज्यशास्त्र प्रणेता'' - पृ. - ३४८-३५०.

સંગીત, ગજચિકિત્સા અને અશ્વવૈધક વગેરેનું વિગતે વર્ણન થયું છે. આમ રાજનીતિ આ ગ્રંથનો પ્રધાન વર્ણ્યવિષય નથી. વળી રાજનીતિનું જે નિરૂપણ થયું છે તેમાં નાવીન્ય ઓછું છે. સ્વયં રાજા હોવા છતાં શાસન પ્રણાલી અને રાજનીતિની નક્કર બાબતો ગ્રંથકારે નહિંવત આપી છે.[૧૦૫]

**૫. સ્મૃતિચંદ્રિકા :-**

બારમી સદીના ગણાતા દેવણ્ણ ભટ્ટની 'સ્મૃતિ ચંદ્રિકા' એ ગ્રંથકારને એક નિબંધકારની પ્રસિદ્ધિ અપાવી છે. આ કૃતિનો દક્ષિણ ભારતમાં વિશેષ પ્રચાર રહ્યો છે. સંસ્કાર, આહ્નિક, વ્યવહાર, શ્રાધ્ધ અને અશૌચ એ પાંચ કાંડ ધરાવતી આ કૃતિમાં વ્યહારની ચર્ચાના ઉપક્રમે રાજનીતિશાસ્ત્રીય બાબતો પ્રાપ્ત થાય છે. અનેક સ્મૃતિકાર અને ટીકાકારના ગ્રંથોમાંથી શ્લોકો ટાંકયા છે પરંતુ અર્થશાસ્ત્ર નીતિશાસ્ત્રના કોઇ ગ્રંથનો આધાર લીધો નથી.[૧૦૬] રાજનીતિની અહીં પ્રાપ્ત થતી બાબતો મોટે ભાગે ધર્મશાસ્ત્રીય પરંપરાની જણાય છે.

**૬. રાજનીતિરત્નાકર :-**

મૈથિલીય ધર્મશાસ્ત્રીય નિબંધકાર ચંડેશ્વર સ્વયં મિથિલાધીપ હરિસિંહદેવના પ્રધાન અમાત્ય હતા. તેમનો સમય ૧૪ મી સદીનો પૂર્વાર્ધ મનાય છે.[૧૦૭] રાજા ભવેશની આજ્ઞાથી તેમણે 'રાજનીતિરત્નાકર' ની રચના કરી. આ સિવાય સ્મૃતિરત્નાકર તેમનો મહત્ત્વપૂર્ણ ગ્રંથ છે, જેમાં કૃત્યરત્નાકર, ગૃહસ્થરત્નાકાર, દાનરત્નાકર, વિવાદરત્નાકર વગેરેનો સમાવેશ થાય છે.

રાજનીતિરત્નાકરમાં ૧૬ તરંગો આવેલા છે. તેમાં રાજા, મંત્રી, પુરોહિત, પ્રાડ્વિવાક્, સભ્ય, દુર્ગ, મંત્ર, કોશ, બલ, સેનાપતિ, દૂત, સજાના સામાન્યકાર્ય, દંડ, રાજય વ્યવસ્થા, દાન અને રાજયાભિષેકની ચર્ચા છે. આમ રાજનીતિરત્નાકર રાજનીતિ પર શુદ્ધ અને સ્વતંત્ર નિબંધગ્રંથ છે. ચંડેશ્વર પ્રજાને વિષ્ણુરૂપ માને છે. તેઓ પરોક્ષરૂપે લોકપ્રભુતા પ્રતિ સંકેત કરતાં જણાય છે. ઉદાર અને પ્રગતિવાદી આ નિબંધકાર રાજયશાસ્ત્રને ધર્મશાસ્ત્ર અંતર્ગત માનતા નથી.[૧૦૮] ચંડેશ્વર પૂર્વવર્તી રાજનીતિશાસ્ત્રીય વિચારોથી સારી રીતે પરિચિત છે. તેમની આ કૃતિમાં

---

૧૦૫. Udgaonkar P. B., op. oit. pp. - 25-28.
૧૦૬. काणे पी. वी., 'धर्मशास्त्र का इतिहास' - पृ. ८२.
૧૦૭. એજન - પૃ. ૮૫.
૧૦૮. पाण्डेय श्यामलाल, ''भारतीय राज्यशास्त्र प्रणेता'' - पृ. - ३६५.

કોશકાર અમરસિંહ સ્મૃતિકાર કાત્યાયન, કામન્દક, કુલ્લુક ભટ્ટ, કૌટિલ્ય, નારદ, ભાગવત પુરાણ, મનુસ્મૃતિ, યાજ્ઞવલ્કય સ્મૃતિ, રામાયણ, મહાભારત, લક્ષ્મીધર, વશિષ્ઠ, વિષ્ણુ, બૃહસ્પતિ, વ્યાસ, શુક્ર, શ્રીકર અને હારીતના મત નિર્દિષ્ટ થયા છે.

આમ રાજનીતિરત્નાકરને આપણે સમગ્ર રીતે જોતાં જણાય છે કે ચંડેશ્વરે સમયાનુરુપ શાસ્ત્રીય દષ્ટિકોણ પ્રકટ કરેલ છે. મુદ્દાસર વિવરણ પ્રસ્તુત કરી સારી છાપ પાડી છે. પુરોગામીઓના મત ટાંકયા છે છતાં તેમાં નવા ઉત્સાહના દર્શન થાય છે. અન્ય નિબંધકારોની તુલનાએ ચંડેશ્વર સ્પષ્ટપણે જુદા તરી આવે છે.

**૭. નીતિમયૂખ :-**

'નીતિમયૂખ' ના કર્તા નીલકંઠ એક વિખ્યાત નિબંધકાર છે. આ ગ્રંથ ૧૭ મા સૈકાના પૂર્વાર્ધમાં રચાયેલ છે. સરદાર ભગવન્તદેવના માનમાં રચેલ ભગવન્તભાસ્કર નામના વિશાળ ગ્રંથના ૧૨ મયૂખ (પ્રકરણ) માં સંસ્કાર, શ્રાદ્ધ, વ્યવહાર, દાન પરના મયૂખની સાથે નીતિમયૂખનો સમાવેશ થાય છે. વ્યવહારમયૂખ પશ્ચિમ ભારતમાં ઘણુ પ્રામાણ્ય ભોગવતો હતો.[૧૦૯] અન્ય નિબંધકારોની દષ્ટિ રાજયધર્મસંબંધી આડંબરપૂર્ણ કર્મકાંડ અને ધાર્મિક કૃત્યોમાં ગૂંચવાઇ ગયેલી છે ત્યારે નીલકંઠ સ્વયં મીમાંસક હોવા છતાં રાજધર્મનું વિશુદ્ધ સ્વરુપ પ્રસ્તુત કરે છે. તે ખાસ ધ્યાન ખેંચે છે. કામન્દક, વિ.ધ., દે.પુ., મ.ભા., વરાહમિહિર, મનુસ્મૃતિના શ્લોકોનો પણ ઘણો ઉપયોગ કર્યો છે.

**૮. વીરમિત્રોદય :-**

વીરમિત્રોદય મિત્રમિશ્રે ૧૭ મા સૈકાના ગ્વાલિયર નિવાસી વીરસિંહના આદેશથી રચ્યો હતો. આ ગ્રંથ મ.ભા. થી પણ મોટો નિબંધગ્રંથ મનાય છે. મિત્રમિશ્રે ૨૦ પ્રકાશમાં તેને વિભાજિત કર્યો છે. અસંખ્ય ગ્રંથો અને ગ્રંથકારોના મત તેમાં પ્રસ્તુત કર્યા છે. 'રાજનીતિપ્રકાશ' એ 'વીરમિત્રોદય' નો એક ભાગ છે.[૧૧૦] મિત્રમિશ્ર રાજયશાસ્ત્રને ધર્મશાસ્ત્રનું જ એક ઉપયોગી અંગ માને છે. આ કારણે તેમને અર્થશાસ્ત્ર - નીતિશાસ્ત્રના ગ્રંથોમાંથી ઉતારાઓ ટાંકયા નથી

૧૦૯. काणे पी. वी., 'धर्मशास्त्र का इतिहास' - पृ. ९३, ९४.

૧૧૦. काणे पी. वी., 'धर्मशास्त्र का इतिहास' - पृ. ९४.

એમ જણાય છે. તેઓ પ્રગતિવાદી અને ઉદાર વિચારક છે. ક્ષત્રિય જ રાજા હોઇ શકે તેમ તેઓ માનતા નથી. કોઇપણ પ્રજાપાલક તેમની દષ્ટિએ રાજા હોઇ શકે. ગ્રંથકારે આ ગ્રંથમાં રાજયશાસ્ત્રસંબંધી બધા વિષયોનું વિવેચનાત્મક શૈલીથી નિરૂપણ કર્યું છે.

**૮. રાજધર્મકૌસ્તુભ :-**

'રાજધર્મકૌસ્તુભ' ની રચના વિખ્યાત મહારાષ્ટ્રીય સંત એકનાથના વંશજ અનંતદેવે કરી હતી. ૧૭ મી સદીના તૃતીય ચરણના[૧૧૧] આ ગ્રંથકારે વાસ્તવમાં સાત પ્રકરણ ધરાવતો 'સ્મૃતિકૌસ્તુભ' ગ્રંથ રચેલો, જેનો એક ભાગ 'રાજધર્મકૌસ્તુભ' છે. તેમાં ચાર દીધિતિમાં અનેક અધ્યાયમાં અનંત દેવે વિવરણાત્મક પ્રણાલીનો આશ્રય લઇને વર્ણ્યવિષય પ્રસ્તુત કર્યો છે. વાસ્તુકર્મ, વાસ્તુયોગદીધિતિ, રાજયાભિષેકદીધિતિ અને પ્રજાપાલનદીધિતિ એમ ચાર વિભાગથી યુકત આ ગ્રંથમાં રામાયણ, મહાભારત, સ્મૃતિઓ અને પુરાણ વગેરેમાંથી પુષ્કળ પ્રમાણમાં ઉતારાઓ ટાંકેલ છે.[૧૧૨]

**॥ સમાપ્ત ॥**

૧૧૧. એજન - પૃ. ૯૪-૯૫.
૧૧૨. पाण्डेय श्यामलाल, 'भारतीय राज्यशास्त्र प्रणेता' - પૃ. ૪૧૨-૪૧૩.

# ❈ વિભાગ - ૨ ❈

## ગ્રંથકાર પરિચય તથા ગ્રંથ સમીક્ષા

# ❖ પ્રકરણ - ૬ ❖

## ❖ ગ્રંથકાર પરિચય :-

ઉપપ્રકરણ : ( ૬ – ૧ ) ગ્રંથકારનું જીવન

( ૬ – ૨ ) શુક્રાચાર્યનું નીતિશાસ્ત્ર

( ૬ – ૩ ) શુક્રાચાર્યની અન્ય કૃત્તિઓ

( ૬ – ૪ ) શુક્રનીતિનો સમય

( ૬ – ૫ ) નીતિકારોમાં શુક્રાચાર્યનું સ્થાન

## ❖ ગ્રંથકારનું જીવન :-

પ્રાચીનકાળથી જ ભારતની ધીંગી ધરાએ આપણને અનેક સંતો, મહંતો, જ્ઞાનીઓ-વિજ્ઞાનીઓ, મહાપુરુષો અને રાજનૈતિક આચાર્યોની ભેટ આપી છે અને એ સંતો-મહંતો, મહાપુરુષો જ્ઞાનીઓએ મોટી-મોટી વિદ્યાપીઠો ન આપી શકે તેવું લોક શિક્ષણ આપીને ભારતના સાંસ્કૃતિક તેમજ સર્વાંગીણ વિકાસમાં અમૂલ્ય ફાળો આપ્યો છે. રાજનીતિનું ભારતીય સર્વાંગીણ વિકાસમાં ઘણું મહત્ત્વ છે. આ રાજનૈતિક પરક વિચારધારામાં શુક્રાચાર્યનું આગવું અને વિશિષ્ટ સ્થાન છે. અહીં આપણે ગ્રંથકારનું નામ, તેમના વિશે મળતી માહિતી વગેરે બાબતોનો વિચાર કરીએ.

ભગવાન બ્રહ્માજીના ચાર માનસ પુત્રોમાં મહર્ષિ ભૃગુનું સ્થાન વિશિષ્ટ છે. તે ભૃગુજીના પુત્ર કવિ અને કવિના પુત્ર અસુરગુરુ મહર્ષિ શુક્રાચાર્ય. શુક્રાચાર્ય યોગવિદ્યાના આચાર્ય હતા અને તેમની શુક્રનીતિનું ભારતીય રાજનીતિ શાસ્ત્રીય સાહિત્યમાં આગવું અને વિશિષ્ટ સ્થાન છે. આથી ગુરુના રૂપમાં અસૂરોએ તેમને જ પસંદ કર્યા હતાં. શુક્રાચાર્ય ભલે અસુરોના ગુરુ હતાં પરંતુ મનથી ભગવાનના અનન્ય ભકત હતા. અસુરોની સાથે રહેવા છતાં તે તેમને હમેંશા ધર્મનું, નીતિનું અને સદાચારનું શિક્ષણ આપતા રહ્યાં. તેમના જ પ્રભાવથી પ્રહલાદ, વિરોચન, બલિ વગેરે ભગવદ્ ભક્ત બન્યા હતાં.

મહાભારતમાં તથા અન્યત્ર પણ શુક્રાચાર્યના પર્યાય રૂપે કાવ્ય[૧] ભાર્ગવ[૨] અને ઉશનાના[૩] નિર્દેશો મળે છે. તે એક ગ્રહના રૂપમાં નક્ષત્રમંડલમાં પણ પ્રતિષ્ઠિત રહે છે. તેમનામાં યોગસાધના, તપસ્યા, અધ્યાત્મજ્ઞાન અને નીતિનું ઘણું જ બળ હતું જેના દ્વારા તેઓએ અસંભવ કાર્ય પણ સંભવ કરી બતાવ્યા હતાં.

ઇન્દ્રની પુત્રી જયંતી તેની પત્નીનું નામ હતું. તેની પુત્રીનું નામ દેવયાની હતું. દેવયાનીના લગ્ન રાજા યયાતિ સાથે થયા હતાં. પુરાણ-ગ્રંથોમાં ઉલ્લેખ છે કે શુક્રાચાર્ય સર્વ પ્રકારના રત્નો અને ધનના એકમાત્ર સ્વામી હતા. ધનાધ્યક્ષ કુબેર પણ તેમની પાસેથી ધન પ્રાપ્ત કરતાં.[૪] શુક્રાચાર્ય ઇન્દ્ર અને

---

૧. મહાભારતમ્ શાંતિ. - ૫૭ / ૨ વગેરે.
૨. એજન - ૫૬ / ૪ વગેરે.
૩. એજન - ૫૬ / ૨૯, ૩૦; ૫૭ / ૩ વગેરે.
૪. इमानि तस्य रत्नानि तस्येमे रत्नपर्वताः ।
तस्मात् कुबेरो भगवाश्चतुर्थ भागमश्नुते ॥ - મહા. ભીષ્મ. - ૬ / ૨૨ - ૨૩.

બ્રહ્માની સભામાં પણ પ્રતિષ્ઠિત રહેતા હતાં.

શુક્રાચાર્ય પાસે મૃતસંજીવની વિદ્યા હતી, તેના દ્વારા તે યુદ્ધમાં મૃત્યુ પામેલા અસુરોને જીવિત કરી દેતા હતાં. પરંતુ દેવગુરુ બૃહસ્પતિ પાસે આ વિદ્યા ન હતી તેથી તેણે પોતાના પુત્ર કચને શુક્રાચાર્ય પાસે તે વિદ્યા મેળવવા માટે મોકલેલ. શુક્રાચાર્યે મૃતસંજીવની વિદ્યા શીખડાવી. અસુરોને આ વાતની જાણ થતાં કચને કેટલીય વાર મારી નાખ્યો. પરંતુ શુક્રાચાર્ય પોતાની વિદ્યાના પ્રભાવથી તેમને વારંવાર જીવિત કરી દેતા હતા. અંતે દૈત્યોએ કચને મારી તેમની રાખ દારૂમાં ભેળવી છળકપટથી શુક્રાચાર્યને પાઇ દીધી. ઋષિ શુક્રએ ધ્યાન દ્વારા જોયું તો તેમને સર્વ માહિતીની જાણ થઇ ગઇ. શુક્રાચાર્યે કચને કહ્યું - હું તને પેટમાં જ મૃતસંજીવની વિદ્યા શીખવું. તું મારા પેટમાંથી બહાર નીકળી અને તે વિદ્યાના બળથી મને જીવિત કરી દેજે. કચે તે પ્રમાણે કર્યું. આમ તે વિદ્યા સમ્પન્ન થઇ ગયા, ત્યારથી શુક્રાચાર્યે તે નીતિનો નિર્ધારણ એ પ્રકારે કર્યો કે - ''આજથી આ જગતના કોઇપણ બ્રાહ્મણ અજ્ઞાનતાથી પણ જો મદ્યપાન કરશે તો તે મંદબુદ્ધિ ધર્મથી ભ્રષ્ટ થઇ બ્રહ્મહત્યાના પાપનો ભાગીદાર થશે અને આ લોકમાં અને પરલોકમાં નિંદાને પાત્ર થશે.''[૫] આ પ્રકારે આચાર્ય શુક્રએ મર્યાદા બાંધી દીધી, જેનો સર્વે લોકોએ સ્વીકાર કર્યો.

શુક્રાચાર્યનો નીતિનો ઉપદેશ ખૂબજ ઉપયોગી અને અનુપાલનીય છે. તેમણે નીતિશાસ્ત્રનું પ્રણયન તો કર્યું જ છે, ઉપરાંત તેમના નામે એક 'ઔશનસસ્મૃતિ' અને એક 'ઔશનસ સંહિતા' પણ પ્રાપ્ત થાય છે. મહાભારત અને પુરાણોમાં તો તેમના નીતિમય ઉપદેશ યત્ર-તત્ર-સર્વત્ર નિરુપાયેલ છે.

મહાભારમાં પોતાની પુત્રી દેવયાનીને સહિષ્ણુતા અને ક્ષમાનો મહિમા દર્શાવતા કહે છે કે - દેવયાની ! જે મનુષ્ય હમેંશા બીજાના કઠોર વચનને સહન કરી લે છે, એમ સમજો કે તેમણે આ સમસ્ત જગત ઉપર વિજય પ્રાપ્ત કરી લીધો.

यः परेषां नरो नित्यमतिवादास्तितिक्षते ।
देवयानि विजानीहि तेन सर्वमिदं जितम् ।।[६]

---

૫. यो ब्राह्मणोऽद्यप्रभृतीह कश्चिन्मोहात् सुरां पास्यति मन्दबुद्धिः ।
अपेतधर्मा ब्राह्मण चैव स स्यादस्मिल्लोके गर्हितः स्यात् परे च ।। - મહા. આદિ. - ૭૬ / ૬૭.

૬. महाभारतम्. आदिपर्व - ७७ / १.

આ ઉપરાંત શુક્રાચાર્ય કહે છે કે - હે દેવયાની ! જે ઉત્પન્ન ક્રોધને અક્રોધ (ક્ષમાભાવ) દ્વારા મનથી કાઢી નાખે છે, સમજો કે તેમણે સંપૂર્ણ જગતને જીતી લીધું.

यः समुत्पति तं क्रोधमक्रोधेन निरस्यति ।
देवयानि विजानीहि तेन सर्वमिदं जितम् ॥[૭]

શુક્રાચાર્ય રાજા વૃષપર્વાને નીતિબોધ સમજાવતા કહે છે કે - ''રાજન્ ! જે અધર્મ આચરવામાં આવે છે તેમનું ફળ તુરંત મળતુ નથી. જેમ ગાયની સેવા કરવાથી ધીરે-ધીરે કેટલાક સમય પછી તે વાછરડાને જન્મ આપે અને પછી દૂધ આપે છે અથવા જમીનને ખેડીને બીજ વાવવાથી કેટલાક સમય પછી છોડ ઊગે અને યથાસમયે ફળ આપે છે, તે પ્રકારે કરવામાં આવેલા અધર્મ ધીરે-ધીરે કર્તાની ઉપર જોવા ન મળે તો તે અન્યોયોપાર્જિત દ્રવ્યનો ઉપભોગ કરવાને કારણે પુત્રો અથવા પ્રપોત્રો ઉપર અવશ્ય પ્રગટ થાય છે. જેમ ખાવામાં આવેલું ઝેરીલુ અન્ન પેટમાં ઉપદ્રવ (દુઃખાવો) કરે છે, આ જ પ્રકારે કરવામાં આવેલું પાપ પણ ચોક્કસ તેનું ફળ આપે છે.''[૮]

ઔશનસસ્મૃતિમાં આચાર્ય શુક્રએ ફલાસક્તિનો ત્યાગ કરીને ઇશ્વરાર્પણ બુદ્ધિથી જ સ્વકર્મનુષ્ઠાનને વિશેષ મહત્વ આપ્યું છે -

यः स्वधर्मपरो नित्यमीश्वरार्पितमानसः ।
प्राप्नोति परमं स्थानं यदुक्तं वेदसम्मितम् ॥[૯]

## ❖ શુક્રાચાર્યનું નીતિશાસ્ત્ર :-

મહાભારતમાં વર્ણવ્યાનુસાર નીતિશાસ્ત્રના આચાર્યોમાં બ્રહ્મા આદ્ય આચાર્ય છે. સૃષ્ટિના કર્તા બ્રહ્માએ પ્રજાના ધર્મપાલનના હેતુથી એક લાખ અધ્યાયવાળા એક વિશાળ નીતિશાસ્ત્રની રચના કરી હતી, જેમાં ધર્મ, અર્થ, કામ અને મોક્ષ આ ચતુર્વિધ પુરુષાર્થનું નિરૂપણ થયું હતું. -

---

૭. એજન - ૭૯/૩.

૮. नाधर्मश्चरितो राजन् सद्यः फलति गौरिव ।
शनैरावर्त्यमानो हि कर्तुर्मूलानि कृन्तति ॥
पुत्रेषु वा नप्तृषु वा न चेदात्मनि पश्यति ।
फ लत्येव ध्रुवं पापं गुरु भक्तमिवोदरे ॥ - મહા. આદિ. - ૮૦/૨, ૩.

૯. ઔશનસ્મૃતિ - ૭/૨૩.

'धर्मार्थकाममोक्षाश्च सकला हयत्र शब्दिताः ॥'[१०]

આ નીતિશાસ્ત્રને સૌથી પહેલા શંકરે ગ્રહણ કર્યો.

नतस्तां भगवान् नीतिं पूर्वं जग्राह शङ्करः ॥[११]

ઘણા સમય સુધી તેમનું અંશતઃ અનુપાલન થતું રહ્યું. પરંતુ ધીરે-ધીરે સમય પસાર થતો ગયો. પ્રજાઓની ઉંમર, શક્તિ તેમજ સામર્થ્યનો હ્રાસ થવા લાગ્યો જેથી આ નીતિજ્ઞાનનો ઉપયોગ પણ મુશ્કેલ થઇ ગયો. આ જીવ-દશાને જોઇને પરમ કારુણિક ભગવાન શંકર ચિંતિત થયા. જેથી તેઓએ બ્રહ્મા દ્વારા નિરૂપિત આ નીતિશાસ્ત્રનો સંક્ષેપ કરી તેમને દશ હજાર અધ્યાયવાળો બનાવી દીધો -

प्रजानामायुषो ह्रासं विज्ञवि भगवाच्छिवः ।

संचिक्षेप ततः शास्त्रं महास्त्रं ब्रह्मणा कृतम् ॥[१२]

અને પોતાના જ 'વિશાલાક્ષ' - આ નામથી તે સંક્ષિપ્ત કરાયેલ નીતિશાસ્ત્રનું 'वैशालाक्ष नीतिशास्त्र' એ નામ રાખ્યું.[१३]

ભગવાન શંકર પાસેથી દેવરાજ ઇન્દ્ર એ આ નીતિશાસ્ત્રને ગ્રહણ કર્યો અને ઇન્દ્ર એ પણ તેમનો સંક્ષેપ કરી પાંચ હજાર અધ્યાયવાળો બનાવ્યો. આ દેવરાજ ઇન્દ્ર દ્વારા રચિત નીતિશાસ્ત્ર 'બાહુદન્તક' નીતિશાસ્ત્રના નામથી પ્રસિદ્ધ થયો -

वैशालाक्षमिति प्रोक्तं तदिन्दः प्रत्यद्यत ।

दशाध्यायसहस्त्राणि सुब्रह्मण्यो महातपाः ॥

भगवानपि तच्छास्त्रं संचिक्षेप पुरंदरः ।

सहस्त्रैः पच्चभिस्तान यदुक्तं बाहुदन्तकम् ॥[१४]

ફરીથી મનુષ્યોની ઉંમર, વિદ્યા, બુદ્ધિ તેમજ શક્તિનો હ્રાસ થતો જોઇને આચાર્ય બૃહસ્પતિએ પોતાની બુદ્ધિ બળથી આ પૂર્વોકત નીતિશાસ્ત્રને સંક્ષિપ્ત કર્યો. તેમાં ત્રણ હજાર અધ્યાય રહ્યા. તે જ શાસ્ત્ર બાર્હસ્પત્ય નીતિશાસ્ત્રના નામથી પ્રસિદ્ધ થયું.

---

૧૦. महाभारतम्. आदिपर्व - ૫૯/૭૯.

૧૧. એજન - ૫૯/૮૦.

૧૨. એજન - ૫૯/૮૧.

૧૩. 'वैशालाक्षमिति प्रोक्तम्' - મહા. શાંતિ. - ૫૯/૮૧ ૧/૨.

૧૪. महाभारतम् शांति. - ૫૯/૮૨-૮૩.

'अध्यायानां सहस्त्रैस्तु त्रिभिरेव बृहस्पतिः ।

संचिक्षेपेश्वरो बुद्ध्या बार्हस्पत्यं तदुच्यते ।।'[૧૫]

સમયના યોગથી આ સંપૂર્ણ નીતિશાસ્ત્ર આજે ઉપલબ્ધ નથી, પરંતુ વિવિધ ગ્રંથોમાં આચાર્ય બૃહસ્પતિના ધર્મનીતિ તેમજ રાજનીતિના સુંદર વચન સંગ્રહિત છે.

ફરીથી શુક્રાચાર્યે દેશ, કાળ, પરિસ્થિતિ અને મનુષ્યોના આયુષ્યનો હ્રાસ થતો જોઇને તેને વધુ સંક્ષિપ્ત કરી દીધો. મહાયશસ્વી યોગાચાર્ય તથા અમિત બુદ્ધિમાન શુક્રાચાર્યે આ નીતિશાસ્ત્રને એક હજાર અધ્યાયવાળો બનાવી દીધો.

'अध्यायानां सहस्रेण काव्यः संक्षेपमब्रीवीत् ।

तच्छास्त्रममितप्रज्ञो योगाचार्यो महायशाः ।।[૧૬]

વર્તમાનમાં આચાર્ય શુક્રના નામે એક 'શુક્રનીતિ' નામનો ગ્રંથ ઉપલબ્ધ છે, જે અત્યંત પ્રામાણિક અને પ્રસિદ્ધ છે. તેમાં લોક વ્યવહારનું જ્ઞાન, રાજધર્મ, દંડવિધાન, રાજા, રાજાના કર્તવ્યો, રાજયાંગ, મંત્રી-પરિષદ, સેવક વર્ગ, કોશ, બળ, રાષ્ટ્ર, વેદ, પુરાણ, દર્શન, સ્મૃતિ વગેરેના લક્ષણોનો સમાવેશ છે. આ ઉપરાંત સ્ત્રી-ધર્મ, મૂર્તિઓનું સ્વરૂપ, મહેલ વગેરેનું લક્ષણ, રાજાને માટે દેવપૂજનની અનિવાર્યતા, વિવાદ, સંધિ, યાન તથા યુદ્ધનીતિ વગેરેનું વર્ણન છે. સમગ્ર શુક્રનીતિમાં પાંચ અધ્યાય અને લગભગ ૨૨૦૦ શ્લોકો છે. નાના સ્વરૂપમાં હોવા છતાં પણ આ શુક્રનીતિનું ઘણું મહત્ત્વ છે અને પ્રામાણિક પણ છે. તેમના પ્રચાર-પ્રસાર, માન્યતા તથા પ્રચલન સર્વાધિક છે.

નીતિશાસ્ત્રની મહત્તા દર્શાવતા શુક્રાચાર્ય કહે છે કે - 'બીજા જેટલા પણ શાસ્ત્રો છે, તે સર્વે વ્યવહારના એક માત્ર પાસાને દર્શાવે છે. પરંતુ સર્વે લોકોને ઉપકારક અને સમાજની સ્થિતિને સુરક્ષિત રાખનારું 'નીતિશાસ્ત્ર' જ છે કારણ કે ધર્મ, અર્થ અને કામનું કારણ અને મોક્ષદાયક દર્શાવાયું છે.

'धर्मार्थकाममूलं हि स्मृतं मोक्षप्रदं यतः ।।'[૧૭]

---

૧૫. महाभारतम् शांति. - ५९/८४.

૧૬. એજન - ૫૯/૮૫.

૧૭. શુક્રનીતિ - ૧/૫ - પૃ. - ૩

પોતાના નીતિશાસ્ત્રના વિષયમાં સ્વયં શુક્રાચાર્ય કહે છે – 'કવિ (શુક્રાચાર્ય) ની નીતિના જેવી બીજી કોઇ નીતિ ત્રણેય લોકમાં નથી.' –

'न कवेः सदृशी नीतिस्त्रिषु लोकेषु विद्यते ।'[૧૮]

## ❖ શુક્રાચાર્યની અન્ય કૃતિઓ :-

શુક્રાચાર્યની કલમે લખાયેલ 'શુક્રનીતિ' રાજનીતિક વિચારધારામાં મહત્ત્વપૂર્ણ ગ્રંથ છે. આ ઉપરાંત ઔશનસ આચાર્ય શુક્રની કેટલીક અન્ય કૃતિઓના ઉલ્લેખ અનેક ગ્રંથોમાં ઉધ્ધરણના રૂપમાં પ્રાપ્ત થાય છે. વિજ્ઞાનેશ્વર અને કૌટિલ્યે ઔશનસ 'અર્થશાસ્ત્ર' ની ઘણી જગ્યાએ ખૂબ ચર્ચા કરી છે. પ્રાચીન ભારતીય અર્થશાસ્ત્ર તેમજ રાજનીતિશાસ્ત્રને જો સમાનાર્થક માની લેવામાં આવે તો મહાભારતમાં નિર્દિષ્ટ રાજનીતિશાસ્ત્ર અને વિજ્ઞાનેશ્વર દ્વારા નિર્દિષ્ટ 'અર્થશાસ્ત્ર' ની એકાત્મકતા સિદ્ધ થઇ જાય છે. મહાકવિ દંડીએ પણ પોતાના દશકુમારચરિતમાં રાજનીતિશાસ્ત્રકારોની નામાવલીમાં ખૂબજ સન્માનપૂર્વક પ્રાથમિકતા આપતા ઉલ્લેખ કર્યો છે –

'येऽपि मन्त्रकर्कशाः शास्त्रतन्त्रकाराः, शुक्राङ्गिरसविलाशाक्षा बहुदन्तीपुत्र - पराशरप्रभृतयः ।'[૧૯]

આજ પ્રમાણે અશ્વઘોષે પણ પોતાના બુદ્ધચરિતમાં સન્માન સાથે 'રાજનીતિશાસ્ત્ર' રચયિતાના રૂપમાં સ્મરણ કર્યું છે –

'यद्राजशास्त्रं भृगुरङ्गिरा च न चक्रतुर्वशकरावृषितो ।
तयोः सुतौ तौ च ससर्जतुस्तत्कालेन शुक्रश्च बृहस्पतिश्च ॥'[૨૦]

કાલિદાસે પણ શુક્રની રાજનીતિની ગર્વ સાથે ચર્ચા કરી છે –

'अध्यापितस्योशनसाऽपि नीतिप्रयुक्तरागप्रणिधिद्विषस्ते ।'[૨૧]

મનુસ્મૃતિના સુપ્રસિદ્ધ મીમાંસક મેધાતિથિએ ઔશનસી રાજનીતિના બે શ્લોકોને ઉદ્ધૃત કર્યા છે.[૨૨] મહાભારત અને અન્ય કેટલાક ગ્રંથોમાં પણ આ સંદર્ભમાં ઉલ્લેખ મળે છે. કેટલાક આલોચકોએ શુક્રાચાર્યને સ્મૃતિકારના રૂપમાં

---

૧૮. એજન – ૪/૪૨૪ – પૃ. – ૯૦૩.
૧૯. दशकुमारचरितम् - उत्तरपीठीका - ૮.
૨૦. बुद्धचरितम् - ૧૪૬.
૨૧. કુમાર સંભવમ્ – ૩/૪૬૦.
૨૨. મનુસ્મૃતિ – ૭/૧૫ અને ૮/૫૦ ઉપરનું ભાષ્ય.

પણ ઉલ્લેખ કર્યો છે. મિતાક્ષરા[૨૩] અને મન્વર્થમુકતાવલી[૨૪] માં પણ આચાર્ય શુક્રને સ્મૃતિકારના રૂપમાં ઉલ્લેખ થયેલ છે. આનાથી એ સ્પષ્ટ થાય છે કે મનુ, યાજ્ઞવલ્કયની જેમ શુક્રાચાર્યની પણ કોઇ સ્મૃતિ ચોક્કસ હશે, જે અત્યારે ઉપલબ્ધ નથી.

બૈંકન કોલેજ સંગ્રહાલયમાં બે તથા જીવાનંદ સંગ્રહાલયમાં અને આનંદાશ્રમ સંગ્રહાલયમાં પણ 'ઔશનસધર્મશાસ્ત્ર' ઉપલબ્ધ છે. મહામહોપાધ્યાય કાણે પણ 'ઔશનસ સ્મૃતિ' નો ઉલ્લેખ કર્યો છે.[૨૫] આમ ઉપર્યુકત બાબતોને આધારે કહી શકાય કે શુક્રાચાર્ય એ રાજનીતિ (નીતિશાસ્ત્ર) ઉપરાંત બીજા કેટલાક વિષયોની પણ રચના કરી હશે.

શુક્રનીતિમાં રાજનીતિની પારિભાષિક પદાવલી, ધાર્મિક તથ્યોનું વિશ્લેષણ, ન્યાયના અનુમાન સંબંધી પારિભાષિક શબ્દોનો પ્રયોગ, સ્મૃતિ પ્રયુક્તિ આનુશાસનિક શબ્દાવલીના પ્રયોગથી જાણવા મળે છે કે શુક્રાચાર્યની અન્ય કૃતિઓ પણ હશે. ભલે તે અસ્થિતત્વમાં હોય કે ન હોય પરંતુ પ્રશ્ન એ છે કે આ ઔશનસશુક્ર એક જ છે કે અલગ અલગ વ્યક્તિ ? તે વિષયનું અનુસંધાન અત્યારે સાપેક્ષ્ય છે.

## શુક્રનીતિનો સમય :-

શુક્રનીતિમાં વર્ણવેલ જાતિ વ્યવસ્થા, આચાર-વિચાર અને વૈવાહિક સંબંધની સ્થિતિમાં મૂર્તિકલા તથા ભવન નિર્માણ કળાના વિશદ્ વર્ણનથી અને 'કુલ', 'શ્રેણી', 'ગણ' વગેરે કેટલીક વિશિષ્ટ સંસ્થાઓના નિર્દેશથી એ સ્પષ્ટ થાય છે કે આ ગ્રંથ ગુપ્ત સમયમાં કે એમના પછીના સમયની આ રચના છે. પરંતુ ડૉ. અલ્તેકરના મતાનુસાર તેમની રચના ઇ.સ. ની આઠમી સદીના અંતિમ ભાગમાં થઇ છે. જયારે કેટલાક વિદ્વાનો તેમને ૧૬ મી શતાબ્દીની રચના માનવાના પક્ષમાં છે. આ મતોમાં અલ્તેકરનાં મત ખૂબજ ઉપાદેય છે. પરંતુ એટલુ તો સિદ્ધ થાય છે કે કેટલોક પરિષ્કાર અર્વાચીન સમયમાં પણ અવશ્ય થયો છે.

શુક્રનીતિના રચનાકાળ સંબંધમાં અનેકવિધ મતો અસ્થિત્વ ધરાવે છે.

---

૨૩. મિતાક્ષરા - ૩ / ૩૬૦.
૨૪. મન્વર્થમુકતાવલી - ૧૦ / ૪૯.
૨૫. हिस्ट्री ऑफ धर्मशास्त्र, भाग-१, अधिकरण-१७.

- ગુસ્તાવ ઓપેર્ટ સ્મૃતિ અને રામાયણ, મહાભારત કાળમાં રચાયેલ માને છે.[૨૬]
- શ્રી પ્રધાન શુક્રનીતિને ચોથી સદીનો અને કે. પી. જાયસ્વાલ આઠમી સદીનો ગ્રંથ ગણે છે.[૨૭]
- તેમાં આવતા બંદૂક અને દારૂના ઉલ્લેખો તેની પ્રાચીનતાની વિરુદ્ધ જાય છે. ઇ.સ. ૧૨૦૦ થી ૧૬૨૫ વચ્ચેના સમયમાં તેની રચના થઇ હોય એવો એક મત છે.[૨૮]
- લાલજી ગોપાલે શુક્રનીતિ વર્તમાન સંસ્કરણ ૧૯ મી સદીનું પ્રતિપાદિત કરવાનો પ્રયાસ કર્યો છે.[૨૯]
- બી. કે. સરકારના મતને ઉદ્ધૃત કરી પદ્મા ઉદ્ગાવંકર જણાવે છે કે સૈકાઓ દરમ્યાન આ ગ્રંથનો વિસ્તાર થતો રહ્યો છે. The work.......[૩૦]
- ઉપરાંત મનુસ્મૃતિ અને મત્સ્યપુરાણના શ્લોકો પણ અહીં જોવા મળે છે. પરંતુ આ ગ્રંથનો મુખ્ય ભાગ ઇ.સ. ૧૨૦૦ પછીનો ભાગ્યે જ હોઇ શકે તેવું તારણ થયું છે.[૩૧]
- કામન્દકીયનીતિસાર અને શુક્રનીતિમાં કેટલાક શ્લોકો સમાન છે.[૩૨] તે બાબત આ સમય નિર્ધારણમાં ઉપયોગી બની શકે. શુક્રાચાર્ય એ પ્રાચીન આચાર્ય છે. પરંતુ શુક્રનીતિનો સમય કામન્દકીય રચના સમય કરતાં પ્રાચીન હોવો જોઇએ એમ શ્રી આર. જી. પ્રધાનનો મત છે.[૩૩] આ મત સમુચિત જણાતો નથી. કારણ કે કામન્દક સ્પષ્ટપણે જણાવે છે કે તેમનો આ ગ્રંથ વિષ્ણુગુપ્તના ગ્રંથનો સાર છે. વળી શુક્રના શ્લોકો કામન્દકે ગ્રહણ કર્યા હોત તો તેમણે તેનો ઉલ્લેખ કર્યો હોત.

  વર્તમાન શુક્રનીતિ અનેક ઉમેરણથી પૂર્ણ છે. અપેક્ષકૃત અર્વાચીન છે.

---

૨૬. Sarkar B. K. - "Positive Background of Hindu Sociology" - P. - 64 પર ઉદ્ધૃત મત.
૨૭. Modern periew Fob. - 19/6.
૨૮. Ghoshal U. N. - 'A History of Hindu political Theories.' - P. - 249.
૨૯. Gopal Lalanji, op. eit.
૩૦. Udgaonkar P. B. - "The Political Institons and Adminisiration" - P. - 4.
૩૧. Udgaonkar P. B. op eit - P. - 5-7.
૩૨. પરિષ્ટ - ૧ - પૃ. ૩૯૫.
૩૩. Nagar Vandna, 'Kingship in the Sukraniti' - P. 8.

પરંતુ મૂળ શુક્રનીતિ પ્રાચીન છે. શુક્રનીતિમાં કામન્દકીયનીતિસારના શ્લોકો મળે છે. તે સંકેત કરે છે કે શુ. ની. ની તુલનાએ કા.ની. પૂર્વવર્તી છે.

## નીતિકારોમાં શુક્રાચાર્યનું સ્થાન :-

પ્રાચીન ભારતીય નીતિશાસ્ત્રના ઇતિહાસમાં શુક્રાચાર્યનું નામ ખૂબજ સન્માનપૂર્વક લેવામાં આવે છે. શુક્રાચાર્યના પર્યાય શબ્દ ઉશના, કાવ્ય, ભાર્ગવ અનેક છે.

મહાભારતમાં 'ઉશના' ના સંદર્ભમાં શુક્રાચાર્યની નીતિનો અનેકરીતે ઉલ્લેખ મળે છે.[૩૪] આ ઉપરાંત ભાર્ગવ કાવ્ય વગેરે શબ્દથી પણ શુક્રાચાર્યનો સંકેત કરવામાં આવ્યો છે. મહાભારતમાં તેમને 'अभितप्रज्ञ महाशयाः'[૩૫] વગેરે ઉપાધિઓથી વિભૂષિત કરવામાં આવેલ છે. અન્ય બીજા પ્રાચીન ગ્રંથોમાં પણ શુક્રાચાર્યની નીતિની ખૂબજ પ્રશંસા કરવામાં આવી છે.[૩૬]

કૌટિલ્યના અર્થશાસ્ત્રમાં ઔશનસ સંપ્રદાયનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. વિજ્ઞાનેશ્વરે પણ ઔશનસ અર્થશાસ્ત્રનો ઉલ્લેખ કર્યો છે.[૩૭] તેનાથી પ્રતીત થાય છે કે તેમની દૃષ્ટિમાં અર્થશાસ્ત્રોમાં 'ઔશનસ' અર્થશાસ્ત્ર જ મુખ્ય છે. મહાભારતમાં[૩૮] જ્યારે ભીષ્મની વિદ્યા પ્રાપ્તિનું વર્ણન કરવામાં આવે છે, ત્યાં માત્ર ઉશના અને બૃહસ્પતિના નીતિશાસ્ત્રનો જ ઉલ્લેખ છે. તેમાં પણ ઉશનાને મહત્ત્વ આપવમાં આવ્યું છે.

હેમાદ્રિના 'ચતુર્વર્ગ ચિંતામણિ' ના દાનખંડમાં[૩૯] ઉદ્ધૃત એક શ્લોકમાં જણાવ્યું છે કે, સ્વાયંભુવશાસ્ત્રના ચાર સંસ્કરણ (સંહિતા) કરવામાં આવેલ હતાં અને તેમાં સંસ્કારકના રૂપમાં ભાર્ગવ (શુક્ર) નો નિર્દેશ છે.

શુક્રનીતિમાં તો કહેવાયું છે કે - શુક્રની નીતિને છોડીને બીજી બધી નીતિઓ કુનીતિઓ છે -

---

૩૪. મહાભારતમ્ શાંતિ. - ૫૬ / ૨૯,૩૦; ૫૭ / ૩ વગેરે.

૩૫. अध्यायानां सहस्त्रेणकाव्यः संक्षेपमब्रवीत् ।
तच्छास्त्रमस्ति प्रज्ञो योगाचार्यो महायशाः ॥ - મહા. શાંતિ. - ૫૯ / ૮૫.

૩૬. મુંબઇ વિશ્વવિદ્યાલય જર્નલ પુસ્તક : ૧૧ - ભાગ-૨ (૧૯૪૨) - પી. વી. કાણે.

૩૭. ''औशनसाद्यर्शशास्त्रय'' - मिताक्षरा - યાજ્ઞ. સ્મૃ. - ૨ / ૨૧.

૩૮. उशना वेद यच्छास्त्रं यच्च देव गुरुद्विजः ॥ - મહા. શાંતિ. - ૩૭ / ૧૦.

૩૯. भार्गवीया नारदीया बार्हस्पत्यङ्गिस्यपि ।
स्वायन्भुवस्य शास्त्रस्य चतस्त्रः संहितामताः ॥ - ચતુર્વર્ગચિંતામણિ - દાનખંડ - પૃ. - ૫૨૮.

'न कवेः सदृशी नीतिस्त्रिषूलोकेषु विद्यते ।

काव्यैव नीतिरन्या तु कुनीतिव्यवहारिणाम् ॥'[४०]

રાજનીતિના જે વિષયોને મન્વાદિ સ્મૃતિઓમાં માન્યતા અપાયેલ છે, તે જ વિષયોને શુક્રાચાર્યે ૨૨૦૦ શ્લોકોમાં નીતિસારમાં કહ્યા છે, -

'मन्वाद्यैरादृतो योऽर्थस्तदर्थो भार्गवेण वै ।

द्वाविशतिशतं श्लोका नीतिसारे प्रकीर्त्तिताः ॥'[४१]

મહાકવિ દંડીએ પણ 'દશકુમારચરિત' માં રાજનીતિશાસ્ત્રકારોની નામાવલીમાં સર્વપ્રથમ સ્થાન શુક્રાચાર્યને જ આપ્યું છે, -

''येऽपि मन्त्रकर्कशाः शास्त तन्त्रकाशः शुक्राङ्गिरस बिलाशाक्षा बहुदन्तीपुत्र पराशर प्रभूतयः ।''[४२]

મહાકવિ અશ્વઘોષે પણ બુદ્ધચરિતમ્‌માં શુક્ર અને બૃહસ્પતિનો ઘણા સન્માનથી રાજશાસ્ત્રના નિર્માતાઓના સંદર્ભમાં ઉલ્લેખ કર્યો છે, -

यद्रजशास्त्रं भृगुरङ्गिरा....... शुक्रश्च बृहस्पतिश्च ॥[४३]

મહાકવિ કાલિદાસે પણ શુક્રની રાજનીતિની ગર્વ સાથે ચર્ચા કરી છે, -

अध्यापितस्याशनसाऽपि नीतिप्रयुकतरागप्रणिधिद्विस्ते ।[४४]

આમ ઉપર્યુકત વિવરણથી એ સિદ્ધ થાય છે, કે - નીતિશાસ્ત્રકારોમાં શુક્રાચાર્યનું સ્થાન ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે.

**॥ સમાપ્ત ॥**

---

૪૦. શુક્રનીતિઃ - ૪/૭/૪૨૫.

૪૧. શુક્રનીતિઃ - ૪/૭/૪૨૩.

૪૨. દશકુમારચરિતમ્ - ઉ.પી. - ૮.

૪૩. बुद्धचरितम् - ૧૪૬.

૪૪. કુમારસંભવમ્ - ૩/૪૬૦.

# ❖ પ્રકરણ - ૭ ❖

## ❖ ગ્રંથ પરિચય :-

ઉપપ્રકરણ : (૭ – ૧) શુક્રનીતિનો સંક્ષિપ્ત પરિચય

(૭ – ૨) શુક્રનીતિની વિવિધ આવૃત્તિઓ

(૭ – ૩) શુક્રનીતિનું સ્વરૂપ

(૭ – ૪) શુક્રનીતિ રચનાનો ઉદ્દેશ

(૭ – ૫) શુક્રનીતિનું વિષયવસ્તુ

### ❖ ગ્રંથપરિચય :-

### ❖ ભૂમિકા :-

પ્રાચીન ભારતીય રાજનીતિશાસ્ત્રીય ચિંતન પરંપરામાં 'શુક્રનીતિ' આગવું સ્થાન ધરાવતો અતિ મૂલ્યવાન ગ્રંથ છે. નૃપાત્મક શાસન પ્રચલનના કાળમાં શાસક અને શાસિત ઉભયને આ ગ્રંથે પ્રભાવિત કરેલ છે. આ ગ્રંથ રાજાને એવી વ્યવહારિક શિખામણો આપે છે જેના વડે રાજા રાજશાસનની શ્રેષ્ઠ પદ્ધતિ વિકસાવી શકે, પોતાની સત્તા સદઢ બનાવી શકે.

શુક્રાચાર્યના સમયમાં આ ગ્રંથ રાજનીતિશાસ્ત્રીય ચિંતનને પ્રસ્તુત કરનારા ગ્રંથોમાં મહત્ત્વપૂર્ણ ગણાતો હશે.

### (૧) શુક્રનીતિનો સંક્ષિપ્ત પરિચય :-

શુક્રનીતિના અધ્યાયોનું નામાભિધાન અને શ્લોકોની માહિતી આ પ્રમાણે વિભાજિત કરેલ છે.

| **અધ્યાય** | **અધ્યાયનું નામાભિધાન** | **તેમાં આવતા શ્લોકોની સંખ્યા** |
|---|---|---|
| I પ્રથમ અધ્યાય | 'રાજયવૃત્યાધિકાર' (રાજકાર્ય) | ૩૮૮ |
| II દ્વિતીય અધ્યાય | 'યુવરાજાદિલક્ષણ' | ૪૩૬ |
| III તૃતીય અધ્યાય | 'નૃપ-રાષ્ટ્ર સામાન્ય લક્ષણ' | ૩૨૬ |
| IV ચતુર્થ અધ્યાય | 'ચતુર્થ અધ્યાયમાં સાત પ્રકરણો આવેલ છે. | |
| - પ્રથમ પ્રકરણ | સુહત્‌વિદ્ય પ્રકરણ (મિશ્રપ્રકરણ) | ૧૧૯ |
| - દ્વિતીય પ્રકરણ | કોશનિરૂપણ પ્રકરણ | ૧૨૮ |
| - તૃતીય પ્રકરણ | વિદ્યાકલા નિરૂપણ પ્રકરણ (રાષ્ટ્ર પ્રકરણ) | ૧૦૧ |
| - ચતુર્થ પ્રકરણ | લોકધર્મ નિરૂપણ પ્રકરણ | ૨૦૬ |
| - પંચમ પ્રકરણ | રાજધર્મ નિરૂપણ પ્રકરણ | ૩૩૨ |

| | | |
|---|---|---|
| – ષષ્ઠમ પ્રકરણ | દુર્ગ નિરૂપણ પ્રકરણ | ૦૧૪ |
| – સપ્તમ્ પ્રકરણ | સેનાનિરૂપણ પ્રકરણ | ૪૨૬ |
| | | **૧૩૨૬** |
| V પંચમ અધ્યાય | ખિલ–નીતિ નિરૂપણ | ૦૦૯૬ |
| | **કુલ શ્લોકો** | **૨૫૭૨** |

શ્રી મહર્ષિ શુક્રાચાર્ય રચિત 'શુક્રનીતિ'

પ્રકાશન વર્ષ : ૧૯૬૮

સંકરણ : પ્રથમ વિ. સવંત ૨૦૨૫

પ્રકાશક : ચોખમ્બા સંસ્કૃત સીરીઝ, વારાણસી ના આધારે ........

આમ પાંચ અધ્યાયોમાં ૨૫૭૨ શ્લોક વહેચાયા છે. અધ્યાય ચોથો સાત પેટાપ્રકરણોમાં વહેચાયેલો છે. આ અધ્યાયના કુલ ૧૩૨૬ શ્લોકો છે. બધા અધ્યાય કરતાં વધુ શ્લોકો છે તથા બધા અધ્યાય કરતાં ઓછા શ્લોકો પાંચમા અધ્યાયમાં ૯૬ શ્લોકો છે. બાકીના અધ્યાયોમાં પ્રમાણસર શ્લોકો છે.

**(૨) શુક્રનીતિની વિવિધ આવૃતિઓ :-**

શુક્રાચાર્ય રચિત શુક્રનીતિ કે નીતિસાર તરીકે જાણીતા આ ગ્રંથની અનેક હસ્તપ્રતો મળે છે અને તેના ઘણા પ્રકાશનો થયા છે. જે પૈકી કેટલાક સાનુવાદ પણ છે. જો કે શ્લોક સંખ્યાની દષ્ટિ એ ભિન્નતા જોવા મળે છે.

| **ક્રમ** | **આવૃત્તિ** | **વર્ષ** | **શ્લોક સંખ્યા** |
|---|---|---|---|
| (૧) | રામલાલ કપૂર ટ્રસ્ટ – બહાલગઢ | ઇ.સ. ૧૯૮૩ | ૨૫૦૭ |
| (૨) | ચૌખમ્બા સંસ્કૃત સીરીઝ વારાણસી (વ્યાખ્યા – સ્વામી જગદિશ્વરાનંદ) | ઇ.સ. ૧૯૬૮ પ્રથમ સંસ્કરણ વિ. સંવત ૨૦૨૫ | ૨૫૭૨ |

(૩) ચૌખમ્બા સુરભારતી ગ્રન્થમાલા ઇ.સ. ૧૯૧૮

શ્રી મજ્જીવાનન્દવિદ્યાસાગર

ભટ્ટાચાર્યકૃત વ્યાખ્યોપેતા

તથા

'વિમલા' - સંસ્કૃત હિન્દી વ્યાખ્યા

(વ્યખ્યાકાર-ડૉ. જગદીશચંદ્ર મિશ્ર)

(૪) મદ્રાસથી પ્રકાશિત

- ઓપર્ટ મહોદય

(૫) કલકતાથી પ્રકાશિત

- જીવાનંદ વિદ્યાસાગર

(૬) ચૌખમ્બા સંસ્કૃત સંસ્થાન

- પંડિત બ્રહ્મશંકર મિશ્ર

(૭) સસ્તુ સાહિત્ય વર્ધક - મુંબઇ

(૮) 'Sacred of Hindu Series'

અંગ્રેજી અનુવાદ -

પ્રા. વિનયકુમાર સરકાર

## (૬) શુક્રનીતિનું સ્વરૂપ :-

પોતાના ઉદ્દેશને અસરકારકતાથી પાર પાડવા શુક્રાચાર્યે વધુ કારગર માધ્યમ પદ્યને સ્વીકાર્યું છે. તેમાં પણ છંદોનું વૈવિધ્ય આપ્યું છે. કથયિતવ્ય સુપેરે સમજાવી શકાય માટે અલંકારોનો પણ છૂટથી વિનિયોગ કર્યો છે. કાવ્યાત્મક શૈલી પ્રયોજી છે. શુદ્ધ રાજનીતિનો ગ્રંથ હોવા છતાં પહેલી નજરે તે કાવ્ય હોવાનો ભાસ થાય છે. રાજવિદ્યા પ્રિય હોવાથી રાજાને ભૂમિના અર્જન અને પાલન સંબંધી રાજવિદ્યાવેતાઓના મત કહેવા એવી શુક્રની ઉક્તિઓ સંબંધ, અભિધેય અને પ્રયોજનને જ સ્પષ્ટ કરે છે. આમ આ ગ્રંથ કાવ્યશૈલીમાં રાજશાસ્ત્રને નિરૂપતો ગ્રંથ છે.

## (૭) શુક્રનીતિ રચનાનો ઉદ્દેશ :-

કૌટિલ્યે પોતાના અર્થશાસ્ત્રને 'સુખ વિજ્ઞેય' કહેલ છે. પરંતુ આપણે અનુભવીએ છીએ તેમ શુક્રને પણ થયું હશે કે આ મહાકાય ગ્રંથ ઘણો કઠિન છે. તેની ચર્ચા અતિ જટિલ છે. આથી પ્રત્યેક વ્યક્તિની આ શાસ્ત્રમાં નિર્બાધ ગતિ ન હોઇ શકે. મહાભારતમાં દર્શાવ્યા અનુસાર આ 'નીતિશાસ્ત્ર' ના એક લાખ અધ્યાયો હતા. નીતિશાસ્ત્રની પરંપરાના આચાર્યોએ આ શાસ્ત્રને ટૂંકાવ્યું તેમાં આચાર્ય શુક્ર એ કાળ, પરિસ્થિતિ અને મનુષ્યોની આયુષ્યનો હ્રાસ થતો જોઇને તેને સંક્ષિપ્ત કર્યો -

अध्यायानां सहस्रेण काव्यः संक्षेपब्रीवीत् ।
तच्छात्रममितप्रज्ञा योगाचार्यो महाशयाः ॥

- મહાભારત શાંતિ. - ૫૯ / ૮૫.

આ ગ્રંથ અતિ ઉપાદેય છે. પરંતુ વિસ્તાર, કાઠિન્ય અને જટિલતાના ફળ સ્વરૂપે ઊભી થયેલ ભીતિના કારણે રખે કોઇ ભાગે, દૂર રહે એમ કદાચ વિચારીને આ ગ્રંથના અભ્યાસુને સુખપૂર્વક પ્રવેશ કરાવી શકાય તે પ્રત્યે તેની રુચિ કેળવી શકાય એવા ઉદ્દેશથી શુક્ર એ આ ગ્રંથ રચનાનો પ્રયાસ કર્યો છે.

ઉપરાંત ગ્રંથકારે પોતે આ નીતિશાસ્ત્ર (શુક્રનીતિ) ને ધર્મ, અર્થ અને કામનું કારણ અને મોક્ષદાયક દર્શાવ્યું છે.

धर्मार्थकाममूलं हि स्मृतं मोक्षप्रदं यतः ॥

- શુ. ની. - ૧ / ૫

## ❑ શુક્રનીતિનું વિષયવસ્તુ :-

### ❖ પ્રસ્તાવના :-

શુક્રનીતિ રાજનીતિનો પ્રમુખ મહત્વપૂર્ણ એક ગ્રંથ છે. શુક્રનીતિનું વિષયવસ્તુ અત્યંત વ્યાપક છે. તેમાં રાજતંત્રાત્મક શાસન વ્યવસ્થાના મોટાભાગના બધા પાસાઓનું વિસ્તૃત વિવેચન ઉપલબ્ધ છે. રાજા, રાજય અને પ્રજા આ ગ્રંથમાં ત્રણ મહત્વના તત્ત્વ છે. જેમના કર્તવ્યોનો યોગ્ય નિર્દેશ આ ગ્રંથનો મુખ્ય વર્ણ્ય વિષય છે. આ ગ્રંથના પાંચ અધ્યાયોમાંથી પહેલા અને બીજા અધ્યાયમાં રાજા, એમનું કર્તવ્ય તેમજ મહત્ત્વનું વર્ણન છે. આ પ્રકરણમાં એ બતાવવામાં આવ્યું છે કે નીતિશાસ્ત્રનું જ્ઞાન કેવી રીતે રાજા અને રાજય બન્નેની સમૃદ્ધિને માટે લાભદાયક છે. રાજાએ ઇહલોક અને પારલૌકિક બન્ને પ્રકારના અભ્યુદય માટે શું શું કરવું જોઇએ ? તેણે મંત્રીઓની રાજકાર્યમાં અવશ્ય મદદ લેવી જોઇએ. એક રાજા દ્વારા રાજકાર્ય કરવાના ખરાબ પરિણામોનું પણ આમાં વર્ણન છે. દ્યુતાદિ વ્યસનોની સાથે સાથે રાજાને સ્પર્શ, રૂપ, રસ અને ગંધ વિષયક ઇન્દ્રિયોના કુપ્રભાવોથી પણ બચવાનું કહેવાયેલ છે. આ ભાગમાં રાજાને રાજયસભા-ભવન, રાજધાની, મંત્રણાભવન, સેનાસ્થલ, ધર્મશાળા, રાજમાર્ગ વગેરેના ઉપયુક્ત સ્થળો ઉપર નિર્માણોની પણ સલાહ દીધેલ છે. સામાજિક વ્યવસ્થાના પરિપાલનની સાથે સાથે મંત્રી અને યુવરાજ સંબંધી વિષયો ઉપર પણ પ્રકાશ પાડેલ છે.

શુક્રનીતિનો ત્રીજો અધ્યાય નીતિશાસ્ત્રનું માર્મિક વિવેચન કરે છે. નીતિશાસ્ત્રનું નિર્માણ શાસક વર્ગના માર્ગદર્શન માટે થયું છે. શાસકની સફળતા અને દક્ષતા આ શાસ્ત્રના જ્ઞાનથી શકય છે, તેના વિના રાજા સામાજિક વ્યવસ્થાને સુવ્યવસ્થિત રાખવામાં અસમર્થ રહે છે. તેજ નીતિશાસ્ત્રની ઉપયોગીતા છે. રાજય અને 'રાજા' ની પહેલા બ્રહ્માએ નીતિશાસ્ત્રની આવશ્યકતા[૧] સમજાવતા એમનું પ્રતિપાદન કર્યું.

तत्सर्वं राजं यार्दुल नीतिशास्त्रेऽभिवर्णितम् ।[२]

શુક્ર અનુસાર નીતિશાસ્ત્ર અસામાજિક તત્ત્વોના શમન અને સામાજિક

---

૧. શુક્રનીતિ - ૧/૨,૩ - પૃ. ૨,૩., મ.ભા. શાંતિ. ૫૯/૭૮; કામન્દક નીતિસાર - ૨/૭, કૌ. અર્થ. - ૧/૨/૧૧.

૨. મ.ભા. શાંતિ. - ૫૯/૭૪.

લોકોના રક્ષણ માટે લાભદાયક છે, તેમના પાલન દ્વારા સમાજને સન્માર્ગે લઇ જઇ શકાય છે.[૩] નીતિશાસ્ત્રના જ્ઞાતા રાજા કેવળ દક્ષતાપૂર્વક શાસન સંચાલન કરતાં નથી પરંતુ શત્રુજયી થઇ મર્યાદિત શાસન પણ કરે છે. આ પ્રકારે નિયંત્રિત પ્રશાસન-વ્યવસ્થાથી રાજય તેમજ રાજા બન્નેનો વિકાસ થાય છે.[૪] પ્રજાપાલન અને દુષ્ટ-દમન રાજાઓના આ બે પરમ ધર્મોની પ્રાપ્તિ નીતિ-પરિપાલનના અભાવમાં અશકય છે.[૫] અનીતિ રાજાનો એક મહાન દોષ છે, જે હમેંશા દુઃખદાયક છે. નીતિવિરોધી અને મર્યાદારહિત શાસક પોતે દુઃખોનો ભાગીદાર છે અને એવા રાજાની પ્રજા પણ ઉપેક્ષા કરે છે. કારણ કે એક સ્વચ્છંદ રાજાની સેવા તલવારની ધાર ચાટવા સમાન છે.[૬] જેવી રીતે તલવારની ધારને ચાટવાથી જીભ ક્ષત-વિક્ષત થઇ જાય છે. તે પ્રકારે નીતિરહિત શાસકની સેવા કરવાવાળી પ્રજા પણ વિનષ્ટ થઇ જાય છે. નીતિ તેમજ બલ બન્નેના સંયોગથી જ રાષ્ટ્રની સમૃદ્ધિ વધે છે. રાજાએ રાષ્ટ્રના કલ્યાણ માટે નીતિ-નિર્ધારણ કરવું જોઇએ. જેનાથી સમગ્ર રાષ્ટ્ર હિતકારી થઇ જાય છે.[૭] પ્રજા, સેના, મિત્ર, અમાત્યાદિમાં ભેદ હમેંશા નીતિશૂન્ય રાજાઓની અકુશલતાના કારણે થાય છે.[૮] બધાનો સ્વામી રાજા નીતિશાસ્ત્રના સંદર્ભમાં અવશ્ય જાણકારી રાખે કારણ કે આ શાસ્ત્ર સંપૂર્ણ અભિષ્ટની પ્રાપ્તિમાં મદદરૂપ છે.[૯] નીતિવિહીન રાજાના અનેક શત્રુ થઇ જાય છે અને એમની શક્તિ (સૈન્ય-બલ આદિ) નબળી પડી જાય છે.[૧૦] નીતિનો ત્યાગ કરી શાસનકાર્ય એવી રીતે દુષ્કર બની જાય છે જેમ અપથ્ય ભોજન જેમ કુપથ્ય પદાર્થોના સેવનથી શરીર વ્યાધિગ્રસ્ત થઇ જાય છે એવી રીતે નીતિહીન

---

૩. શુક્રનીતિઃ - ૧/૧૫૧ - પૃ. ૬૧, કૌ. અર્થ. - ૧/૧૭/૩૫; મનુ. ૭/૪૩.

૪. अतः सदानीतिशास्त्रमभ्यसेद्यत्नतो नृपः ।
यद्विज्ञानान्नृपाद्याश्च शत्रुजिल्लोकरंजकाः ॥
- શુક્ર. - ૧/૫,૬, કામ. ૨/૯, ૪/૪, કૌટિલ્ય. - ૧/૧૯/૪૦.

૫. नृपस्य परमोधर्म प्रजानां परिपालनम् ।
दुष्ट निग्रहणं नित्यं न नीत्याऽतो बिना ह्युभे ॥ - શુ.ની. - ૧/૧૪ - પૃ. ૬.

૬. नीति त्यक्तवा वर्तते यः स्वतन्त्र सः हिन दुःखभाक् ।
स्वतन्त्रप्रभुसेवा तु ह्यासिधारावलेहनम् ॥ - શુ.ની. - ૧/૧૬ - પૃ. ૭.

૭. શુ.ની. - ૧/૧૮ - પૃ. ૮.

૮. એજન - ૧/૧૯ - પૃ. ૮.

૯. એજન - ૧/૧૨ - પૃ. ૬.

૧૦. એજન - ૧/૧૫ - પૃ. ૭.

રાજાના અનેક શત્રુઓ થઇ જાય છે. શુક્રના મતાનુસાર સંપૂર્ણ લોક-વ્યવહારની સ્થિતિનું જ્ઞાન નીતિશાસ્ત્ર વિના અશકય છે.[૧૧]

મનુ, કૌટિલ્ય, યાજ્ઞવલ્કય, કામન્દક વગેરેની જેમ શુક્રએ પણ નીતિશાસ્ત્રને વિશેષ મહત્ત્વ આપ્યું છે. શુક્રના મતાનુસાર વેદાંત વગેરે શાસ્ત્ર તો બૌદ્ધિક પ્રદર્શન માત્ર છે. વ્યવહારિક જગતમાં નીતિશાસ્ત્ર જ સર્વોત્તમ હિતકારી છે. શુક્ર પોતાના નીતિશાસ્ત્રનું લક્ષ્ય માનવ-સમાજનો અભ્યુદય માને છે. તેથી રાજય-શાસનના કર્ણધારો, રાજા, મંત્રી, પુરોહિત વગેરેને માટે એમનું જ્ઞાન અનિવાર્ય છે.[૧૨]

આચાર્ય શુક્રએ નીતિવિદ્યાની અંતર્ગત દંડનીતિની ઉપયોગિતા પણ બતાવી છે. તેમણે 'નય' અને 'અનય' બન્નેને દંડનીતિમાં જ સમાયેલ બતાવ્યા છે. દંડનીતિનો જાણકાર વ્યક્તિ ન્યાયપૂર્વક અને નીતિપૂર્ણ કાર્ય કરવાનું શીખે છે. તેનાથી તેને નીતિ અને અનીતિના ભેદનો પણ ખ્યાલ આવે છે.[૧૩] શુક્ર પ્રત્યેક અવસરને અનુકૂળ રીતે કરવામાં આવતા વ્યવહારનું વર્ણન કરી નીતિશાસ્ત્રની વ્યાખ્યાનો વિસ્તાર કરે છે. પોતાના પૂર્વવર્તી વિચારકોથી આગળ જઇ તે અર્થશાસ્ત્રની જેમ જણાવે છે કે મનુષ્યને દંડનીતિ દ્વારા નીતિમાં સામેલ કરી શકાય છે.[૧૪]

મનુ, યાજ્ઞવલ્કય વગેરેની જેમ શુક્રનીતિમાં પણ રાજાને આઠ લોકપાલોની સમષ્ટિ માનેલ છે.[૧૫] શુક્ર એ રાજાના બે રૂપ બતાવ્યા છે, દેવાંશ અને રાક્ષાસાંશ. ઔચિત્યનું આચરણ કરવાવાળા રાજા દેવાંશ છે[૧૬] અને એનાથી વિરુદ્ધ આચરણ કરવાવાળા રાક્ષાસાંશ છે.[૧૭] શુક્રએ રાજાને રાજયનું મુળ માન્યું છે. રાજા આ સમગ્ર સંસારને સમૃદ્ધિ પ્રદાન કરવાવાળો છે. રાજાના પ્રયત્નથી જ સમાજનો વિકાસ શકય છે. તે રાજયરૂપી વૃક્ષનો માળી છે.[૧૮] પ્રજામાં ધર્મ

---

૧૧. એજન - ૧/૧૧, ૧/૧૩ - પૃ. ૫-૬.
૧૨. મનુ. - ૭/૬૦, કૌ. અર્થ. - ૧/૯/૧૫, યાજ્ઞ. - ૧/૩૧૩, અગ્નિ. - ૨૩૯/૧૬, ૧૩૯/૭,૧૨, શુ.ની. - ૧/૭૯.
૧૩. શુ.ની. - ૧/૧૫૬, કૌ. અર્થ. - ૧/૨/૬,૭, કા.ની. - ૨/૫, ૪૪.
૧૪. Drekmeier, C. Kingship and COmmunity in Early India. - P. 221.
૧૫. શુ. ની. - ૧/૭૧ - પૃ. ૨૯.
૧૬. એજન - ૧/૭૧-૮૫, - પૃ. ૨૯-૩૪.
૧૭. એજન - ૧/૭૦-૮૬ - પૃ. ૨૯-૩૪.
૧૮. એજન - ૧/૬૪-૬૫ - પૃ. ૨૫.

(સામાજિક વ્યવસ્થા) ની સ્થાપના કરવાવાળો રાજા શુક્રના શબ્દોમાં યુગ-પ્રવર્તક છે.[૧૯]

શુક્રનીતિ અનુસાર રાજાનું મુખ્ય કર્તવ્ય પ્રજાપાલન અને દુષ્ટદમન છે.[૨૦] આ સિવાય રાજસૂયાદિ યજ્ઞોનું અનુષ્ઠાન, ન્યાયપૂર્વક કોશ સંવર્ધન, શત્રુઓનુ દમન, ભૂમિનું અર્જન વગેરે પણ રાજાના મુખ્ય કર્તવ્ય છે.[૨૧]

ઉત્તરાધિકારના વિષયમાં શુક્રનું કહેવું છે કે મોટો અને પ્રથમ પુત્ર રાજયનો અધિકારી છે. રાજાએ રાજયનો સ્વામી હંમેશા એકજ બનાવવો જોઇએ અનેક સ્વામીઓનું હોવું રાજયના હિતમાં નથી. આ પ્રકારે શુક્ર અવિભાજિત (સંપ્રભુતા) ના સિદ્ધાંત ઉપર ભાર મુકે છે. આચાર્ય શુક્રએ રાજયને માટે એક જ રાજા હોવો જોઇએ તેની અનિવાર્યતા દર્શાવી છે.[૨૨] જો મોટા પુત્રમાં કોઇ ખામી હોય તો એમના સ્થાને નાના પુત્રોમાં મોટાભાઇ અથવા ભાઇના પુત્ર કે કાકાને રાજયાધિકાર મળવો જોઇએ.[૨૩] તેમનો પણ અભાવ હોય તો દત્તક પુત્ર કે પુત્રીના પુત્રને રાજયાધિકાર આપવાનો નિર્દેશ છે.[૨૪] શુક્રના મતાનુસાર દુષ્ટ પુત્રને છોડી દેવા જોઇએ નહીં. જો પુત્ર જુગાર વગેરેના વ્યસનમાં આસકત હોય તેઓને ઉપાય દ્વારા બંધનમાં રાખવા જોઇએ. રાજાએ દુષ્ટ (દાયાદો) હિસ્સેદારોને રાજયની સમૃદ્ધિ માટે છલપૂર્વક વધ કરાવી નાખવો જોઇએ.[૨૫] આ વિષયમાં શુક્રનો મત પોતાના પૂર્વવર્તી વિચારક કામન્દક સાથે મળે છે.[૨૬]

મહાભારત, અર્થશાસ્ત્ર વગેરેમાં વર્ણિત અંગોની જેમ શુક્રનીતિમાં પણ રાજયના સાત અંગો માનવામાં આવ્યા છે. રાજા, મંત્રી, મિત્ર, કોશ, રાષ્ટ્ર, દુર્ગ અને બલ[૨૭] આ રાજયાંગોમાં મંત્રીને રાજાની આંખ, મિત્રને કાન, કોશને મુખ,

---

૧૯. એજન - ૪/૧/૬૦ - પૃ. ૨૩.
૨૦. એજન - ૧/૧૪ - પૃ. ૬.
૨૧. એજન - ૧/૧૨૩-૨૪, - પૃ. ૫૦.
૨૨. सदैकनायकं राज्यं कुर्यान्न बहुनायकम् ।
नानायकं क्वचिदपि कर्तुमीहेत भूमिपः ॥ - શુ.ની. - ૧/૩૪૧ - પૃ. ૧૨૯.
बाहुकर्णाक्षिहीनः स्याद्बिना ताभ्यामतो नृपः ।
योजयेच्चिन्तयित्वा तौ महानाशाय चान्यथा ॥ - શુ.ની. - ૨/૧૩ - પૃ. ૧૫૧.
૨૩. શુ.ની. - ૧/૩૪૨, ૪૩ - પૃ. ૧૨૯.
૨૪. એજન - ૨/૧૫ - પૃ. ૧૫૨.
૨૫. એજન - ૨/૨૭ - પૃ. ૧૫૬.
૨૬. કામન્દકીય નીતિસાર - ૭/૬, ૭ - પૃ. ૧૬૪.
૨૭. શુ.ની. - ૧/૬૧ - પૃ. ૨૪.

બલને મન, દુર્ગને હાથ અને રાષ્ટ્રને પગ માનેલ છે.[૨૮] અન્યત્ર આ અંગો સાથે એક રાજય વૃક્ષનું રૂપકમય વર્ણન કર્યું છે.[૨૯] આ રાજયાંગોમાં રાજાનું સ્થાન પ્રથમ છે.

શુક્રનીતિ અનુસાર સ્વતંત્ર રાજા સ્વેચ્છાચારી થઇ જાય છે અને અનુચિત કાર્યમાં પ્રવૃત થઇ જાય છે. એટલા માટે અન્યોન્ય સુયોગ્ય સહાયકોની નિયુક્તિ કરવી જોઇએ.[૩૦] તે છે તેની મંત્રીપરિષદ. શુક્રના મતાનુસાર તેમાં અપેક્ષિત સભ્યોની સંખ્યા દશ હોવી જોઇએ. જેમ કે – પુરોધા, પ્રતિનિધિ, પ્રધાન, સચિવ, મંત્રી, પ્રાડ્વિપાક, પંડિત, સુમંત્ર, અમાત્ય અને દૂત.[૩૧] ગ્રંથમાં અન્ય જગ્યાએ શુક્રએ બીજો એક મત વ્યક્ત કરતાં મંત્રીપરિષદના સભ્યોની સંખ્યા આઠ જ બતાવી છે.[૩૨] મંત્રીઓની યોગ્યતાના વિષયમાં શુક્રનો મત છે કે કુલીન, ગુણવાન, શીલવાન, શૂર, વિદ્વાન, રાજભક્ત, પ્રિયંવદ, હિતોપદ્રષ્ટા, કલેશસહ, ધર્મિષ્ઠ, ચતુર, રાગ-દ્વેષાદિ-દોષરહિત અને સચ્ચરિત્ર હોવા જોઇએ.[૩૩] દુરાચારી અને અધાર્મિક સહાયકોથી રાજયનો વિનાશ થઇ જાય છે. રાજા સાથે વ્યવહાર કરતા સમયે મંત્રીએ કેમ સતર્ક રહેવું જોઇએ એ તર્ક આચાર્ય શુક્ર અત્યંત રોચક રીતે પ્રસ્તુત કરે છે. તે કહે છે કે જેમ મદારી મંત્રના બળથી સાપને પોતાને આધીન રાખે છે, તેમ મંત્રીને પણ યોગ્ય સલાહ તેમજ રાજયોપયોગી મંત્રણા દ્વારા રાજાએ પોતાના આધીન રાખવા જોઇએ. શુક્ર તે જ કારણે કહે છે કે રાજાએ બુદ્ધિમાનોથી હમેંશા ભયભીત રહેવું જોઇએ અર્થાત્ સાવધાન રહેવું જોઇએ.[૩૪] શુક્રના મતાનુસાર મંત્રીઓની અયોગ્યતા રાજયના વિનાશનું કારણ બને છે.[૩૫]

શુક્રનીતિ અનુસાર બધા સભ્યો બધા પ્રકારના કાર્યો કરવામાં સમર્થ હોતા નથી. તેથી સર્વેનું પોત-પોતાનું ક્ષેત્ર નક્કી હોવું જોઇએ. કાર્યક્ષેત્રમાં નિર્ણય

---

૨૮. એજન - ૧/૬૨ - પૃ. ૨૪.
૨૯. એજન - ૫/૧૨ - પૃ. ૯૦૯.
૩૦. એજન - ૨/૧-૯ - પૃ. ૧૪૭-૧૪૯.
૩૧. એજન - ૨/૬૯-૭૦ - પૃ. ૧૭૧.
૩૨. એજન - ૨/૭૧.
૩૩. એજન - ૨/૮-૧૦.
૩૪. व्यालग्राही यथा व्यालं मन्त्री मन्त्रवलान्नमृपम् ।
करोत्यधीन तु नृपे भयं बृद्धिमतां महत् ॥ - શુ.ની. - ૨/૨૮૧.
૩૫. कुमन्त्रिभिर्नृषो रोगी कृवैद्यैः कुमृपेः प्रजा ।
कुसन्त्या कुलं चात्मा कुबुद्धया हीयतेऽनिशम् ॥ -શુ.ની. - ૨/૨૯૦.

પણ સભ્યોની તેની યોગ્યતાને આધારે હોવો જોઇએ. સાથે જ કોઇ પણ સમસ્યાનો પ્રસ્તાવ પ્રજાએ પહેલા વિભાગીય મંત્રીની સમક્ષ જ રાખવો જોઇએ પછી તે વિભાગીય મંત્રીએ તે સમસ્યાને રાજા સમક્ષ રાખવી જોઇએ.[૩૬] તેમાં તર્ક વિતર્ક અને બહુમતના આધાર પર રાજાએ પોતાનો નિર્ણય આપવો જોઇએ. બધા સભ્યોના કાર્યોનું નિરીક્ષણ કરવા માટે દર્શકો ( Inspectors ) ની નિયુક્તિ પણ આવશ્યક છે. પરંતુ વર્ષના અંતમાં તેમની બદલી એક વિભાગમાંથી બીજા વિભાગમાં કરવી જોઇએ.[૩૭] જેનાથી કાર્યમાં પક્ષપાત ન રહે. શુક્રની દષ્ટિમાં આ દર્શકોનું કામ અત્યંત મહત્ત્વપૂર્ણ છે. શુક્ર એક અધિકારીના હાથમાં વધુ સમય સુધી સત્તાના પ્રસ્તાવને અયોગ્ય માને છે. એટલા માટે તે ત્રણ અથવા પાંચ વર્ષના સમયમાં વિભાગ પરિવર્તનની સલાહ આપે છે. જેનાથી મંત્રીઓને પ્રશાસનિક કાર્યોની જાણકારી પ્રાપ્ત કરવાનો સમય મળી રહે છે.[૩૮]

લોક સેવકોની નિયુક્તિ, બઢતી, છૂટા કરવા (પદચ્યુતિ), બદલી, પદ મુક્તિનું પણ શુક્રનીતિમાં વિશ્લેષણ છે. શુક્રના મતાનુસાર કુલ-જાતિ તથા વિશેષતઃ ચરિત્ર અને કાર્યદક્ષતાને આધારે સેવકોની નિયુક્તિ કરવી જોઇએ.[૩૯] બઢતીના વિષયમાં અનુક્રમ સિદ્ધાંત અર્થાત્ ઊંચા પદ ઉપર નિમ્ન પદસ્થ યોગ્ય વ્યક્તિની બઢતી કરવી જોઇએ.[૪૦] નિંદનીય આચરણ હોય અને અસત્ય બોલનાર અધિકારીને પદમાંથી મુક્ત કરી દેવા જોઇએ.[૪૧] છૂટા કરવાના વિષયમાં શુક્રએ કહ્યું છે કે અયોગ્ય વ્યક્તિને,[૪૨] પ્રજા દ્વારા ફરિયાદ હોય[૪૩] તેને પણ પદમુક્ત કરવા જોઇએ. જો એમ જાણવા મળે કે કોઇ વ્યક્તિ વર્તમાન પદ ઉપર કાર્ય કરવામાં અક્ષમ છે. પરંતુ કોઇ બીજા કાર્યો કરવામાં સક્ષમ છે, તો તેઓની બદલી કરવી જોઇએ.[૪૪] જો અધિકારી અથવા લોકસેવક શારીરિકરૂપથી નબળો પડી

૩૬. શુ.ની. - ૨/૯૪-૧૦૦.
૩૭. એજન - ૨/૧૧૦.
૩૮. Drekmeier, Charles, Kingship and Community in Ealy India - P. 224.
૩૯. શુ.ની. - ૨/૫૩-૬૪.
૪૦. એજન - ૨/૧૧૩-૧૫.
૪૧. એજન - ૨/૨૦૫.
૪૨. એજન - ૨/૧૧૧.
૪૩. એજન -
૪૪. એજન - ૧/૧૧૧-૧૩.

જાય તો તેમના માટે જીવિકાની વ્યવસ્થા કરી એમને ફરજ મુક્ત કરી દેવા જોઇએ.[૪૫] શુક્ર આ વ્યવસ્થામાં મ.ભા. તેમજ અર્થશાસ્ત્રના વિચારોનું સમર્થન કરે છે. કૌટિલ્યના મતાનુસાર સેવારત લોક-સેવકનું ફરજ દરમ્યાન મૃત્યુ થઇ જાય તો રાજાએ એમના પરિવારની જીવિકા તેમજ પારિશ્રમિકની વ્યવસ્થા કરવી જોઇએ. કર્મચારીના નાના સંતાનો તથા રોગી સંબંધીઓને અનુદાન આપવું જોઇએ આવા પ્રકારની સહાયતાનું વર્ણન મ.ભા. ના સભાપર્વમાં પણ મળે છે.[૪૬] આચાર્ય શુક્રએ પણ રાજકર્મચારીઓના પગાર, પરિલબ્દિઓ અને શ્રમિક કલ્યાણ વગેરેની વિસ્તારપૂર્વક વ્યાખ્યા કરી છે. શુક્ર કહે છે કે જે સેવકે ૪૦ વર્ષ સુધી સળંગ રાજાની સેવા કરી હોય તેમને તેમની સેવા લીધા વિના આજીવન પેન્શનના રૂપમાં અડધો પગાર આપતા રહેવું જોઇએ અને તેમના સંતાન જયાં સુધી કાર્ય કરવા યોગ્ય ન થાય ત્યાં સુધી તેઓને આ પ્રકારની સેવા આપતા રહેવું જોઇએ.[૪૭] આથી વિશેષ શુક્રએ કાર્યમાં પ્રોત્સાહિત કરવા માટે પુરુષાર્થી લોક સેવકોને પુરસ્કાર[૪૮] અને પ્રમાદી (આળસુ) ને દંડ દેવાનો પણ નિર્દેશ કરેલ છે.[૪૯]

કોશ રાજયના સંચાલનમાં આધારરૂપ છે. તેના વિના પ્રશાસનતંત્ર પાંગળુ બની જાય છે. એટલા માટે આચાર્ય શુક્રએ કોશ સંચય રાજાને માટે અનિવાર્ય બતાવેલ છે. શુક્રના મતાનુસાર મૂળધનને છોડી લાભનો વીસમો અથવા સોળમો ભાગ કરના રુપમાં લઇ કોશ સંચય કરવો જોઇએ.[૫૦] ભાગકર, આયકર અને વિવિધ પ્રકારના કર આદિ દ્વારા કોશની વૃદ્ધિ કરવી જોઇએ તેમનું વિસ્તૃત વર્ણન આ ગ્રંથમાં પ્રાપ્ત છે.[૫૧] શુક્રના મતાનુસાર કર એક જ વાર લેવો જોઇએ,[૫૨] વારંવાર નહીં. પ્રજા ઉપર ખોટા કરવેરા નાખી કોશ સંચય કરવો જોઇએ નહીં જેનાથી પ્રજાને આર્થિક મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. માત્ર સંકટ સમયને છોડી બીજી રીતે કર ગ્રહણ સમયે રાજાએ પ્રજાના લાભાલાભનું હમેંશા ધ્યાન

૪૫. એજન - ૧/૪૦૨, ૭.
૪૬. એજન - ૨/૪૦૫.
૪૭. મ.ભા. સભા. - ૫/૫૪.
૪૮. શુ.ની. - ૨/૪૦૬-૪૧૯.
૪૯. એજન - ૨/૪૦૫.
૫૦. એજન - ૨/૪૦૭.
૫૧. એજન -
૫૨. એજન - ૪/૨/૧૦૯.

રાખવું જોઇએ. આ સાધનો ઉપરાંત કર સંચયના બીજા પણ એવા માધ્યમ છે. જેનાથી કોશ સંચય કરી શકાય છે - અર્થદંડ, અત્યાચારી શાસકના કોશને હરી અને ભેટ આદિ દ્વારા મળેલ દાન.[૫૩] આ સંદર્ભમાં આચાર્યશુક્રનો સ્પષ્ટ મત છે કે આ પ્રકારે સંગૃહિત કરાયેલા કોશનો ખર્ચ રાજા કયારેય પણ પોતાના વ્યક્તિગત હિતો, ભોગ-વિલાસની પૂર્તિને માટે કરી શકતો નથી રાજાએ કોશનો ખર્ચ સેના, પ્રજા રક્ષણ અને યજ્ઞાદિના કાર્યોમાં કરવો જોઇએ.[૫૪]

શુક્રએ બળ (સેના) ને રાજયના અંગોમાં મહત્વ માન્યું છે. તેમના છ પ્રકાર છે. શારીરિક બલ, શૌર્ય-બલ, સૈન્ય-બલ, અસ્ત્ર-બલ, બુદ્ધિ-બલ અને આયુ-બલ.[૫૫] બલ વિના રાજય નિર્વાહ અશકય છે. અર્થશાસ્ત્રમાં મંત્રશક્તિ પ્રભુશક્તિ અને ઉત્સાહશક્તિમાં બધા બલોનો સમાવેશ બતાવ્યો છે.

શુક્રના મતાનુસાર વર્તમાન સંપત્તિ (ચલ અને અચલ) રાષ્ટ્ર રાજાને આધિન છે.[૫૬] રાષ્ટ્રમાં નાની-નાની અનેક વસ્તીઓ હોય છે. ગ્રામ, પલ્લી અને કુંભ.[૫૭] ગામના સર્વાંગીણ વ્યવસ્થા માટે અધિકારીઓની નિયુક્તિ કરવી જોઇએ. જેમ કે - દંડાધિકારી, ગ્રામાધિપતિ, ભાગહર લેખક, શુષ્કગ્રાહક અને પ્રતિહારી.[૫૮] રાષ્ટ્રની અંતર્ગત 'નગર'ની વ્યવસ્થા પણ રાજાએ કરવી જોઇએ. એમના માટે અધિકારીઓની પણ નિયુક્તિ કરવી જોઇએ. નગરના નિર્માણમાં ધ્યાન રાખવું જોઇએ કે એક સરખી વસ્તુઓની દુકાનો એકજ જગ્યાએ હોય.[૫૯] આ વ્યવસ્થા માટે એક વિશેષ અધિકારીની પણ નિયુક્તિ કરવી જોઇએ. શુક્રએ આ અધિકારીઓની યોગ્યતાનું પણ વર્ણન ગ્રંથમાં કર્યું છે.

મનુ, કૌટિલ્ય વગેરેની જેમ શુક્રએ પણ ચાર ઉપાય બતાવ્યા છે. સામ, દામ, ભેદ અને દંડ.[૬૦] શક્તિશાળી શત્રુઓમાં સામ અને દાન, અત્યંત શક્તિશાળી શત્રુ સાથે સામ અને ભેદ, સમાન બળ શત્રુને માટે ભેદ અને દંડ અને

૫૩. એજન - ૪/૨/૭.
૫૪. એજન - ૪/૨/૨, ૭.
૫૫. એજન - ૪/૭/૫.
૫૬. એજન - ૪/૩/૧,૨.
૫૭. એજન - ૧/૧૯૨.
૫૮. એજન - ૨/૧૨૦-૨૧.
૫૯. એજન - ૧/૨૫૭.
૬૦. એજન - ૪/૧/૩૮.

શક્તિહીન શત્રુને માટે દંડનો પ્રયોગ કરવો જોઇએ.[૬૧] કોઇપણ સમયે મિત્રોને માટે ભેદ અને દંડનો પ્રયોગ કરવો જોઇએ નહીં અને મિત્રને માટે સામ અને દાનનો પ્રયોગ યોગ્ય માન્યો છે. શત્રુ રાજાઓની પ્રજામાં ભેદનું, શત્રુ પીડિત પ્રજાના સંગ્રહ માટે સામ અને દાનનું પણ વિધાન કરવામાં આવ્યું છે.[૬૨] પોતાની પ્રજામાં મુખ્યત્વે સામ અને દાનનો જ પ્રયોગ યોગ્ય છે, પરંતુ જો તે ઉપાયથી કામ ન થાય તો દંડનો ઉપયોગ કરવો જોઇએ. શુક્રનીતિમાં આ ઉપાયોનું લૌકિક દૃષ્ટાંત આપવામાં આવ્યું છે. શુક્ર કહે છે કે ઉપાય દ્વારા કઠિનમાં કઠિન કાર્યને પણ સરળતાથી કરી શકાય છે. લોખંડ જેવી કઠોર ધાતુ પણ આસાનીથી પીગળી જાય છે, પાણી નાખવાથી આગ બુઝાઇ જાય છે. પરંતુ શુક્ર કહે છે – જો ઉપાય દ્વારા કાર્ય કરવામાં આવે તો આગ સંપૂર્ણ પાણીને સુકાવી નાખે છે. આ ઉપાયની જ કમાલ છે કે મદમસ્ત હાથી ઉપર મહાવત કાબુ મેળવી લે છે અને એમના મસ્તક ઉપર પગ રાખે છે. શુક્રના મતાનુસાર ચારેય ઉપાયોમાં ‘ભેદ’ અને છ ગુણોમાં ‘આશ્રય’ શ્રેષ્ઠ છે. વિજગીષુ રાજાને આ બન્નેનું અવલંબન કરવું જોઇએ. જે ઉપાયથી શત્રુને સેનાપતિ, મંત્રીઓ, પ્રજા અને રાણીવાસની સ્ત્રીઓ સાથે રાજાનો વિરોધ થાય. વિજયાભિલાષી રાજાએ તે ઉપાયનું અવલંબન કરવું જોઇએ. રાજા શત્રુના સામાદિ ઉપાય અને સંધિ વગેરે છ ગુણો તરફ જોતાં રહે અને યોગ્ય સમયે કયારેય પણ શત્રુના સંપૂર્ણ વિનાશમાં નબળો ન પડે. જયાં સુધી સર્વસ્વ અપહરણ કે પ્રાણ સંકટમાં આવી ન જાય ત્યાં સુધી યુદ્ધને ટાળવું જોઇએ. એનાથી સ્પષ્ટ થાય છે કે શુક્રએ અન્ય વિચારકોની જેમ યુદ્ધને અંતિમ વિકલ્પ માન્યો છે. પરંતુ યુદ્ધ અનિવાર્ય થઇ જાય તો રાજાએ યુદ્ધ છોડીને કયારેય પણ પીછેહઠ કરવી નહીં. યુદ્ધ વિમુખ થયેલા રાજાને ભૂમિ એવી રીતે ગળી જાય છે જેમ સર્પ દરમાં ફસાયેલા ઉંદરને ગળી જાય છે.[૬૩]

રાજનીતિની સાથે સાથે આચાર્ય શુક્ર આ ગ્રંથમાં સમાજનીતિને સ્થાન આપવાનું પણ ભૂલ્યા નથી. સમાજના મુખ્ય અંગરૂપ સ્ત્રીના ધર્મ, પતિ-પત્નીના પારસ્પરિક સંબંધ, રત્નોના મૂલ્યનું મહત્ત્વ, સ્વરુપ વર્ણન, સ્વર્ણાદિ ધાતુઓના

૬૧. એજન – ૪/૧/૩૯.

૬૨. એજન – ૪/૧/૪૦,૪૧.

૬૩. એજન – ‘સેનાનિરુપણ’ પ્રકરણ અધ્યા. – ૪, પ્રકરણ – ૭.

મુખ્ય ભેદ, બકરી, ગાય, હાથી, ઘોડા વગેરે પશુઓની કિંમતનો નિર્દેશ, એમના શુભાશુભ ગુણ લક્ષણોનું ઔચિત્ય, ખેડુતો પાસે કર (માલગુજારી) લેવાની વ્યવસ્થા, શ્રેષ્ઠ ખેતીકર્મનું લક્ષણ, સિંચાઇવાળી ભૂમિ અને સિંચાઇ વિનાની જમીનની માલગુજારીનું તારણ, વેપારીઓ પાસે કરાધાન, રાજ્ય અને રાજાની શ્રેષ્ઠતા, દેવતુલ્યતા, ગુરુના લક્ષણ, મહત્ત્વની વિદ્યાઓના લક્ષણ, વેદ, વેદાંગ, સ્મૃતિ, પુરાણ, ઇતિહાસ, વેદાંત, યોગ અને અન્ય ઉપયોગી તત્ત્વોનું વિશ્લેષણ કરી શુક્રાચાર્ય એ એક આદર્શ રાજા, રાજય અને પ્રજાની સફળ કામના નીતિસારના માધ્યમ દ્વારા પ્રસ્તુત કરી છે.

# ❈ પ્રકરણ - ૮ ❈

## ❈ ‘રાજ્ય નિરૂપણ :-

| | | |
|---|---|---|
| ઉપપ્રકરણ : | (૮ - ૧) | રાજય એટલે શું ? |
| | (૮ - ૨) | રાજયની ઉત્પત્તિ વિષયક વિવિધ મતો. |
| | (૮ - ૨ - ૧) | દૈવી ઉત્પત્તિનો સિદ્ધાંત |
| | (૮ - ૨ - ૨) | સામાજિક કરારનો સિદ્ધાંત |
| | (૮ - ૨ - ૩) | પ્રાકૃતિક દશાનો સિદ્ધાંત |
| | (૮ - ૨ - ૪) | શક્તિનો સિદ્ધાંત |
| | (૮ - ૨ - ૫) | વિકાસવાદ કે ઉત્ક્રાંતિવાદનો સિદ્ધાંત |
| | (૮ - ૩) | શુક્રનીતિમાં રાજય સબંધિત ચિંતન |
| | (૮ - ૪) | રાજયાંગો, તેના પર્યાય અને તેનો ક્રમ વગેરે |
| | (૮ - ૫) | રાજયાંગ સ્વરૂપ નિરૂપણ |
| | (૮ - ૬) | રાજભવન |
| | (૮ - ૭) | રાજયના ઉત્તરાધિકારી |
| | (૮ - ૮) | અવિભાજય રાજય |
| | (૮ - ૯) | રાજય અને ધર્મ |
| | (૮ - ૧૦) | રાજયનું કાર્યક્ષેત્ર |

## ❑ શુક્રનીતિમાં રાજય નિરૂપણ :-

### ❖ ભૂમિકા :-

રાજયની ઉત્પત્તિના વિષયમાં પ્રાચીન અર્વાચીન વિચારકોમાં પણ મતભેદ છે. આ મતભેદોને કારણે જ રાજયની ઉત્પત્તિના સંદર્ભમાં અનેક સિદ્ધાંત પ્રસ્થાપિત થયેલ છે. રાજયની ઉત્પત્તિના સંદર્ભમાં પ્રાચીનતમ સિદ્ધાંત છે– **''દૈવી સિદ્ધાંત''** અનુસાર રાજયનું નિર્માણ 'ઇશ્વરે' કર્યું છે. તેમજ રાજા ઇશ્વરનો પ્રતિનિધિ છે. એ માન્યતા હતી કે રાજાની આજ્ઞાનો અનાદાર કરવો એ ઇશ્વરની આજ્ઞાનો અનાદર માનવામાં આવતો, તથા તે કરવાથી મનુષ્ય દંડનો ભાગીદાર બનતો. આ સંદર્ભમાં મનુ, યાજ્ઞવલ્કય વગેરેની જેમ જ શુક્રે શુક્રનીતિમાં પણ આઠ લોકપાલોની સમષ્ટિ માનેલ છે. ઇન્દ્ર, વાયુ, યમ, સૂર્ય, અગ્નિ, વરુણ, ચંદ્ર અને કુબેર આ લોકપાલોમાં નિરંતર રહેવાવાળા અંશોને પોતાનામાં ધારણ કરી પોતાની તપસ્યાના પ્રભાવથી રાજા સ્થાવર અને જંગમ સ્વરૂપ જગતનો સ્વામી હોય છે.

अरोजके हि सर्वस्मिन् सर्वतो विद्रुते भयात् ।
रक्षार्थस्य सर्वस्य राजानमसृजत् प्रभुः ॥
इन्द्रानिलयमार्काणामग्नेश्च वरुणस्य च ।
चन्द्रवित्तेशयोश्चापि मात्रा निर्हृत्य शाश्वतीः ॥[૧]

આના પરથી ફલિત થાય છે કે – શુક્રાચાર્યની દ્રષ્ટિમાં રાજા 'દેવાંશ' અને રાજયની ઉત્પત્તિ ''દૈવી સિદ્ધાંત'' (Divine rights) જ માન્ય છે તથા

स्वाम्यमात्पसुहृत्कोशराष्ट्रदुर्गबलानि च ।
सप्ताङ्गमुच्यते राज्यं तत्र मूर्द्धा नृपः स्मृतः ॥[૨]

આ શ્લોકમાં પ્રાપ્ત થતાં સપ્તાંગ રાજયના સૂત્રનું જ વિશદીકરણ છે. આથી અહીં પણ સર્વ પ્રથમ શુક્રના રાજય વિચારનું નિરૂપણ ઇષ્ટ ગણ્યું છે.

### (૧) રાજય એટલે શું ?

આપણા મોટાભાગના રાજનીતિશાસ્ત્રીય ગ્રંથો રાજય પર પ્રકાશ પાડે છે, પરંતુ રાજયની સ્પષ્ટ વ્યાખ્યા આપતા નથી. सप्ताङ्ग राज्यम् એ રાજયની શાસ્ત્રીય

૧. શુક્રનીતિ – ૧/૭૧, ૭૨.
૨. એજન – ૧/૬૧.

વ્યાખ્યા નથી, તે તો તેના સ્વરૂપનું વર્ણન છે. પ્રમાણમાં ઘણા પરવર્તી કહી શકાય તેવા સોમદેવે – 'राज्ञः पृथ्वीपालनोचितं कर्म राज्यम्'[૩] કહીને રાજયની વ્યાખ્યા આપવાનો પ્રયાસ કર્યો છે. તે મુજબ રાજાનું પૃથ્વીના રક્ષણ યોગ્ય કર્મ તે રાજય. એટલે ટૂંકમાં રાજાનું કાર્ય તે રાજય. આ પરિભાષામાં રાજાને પ્રાધાન્ય અપાયું છે. અહીં સોમદેવ રાજયના વ્યુત્પત્તિગત અર્થનો વિસ્તાર કરતાં જણાવે છે. राजन् + य (કર્મ કે ભાવ સૂચવતો પ્રત્યય) = राज्य એમ કહી શકાય. 'પ્રસન્ન કરવું' એ અર્થ ધરાવતા 'रज' ધાતુમાંથી राजन् શબ્દ વ્યુત્પન્ન થયો છે. આથી પ્રજાનુરંજન જેનું પરમ ધ્યેય છે, એ રાજાનું પૃથ્વીના રક્ષણ માટે જે કાર્ય તે રાજય એમ સમજાય છે. અહીં પૃથ્વીનો અર્થ રાજયનો ભૌગોલિક વિસ્તાર નહીં પણ રાજયની જનસંખ્યા અને ભૌતિક સમૃદ્ધિ લેવો જોઇએ. કારણ સોમદેવ કહે છે – वर्णाश्रमवती धान्यहिरण्यपशुकुप्य वृष्टिप्रदानफला च पृथ्वी ।[૪] અર્થાત્ જયાં પ્રજા નિશ્ચિત વર્ણવ્યવસ્થામાં વિભાજિત છે અને શાસ્ત્રવિહિત આશ્રમધર્મની મર્યાદામાં રહે છે, જયાં ફળદ્રુપતા, ખનિજ સંપત્તિ અને સારી વૃષ્ટિને લીધે ભૌતિક સંપતિ સારી છે તે પૃથ્વી. આ પૃથ્વીના રક્ષણનું કાર્ય તે રાજય, પણ કોના પ્રત્યેનું કાર્ય તેનો ઉત્તર આ વ્યાખ્યામાં મળતો નથી.

કામન્દકનીતિસારના ટીકાકાર રાજય શબ્દ આ પ્રમાણે સમજાવે છે કે – ''राज्यं राजत्वं वद् राजेत्यभिधानप्रत्यययोः प्रवृत्तिनिमितम्।''[૫]

## (૨) રાજયની ઉત્પત્તિ વિષયક વિવિધ મતો :-

શુક્રાચાર્યે શુક્રનીતિમાં સ્પષ્ટપણે રાજયની ઉત્પત્તિ વિશે કશું વિધાન કર્યું નથી. જો કે તેણે કરેલ રાજયચર્ચામાં[૬] રાજયોત્પત્તિ વિષયક મતોના નિર્દેશ અવશ્ય મળે છે. તેમને સમજવા માટે આ વિષય અંગે ભારતીય વિચારકોની વિભિન્ન વિચારધારઓનો સંક્ષિપ્ત પરિચય સહાયભૂત બની શકે.

ભારતીય વિચારકોએ રાજયની ઉત્પત્તિનો નહીં, રાજાની ઉત્પત્તિનો વિચાર કર્યો છે. રાજય એ રાજાનું કાર્ય છે, રાજય છે એટલે કોઇ શાસક અને અન્ય શાસિતની

૩. ની. વા. – ૫/૪.
૪. એજન – ૫/૫.
૫. કા. ની. – ૧/૧૮ ઉપર ટીકા.
૬. શુક્રનીતિ – ૧/૭૧, ૭૨, ૬૧, ૫/૧૪, ૧૨.

અપેક્ષા સહજ છે. આથી રાજાની ઉત્પત્તિના વિચાર દ્વારા રાજયની ઉત્પત્તિનો વિચાર થઇ જાય છે.

પાશ્ચાત્ય ચિંતનમાં રાજયની ઉત્પત્તિના જે સિદ્ધાંતો છે તેવું ચિંતન પ્રાચીન ભારતમાં થતું હતું તેમ બતાવવાના પ્રયાસો આધુનિક ભારતીય વિદ્વાનો એ કરેલા છે.[૭]

તે સંદર્ભને લક્ષમાં રાખી કહી શકાય કે રાજયની ઉત્પત્તિના સિદ્ધાંતો આ પ્રમાણે છે, –

૧. દૈવી ઉત્પત્તિનો સિદ્ધાંત.

૨. સામાજિક કરારનો સિદ્ધાંત.

૩. પ્રાકૃતિક દશાનો સિદ્ધાંત.

૪. શક્તિનો સિદ્ધાંત.

૫. વિકાસવાદ કે ઉત્ક્રાંતિવાદનો સિદ્ધાંત.

આ મતોનો ક્રમશઃ વિચાર કરીએ તો –

## ૧. દૈવી ઉત્પત્તિનો સિદ્ધાંત :-

રાજયની એટલે કે રાજાની દૈવી ઉત્પત્તિ દર્શાવવાનો પ્રયાસ અનેક દષ્ટિએ ઉપકારક રહે તેમ છે. છેક વૈદિક કાળથી રાજાને ઇન્દ્ર, અગ્નિ, મિત્ર, વરુણ, સોમ, વગેરે દેવોની સમકક્ષ કે તેમની શક્તિ ધરાવતો સૂચવ્યો છે.[૮] બ્રાહ્મણગ્રંથોમાં રાજાના દેહમાં અગ્નિ, સવિતૃ અને બૃહસ્પતિનો વાસ મનાયો છે. અશ્વમેઘ કે વાજપેય યજ્ઞ કરનાર રાજા દેવત્વ પ્રાપ્ત વર્ણવ્યો છે.[૯] રાજાની આજ્ઞા માનીને લોકો ખરેખર તો બ્રહ્મની આજ્ઞા માને છે એમ મનાયું છે.[૧૦] કૌટિલ્ય કહે છે – ''પૂર્વકાળમાં પ્રાણીઓમાં માત્સ્યન્યાય પ્રવર્તતો હતો. બળવાન નિર્બળનો નાશ કરતાં આ સ્થિતિમાંથી ઉગરવા લોકોએ સૂર્યના પુત્ર મનુની પ્રથમ રાજા તરીકે પસંદગી કરી, લોકોને તે રક્ષણ આપે અને બદલામાં લોકો તેને કર આપે. મનુમાં ઇન્દ્ર અને યમની શક્તિ રહેલી છે. રાજયની સત્તાનો ભંગ દૈવી શિક્ષાપાત્ર છે.''[૧૧]

---

૭. Bhandarkar D.R., 'Some Aspects of Ancient Hindu Polity' Lec. 5.

૮. ઋગ્વેદ – ૪/૪૨/૮, ૯; અથર્વવેદ – ૨૦/૧૨૭/૬, ઋગ્વેદ – ૧૦/૨૨.

૯. શત. બ્રા. – ૧૪/૪/૪; તૈ. બ્રા.– ૧૮/૧૦/૧૦.

૧૦. શત. બ્રા. – ૫/૨/૫.

૧૧. કૌ. અર્થ. અધિકરણ – ૧, અધ્યા. ૧૩.

આમ કૌટિલ્યના અર્થશાસ્ત્રમાં રાજાની દિવ્યતાના સિદ્ધાંતનો નિર્દેશ મળે છે.

મહાભારત અનુસાર અરાજક સ્થિતિથી ત્રાસી ગયેલ દેવોએ બ્રહ્મને સહાય માટે પ્રાર્થના કરી. વિષ્ણુએ વેનપુત્ર પૃથુની રાજા તરીકે નિયુક્ત કરી. પૃથુની ઉત્પત્તિ વિષ્ણુમાંથી થઇ છે. રાજા આવશ્યકતા મુજબ અગ્નિ, આદિત્ય અને યમનું સ્વરૂપ ધારણ કરતો, રાજાની આજ્ઞાનું પાલન મનુષ્યનો ધર્મ છે. રાજા દૈવી પદથી વંદનીય છે. મનુસ્મૃતિ અનુસાર -

अराजके हि लोकेऽस्मिन्सर्वतो विद्रुते भयात् ।
रक्षार्थमस्य सर्वस्य राजानमसृजत्प्रभुः ॥[१२]

રાજા વિનાનો આ લોક ચોપાસના ભયથી નાસભાગ કરવા લાગ્યો, ત્યારે ઇશ્વરે એ સર્વની રક્ષા માટે રાજાનું સર્જન કર્યું તથા ''ઇન્દ્ર, વાયુ, યમ, સૂર્ય, અગ્નિ, વરુણ, ચંદ્ર અને કુબેરના સનાતન (અંશોને) આકર્ષી પ્રભુએ રાજાનું સર્જન કર્યું[૧૩] રાજા બાળક હોય તોપણ દેવસ્વરૂપ છે, આથી તેનું અપમાન કરવું નહિ તથા રાજાનો પ્રભાવ અગ્નિરૂપ, વાયુરૂપ, સૂર્યરૂપ, ચંદ્રરૂપ, યમરૂપ, કુબેરરૂપ, વરુણરૂપ, અને ઇન્દ્રરૂપ છે, તેથી તે આઠ લોકપાલ રૂપ છે.[૧૪]

શ્રી ઘોષાલના મતે નારદસ્મૃતિમાં પ્રજાની રાજા પ્રત્યેની તાબેદારી અને દૈવી સિદ્ધાંતના નિરુપણનું ચરમબિંદુ જોવા મળે છે. કારણ રાજા દેવત્વનો અવતાર હોઇ અયોગ્ય કાર્ય કરતો નથી. પત્નીની જે ફરજ પતિ પ્રત્યે છે તેવી ફરજ પ્રજાની રાજા પ્રત્યે છે. રાજા સામે બળવો કરવો તે પાપ છે.[૧૫] યુરોપમાં પણ રાજાની દૈવી ઉત્પત્તિના વિચારો પ્રચલિત હતા, વિશેષ કરીને જેમ્સ પ્રથમના વિચારો ઉલ્લેખનીય છે. તેમના મતાનુસાર - ''રાજાઓ દૈવ છે એમ ઉચિત જ કહ્યું છે. પૃથ્વી પર તેઓ દૈવી શક્તિ સાથે સામ્ય પ્રસ્તુત કરે છે. સર્જન અને સંહારની ઇશ્વર શક્તિ ધરાવે છે, પોતાની મરજી પર નિર્ભર છે કે તે ઉત્પન્ન કરે, નષ્ટ કરે, કોઇને જીવન પ્રદાન કરે કે મૃત્યુ, કોઇનો ન્યાય કરે પણ તે કોઇને ઉતરદાયી નથી. રાજાનું પણ તેમજ છે.

---

૧૨. મનુસ્મૃતિઃ - ૭/૩.

૧૩. इन्द्रानिलयमार्काणामग्नेश्च वरुणस्य च ।
चन्द्रवित्तेशयोश्चैव मात्रा निर्हृत्य शाश्वतीः ॥ मनु. स्मृ. ७/४.

૧૪. 'મનુસ્મૃતિ' - ૭/૮, ૭.

૧૫. Ghoshal U. N., "A History of Hindu political Theory" - P. 189.

રાજા કેવળ ઇશ્વરનો પ્રતિનિધિ નથી. દેવ પણ તેને ઇશ્વર કહી સંબોધે છે.'' સેટ પોલના ઉપદેશોમાં પણ દૈવી સિદ્ધાંત દષ્ટિગોચર થાય છે. આમ રાજાની નિર્મિતિ ઇશ્વરીય વિધાનથી થયેલ છે. રાજયના શાસકોની નિયુક્તિ દૈવી શક્તિથી થઇ છે. રાજાની શક્તિનું ઉલ્લંઘન ઇશ્વરીય અવગણના છે. રાજા અત્યાચાર કરે તો ઇશ્વર તેમના દ્વારા પ્રજાને તેના કાર્યનો દંડ આપે છે એમ સમજવું[૧૬] વગેરે વિચારોમાં દૈવી ઉત્પત્તિનો સિદ્ધાંત રહેલો છે.

આમ, ભારતીય વિચારકોએ રાજાને નહીં પણ રાજયપદને દૈવી માનેલ છે. વળી રાજા, પરિણામે રાજય પરના ધર્મના અત્યધિક પ્રભાવને વિસરી શકાય નહીં. આપખુદ, બેજવાબદાર, સર્વોપરી, નૃપતંત્રને અનુમોદન આપ્યું હોય તેમ જણાતું નથી. રાજયને દિવ્ય સંસ્થાનો દરજ્જો આપી રાજાની પ્રભુસત્તાને માન્ય કરી તેને સીમિત બનાવી મહત્તમ લાભનો ઉદ્દેશ પાર પાડી શકાય તેમ ભારતીય વિચારકો દર્શાવવા માંગે છે. તેવા તારણ પર આવી શકાય.

**૨. સામાજિક કરારનો સિદ્ધાંત :-**

શાસક અને શાસિત વચ્ચેના કોઇ કરાર રાજયની ઉત્ક્રાંતિમાં, રાજાની પ્રભુસત્તાની સ્થાપનામાં કારણભૂત હોઇ શકે. ઋગ્વેદમાં ઇન્દ્ર રાજા બને એવી લોકોની ઇચ્છા વ્યક્ત થઇ છે. અહીં રાજા અને પ્રજા વચ્ચેના કોઇ કરારની કલ્પના કરી શકાય.[૧૭]

ઐતરેય બ્રાહ્મણ મુજબ અરાજકતાથી ત્રાસી ગયેલ દેવોએ પ્રજાપતિના નેતૃત્ત્વમાં અરસ-પરસ વિચાર કરી ઇન્દ્રને પોતાના રાજા તરીકે પસંદ કર્યો.[૧૮]

કૌટિલ્ય સૂચવે છે કે માત્સ્યન્યાય ત્રસ્ત લોકોએ સમજૂતીથી મનુને રાજા બનાવ્યો. કર આપવા કબુલ્યું અને મનુએ રક્ષણ કરવા સ્વીકાર્યું.[૧૯] આ બાબતમાં કરારના સિદ્ધાંતના સંકેત મળે છે.

સમાજમાંના વિનિપાતને રોકવા લોકોએ સાથે મળી સમજૂતી કરી અને રાજાને મહાજનસમ્મતને પસંદ કર્યો એમ દિગ્ધનિકાયમાં દર્શાવ્યું છે.[૨૦]

---

૧૬. ठाकुर लक्ष्मीदत्त, ''प्रमुख स्मृतियोंका अध्ययन'' પૃ. ૨૦૧-૨૦૨ પર ઉદ્ધરણ.
૧૭. Jayaswal K. P., "Hindu polity" - P. 7.
૧૮. એ. બ્રા. - ૧/૫/૯.
૧૯. કૌટિલ્ય અર્થશાસ્ત્રમ્ અધિ. ૧ અધ્યા. ૧૩.
૨૦. Peni prasad, "Theory of Government" - P. 206-208.

મહાભારતમાં નિર્દેશ મળે છે - લોકોએ વિરજસને પ્રથમ રાજા તરીકે સ્વીકાર્યો. જયારે મનુએ પ્રજાના સ્વભાવથી સાશંક બની રાજા થવાની અનિચ્છા દર્શાવી ત્યારે પ્રજાએ તેને કહ્યું કે તે પ્રજાનાં દુષ્કૃત્યોનો ઉત્તરદાયી નહીં ગણાય. તેને પ્રજાના સત્કર્મોનો ચોથો ભાગ મળશે. વળી સુવર્ણ, ધાન્ય પશુઓનો ભાગ આપવાનું પણ પ્રજાએ સ્વીકાર્યું. [૨૧]

બૌધાયન ધર્મસૂત્ર અનુસાર રાજા પ્રજાનો સેવક છે, તેમનું સંરક્ષણ તેનું ઉત્તરદાયિત્વ છે અને પ્રજાની આવકમાંથી છઠ્ઠો ભાગ મેળવવાનો તેમનો અધિકાર છે. [૨૨] ભારતમાં ગણરાજયો પણ હતાં, પરંતુ લાંબા કાળ સુધી તે સફળ ન થયાં. નૃપતંત્રનો જ પ્રચાર રહ્યો. પરંતુ ગણરાજયમાં સામાજિક કરારના અંશ જોવા મળે છે.

ઉપર્યુકત દર્શાવેલી બાબતોમાં સામાજિક કરારનો સંકેત દષ્ટિગોચર થાય છે. પરંતુ વસ્તુતઃ સામાજિક કરારનો સિદ્ધાંત ઘણો સંદિગ્ધ છે. ખરેખર તો રાજપદની અનિવાર્ય મહત્તા અને પ્રજા પ્રત્યેની રાજાની નૈતિક કર્તવ્યપરાયણતા તેમજ પ્રજાના કર્તવ્યને સૂચવવા આવા ઉલ્લેખો થયા છે.

### ૩. પ્રાકૃતિક દશાનો સિદ્ધાંત :-

માનવના સ્વભાવે રાજય અને રાજાની સ્થાપનામાં નિર્ણાયક પરિબળનું કાર્ય કર્યું એવી માન્યતાને પ્રાકૃતિક દશાના સિદ્ધાંતથી આપણે ઓળખી શકીએ. મહાભારત અનુસાર આરંભમાં ન રાજય હતું, ન રાજા હતો, ન દંડ હતો. સુખ, શાંતિ અને સમૃદ્ધિનો યુગ હતો. લોકો પરસ્પર સહકારથી રહેતા હતા. પરંતુ ધીમે ધીમે નૈતિક અધઃપતન થવા લાગ્યુ, અંધાધૂંધી ફેલાવા લાગી. માત્સ્યન્યાય પ્રવર્તવા લાગ્યો. આથી રાજાની ઉત્પત્તિ કરવામાં આવી. [૨૩]

જીનસેન આદિપુરાણમાં કહે છે કે પૃથ્વી ભોગભૂમિ હતી. કલ્પવૃક્ષની મદદથી સર્વ સુખો મળતા હતાં. પરંતુ પછી અંધાધૂંધીનો કાળ આવ્યો. આદિ તીર્થંકર ઋષભદેવે પૃથ્વી પર કાયદો અને વ્યવસ્થા સ્થાપ્યા. [૨૪]

૨૧. મહાભારતમ્ શાંતિપર્વ અધ્યા. ૬૭.
૨૨. બૌધાયન ધર્મસૂત્રમ્ - ૧/૧૦/૬.
૨૩. મહાભારતમ્ શાંતિ. અધ્યા. ૫૮.
૨૪. આદિપુરાણમ્ - ૩/૩૦.

આમ માનવના સ્વભાવ અને વર્તનમાં આવેલી અવનતિએ, રાજપદને, રાજયને અનિવાર્ય બનાવી દીધું એવી આ માન્યતાને કયાંક-કયાંક પુષ્ટિ મળે ખરી પરંતુ રાજય ઉત્પત્તિમાં તે જ સિદ્ધાંત રહેલો માની શકાય નહીં.

**૪. શક્તિનો સિદ્ધાંત :-**

ભારતીય ગ્રંથોમાં રાજાની દંડશક્તિ ધર્મપ્રવર્તન માટે પ્રજાને ફરજ પાડનાર પરિબળ હોવાના સંકેતો મળે છે. કૌટિલ્ય કહે છે કે દંડના અભાવમાં માત્સ્ય ન્યાય ફેલાઇ ગયો હતો.[૨૫] મહાભારત મુજબ દંડના ભયથી ચારેય આશ્રમના લોકો પોત-પોતાની ફરજો બજાવે છે. ધર્મસિદ્ધિ માટે દંડ શક્તિનું બ્રહ્માએ સર્જન કર્યું.[૨૬] મનુ દંડને દૈવી શક્તિ ગણે છે. તેના મતે દંડનો ભય સમ્યક્ ધર્મ્ય વર્તનનું પરિબળ છે.

तस्यार्थे सर्वभूतानां गोप्तारं धर्ममात्मजम् ।
ब्रह्मतेजोमयं दण्डमसृजत्पूर्वमीश्वरः ॥
तस्य सर्वाणि भूतानी स्थावराणि चराणि च ।
भयादभोगाय कल्पन्ते स्वधर्मान्न चलन्ति च ॥[२७]

યાજ્ઞવલ્કયે દંડને ધર્મનું સ્વરૂપ કહ્યો છે.[૨૮] ભાગવતપુરાણમાં દંડને ધર્મચિહ્ન કહેલ છે.[૨૯] ભારતીય વિચારકો દંડના ઉચિત વિનિયોગ પરત્વે સચેત પણ કરે છે.

આ મત દંડ કે શક્તિ પ્રજાને ઉચિત પથ પર ચાલવા દંડ કે ફરજ પાડે છે અને આ કારણે રાજયના પ્રજારક્ષણનો ઉદ્દેશ સુપેરે પાર પાડી શકાય છે તેનો સંકેત કરે છે. પરંતુ કેવળ શક્તિ કે બળ જ એ પરિબળ નથી કે જેથી રાજયની ઉત્પત્તિ થઇ હોય.

**૫. ઉત્ક્રાંતિવાદ :-**

વિદ્વાનોએ રાજયની ઉત્પત્તિ બાબતમાં ઉત્ક્રાંતિવાદનો પણ વિચાર કર્યો છે. તે અનુસાર રાજયની ઉત્ક્રાંતિ થઇ છે. આરંભમાં સમાજ વિભિન્ન

૨૫. કૌટિલ્ય અર્થશાસ્ત્રમ્ - ૧/૪/૧૩.
૨૬. મહાભારતમ્ શાંતિ. અધ્યા. ૧૫.
૨૭. મનુસ્મૃતિઃ - ૭/૧૪।૧૫.
૨૮. યાજ્ઞવલ્કય સ્મૃતિઃ - ૧/૩૫૪.
૨૯. શ્રીમદ્ ભાગવત પુરાણમ્ - ૩/૧૨/૪૪.

પરિવારોમાં વિભાજિત પરિવાર કે કુટુંબનો વડો હતો. કુટુંબોનાં સમૂહને 'જન' કે 'વિશ' સંજ્ઞા અપાઇ હતી. તેનો મુખ્ય આગેવાન 'જનપતિ' અને 'વિશપતિ' ગણાતો હતો. પરિવારોના બનેલ ગ્રામનો નેતા 'ગ્રામીણ' હતો. તેમાંથી રામનું પદ વિકસિત થયું એમ મનાયું છે. [૩૦]

પિતાની પરિવારના સભ્યો પ્રત્યેની જવાબદારી, પિતાની ઉપસ્થિતિથી પુત્રોને થતી અનુકૂળતા રાજા અને પ્રજાના સંબંધ પર પણ પૈતૃક સંબંધનું આરોપણ સમજાવવામાં ઉપયોગી બની શકે. કામન્દક કહે છે - પિતાની પાસે જેમ પુત્રો પરમ સુખની વાસ કરે છે તેમ રાજાના અમલમાં પ્રજા પરમ સુખમાં જીવન ગાળે છે. તે પાર્થિવ છે. [૩૧] સાચા વિચારો અન્યત્ર પણ પ્રાપ્ત થાય છે. [૩૨]

ડૉ. જાયસ્વાલે રાજપદ નિર્વાચિત થતું હતું તેમ સિદ્ધ કરવાનો પ્રયાસ કર્યો છે. [૩૩]

આમ આ ચર્ચા પરથી સ્પષ્ટ થાય છે કે રાજયની ઉત્પત્તિ અંગેની આધુનિક વિચારધારા જે સિદ્ધાંતો પ્રસ્તુત કરે છે, તે પૈકી કોઇ એક જ સિદ્ધાંત અને તે પણ સ્પષ્ટ રીતે ભારતીય રાજનીતિશાસ્ત્રીય ચિંતનમાં દષ્ટિગોચર થતો નથી.

## (૩) શુક્રનીતિમાં રાજય સમ્બન્ધી ચિન્તન :-

શુકે રાજયની ઉત્પત્તિની ચર્ચા કરી નથી. રાજાનો દેવાંશોદભવ માને છે તેમજ રાજાનું મહત્ત્વ દર્શાવવા જે વિધાનો કર્યા તેની પશ્ચાદ્‌ભૂમાં રાજાની ઉત્પત્તિ અંગેની તથા શુક્રે કરેલા રાજયના વિશદ વર્ણનથી રાજયની ઉત્પત્તિ અંગેની તેમની વિચારધારા નિમિત્ત બની છે. એમ અવશ્ય માની શકાય.

શુક્રે શુક્રનીતિમાં રાજાને આઠ લોકપાલોની સમષ્ટિ માની છે - ''રાજા વિનાના આ સંસારમાં ભયભીત પ્રાણી જયારે આમતેમ ચારેબાજુ આત્મરક્ષાર્થે ભાગવા લાગ્યા, ત્યારે વિધાતાએ આ સંસારની રક્ષાને માટે ઇન્દ્ર, વાયુ, યમ, સૂર્ય, અગ્નિ, વરુણ, ચંદ્ર અને કુબેર જેવા આઠલોકપાલોમાં જે ચિરન્તન શક્તિ છે, એમને સંગ્રહિત કરી એનાથી પૃથ્વીપાલક રાજાની સૃષ્ટિ કરી.'' [૩૪] જે રાજા

૩૦. विद्यालंकार सत्यकेतु, ''प्राचीन भारतीय शासनव्यवस्था और राजशास्त्र - પૃ. ૨૯૮.

૩૧. કા. ની. - ૪/૧૯.

૩૨. કૌ. અર્થ. - ૨/૧, યા. સ્મૃ. - ૧/૩૩૪; મ.ભા. શાંતિ - ૧૩૯-૧૦૪, ૫
રામા. - ૨/૨/૨૮ થી ૪૭; ૫/૩૫/૯ થી ૧૪, રઘુ. - ૧/૧૪.

૩૩. Jayaswal K. P., Op. Cit. - P. 7.

૩૪. શુક્રનીતિ - ૧/૭૧, ૭૨.

ધાર્મિક છે તે 'દેવાંશ' થી ઉત્પન્ન કહે છે. એનાથી ભિન્ન અધાર્મિક રાજા દાનવોના અંશથી ઉત્પન્ન કહેવાય છે.

''यो हि धर्मपरो राजा देवांशोऽन्यश्च रक्षसाम् ।''[૩૫]

શુક્રના મતાનુસાર રાષ્ટ્રશબ્દથી સ્થાવર અર્થાત્ વૃક્ષ, પર્વત, આદિ સહિત પૃથ્વીનો ભાગ તથા જંગમ અર્થાત્ પશુ-મનુષ્ય આદિ ચૈતન્ય પ્રાણીનો બોધ થાય છે. જે રાજાને આધીન જેટલુ રાષ્ટ્ર અર્થાત્ પૃથ્વી ભાગ હોય છે. તે તેમનું 'રાજય' કહેવાય છે.

स्थावरं जङ्गमं वापि राष्ट्रशब्देन गीयते ।[૩૬]

આમ શુક્રનીતિમાં રાજયની ઉત્પત્તિ વિશે અસંદિગ્ધ વિધાનો પ્રાપ્ત થતાં નથી. શુક્રે રાજાને આઠ લોકપાલોની સમષ્ટિ માનીને એ પ્રકારે રાજયોત્પત્તિના વિષયમાં એમના દૈવી સિદ્ધાંતને પ્રતીત કર્યો છે.

**(૪) રાજયના અંગો (રાજયાંઙ્ગો), તેના પર્યાય અને તેમનો ક્રમ વગેરે :-**

રાજયના અંગો નિરૂપવાનું વલણ પ્રાચીન ભારતીય રાજનીતિશાસ્ત્રીય ગ્રંથોમાં સર્વ સામાન્ય જણાય છે. રાજયમાં અંગોના નિરુપણના મૂળ ઋગ્વેદના પુરુષસૂકતમાં જોવાનો પ્રયાસ થયો છે.[૩૭]

સામાન્ય રીતે મોટાભાગના ગ્રંથો રાજયના સાત અંગ વર્ણવે છે. અનુક્રમે - સ્વામી, અમાત્ય, રાષ્ટ્ર, દુર્ગ, કોશ, બલ અને મિત્ર. શુક્ર શુક્રનીતિમાં નીતિશાસ્ત્ર અનુસાર રાજયના સાત અંગો માને છે.

स्वाम्यमात्यसुहृत्कोशराष्ट्रदुर्गबलानि च ।
सप्ताङ्गमुच्यते राज्यं तत्र मूर्धा नृपः स्मृतः ॥[૩૮]

આ રાજયાઙ્ગ નિરુપણમાં શુક્ર એક રૂપકનો આશ્રય લે છે -

दृगमात्यः सुहृच्छोत्रं मुखं कोशो बलं स्मृतः ।
हस्तौ पादौ दुर्गराष्ट्रे राज्याङ्गानि स्मृतानि हि ॥[૩૯]

રાજય શરીરમાં રાજા મસ્તક છે, અમાત્ય નેત્ર છે, મિત્ર કાન છે,

૩૫. એજન - ૧/૭૦.
૩૬. એજન - ૪/૩/૧.
૩૭. Jayaswal K. P., Op. Cit. - P. 9.
૩૮. શુક્રનીતિ : - ૧/૬૧.
૩૯. એજન - ૧/૬૨.

કોશ મુખ છે, બળ એ મન છે, દુર્ગ હાથ છે અને રાષ્ટ્ર તે ચરણ છે. આ રૂપકમાં રાજયાંગોનું મહત્ત્વ દર્શાવાયું છે. તેનું ઔચિત્ય સ્વીકારી શકાય. રાજાની સ્થિતિ સર્વોચ્ચ છે, તેથી તેને રાજય શરીરનું મસ્તક માની શકાય. આમત્ય રાજયની વિભિન્ન બાબતોને જુએ છે આથી તે નેત્રનું કાર્ય કરે છે અને રાજયનું નેત્ર છે. શત્રુએ કરેલ ષડ્યંત્રની માહિતી મેળવી રાજાને વાકેફ કરનાર મિત્ર કાનનું કાર્ય કરે છે. મુખનું કાર્ય ખોરાક ચાવીને શરીરને પોષણ પ્રદાન કરવાનું છે. કોશ રાજયને પોષણકારક સામગ્રી એકઠી કરે છે. આથી કોશ મુખ છે. સૈન્યનું કાર્ય મન જેવું છે, તો હાથ જેમ ભય સામે ઢાલ બને છે, ભયનો સામનો કરે છે તેમ દુર્ગ સુરક્ષા અર્પે છે, આથી દુર્ગ રાજય શરીરના હાથ છે. શરીરનો આધાર ચરણ પર હોય છે, તેમ રાષ્ટ્ર પર રાજય શરીરનો આધાર છે. આમ આ રૂપકનો નિર્વાહ થઇ શકે છે.

તો વળી રાજયાંગોને વધુ મહત્ત્વ દર્શાવવા શુક્ર શુક્રનીતિમાં પાંચમાં અધ્યાયમાં રાજયને વૃક્ષનું સરસ રૂપક આપે છે.

राज्यवृक्षस्य नृपतिर्मूलं स्कन्धाश्च मन्त्रिणः ।
शाखाः सेनाधिपाः सेनाः पल्लवाः कुसुमानि च ।
प्रजाः फलानि भूभागा बीजं भूमिः प्रकल्पिता ॥[૪૦]

આ વૃક્ષનું મૂળ તે રાજા, મંત્રીઓ તે થડ, સેનાપતિ શાખા સૈન્ય પર્ણો અને પ્રજા પુષ્પ છે, ભૂભાગ એ ફળ છે અને ભૂમિ એ બીજ છે.

રાજયના આ સાત અંગોના નામ ઘણા જ પ્રચલિત છે, પરંતુ કયાંક-કયાંક તેમના પર્યાય પણ પ્રાપ્ત થાય છે. 'સ્વામી' માટે મ.ભા. 'આત્મા' શબ્દ પ્રયોજે છે.[૪૧] કામન્દક પણ 'સ્વામી' માટેના 'આત્મા' શબ્દથી પરિચિત જણાય છે તેઓએ 'પૃથિવીપતિ' શબ્દ પણ પ્રયોજયો છે.[૪૨] 'અમાત્ય' ને બૃહત્પરાશર 'પ્રધાન' કહે છે, કાલિકાપુરાણ 'સચિવ'.[૪૩] 'રાષ્ટ્ર' માટે 'જનપદ' પણ બહુ પ્રયુક્ત છે.[૪૪] જયારે 'જન' પણ કહેલ છે.[૪૫] કામન્દક 'રાષ્ટ્ર' માટે 'પ્રજા' શબ્દનો

૪૦. એજન - ૫/૧૨.
૪૧. મહાભારતમ્ શાંતિ - ૨૯/૧૨.
૪૨. કા. ની. - ૧૩/૩.
૪૩. બૃહત્પરાશર - ૧૨/૭૯, કાલિકાપુરાણ - ૮૭/૫૯.
૪૪. કૌ. અર્થ. - ૬/૧, મહાભારતમ્ શાંતિ - ૬૯/૬૩, મ. પુ. - ૨૨૦/૧૯. અ. પુરાણ- ૨૨૫/૧૧.
૪૫. યા. સ્મૃ. - ૧/૩૫૩.

ઉલ્લેખ કરે છે.[૪૬] 'દુર્ગ' માટે 'પુર' શબ્દ પ્રચલિત રહ્યો છે.[૪૭] 'બલ' ને 'દંડ' પણ કહેલ છે.[૪૮] 'મિત્ર' નો પર્યાય 'સુહૃત' પણ પ્રાપ્ત થાય છે.[૪૯]

મોટાભાગના નીતિશાસ્ત્રકારોની જેમજ શુક્ર પણ રાજયને સપ્તાંગાત્મક માને છે. રાજયના સાતથી વિશેષ અંગો માનવાનું વલણ પણ કયાંક-કયાંક જોવા મળે છે. એમ મહાભારતના આધારે કહી શકાય.[૫૦] ત્યાં રાજયના આઠ અંગો છે તેવું વિધાન છે પરંતુ આ આઠમું અંગ કયું તે દર્શાવ્યું નથી. આશ્રમપર્વ ૫-૮ પરની ટીકામાં નીલકંઠે પણ આ આઠમાં અંગ વિશે મૌન જ સેવ્યું છે. આરણ્યક પર્વ ૯-૮ ની ટીકામાં નાદિરાજ પૌરજનોની 'શ્રેણી' ને આઠમું અંગ ગણાવે છે.[૫૧] પરંતુ રાષ્ટ્રમાં અંતર્ભાવ ન થઇ શકે તેવું તેમાં શું તત્ત્વ છે તે કહી શકાય તેમ નથી. જો કે પૌરશ્રેણિની રાજયના આઠમાં અંગ તરીકેની ગણના અન્યત્ર પણ થઇ છે તેનો સંકેત અમરકોશ[૫૨] અને હિતોપદેશમાંથી[૫૩] મળે છે.

શ્રી કાંતિલાલ સોમપુરા નોંધે છે - ''તે સાતને બદલે આઠ અંગો કે પ્રકૃતિઓનું નિરુપણ કરે છે.''[૫૪] પરંતુ કૌટિલ્યે દર્શાવેલ આ આઠમું અંગ કયું તેનો નિર્દેશ શ્રી સોમપુરાએ કર્યો નથી. કૌટિલ્ય અર્થશાસ્ત્રમાં સ્પષ્ટ સ્વરૂપે આઠ અંગો વર્ણવ્યા નથી.

શ્રી આર. કે. ચૌધરી નોંધે છે - ''મહાભારતના મોક્ષધર્મપર્વમાં રાજયના સાત અંગો ઉપરાંત ત્રણ અંગ જોડયા છે. પ્રભુશક્તિ, ઉત્સાહશક્તિ અને મંત્રશક્તિ. મહાભારતમાં સ્વામી અને મિત્રને બાદ કરી પાંચ અંગ પણ દર્શાવ્યા છે.''[૫૫] કા. ની. માં પણ અમાત્યથી બલ સુધીની પાંચ પ્રકૃતિમાં સ્વામી અને મિત્રને ઉમેરી સપ્તાંગ રાજયના બાર્હસ્પત્ય સિદ્ધાંતને પ્રસ્તુત કર્યો છે.[૫૬] શ્રી ચૌધરી

૪૬. કા. ની. ૧૩/૩.
૪૭. મહાભારતમ્ શાંતિ - ૬૯/૬૩, મનુસ્મૃતિઃ - ૯/૨૯૪.
૪૮. મહાભારતમ્ શાંતિ - ૬૦/૬૨, વિ. સ્મૃ. ૩/૩૩, મનુસ્મૃતિઃ - ૯/૨૯૪, યા. સ્મૃ. - ૧/૩૫૩, મ.પુ. ૨૨૦/૧૯, અ.પુ. - ૨૨૫/૧૧ વગેરે.
૪૯. મનુસ્મૃતિઃ - ૯/૨૯૪, વિ.ધ.પુ. - ૩/૩૨૩, અ.પુ. ૨૩૯/૧, શુક્રનીતિ - ૧/૬૧.
૫૦. મહાભારતમ્ શાંતિ - ૧૨૨/૮, આરણ્યક - ૯/૮, આશ્રમવાસિક - ૫/૮.
૫૧. મહાભારતમ્ આશ્રમવાસિક Critical Edition. Notes. - P. 150.
૫૨. અમરકોશ - ૨-૮-૨૭। ૧૮.
૫૩. હિતોપદેશ - ૩/૧૪૪.
૫૪. સોમપુરા કે. એફ. ''હિન્દુ રાજય પદ્ધતિઓનો ઇતિહાસ'' - પૃ. ૬૦.
૫૫. Choudhary R. K., 'Kautilya's Political Ideas Insti.' - P. 64.
૫૬. કા. ની. - ૮/૫.

એમ પણ નોંધે છે કે - બૃહસ્પતિ રાજયના અંગોની સંખ્યા ૧૮ દર્શાવે છે. પરંતુ બૃ.સૂ. કે બૃ. સ્મૃતિમાં ૧૮ અંગેનો ઉલ્લેખ નથી.

રાજયાંગોની ગણનામાં શુક્ર મનુ તથા કૌટિલ્યને અનુસરે છે, ઘણા વિચારકોની ગણત્રીમાં ક્રમભિન્નતા જોવા મળે છે. વિષ્ણુસ્મૃતિ દુર્ગને ત્રીજા ક્રમે, કોશને ચોથા ક્રમે, દંડને પાંચમા ક્રમે અને રાષ્ટ્રને છઠા ક્રમે વર્ણવે છે.[૫૭] મહાભારતમાં એક સ્થળે જનપદને છઠ્ઠા ક્રમે અને પુરને સાતમાં ક્રમે દર્શાવ્યા છે.[૫૮] મનુસ્મૃતિમાં રાજા, પ્રધાન, શહેર, દેશ, ખજાનો, લશ્કર અને મિત્ર એમ રાષ્ટ્ર પહેલા પુરને ગણાવે છે.[૫૯] શુક્રનીતિમાં ઉપર્યુકત કહયા પ્રમાણે (૧) સ્વામી (૨) અમાત્ય (૩) મિત્ર (૪) કોશ (૫) રાષ્ટ્ર (૬) દુર્ગ અને (૭) બલ એ ક્રમે વર્ણવેલ છે.[૬૦] જો આ બધા સમાન મહત્ત્વના અંગો ગણાતા હોત તો તેનો ગમે તે ક્રમમાં ઉલ્લેખ કરી શકાય.

સ્વામીથી શરૂ કરી મિત્ર સુધીના આ સાતને રાજયના 'અંગ' કહ્યા છે. અંગ એટલે અવયવ. આ સાતેય અવયવોની સહાયથી રાજયનું કાર્ય સિદ્ધ થાય છે. ''જેમ રથ અનેક અંગોનો બનેલ છે, તેમ રાજય આ અંગોનું બનેલું છે.''[૬૧] ચક્ર, અશ્વ, સારથિ વગેરે પૈકી કોઇપણ એક ન હોય તો રથ ચાલે નહીં તેમ આ સાત પૈકી કોઇ એકના અભાવમાં રાજય ચાલે નહીં.[૬૨] આથી આ બધા રાજયના અવયવો છે એટલે અંગો છે. એમ કહેવાય છે. શુક્રે પણ રાજય શરીરનું રૂપક આપ્યું છે. રાજય શરીરમાં રાજા મસ્તક, અમાત્ય નેત્ર, મિત્ર કાન, કોશ મુખ, બલ મન, દુર્ગ હાથ અને રાષ્ટ્ર ચરણ.[૬૩] આમ શરીરના એક પણ અવયવ વગર ચાલે નહીં તેમ આ અંગો વિના પણ રાજય ચાલે નહીં.

અંગ માટે પ્રકૃતિ શબ્દ પણ પ્રયુક્ત થયો છે. અમરકોશ અનુસાર પ્રકૃતિ અને રાજયાંગ પર્યાય છે.[૬૪] પ્રકૃતિ એટલે કારણ, અવયવ, સ્વભાવ એમ મેધાતિથિ સમજાવે છે અને સર્વજ્ઞનારાયણ કહે છે આ અંગો અવયવ છે, રાજય તેનું સમુદાય

૫૭. વિષ્ણુસ્મૃતિ - ૩/૩૩.
૫૮. મહાભારતમ્ શાંતિ - ૬૯/૬૨, ૬૩.
૫૯. મનુસ્મૃતિ - ૯/૨૯૪.
૬૦. શુક્રનીતિ - ૧/૬૧.
૬૧. કા. ની. - ૪/૧ પર જ.મ.
૬૨. કા. ની. - ૪/૨ પર ઉ. નિ.
૬૩. શુક્રનીતિ - ૧/૬૨.
૬૪. અમરકોશ - ૨/૮/૧૮.

રૂપ છે, રાજય અવયવિસ્થાનીય છે.[૬૫] યાજ્ઞવલ્કયસ્મૃતિ ૧ / ૩૫૩ ઉપર અપરાર્ક લખે છે તે અનુસાર રાજયનું કાર્ય જેનાથી થાય છે, નિયમપૂર્વક થાય છે માટે તે પ્રકૃતિ છે. આ અંગોને પ્રકૃતિ કહેવામાં ઔચિત્ય કે સાર્થકતા છે કારણ આ અંગો રાજયના કારણ છે, જીવાતુભૂત અવયવો છે.

આ સાત અંગોમાં મિત્ર સ્વયં એક રાજા હોય છે. આથી અમાત્યથી દંડ સુધીની પ્રકૃતિને રાજય અને સ્વામીમાં મિત્રનો અંતર્ભાવ સમજતાં રાજા અને રાજય એમ બે અંગોમાં પ્રકૃતિ સંક્ષેપ રજૂ થાય છે. તે પણ સમજી શકાય છે.[૬૬]

## (૫) રાજયાંગ સ્વરુપ નિરૂપણ :-

પ્રાચીન ભારતીય રાજયતંત્રમાં 'રાજા' શીર્ષસ્થાનીય છે. રાજાનું કાર્ય તે રાજય કહેવાય છે. માત્સ્યન્યાયનું નિવારણ, ધર્મપ્રવર્તન, પ્રજારક્ષણ એ ભગીરથ કાર્ય એક વ્યકિતથી ન જ થઇ શકે. આથી રાજા સુસહાયવાન હોય તે જરૂરી છે. શુક્રના મતાનુસાર કોઇપણ કાર્ય નાનામાં નાનું હોય તોપણ એ સહાયક વિના એકલો કોઇ વ્યક્તિ સહજ રીતે પૂર્ણ કરી શકતો નથી તો વૈભવપૂર્ણ રાજકાજ સંચાલનનું પૂછવું શું ?[૬૭] ખરાબ સહાયકોથી રાજા પોતાના ધર્મ તેમજ રાજયથી ચલિત થઇ જાય છે. જેવી રીતે કૃત્સિત સહાયક તેમજ પોતાના કુકર્મોથી દૈત્ય વિનષ્ટ થયા, પ્રચંડ પરાક્રમી તેમજ અત્યંત શક્તિશાળી હોવા છતાં પણ કુપરામર્શને કારણ દુર્યોધન આદિ રાજાનો વિનાશ થયો. તેથી રાજાએ નિરભિમાની તેમજ કુશળ સહાયકયુક્ત હોવું જોઇએ.[૬૮]

'અમાત્ય' રાજા સાથે રહી તેને સહાયક બને છે, આથી તે રાજયનું બીજું અંગ છે. રાજા પ્રજાનું પાલન કરે, શત્રુથી રક્ષણ કરે આ માટે તેમજ પ્રજાના વિકાસ માટે ધાન્યવતી ધરતી-પ્રજાવતી ભૂમિ આવશ્યક છે, જેને 'જનપદ' કે 'રાષ્ટ્ર' કહે છે. આ રાષ્ટ્રનું ત્રીજું અંગ છે. શત્રુનો પ્રતિકાર કિલ્લામાં રહીને સારી રીતે થઇ શકે. આથી કિલ્લો કે કિલ્લાથી સુરક્ષિત રાજધાની કે જેને 'દુર્ગ' કે 'પુટ' કહે છે. તે રાજયનું ચોથું અંગ છે. પ્રજાહિતનાં કાર્યોમાં દુર્ગસંસ્કારના કાર્યમાં રાજયની સમૃદ્ધિના પાયારૂપ ખજાનાની અતિ આવશ્યકતા છે માટે 'કોશ' એ પાંચમું અંગ છે.

---

૬૫. મનુસ્મૃતિ - ૯ / ૨૯૪ પર ટીકા.
૬૬. કૌટિલ્ય અર્થશાસ્ત્રમ્ - ૮ / ૨ / ૧.
૬૭. શુક્રનીતિ - ૨ / ૧.
૬૮. શુક્રનીતિ - ૨ / ૧૦, ૧૧.

શત્રુના મલિન આશયને વિફલ બનાવવા, તેને હાંકી કાઢવા માટે સૈન્ય વિના તો ન જ ચાલે. રાજયનું અસ્તિત્વ સૈન્ય પર નિર્ભર છે. આમ 'બલ' કે 'દંડ' ને રાજયાંગ માન્યું છે. શત્રુ સાથેના યુદ્ધમાં, યુદ્ધના મેદાનમાં કે અન્યત્ર, મિત્રની સહાય ઘણીજ ઉપકારક નીવડે છે. મિત્ર હોય તે પણ એક પ્રભાવક પરિબળ છે. સત્તાના સંતુલનમાં પણ મિત્ર મહત્ત્વ ધરાવે છે. આથી રાજયના સાતમાં અંગ તરીકે મિત્રને સૌએ સ્વીકારેલ છે. મિત્રને પણ રાજયાંગ ગણાવીને ભારતીય વિચારકોએ તેમની વિશેષ સૂઝ નો પરિચય આપ્યો છે.

આમ સ્વામી કે રાજાથી મિત્રના આ સાત અંગો રાજયના અવયવો છે, કારણો છે, રાજયને ટકાવી રાખનાર પરિબળો છે. શ્રી સોમપુરાનું મંતવ્ય યથાર્થ જણાય છે કે – ''રાજય એ કોઇ સાત અંગોનો ''શંભુમેળો'' નથી પણ વિવિધ અંગોનું સુસંયોજિત અને અવિભાજય એકમ છે''[૬૯] શુક્ર પણ રાજયને શરીરના અવયવો સાથે સરખાવી અવિભાજય અંગોનો નિર્દેશ કરે છે.[૭૦]

**(૬) રાજભવન :-**

રાજકીય કર્તવ્યમાં રાજયભવન-રાજધાનીના સ્થાનની પસંદગી અત્યંત મહત્ત્વની હોય છે. સૌંદર્યાત્મક દષ્ટિથી સંરક્ષણાત્મ દષ્ટિથી અને પ્રશાસન સંચાલનની દષ્ટિથી આ સ્થાનનું ત્યારે વધારે મહત્ત્વ વધી જાય છે. જયારે સશક્ત રાજાની ચિંતન શક્તિનો વ્યવહારિક ઉપભોગ પ્રારંભ થઇ જાય છે. આ દષ્ટિથી વિચાર કરવાથી શુક્રે સર્વ પ્રથમ પ્રાકૃતિક સૌંદર્યને જ મહત્ત્વ આપેલ છે.

શુક્રના મતે રાજભવનની ભૂમિ બહુવિધ વૃક્ષો અને લતાઓથી આચ્છાદિત હોવી જોઇએ. અનેક પ્રકારના પશુઓના અભય જંગલ અને અનેક પક્ષીઓનાં માળાઓ હોવા જોઇએ. જળાશય તેમજ નદીઓનો અભાવ ન હોવો જોઇએ. નદી એવી હોવી જોઇએ જેના માધ્યમથી નાવિક સરળતાથી સાગર કિનારા સુધી પહોંચી શકે, જમીન સમતલ અને સુરમ્ય હોવી જોઇએ.[૭૧] તે જમીન ઉર્ધ્વચંદ્રકાર, વૃત્તાકાર અથવા ચૌકાર હોવી જોઇએ, એ જમીન મજબૂત દીવાલોથી ઘેરાયેલી હોય. ચાહાર દીવાલની બહાર ખાઇથી ઘેરાયેલી હોવી જોઇએ. એમની બહાર બાજુની જમીનમાં

૬૯. સોમપુરા કે. એફ. 'હિન્દુ રાજય પદ્ધતિનો ઇતિહાસ' – પૃ. ૫૯.
૭૦. શુક્રનીતિ – ૧/૬૨.
૭૧. એજન – ૧/૨૧૩,૨૧૪.

ગામ તથા નગરોને વસાવવાની વ્યવસ્થા હોવી જોઇએ. વચ્ચે સભા મંડપ હોય, વાવ, તળાવ વગેરેની વ્યવસ્થા હોય, કિલ્લાની બધી બાજુ ચાર વિશાળ દ્વાર હોવા જોઇએ, અંદરના રસ્તાની વ્યવસ્થા સારી હોવી જોઇએ. ફળદાર વૃક્ષોથી તે જમીન આચ્છાદિત હોય, તેમાં અનેક ગલીઓ બનેલ હોય, સ્વસ્થ તેમજ સુદઢ મંદિર મઠ તેમજ ધર્મશાળાની વ્યવસ્થા હોય, કિલ્લાની અંદર એવી સુવિધા હોય કે રાજય પરિવારની સાથે પ્રજાવર્ગની પણ સમય આવ્યે રક્ષા કરી શકાય. આવી સુંદર રાજધાનીમાં રાજભવનનું ભવ્ય નિર્માણ હોવું જોઇએ.[૭૨]

રાજભવનની વચ્ચે સભાભવન બનાવવું અને એમની અંદર સીમા-રેખામાં ગૌશાળા, અશ્વશાળા, ગજશાળા વગેરેની વ્યવસ્થા હોય, સભાભવનની બધી બાજુ સમરૂપ હોય, દક્ષિણની બાજુ ઊંચી અને ઉત્તરની બાજુ રાજભવનની જમીન થોડી નીચે હોય, અર્થાત્ પાણીનું વહેણ ઉત્તર દિશાની બાજુ હોય, રાજભવન એકભુજ અથવા વિષમભુજ ન હોવું જોઇએ. આ ચતુઃશાલ અર્થાત્ બધી બાજુ ઘરોથી ઘેરાયેલ હોવું જોઇએ અન્યથા એક ઘર શુભદાય હોતુ નથી.[૭૩] એમની આસપાસ સશસ્ત્ર સૈનિકોનો નિવાસ હોવો જોઇએ, આકર્ષક યંત્રોથી ઘેરાયેલ મજબૂત આહાર દીવાલથી આવૃત હોવો જોઇએ. દ્વારોથી એ સુશોભિત હોય, સશસ્ત્રધારી પહેરેદારો બે-બે કલાકે પોતાની પાળી બદલતાં ચાર, પાંચ અથવા છ ની સંખ્યામાં હંમેશા એમની રક્ષા કરતાં રહે. રાજભવન આગળ હંમેશા તંબુ, સમિયાણા અટારી એમની શોભા વધારે છે. એમની આગળ પૂર્વની બાજુ નહાવા-ધોવા, વસ્ત્ર-પ્રક્ષાલન કરવા તથા ભોજન બનાવવા માટે અલગ-અલગ રૂમો બનેલા હોય.[૭૪]

ઊંઘવા માટે, અન્નાદિ રાખવા માટે, દાસ-દાસીઓને માટે, મળ-મૂત્રાદિ માટે, ક્રમશઃ દક્ષિણ દિશામાં ઘર બનાવેલ હોય, ગાય, મૃગ, ઊંટ, હાથી આદિને માટે પશ્ચિમ દિશામાં ગૃહ નિર્માણ કરવું જોઇએ. રથ, ઘોડા અથવા હથિયાર રાખવા માટે, વ્યાયામ કરવા માટે, વસ્ત્ર તથા રત્ન રાખવા અને વિદ્યાભ્યાસ કરવા માટે સુરક્ષિત તેમજ સુંદર ગૃહ ઉત્તર દિશામાં બનાવવા.[૭૫]

---

૭૨. એજન - ૧/૨૧૫-૨૧૭.
૭૩. એજન - ૧/૨૧૮-૨૨૦.
૭૪. એજન - ૧/૨૨૧-૨૨૭.
૭૫. એજન - ૧/૨૨૩-૨૨૭.

શાસ્ત્રસંમત આ બાબતોનો નિર્દેશ કર્યા બાદ શુક્રે રાજાને એ બાબતની છૂટ આપી કે આના ઉપર વિચાર કર્યા વિના કોઇ રાજા પોતાની સુવિધા અનુસાર ક્યું ગૃહ કઇ દિશામાં બનાવવું તેના પર સ્વતંત્ર વિચાર કરી શકે છે. મુખ્ય રાજભવનથી ઉત્તર દિશાની બાજુ વિચારભવન અને શિલ્પશાળાનું નિર્માણ કરાવવું જોઇએ.[૭૬] દ્વાર બનાવવા માટે ઘરનાં આઠ ભાગ કરી એમની વચ્ચેના બે ભાગોમાં દરવાજા બનાવવા જોઇએ. એવી રીતે ચારેય દિશામાં, વચ્ચેના બે-બે ભાગોમાં દરવાજા હોવા જોઇએ. એવા દરવાજા મનુષ્યને ધન તેમજ પુત્ર ઉત્પન્ન કરાવે છે.[૭૭] રાજભવન હમેંશા ચોકીદારોથી સુરક્ષિત રાખવુ તથા એમની ચારેય બાજુ તોપ લગાવી પહેરો કરાવવો જોઇએ.

રાજયભવનની સાથે-સાથે રાજાનું સભાભવન - રાજપ્રાસાદ પણ અત્યંત સુરક્ષિત, આકર્ષક તેમજ મનોહર હોવું જોઇએ. દક્ષિણથી ઉત્તરની બાજુ લાંબુ અથવા પૂર્વથી પશ્ચિમની બાજુ બે ગણુ અથવા ત્રણગણુ લાંબુ હોવું જોઇએ. ભવન એક માળનું, બે માળ અથવા ત્રણ માળ પોતાની ઇચ્છાનુસાર બનાવવા. પ્રકાશ તેમજ હવાને માટે ભવનમાં સુંદર તેમજ આકર્ષક બારીઓની વ્યવસ્થા હોવી જોઇએ. ઉપરના માળે સમિયાણા પથરાયેલા હોય. બાજુના રૂમની અપેક્ષાએ વચ્ચેના રૂમની લંબાઇ બે ગણી હોવી જોઇએ. ભવનની છત મજબૂત તેમજ આકર્ષક હોવી જોઇએ. વચ્ચેનો રૂમ એક માળનો હોવો જોઇએ. રૂમોની આગળ સુંદર, સુડોળ, વિવિધ ભાતના સ્થંભ લગાવેલ હોય, વિવાદ વિચાહર્ય હોલની ચારે બાજુ દરવાજા હોવા જોઇએ. સામે ફુવારા, રૂમોમાં પંખા તેમજ ઘડિયાળની વ્યવસ્થા હોવી જોઇએ. વિચાર કક્ષમાં કાચ તેમજ સુંદર ચિત્ર લગાવેલ હોવા જોઇએ.[૭૮] આવું રાજાનું સભાભવન હોવું જોઇએ.

આ ઉપરાંત આ રાજનગરમાં પ્રધાનમંત્રી, ઉપપ્રધાનમંત્રી, રાજપુરોહિત સહિત ઉચ્ચપદાધિકારીગણ, સેનાપતિ, સ્થળસેના, ઘોડસ્વારો, હાથીખાના વગેરેના સુંદર ગૃહોની ક્રમશઃ વ્યવસ્થા હોવી જોઇએ.[૭૯] રાજભવનની બધી બાજુ રાજમાર્ગો હોવા જોઇએ.

૭૬. એજન - ૧/૨૨૮.
૭૭. એજન - ૧/૨૩૨.
૭૮. એજન - ૧/૨૨૯-૨૫૦.
૭૯. એજન - ૧/૨૫૪-૨૫૬.

"राजमार्गास्तु कर्तव्याश्चतुर्दिक्षु नृपगृहात् ।"[૮૦]

## (૭) રાજયના ઉત્તરાધિકારી :-

આચાર્ય શુક્ર કોઇ પણ રાજયને માટે રાજાનો ઉત્તરાધિકારી એમના મોટા અને સપુત્રને માને છે. શુક્રનું કહેવું છે કે - જો રાજકુળમાં એકથી વધારે રાજ્યાધિકારી હોય તો એમાંથી બધાથી મોટાને જ રાજયનો ઉતરાધિકારી બનાવવો જોઇએ. બાકી રહે તેને યોગ્યતાનુસાર એમના કાર્યના સહાયક બનાવી દેવા જોઇએ કારણ કે વ્યવસ્થિત રાજય-સંચાલન માટે અનેક સહાયકોની અપેક્ષાએ એમાં મોટા જ ઉત્તમ હોય છે.[૮૧]

રાજયનો ઉત્તરાધિકારી મોટોપુત્ર જો બહેરો, ગુંગો, અંધ, કોઢી અથવા નપુંસક હોય તો તે રાજય મેળવવાનો અધિકારી હોતો નથી. એવી સ્થિતિમાં એમનો નાનોભાઇ અથવા પુત્ર અથવા એમના ભાઇના પુત્રને ઉત્તરાધિકારી બનાવી શકાય છે.[૮૨] તેના અભાવમાં ભત્રીજાને ઉત્તરાધિકારી બનાવવો જોઇએ. પરંતુ યૌવરાજયાધિકારીના સંદર્ભમાં મોટા પુત્રની અયોગ્યતાની સ્થિતિમાં એમના કાકાને ઉત્તરાધિકારી બનાવી શકાય છે.

યુવરાજ પદની એક વિશિષ્ટ મર્યાદાનું ધ્યાન શુક્રે રાખ્યું છે. એમની દષ્ટિમાં રાજકીય મહોર લગાવવા સિવાય બધા રાજકાર્યને હમેંશા કરવામાં સમર્થ હોય, પોતાની ધર્મપત્નીના ગર્ભથી ઉત્પન્ન ઔરસપુત્રને યુવરાજ પદને માટે પસંદ કરવો જોઇએ.[૮૩] યુવરાજના પદ માટે પોતાના વિવાહિતાથી ઉત્પન્ન પુત્ર, એના અભાવમાં ક્રમશઃ પોતાનો નાનો ભાઇ, કાકા, નાના અથવા મોટાભાઇનો પુત્ર, ખોળે બેસાડેલ પુત્ર, દત્તક પુત્રને પસંદ કરી યુવરાજ પદ ઉપર નિયુક્તિ કરવી.[૮૪] ઉપર્યુકત દર્શાવ્યા અનુસાર વ્યક્તિઓના અભાવમાં દૌહિત્ર (ભાણેજ) અથવા પોતાના પ્રિયજનને યુવરાજ પદ પર નિયુક્ત કરવા જોઇએ.[૮૫]

રાજા મંત્રી, સ્વજનો દ્વારા પોતાના પુત્રોને નીતિશાસ્ત્રમાં કુશળ, ધનુર્વેદવિદ્યા વિશારદ, વીરતાની સાથે યુદ્ધ કરવામાં પ્રવીણ, સંપૂર્ણ કલાઓ તેમજ વિદ્યાઓના

૮૦. એજન - ૧/૨૬૦.
૮૧. એજન - ૧/૩૪૧-૩૪૨.
૮૨. એજન - ૧/૩૪૩.
૮૩. એજન - ૨/૧૪.
૮૪. એજન - ૨/૧૫.
૮૫. એજન - ૨/૧૬.

જ્ઞાતા, કપટ રહિત તેમજ વિનયી બનાવે તેમજ સુરુચિ સંપન્ન વસ્ત્રોથી એમને સજ્જ કરી, એમના આનંદ માટેના સાધનો આપી, બેસવા માટે સારા આસનોથી સન્માનિત કરી તથા સારા ભોજનથી પાલન-પોષણ કરી યુવરાજ પદને યોગ્ય બને એટલે યુવરાજ બનાવે કારણ કે જે રાજકુળનો યુવરાજ અશિષ્ટ હોય છે, એ કુળનો ઝડપથી વિનાશ થાય છે.[૮૬]

શુક્ર દત્તક પુત્રના સંદર્ભમાં સ્પષ્ટતા કરતા જણાવે છે કે પુત્રની જેમ પુત્રી પણ મનુષ્યના અંગ-પ્રત્યંગથી જન્મ લે છે. તેથી પોતાના વંશની પુત્રીનો પુત્ર દત્તકપુત્રોની અપેક્ષાએ શ્રેષ્ઠ છે કારણ કે પિંડદાન કરવામાં પુત્ર અને દોહિત્ર (ભાણેજ) માં કોઇ ભેદ નથી. ભાણેજના અભાવમાં રાજા પ્રજા તેમજ પૃથ્વીની રક્ષા માટે દત્તક પુત્ર લઇ શકે. રાજા જો ધનવાન છે તો પ્રજાપાલનને માટે બીજા કુળમાંથી જન્મેલ દત્તક પુત્રને પોતાનો પુત્ર માનીને એમને સર્વસ્વ સમર્પિત કરી દે છે.[૮૭]

**(૮) અવિભાજય રાજય :-**

''राज्यविभाजनाच्छ्रेयो न भूपानां भवेत्खलु ।
अल्पीकृतं विभागेन राज्यं शत्रुर्जिधृक्षति ॥''[८८]

શુક્રનો સ્પષ્ટ મત છે કે - રાજયના વિભાજનથી કોઇપણ રાજયનું કલ્યાણ સંભવ નથી કારણ કે રાજય નાનુ હોવાને કારણે શક્તિ પણ ઓછી થઇ જાય છે. શક્તિ ઓછી થઇ જવાથી દુશ્મન રાજય (શત્રુ) સરળતાથી એમને પડાવી લેવા ઇચ્છે છે. આ ઉપરાંત શુક્રે પ્રથમ અધ્યાયમાં પોતાનો મત પ્રદર્શિત કરતા જણાવે છે કે -

''सदैकनायकं राज्यं कुर्य्यान्नं बहुनायकम् ।''[८९]

જનપદ અર્થાત રાજયનો અધિપતિ કોઇ એક જ હોવો જોઇએ કારણ કે બહુનાયકત્વ કોઇ રાજયને માટે લાભકારક હોતાં નથી.

રાજાને એક પુત્ર કરતાં વધારે પુત્રો હોય તો તેવી પરિસ્થિતિમાં વિભાજન ન થાય તેની સ્પષ્ટતા કરતાં શુક્ર કહે છે કે - એક રાજાને અનેક પુત્રો હોઇ શકે છે,

૮૬. એજન - ૨/૨૯-૩૧.
૮૭. એજન - ૨/૩૨-૩૪.
૮૮. શુક્રનીતિ : - ૧/૩૪૬.
૮૯. એજન - ૧/૩૪૦.

પરંતુ તે બધા રાજયના સ્વામી થઇ શકતાં નથી. બધાની વચ્ચે સમાનરૂપથી રાજયનું વિભાજન શકય નથી. વિભાજિત રાજયના અનેક નાયકોવાળા પ્રશાસનનો વિનાશ નિશ્ચિત થાય છે. તેથી રાજય એક અવિભાજય સંપત્તિ છે. જો રાજયના અનેક હકદાર છે, તો એવી સ્થિતિમાં યોગ્યતાનુસાર એમને અનેક પદાધિકારીના પદો પર નિયુક્ત કરી રાજય-સંરક્ષણની વ્યવસ્થાને સુદઢ બનાવવી જોઇએ. 'એક જ રાજા તે પોતાના રાજયનો ચતુર્થાંશ આપી બધા દાયદોને બધી દિશાઓમાં રાજય સંરક્ષણ માટે સ્થાપિત કરે અથવા એમને પ્રાંતોના રાજયપાલના પદ ઉપર નિયુક્ત કરે. બીજા અન્ય સંબંધીઓને હાથી, ઘોડા, ગાય, ઊંટ, ખજાના વગેરે મહત્ત્વપૂર્ણ સ્થાનોના 'અધિપતિ' બનાવવા જોઇએ. માતાઓ તેમજ તેમના સમાન પૂજય મહિલાઓને ભોજનાલયના અધિકાર સમર્પિત કરવા જોઇએ. આ પ્રકારે બધાને કોઇને કોઇ સ્થાન ઉપર નિયુક્તિ કરી રાજયને સુદઢ બનાવવું જોઇએ.[૯૦]

કામન્દકને પણ રાજય ઘણું નાનું હોય તે તેમને ઇષ્ટ જણાતું નથી. રાજયના વિસ્તાર બાબતમાં તેઓ જે આદર્શ પ્રસ્તુત કરવા ધારે છે તે વિસ્તાર ઘણો હોઇ શકે. કા. ની. ૧-૩૯ અને ૧૬-૩૫ ના આધારે કહી શકાય કે રાજા આગળ તેઓએ સાગરપર્યંત અને સાગરક્ષાલિત પૃથ્વીના વિજયનો આદર્શ પ્રસ્તુત કર્યો છે. આના પરથી લાગે છે કે કામન્દક પણ અવિભાજય રાજયનો નિર્દેશ કરે છે.

## (૯) રાજય અને ધર્મ :-

ભારતીય નીતિશાસ્ત્રીઓની ચર્ચામાં એક મહત્ત્વનો સૂર એ સંભળાય છે કે ધર્મ વિના રાજય અને પ્રજા, કોઇને પણ શાંતિ નથી, અભ્યુદયની પ્રાપ્તિ નથી. શુક્ર પણ આવું જ માનતા જણાય છે. આચાર્ય શુક્ર ધર્મની વ્યાખ્યા આપતાં જણાવે છે કે -

''स ब्रूते यं धर्मः स्यादेको वाध्यात्मचिन्तकः ।''[૯૧]

આત્મતત્ત્વનો જાણનાર એક જ વ્યક્તિ જે કાંઇ કહે છે તેને ધર્મ માનેલ છે. અર્થાત્ એમનો નિર્ણય સર્વમાન્ય હોય છે. અહીં એ પણ નોંધવું જોઇએ કે સમગ્ર ગ્રંથમાં એવો કોઇ નિર્દેશ પ્રાપ્ત થતો નથી કે જે રાજયની બાબતમાં ધર્મના હસ્તક્ષેપને સૂચિત કરે. રાજય પરના ધર્મના પ્રબળ અંકુશને પણ જોઇ શકાતો નથી.

---

૯૦. એજન - ૧/૩૪૭, ૩૪૮.

૯૧. શુક્રનીતિ - ૪/૫/૩૫.

શુક્ર મંદિરો[૯૨] તથા મૂર્તિઓની વિગતે ચર્ચા ચતુર્થ અધ્યાયના લોકધર્મ નિરુપણ પ્રકરણમાં ખૂબજ વિસ્તાર પૂર્વક કરી છે. પરંતુ કોઇ દેવ વિશેષની જ પૂજા થવી જોઇએ એવો હઠાગ્રહ પણ નથી. ધર્મ અહીં સંકુચિત અર્થમાં જોવા મળતો નથી. નીતિ, સદાચાર અને વર્ણ તેમજ આશ્રમની કર્તવ્યરૂપ ધર્મની મહત્તા દર્શાવી છે. આ ગ્રંથમાં રાજધર્મ પ્રકરણ તેમજ લોકધર્મ પ્રકરણમાં અનુક્રમે રાજાના ધર્મો તથા લોકોના ધર્મ (કર્તવ્યો) સંદર્ભે સુંદર ચર્ચા કરાયેલી છે.

ધર્મનું મહત્ત્વ દર્શાવતા શુક્ર કહે છે કે ''રાજદંડના ભયથી જ પ્રજા પોત પોતાના ધર્મના પાલનમાં તત્પર રહે છે. પોતાના ધર્મના પાલનમાં તત્ત્પર વ્યક્તિ જ આ સમગ્ર સંસારમાં તેજસ્વી બને છે તથા ધર્મનું પાલન એ જ મોટામાં મોટી તપસ્યા છે, કારણ કે સ્વધર્મનું પાલન કર્યા વિના સુખની કલ્પના જ કરી શકાતી નથી. તેથી જે ધર્મનું પાલન કરે છે, દેવતા એમના દાસ છે.''[૯૩] ઉપરાંત શુક્રનીતિ ૪/૪/૩ માં ''वर्त्तयन्त्यन्यथा दण्डया या वर्णाश्रमजातयः ।'' જે લોકો જે વર્ણ-આશ્રમના છે. જો એ વર્ણ અથવા આશ્રમીય ધર્મની વિરુદ્ધ આચરણ કરે છે તો તે દંડનીય છે. સ્ત્રીઓ માટે પતિ સેવા જ શ્રેષ્ઠ ધર્મ છે. તેના સંદર્ભમાં શુક્ર કહે છે કે ''સ્ત્રી તથા શુદ્રને સ્વામીની સેવા છોડી તપ, જપ, તીર્થટન, મંત્રસાધન, સન્યાસ તેમજ દેવપૂજા કરવી જોઇએ નહીં. સ્ત્રીઓને માટે પતિ સેવા સિવાય બીજા કોઇ ધર્મ અર્થ અને કામની સિદ્ધિને માટે સાધન નથી.''[૯૪] અધર્મીઓની વચ્ચે રહેવાથી જીવન સુરક્ષિત નથી, કારણ કે જયાં વિવેકહીન રાજા, પક્ષપાતી સાંસદ, સદાચારહીન પંડિત, દુષ્ટો, સ્ત્રીઓ તેમજ નીચની પ્રબળતા હોય ત્યાં ધન, સન્માન, આવાસ અને સુરક્ષિત જીવનની ઇચ્છા પણ ન કરવી.[૯૫]

ધર્મના પાલનથી સુખ પ્રાપ્ત થાય છે. તેનો નિર્દેશ કરતાં કહે છે કે - ધર્મ વિના સુખ નથી તેથી ધર્મનિષ્ઠ બનવું જોઇએ. ધર્મ, અર્થ અને કામના સમૂહને ત્રિવર્ગ કહે છે. રાજયમાં કોઇ પણ વ્યક્તિએ ત્રિવર્ગ રહિત કરે નહીં.[૯૬]

રાજયનો રાજા જો અધર્મી હોય તો પ્રજાનું કર્તવ્ય એ છે કે એમના શત્રુ

૯૨. એજન - ૪/૪/૧૯૭.
૯૩. એજન - ૧/૨૩, ૨૪.
૯૪. એજન - ૪/૪/૫.
૯૫. એજન - ૩/૪૫, ૪૬.
૯૬. એજન - ૩/૨.

રાજા જે એમનાથી વધુ શક્તિશાળી અને ધર્માત્મા હોય એમની મદદ લઇ અધર્મી રાજાને ભયભીત કરી ધર્મપથ પર લાવવા વિવશ કરે. રાજા જયાં સુધી ધર્માત્મા છે ત્યાં સુધી રાજા છે. અન્યથા પ્રજા તો નષ્ટ થઇ જાય છે. સાથે તે રાજા પણ વિનષ્ટ થઇ જાય છે.[૯૭] આમ આના પરથી પ્રતીત થાય છે, રાજય અને ધર્મનો સંબંધ અતૂટ છે. જો રાજા અધર્મી હોય તો ચોક્કસ રાજયનો વિનાશ થાય છે. માટે રાજા ધર્મી હોય તો રાજયનો સુદઢ વિકાસ થઇ શકે.

અધર્મી રાજાની સાથે અમાત્યો પણ કઇ રીતે અધઃપતિત થાય છે તેનો નિર્દેશ મળે છે કે – 'જો અમાત્યો અધર્મમાં પ્રવૃત રાજાને રોકતા નથી, તે રાજાની સાથે જ અધોમુખ થઇ નરકગામી બને છે.[૯૮] રાજાએ રાજધર્મનું પાલન કઇ રીતે કરવું તેનો નિર્દેશ શુક્ર કરે છે કે – રાજાએ દરરોજ લોક અને શાસ્ત્રોમાં જોયેલા કારણોથી જાતિ, શ્રેણિ અને આનુવંશિક ધર્મોની વ્યવસ્થિત સમીક્ષા કરી રાજધર્મનું પાલન કરવું જોઇએ.[૯૯]

આમ વર્ણધર્મ, આશ્રમધર્મ, રાજધર્મ તેમજ વર્ણના સામાન્ય ધર્મ પર તેઓ વિશેષ ભાર મુકે છે. શુક્ર સમંત રાજયમાં પરધર્મસહિષ્ણુતાને આંચ ન આવે તે પ્રકારના ધર્મનું મહત્ત્વ સ્વીકારાયું છે. કયાંય પણ સાંપ્રદાયિકતા જણાતી નથી.

**(૧૧) રાજયનું કાર્યક્ષેત્ર :-**

રાજય એ રાજા સહિતના સપ્તાંગોનું સમુદાય રૂપ છે અને રાજયના કાર્યો મુખ્યત્ત્વે રાજાના નેતૃત્ત્વમાં થતાં હોય છે. આ કારણે રાજાનું જે કાર્યક્ષેત્ર જોવા મળે છે, રાજયનું પણ તે કાર્યક્ષેત્ર ગણાય. આ દષ્ટિએ વિચારતાં જણાય છે કે – પ્રાચીન ભારતીય રાજનીતિશાસ્ત્રે રાજયના કાર્યક્ષેત્રને સીમિત રાખ્યુ નથી. મહાભારત અને કૌટિલ્ય અર્થશાસ્ત્ર જેવા ગ્રંથોના અભ્યાસથી સ્પષ્ટ થાય છે કે રાજયના કાર્યક્ષેત્રમાં મનુષ્ય જીવનના ધાર્મિક, આર્થિક, સામાજિક એમ સર્વ ક્રિયાકલાપોનો સમાવેશ થઇ જાય છે. મનુષ્યના ઇહલોક અને પરલોક એમ ઉભય લોકની ચિંતા રાજયનું કાર્યક્ષેત્ર છે.

શુક્રનીતિમાં વહીવટીતંત્ર અને ન્યાયતંત્ર અંગેની ખૂબજ જીણવટભરી ચર્ચા કરેલ છે. જેથી રાજયના કાર્યક્ષેત્ર બાબતમાં વધુ સ્પષ્ટ ચિત્ર દોરી શકાય છે. રાજા

૯૭. એજન – ૪/૧/૧૧૩, ૧૧૪.
૯૮. એજન – ૪/૫/૨૭૮.
૯૯. એજન – ૪/૫/૪૭.

અર્થાત્ રાજયે રાજકીય ઘોષણા પ્રજામાં કરે છે. તેનું વિસ્તૃત વર્ણન પ્રથમ અધ્યાયના શ્લોક ૨૯૪ થી ૩૧૨ માં કર્યું છે. રાજયમાં રાજધાની નિર્માણ,[૧૦૦] રાજસભા નિર્માણ,[૧૦૧] રાજયપરિષદ, મંત્રીઓના નિવાસ,[૧૦૨] ધર્મશાળા નિર્માણ તથા તેની વ્યવસ્થા,[૧૦૩] સાર સંભાળ વગેરેનો ઉલ્લેખ મળે છે. રાજમાર્ગ સ્વરુપ નિર્માણ વગેરે રાજયમાં આવશ્યક વસ્તુઓ પર ભાર મુકવામાં આવ્યો છે, તો વળી ચોથા અધ્યયાનાં રાજધર્મ નિરુપણ પ્રકરણમાં રાજાને પ્રજાના સુખ-દુઃખનો સમાન અનુભવ હોવો જોઇએ અને રાજયનું લક્ષ્ય સુરક્ષા તથા ન્યાય પ્રદાન કરવાનું છે. આથી શુક્રે દંડ વિધાન કર્યું છે. દંડના ભયથી સૌ પોતાની મર્યાદામાં રહે છે, પોતપોતાના અધિકાર ભોગવી શકે છે. પરંતુ દંડ પ્રયોગમાં ભારે સાવધાનીથી જાળવવા પર ભાર મૂક્યો છે. શુક્રનીતિનુસાર રાજયનું મુખ્ય કર્તવ્ય પ્રજા પાલન અને દુષ્ટ દમન –

''नृपस्य परमो धर्मः प्रजानां परिपालनम् ।
दुष्टनिग्रहणं नित्यं न नीत्याऽतो विनाह्यभे ॥''[૧૦૪]

આ સિવાય રાજસૂયઆદિ યજ્ઞોનું અનુષ્ઠાન, ન્યાયપૂર્વક કોશ સંવર્ધન, અન્ય રાજાઓનું વર્ગીકરણ, શત્રુઓનું દમન, ભૂમિનું સર્જન પણ રાજયનું મુખ્ય કર્તવ્ય છે.

રાજયમાં રાજાએ વ્યવસ્થિત પ્રયાસપૂર્વક સામ તથા દાનનીતિથી પ્રજાનું અનુરંજન કરવું જોઇએ. ભેદ અને દંડનીતિથી નહીં, કારણ કે દંડનીતિ કે ભેદનીતિથી પ્રજાનું પાલન કરવાથી રાજયનો નાશ થઇ જાય છે.[૧૦૫] પ્રજાને પોતાના કર્તવ્ય પથ પર લાવવા રાજાએ હમેંશા દંડધર રહેવું જોઇએ.[૧૦૬] મનુએ પણ કહ્યું છે કે – બધા લોકો દંડથી જ વશ રહે છે કેમ કે સ્વભાવથી પવિત્ર એવો માણસ દુર્લભ છે. દંડના ભયથી જ આખું જગત પોત-પોતાના ભોગ ભોગવવા સમર્થ થાય છે.[૧૦૭]

---

૧૦૦. શુક્રનીતિ – ૧/૨૧૩, ૨૧૪.
૧૦૧. એજન – ૧/૨૪૫.
૧૦૨. એજન – ૧/૨૪૮-૨૫૧.
૧૦૩. એજન – ૧/૨૫૭, ૨૭૧-૨૭૪.
૧૦૪. એજન – ૧/૧૪.
૧૦૫. એજન – ૪/૧/૪૨, ૪૩.
૧૦૬. એજન – ૪/૧/૪૮-૫૦.
૧૦૭. મનુસ્મૃતિઃ – ૭/૨૨.

નીતિ અને સદાચારને પથે પ્રજા ચાલતી રહે તે રાજયે જોવું જોઇએ સ્વધર્મનું ઉલ્લંઘન અનિષ્ટકર છે, એ પરંપરારૂઢ માન્યતામાં પ્રબળ શ્રદ્ધા હોઇ તેઓએ વર્ણાશ્રમ ધર્મ માટે લોકધર્મ નિરુપણ પ્રકરણમાં વિસ્તૃત ચર્ચા કરી છે. સામાન્ય ધર્મ પર ભાર મૂકયો છે. વાર્તાનું[૧૦૮] મહત્ત્વ, વાર્તા પર સર્વની નિર્ભરતા આ બાબતો તેમની નજર બહાર નથી. પ્રજાહિતના કાર્યો રાજયે કરવા જોઇએ એ રાજયનું કાર્યક્ષેત્ર છે.

ન્યાયતંત્રના સંદર્ભમાં પણ શુક્રે આ ગ્રંથમાં ન્યાયધીશોનું કાર્ય,[૧૦૯] લેખો, વાદી–પ્રતિવાદીની દલીલો, અપરાધ તથા સાક્ષી વગેરેની વિસ્તુત ચર્ચા કરાયેલી છે. આમ રાજયની પ્રજાને પૂરો ન્યાય મળી રહે તેનું પણ રાજયે ધ્યાન રાખવું જોઇએ. સુરક્ષા એ રાજયનું લક્ષ્ય છે. તેના સંદર્ભમાં પણ અધ્યાય ચારના સૈન્ય પ્રકરણમાં ખૂબજ ઝીણવટભરી ચર્ચા કરે છે. – શત્રુનો વિશ્વાસ જીતી સમય મળ્યે તેના પર આક્રમણ કરી તેને મારી શકાય છે.[૧૧૦] તથા શત્રુને અત્યંત દુઃખી કરી ત્યારપછી શત્રુઓના પર ઝડપથી આક્રમણ કરી એમને નષ્ટ કરી શકાય છે.[૧૧૧] પડોસી રાજયને જીતીને પોતાના રાજયમાં ભેળવવાનો પ્રયત્ન કરવો જોઇએ.[૧૧૨] રાજયે પરાજિત શત્રુની પ્રજાને પ્રસન્ન રાખવી,[૧૧૩] રાજય તથા પ્રજાના રક્ષણ કરતાં સૈનિકોને પ્રતિદિન વ્યૂહ અભ્યાસ કરાવવો,[૧૧૪] શત્રુ દ્વારા સંગ્રહ કરેલા ધનની વ્યવસ્થાનો પણ શુક્રે વિચાર કર્યો છે.

આ પ્રમાણે શુક્રે સેના, સેનાનો પ્રભાવ, તેના પ્રકારો, સેનામાં વપરાતા રથ, હાથી, ઘોડા વગેરેના લક્ષણ, અસ્ત્ર–શસ્ત્રના લક્ષણ, નાસિક, દારુગોળા, તોપ, બાણ, ભાલા, ચક્ર, કવચ વગેરે સંબંધી ચર્ચા કરી છે.

આમ રાજા એટલે કે રાજયનું ક્ષેત્ર ઘણુ વ્યાપક છે. પ્રજાના વ્યક્તિગત વિકાસને પ્રતિકૂળ બની રહે તેવું રાજયનું કાર્યક્ષેત્ર જણાતું નથી. ખરેખર તો રાજય પોતાના કાર્યો દ્વારા પ્રજાની નૈતિક, સાંસ્કૃતિક અને આર્થિક ઉન્નતિની બાબતમાં નિરંતર પ્રયત્નશીલ રહે છે અને પ્રજા પણ રાજયવિહિત (રાજનીતિ પ્રબોધિત)

૧૦૮. શુક્રનીતિ – ૧/૧૫૩, ૧૫૪.
૧૦૯. એજન – ૨/૯૬–૬૮.
૧૧૦. એજન – ૪/૭/૩૬૧, ૩૬૨.
૧૧૧. એજન – ૪/૭/૩૬૭.
૧૧૨. એજન – ૪/૭/૩૭૦.
૧૧૩. એજન – ૪/૭/૩૭૩.
૧૧૪. એજન – ૪/૭/૩૮૭.

કર્તવ્યનું પાલન કરી રાજયના માર્ગને સુગમ બનાવે છે. આ પરથી તો સ્પષ્ટ થાય છે કે પ્રાચીન ભારતીયોનો રાજય પરત્ત્વેનો દષ્ટિકોણ ભાવાત્મક અને અનુકૂળ છે. રાજય એક અવાંચનીય, દમનકારી છતાં અનિવાર્ય અનિષ્ટ છે, તેવું વલણ કયાંય દષ્ટિગોચર થતું નથી.

**ઉપસંહાર :-**

શુક્ર અંતતોગત્વા રાજયના કલ્યાણકારી સ્વરુપના હિમાયતી જણાય છે. રાજા અને પ્રજા ઉભયના સક્રિય અને સાચી દિશામાંના સહયોગથી આ સિદ્ધ થઇ શકે તેમ છે. રાજય અખંડ રહે તથા રાજય એક અવિભાજય સંપતિ છે. તેનું સંચાલન સુવ્યવસ્થિત અને સુદઢ રીતે થાય અને પ્રજા રાજયમાં સુખી-સંપન્ન રીતે પોતાનું જીવન વ્યતિત કરે એ જ રાજયનો ઉદ્દેશ હોય છે. એવા સુદઢ રાજયની શુક્રે સુપેરે ચર્ચા કરી છે. શુક્રે આ ગ્રંથ રચ્યો છે તો ભૂમીશ્વરોને ઉપદેશ આપવા, પરંતુ પ્રજાનું પરમ હિત આ ગ્રંથકારના હૈયે વસ્યું છે એમ માનવામાં અતિશયોક્તિ થતી નથી.

## ❈ પ્રકરણ - ૯ ❈

### ❈ 'સ્વામી-રાજા' :-


ઉપપ્રકરણ : (૯-૧) રાજા શબ્દની વ્યુત્પત્તિ અને પર્યાયો

(૯-૨) રાજાનું દૈવીપણું

(૯-૩) રાજા અને દંડ

(૯-૪) રાજપદ આનુવંશિક કે ક્ષત્રિયનો જ અધિકાર ?

(૯-૫) રાજા અને વિદ્યા

(૯-૬) રાજા અને ઇન્દ્રિયજય

(૯-૭) રાજા અને વૃદ્ધસંયોગ

(૯-૮) રાજાની દિનચર્યા

(૯-૯) રાજાની રાજકીય ઘોષણા

(૯-૧૦) રાજાનાં કાર્યોનો નિર્દેશ

(૯-૧૧) રાજાનાં આવશ્યક ગુણો

(૯-૧૨) રાજાની આવશ્યકતા અને મહત્ત્વ

(૯-૧૩) રાજાનાં કાર્યો અને જવાબદારી

(૯-૧૩-૧) પ્રજારક્ષણ

(૯-૧૩-૨) વિધિનિર્માણ સંબંધિત કાર્ય

(૯-૧૩-૩) કાર્યપાલિકીય કાર્ય

(૯-૧૩-૪) રાજા અને સામાજિક સંગઠન

(૯-૧૩-૫) ન્યાયપાલિકા સંબંધી અધિકાર

(૯-૧૩-૬) રાજાનું પોતાનું કર્તવ્ય

(૯-૧૩-૭) રાજાનાં વિવિધ કાર્યો

## ❑ શુક્રનીતિમાં 'સ્વામી નિરૂપણ' :-

### ❖ ભૂમિકા :-

પૂર્વવર્તી રાજનીતિશાસ્ત્રીય ચિંતન અને વિશેષતઃ કૌટિલ્યની વિચારધારા અને સમકાલીન રાજકીય સ્થિતિથી પ્રભાવિત થઇ શુક્રે પણ રાજાને સર્વાધિક મહત્તા પ્રદાન કરી છે. શુક્રનીતિમાં શુક્રે રાજાને દેવાંશી બતાવ્યો છે. રાજાના બે રૂપ છે. 'દેવાંશ' અને 'રાક્ષસાંશ' ઔચિત્યનું અવલંબન કરવાવાળા રાજા 'દેવાંશ' છે અને અનૌચિત્યનું અવલંબન કરવાવાળા રાજા 'રાક્ષસાંશ' અન્ય શાસ્ત્રોમાં પણ અધર્મકારી રાજાને પાપી દર્શાવેલ છે. શુક્રે સારા-નરસા ગુણોના આધાર પર રાજાના સ્વરૂપનું તેમજ તેનું વર્ગીકરણ કર્યું છે. પવન જેમ સુગંધ કે દુર્ગંધનો વાહક હોય છે. એવી રીતે રાજા પણ સારા-નરસા કર્મોનો પ્રેરક હોય છે. જેમ સૂર્ય અંધકારનો નાશ કરે છે તેમજ ધર્મનો પ્રવર્તક છે, એવી રીતે રાજા પણ અધર્મીનો નાશક તેમજ ધર્મનો પ્રેરક હોય છે. વરુણદેવ જેમ જળરૂપી રસથી જીવોને પરિપુષ્ટ કરે છે, એક વિચારશીલ રાજા તેવી રીતે પોતાના ધનથી પ્રજાનું પરિપોષણ કરે છે. ચંદ્રમાંની જેમ પોતાના ગુણ તથા શુભ કર્મોથી રાજા સંસારને આહ્લાદિત કરે છે. કુબેરની જેમ એક સારા રાજા કોશ - સંચયમાં હોશિયાર હોય છે. પિતા, માતા, ગુરુ, ભાઇ, બંધુ, કુબેર તેમજ યમના ગુણોથી યુક્ત રાજા જ રાજા હોય છે. રાજા પ્રજાને ગુણજ્ઞ બનાવવામાં પિતાની જેમ નિપુણ, માતાની જેમ પ્રજાનાં અપરાધ ક્ષમા કરવામાં સક્ષમ, ગુરુની જેમ પ્રજાનો હિતોપદેશક, ભાઇની જેમ અંશગ્રહિતા, બંધુની જેમ દેહ, સ્ત્રી, ધન તથા ગુપ્ત રહસ્યનું સાંગોપન કરવાવાળા, કુબેરની જેમ ધનીક, યમની જેમ અપરાધીને દંડ દેવાવાળા હોય છે. રાજામાં પણ આ બધા ગુણો સ્વાભાવિક હોય છે. અપરાધોને ક્ષમા કરવાવાળા રાજા ક્ષમાશીલ તથા દુષ્ટોને દમન કરવાવાળા રાજા શક્તિશાળી કહેવાય છે.

"स्वाम्यमात्यसुहृत्कोशराष्ट्रदुर्गबलानि च ।"[૧]

શુક્રે રાજયના સાત અંગોમાં સ્વામી - રાજાનો સર્વપ્રથમ નિર્દેશ કર્યો છે.

### (૧) વ્યુત્પત્તિ અને પર્યાય :-

રાજન્ શબ્દની વ્યુત્પત્તિનો વિચાર કરીએ તો - યાસ્કે નિરુકતમાં

---

૧. શુક્રનીતિ - ૧/૬૧.

''राज दीप्तौ'''ધાતુમાંથી રાજા શબ્દની ઉત્પત્તિ કહી છે. એમની ઉત્પત્તિમાં નિરુકતમાં વ્યાખ્યાકાર દુર્ગાચાર્યનું કહેવું છે કે આ રાજા આઠ લોકપાલની માત્રાથી નિર્મિત શરીરથી હોય છે.[૨]

પાણિનિ - વ્યાકરણ અનુસાર પણ 'राजृ' ધાતુથી 'कणिन्' પ્રત્યય કરી 'राजन्' શબ્દની નિષ્પતિ માની છે.

મહાભારતમાં 'रंज'' ધાતુથી ''राजा'' શબ્દની નિષ્પતિ માનેલ છે.

મહામહોપાધ્યાય કાણે રાજધકાંડમાંથી ઉધ્ધૃત એક વાકયથી -

''बलेन चतुरङ्गेन यतो राञ्जयति प्रजाः ।
दीप्यमानः स वयुषा तेन राजाभिधयेते ॥''[૩]

આ શ્લોક અનુસાર બન્ને અર્થોમાં કાણે સમન્વય સ્થાપિત કરતાં 'राजा' તથા 'रंज' બન્ને ધાતુઓમાંથી રાજાની ઉત્પત્તિ માની છે. આ વ્યુત્ત્પતિના આધારે 'राजन्' શબ્દનો પ્રયોગ કોઈપણ લોકરંજન અથવા દીપ્તિમાન પુરુષને માટે કરી શકાય છે. વસ્તુતઃ યોગ્ય રાજ તે જ છે જે પ્રજાનુરંજન કરતો હોય.

रुज् - પ્રસન્ન કરવું એ ધાતુમાંથી राजन् શબ્દ બન્યો છે તેવી માન્યતા છેક મહાભારતના સમયથી ચાલી આવે છે. સર્વ પ્રજાને પ્રસન્ન કરવામાં આવી હોઈ વેનપુત્ર પૃથુને રાજા કહેવામાં આવે છે.[૪] લોકરંજન જ પૃથ્વી પર રાજાનો સનાતન ધર્મ છે.[૫] લોકરંજકતા જ રાજપદને સાર્થકતા અર્પે છે. એમ સંસ્કૃત કવિઓ પણ કહે છે - રઘુવંશમાં રાજનીતિ શબ્દ પ્રયોજતા કાલિદાસ કહે છે - પ્રજાનું રંજન કરે છે માટે તે રાજા છે.[૬] ભવભૂતિની દષ્ટિએ રાજાનો આદર્શ પ્રજાની પ્રસન્નતા છે. વસિષ્ઠનો નૂતન રાજા રામને એ સંદેશ છે કે તેણે પ્રજાને પ્રસન્ન કરવાના કાર્યમાં લાગ્યા રહેવું.[૭] તંત્રવાર્તિકમાં કુમારિલ કહે છે કે - ત્રણેય લોકમાં રાજયના કર્તાને રાજા કહેવામાં આવે છે.[૮]

રાજત્ત્વની આ કલ્પના ઐતિહાસિક દષ્ટિના મહત્ત્વથી ઋગ્વૈદિક સમયથી

---

૨. નિરકત - ૨-૩ અને તેના પર દુર્ગાચાર્યની ટીકા.
૩. 'History of Dharmasatra' Part-3, P. 28.
૪. મહાભારતમ્ શાંતિ. - ૫૯-૧૨૫.
૫. એજન - ૫૭-૧૧.
૬. રઘુવંશમ્ - ૧૭/૬૮, ૪/૧૨.
૭. ઉત્તરરામચરિતમ્ - ૧/૧૩ માં કહ્યુ છે - युकतः प्रजानामनुरुजने .....
૮. राजस्य कर्ता राजेति त्रिषु लोकेषु जीयते । શુક્રનીતિ સં. બ્રહ્મશંકર મિશ્ર. પ્રસ્તાવના પૃ. ૨૫ પર ઉધ્ધરણ.

શુક્રના સમય સુધી નિરંતર પ્રવાહીત રહી છે. ઐતરેય બ્રાહ્મણમાં એક કથા છે કે – એકવાર દેવતાઓ અને અસુરોમાં યુદ્ધ થયું યુદ્ધમાં અસુરોનો વિજય થયો અને દેવતાઓ પરાજય અર્થાત રાજા ન હોવાથી અમારી હાર થઇ છે. આપણે આપણા 'રાજા' પસંદ કરવા જોઇએ.[૯]

તૈત્તિરીય બ્રાહ્મણની કથામાં – દેવાસુર સંગ્રામનો ઉલ્લેખ છે તેમાં ઇન્દ્રને 'રાજા' બનવા માટે પ્રાર્થના કરવામાં આવી છે.[૧૦]

ઋગ્વેદમાં મિત્ર, વરુણ અને અગ્નિને પોતાના રાજત્ત્વના વિષયમાં ઉલ્લેખ કર્યો છે અને લોકો તેમની આજ્ઞાનું પાલન કરતા હતા.[૧૧] આ પ્રસંગથી એક રાજાની મહાનતાનો બોધ થાય છે તો બીજી બાજુ રાજાના દૈવી અધિકારમાં એમના વિશ્વાસનું સમર્થન મળે છે. રાજા પાસેથી દરેક પ્રકારની સહાયતા અપેક્ષિત હતી. રાજા ન્યાયધીશ પણ હતા. દીવાની અને ફોજદારી બન્ને પ્રકારના કેસોનો ફેસલો રાજા કરતા હતાં.[૧૨]

આમ સુંદર શાસન–વ્યવસ્થા પ્રસ્થાપિત કરવા માટે કોઇ રાજાની આવશ્યકતા પ્રાપ્ત થાય છે. ત્યાંથી 'રાજપદ' કે 'રાજન્' ની કલ્પના કરી શકાય છે.

### પર્યાય :-

શુક્રનીતિમાં રાજયના સાત અંગોની ગણતરીમાં રાજા માટે 'સ્વામી'[૧૩] શબ્દ પ્રયોજયો છે. પરંતુ સમગ્ર ગ્રંથમાં અત્ર–તત્ર–સર્વત્ર રાજાના પર્યાય પ્રાપ્ત થાય છે. જેમકે – નૃપ (૧–૬), ભુમિપા (૧/૭), રાજ્ઞ (૧/૧૫), મહિપતે (૧/૨૦), નૃપતિ (૨/૧૧), મહીભુજ (૨–૧૨), પાર્થિવ (૨–૨૩૨), ભૂપતે (૨–૨૯) ભૂપ (૨–૩૩), નરપતિ (૫–૫૨), પ્રજાપાલ (૪–૧–૧૨), ભર્તૃ (૨–૨૩૧), પૃથ્વીપતે (૨–૨૩૩), જિતેન્દ્રીય (૧–૧૧૩), રાજર્ષિ (૧–૧૪૪), પ્રજાપાલક (૧–૧૧૮), ધનાપતિ (૧–૭૭), ધર્મપ્રવર્તક (૧–૭૪) ઉપરાંત શુક્ર રાજાને ઇન્દ્ર,

૯. એતરેય બ્રાહ્મણ – ૧/૫/૯.
૧૦. ડૉ. વેણીપ્રસાદ – 'हिन्दुस्तान की पुरानी सभ्यता' – पृ. ६८.
૧૧. ઋગ્વેદ – ૪/૪૨.
૧૨. ઋગ્વેદ – ૨૫/૧૩, ૪/૪/૩.
૧૩. શુક્રનીતિ – ૧/૬૧.

વાયુ, યમ, સૂર્ય, અગ્નિ, વરુણ, ચંદ્ર અને કુબેર એમ આઠ લોકપાલોની સમષ્ટિ દર્શાવી છે.[૧૪] ભૂમિ, પૃથ્વી અને પ્રજા પરના સ્વામિત્વ, ભૂમિપાલન, પ્રજાપાલન, પ્રભાવક, વ્યક્તિત્વ અને દેવતુલ્યતા વગેરે ધર્મોના કારણે જે-તે સ્થળોએ આ અને અન્ય પર્યાયો પ્રયુક્ત થયા જણાય છે.

### (૨) રાજાનું દૈવીપણું :-

મહાભારત, મનુસ્મૃતિ જેવાં ગ્રંથોમાં રાજાની દૈવી ઉત્પત્તિ અને રાજાના દૈવીપણા બાબત સંકેત થયો છે. તેની ચર્ચા પૂર્વ કરી છે.[૧૫] શુક્ર સ્પષ્ટ પણે રાજાની ઉત્પત્તિ 'દેવાંશી' અર્થાત્ રાજાના દૈવીપણાને પ્રતિપાદિત કરે છે જેમકે -

इन्द्रानिलयमार्काणामग्नेश्च वरुण च ।
चन्द्रवित्तेशयोश्चापि मात्रा निर्हत्य शाश्वती ॥[१६]

ઇન્દ્ર, વાયુ, યમ, સૂર્ય, અગ્નિ, વરુણ, ચંદ્ર અને કુબેર આ લોકપાલોમાં નિરંતર રહેવાવાળા અંશોને પોતાનામાં ધારણ કરી તપસ્યાના પ્રભાવથી રાજા સ્થાવર અને જંગમ સ્વરુપ જગતનો સ્વામી છે અને પ્રજા પાસે કર ગ્રહણ કરવાવાળા તથા લોકોની રક્ષા કરવાવાળા ઇન્દ્ર સમાન હોય છે. આ પરથી કહી શકાય છે કે શુક્રચાર્યની દષ્ટિમાં 'રાજા'ની ઉત્પત્તિ દૈવી સિદ્ધાંત થી જ થઇ છે.

જે રાજા પોતાના સમસ્ત દુર્ગણોનો ત્યાગ કરી ક્ષમાશીલ બની રહે, પોતાની નિંદા સાંભળીને પણ સહનશક્તિ ગુમાવતો નથી, મનોરંજક, ઇન્દ્રિયજિત, શૂરવીર, શસ્ત્રાસ્ત્ર સંચાલનમાં નિપુણ, શત્રુનાશક, ઉદાતચરિત્ર, ધારણાશક્તિ સંપન્ન, જ્ઞાન વિજ્ઞાનમાં કુશળ, નીચ સંસર્ગ રહિત, દૂરદર્શી, વૃદ્ધોપાસક નીતિ સંપન્ન તથા ગુણિજન સેવિત 'રાજા' દેવાંશ સંભૂત કહેવાય છે.[૧૭]

विपरीस्तुस्तु रक्षोंऽशः सवै नरकभाजनः ।
नृपांशसदृशो नित्यं तत्सहायगणः किल ॥[१८]

ઉપર્યુકત વર્ણિત ગુણોથી વિપરીત ગુણવાળા રાક્ષસોના અંશથી ઉત્પન્ન

૧૪. એજન - ૧/૭૨.
૧૫. જુઓ પ્રકરણ - 'રાજય' - પૃ. - ૧૦૫-૧૨૮.
૧૬. શુક્રનીતિ - ૧/૭૨.
૧૭. એજન - ૧/૮૪-૮૬.
૧૮. એજન - ૧/૮૭.

કહેવાય છે. એવા રાજા નરકગામી હોય છે. રાજયના સાથી પણ તેના જેવા જ હોય છે.

ટૂંકમાં, શુક્રનીતિ અનુસાર રાજાના બે રૂપ છે. 'દેવાંશ' અને 'રાક્ષસાંશ' ઔચિત્યનું અવલંબન કરવાવાળા રાજા 'દેવાંશ' છે, અને અનૌચિત્યનું અવલંબન કરવાવાળા 'રાક્ષસાંશ' છે.

'ગંધનો પ્રેરક જેમ પવન હોય છે, એવી રીતે પ્રજાના સારા-નરસા કર્મોનો પ્રેરક રાજા હોય છે. અંધકાર વિનાશક સૂર્યની જેમ પ્રજાનો અધર્મનાશક તથા ધર્મપ્રવર્તક રાજા જ હોય છે. યમરાજ જેમ કુકર્મીઓને દંડ આપે છે. તે પ્રમાણે રાજા પાપીઓને દંડે છે. જેમ અગ્નિ પવિત્ર થઇ બધા દેવતાઓના અંશને ગ્રહણ કરે છે તે પ્રમાણે રાજા પણ પ્રજાપાલનમાં તત્પર રહી, એમની પાસેથી કર ગ્રહણ કરી એમનો યથાવિધ વિનિયોગ કરે છે. વરુણ જેમ સલિલ-રસથી સમસ્ત સૃષ્ટિને પરિપુષ્ટ કરે છે. એવી રીતે રાજા પણ પોતાના ધનથી સમસ્ત પ્રજાનું પરિપાલન કરે છે. ચંદ્ર જેમ પોતાની શીતળાથી સંસારને આનંદિત કરે છે. એ પ્રકારે રાજા પોતાના ગુણ અને ધર્મથી સમસ્ત પ્રજાને આનંદિત કરે છે. ધન-સંરક્ષણમાં ચતુર રાજા કુબેરની જેમ ધનાધિપ હોય છે.[૧૯]

આમ ગ્રંથકાર રાજાના દૈવીપણાના મતના અનુયાયી જણાય છે. રાજાના કાર્યો દેવોનાં કાર્ય સાથે સરખાવી શકાય તેવા હોય છે.

**(૩) રાજા અને દંડ :-**

શુક્રએ સામ, દાન, ભેદ અને દંડ આ ચાર ઉપાયોનું મહત્ત્વ સ્વીકાર્યું છે. ઉપાયચતુષ્ટયની મહત્તા સ્વીકારતા શુક્ર કહે છે કે -

विनाशनीयास्ते सर्व सामादिभिरुपक्रमैः ।
मित्र शत्रुं यथा योग्यैः स्ववशवर्त्तितम् ॥[२०]

ચાર ઉપાયમાનો દંડ રાજા સાથે સંકળાયેલ છે. રાજાને દંડાધિપતિ પણ કહેવામાં આવે છે. વેદમાં પણ પ્રજાના અપરાધોને માટે દંડનું વિધાન કર્યુ છે.[૨૧] શુક્રના કહેવાથી સ્પષ્ટ થાય છે કે જયારે લોકો કુમાર્ગ પર ચાલવા લાગ્યા ત્યારે નીતિની

૧૯. એજન - ૧/૭૪-૭૭.
૨૦. એજન - ૪/૨૪.
૨૧. ઋગ્વેદ - ૮/૪૪/૧૧.

અને એના ઉપાય રૂપમાં પ્રધાનતઃ દંડ અને દંડના નિર્વાહના રૂપમાં રાજાની આવશ્યકતા થઇ હશે. દંડની આવશ્યકતાનો વિચાર કરતા સમયે શુક્રે માત્સ્યન્યાયનો પ્રયોગ કર્યો છે. અર્થશાસ્ત્રએ આ કહેતા એમનું અનુમોદન કર્યું છે.

''अप्रणीतो हि मात्स्यन्यायमुद्भावयति ।''

કામન્દકીયનીતિસારમાં પણ આ તથ્યના સમર્થનમાં કહ્યું છે કે - दण्डभावे परो ध्वंसी मात्स्यन्यायः प्रवर्तते ।[૨૨] મહાભારતમાં પણ - जलेमत्स्यानिवाभक्ष्यन् दुर्बलं बलवत्तरा ॥[૨૩] નો સ્પષ્ટ ઉલ્લેખ મળે છે. કહેવાનો અર્થ એ છે કે - રાજા વિના રાજય સંચાલન શકય નથી. તેથી વૈદિક સમયથી જ રાજનીતિમાં રાષ્ટ્રનીતિની અંતર્ગત રાજાની કલ્પના કરવામાં આવી છે. કારણ કે રાજા વિના, નિયંત્રક વિના રાજય સંચાલન શકય નથી. રાજા જ દંડાધિકારી હોય છે. દંડના ભયથી જ લોકો પોતાના ધર્મમાં પોતાના કર્તવ્યમાં સુદઢ થઇ રાષ્ટ્રને સમૃદ્ધ બનાવવાનો પ્રયત્ન કરે છે. આ જ કારણે શુક્રે નીતિદંડનો પર્યાય માનીને રાજયપદની કલ્પના કરી છે. મનુએ પણ આ શુક્રના મતનું (વિચારનું) અનુમોદન કર્યું છે કે -

यदि न प्रणयेत् राजा दण्डं दण्डयेष्वतन्दितः ।
शूले मत्स्यानि या पश्यन् दुर्बलान् बलवतराः ॥[૨૪]

સમાજ - રક્ષાના નિમિતે જ બલવતર વ્યક્તિને 'રાજપદ' માટે આર્યોએ દૈવી ઉત્પત્તિ સિદ્ધાંતની કલ્પના કરી છે. શુક્રે પણ રાજાને દંડના પ્રતીક માની રાજનીતિના દુરુહપદ પજિકામાં સમાજના રક્ષણાર્થે 'રાજપદ'ની કલ્પના કરી છે. મનુ એ પણ શુક્રની આ વિચારધારાને સમર્થન કરતા કહ્યું છે કે

''रक्षार्थमस्य लोकस्य राजानमसृजत्प्रभुः ।''[૨૫]

આનો અર્થ સુસ્પષ્ટ છે કે સમાજ જયારે ઉચ્છૃંખલ થઇ જાય છે, વ્યવસ્થાની જગ્યાએ અવ્યવસ્થા સર્જાય છે, અનાસ્થા અને અરાજકતાની બોલ-બાલા વધી જાય છે, સ્વાર્થી લોકોનું કર્મ પોતાની પરાકાષ્ઠાએ પહોચે ત્યારે એ સમાજને

---

૨૨. કા.ની. - ૨/૪૦.
૨૩. મ.ભા. શાંતિ - ૧૫/૩૦.
૨૪. મનુસ્મૃતિઃ - ૭/૨૦.
૨૫. એજન - ૭/૨.

વ્યવસ્થિત કરવા માટે દંડધર રાજા અથવા સુદઢ પ્રશાસકની આવશ્યકતા શુક્રે અનુભવી છે.[૨૬]

મનુએ કૃતયુગની વ્યાખ્યા કરી છે અને પરિસ્થિતિજન્ય રાજાની ઉત્પત્તિની પણ ચર્ચા કરી છે. બન્નેની સમાનતા એમને પ્રમાણભૂત કરે છે કે રાજાની ઉત્પત્તિની પાછળ 'દંડનીતિ' નું વધુ મહત્ત્વ છે. કૃતયુગ એક ધાર્મિક વ્યવસ્થા હતી, જેમાં અધર્મ અને અનીતિનો અભાવ હતો. તેથી રાજા વિના સમાજ વ્યવસ્થિત હતો. દંડનીતિની આવશ્યકતા ન હતી, પરંતુ જેમ-જેમ સમાજમાં વ્યક્તિઓની વિકૃતિઓ વધતી ગઇ, દંડધર રાજા અથવા સશકત પ્રશાસકની જરૂરિયાત ઊભી થવા લાગી. આ વિચારની પૃષ્ઠભૂમિમાં ભારતના અનેક ઐતિહાસિક પૌરાણિક તેમજ ધાર્મિક ગ્રંથો છે.

કેટલાક આધુનિક વિચારક કૃતયુગ, સત્યયુગ, ત્રેતા, દ્વાપરઆદિની કલ્પનાઓને સ્વીકારતા નથી તથા રાજાને 'દેવાંશ' માનતા નથી. એમની દષ્ટિએ માનવ-જાતિની ઉત્પત્તિની સાથે રાજાની ઉત્પત્તિ થઇ છે, એમ માને છે. રાજપદ પર નિયોજન અને નિયંત્રણના પ્રકાર સમયે-સમયે બદલતા રહે છે. ન્યાય અને અન્યાયથી પ્રેરિત માનવના આચરણોને કોઇ યુગ વિશેષની ધારામાં સમાવી શકાય નહી. આ તો માનવ ધર્મ છે. યુગ-યુગથી ચાલતો આવે છે, અને ચાલતો રહે છે. એટલા માટે એ કહેવું ઉચિત નથી કે કૃતયુગમાં રાજાની આવશ્યકતા ન હતી. ઉત્તરમાં એમની જગ્યાએ કહેવું યોગ્ય છે કે - દેશ, કાળ અને વ્યક્તિ અનુસાર આચાર અને પરિસ્થિતિજન્ય આચરણ બદલાતું રહે છે. અશાંતિ અને અવ્યવસ્થાને નિયંત્રિત રૂપમાં એક સાચુ સ્વરુપ દેવા માટે નિયંત્રક અથવા પ્રશાસકની આવશ્યકતા દરેક યુગમાં સમાનભાવથી થતી રહી છે અને દંડનીતિનો ઉપયોગ સર્વત્ર સમાન જ રહ્યો છે.

વસ્તુતઃ આધુનિક વિચારોનું આ ચિંતન બીલકુલ સાચુ લાગે છે. ધાર્મિક ગ્રંથોમાં અથવા આર્ય સાહિત્યમાં જે કંઇ કહ્યું તે સત્ય છે. જયાં સુધી વિચાર ભિન્નતાનો પ્રશ્ન છે, અનુચિંતનનો તે એક પક્ષ માત્ર છે. શાસ્ત્રીય સિદ્ધાંતના દરેક પક્ષ અને પાસાનો એક વિશિષ્ટ સંકેત હોય છે. એ સંકેતને જયારે આપણે પૂર્ણરૂપથી

---

૨૬. ''यदि न स्यान्नरपतिः सम्यङ्नेता ततः प्रजाः ।
अकर्णधारा जलधौ विप्लवेतेह नौरिव ॥ - શુક્રનીતિ - ૧ / ૬૫.

સમજવા માટેનો પ્રયત્ન કરીએ તો સમાધાન આપમેળે સામે આવી જાય છે. મનુષ્યના ગુણ દોષની વિવેચના શાસ્ત્રનો મુખ્ય ઉદ્દેશ્ય હોય છે. ગુણોને સમર્થન દેવુ અને દોષોની નિંદા કરવી એમની નિયંત્રક રેખા છે. ગુણ-દોષ મનુષ્યની સ્વાભાવિક પ્રકૃતિ છે. જયાં મનુષ્ય હોય ત્યાં તે હશે. એમને નિયંત્રિત કરવાનો આધાર દંડનીતિ જ છે અને દંડનીતિનો આશ્રય રાજા હોય છે. વંશગત તેમજ ગુણગત એમનો સ્વીકાર સમાજ તેમજ પોતે જ કરે છે. કાલનો રાજા આજનો પ્રશાસક છે. તફાવત માત્ર એટલો છે કે કાલ જે વંશાનુગત હતો તે આજ બહુમત દ્વારા ચુંટણીની ઘોષણાની સાથે સંપન્ન થાય છે. એ પણ એક સુગમધર્મ છે. નેતા કે પ્રશાસક જેવા હોય, એમના સામ્રાજયમાં એવી જ સુખ-સમૃદ્ધિ હશે. શુક્રનીતિસાર ( ૪ / ૧ / ૬૦ ) માં પણ રાજાને જ યુગપ્રવર્તક માનેલ છે.

## (૪) રાજપદ આનુવંશિક ? કેવળ ક્ષત્રિયનો જ અધિકાર ?

સામાન્યતયા પ્રાચીન ભારતમાં રાજપદ વંશપરંપરાગત પ્રાપ્ત થતુ જણાય છે. કૌટિલ્ય અર્થશાસ્ત્રમાં તેનાં સંકેતો મળે છે. [૨૭] ગુપ્તવંશમાં રાજાનો ઉત્તરાધિકારી તેનો પુત્ર બન્યો હોય તેમ જણાય છે. શુક્રએ આ બાબતમાં સ્પષ્ટતા કરી છે. જે પૂર્વ રાજયનિરૂપણ પ્રકરણમાં [૨૮] કરાયેલી છે તદ્અનુસાર રાજપદનો ઉત્તરાધિકારી રાજાનો મોટો ઔરસપુત્ર પ્રથમ અધિકારી છે. પરંતુ એમનામાં ખામી હોય તો એમના સ્થાન પર એમનો નાનો ભાઇ અથવા પુત્ર અથવા એમના ભાઇનો પુત્ર રાજપદનો અધિકારી બને છે [૨૯] તેના અભાવમાં ભત્રીજાને ઉત્તરાધિકારી બનાવવો જોઇએ, પરંતુ યૌવરાજધિકારના સંદર્ભમાં મોટા પુત્રની અયોગ્યતાની સ્થિતિમાં એમના કાકાને ઉત્તરાધિકારી બનાવી શકાય છે. આ પ્રમાણે આપણે જોઇએ છીએ કે શુક્ર રાજપદ આનુવંશિકના પક્ષકારી છે.

પ્રાયઃ પ્રાચીન ભારતના રાજાઓ ક્ષત્રિય હતા. ક્ષત્રિયેતર રાજા બન્યા હોય તેના ઉદાહરણો ઓછા છે. અલબત પુષ્પમિત્ર - શુંગવંશીય રાજા બ્રાહ્મણ હતો. [૩૦] ગુપ્ત કાંતો વૈશ્ય કે કારસ્કર હતા, લિચ્છવિ વ્રાત્ય હતા, વાકાટક બ્રાહ્મણ

---

૨૭. કૌ. અર્થ - ૧ / ૧૭-૫૧, ૫૨ અને ૫ / ૬ / ૩૩.

૨૮. જુઓ પ્રકરણ - રાજય નિરૂપણ - પૃ. - ૧૦૫ થી ૧૨૮.

૨૯. શુક્રનીતિ - ૧ / ૩૪૪, ૩૪૫.

૩૦. 'Jayaswal K. P., 'Manu and Yajnyavalkya' - P. 29.

હતા.[૩૧] એમ અનુમાન થયા છે. મનુએ પણ પ્રજા રક્ષણ એ જ ક્ષત્રિયોનો ધર્મ છે.[૩૨] એમ કહી રાજા ક્ષત્રિય હોય છે તેવો નિર્દેશ કર્યો છે. કામન્દકે રાજાના વર્ણ બાબતમાં સ્પષ્ટ વિધાન કર્યું નથી. અનુમાન થઇ શકે. વર્ણાશ્રમ વ્યવસ્થામાં ક્ષત્રિયોના અન્ય વર્ણોથી જુદા પડતા વિશેષ-ધર્મનું નિરુપણ કરતી વેળા ૨-૨૦ માં ક્ષત્રિય માટે રાજન શબ્દનો પ્રયોગ કર્યો છે.

''शस्त्रेणाजीवनं राज्ञो भूतानां चाभिरक्षणम् ।''[૩૩]

કામન્દકની જેમ શુક્ર પણ રાજાના વર્ણની બાબતમાં સ્પષ્ટતા કરી નથી. પરંતુ ચાર વર્ણજાતિ ઉલ્લેખ મળે છે.[૩૪] બ્રાહ્મણની વિવાહિતા પત્નીથી ઉત્પન્ન લોકોને બ્રાહ્મણની જેમ, ક્ષત્રિયોની પરિણીતા પત્નીથી ઉત્પન્ન લોકોને વૈશ્યોની જેમ કર્મ કરવા જોઇએ[૩૫] શુક્ર ઉત્તમ જાતિને જ મહત્ત્વ મળે તેવું માનતા નથી કારણકે ક્ષત્રિયથી ઉત્પન્ન વિશ્વામિત્ર, સ્વર્ગની વૈશ્યાથી ઉત્પન્ન વશિષ્ઠ, સાધારણ જાતિમાં ઉત્પન્ન માતંગ અને દાસીનો પુત્ર નારદ વગેરે વિશેષ તપથી જ મહત્ત્વ પ્રાપ્ત કરેલ નહી કે ઉત્તમ જાતિને કારણ.[૩૬] દીન-હીનની જેમ રોતા-કકળતા મરવું ક્ષત્રિયોને માટે અધર્મ છે. શરીર ન ક્ષત-વિક્ષત થયા વિના જો ક્ષત્રિય મરે છે. ઇતિહાસકાર એમની પ્રશંસા કરતા નથી.[૩૭] એક ક્ષત્રિય રાજા યુદ્ધના મેદાનમાં એક-બીજા પર ઘાત લગાવી છેલ્લી ક્ષણ સુધી લડે છે તેને સ્વર્ગ મળે છે.[૩૮] આમ ક્ષત્રિયોનો ઉલ્લેખ અત્ર-તત્ર-સર્વત્ર મળે છે. સજ્જનોની રક્ષા, દુષ્ટોનો વિનાશ કરવો તથા જીવિકાને માટે કર ગ્રહણ કરવો એ ત્રણ કર્મ ક્ષત્રિયોને અધિક છે. (૪/૩/૧૭). આથી 'ક્ષત્રિય' માટે રાજપદ છે એમ તેઓ માનતા હોય તેવું અનુમાન કરી શકાય.

**(૫) રાજા અને વિદ્યા :-**

ભારતીય ચિંતકોએ અપેક્ષા રાખી છે કે રાજા વિદ્યાવાન હોવો જોઇએ.

---

૩૧. बन्दोपाध्याय राखालदास, 'गुप्त साम्राजय' - पृ. १ पर पादटीप.
૩૨. ''क्षत्रियस्य परो धर्मः प्रजानामेव पालनम् ।'' - મનુસ્મૃતિઃ - ૭/૧૪૪.
૩૩. કા. ની. - ૨/૨૦.
૩૪. शुक्रनीति - ૪/૪/૩૫.
૩૫. એજન - ૪/૪/૩૩.
૩૬. એજન - ૪/૪/૩૮.
૩૭. એજન - ૪/૭/૩૦૬.
૩૮. એજન - ૪/૭/૩૦૮.

વિદ્યાસંપન્ન રાજા જ પડકારરૂપ કર્તવ્યોનો કુશળતાપૂર્વક નિર્વાહ કરી શકે તે સત્યને તેઓએ સૈકાઓથી પીછાણ્યું છે. આચાર્ય શુક્ર પણ માનવજીવનમાં વિદ્યાના યથોચિત ગૌરવભર્યા સ્થાનને સમજી રાજાની વિદ્યા પ્રાપ્તિ પર ભાર મૂકે છે. વિદ્યા માનવજીવનને આવરી લે તેવું વ્યાપક ક્ષેત્ર ધરાવે છે. માનવના વિકાસને અને અભ્યુદય માટે વિદ્યાશ્રય ઉપાદેય છે. ધર્મ, તત્ત્વજ્ઞાન, આજીવિકા અને ધ્યેયપ્રાપ્તિ માટેના ન્યાય્ય માર્ગોની સમજ વિદ્યા જ આપી શકે છે. આથી વિદ્યા ચાર છે. એ પરંપરાગત મતનો શુક્રએ વિરોધ કર્યો નથી. તેઓ પણ આન્વીક્ષિકી, ત્રયી, વાર્તા અને દંડનીતિ એ ચાર વિદ્યાને સનાતન ગણાવે છે અને તેથી રાજાએ એમનો સતત અભ્યાસ કરવો જોઇએ.

''आन्वीक्षिकी त्रयी वार्ता दण्डनीतिश्च शाश्वती ।
विद्याश्चतस्र एवैता अभ्यसेद् नृपति सदा ॥''[૩૯]

આન્વીક્ષિકીમાં તર્કશાસ્ત્ર તેમજ વેદાંત આદિની, ત્રયીવિદ્યામાં પાપ-પુણ્ય તેમજ કામ-મોક્ષની વાત કહેવાઇ છે. વાર્તામાં અર્થોપાર્જન તેમજ અનર્થ - નિવારણના ઉપાય વર્ણિત છે. દંડનીતિમાં નીતિના માર્ગ પર ચાલીને અનીતિ માર્ગ પર ચાલવાવાળાને માટે દંડવિધાન વર્ણિત છે.[૪૦]

વિદ્યાની સંખ્યાની બાબતમાં શુક્રનીતિમાં નિર્દેશ થયો છે. શિક્ષા, કલ્પ, વ્યાકરણ, નિરુક્ત, જયોતિષ અને છંદ-એ છ અંગ. ઋક્, યજુ, સામ અને અથર્વ - એ ચાર વેદ. મીમાંસા, તર્કશાસ્ત્ર, મન્વાદિ, સ્મૃતિ અને બ્રહ્માદિ પુરાણ - આ બધી 'ત્રયી' વિદ્યા કહેવાય છે.[૪૧] ખેતી, વ્યાપાર અને ગોપાલનને વ્યાપાર કહે છે. આ વાર્તાશાસ્ત્રનું સારી રીતે જ્ઞાન રાખવાવાળા વ્યક્તિને જીવિકા સંબંધી ભય કયારેય થતો નથી.[૪૨] દમને દંડ પણ કહે છે. દંડ દેવાને કારણે જ રાજા દંડ સ્વરુપ છે. એમની રાજય - સંચાલન નીતિને 'દંડનીતિ' કહે છે. ની + क्तिन् થી બને છે. નીતિ - 'ની' નો અર્થ થાય લઇ જવું. અહીંયા દંડનીતિથી રાજનીતિ ગ્રહણ કરવામાં આવી છે. કારણ એનાથી તે પ્રજાને ધર્મ તરફ લઇ

૩૯. એજન - ૧/૧૫૨.
૪૦. એજન - ૧/૧૫૮, ૧૫૯.
૪૧. એજન - ૧/૧૫૫.
૪૨. એજન - ૧/૧૫૬.

જાય છે.[૪૩] આન્વીક્ષિકી વિદ્યાર્થી આત્મજ્ઞાનની પ્રાપ્તિ થાય છે. આત્મજ્ઞાની વ્યક્તિ ન તો હર્ષથી પ્રભાવિત થાય છે અને ન શોકથી દુઃખી. ત્રયીવિદ્યાના જ્ઞાનથી કોઇ રાજા યથોચિત કાર્ય કરતા કરતાં સંસારનું સુખ ભોગવી પરલોકનું સુખ ભોગવે છે.[૪૪] બધા જીવો પ્રત્યે દયા કરવી એ મોટો ધર્મ છે. દીન-હીન પ્રજાનું પાલન કરવું એ રાજાનો ધર્મ છે.

વિદ્યાનું ફળ જ્ઞાન અને વિનય છે - 'विद्यायाश्च फलं ज्ञानं विनयश्च' (३/५६) વિદ્યા તથા ધનની ઇચ્છાવાળા વ્યક્તિએ પ્રત્યેક ક્ષણ તેમજ પ્રત્યેક કણનો ઉપભોગ કરવો જોઇએ. વિદ્યા તેમજ ધનની ઇચ્છાવાળા વ્યક્તિએ એકપલ તેમજ એક કણ પણ છોડવો જોઇએ નહીં. કારણ કે વિદ્યા રૂપી ધન બધા ધનોમાં શ્રેષ્ઠ ધન છે. કારણ કે અન્ય ધન વિદ્યામૂલક જ છે. વહેંચવાથી તે હમેંશા વધે છે. તે ન તો ભારકારી છે, ન તો એમને કોઇ હરી શકે છે.

''विद्याधनं श्रेष्ठतरं तन्मूलमितरद्धनम् ।
दानेन वर्द्धते नित्यं न भाराय न नीयते ॥''[૪૫]

શુક્રએ ગ્રંથના અધ્યાય ચારના પ્રકરણ ત્રણમાં ૩૨ વિદ્યાઓ અને ૬૪ કલાઓનો નિર્દેશ કર્યો છે. તેમના મતે - વિદ્યા તેમજ કલાઓનો કોઇ અંત નથી એમની ગણતરી કોઇ કરી શકતુ નથી. છતાં પણ બત્રીસ મુખ્ય વિદ્યાઓ તેમજ ચોંસઠ કલાઓ માનવામાં આવી છે. જે-જે કાર્ય બોલીને ઠીક ઢંગથી પૂરું કરવામાં આવે છે તે વિદ્યા છે અને જેને ગૂંગા વ્યક્તિ પણ હાથ-પગની મદદથી કરી શકે છે તે 'કલા' છે.[૪૬]

### ❖ ૩૨ વિદ્યાઓ :-

ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદ એ ચાર વેદ અને ક્રમશઃ આયુર્વેદ, ધનુર્વેદ, ગાન્ધર્વવેદ અને તંત્ર-સ્થાપત્યવેદ એ ચાર ઉપવેદ છે. શિક્ષા, વ્યાકરણ, કલા, નિરુકત, જયોતિષ તથા છંદ એ છ વેદાંગ. મીમાંસા, ન્યાય, સાંખ્ય, વેદાંગ, યોગ, ઇતિહાસ, પુરાણ, સ્મૃતિ, નાસ્તિકમત, અર્થશાસ્ત્ર, કામશાસ્ત્ર,

૪૩. એજન - ૧/૧૫૭.
૪૪. એજન - ૧/૧૫૮.
૪૫. એજન - ૧/૧૭૮.
૪૬. એજન - ૪/૩/૨૪, ૨૫.

અલંકારશાસ્ત્ર, કાવ્ય, રાષ્ટ્રભાષા, સૂક્તિશાસ્ત્ર, યવનનો મત, વૈદેશિક ધર્મગ્રંથ - આ બત્રીસ વિદ્યા નામથી જાણીતી છે.[૪૭]

### ૬૪ કલાઓ :-

કોઇપણ કલાના ભેદ અલગ-અલગ વ્યાપારથી જ જણાય છે અને જે કલાઓનો આશ્રય લઇ લોકો જીવનનિર્વાહ કરે છે એ કલાના નામથી એમની જાતિનો બોધ થાય છે. એવી ૬૪ કલાઓનો શુક્ર નિર્દેશ કરે છે. વાદ્ય-વાદન (૪-૩-૬૭), વસ્ત્રાલંકાર સંધાન, સ્વરુપ પ્રકાશન કલા (૪-૩-૬૮), પલંગ પર પથારી કરી પુરુષને સુવડાવવાના વિધિ, જુગાર વગેરે રમતો દ્વારા મનોરંજન કરવુ (૪-૩-૬૯), આસન બદલીને સંભોગ કરવાની ક્રિયા (૪-૩-૭૦), ફુલોના રસમાંથી આસવ તથા દારૂ બનાવવાની વિધિ, શરીરમાં લાગેલ કાંટાને સરળતાથી કાઢવાની ક્રિયા, શિરના ઘાને ચીરકર વહેવડાવાની ક્રિયા (૭૧) મલ્લયુદ્ધ (૪-૩-૭૭), બાહુયુદ્ધ (૪-૩-૭૮), તળાવ વગેરેને સમતલ બનાવવાની ક્રિયા (૪-૩-૮૪), કપડા રંગવાની ક્રિયા, દોરડુ બનાવવાનું જ્ઞાન (૪-૩-૮૬), અનેક રંગોના કપડા બનાવવાની, રત્નોનો છેદ, તેની પસંદગીની (૪-૩-૮૭), સુવર્ણ ધાતુને ઓળખવા નકલી સોનુ, રત્ન બનાવવાની (૪-૩-૮૯), પશુના દેહમાંથી ચામડી ઉતારવાની રીત, દૂધ, દોહીને ઘી બનાવવાની ક્રિયા (૪-૩-૯૦), પહેરવાના કપડા સીવવાની, પાણીમાં લાકડાથી તરવાની (૪-૩-૯૧), ઘરેલુ ધાતુથી બનેલા વાસણો સાફ કરવાની (૪-૩-૯૨), તલ, માંસમાંથી તેલ બનાવવાની, હળ ચલાવવાની, ઝાડ ઉપર ચઢવાની (૪-૩-૯૩), મનોકુલન સેવા કરવાની ક્રિયાને જાણવી, વાંસ ઘાસમાંથી ટોકરી બનાવવાની (૪-૩-૯૪), કાચના વાસણ બનાવવાની, પાણીથી સિંચાઇ કરવી (૪-૩-૯૫), લોઢામાંથી હથિયાર બનાવવાની ક્રિયાને, હાથી, ઘોડા, બળદ ઉપર મૂકવાની ગાદી બનાવવાની (૪-૩-૯૬), બાળકોને પાળવાની, ગોદ લેવા, રમાડવવા, અપરાધીઓની સારી રીતે મારવાની (૪-૩-૯૭), વિવિધ દેશની લીપિને સુંદર રીતે લખવાની (૪-૩-૯૮), કલા સંપાદનમાં શીઘ્રતા - આદાન, વિલંબ - પ્રતિદાન બન્ને કલા માનેલ છે. (૪-૩-૯૯).

૪૭. એજન - ૪/૩/૨૭ - ૩૦.

આમ આ ૬૪ કલાઓ સંક્ષેપમાં કહેવાય છે. એમાં જે કલાઓનો આશ્રય લઇ મનુષ્ય નિપુણતા પ્રાપ્ત કરે છે. તેથી શુક્ર કહે છે કલાઓનો અભ્યાસ કરી એમાં દક્ષતા પ્રાપ્ત કરવી જોઇએ.[૪૮]

રાજા નીતિ સંપન્ન હોય છે. રાજાને પ્રયત્ન પૂર્વક નીતિશાસ્ત્રનો અભ્યાસ કરવાની ચર્ચા શુક્રે કરી છે. એમની દષ્ટિમાં નીતિ નિપુણ રાજા જ શત્રુ પર વિજય મેળવી શકે છે. તેજ પ્રજારંજક પણ હોય છે. રાજા આ નીતિશાસ્ત્રના બળ ઉપર બધાનો સ્વામી બન્યો છે. હમેંશા પ્રજાનું પાલન અને દુષ્ટોનું દમન કોઇપણ રાજાનો પરમ ધર્મ છે અને આ ધર્મ નીતિશાસ્ત્ર દ્વારા જ સંપાદિત થાય છે. નીતિવિહિન રાજા દોષયુક્ત હોય છે, ડરતો રહે છે એમની સૈન્યશક્તિ ક્ષીણ થઇ જાય છે અને તે અનાયાસે શત્રુના અધિકાર ક્ષેત્રમાં જતાં રહે છે. શુક્રે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે કે -

''नीति त्यक्त्वा वर्त्तते यः स्वतन्त्रः स हि दुःखभाक् ।
स्वतन्त्रप्रभुसेवा तु ह्यसिधारावलेहनम् ॥''[૪૯]

જે રાજા નીતિનો ત્યાગ કરી અનૈતિક વ્યવહાર કરે છે તે દુઃખનો ભાગીદાર બને છે. એવા રાજાના સેવક પણ તલવારની ધાર કાપવાનું કામ કરે છે.

ચાર વિદ્યામાં આન્વીક્ષિકી એ હેતુવિદ્યા કે અનુમાનવિદ્યા, સાંખ્ય, યોગ અને ચાર્વાકદર્શન એ અર્થ ધરાવે છે એમ કા.ની. ટીકાકાર માને છે.[૫૦] કૌટિલ્ય અનુસાર તે આત્મવિદ્યા છે, સર્વ વિદ્યાનો પ્રદીપ, સર્વ કર્મોના ઉપાય અને સર્વ ધર્મના આશ્રયરૂપ છે.[૫૧]

આથી વિદ્યાવિદ્ પાસેથી જ્ઞાન, પ્રત્યેક વિદ્યાનું પાલન અને પ્રવર્તન રાજા માટે આવશ્યક કાર્ય બની જાય છે.

## (૬) રાજા અને ઇન્દ્રિયજય :-

શાસ્ત્રકારોએ પીછાણ્યું છે કે ઇન્દ્રિયજય વિનાની વિદ્યા નિરર્થક છે. આચાર્ય શુક્ર પણ રાજા જીતેન્દ્રિય (વિનયવાન કે વિનીત) હોવો જોઇએ એ બાબત પર ભાર મૂકે છે. ઇન્દ્રિયજય - સંયમની સૌને જરૂર છે. પણ સૌથી વધારે જરૂર

૪૮. એજન - ૪/૩/૧૦૦.
૪૯. એજન - ૧/૧૬.
૫૦. કા. ની. - ૨-૨ અને ૨-૩ પર જ.મ. અને ઉ.નિ. ટીકા.
૫૧. કૌ. અર્થ. ૧/૨/૧૨.

રાજાઓ - શાસકોને છે એ સનાતન સત્ય છે. તેથી જ તો મનુએ કહ્યું છે કે - રાજા જિતેન્દ્રિય હોવો જ જોઇએ -

''इन्द्रियाणां जये योगं समातिष्ठेहिवानिशम् ।

जितेन्द्रियो हि शक्नोति वशे स्थापयितुं पुजाः ॥''[૫૨]

રાજાએ રાતદિવસ ઇંદ્રિયોને જીતવા પ્રયત્ન કરવો કેમ કે જિતેંદ્રિય રાજા જ પ્રજાઓને વશમાં રાખી શકે છે. તો વળી કામન્દક પણ ઇંદ્રિયજયના અર્થમાં વિનય શબ્દ પ્રયોજે છે. તેઓ કહે છે કે વિનીત શાસ્ત્રનો નિશ્ચય કરી શકે છે માટે વિનય નયનું મૂળ છે.[૫૩] ક.મા. મુનશીના વાક્યો જોઇએ તો - ''ઇંદ્રિયજય વિના વિનય નહોતો, વિજય વિના બુદ્ધિ નહોતી. બુદ્ધિ વિના શક્તિ નહોતી. શક્તિ વિના યોગ નહોતો, શાંતિ નહોતી, આત્મદર્શન નહોતું.''[૫૪]

ગ્રંથકાર જીતેન્દ્રિયતાની મહત્તા દર્શાવતા કહે છે કે - નીતિના જડ નિયમ છે. શાસ્ત્રના જાણકાર વ્યક્તિ વિનયી છે. વિનયનો ઉપક્રમ ઇંદ્રિયો પર વિજય મેળવવાનો છે. જિતેન્દ્રિય વ્યક્તિ જ શાસ્ત્રનો જાણકાર હોય છે. રાજા સર્વ પ્રથમ પોતે પોતાને વિનયી બનાવે. ત્યારબાદ પોતાના પુત્રોને, પછી સચિવો (અમાત્યો) ત્યારબાદ અન્ય રાજકર્મચારીઓને અને અંતે પ્રજાને. કહેવાનું તાત્પર્ય એ છે કે વિનયી રાજાને જોઇ રાજકુમાર વિનયી - વિનમ્ર થશે. વિનીત રાજકુમારોનું અનુકરણ મંત્રીમંડળ કરશે. વિનયી મંત્રીમંડળને જોઇને રાજકર્મચારી વિનમ્ર બનશે. સંપૂર્ણ પ્રશાસન તંત્રને વિનયી જોઇને પ્રજા આપો-આપ વિનયી બની જશે.[૫૫] જિતન્દ્રિય રાજાની કીર્તિ પતાકા કઇ રીતે આકાશને સ્પર્શે છે તેના સંદર્ભમાં કહેવાયું છે કે -

''जितेन्द्रियस्य नृपतेर्नीतिशास्त्रानुसारिणः ।

भवन्त्युच्चलित लक्ष्म्यः कीर्तियश्च नभस्पृशः ।''[૫૬]

નીતિશાસ્ત્રનું અનુસરણ કરવાવાળા, જિતેન્દ્રિય રાજાના ઘરે લક્ષ્મી ચારે બાજુથી દોડતી આવે છે અને એમની કીર્તિઆકાશને સ્પર્શે છે. ઇન્દ્રિયોને બળજબરીથી

---

૫૨. મનુસ્મૃતિ - ૭/૪૪.

૫૩. કા. ની. - ૧/૨૧, ૨૨.

૫૪. ક.મા. મુનશી - 'ભગવાન કૌટિલ્યે' - પૃ. ૨૭૧.

૫૫. શુક્રનીતિ - ૧/૯૨, ૯૩.

૫૬. એજન - ૧/૧૫૧.

એમના વિષયોથી અલગ કરી, ન તો એમને પીડા આપી, ન તો એમને વધુ છૂટ આપી વિષયાસક્ત બનાવે. આ ઇન્દ્રિયોઓ અત્યંત શક્તિશાળી છે. તે બળજબરીથી મનને પોતાની બાજુ ખેંચી લે છે. તેથી એમની સાથે સંયમિત થઇ સમભાવથી એમનો ઉપભોગ કરવો જોઇએ.[૫૭] વાસનારૂપી માંસના લોભથી મન હમેંશા ઇન્દ્રિયોને પ્રેરિત કરે છે. તેથી એમને પ્રયત્નપૂર્વક રોકવુ જોઇએ. જેણે આ મનને રોકી લીધુ છે તે જ જિતેન્દ્રિય છે.[૫૮] તેથી શુક્ર કહે છે કે - જે રાજા માત્ર પોતાના મનને જીતી શકતો નથી. તે સમુદ્રપર્યન્ત ફેલાયેલી પૃથ્વીને કેવી રીતે જીતી શકે ? ભોગના અંતે નીરસ મનને પોતાની બાજુ ખેંચવા વાળી વાસનાથી આકૃષ્ટચિત થઇ કોઇ રાજા હાથથી જેમ બંધનમાં પડે છે.[૫૯] અહીંયા ગ્રંથકારનું કહેવું છે કે રાજાને જિતેન્દ્રિય બનવું જોઇએ.

ગ્રંથકાર કહે છે કે - ઇન્દ્રિયજીત મુનિઓના મનને પણ નારી (સ્ત્રી) મલિન કરી નાખે છે તો પણ વિષયાસકતી સામાન્યજનોનું પૂછવું શું ? ઘણા શક્તિશાળી રાજાઓ પણ પરસ્ત્રીના પ્રેમને કારણ જ વિનષ્ટ થાય છે - ઇન્દ્ર, નહુષ, દંડક અને રાવણ આદિ પ્રસિદ્ધ છે.[૬૦]

આમ કામ, અર્થ એ પુરુષાર્થી જ છે. છતાં તે પ્રત્યે અત્યાસક્તિ ત્યજવી એમ શુક્ર સલાહ આપે છે. અર્થનું મૂળ સુખ છે, સુખ ભોગવવા માટે છે, જો સુખ ન ભોગવાય તો લક્ષ્મી વ્યર્થ છે. આ બધામાંથી નિકામાસક્તિ જ નાશ હેતુ છે એમ સમજાવે છે. તેઓ કામને સેવવાનો નિષેધ કરતા નથી, યુક્તિથી કામ સેવવા પર ભાર મૂકે છે. આમ તેઓ ભગવદ્ગીતા વિહિત માર્ગે ચાલવા કહે છે. ભગવાને કહ્યું છે - ''હું ધર્માવિરુદ્ધ કામ છું''[૬૧] શુક્ર ધર્મ અને અર્થ કે કામને સામસામે છેડે ઊભેલા દર્શાવતા નથી. તેઓ કહે છે - આ સંસારમાં સજ્જનો દ્વારા સાદર સેવિત ધર્મ અને અર્થને જિતેન્દ્રિય થઇ સજ્જનોની સેવા કરવી જોઇએ.[૬૨] આમ રાજાએ વ્યક્તિગત જીવન કે પ્રજા તરફના કર્તવ્યના ક્ષેત્રે અર્થની ઉપેક્ષા ન કરવી

૫૭. એજન - ૩/૧૫.
૫૮. એજન - ૧/૯૯.
૫૯. એજન - ૧/૧૦૦, ૧૦૧.
૬૦. એજન - ૧/૧૧૩, ૧૧૪.
૬૧. ગીતા - ૭/૧૧.
૬૨. શુક્રનીતિ - ૧/૧૪૬.

એવું તેઓ વ્યવહારું અને વાસ્તવિક વલણ લે છે. શાસ્ત્રજ્ઞાનથી રાજામાં શાલીનતા વધે છે અને વિદ્યા વિનીત રાજા સજ્જનોનો પ્રિય બને છે.[૬૩] આમ અહીં શુક્ર આદર્શ અને વ્યવહારનો સમન્વય સ્થાપે છે.

**(૭) રાજા અને વૃદ્ધસંયોગ :-**

ગુરુસંયોગ - વિદ્યાવૃદ્ધ સંયોગ - શાસક માટે અનુભૂત સિદ્ધ પથ્ય પ્રયોગ છે. એ બાબતમાં ભારતીય વિચારકો એકમત ધરાવે છે. શુક્ર પણ ગુરુસંયોગનો આગ્રહ રાખે છે, તેના અનેકવિધ લાભ દર્શાવે છે.[૬૪] જેમ કે આ અગાધ એવા મહાસાગર રૂપી સંસારમાં સજ્જનોના દ્વારા આદર સહિત સેવાયેલી ધર્મ અને અર્થને જિતેન્દ્રિય થઇ વધારતા-વધારતા વૃદ્ધોની સેવા કરવી જોઇએ કારણ કે ગુરુજનો સંયોગથી શાસ્ત્રજ્ઞાન મેળવે છે, શાસ્ત્રજ્ઞાનથી રાજામાં શાલીનતા - વિનયશીલતા વધે છે, વિદ્યાવિનીત રાજા સજ્જનોનો પ્રિય હોય છે.

''शास्त्रीय गुरुसंयोगः शास्त्रं विनयवृद्धये ।

विद्याविनीतो नृपतिः सतां भवति सम्मतः ॥

ગુરુ સંયોગ શાસ્ત્ર અને વિદ્યાની પ્રાપ્તિ કરાવનારો છે. જેને પરિણામે મહાપુરુષોની પ્રીતિ અને સમૃદ્ધિ પ્રાપ્ત થાય છે. વૃધ્ધ સેવી રાજા સજ્જનોને સંમત બને છે. દુર્જનની પ્રેરણા છતાં અકાર્યરત બનતો નથી. નીતિમાર્ગને અનુસરતા તેની કીર્તિ આકાશને આંબે છે. લક્ષ્મી ઝળહળી ઉઠે છે.[૬૫] વૃધ્ધસેવા રાજાને અભિગમ્ય બનાવે છે. નિપુણતા પૂર્વકના ગુરુસેવનથી રાજા વિનયી અને રાજપદ તેમજ પરલોક માટે સમર્થ બને છે.

કૌટિલ્યને[૬૬] અનુસરી શુક્ર વિદ્યાવૃધ્ધ સંયોગને ઉચિત ગૌરવપ્રદાન કરે છે. રાજાના બૌદ્ધિક, માનસિક અને આધ્યાત્મિક તેમજ રાજકીય ગુણોના વિકાસમાં વૃદ્ધ સંયોગ અનેરું પ્રદાન અર્પી શકે. અનુભવી, જ્ઞાની, વૃદ્ધ પેઢીનું માર્ગદર્શન શિક્ષણ જો નવી પેઢી ગ્રહણ કરવા તૈયાર થાય તો સમાજને, રાજયને, અનેક લાભ થાય છે. મહાભારતકારે તો સભા માટે નિષ્કપટસત્યયુક્ત ધર્મના

૬૩. એજન - ૧/૧૪૮.
૬૪. એજન - ૧/૧૪૭, ૧૪૮.
૬૫. એજન - ૧/૧૫૧.
૬૬. કૌ. અર્થ. - ૧/૫.

પ્રવકતા વૃદ્ધોની ઉપસ્થિતિ અનિવાર્ય શરત ગણી છે.[૬૭]

## (૮) રાજાની દિનચર્યા :-

કૌટિલ્યે રાજાની દિનચર્યા અંગે એક સમય પત્રક પ્રસ્તુત કર્યું છે. શુક્રએ પણ રાજાની દિનચર્યાનું સમયપત્રક આપેલ છે. તદ્ અનુસાર રાજધાનીમાં રાજા રાત્રિના છેલ્લા (ચોથા) પહોરમાં જાગી રાજયની દૈનિક આવક તથા નિયત ખર્ચ પર કેટલોક સમય ચિંતન કરે તથા એમનો ઔચિત્યની સીમામાં લાવી વ્યવસ્થિત કરવાનો પ્રયત્ન કરે, રાજકોશમાં કેટલુ ધન સંરક્ષિત છે તથા કેટલો ખર્ચ કર્યો, વ્યવહારમાં મુદ્રિત આવક-ખર્ચ થવાથી બચેલ ધન કોશમાં કેટલુ રહ્યુ ? એ સર્વેની સમુચિત જાણકારી રાજાને અવશ્ય હોવી જોઇએ. એટલું જ નહી પ્રત્યક્ષ અને લેખ દ્વારા જાણી આજે કેટલો ખર્ચ થશે એટલુ ધન અનુમાનથી અલગ કાઢી રાખે.[૬૮] ત્યારબાદ નિત્ય નૈમિતિક કર્મથી નિવૃત થઇ સ્નાન, સંધ્યા અને પુરાણ શ્રવણ બાદ બે મુહૂર્ત દાનાદિ કર્મમાં પસાર કરે. ફરીથી પ્રાતઃ કાળનો કેટલોક સમય ગાય, ઘોડા અને સવારીના ઉપયોગજન્ય શારીરિક વ્યવહારમાં પસાર કરે.[૬૯]

રાજાએ પોતાનો કેટલોક સમય રાજસેવકોની વચ્ચે પારિતોષિક વિતરણમાં પસાર કરવો. અન્ન, વસ્ત્ર, સુવર્ણ અને રત્નોને જોવામાં અને સેના માટે આદેશ લખવામાં તેમજ આવક-જાવકના નિરીક્ષણમાં ચાર મુહૂર્ત સમય પસાર કરવો જોઇએ. બાદ શાંત મનથી પોતાના સાચા મિત્રોની સાથે ભોજન કર્યા પછી થોડો સમય આરામ કરે.[૭૦]

વિશ્રામ બાદ જજ અથવા વકીલ દ્વારા સમજાવવામાં આવેલ કેસોને જોવામાં પોતાનો ચાર મુહૂર્ત સમયે પસાર કરે પછી શિકાર તેમજ ખેલકૂદમાં બે મુહુર્ત પસાર કરે. તથા બે પલ સેનાના અભ્યાસના અનુશીલનમાં પસાર કરે. ત્યારબાદ સાંજના (સાયંકાલ) ભોજનમાં એક કલાક તથા ગુપ્તચરોના સંદેશ સાંભળવામાં બે કલાક સમય આપે. ત્યારબાદ રાત્રિમાં આઠ કલાક આરામથી સૂઇ જાય.[૭૧]

આ પ્રમાણે દિવસ-રાતને ત્રણ મુહૂર્તોમાં વહેંચી બતાવ્યા પ્રમાણે રાજાએ

૬૭. મહાભારતમ્ ઉદ્યોગપર્વ - ૩૫/૫૮.
૬૮. શુક્રનીતિઃ - ૧/૨૬૭-૨૭૮. અનુક્રમે.
૬૯. એજન - ૧/૨૭૯.
૭૦. એજન - ૧/૨૮૦, ૨૮૧.
૭૧. એજન - ૧/૨૮૨-૨૮૪.

વ્યવસ્થિત કામ કરવું જોઇએ આ પ્રકારનો વ્યવહાર કરવાવાળા રાજા સુખી થાય છે અને પ્રજા પણ સુખી રહે છે.

રાજાએ સુંદરી અને સુરાના ઉપભોગમાં નિરર્થક સમય બગાડવો જોઇએ નહીં. જે સમયે જે કાર્ય યોગ્ય હોય એ સમયે એ કાર્યને નિઃશંક થઇને ઝડપથી કરી લેવું જોઇએ કારણ કે સમયે થતી વર્ષા ધાન્યની પુષ્ટિ માટે થાય છે તથા સમય વિત્યા પછી થતી વર્ષા એમના વિનાશનું કારણ બને છે. નીતિ અને અનીતિની ચાલને સમજનાર હોશિયાર પહેરેદાર (ચોકીદાર) બધા કાર્ય સ્થળોની દૈનિક રક્ષા કરે અને એ કાર્ય સ્થળોની દૈનિક કાર્યવાહીઓને ત્યાંના લેખા પદાધિકારીઓ પાસેથી સાંભળે તથા ફરજ પરના પહેરેદારોની રોજ બદલી કરે.[૭૨] ગૃહના મુખ્ય દ્વાર પર નિયુક્ત પહેરેદારો પાસેથી ત્યાંના રહેવાસીના સંદર્ભમાં જાણકારી મેળવે. સાથે જ એ ઘરોમાં રહેવાવાળા પાસેથી માસિક પગાર અપાવી એ ચોકીદારોનું પાલન પોષણ કરે, ચોર તથા પરદારગામી લંપટોને રોકવા માટે પ્રતિ દોઢ કલાકે રાત્રિમાં દરેક ગલિયોમાં પહેરદારોએ ધ્યાન રાખવું જોઇએ. આમ પ્રજા પર રાજાનું હમેંશા આવુંજ શાસન હોવું જોઇએ.[૭૩]

આમ આ પ્રમાણે શુક્રે રાજાના દૈનિક કર્તવ્યો વિશે નિર્દેશ કર્યો છે.

## (૯) રાજાની રાજકીય ઘોષણા (Proclamation) :-

રાજાના કેટલાક મહત્ત્વના કર્તવ્યોનો શુક્ર ગ્રંથમાં નિર્દેશ કરે છે. રાજા પોતાની રાજ આજ્ઞા - કે રાજકીય ઘોષણા પ્રજામાં પ્રચારિત કરે છે. આ રાજકીય ઘોષણા પ્રજા માટે રાજાએ દરરોજ કરવાની હોય છે.

''મારા રાજયમાં રહેવાવાળાઓ માટે એ કર્તવ્ય છે કે તે ગુલામ, નોકર, સ્ત્રી, પુત્ર, શિલ્પ - આમાંથી કોઇપણ ને કયારેય અપશબ્દો કે શારીરિક દુઃખ આપે નહીં, તોલમાં, કાંટા (ત્રાજવા) ના વજનનાં માપમાં, સિક્કાની ઢળાઇમાં, સોના ચાંદી જેવા ધાતુમાં કે તેના જેવા બીજા પદાર્થ જેવા કે - દૂધ, ઘી, મધ, ચરબીમાં કયારેય પણ કોઇ જાતની ભેળસેળ કે બેઇમાની કરવી નહીં, કોઇની પાસે જબરજસ્તી (બળજબરી) થી કાંઇ લખાવે નહી, કોઇને પણ ગમે તેવી પરિસ્થિતિ હોય તો પણ લાંચ આપે નહીં, માલિકના કાર્યને કયારેય બગાડે નહીં,

૭૨. એજન - ૧/૨૮૫ -૨૮૯.

૭૩. એજન - ૧/૨૯૦ -૨૯૩.

ગુંડા, ચોર, દુરાચારી અને લંપટો - તે મિત્ર હોય કે દુશ્મન તેમને (છૂપાવવા) આશરો આપે નહીં; એવી જ રીતે જે જનતા (પ્રજા) ને નુકસાન પહોંચાડે એમની રક્ષા કરે નહીં; માતા, પિતા, રોગી, સદાચારી તેમજ આદરણીય લોકોની કોઇ મશ્કરી ઉડાવે નહીં; અને એમનું અપમાન કરે નહીં; નોકર-માલિક, ભાઇ-ભાઇ વચ્ચે કોઇ ફાટ પાડે નહીં; વાવ, બગીચા, સીમા, સરાય, મંદિર કે રસ્તાને કોઇ નુકસાન પહોંચાડે નહીં; વિકલાંગોને દુઃખ આપે નહીં, રાજકીય આદેશ મળ્યા વિના જુગાર રમે નહીં, દારૂ પીવે નહીં, શિકાર કરે નહીં અને અવૈદ્ય હથિયાર સાથે રાખે નહીં, ગાય, હાથી, ઘોડા, ઊંટ, ભેંસ, જમીન-મિલ્કત તથા ભાંગ, અફીણ જેવા નશીલા પદાર્થની ખરીદી-વેચાણ કરે નહીં; શરાબ બનાવે નહીં; વેચાણપત્ર, દાનપત્ર તેમજ ઋણપત્ર લખે નહી, લખાવે નહીં; શાસનાનુદેશ વિના દવાનો ચિકિત્સા વ્યવસાય કરે નહીં; કોઇ ઉપર મહાપાપનું ઘોષારોપણ કરે નહીં; બગડેલ ધનનો સ્વીકાર કરે નહીં; લાવારિસ ધનને અડે નહીં; નવનિર્મિત સમાજના નિયમને સ્વીકારે નહીં; લાવારિસ કે વિનષ્ટ થયેલ વ્યક્તિના ધનને અડે નહીં; કોઇનો ગુપ્ત ભેદ ખોલે નહીં; રાજાના દુર્ગુણોના સંદર્ભમાં ચર્ચા કરે નહીં, પોતાના ધર્મને છોડે નહીં; અસત્ય બોલે નહીં; પરસ્ત્રીગામી બને નહીં; ખોટા સાક્ષી બને નહીં; ખોટા દસ્તાવેજ લખે નહીં; રાજાથી છૂપાઇને કોઇ વસ્તુની લેવડ-દેવડ કરે નહીં; નક્કી થયેલા કરથી વધુ રાજસ્વની વસૂલાત કરે નહીં; ચોરી કરે નહીં, મનથી પણ રાજદ્રોહ કરે નહીં; પગારથી જકાતથી, રાજકીય કરથી, વ્યાજથી અહંકારથી, બળથી કે છળથી દબાવી કયારયે કોઇ વ્યક્તિને દુઃખ પહોંચાડે નહીં; તોલને માટે ત્રાજવા અને માપને માટે નૂપુરને રાજમુદ્રાથી અભિપ્રમાણિત કરીને જ વ્યવહારમાં લાવે; ગુણ સાધનમાં દરેક વ્યક્તિ ચતુર હોય; અપરાધીઓને પકડી પોલીસને સોંપી આપે; આ પ્રમાણે રાજાની આજ્ઞા (રાજઘોષણા) સાંભળીને પણ જે એનાથી વિપરીત આચરણ કરે તેમના માટે સજા (દંડ) નો નિર્દેશ કરેલ છે.[૭૪]

આ રાજઘોષણાને લખાવી જનસંકુલ રસ્તાઓ પર લગાડવાનો ઉલ્લેખ છે.

**(૧૦) રાજાના કાર્યોનો નિર્દેશ :-**

શુક્રનીતિમાં જુદે-જુદે સ્થળે રાજકર્તવ્યનો નિર્દેશ મળે છે. તે પ્રમાણે પ્રજા રક્ષણ એ રાજાનું મુખ્ય કર્તવ્ય છે. મુખ્યતઃ રાજઘોષણામાં સર્વે બાબતોનો સમાવેશ

૭૪. એજન - ૧/૨૯૪ થી ૩૧૨.

કરાયેલ છે. તે રાજા દુષ્ટ અને શત્રુઓને દંડ આપવા હમેંશ તત્પર રહે.[૭૫] પ્રજાપાલન નીતિપૂર્ણ કરવું જોઇએ, પર્યટકો (પ્રવાસી) ની સુખ-સુવિધાને માટે રાજમાર્ગ વ્યવસ્થિત હોવા જોઇએ, પ્રવાસીના રક્ષણની પૂરી કાળજી રાખવી જોઇએ, વાર્ષિક આવકનો બારમો ભાગ રાજય સૈન્ય-સંરક્ષણ પર ખર્ચ કરવો જોઇએ; સંપૂર્ણ આવકનો ત્રણ ભાગ ખર્ચ કરી સૈન્ય સંગઠિત કરવું, એમના અર્ધા ભાગથી પદાધિકારીઓની નિયુક્તિ કરવી; એમનો અર્ધો ભાગ પોતાના ઉપર ખર્ચ કરે. બાકી એક ભાગ કોશમાં જમા કરાવવો જોઇએ. આ પ્રમાણે રાજા સંપૂર્ણ આવકના છ ભાગ કરી એનાથી વર્ષભરનું કાર્ય ચલાવે. આ નિર્દેશ સામન્તસ્તરીય રાજાઓને માટે માન્ય છે, એનાથી નીચેના સ્તરને માટે નથી.[૭૬]

રાજય, યશ, ધન અને ગુણ એમને મેળવવા માટે એમની રક્ષા કરવામાં તથા બીજા રાજયને પ્રાપ્ત કરવાના પ્રયત્નો કરવા જોઇએ, એ બધા કાર્યો પ્રત્યે રાજાએ હમેંશા પ્રયત્નશીલ હોવું જોઇએ. વીરતા, પાંડિત્ય, વક્તૃત્ત્વ, દાનશીલતા, બળ-પરાક્રમ તથા શત્રુપક્ષીય રાજા પર આક્રમણ કરવાનો સમય કયારેય ચુકે નહીં, જે રાજા નિઃશંક થઇને યુદ્ધમાં પોતાના પ્રાણના ભયને છોડીને યુધ્ધ કરે છે તે જ સાચો વીર છે. પક્ષપાત વિના પ્રયાસપૂર્વક બાળકોની પણ વાતો સાંભળે તથા ધર્મતત્ત્વનો નિર્ણય કરે છે, તે પ્રજ્ઞાવાન છે, રાજાના દુર્ગુણોને ગુણના રૂપમાં કયારયે પ્રસ્તુત કરતા નથી તે વકતા પુરુષ છે. નિર્ભય થઇ જે કર્તવ્ય કર્મ કરે તે બલ છે.[૭૭]

ભોજન પહેલા અન્નની પરીક્ષા કરી લેવી જોઇએ. તેના માટે પહેલા વાનર કે ટુકડાને આપી તેની તપાસ કરવી જોઇએ. બે-ત્રણ આસ્વાદવાળા, સ્વાદહીન કે અતિ સ્વાદિષ્ટ, કડવા, ગળ્યા કે ખારું ભોજન કરવું નહીં. પ્રાર્થી જે કંઇ જણાવે તો સચિવોની સાથે અવશ્ય તેને સાંભળવો જોઇએ અને અત્યંત સાવધાની સાથે ઉદ્યાન-બગીચામાં સચિવ, સેનાપતિ, મુખ્ય રાજયના પ્રધાનપુરુષો, કામિનીઓ, નર્તકો, ગવૈયા, ચારણો કે જાદુગરોની સાથે વિહાર કરવો જોઇએ.[૭૮] રાજા પ્રતિદિન

---

૭૫. એજન - ૧/૩૧૩ તથા ૧/૧૪, ૧/૧૨૩ થી ૨૪.
૭૬. એજન - ૧/૩૧૫ થી ૩૧૭.
૭૭. એજન - ૧/૩૧૮ થી ૩૨૪.
૭૮. એજન - ૧/૩૨૬ થી ૩૩૦.

સવાર તથા સાંજના સમયે હાથી, ઘોડા અને રથની સવારીનો અભ્યાસ કરે અને સેનાની વ્યૂહરચના પોતે કરે. [૭૯]

તપસ્વી, દાની, વૈદિક, સ્માર્ત, પૌરાણિક, શાસ્ત્રવેતા, જયોતિષી, મંત્રવેતા, તંત્રજ્ઞ, વૈદ્ય, કર્મકાંડી તથા અન્ય વિષયોના જ્ઞાતા, શ્રેષ્ઠજન, ગુણી, બુદ્ધિમાન અથવા જિતેન્દ્રિય હોય એ સર્વેને દાન આપી, સન્માનિત કરી સુપુનીત બનાવી તથા વેતન-પગાર નક્કી કરી પાલન પોષણ કરવું જોઇએ અન્યથા રાજા સ્વતઃ (પોતે) રાજયચ્યુત થઇ જાય છે તથા એમની અપકીર્તિ પણ ફેલાય છે. [૮૦]

**(૧૧) રાજાના આવશ્યક ગુણો :-**

રાજનીતિ ચિંતકોએ રાજપદને વ્યવહાર તથા સિદ્ધાંત એમ ઉભય દષ્ટિએ સર્વોચ્ચ સ્થાન આપ્યું છે. રાજપદ પામનારી વ્યક્તિએ આ સર્વોચ્યતા ટકાવી રાખવી ઘટે. આ સર્વોચ્ચતાનો આધાર રાજામાં રહેલ ગુણોનો સમુદાય છે. રાજામાં આ ગુણો હોવા જોઇએ આ ગુણ જ વ્યક્તિને રાજપદને યોગ્ય બનાવે છે.

શુક્રનીતિમાં સ્પષ્ટતઃ રાજાના ગુણોના સંદર્ભે ચર્ચા કરાયેલી નથી પરંતુ ગ્રંથકારના યત્ર તત્ર વર્ણન પરથી લાગે છે કે રાજા સમગ્ર રાજયની ધુરા સંભાળનાર હોય તેથી રાજાને હમેંશા નીતિશાસ્ત્રનું અનુશાસન કરવું જોઇએ કારણ કે સાર્વજનિક હિત તેમજ સામાજિક સુરક્ષા (Guaranty) નું બંધકત્વ નીતિશાસ્ત્ર જ આપે છે. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ રુપ પુરુષાર્થચતુષ્ટયનુ એ સાધક છે. [૮૧] રાજા નીતિવિદ્યાનો પણ જાણકાર હોવો જોઇએ કારણકે નીતિવિહિન રાજાના શત્રુઓ ઉત્પન્ન થાય છે. પરંતુ નીતિ-નિપુણ રાજા શત્રુવિહિન હોય છે. [૮૨] નીતિવિહિન સ્વેચ્છાચારી ન હોવો જોઇએ. પ્રજાના સત્યાચરણમાં રાજા જ મુખ્ય કારણ છે. કારણ કે જો રાજા સત્ય આચરણ કરે તો પ્રજા પણ આપો-આપ સત્યાચરણના પથ પર ચાલે, સ્વધર્માચરણી, ધર્માનુસકત, આત્મદોષ રહિત [૮૩] રાજાએ હમેંશા પોતાના કર્તવ્ય - ધર્મનું પાલન કરવું, યજ્ઞોનું અનુષ્ઠાન કરવું, ઉદારતા, સહિષ્ણુતા, શૂરવીરતા, અનાસક્ત વગેરે ગુણોવાળા રાજા સાત્ત્વિક કહેવાય છે. માટે રાજાએ

૭૯. એજન - ૧/૩૩૧.
૮૦. એજન - ૨/૧૨૨ થી ૧૨૪.
૮૧. એજન - ૧/૪, ૫, ૬.
૮૨. એજન - ૧/૧૨, ૧૩.
૮૩. એજન - અનુક્રમે ૧/૧૬, ૨૨, ૨૪, ૨૫, ૨૭.

સત્વગુણી બનવાનો પ્રયત્ન કરવો જોઇએ.[૮૪] ગ્રંથકાર ક્ષત્રિય (રાજા) ના ગુણોનો નિર્દેશ કરે છે. પ્રજાપાલનમાં અત્યંત પ્રવીણ, અત્યંત પરાક્રમી, શક્તિશાળી, આત્મનિયંત્રિત અને દુષ્ટોને દંડ આપવાવાળા વ્યક્તિ જ પોતાના ગુણોને કારણ ક્ષત્રિય-રાજા કહેવાય છે.[૮૫] માતા, પિતા, ભાઇ, બંધુ, ગુરુ, કુબેર અને યમ - આ સાત નિત્ય ગુણથી રાજા યુક્ત હોવો જોઇએ. આ સાત ગુણોના અભાવમાં કોઇ રાજા પ્રજારંજક થઇ શકતો નથી.[૮૬]

રાજા ત્યારે સેવ્ય બને જયારે તે કેટલાક ગુણો ધરાવતો હોય. તે રાજા દેવતાના અંશમાંથી ઉત્પન્ન થાય છે. રાજા જિતેન્દ્રિય, શસ્ત્રાસ્ત્ર સંચાલનમાં નિપુણ, શત્રુસંહારક, આત્મસંયમી, મેધાવી, જ્ઞાની, વિજ્ઞાની, નીચ સંસર્ગહીન, દૂરદર્શી, વૃદ્ધોપાસક, સુનીતિ સંપન્ન, ગુણવાન અને ગુણીજનોનો ઉપાસક[૮૭] ગ્રંથકાર રાજા વિનયી હોવા પર ભાર મૂકે છે. કારણ નીતિનું મૂળ વિનય છે. શાસ્ત્રનો જાણનાર વ્યક્તિ વિનયી હોય છે. વિનયનો હેતુ ઇન્દ્રિયો પર વિજય મેળવવાનો છે. તેથી શુક્ર કહે છે કે રાજા સર્વ પ્રથમ પોતે પોતાને વિનયી બનાવે ત્યારબાદ પોતાના પુત્રો, સચિવો, રાજકર્મચારીઓ અને છેલ્લે પ્રજાને અર્થાત સંપૂર્ણ પ્રશાસનતંત્રને વિનયી જોઇને પ્રજા આપો-આપ વિનયી બની જશે.[૮૮]

પ્રાચીન ભારતીય રાજનીતિશાસ્ત્રીઓ રાજા સદા વિજયીશીલ બની રહે તેવો ધ્યેય પ્રસ્તુત કરે છે. અલબ્ધની પ્રાપ્તિ માટે તેણે વિજયની ઇચ્છા રાખવી જોઇએ. આવો રાજા વિજિગીષુ કહેવાય છે. શુકે ગ્રંથના ચોથા અધ્યાયમાં તેનું વર્ણન કર્યું છે.

**(૧૨) રાજાની આવશ્યકતા અને મહત્ત્વ :-**

મહાભારતના શાંતિપર્વ, અર્થશાસ્ત્ર તથા બૌધ્ધગ્રંથ દિગ્ધનિકાય આદિમાં જે આદિમ તેમજ રાજય સ્થાપનાની પૂર્વવર્તી સ્થિતિનું વિવેચન છે, એમાં સામાજિક

---

૮૪. એજન - અનુક્રમે ૧/૩૦, ૩૧ અને ૩૫.
૮૫. એજન - ૧/૪૧.
૮૬. એજન - ૧/૭૮.
૮૭. એજન - ૧/૮૪ થી ૮૬.
૮૮. એજન - ૧/૯૨, ૯૩.

સંગઠનનો આધાર નૈસર્ગિક વિધિને બતાવેલ છે. તે એક આદિમ સમાજ હતો. જે નૈસર્ગિક વિધિથી શાસિત હતો.[૮૯] મ.ભા. શાંતિ. માં આ રાજયહિત સમાજની સ્થિતિને આદર્શરૂપમાં વર્ણિત કરાયેલ છે.[૯૦] આગળ જતાં આ સ્વર્ણિમ અવસ્થાનું પતન થયું, તેને મ.ભા. વગેરે ગ્રંથોમાં 'માત્સ્ય-ન્યાય' તથા 'અરાજક' દશામાં સંબોધિત કરાયેલ છે. શાંતિ. માં કહેવાયું છે કે જો રાજા આળસનો ત્યાગ કરી દંડનીય લોકોને દંડ કરે નહીં તો શક્તિશાળી શક્તિહિનને એ પ્રકાર ભક્ષણ કરી જાય જેમ તળાવમાં મોટી માછલીઓ નાની માછલીઓને ગળી જાય છે.[૯૧] સ્પષ્ટ છે કે 'માત્સ્ય-ન્યાયથી અભિભૂત સમાજમાં દંડનું ક્રિયાન્વયન કરી સમાજને સન્માર્ગ પર લાવવા માટે જે રાજાને ઉત્તરદાયી બનાવ્યો છે. અર્થશાસ્ત્રમાં[૯૨] પણ એમને પ્રજાના યોગક્ષેમના ઉત્તરદાયી બતાવેલ છે. એમના અભાવમાં માત્સ્ય-ન્યાય ચોક્કસ પ્રવર્તે છે, તેમનો અંત કરવા માટે લોકોએ મનુને રાજા બનાવ્યો હતો.[૯૩] મનુસ્મૃતિના સાતમાં અધ્યાયમાં પણ આ પ્રકારનાં અરાજકતાનું વર્ણન છે તેમાં બધા લોકો ભયભીત હતા. મનુના મતાનુસાર આ સ્થિતિમાંથી છૂટવા માટે જ ભગવાને રાજાનું સર્જન કર્યું.[૯૪] કારણ કે સ્વભાવથી પવિત્ર માનવને શોધવા કઠિન છે, અને ભૂલ કરવી મનુષ્યનો સ્વભાવ છે, તેથી મનુએ દંડધારી શાસકને જ આ જગતમાં સુવ્યવસ્થા કરવાવાળા કહ્યો છે.[૯૫] યાજ્ઞવલ્કય[૯૬]

૮૯. Altekar, A.S., State and Govt. in Ancient India - P.P. 12-14.
Bhandarkar D.R., Carmichael Lectures 1981, PP. 115-22
Banerji P. N. Public Administration InAncient India, P. 234.
Bhoshal U. N., History of Indian political Ideas. P. 118-20.
Prasad Beni, Theory of Govt, in Ancient Indian, P. 235.
Dikahitar V.R.R., Hindu Administrative Institutions. P.P. 17-18.

૯૦. મહા. શાંતિ - ૫૯ / ૪.

૯૧. यदि न प्रणयेद्राजा दण्डं दण्डयेष्वतन्द्रियः ।
जले मत्स्यानिवभिक्ष्यन्दुर्बलंबलत्तराः ॥ - મ.ભા. શાંતિ. ૧૩ / ૩૮.

૯૨. राजानः प्रजानां योगक्षेमवहाः । - અર્થ. - ૧ / ૧૩.

૯૩. मात्स्यन्यायाभिभूताः प्रजाः मनुं वैवस्वतं राजानं चक्रिरे । - અર્થ. - ૧ / ૧૩.

૯૪. अराजके हि लोकेऽस्मिन् सर्वतो विद्युते भयात् ।
रक्षार्थमस्य लोकस्य राजानमसृजत् प्रभुः ॥ - મનુ. ૭ / ૩.

૯૫. મનુસ્મૃતિઃ - ૭ / ૨૨.

૯૬. स्वधर्माच्चलितान् राजा विनीय स्थापयेत्पथि । - યાજ્ઞ. ૧ / ૩૬૧.

અને કામન્દક[૯૭] પણ સ્વધર્મ પાલન કરાવવા માટે રાજાની અનિવાર્યતા ઉપર ભાર મૂકે છે.

શુક્રએ પણ આ પ્રકારનો વિચાર કર્યો છે.[૯૮] શુક્ર એ મહાભારત[૯૯] ની જેમ રાજાને કાળનો કારણ બતાવેલ છે. રાજા આચારનો પ્રેરક છે. આચાર જ યુગ-વિશેષ અર્થાત્ કાલ-વિશેષનો નિર્માતા છે, કેમકે રાજા આચારનો નિર્માતા છે તેથી તે કાલ કે યુગનો નિર્માતા છે. સમય નિર્ધારણ ઐતિહાસિક કાળના વિભાજનથી જાણી શકતો નથી તે શાસકના સત્કૃત્ય નિર્માણ દ્વારા જ જાણી શકાય છે. તેથી જે સામાજિક, અભિસમય, પ્રજાઓ તથા રીતિરિવાજ વગેરેનું આચરણપૂર્વક વ્યવહાર રાજાના પ્રયાસથી જ શકય બને છે. આ પ્રકારે શુક્ર આ અવધારણાનું પ્રતિપાદન કરે છે કે વાસ્તવમાં મનુષ્ય પોતાના ભાગ્યના નિર્માતા પોતે જ છે.[૧૦૦] આચાર્ય શુક્ર માને છે કે રાજાના અભાવમાં પ્રજાનો નાશ થઇ જાય છે, જેમ નાવિકના અભાવમાં સમુદ્રમાં નાવ (હોડી) નો નાશ થઇ જાય છે.[૧૦૧]

શુક્ર રાજયને સ્વાભાવિક અને આવશ્યક સંસ્થા માને છે, તે મનુષ્યને એક સામાજિક પ્રાણી માની રાજય નામની સંસ્થામાં જ એમના અભ્યુદયની પ્રાપ્તિ માને છે. શુક્રના મતાનુસાર પ્રજાવર્ગની સમૃદ્ધિ માટે શાસક અને શાસિતની વચ્ચે સમુચિત સંબંધોનો સમન્વય આવશ્યક છે.[૧૦૨] જે પ્રકારે અરસ્તૂએ રાજયને સ્વાભાવિક તેમજ આવશ્યક સંસ્થા માનીને મનુષ્યના સર્વોચ્ચ શુભ માટે એમને અનિવાર્યની ઘોષણા કરી છે. એ પ્રકારે શુક્ર પણ રાજયની અનિવાર્યતાની આવશ્યકતા ઉપર ભાર મૂકે છે. સંભવતઃ શુક્રને એ પૂર્ણ વિશ્વાસ છે કે એક સારા શાસકના અભાવમાં સામાજિક જીવન-માત્સ્ય-ન્યાયથી વ્યાપી જશે. આ પ્રકારે શુક્ર રાજયની સહજ અનિવાર્યતાની સાથે સાથે એમનો ઉપયોગિતાવાદી દષ્ટિકોણ

---

૯૭. दण्डाभावे परिध्वंसी मात्स्यो न्यायः प्रवर्तते । - કા. ની. ૨/૪૦ થી ૪૪.

૯૮. શુક્રનીતિઃ - ૧/૨૨.

૯૯. મ.ભા. ઉદ્યોગ. - ૧૧૫/૧૫.

૧૦૦. The Sukraniti (tr) by B. K. Sarkar Ch. I, P. 5.

૧૦૧. શુક્રનીતિઃ - ૧/૬૫.

૧૦૨. The Sukraniti (tr) by B. K. Sarkar Ch. I, P. II.

ઉપર વિચાર કરતાં દષ્ટિગોચર થાય છે. કામન્દકની જેમ રાજહીન સમાજનો અભ્યુદય અસંભવ માનતા શુક્રએ રાજાને જગતની વૃદ્ધિના કારણ કહ્યા છે.[૧૦૩] રાજનીતિક સમાજના અભ્યુદયમાં રાજાની ભૂમિકાને અત્યંત મહત્ત્વપૂર્ણ માનતા આચાર્ય શુક્ર એમને માનવ સમાજની ભૌતિક તેમજ આધ્યાત્મિક ઉપલબ્ધિઓના ઉત્પ્રેરક માને છે. જો રાજા સામાજિક જીવનમાં પ્રજાનો પથ-પ્રદર્શન યોગ્ય રીતે ન કરે તો ધર્મ, કલા, વિજ્ઞાન વગેરેનો વિકાસ રોકાઇ જાય છે. આ પ્રકારે રાજા જ સમાજને ગતિશીલતા પ્રદાન કરવામાં તથા એમના વિકાસ તેમજ ઉપલબ્ધિઓનું મુખ્ય કારણ છે. સમાજનું માર્ગદર્શન કરવાવાળા રાજાની શુક્ર એ સૂર્ય સાથે તુલના કરી છે, - જેમ સૂર્યના ઉદયથી અંધકારનો નાશ થાય છે અને સર્વત્ર પ્રકાશનું સામ્રાજય છવાઇ જાય છે.[૧૦૪] એ પ્રકારે રાજાના પ્રતાપ તેમજ ઐશ્વર્યથી કર્તવ્યચ્યુત તેમજ કર્મવિમુખ દુષ્ટોનો નાશ થઇ જાય છે અને સર્વત્ર ધર્મનિષ્ઠ સમાજનો વિકાસ થાય છે. તેજ રાજાની વાસ્તવિક કાળ-કારણતા છે. આજ અર્થમાં શુક્ર એ રાજાને પૃથ્વીની શોભા કહેલ છે.[૧૦૫]

બીજા હિન્દુ વિચારકો વૈદિક[૧૦૬] મ.ભા. કૌટિલ્ય મનુ, યાજ્ઞવલ્કય, કામન્દક તથા સોમદેવસૂરિ વગેરેની જેમ શુક્રની પણ સ્પષ્ટ ધારણા છે કે રાજાનું મહત્ત્વ એમના કાર્યોમાં છે. સ્વધર્મમાં સ્થિર થઇ પ્રજામાં શાંતિ તેમજ સુવ્યવસ્થા કરતાં જે રાજા શાસન સંચાલન કરે છે. વસ્તુતઃ તે દૈવીગુણોથી અભિભૂત શાસક કહેવાનો અધિકારી છે. આંતરિક તેમજ બાહ્ય સુરક્ષા કરતો તે શાસનતંત્રના માળખાની ઇંટ છે. રાજાની આવશ્યકતા તેમજ ઉપયોગિતાને શુક્રએ અત્યંત રોચક ઢંગથી આ પ્રકારે કહી છે કે - 'જેમ ઇન્દ્રની પત્ની કયારેય પણ વિધવા બનતી નથી, એ પ્રકારે ધર્મવિમુખ પ્રજા પણ જો શાસનમુક્ત રહેવા માગે છે તે પણ રાજાના અભાવમાં એક ક્ષણ પણ જીવિત રહી શકતી નથી. શુક્રએ રાજાની

૧૦૩. राजाऽस्य जगतो हेतुर्वृद्वयै वृद्धाभिसंमत ।
नयनानन्दकः शशाकं हव तायधेः ॥ - શુ. ની. ૧/૬૪, કા. ની. ૯/૧, ૧૦/૧.

૧૦૪. શુ. ની. - ૧/૭૨.

૧૦૫. એજન - ૧/૬૬.

૧૦૬. અથર્વવેદ - ૬/૧૨૮.

ઉપમા ઇન્દ્ર સાથે કરી છે.[૧૦૭] ઇન્દ્રનું પદ કયારેય પણ ખાલી હોતું નથી કારણ કે એમનો સંબંધ પદ સાથે છે. વ્યક્તિ વિશેષ સાથે નથી. આ સામ્યથી એ સ્પષ્ટ થાય છે કે શુક્રએ રાજત્વપદની વિશેષ મહત્તા દર્શાવી છે. રાજા તો કોઇપણ થઇ શકે છે, પરંતુ ગુણ તેમજ સદ્કર્મ સાપેક્ષ રાજત્વ રાજાની વિશેષતા છે. આ પ્રકારે રાજાની અપરિહાર્યતાને પ્રત્યેક સ્થિતિમાં આવશ્યક બતાવેલ છે.

૧૦૭. શુ.ની.
प्रजाधिकारहीनः स्यात् सगुणोपि नृपः क्वचित् ।
न तु नृपविहीनाः स्युर्दुर्गणा ह्पि तु प्रजाः ।
यथा न विधवेन्द्राणी सर्वदा तु तथा प्रजाः ॥

## (૧૩) રાજાના કાર્યો અને જવાબદારી :-

### ❖ પ્રસ્તાવના :-

રાજસત્તાની ઉત્પત્તિ વિવિધ સિદ્ધાંત તેમજ એમની કાર્યપ્રણાલીના વિવેચનમાં પ્રાચીન ભારતીય વિદ્વાનોએ પ્રજા સંરક્ષણ તેમજ લોકહિતને એમનો મુખ્ય આધાર બનાવ્યો છે. પ્રાચીન ગ્રંથોમાં પ્રાપ્ત શાસન વ્યવસ્થા સંબંધી સામગ્રીના આધાર ઉપર ચોક્કસ રીતે કહી શકાય કે તત્કાલીન શાસનતંત્રનું સ્વરૂપ અધિકાધિક જનોપયોગી તથા કલ્યાણકારી હતું. રાજા અથવા રાજયની ઉત્પત્તિ ભલે દૈવી હોય અથવા માનવીય ભલે વર્ગ- હિતપોષક હોય અથવા જનતાંત્રિક, સર્વત્ર પ્રભુ-સત્તાને વિધિના સંરક્ષક (Upholder of the Law) બનાવેલ છે. રાજા પોતાની સીમામાં પોતાની કાર્ય-પ્રણાલી સંપાદિત કરે છે.

પ્રાચીન ભારતીય વિચારકોએ રાજપદને દૈવી સંસ્થા માનીને પણ રાજાના કર્તવ્યોને એક વિશિષ્ટતા પ્રદાન કરવાનો પ્રયત્ન કર્યો છે. તેમણે સમાજહિતના દષ્ટિકોણથી ચતુર્મુખી સામાજિક ઉન્નતિ તેમજ વ્યકિતના સર્વાંગીણ વિકાસ ઉપર ભાર દીધો. મહાભારત, પારાશરસ્મૃતિ, મનુસ્મૃતિ અને યાજ્ઞવલ્કય આદિની વિચારધારા એ વાતનું સમર્થન કરે છે. પ્રાચીન યૂનાનમાં પણ પ્લેટો તથા અરસ્તૂએ રાજયને વ્યકિત વિશેષ નહીં પરંતુ સર્વસામાન્યના હિતમાં કાર્ય કરવાવાળી નૈતિક સંસ્થા માની. મધ્ય યુગને છોડી ૧૮ મી તથા ૧૯ મી શતાબ્દીમાં કાન્ટ, ગ્રીન, જૈફરસન તથા બેથમ વગેરેના વિચારોમાં ફરી આ ધારણાનો અભ્યુદય થયો, જેમાં રાજય પોતાના બધા સભ્યોના કલ્યાણમાં કાર્ય કરતું હતું.

રાજા દ્વારા પોતાના ઉદેશ્યોની પૂર્તિમાં કરવામાં આવનાર કાર્યોને મુખ્ય બે ભાગોમાં વિભાજિત કરી શકાય છે.

(૧) અનિવાર્ય કાર્ય અને

(૨) ઐચ્છિક કાર્ય

અનિવાર્ય કાર્યમાં બાહ્ય આક્રમણથી સુરક્ષા તથા આંતરિક વ્યવસ્થા બનાવવાની સાથે સાથે ન્યાય તેમજ દંડ રાજયના કાર્યક્ષેત્રમાં હતું. શકિત સંપન્ન હોવાને કારણે રાજય પાસે આ કાર્યોના સંપાદનની અત્યંત અપેક્ષા હતી. રાજયના ઐચ્છિક કાર્યોમાં સામાજિક અને આર્થિક કલ્યાણ માટે કરવામાં આવતા કાર્યો આવે છે. તે અંતર્ગત સાર્વજનિક શિક્ષણ, સ્વાસ્થ્ય, શોષણ તેમજ આર્થિક

વિષમતાનો નાશ કરવાની સાથે સાથે ઉત્પાદનમાં વૃદ્ધિ વગેરે પણ આવી જાય છે. રાજયના ઐચ્છિક કાર્ય એમના અસ્તિત્વ માટે આવશ્યક નથી એમને સંપાદિત કરવાનું કાર્ય રાજયની જનહિત પોષક ધારણાનું પરિચાયક હતું.

પ્રાચીન કાળથી લઇ મૌર્યકાળ સુધી ભારતમાં રાજયના કાર્યોનો ક્રમશઃ વિકાસ થયો છે. પ્રાચીન વૈદિક કાળના રાજયો માત્ર જરૂરી કાર્યોથી જ મતલબ રાખતા હતા. તે બહારના શત્રુનો સામનો કરવાની સાથે આંતરિક વ્યવસ્થા જાળવી રાખતા હતા. એમની સાથે જ રાજય સામાજિક પરંપરાની પણ રક્ષા કરતા હતા. દેવલોકના રાજા વરુણની જેમ ઇહલોકના રાજા ધર્મપતિ હતા. તે ધર્મ અને નીતિના રક્ષક હતા. પ્રજાને ધર્મપક્ષ ઉપર ચલાવવામાં પ્રયત્નશીલ હતા. પરંતુ તે ન્યાયદાન કરતાં નહીં. દીવાની અને ફોજદારી મામલાનો નિર્ણય પંચાયતો જ કરતી હતી. સંભવતઃ કયારેક કયારેક એમના અધ્યક્ષ કોઇ રાજયાધિકારી હતા. [૧]

રાજાની ઉત્પત્તિ, આવશ્યકતા તેમજ મહત્ત્વ ઉપર વિચાર કરવાથી એ સ્પષ્ટ થાય છે કે પ્રાચીનકાળમાં રાજાની શકિત તેમજ અધિકાર કાર્ય અને દાયિત્વ સાપેક્ષ હતા. અરાજકતા અથવા માત્સ્ય–ન્યાયથી સંરક્ષણને રાજકીય કાર્યમાં સ્વાભાવિક જ અભિવૃદ્ધિ કરી, બાહ્ય આક્રમણ તેમજ આંતરિક સંઘર્ષથી પ્રજા રક્ષણની સાથે સાથે એમના ભરણ– પોષણની જવાબદારી પણ રાજા ઉપર આવી.

પ્રાચીન ભારતમાં રાજા કાર્યપાલિકી તેમજ ન્યાયપાલિકા બન્નેના પ્રધાન હતા, પરંતુ એમને ન્યાયિક શકિત પ્રાપ્ત ન હતી, રાજા વિધિના વિધાયક ન હોવા છતાં એમનો માત્ર પ્રશાસક હતો. વિધિ– વ્યવસ્થાનું મૂળ સમાજ હતો અને રાજાને 'સમાજ દ્વારા નિર્મિત વિધિ– પાલનમાં જ' સમાજના સંરક્ષક માનવામાં આવ્યા. [૨]

પ્રાચીન ભારતમાં રાજાના બે કાર્ય હતા, વ્યકિતગત અને સાર્વજનિક. રાજા સંયમી, ન્યાયી, ચરિત્રવાન તેમજ ધાર્મિક હોવાથી પ્રજા પણ ધર્મશીલ તેમજ વિનયરત રહેતી હતી. ધર્મસાપેક્ષ સ્વસ્થ આચરણનો નિર્વાહ કરવો રાજાનું કર્તવ્ય હતું .એમાંજ રાજાની આત્મરક્ષા હતી. રાજાના સાર્વજનિક કાર્યોમાં સંપૂર્ણ પ્રશાસનનું વિસ્તૃત ક્ષેત્ર સમાયેલું હતું. તેમાં વિધાયિકા, કાર્યપાલિકા તેમજ ન્યાયપાલિકા

---

१. अत्तेकर अनन्त सदाशिव, प्राचीन भारत शासन पद्धति - पृ. ४३.

२. त्रिपाठी हरिहर नाथ, 'प्राचीन भारत में राज्य और न्यायपालिका' - पृ. १२०-१२१.

ત્રણેયનો સમાવેશ થાય છે. વિભિન્ન પ્રાચીન ગ્રંથોમાં દર્શાવેલ રાજાના કાર્યોનું અધ્યયન કરી પી.વી. કાણે એ તારણ કાઢયું છે કે રાજાના મુખ્ય કાર્યો હતાં -

(૧) પ્રજાનું રક્ષણ કે પાલન (૨) વર્ણાશ્રમ ધર્મ નિયમનું પાલન

(૩) દુષ્ટ દમન અને (૪) ન્યાય[3]

રાજા સમાજમાં વર્ણાશ્રમ ધર્મનું પાલન કરાવવાની સાથે સાથે સમાજવિરોધી તત્ત્વોને દંડ કરી સામાય નાગરિકોને સંરક્ષણ આપતા હતા, આ કાર્ય દ્વારા તે ન્યાયની સ્થાપના કરતાં હતા. અનૈતિક વ્યવહારનો નાશ કરી રાજા પ્રજાને જીવનમાં વિકાસ કરવાનો સુઅવસર આપે છે.

**(૧) પ્રજારક્ષણ :-**

પ્રાચીન ભારતીય વિચારકો રાજયના પ્રજારક્ષણ સિદ્ધાંત ઉપર એકમત છે, તે રાજાનું મહત્ત્વનું કર્તવ્ય છે, એ બાબતમાં સર્વથા એકમત છે. રાજા દ્વારા આંતરિક સંઘર્ષ તેમજ બાહ્ય આક્રમણ બન્નેથી પ્રજાનું રક્ષણ કરવામાં આવતું હતું. વૈદિક સમયમાં રાજાનું મુખ્ય કાર્ય પ્રજાના આંતરિક તેમજ બાહ્ય સંઘર્ષથી રક્ષણ કરવાનું હતું.[4] મહાભારત, મનુસ્મૃતિ, નારદસ્મૃતિ, યાજ્ઞવલ્કયસ્મૃતિ, અર્થશાસ્ત્ર, શુક્રનીતિ વગેરે રાજય દ્વારા પ્રજારક્ષણ ઉપર ભાર મૂકે છે.[5] મહાભારત[6] મનુસ્મૃતિ[7] તથા રઘુવંશ[8] માં પ્રજારક્ષણને રાજાનો સર્વશ્રેષ્ઠ ધર્મ માનેલ છે. પ્રાચીન ભારતીય વિચારકોએ પ્રજાના અધિકારોને પણ રાજાના કર્તવ્યોમાં જ સ્થાપિત કરેલ છે. રાજાનું મુખ્ય કર્તવ્ય પ્રજા પાલન હતુ એ રીતે તે પિતા તુલ્ય માનવામાં આવતા હતાં. દીક્ષિતારના મતાનુસાર 'प्रजानां योगक्षेमः' રાજાનું એકમાત્ર કર્તવ્ય છે.[9]

---

૩. काणे पी. वी. - धर्मशास्त्र का इतिहास, दूसरा भाग - पृ. ६०१.

૪. अल्तेकर अनन्त सदाशिव - प्राचीन भारतीय शासन पद्धति - पृ. ४३.

૫. महाभारत, शांतिपर्व ६८/१-४; मनुस्मृति - ६/३०६, अर्थशास्त्र - १-४-१६, नारदस्मृति प्रकीर्णक - ३३; याज्ञवल्कयस्मृति - १/१३५; अत्रि श्लोक - २८
Bandyopadhyay N. C., The Development of Indian Plity, Part - I pp - 320-340.

૬. મહાભારત શાંતિ. - ૬૮/૧-૪.

૭. મનુસ્મૃતિ - ૭/૧૧૪.

૮. રઘુવંશમ્ - ૧૪/૬૭; શાંતિપર્વ અધ્યા. - ૧૩૩.

૯. Dikshitar V.R.R., Hindu Administratire Institution - P. 103.

મનુસ્મૃતિના સાતમાં અધ્યાયમાં રાજયના કાર્યક્ષેત્રનું વર્ણન કરતાં મનુએ કહ્યું છે કે રાજાએ પ્રજા દ્વારા વર્ણધર્મ પાલન કરાવવું જોઇએ. એમને સમાજ દ્વારા સ્વીકૃત વિધિ તેમજ સદાચારના પાલનમાં પ્રજાને તત્પર કરવા જોઇએ. રાજા એમ ત્યારે કરી શકે છે જયારે સંપૂર્ણ રાજય તેમજ પ્રજાને બાહ્ય તથા આંતરિક અવ્યવસ્થાથી સુરક્ષિત રાખે. નિર્ભયતાપૂર્વક યુદ્ધ કરવું, પ્રજાપાલન કરવું તથા બ્રાહ્મણોની સેવા કરવી રાજાનું કર્તવ્ય છે.[૧૦] અર્થશાસ્ત્રની જેમ મનુસ્મૃતિ પણ રાજાને અલબ્ધને ઉપલબ્ધ કરવું, ઉપલબ્ધ વસ્તુનું રક્ષણ તેમજ એમની વૃદ્ધિ કરવી તથા સંવર્ધિત વસ્તુને સત્પાત્રોમાં વહેચવાનું કાર્ય સોંપે છે.[૧૧] મનુસ્મૃતિ અનુસાર રાજા દ્વારા કર ગ્રહણનો આધાર રાજય દ્વારા અપાયેલ સુરક્ષા ઉપર નિર્ભર કરે છે. અસુરક્ષિત પ્રજા દ્વારા વારંવાર કરગ્રહણ કર-કોશવૃદ્ધિનું લક્ષ્ય અપનાવી પ્રજાનો વિદ્રોહ કરવાનો અવસર આપવો, મનુ એવા રાજાને કયારેય પણ પ્રજાપાલક માનતા નથી. તેમના મતાનુસાર જે પ્રકારના શાસક નરકગામી બને છે.[૧૨] મનુ કરગ્રહણને રાજત્ત્વ સાપેક્ષ બતાવી સુરક્ષામાં જ કર સિદ્ધાંતનું પ્રતિપાદન કરે છે.[૧૩]

ગૌતમના મતાનુસાર બધા પ્રાણીઓની રક્ષા કરવી. ન્યાય ઉચિત દંડ દેવો, શાસ્ત્ર-વિહિત નિયમો અનુસાર વર્ણાશ્રમની રક્ષા કરવી અને પથભ્રષ્ટ લોકોને સન્માર્ગ પર લાવવાનું રાજાનું વિશિષ્ટ ઉત્તરદાયિત્ત્વ છે.[૧૪] વશિષ્ઠના મતાનુસાર પ્રજા રક્ષણ રાજાને માટે આજીવન ચાલવાવાળુ એક સત્ર છે, જેમાં ભય તથા મૃદુતાનો ત્યાગ આવશ્યક છે.[૧૫] મહાભારત અનુસાર જેમ દરમાં છૂપાયેલ ઉંદરને સર્પ ગળી જાય છે, તેવી રીતે આ પૃથ્વી રાજા અને બ્રાહ્મણને ગળી જાય છે. જે ક્રમશઃ બાહ્ય આક્રમણો સાથે ઝઝૂમતા નથી અને જ્ઞાનાર્જન માટે દૂરના સ્થળો સુધી ભ્રમણ કરતા નથી.[૧૬] અર્થશાસ્ત્રમાં અગ્નિ, વરસાદ, વ્યાધિ, વ્યભિચારી, લુટારા, હત્યારા વગેરેથી પ્રજાનું રક્ષણ કરવાનું કાર્ય રાજાને જ સોંપવામાં

૧૦. મનુસ્મૃતિ - ૭/૮૮, ૭/૮૯, ૭/૮૭, ૧૦/૧૧૯.
૧૧. એજન - ૭/૯૯.
૧૨. એજન - ૧/૨૫૪.
૧૩. એજન - ૭/૧૧૦.
૧૪. ગૌતમ - ૧૦૧૭-૮; ૧૧/૯-૧૦.
૧૫. વશિષ્ઠ - ૧૯/૧-૨.
૧૬. મહાભારતમ્ શાંતિ. - ૨૩/૧૫.

આવ્યુ છે. રાજાએ અસહાય, વૃદ્ધો, લંગડા, લૂલા, અનાથ, વિધવાઓ, રોગીઓ, ગર્ભવતી સ્ત્રીઓ વગેરેની દવા, અન્ન, વસ્ત્ર વગેરે આપી મદદ કરવી જોઇએ.[૧૭] દુષ્કાળના સમયમાં રાજાએ પોતાના કોશમાંથી પ્રજાને ભોજન વગેરેની વ્યવસ્થા કરી પ્રજાપાલન કરવું જોઇએ.[૧૮] અશોક, રુદ્રદામન તથા ખારવેલે પ્રજાહિતના એવા કાર્યો પણ કર્યા હતા, સમ્રાટ અશોકે મનુષ્યો તથા પશુઓને છાયો આપવાના ઉદ્દેશ્યથી વૃક્ષો રોપાવ્યા હતા, આમ્રવૃક્ષોના બગીચા બનાવ્યા, કૂવાઓ ખોદાવ્યા. એમણે પ્રજાના નૈતિક વિકાસ માટે ધર્મ મહાત્માત્યોની નિયુક્તિ કરી. જેમનું કાર્ય ધર્મ પ્રચારની સાથે સાથે સાર્વજનિક હિતનું પણ ધ્યાન રાખવાનું હતું.[૧૯]

પ્રજારક્ષણનો અર્થ માત્ર કાનૂન તેમજ વ્યવસ્થા (Law and order) ની સ્થાપના સુધી જ મર્યાદિત નથી. જનતાની ભૌતિક તેમજ આર્થિક ઉન્નતિ માટે જન-જીવન તથા સંપત્તિની સુરક્ષા પણ રાજયના કાર્યક્ષેત્રનો મહત્ત્વપૂર્ણ અંશ હતો. વૈદિક સમયથી લઇ નીતિગ્રંથોના સમય સુધી સર્વત્ર આ કાર્ય રાજયને માટે અનિવાર્ય બની ગયેલ છે. પ્રજાની આર્થિક સમૃદ્ધિ માટે સિંચાઇ વ્યવસ્થા, બીયારણ, ખાતર, ઓછા વ્યાજે ઋણ, દુષ્કાળ તથા ભૂખમરાના સમયે શુષ્ક વગેરેને માફ કરી દેવાનું પણ રાજાનું કાર્ય હતું. મહાભારત, અર્થશાસ્ત્ર વગેરે પરસ્પર ગ્રંથોમાં આપણા મનીષિઓએ શ્રેષ્ઠ આદર્શ બતાવ્યા છે. મહાભારત અનુસાર પ્રજાની સમૃદ્ધતા તથા સુખ શાંતિ રાજાનું એકમાત્ર લક્ષ્ય છે. રાજા પ્રત્યેક કાર્ય દ્વારા પ્રજારક્ષણ તેમજ લોકહિતનું ધ્યાન રાખે. શ્રેષ્ઠ રાજા તે છે, જેમના રાજયમાં પ્રજા એવી રીતે નિર્ભય ફરે છે, જેમ પુત્ર પોતાના પિતાના ઘરમાં રહે છે.[૨૦] તેવા રાજા પોતાના રાજયમાંથી ચોર, ડાકૂ, અધર્મી તથા ક્રોધી વગેરેને દંડિત કરી (નાશ કરી) સનાતન ધર્મનું અનુસરણ કરે છે. રાજનીતિને વ્યવસાય ન માની શાસકોને

---

૧૭. Sinha B. P., 'Readings in Kautilya's Arthashastra', P. - 9-10.
Agam Prakashan - Delhi-1976
મહભારતમ્ શાંતિ. - ૮૬-૨૪; મત્સ્ય. - ૨૧૫/૬૨, અગ્નિ. - ૨૨૫/૨૫.

૧૮. Beni prasad, Theory of Govt. in Ancient India - P. - 40.

૧૯. Basak Ashokan Inscriptons - pp. - 5-9.
R. C. Majumdar, The classical Age (ed.) - pp - 346-7.

૨૦. पुत्रा एव पितुर्गेहे विषये यस्य मानवाः ।
निर्भया विचरिस्यन्ति स राजा राजसत्तमः ॥
- महा. शान्ति. - ५७/३३; ६४/२९; ८५/१४; १३९/६७; १३९/१०२; सभा. - ५/५७,
उद्योग. - ३४/२६ आदि ।

શાસન વ્યવસ્થાનું મોટુ ઉત્તરદાયિત્વ સોંપવાવાળા મહાભારત રાજાનું સર્વશ્રેષ્ઠ તપ અને યજ્ઞ પ્રજાની હરહમેંશ સુરક્ષા ચાહે છે. તેમણે ગર્ભવતી સ્ત્રીની જેમ મનચાહા ન રહેતા પ્રજાહિતમાં પ્રવૃત રહેવું જોઇએ.[૨૧] માર્કંડેય પુરાણમાં રાજામરુતની માતા મહીએ પોતાના પુત્રને સમજાવ્યો કે રાજાનું શરીર ભોગ-વિલાસ માટે બન્યુ નથી. મત્સ્યપુરાણ તેમજ અગ્નિપુરાણમાં પણ એવો વિચાર છે. રાજાને રાજકીય કર્તવ્યોના પાલન તથા રાષ્ટ્રરક્ષામાં પ્રવૃત રહેવા માટે બનાવ્યા છે.[૨૨] એ જ પ્રકારે અર્થશાસ્ત્રમાં પણ કૌટિલ્ય રાજા સમક્ષ અત્યંત ઊંચા આદર્શ પ્રસ્તુત કરતાં કહે છે કે પ્રજા-સુખ તેમજ રાજા-સુખ એક જ છે. અર્થાત્ પ્રજાનું સુખ જ રાજાનું સુખ છે. રાજાનું પોતાનું કોઇ સુખ (હિત) હોતુ નથી.[૨૩] આધુનિક સમયની જેમ પ્રાચીન સમયમાં પ્રજાનું ધન હરનાર શાસકોનો સર્વથા અભાવ હતો. માત્ર સત્તા પ્રાપ્ત કરી હિતાર્જનનું સંવર્ધન પ્રાચીન સમયમાં હમેંશા છોડી દેવાયેલ છે જે વર્તમાન રાજનૈતિક સંકટનું મૂળ છે. 'राज्यं पण्यं न कारयेत्' । (મહર્ષિ વ્યાસ) અર્થાત્ રાજશાસન સોદાબાજીનું માધ્યમ ન બનાવાય એવા હતા. પ્રાચીન જનસેવક નિર્લિપ્તભાવ પ્રેરિત શાસકગણ, જેનું જનતા આદર તેમજ સન્માન કરતી અને બદલામાં સુરક્ષા તેમજ સમૃદ્ધિ પ્રાપ્ત કરતી હતી.

શુક્રનીતિમાં પૂર્વવર્તી વિચારકોની જેમ રાજાના કાર્યો તેમજ જવાબદારી ઉપર સવિસ્તાર વર્ણન છે. તેમાં આભ્યાંતર સુરક્ષાથી લઇ વિવિધ પ્રકારની આર્થિક તથા સામાજિક જવાબદારીઓ રાજાને સોંપવામાં આવી છે. શુક્ર રાજાઓના આઠ કાર્યોનો નિર્દેશ કરે છે. જેમકે -

(૧) દુષ્ટોનો નિગ્રહ કરવો

---

૨૧. यथाहि गंर्भिणी हित्वा स्वं प्रियं मनसोऽनुगम् ।
गर्भस्य हितमाद्यत्ते तथा राज्ञाप्यसंशयम् ॥
- महा. शान्ति. - ५६/४५ तथा ६९/७२-७३; १०७/२८.
(आभ्यन्तर भयं रक्ष्यमभारं वाह्यतो भयम्) - १०७/२९ (आभ्यान्तरं भयं राजन् सद्यो मूलानि कृन्तति),
सभापर्व - ५/७७, ५/११६ वगेरे ।

૨૨. राज्ञां शरीरं ग्रहणं न भोगाय महीपते ।
क्लेशाय महते पृथ्वीस्वधर्मपरिपालने ॥
- महा. शान्ति. - ६८/२४ तथा मत्स्य. - २१५/६२, अग्नि. २२५/२५.

૨૩. प्रजा सुखे सुखं राज्ञः प्रजानां च हिते हितम् ।
नात्यप्रियं हितं राज्ञः प्रजानां तु प्रियं हितम् ॥ - अर्थ. - १/१९/३९.

(૨) દાન દેવું

(૩) પ્રજાનું પાલન

(૪) રાજસૂયાદિ યજ્ઞ કરવા

(૫) ન્યાયપૂર્વક કોશની વૃદ્ધિ કરવો

(૬) કર વસૂલ કરવા

(૭) શત્રુઓનું માનમર્દન કરવુ અને

(૮) રાજયનો વિસ્તાર કરવો[૨૪]

ગ્રંથમાં અન્યત્ર શુક્ર રાજાના બે જ કાર્યોનો નિર્દેશ કરે છે.[૨૫] શુક્રના મતાનુસાર જે રાજાઓએ સેના વધારી નથી, અનેક રાજાઓને કરદાતા બનાવ્યા નથી, પ્રજાનું વ્યવસ્થિત પાલન કર્યું નથી તે ભારતની સમાનતલની જેમ તુચ્છ છે.[૨૬] સ્પષ્ટ રીતે કહી શકાય કે શુક્ર એ રાજયની ભૌતિક તેમજ આર્થિક સમૃદ્ધિને માટે એક સશકત સેનાનું સંગઠન તથા એમના સંચાલન માટે સંપન્ન કોશનો સંગ્રહ કરવાનો આગ્રહ કર્યો છે. કોશ તેમજ તેમના અભાવમાં રાજત્ત્વની અર્થહિનતાનો નિર્દેશ કરતાં શુક્ર કહે છે કે એમના દ્વારા જ રાજા બીજા સામંતોને કરમુક્ત–કરદીકૃત કરી શકે છે. એનાથી કોશમાં વૃદ્ધિ થાય છે. શુક્ર દ્વારા નિર્ધારિત રાજના કર્તવ્યોના આધારે કહી શકાય કે તત્કાલિન રાજનીતિક અવસ્થામાં જનજીવનના સંશાધનોની અભિવૃદ્ધિ અને ખેતી વગેરે આર્થિક ઉત્પાદન વધારવા માટે વધુ ભૂભાગની જરૂરિયાત અનુભવાવા લાગી હતી. એટલા માટે શુક્રએ રાજ્ય–વિસ્તારને રાજાના મુખ્ય કાર્યોમાં ગણાવેલ છે તે શુક્રનો સામ્રાજયવાદી દષ્ટિકોણ પણ છે.[૨૭] શુક્ર દ્વારા દર્શાવેલ પ્રજારક્ષણ તેમજ દુષ્ટદમનના આધાર પર ઘોષાલ પોતાનો મત વ્યક્ત કરતાં કહે છે કે રાજાએ પ્રજારક્ષણ તેમજ શત્રુના વિનાશમાં કામ અને ક્રોધ જેવી વાસનાઓના પ્રયોગમાં સાવધાની રાખવી જોઇએ. તપસ્યા વગર બ્રાહ્મણ અને દાન ન દેવાવાળા

૨૪. दुष्टनिग्रहणं दानं प्रजायाः परिपालनम् ।
यजनं राजसूयादे कोशानां न्यायतोऽर्जनम् ॥
करदीकरणं राज्ञां रिपूणां परिमर्दनम् ।
भूमेरुपार्जनं भूयो राजवृतं तु चाष्टधा ॥ - शुक्रनीतिः - १/१२३-२४.

૨૫. शुक्रनीतिः - १/१४.

૨૬. न वर्धितं बलं येस्तु न भूपाः करदीकृताः ।
न प्रजाः पालिताः सम्यक्ते वै षढलिता नृपाः ॥ - शुक्र. - १/१२६.

૨૭. Sarkar B. K. Sukraniti (tr.) - P . 18.

ધનિકની જેમ પ્રજારક્ષણના નિષ્ફળ રાજાને દેવતા અપદસ્થ કરી એમનો નાશ કરે છે. શુક્રના વિચારમાં રાજપદ તપસ્યાનું ફળ છે. કારણ કે સેવાકાર્ય અથવા દાસત્ત્વ રાજાને ખરાબ કર્મોના દંડ સ્વરૂપ ઉત્પન્ન થાય છે.[૨૮] આ પ્રકારે હિન્દુધર્મના પ્રમુખ આધારો પ્રાકતનકર્મની સેવા કરવાની મજબૂરીમાં નાખી દે છે. એમને પ્રાકતન કર્મનું ફળ દંડ સ્વરૂપ ભોગવવું જ પડે છે. તેથી જનસેવા અનિવાર્ય છે એમ કરતાં રાજા કયારેય પણ ક્રૂર બને નહીં. શુક્ર રાજાને મૃદુતાથી નિર્ધન અને અસહાયોના પાલનની સલાહ આપે છે.[૨૯] એમના મતાનુસાર રાજા સ્વસુખનો ત્યાગ કરી હમેંશા દીન-નિઃસહાય જનતાનું પાલન કરે તે રાજાને રાજકીય ભોગ-વિલાસથી વંચિત કરી કહે છે કે રાજા પોતાના સુખને માટે દીન-દુઃખીઓને કયારેય પણ દુઃખી કરે નહીં અન્યથા એમનો સર્વનાશ થઇ જશે.[૩૦] શુક્ર દ્વારા સમાજના નિર્ધન વર્ગના રક્ષણની જવાબદારી રાજાને સોંપવી એમના લોકહિતકારી વિચારોનું પરિચાયક છે.

**(૨) વિધિ-નિર્માણ સંબંધી કાર્ય :-**

પ્રાચીન ભારતીય વિચારધારામાં રાજયની વિધાયી શકિતઓના સંદર્ભમાં એકમત નથી. તે સમયમાં આજની જેમ વિધાયી સદનોનું અસ્તિત્વ ન હતું. વૈદિક સમયમાં સમાજની રાજાની શકિત અનેક સામાજિક સંસ્થાઓમાં હતી. તે સંસ્થાઓમાં સભા, સમિતિ, પરિષદ વગેરેનો સમાવેશ થાય છે. તેમના દ્વારા સામાજિક વ્યવસ્થા સંચાલિત હતી. નૈસર્ગિક સ્થિતિ દ્વારા સમાજનું પતન અને સંપતિ વગેરે સંસ્થાઓના વિકાસ હોવા ઉપર જુદા-જુદા સમાજોમાં સંઘર્ષ અનિવાર્ય થઇ ગયો. પરિણામ સ્વરૂપ રાજશક્તિમાં સ્વાભાવિક વૃદ્ધિ થવા લાગી, ઋતુ પર આધારિત વૈદિક સમાજ તેમજ રાષ્ટ્ર બન્નેના સંરક્ષક રાજા બન્યો.[૩૧] વૈદિક સાહિત્યમાં રાજાને વરુણની જેમ સમાન ધર્મનો સંરક્ષક કહેલ છે.[૩૨]

---

૨૮. Ghosall U. N. - A History of Indian Political Ideas - P. - 502.
स्वामित्वं चैव दातृत्वं धानिकत्वं तपः फलम् । - शुक्रनीति. - १.१२१.

૨૯. आनृशंस्यं परो धर्म सर्वप्राणभूतां यतः ।
तस्माद्राजाऽऽनुशंस्येन पालयेत्कृपणं जनम् ॥ - એજન - ૧/૧૫૯.

૩૦. न हि स्वसुखन्विच्छन्पीऽयेत्कृपणं जनम् ।
कृपणः पीड्यमानः स्वमृत्युना हंति पार्थिवम् ॥ - એજન - ૧/૧૬૦.

૩૧. ઋગ્વેદઃ - ૭/૬૬/૧૩, ૭/૬૪/૨, ૧૦/૧૭૩/૨.

૩૨. એજન - ૭/૮૫/૨, ૭/૬૬/૧૩.

બ્રાહ્મણ સમય તથા એમના ઉત્તવર્તી સમયમાં રાજસંસ્થાની શક્તિનો વિકાસ થાય છે. રાષ્ટ્રની અલગ-અલગ શક્તિઓ રાજામાં સીમિત થવા લાગી. તે સમય રાજસત્તા ઉપર ધર્મતર કોઇ નિયંત્રણ હતુ નહીં. રાજા કરગ્રહણ કરવાની સાથે સેના, ન્યાયપાલિકા તેમજ કાર્યપાલિકાના પ્રધાનની શક્તિથી બધા કર્મચારીઓની નિયુક્તિ કરવા લાગે છે. પરંતુ એટલું હોવા છતાં પણ રાજા વિધિ-નિર્માણનો અધિકારી નથી. તે માત્ર ચોક્કસ સીમામાં અધ્યાદેશ બહાર પાડી શકે છે.[૩૩]

વૈદિક સમયથી લઇ સ્મૃતિઓના સમય સુધી જયાં રાજાનું સમગ્ર દૈવી સ્વરૂપ વર્ણવેલ છે. તેમાં કયાંય પણ રાજાને વિધાયિકા શક્તિ મળેલ નથી. મનુસ્મૃતિ અને ધર્મશાસ્ત્ર અનુસાર કાનૂનોના સ્ત્રોત ધર્મશાસ્ત્ર છે. પરિણામ સ્વરૂપ વિધિ-નિર્માણ રાજાનો વિષય ન હોઇ શકે. તે તો માત્ર ધર્મમાં બતાવેલ વિધિઓનો પ્રશાસક હતો. મનુના મતે દૈવી અંશોમાંથી ઉત્પન્ન થયો છે, તેથી તે જેની સાથે જેવો વ્યવહાર કરવાની આજ્ઞા આપે તેમનુ ઉલ્લઘન કરવું જોઇએ નહીં.[૩૪] મનુના આ કથનની વ્યાખ્યામાં મેધાતિથિએ કહ્યું છે કે આજ અમુક ઉત્સવ મનાવવા જોઇએ, અમુક મંત્રીઓને ત્યાં વૈવાહિક કાર્યમાં બધાને જવું જોઇએ, અમુક પક્ષીને ન પકડવા જોઇએ, અમુક પશુઓનો વધ ન કરવો જોઇએ આ પ્રકારના નિયમ રાજા બનાવી શકે છે. પરંતુ વર્ણાશ્રમ વ્યવસ્થામાં હસ્તક્ષેપ કરવાનો રાજાનો કોઇ અધિકાર નથી.[૩૫] મહાભારત અને સ્મૃતિ ગ્રંથો અનુસાર વિધિ, દંડ અપરાધવિધિ અને રાજા ત્રણેયની ઉત્પત્તિ દૈવી છે અને તે એકબીજાથી સ્વતંત્ર અસ્તિત્વ ધરાવે છે. રાજાનું કાર્ય વિધિ તેમજ અપરાધ વિધિના ક્રિયાન્વયન માત્રનું હતું. હિન્દુ વિધિશાસ્ત્રો અનુસાર વિધિના ચાર સ્ત્રોત હતાં. શ્રૃતિ, સ્મૃતિ, ન્યાય અને સદાચાર. ધર્મશાસ્ત્રોમાં કયાંય પણ રાજાને વિધિના સ્ત્રોત બતાવ્યા નથી. અન્ય પ્રાચીન સમાજોની જેમ પ્રાચીન ભારતીય સમાજમાં પણ પ્રથાઓ (Custom) વિધિનું એક મહત્ત્વનું સ્ત્રોત હતી. તે ઘણા સમયથી પ્રચલિત હોવાને કારણે ધર્મશાસ્ત્રો, સ્મૃતિઓ અને ધર્મશાસ્ત્રો દ્વારા માન્ય થઇ ચૂકી હતી, એ પ્રકારે

૩૩. त्रिपाठी हरिहरनाथ - प्राचीन भारत में राज्य एवं न्यायपालिका - पृ. १५-१६.

૩૪. तस्माद्धर्ममभीष्टेषु स व्यवस्येन्नराधिपः ।
अनिष्टन्चाप्यनिष्टं तु तं धर्म न व्यचालयत् ॥ - मनुस्मृतिः - ७/१३.

૩૫. न त्वग्निहोत्रव्यवसास्थाये वर्णाश्रमिणं राजा प्रभवति ।
स्मृत्यन्तरविरोधप्रसङ्ग गात् अविरोधे वास्मिन् विषयेवचनस्मार्थवत्वात् - मेधातिथि ।

મહાપુરુષોના જીવનમાં આચરિત થયેલ આચરણ પણ બદલતા સામાજિક પરિવેશમાં વિધિનું સ્ત્રોત બની ગયા, છતાં પણ એ સદાચાર કોઇ વિધિ-સંહિતાનો ભાગ ન હતાં, તે પણ એ સમાજના જીવનમાં મૂલ્યવાન તેમજ ઉપયોગી હોવાને કારણે વિધિની જેમ બંધનકારી હતા.[૩૬] આનાથી સ્પષ્ટ થાય છે કે રાજશક્તિનો ઘણો મહત્ત્વનો વિકાસ હોવા છતાં વિધિનો સ્ત્રોત સમાજ જ રહ્યો છે.

અર્થશાસ્ત્રમાં કૌટિલ્ય રાજાને 'રાજશાસન' પ્રસારિત કરવાનો અધિકાર આપે છે. કૌટિલ્ય અનુસાર ધર્મ (Sacred Law), વ્યવહાર (Evidence), ચરિત્ર (History) અને રાજશાસન (Edicts of the King) આ વિધિના ચાર પાદ છે.[૩૭] તેમાં ક્રમશઃ પૂર્વવર્તી ઉત્તરવર્તીથી શ્રેષ્ઠ છે. કે. એ. એન. શાસ્ત્રી, આર. સી. મજૂમદાર અને ડૉ. બેનીપ્રસાદ અનુસાર 'રાજશાસન' અથવા 'રાજાજ્ઞા' કે 'અધ્યાદેશ' નું સ્થાન તે ચારેયમાં સર્વોચ્ચ છે.[૩૮] આર. કે. મુકર્જીના મતાનુસાર રાજશાસન રાજાને વિધાયકનું રૂપ આપે છે, અને તે વિધિનો સ્ત્રોત છે.[૩૯] ચાર્લ્સ ડેકમિયરના મતાનુસાર અધ્યાદેશોનું તાત્પર્ય ધાર્મિક વિધિઓના આદર્શ સ્વરૂપનું ક્રિયાન્વત કરવાનું હતું.[૪૦] પરંતુ ઘોષાલ, મુકર્જી તે મતનું ખંડન કરે છે.[૪૧] વસ્તુતઃ અર્થશાસ્ત્રમાં પરંપરાઓ અભિસમય વિવિધ સામાજિક સમૂહની પ્રચલિત પ્રથાઓ તથા દેશકાલની અનુરૂપ સ્વીકારેલી માન્યતાઓ વગેરેને વિશિષ્ટ સ્થાન અપાયેલ છે.[૪૨]

કૌટિલ્યએ રાજશાસનમાં ધર્મ, ચરિત્ર તેમજ વ્યવહારની ગણના કરી છે.[૪૩] તે એમના માધ્યમથી નિયંત્રણ સ્થાપિત કરે છે.[૪૪] અર્થશાસ્ત્રનું કંટકશોધન ન્યાયાલય રાજશાસન ઉપર નિયંત્રણ કરતું હતું.[૪૫] ધર્મસ્થીયના અનેક વિવાદ

૩૬. Sinha B. P. - Reading in Kautiyas Arthashstra - pp. - 23-24.
૩૭. अर्थ. - ३/१/१९.
૩૮. Shashtri K. A. N. - Age of the Nandas and Mauryas - P. -174
Majumdar R. C. and Prasad - Age of the Imperial Unity - P. 336.
૩૯. Mookerji R. K. - Chandragupta Maurya and his times - P. - 49.
૪૦. Kane P. V., History of Dhamashastra - Vol. III - P. 257.
Charls Drekmeier, Kingship and community in Early India - P. - 261.
૪૧. I. H. Q. XXVIII, P. - 307.
૪૨. अर्थ. - २/२२/१५.
૪૩. Age of Imperial Unity - P. - 63.
૪૪. अर्थ. - २/७/२.
૪૫. એજન - ૨/૧/૩૮-૪૦.

કંટકશોધનમાં લાવવામાં આવતાં.[૪૬] ન્યાયાલયમાં 'રાજશાસન' ઉપર આધારિત વિધિઓ માન્ય હતી. વસ્તુતઃ ત્યાં રાજય કેન્દ્રીકરણની તરફ આગળ થયું છે પરંતુ આટલું થવા છતાં પણ 'રાજશાસન' નું ક્ષેત્ર અસીમિત ન હતું. પોતે અર્થશાસ્ત્રમાં રાજશાસનની સીમા નિર્ધારિત કરતાં કૌટિલ્યએ એમના ઉપર નિયંત્રણ પણ મૂક્યું છે.[૪૭] આ પ્રકારે રાજશાસન વિધિનો સ્ત્રોત કયારેય માનવામાં આવ્યો નથી.[૪૮] કૌટિલ્યના મતાનુસાર રાજાનું કર્તવ્ય વિધિનું કાર્યાન્વયન છે. વિધિમાં વર્ણાશ્રમ અને લોકાચારનો સમાવેશ છે. આ વ્યાપક સંરક્ષણથી જ રાજા 'ધર્મપ્રવર્તક' માનવામાં આવ્યો છે. પરંતુ તે વિધિનો સ્ત્રોત અથવા નિયામક નથી. પરંતુ તે વિધિના નિર્દેશનમાં કાર્ય અને શાસન કરવાનું માધ્યમ છે.[૪૯] ગૌતમના મતાનુસાર રાજાને નિમ્નલિખિત ગ્રંથોના આધાર ઉપર નિયમ બનાવવો જોઇએ. (૧) વેદ, ધર્મશાસ્ત્ર, વેદાંગ, ઉપવેદ અને પુરાણ (૨) દેશ, જાતિ અને કુળોની રીતિઓ (૩) ખેડૂતો, વ્યાપારીઓ, શિલ્પકારીઓ વગેરેની રુઢિઓ (૪) તર્ક અને (૫) ત્રણેય વેદોના પંડિત લોકોની સભા દ્વારા નિર્ણિત સમ્પતિઓ.[૫૦]

શુક્રનીતિસારમાં જે વિષયોને બતાવેલ છે, જેના ઉપર રાજાની આજ્ઞાઓ કે શાસન નીકળી શકે છે. શુક્રના મતાનુસાર રાજા પહેરદારોની નિયુક્તિ કરે, એમના દ્વારા ગૃહસ્થોના કુશળ સમાચાર જાણે, પહેરેદારો (ચોકીદારો) ના સમય વગેરેના સંદર્ભમાં નિયમ બનાવે, તે રાજાજ્ઞા બહાર પાડે કે - દાસ, નોકર, પુત્ર અને શિષ્યને કેવળ વાણી સિવાય બીજો દંડ ન આપે, માપ-તોલ, સિક્કા વગેરેના સંબંધમાં કોઇ છેતરપીંડી ન કરે, કોઇને લાંચ-રિશ્વત ન આપે, અપકારી મનુષ્યોની મદદ ન કરે, માતા-પિતા, પૂજય, સદાચારી તથા વિદ્વાન પુરુષોનું કોઇ અપમાન ન કરે, સ્ત્રી-પુરુષ, સ્વામી-સેવક, ભાઇ-બહેન, પિતા-પુત્ર, ગુરુ-શિષ્યમાં ઝઘડા ન થવા દે, કૂવા, વાવડી, બગીચા, સીમા, ધર્મશાળા, દેવાલય, દીન અને વિકલાંગોને

---

૪૬. Kane P. V., History of Dhamashastra - Vol. III - P. 257.

૪૭. अर्थ. - ३/१.

૪૮. Charles Drekmeier, Kingship and community in Early India - P. - 261.

૪૯. Mookerji R. K. - Chandragupta Maurya and his times - P. - 49
Bandyopadhyay N. C., - Development of Hindu Polity Theoris - p.p. - 87-88.

૫૦. अर्थ. - २/१०.
Saletore B. A. - Ancient Indian Political thoughts and Institutions - P. - 463

ક્યારેય નુકશાન કરે નહીં, જુગાર, મદ્યપાન, શિકાર, શસ્ત્રધારણ, ગાય, હાથી, ઘોડા, ઊંટ, મનુષ્ય, ચાંદી, સોના, રત્ન, માદક અને ઝેરીલા પદાર્થ લે-વેચ, દાનપત્ર, ઋણનું નિર્ણયપત્ર વગેરે રાજાજ્ઞા વિના કરવામાં આવે નહીં. કોઇપણ અધિકારી નવા સમાજના નિયમ, નિર્ણય, જાતિદૂષણ નાસ્તિકનો ધનસંગ્રહ તેમજ મંત્રનો ભેદ ન કરે.[૫૧] આ બધાના સંબંધમાં રાજા પોતાનુ આજ્ઞાપત્ર લખાવી દિવાલો પર લગાવી અને અસાધુ પુરુષો તથા શત્રુઓ ઉપર હમેંશા દંડ પ્રયોગ કરતો રહે.[૫૨] આથી સ્પષ્ટ થાય છે કે પ્રાચીન ભારતમાં રાજાની વિધાયી શકિતઓ પર્યાપ્ત સીમિત હતી વિધિનું સ્ત્રોત રાજા ન હોવા છતાં સમાજ તેમજ વિભિન્ન ધર્મગ્રંથ તથા સદાચાર વગેરે હતો.

**(૩) કાર્યપાલિકીય કાર્ય :-**

ભારતીય વિચારધારામાં રાજા વિધિનો પ્રચારક જ બની રહે છે, એમને વિધિ નિર્માણની શક્તિ પ્રાપ્ત થતી નથી. સ્મૃતિઓમાં રાજાની વિધાયિકા શક્તિનું ખંડન કરતાં એમને માત્ર વ્યાવહારિક વિધિના પ્રશાસક બતાવ્યા છે. મનુએ રાજાના કાર્યપાલિકા સંબંધી કર્તવ્યોને અત્યંત મહત્ત્વપૂર્ણ દર્શાવ્યા છે. તે શકિતના અભાવમાં રાજા પોતાના કર્તવ્યોને પૂર્ણ કરવામાં અસમર્થ રહે છે. એમના બે કારણ હતા - રક્ષણ અને દંડ રક્ષાની અંતર્ગત બધા વર્ગો અને વ્યકિતઓની રક્ષા સામેલ હતી. એમાં વર્ણવ્યવસ્થાનું સંચાલન તથા બળવાન દ્વારા દુર્બળોની રક્ષા કરવાના કાર્યનો પણ સમાવેશ હતો.[૫૩]

રાજાની સત્તા વિધિ તેમજ સમાજ સાપેક્ષ હતી. વિધાયિકા શક્તિ કોઇપણને પ્રાપ્ત ન હતી. રાજા ન્યાયપાલિકા અને કાર્યપાલિકાના પ્રધાન ચોક્કસ હતા. સર્વોચ્ચ સ્થાન સ્વયં કાનૂનોનું હતું અને રાજા એમનું ઉલ્લંઘન કરી શકતો નહીં વસ્તુતઃ રાજા પ્રભુ-સત્તાનો કાનૂની મૂર્તરૂપ હતો. બ્રિટિશ સંવિધાનમાં સંસદની સર્વોચ્ચતાનું પ્રતિપાદન છે. પ્રાચીન ભારતમાં શતપથબ્રાહ્મણ અનુસાર 'વિધિ ક્ષત્રની પણ ક્ષત્ર' છે. બ્રિટિશ સંવિધાન અનુસાર રાજા કોઇ ભૂલ કરી

---

૫૧. शुक्रनीति - १/२९१-३१२.

૫૨. लिखित्वा शासनं राजा धारयेतु चतुष्यथे ।
सदा चौद्यतदण्ड स्यादसाधुषु च शत्रुषु ॥ - शुक्रनीति - १/३१३.

૫૩. मनुस्मृति - ७/३५.

શકતો નહીં. તેનો હેતુ એ છે કે કોઇપણ ન્યાયાલય રાજાને દંડ આપી શકતી નહીં. હિન્દુ વિધિશાસ્ત્ર અનુસાર રાજા દ્વારા કોઇ અપરાધ કરવા પર તેમને ૧૦૦૦ પણનો દંડ દેવામાં આવતો હતો. પરંતુ કોઇ સામાન્ય નાગરિક દ્વારા એ પ્રકારના અપરાધ થવા પર માત્ર એક પણનો દંડ થતો હતો. આ રીતે ન્યાયધીશોની સ્થિતિ પણ વિધિ-સાપેક્ષ (Subordinate of Law) જ હતી. ન્યાયનું ગળું દબાવનાર રાજા તથા ન્યાયધીશો બન્નેનો ક્રમશઃ ચોથાઇ-ચોથાઇ પાપોનો ભાગીદાર બનવું પડતું હતું.[૫૪] કૌટિલ્ય અનુસાર રાજા માત્ર સંવૈધાનિક શાસક (a mere constiutional ruler) હતો.[૫૫] સંપૂર્ણ સામ્રાજયની શાસન વ્યવસ્થાના સંચાલનમાં તે માત્ર દિશાનિર્દેશ કરતો હતો. આ પ્રકારે રાજા મુખ્ય કાર્યપાલિકાનો અધ્યક્ષ માત્ર જ હતો. તે કેટલાક મહત્ત્વપૂર્ણ પદો પર નિયુક્તિઓ પણ કરતાં હતાં. ન્યાયિક પ્રશાસન તો રાજાના હાથમાં જ રહેતું હતું. તેના સિવાય સંપૂર્ણ રાજયનું પ્રશાસન રાજામાં જ કેન્દ્રિત હતું.[૫૬] ઉપરાંત મંત્રી, પુરોહિત, સેનાપતિ તેમજ અન્ય અધિકારીઓની નિમણૂકો કરતા હતાં. રાજસ્વ તેમજ સેના પર પણ રાજા નિયંત્રણ રાખતા હતા.[૫૭] રાજાના પ્રશાસનિક કાર્યોનું સંચાલન મનુ, કૌટિલ્ય અને શુક્ર અનુસાર રાજા મંત્રીઓ અને ઉચ્ચ અધિકારીઓની નિયુક્તિ કરતાં હતાં. તે પદો પર સુયોગ્ય તેમજ ગુણવાન વ્યક્તિઓની નિમણૂંક કરવી રાજાનું કાર્ય હતું. શુક્રએ મંત્રીઓની પસંદગીમાં ગુણ તેમજ કર્મને જાતિ કરતાં વધુ મહત્ત્વ આપ્યું છે. તેમના અનુસાર તેવા પદ પર નિમણૂંકો કરતી વખતે જાતિ તેમજ કૂળ માત્રનો વિચાર ન કરતાં યોગ્યતાને પ્રાથમિકતા દેવી જોઇએ.[૫૮] કામન્દક પણ

૫૪. Ursakar U. S., Elwments of Hindu Jurisprudence, N.I.P, December-3 1982.

૫૫. Dikshitar V. R. R., Mauray Polity - P. 90
Jayswal K. P., Hindu Polity Pt. II - P. 185.

૫૬. Sinha H. N., Souereignty in Ancient India. - P. 151.

૫૭. કૌટિલ્ય અર્થશાસ્ત્રમ્ - ૧/૧૯, ૭/૨, ૧/૧૯/૩૦.

૫૮. परीक्षकैद्रावयित्व व्यथा स्वर्ण परीक्ष्यते ।
कर्मणा सहवासेन गुणैः शीलकुलादिभिः ॥
भूत्यं परीक्ष्येन्नित्यं विश्वास्यं विश्वसेत्तदा ।
नैव जातिर्न च कुलं केवलं लक्षयेदपि ॥ - शु.नी. - २/५४, ५५.
Nehru Jawaharlal, The Discovery of India - P. - 249.

ગુણ તેમજ યોગ્યતાને શ્રેષ્ઠ માને છે.[૫૯] શુક્રનો આ વિચાર આધુનિક વ્યવસ્થા સાથે સર્વથા અનુકૂળ છે.

પ્રાચીન ભારતમાં કાર્યપાલિકા અને ન્યાયપાલિકાના વિભાગ પણ એકબીજાથી અલગ હતાં, છતાં પણ રાજા રાજયનો પ્રમુખ હોવાને કારણે તે બન્ને અંગો પર અધિકાર રાખતો હતો છતાં પણ રાજા જે પણ ન્યાય કરતો હતો તે તેને ન્યાયધીશ અને બીજા સભાસદોની મંજૂરીથી કરવો પડતો હતો. જે ધર્મનો જ્ઞાતા હતો અને સાથો સાથ પોતાના કાર્ય કરવામાં સ્વતંત્ર પણ હતો. આ પ્રકારે ન્યાયકર્મમાં રાજા અન્ય સ્વતંત્ર વ્યક્તિઓ (સભ્યો આદિ) દ્વારા જ સંચાલિત હતો. રાજા કાર્યપાલિકાના કાર્ય તો પ્રત્યક્ષ રૂપથી જોતો જ હતો તેની સાથે સભાની પરામર્શથી વિવાદોના નિર્ણય ઘોષિત કરવાના કાર્યો પણ એમના જ હતાં.

શુક્રએ રાજાની દશ મહત્ત્વપૂર્ણ પ્રકૃતિઓ (મંત્રીઓ) નો ઉલ્લેખ કર્યો છે. જે એક એક વિભાગના પ્રધાન રહેતા હતાં. પ્રાડ્‌વિપાક્ અથવા પ્રતિવેદક ન્યાય વિભાગ અને રાજયની સૌથી મોટા ન્યાયાલયનો પ્રધાન હતો. એમની નીચે શાસનની અન્ય શાખાઓમાં વિભાગીય કર્મચારી રહેતા હતા. જે પોતાની ઉપરના અધિકારી પ્રત્યે ઉત્તરદાયી રહેતા હતાં. રાજા સભાસદોની નિમણૂંકો કરતો હતો. પરંતુ તે રાજા શાસ્ત્રોકત વિધિ પ્રત્યે ઉત્તરધાયી હતો નહીં. સ્પષ્ટ છે કે રાજાની શક્તિના સંબંધમાં વૈદિકકાળની ધારણા જ કાયમ રહી છે. અત્યારે પણ એમને પ્રજાના સંરક્ષક, દુષ્ટદમનકર્તા, શિષ્ટોના પાલક અને ધર્મ તેમજ સમાજના સંરક્ષક જ માનવામાં આવેલ છે.[૬૦]

## (૪) રાજા અને સામાજિક સંગઠન :-

પ્રાચીન ભારતીય સમાજ વર્ણાશ્રમ વ્યવસ્થા પર આધારિત હતો. બ્રાહ્મણગ્રંથો અનુસાર વર્ણવ્યવસ્થાનું પાલન રાજાનું ઉલ્લેખનીય કર્તવ્ય હતું. પ્રાચીન ભારતમાં રાજાનું કર્તવ્ય સ્વધર્મ પાલન કરાવવાનું હતું. રામાયણ અનુસાર

---

૫૯. કામંદકીયનીતિસાર - ૪-૪૧, ૪૯.

૬૦ શુક્રનીતિ : ૨/૭૧-૭૨ (વાસ્તવમાં શુક્રએ રાજાની કેવળ આઠ પ્રકૃતિઓ નહીં પરંતુ દશનું વર્ણન કરેલ છે, પરંતુ કોઇ અન્ય ઋષિએ રાજાની કેવળ આઠ પ્રકૃતિઓ બતાવી છે. એવો શુક્રનીતિમાં નિર્દેશ છે. તે દશ પ્રકૃતિઓ છે. પુરોહિત, પ્રતિનિધિ, પ્રધાન, સચિવ, મંત્રી, પ્રાડ્‌વિપાક, પંડિત, સુંમત્રક, અમાત્ય અને દૂત. પ્રકૃતિઓ વસ્તુતઃ રાજય ચલાવવાના મહત્ત્વના કારક કહેવાતા હતાં. આ પ્રકૃતિઓને આમભાષામાં મંત્રી કહેવાય છે. - ગૌતમ ધર્મસૂત્ર - ૧૦/૧૧ - આપ. - ૨/૫/૨.

દશરથના આદર્શ શાસનમાં વિભિન્ન જાતિના લોકો પોત – પોતાના કર્મો કરતાં હતાં. મનુસ્મૃતિમાં વર્ણવ્યવસ્થા બનાવી રાખવા પર ભાર દેવાયેલ છે. મનુના મતે વર્ણ અનુસાર ચાલવાવાળા રાજયમાં ઉન્નતિ તેમજ સમૃદ્ધિનો વિકાસ થતો રહે છે. વર્ણવ્યવસ્થાની વિરુદ્ધ જવાવાળા રાજયનો નાશ થાય છે. [૬૧] રામશરણ શર્માના મતે લગભગ તે જ વિચાર પ્લેટોના 'રિપબ્લિક' માં પણ વ્યક્ત થયો છે. ત્રણેય વર્ણો દ્વારા એક બીજાના મામલામાં કોઇપણ પ્રકારનું અનધિકૃત્ય હસ્તક્ષેપ રાજય માટે હમેંશા અનિષ્ટકર થશે અને તેને નિંદાની પરાકાષ્ટા કહેવી યોગ્ય લાગશે. [૬૨] પ્રાચીન ભારતમાં વર્ણવ્યવસ્થાનું અનુરક્ષણ ધર્મનું મહત્ત્વનું તત્ત્વ સમજવામાં આવતું હતું. કામન્દક અનુસાર જો રાજયની પ્રજા ધર્મનું ઉલ્લંઘન કરવા લાગે તો સંપૂર્ણ સમાજ વ્યવસ્થાનો પ્રલય થવાનો સંભવ છે. [૬૩] 'અભિલાષાર્થચિંતામણિ'માં રાજાના કર્તવ્યો પર ભાર દેતાં તેને ચોરી તેમજ વ્યભિચાર રોકવા અને વર્ણશ્રમધર્મનું રક્ષણ કરવાવાળા બતાવ્યા છે. [૬૪] રાજા મન તેમજ ક્રોધને વશમાં રાખે, શાસ્ત્રનો મર્મ જાણે અને ચતુર્વગની પ્રાપ્તિ તેમજ વેદાધ્યાયનમાં નિત્ય પ્રયત્નશીલ રહે તે વિચારપૂર્વક ચારેય વર્ણો અને ધર્મોનું રક્ષણ કરે.

વૈદિક સમયથી જ રાજા ધર્મનો રક્ષક, પોષક અને સમર્થક માનવામાં આવતો હતો. તેમનો આદર્શ ઋત અને ધર્મની રક્ષા કરવાવાળા ધૃતવ્રત વરુણદેવ હતો. [૬૫] ધર્મનું પાલન કરવું અને કરાવવું રાજાનું આવશ્યક કર્તવ્ય સમજવામાં આવતું હતું. પ્રાચીન ભારતીઓનો વિચાર હતો કે ધર્મ અને સદાચાર દ્વારા જ સુખ મળે છે અને એમની વૃદ્ધિ ત્યારે જ શકય છે, જયારે સ્વયં રાજા એમનો આદર્શ બને. જો રાજા ધર્મનું પાલન કરે નહિ તો પ્રજાના દુઃખોની જવાબદારી એમના પર સોંપવામાં આવતી હતી. તેથી ચારેય વર્ણો પાસે સ્વધર્મનું પાલન કરાવવું રાજાનું જ કર્તવ્ય હતું. રાજા ચતુર્વગ ધર્મ, અર્થ, કામ તેમજ મોક્ષની પ્રાપ્તિમાં મદદ કરતો

૬૧. મનુસ્મૃતિઃ – ૯/૬૧.

૬૨. शर्मा रामचरण, प्राचीन भारतीय राजनीतिक विचार एवं संस्थाये - पृ. - ५८.

૬૩. कामन्दकीयनीतिसार - ११/३४.

૬૪. पूजनम् सुरविप्राणाम् वर्णाश्रम निरीक्षणम् ।
मारणम् तस्करादीनामात्मरक्षा विधिक्रमम् ॥ - अभिलाषार्थचिन्तामणि - ७०/११.

૬૫. अल्तेकर अनन्तसदाशिव - प्राचीन भारतीय शासन पद्धति - पृ. - ६९.

હતો. વર્ણસંકરતાથી પ્રજાનું રક્ષણ કરવું રાજાનો સનાતન ધર્મ બતાવેલ છે.[૬૬]

વૈદિકકાળમાં સમાજ ઋતની ધારણાથી શાસિત હતો તેથી રાજધર્મનો અભ્યુદય વેદોમાં ઉપલબ્ધ નથી. રાજધર્મ પર વેદોમાં કોઇ સ્વતંત્ર વિચાર થયો નથી. માત્ર રાજાના સામાન્ય કાર્યોનો જ ઉલ્લેખ છે. બ્રાહ્મણ કાળ સુધી રાજશક્તિ પર્યાપ્ત વિકસિત થઇ જાય છે. બ્રાહ્મણ ગ્રંથોમાં સભા અને સમિતિના લોપ પછી એમની સ્થાપના પૌરજનપદ જેવી સંસ્થાઓમાં દેશની મોટાભાગની શકિત સંગઠિત થઇ શકી નહિ. તેથી રાજશક્તિ કેન્દ્રિત થઇ ગઇ અને રાજા સ્થાનીય સંગઠનોનો પણ નિદર્શન કરવા લાગ્યો. રાજયના વિભિન્ન અંગોમાં સમાજની શકિત સમાવેશ થઇ ગઇ. રાજયના સ્વામીના સ્થાન પર રહેલ રાજામાં સમાજ તેમજ યુગ સંચાલનની શકિત આવી ગઇ આ જ સમયમાં રાજધર્મનો ઉદય થયો.[૬૭]

ઉત્તરકાળ સુધી વર્ણધર્મ સમાજની અનિવાર્ય આવશ્યકતા બની ચૂકયો હતો. વર્ણાશ્રમ ધર્મ તેમજ સામાજિક કલ્યાણની સ્થાપના કરવી એ રાજાનું મહત્ત્વનું કર્તવ્ય બની ગયું. મહાભારત કાળ આવતાં આવતાં રાજાને કાળનો કારણ માની લેવામાં આવ્યો. પુરાણો, ધર્મસૂત્રો અને સ્મૃતિ ગ્રંથો અનુસાર પણ વર્ણાશ્રમની રક્ષા રાજાનું મહત્ત્વનું કાર્યક્ષેત્ર છે.[૬૮] મનુસ્મૃતિ અનુસાર રાજય સમૃદ્ધ ત્યારે જ રહી શકે જયાં સુધી જાતિઓની શુદ્ધતાને સ્થિર રાખી શકાય. મૌર્ય સમ્રાટ અશોકે તત્કાલીન સામાજિક વ્યવસ્થાનો સ્વીકાર કરી ચારેય સામાજિક વર્ણોમાં કામ કરવા માટે પોતાના અધિકારી નિયુક્ત કર્યા હતા.[૬૯] કૌટિલ્ય અનુસાર રાજા ધર્મનો પ્રસ્થાપક હોવાને કારણે ચતુવર્ગીય જાતિ-વ્યવસ્થાનું રક્ષણ કરે છે. વર્ણો તેમજ આશ્રમોના સ્વધર્મોનું નિરૂપણ કરી કૌટિલ્યએ નોંધ્યુ છે કે - સ્વધર્મનું પાલન સ્વર્ગ અને મોક્ષને માટે હોય છે. જો સ્વધર્મનું ઉલ્લંઘન કરવામાં આવે તો અવ્યવસ્થા ઊભી થાય અને સમાજ નાશ પામે તેથી રાજાનું કર્તવ્ય છે કે તે પ્રજાને સ્વધર્મનું ઉલ્લંઘન કરવા ન દે. જે રાજા સ્વધર્મનું પાલન કરતો રહે તે ઇહલોક અને પરલોકમાં

---

૬૬. चातुर्वणर्मश्च धर्मश्च रक्षितव्या समीक्षिता ।
धर्मसंकररक्षा च राज्ञां धर्मः सनातनः ॥ - महाभारत शांति. - ५७/१५.

૬૭. મહાભારતમ્ શાંતિ. - ૭૭/૩૩, ૫૭/૧૫.

૬૮. મત્સ્ય. - ૨૧૫/૬૩, માર્કન્ડેય. - ૨૭/૨૮, ૨૮/૩૬, વિષ્ણુ. ૩/૨-૩, આપસ્તમ્બ. - ૨/૫/૧૦/૧૩, વશિષ્ઠ. - ૧૯/૧-૨, ગૌતમ. - ૧૦/૭-૮, ૧૧/૯-૧૧.

૬૯. Sharma R. S., 'Aspects of Political Ideas Institutions in Ancient India' - P.P. - 183-84.

પ્રશંસા પ્રાપ્ત કરે છે. કૌટિલ્ય અનુસાર રાજાનું એ અનિવાર્ય કર્તવ્ય છે કે તે સર્વેને પોતાના સ્વધર્મમાં સ્થિર રાખે કારણ કે સમાજ અને રાજયની ઉન્નતિ એના પર નિર્ભર રહે છે.

સામાજિક વ્યવસ્થાના સંચાલન તથા લોકહિતના સંવર્ધન માટે બધા વર્ગો દ્વારા સ્વધર્મ પાલન યુગની માંગ હતી. તેના અભાવમાં સંપૂર્ણ સામાજિક માળખુ છિન્ન-ભિન્ન થઇ જવાની શકયતા સ્વાભાવિક હતી. મહાભારત અનુસાર મનુષ્યોને સ્વધર્મમાં પ્રવૃત કરવા દંડનીતિના અભાવમાં અશકય છે. શુક્રનીતિમાં આ વિચારને એ રીતે પ્રગટ કરવામાં આવ્યો છે. રાજદંડના ભયથી પ્રજા પોત-પોતાના ધર્મમાં તત્પર રહે છે. શુક્રાચાર્યની ધારણા છે કે સ્વધર્મપાલન વિના સુખ મળતું નથી.[૭૦] રાજાએ સ્વધર્મમાં પ્રવૃત થઇ અત્યંત ભયદાયક દંડ દ્વારા પ્રજા-વર્ગને પોત પોતાના ધર્મમાં પ્રવૃત રાખે, તેમ ન કરવાવાળા રાજાનું તેજ નાશ થઇ જાય છે.[૭૧] ન્યાયમાં પ્રવૃત રહેવાવાળા રાજા પોતાને તથા પ્રજાવર્ગને ત્રિવર્ગથી યુક્ત કરે છે. તેનાથી પ્રતિકૂળ અન્યાયમાં પ્રવૃત રહેવાવાળા રાજા સ્વયં તથા પ્રજાને ત્રિવર્ગથી વિમુખ કરવાથી નિશ્ચિય નષ્ટ કરી દે છે.[૭૨] શુક્રચાર્યે ધાર્મિક રાજાને જ દેવાંશ બતાવ્યો છે.[૭૩]

કામન્દક અનુસાર પ્રજાને પાંચ પ્રકારના ભય હમેશા રહે છે - રાજકર્મચારીઓ, ચોરો, શત્રુઓ, રાજાના પ્રિય લોકો અને રાજાના લોભનો. રાજાનું કર્તવ્ય છે કે તે ત્રિવર્ગની વૃદ્ધિ માટે પ્રજાને તે ભયોમાંથી મુક્ત રાખે અને રાષ્ટ્રનો વિકાસ કરે. જેમ વૈદિની હિંસા હિંસા નથી તેમ રાજા ધર્મરક્ષાર્થે દુષ્ટોને દંડિત કરે તો તે પાપનો ભાગીદાર હોતો નથી. રાજા ધર્મપાલન માટે અર્થની વૃદ્ધિ કરે અને તેમાં બાધક લોકોને દંડિત કરે. ધર્માધર્મનો વિચાર કરતાં રાજા સજ્જન પ્રજાવર્ગ સાથે

---

૭૦. राजदण्ड भयात्लोकः स्वधर्म परो भवेत् ।
तपः स्वधर्मरुपं यदवर्धितं वै सदा ॥ - શુ. ની. - ૧/૨૩-૨૪.

૭૧. सुदण्डैधर्मनिरताः प्रजाः कुर्यान्महाभयेः ।
नृपः स्वधर्म निरतो भूत्वातेजः क्षमोऽन्यथा ॥ - શુ. ની. - ૧/૨૫.

૭૨. न्यायप्रवृत्तो नृपत्तिरात्मानमथ च प्रजाः ।
त्रिवर्गोपसंधते निहन्ति ध्रुवमन्यथा ॥ - શુક્રનીતિઃ - ૧/૬૭.

૭૩. यो हि धर्मपरो राजा देवांशोऽन्यश्च रक्षसाम् ।
अंशभूतो धर्मलोपी प्रजापीडाकरो भवेत् ॥ - શુક્રનીતિઃ - ૧/૭૦.

પ્રેમ રાખે, પ્રજાનું રક્ષણ કરે અને શત્રુઓનો નાશ કરે.[૭૪] 'મહાભારત'ના શાંતિપર્વમાં જણાવ્યું છે કે - જે રાજાનું રાષ્ટ્ર પ્રસન્ન, સંપન્ન અને રાજભક્ત હોય છે અને એમના મંત્રી સંતુષ્ટ રહે છે, જેનું મૂળ મજબૂત હોય છે, જેના સૈનિક સારી રીતે સંતુષ્ટ, વશીભૂત તેમજ આજ્ઞાપાલનમાં તત્પર હોય છે તે રાજા નાની સેનાથી જ સંપૂર્ણ પૃથ્વીને જીતી શકે છે.[૭૫] વશિષ્ઠ ધર્મસૂત્ર અનુસાર રાજા ચારેય વર્ણોને સ્વધર્મમાં સ્થાપિત કરે જો કોઇ સ્વધર્મનું ઉલ્લંઘન કરે તો તેમના પ્રત્યે દંડનો પ્રયોગ કરવામાં આવે.[૭૬] કામન્દકનીતિસારમાં એજ વાતને એમ કહેવામાં આવે છે કે બધા વર્ણો તેમજ આશ્રમોના ધર્મ સ્વર્ગ અને મોક્ષને માટે છે. તેમના અભાવમાં સંકટ ઉત્પન્ન થશે અને આ લોક (સમાજ) નષ્ટ થઇ જશે. બધાને ન્યાયપૂર્વક ધર્મમાં પ્રવૃત કરવાનું રાજાનું જ કાર્ય છે અન્યથા ધર્મનો નાશ થઇ જતાં જગતનો નાશ થઇ જશે.[૭૭] 'મહાભારત' અનુસાર ધર્મવિમુખોને પોતાના બાહુબળથી રાજા સન્માર્ગ પર લાવે, કારણ તેના અભાવમાં શાશ્વત ધર્મનું રક્ષણ અશકય છે.[૭૮]

આમ, મહાભારત કાળથી ચાલતી પરંપરામાં રાજાને જ યુગ- નિર્માતા તેમજ યુગ -નિયંતા કહેલ છે.[૭૯] આ પરંપરા શુક્રનીતિ કાળ સુધી અવિરત રુપથી ચાલતી રહી છે, શુક્રાચાર્ય એ તો ધર્માધર્મની કસોટી જ રાજાને માની લીધેલ છે. રાજા દ્વારા કરવામાં આવેલ કાર્ય જ પ્રમાણ થવા લાગ્યા. શુક્રાચાર્યના મતે અધર્મશીલ રાજાનો પ્રજાસહિત નાશ થઇ જાય છે. જયાં સુધી ધર્મશીલ બની રહે છે અર્થાત્ પ્રજાની સાથે ધર્મપૂર્ણ વ્યવહાર કરે છે ત્યાં સુધી તે રાજા બની રહે છે. અન્યથા રાજય અને રાજા બંને વિનાશને પ્રાપ્ત કરે છે.[૮૦] શુક્રાચાર્ય

---

૭૪. आयुक्तेभ्यश्चचारेभ्यः परेभ्यो राजबल्लभवात् ।
पृथिवीपतिलोभास्व प्रजानां पन्चधा भयम् ॥ - कामन्दक - ५/८१-८२.
पन्चप्रकारमप्यतपोह्यं नृपतिर्भयम् । आददीत फलं काले त्रिवर्गापरिवद्धये ॥

૭૫. મહાભારત શાન્તિ. - ૯૫ / ૩ - ૪.

૭૬. राजा चतुरो वर्णान् स्वधर्म स्थापयेत् ।
तेष्वपचरत्सु दण्डं धारयेत् ॥ - વશિષ્ઠધર્મસૂત્ર.

૭૭. कामन्दकीयनीतिसार - ૨ / ૪ / ૩૩ - ૩૪.

૭૮. यश्च धर्मात्प्रयत्नेल्लोके कश्चन मानवः ।
निग्राह्यस्ते स्वबाहुभ्यां शाश्वद्धर्मवेक्षता ॥ - મ. ભા. શાન્તિ - ૫૮ / ૧૧૪.

૭૯. મહા. શાન્તિ. - ૭૭ / ૩૩, ૫૭ / ૧૫.

૮૦. यावतु धर्मशील स्यात् स् नृपस्तावदेव हि ।
अन्यथा नश्यते लोको द्रङ्नृपोडपि विनश्यति ॥ - શુક્રનીતિઃ - ૪ / ૧૧૪.

અનુસાર જે રાજયમાં રાજા ધર્માત્મા હોય છે ત્યાં પ્રજા પણ ધાર્મિક હોય છે અને જયાં રાજા અત્યંત પાપી હોય છે, ત્યાં પ્રજા પણ અધર્મમાં લીન રહે છે.[૮૧] અધાર્મિક રાજાના રાજયમાં દુષ્કાળ પડે છે, પૃથ્વી ધનધાન્યથી યુક્ત રહેતી નથી અને રાજયનો દિન-પ્રતિદિન પડતી થવા લાગે છે તથા તેમનો કોશ પણ નાશ પામે છે.[૮૨] તેનાથી વિપરિત અર્થાત્ ધર્માચરણ યુક્ત રાજા ચિરસ્થાયી કીર્તિને પ્રાપ્ત કરે છે અને તે જ વાસ્તવિક દેશ-રક્ષક છે.[૮૩]

**(૫) ન્યાયપાલિકા સંબંધી અધિકાર :-**

પ્રાચીન ભારતીય ગ્રંથોમાં રાજાને સર્વોચ્ચ ન્યાયપતિના રૂપમાં સ્વીકાર કરતાં એમના અધિકાર, કર્તવ્ય તેમજ વિધિનિયંત્રિત ન્યાયદાનના વિસ્તૃત વર્ણન પ્રસ્તુત કરાયેલ છે કારણ રાજાએ અરાજકતાને ડામવા માટે દંડ ધારણ કરવો પડતો હતો. એટલા માટે તે સર્વોચ્ચ ન્યાયધીશનું રૂપ પદ ગ્રહણ કર્યું. વૈદિકકાળમાં ન્યાયાલયોનું કાર્ય સભાના માધ્યમથી થતુ હતું. ઋગ્વેદમાં 'સભા' ને માટે 'किल्विषस्मृत्' કે પાપો અથવા અપરાધોને માટે દંડ દેવાવાળી શબ્દનો પ્રયોગ કરવામાં આવ્યો છે.[૮૪] પ્રાચીન ગ્રંથોમાં આધુનિક ન્યાયાલય શબ્દ માટે અનેક સમાનાર્થી શબ્દનો પ્રયોગ થયો છે. સભા, ધર્માધિકરણ, અધિકરણ, ધર્મસ્થીય, ધર્મસ્થાન, ધર્માસન અને સદશ વગેરે શબ્દ વસ્તુતઃ એ અર્થમાં પ્રયોજાતા હતા. પ્રાચીનકાળમાં ધર્મનું સામાજિક જીવનથી ન્યાયપૂર્વક સંચાલનમાં અત્યંત મહત્ત્વ હોવાને કારણે જ તે શબ્દોનો પ્રયોગ થયો છે. આગળ જતાં રાજસંસ્થાનો વિકાસ થવાથી સાથે સાથે ન્યાયપાલિકાનો પણ વિકાસ થયો. પ્રાચીનકાળમાં ન્યાયપાલિકાના મહત્ત્વના બે વિભાગ હતા, (૧) રાજ ન્યાયાલય અથવા રાજાનું સર્વોચ્ચ ન્યાયાલય અને (૨) વિવિધ વિભાગની ક્ષેત્રીય અથવા સેન દ્વારા ઉધ્ધૃત સ્થાનીય ન્યાયાલય. (Local court)[૮૫] બૃહસ્પતિ સ્મૃતિમાં ન્યાયાલયોનું આ વિભાજન વધુ

૮૧. सुपुण्यो यत्र नृपर्धमिष्ठास्तत्र हि प्रजाः ।
महापापी यत्र राजा तत्राधर्म परो जनः ॥ - શુક્રનીતિઃ - ૪/૬૦-૬૧.

૮૨. न कालवर्षी पर्जन्यस्तत्र भूर्न महाफला ।
जायते राष्ट्रहासश्च शत्रुवृद्धिधनक्षयः ॥ - શુક્રનીતિઃ - ૪/૬૧-૬૨.

૮૩. શુક્રનીતિ - ૨/૪, ૨/૫૧, ૨/૮, ૨/૯-૧૦.

૮૪. सर्वे निन्दन्ति सरासागतेन सभासाहेन सख्या सख्यायः ।
किल्विषस्मृत् पितुषणिर्हयेषामकं हितो भवन्ति वाजिनाय ॥ - ઋગ્વેદ - ૧૦/૭૧/૧૦.

૮૫. Sen P. C. 'Hindu Jurisprudence' - 363.

સ્પષ્ટ છે.[૮૬] બૃહસ્પતિ અનુસાર કોઇ ગામ કે પુરમાં રહેલા ન્યાયાલય 'પ્રતિષ્ઠિત' ન્યાયાલય છે, જે એક સ્થળ પર ન રહેતાં આવશ્યકતા અનુસાર જુદા-જુદા સ્થળો પર કરાયેલા હોય તેને 'અપ્રતિષ્ઠિત' ન્યાયાલય કહે છે. બૃહસ્પતિ દ્વારા વર્ણવેલ આ વ્યવસ્થા આધુનિક સમયના ચંચલ ન્યાયાલયની ધારણાની સમાન છે. સ્મૃતિઓમાં મુખ્યત્વે રાજન્યાયાલયના સંદર્ભમાં વિસ્તૃત વ્યાખ્યા છે. તેમાં સ્થાનીય ન્યાયાલયો ઉપર અપેક્ષા કરતાં અલ્પ પ્રકાશ પાડવામાં આવ્યો છે. એ સ્થાનીય ન્યાયાલય ક્રમશઃ કુલ, શ્રેણી, પૂગ અથવા ગણ છે. યાજ્ઞવલ્કય એ વિસ્તાર સાથે ચાર પ્રકારના ન્યાયાલયોનો ઉલ્લેખ કર્યો છે, સભા (રાજા દ્વારા નિયુકત અધિકારી), પૂગ, શ્રેણી અને ગણ[૮૭] કુલ એક પ્રકારનો સંબંધિઓનો સમૂહ હતો. તે એક અથવા એક કરતાં વધુ પરિવારોની વચ્ચે ન્યાયદાનનું કાર્ય કરતાં હતાં. એકંદરે તે એક પ્રકારે સંબંધીઓના અંદરના વિવાદ ઉકેલવાવાળી પંચાયત સમાન હતી.[૮૮] અભિલેખો અનુસાર 'શ્રેણી' નું સ્થાન કુલની ઉપર હતું. મનુએ શ્રેણીના સભ્યોના વિવાદોને ઉકેલવા માટે તેમના નિયમ, પરંપરાઓ વગેરેને માન્યતા આપી છે. યાજ્ઞવલ્કય એ પણ તેનું સમર્થન કર્યું છે.[૮૯] નારદસ્મૃતિમાં શ્રેણીઓની પ્રથાઓ, પંરપરાઓ અને તેમના ધાર્મિક નિયમોનું રક્ષણ કરવાનું કાર્ય રાજાને સોંપવામાં આવ્યું છે.[૯૦] છતાં પણ શ્રેણીઓના પોત-પોતાના આચાર-વ્યવહારના અલગ નિયમ હતાં, પરંતુ તે રાજાના હસ્તક્ષેપથી પૂર્ણતયા સ્વતંત્ર ન હતી. બૃહસ્પતિસ્મૃતિ અનુસાર શ્રેણીના અધ્યક્ષની સહાયતા માટે બે, ત્રણ કે પાંચ અધિકારી હતાં, જે વેદજ્ઞ વિદ્વાન અને કુલીન હતા. પૂગ અથવા ગણનું સ્થાન શ્રેણી ન્યાયાલયોથી ઉપર હતું. પૂગ અથવા ગણને પ્રાયઃ સમાનાર્થી માનવામાં આવેલ છે. પૂગને પણ શ્રેણીના જેવા

---

૮૬. प्रतिष्ठाऽप्रतिष्ठा च मुद्रिता शासिता तथा ।
चतुर्विधा सभा प्रोक्ता सभ्याश्चैव तथा विधाः ॥ - બ્રહસ્પતિસ્મૃતિ - ૧/૫૭.

૮૭. नृपेणाधिकृताः पूगाः श्रेणयोऽथ कुलानि च ।
पूर्वपूर्वं गुरु श्रेयं व्यवहारविधो नृणाम् ॥ - યાજ્ઞ. વ્યવહારધ્યાય - ૨/૩૦ - પૃ. ૧૯૪.

૮૮. Kane P. V. - History of Dhamashastra - Vol. III - P. 280.

૮૯. ज्ञात्वाऽपराधं देशं च कालं बलमथापि वा ।
वयः कर्म च पितं च दण्डं दण्डयेषु पातयेत् ॥ - યાજ્ઞ. આચારધ્યાય - ૧/૩૬૮.

૯૦. पाषण्डिनैगम श्रेणीपूगबाततठाणादिषु ।
संरक्षेत्समयं राजा दुर्गे जनपदे तथा ॥ - નારદસ્મૃતિઃ - ૧૦/૨.

અધિકાર હતાં. શ્રેણી ન્યાયાલય દ્વારા યોગ્ય નિર્ણય ન મળે તો કોઇ પણ વ્યક્તિ પૂગન્યાયાલયમાં જઇ શકતો હતો. રાજાએ તે સ્થાનીય સંઘટનોના સ્વશાસી નિયમોને પૂર્ણ માન્યતા આપેલ હતી, પરંતુ તેમનું નિયંત્રણ રાજાના હાથમાં જ રહેલું હતું.[૯૧] આ સંઘટનોના સ્વશાસી નિયમોની પરંપરા વૈદિક સમયથી જ હતી.[૯૨]

સ્થાનીક સંગઠનોના ન્યાયાલયો સિવાય રાજાનું ન્યાયાલય સર્વોપરી હતું. સર્વોચ્ચ ન્યાયપતિના રૂપમાં રાજાને પર્યાપ્ત અધિકાર હતાં. જયારે કોઇ વિવાદમાં ધર્મશાસ્ત્રો (સ્મૃતિઓ વગેરે) ના નિયમ, દેશ, કુલ તેમજ જાતિની પરંપરાઓ સ્પષ્ટ થતી નહોતી, ત્યારે રાજા જ અંતિમ પ્રમાણ માનવામાં આવતા હતાં. પ્રાચીન ભારતીય વિદ્વાનોએ ન્યાય (વ્યવહાર) ને ચતુષ્ટપાદ માન્યો છે - ધર્મ, વ્યવહાર (કેશ), ચરિત્ર (સાક્ષી) અને રાજાનો આદેશ (શાસનાદેશ અથવા રાજાજ્ઞા) મનુસ્મૃતિ અને યાજ્ઞવલ્કયસ્મૃતિમાં ધર્મ અને વ્યવહારને વધારે પ્રમાણિક માન્યો છે. ઉત્તરવર્તી સ્મૃતિઓ સાક્ષી તથા રાજાજ્ઞાને પ્રમાણ માને છે, તેનાથી એ સ્પષ્ટ થાય છે કે રાજાના વૈધાનિક અધિકારોમાં ક્રમશઃ વૃદ્ધિ થતી ગઇ, સ્મૃતિઓમાં રાજાના ન્યાયિક કાર્યો અને ન્યાય-વ્યવસ્થાનું વિસ્તૃત વર્ણન પ્રાપ્ત થાય છે. તે સમયમાં રાજા વિધિનિર્માણના સ્થાન પર ન્યાયિક પ્રશાસનનું જ નેતૃત્વ કરતો હતો.

શુક્રનીતિના સમય સુધી ન્યાય કરવો એ રાજાનું પરમ કર્તવ્ય બની ગયું હતું.[૯૩] શુક્ર ન્યાયકર્તા રાજા દ્વારા બધા વર્ણો અને ધર્મોના રક્ષણનો નિર્દેશ કરે છે. દંડનીય વ્યક્તિને થોડો દંડ દેવો અને અદંડનીયને વધુ દંડ કરવાથી ગુણવાન વ્યક્તિ રાજાનો ત્યાગ કરી દે છે, તેમ કરવાવાળા રાજા અપરાધીના પાપનો કેટલોક ભાગ સ્વયં ભોગવે છે. વસ્તુતઃ શુક્રાચાર્ય એમ માને છે કે દંડ ભોગવવો અપરાધીનો અધિકાર છે અને દંડ આપવો ન્યાયધીશનું કર્તવ્ય છે. ફટકારવુ, અપમાન કરવું, દુઃખ આપવું, બાંધી દેવું, મારવું, દ્રવ્યનું હરણ કરી લેવું, નગરમાંથી કાઢી મૂકવું, દાગ લગાડવો, ગધેડા પર ચઢાવવું, અંગભંગ કરવો અને વધ કરાવી દેવો આ બધા

૯૧. ઋગ્વેદઃ - ૮/૩૦/૩.

૯૨. कुलानि जातीः श्रेणीश्च गणान् जन पदांस्तथा ।
स्वधर्मचालितान् राजा विनीय स्थापयेत् पथि ॥ - યાજ્ઞ. - ૧/૧૬૧ - પૃ. ૧૫૯.

૯૩. શુ. ની. - ૪/૪/૫, મનુ. - ૮/૧, વશિષ્ટ - ૧૬/૨, યાજ્ઞ. - ૧/૩૨૭, ૨/૧, વિષ્ણુધર્મસૂત્ર - ૩/૭૨, નારદ - ૧/૨.

દંડના પ્રકાર છે. પરંતુ આ દંડનો પ્રયોગ ખૂબ સમજી વિચારીને કરવાના નિર્દેશ મળે છે.[૯૪]

પ્રાચીન ગ્રંથોમાં રાજાને અંતિમ ન્યાયકર્તા માનવામાં આવ્યો છે. પરંતુ તેમને સ્વેચ્છાચારી હોવાનો કોઇ અવસર પ્રાપ્ત કરાયેલ નથી. ન્યાયાધીશના રૂપમાં રાજાના અધિકાર બંધનકર્તા હતાં. તે સભ્યો ( વિદ્વાન ન્યાયિક સહાયક ) ની યોગ્ય પરામર્શ વિના ન્યાય કરી શકતો ન હતો. શુક્રાચાર્યના મતાનુસાર લોકો વ્યવહાર અને ધર્મના જ્ઞાતા તથા વેદના વિદ્વાન વગેરેથી સભામાં રાજાએ ન્યાય કરવો જોઇએ.[૯૫] સાક્ષી, વાદ-વિવાદ અને નિર્ણય સભાની સન્મુખ કરવા જોઇએ. રાજા એકલો કયારેય પણ ન્યાય કરે નહીં.[૯૬] શુક્રાચાર્યના ન્યાયના વિભિન્ન વિભાગમાં રાજાને સર્વોચ્ચ સ્થાન અપાયેલ છે. બધા વિભાગમાં સૌથી પહેલા 'કુલ' ત્યારબાદ 'શ્રેણી', 'ગણ', 'અધિકારી' ત્યારપછી અધ્યક્ષ અને છેલ્લે સ્વયં રાજા. શુક્ર એ રાજાના ન્યાયાલયને કાનૂનોની માત્ર સૈદ્ધાંતિકતાના પરિવેશમાં વ્યાખ્યા કરવી યોગ્ય માની નથી. રાજાને ન્યાયિક પ્રશાસનમાં કેસોની પ્રકૃતિ અને દેશ-કાળની પરિસ્થિતિઓને પણ ધ્યાનમાં રાખી વિચાર કરવો જોઇએ. શુક્રાચાર્ય વ્યાવહારિકતાના મૂળ આધાર પર ઉતરી કેસોની સુનાવણી દેશ-કાળ પરક પરિસ્થિતિઓના પરિપેક્ષ્યમાં કરવાનો નિર્દેશ આપે છે. સ્થાનીય પ્રથાઓ તથા પરંપરાઓની ન્યાયાધીશ દ્વારા અવગણના કરવામાં આવતી નહીં. રાજા પોતે પણ તેમની અવગણના કરી શકતો નહીં. ઉદાહરણાર્થે મધ્ય દેશનાં કેટલાક લોકોમાં ગાય માંસ ખાવાની પ્રથા, ઉત્તરમાં સ્ત્રીઓ દ્વારા મદ્યપાન કરવાની પ્રથા અને કાશ દેશમાં ભાઇની વિધવા પત્ની સાથે લગ્ન કરવાની કેટલીક સર્વ સામાન્ય પ્રથાઓ હતી, જેની રાજા અવગણના કરી શકતો નહીં.[૯૭]

શુક્રનીતિમાં ન્યાયિક પ્રક્રિયાની જટિલતા તેમજ કાનૂનનો યોગ્ય વ્યાખ્યા માટે 'નિયોજિત પુરુષ' ની નિયુક્તિની પણ વ્યવસ્થા કરાઇ છે. શુક્રાચાર્ય અનુસાર કોઇ પક્ષની દેખરેખ કરવાવાળા નિયોજિત પુરુષની ફી કેશ અનુસાર ૨૦ મો,

૯૪. શુક્રનીતિઃ - ૪/૫/૪૩-૫૨.

૯૫. એજન - ૪/૫/૨૬.

૯૬. એજન - ૪/૫/૫, नैकः पश्येच्च कार्याणि - ४/५/१६-१७; ४/५/६६-१६६.

૯૭. Mukerjee K. P. - The Administration of Justice According to the Sujranitissara, University of Ceylone Review - Vol. VIII - P. 27.

૧૬ મો, ૧૦ મો, ૫ મો અને ૨ $^{1}/_{2}$ મા ભાગની બરાબર હોવી જોઇએ. જો નિયોજિત પુરુષોની સંખ્યા એકથી વધુ હોય તો ફી બધાને સરખી અથવા આનુપાતિક વિભાજન કરવું જોઇએ. શુક્રાચાર્યના મતાનુસાર માત્ર ધર્મ અને વ્યવહાર પારંગત વ્યક્તિ જ નિયોગીના રૂપમાં નિયુકત કરવામાં આવે છે.[૯૮] કાત્યાયનસ્મૃતિના 'પ્રતિનિધિ પ્રકરણ' અને નારદસ્મૃતિમાં વર્ણવેલ ન્યાયાલયોની કાર્યપ્રણાલીના સંદર્ભમાં 'નિયુક્તિ' તેમજ 'અનિયુક્ત' શબ્દોના પ્રયોગથી સ્પષ્ટ થાય છે કે નિયોગી પુરુષની નિમણૂંકની કલ્પના શુક્ર પહેલાની છે. પરંતુ એટલું તો સ્પષ્ટ છે કે શુક્રનીતિના સમયમાં આવતા નિયોગીની ફી નક્કી થઇ ગઇ. શુક્રનીતિની આ વ્યવસ્થાની સરખામણી આધુનિક ન્યાયાલયોમાં કાર્યરત વકીલોના વર્ગ સાથે કરી શકાય છે. નિયોજિત પુરુષને આ વ્યવસ્થાનો છાયાનુવાદ કહી શકાય છે.

**(૬) રાજાનું પોતાને પ્રત્યે કર્તવ્ય :-**

રાષ્ટ્રનું શાસન કરવાવાળા વ્યક્તિનું જનહિતમાં શાસન-વ્યવસ્થાનું સંચાલન કરવાની મોટી જવાબદારી બની જાય છે. રાષ્ટ્રના રાજા-સૂત્રધાર (કર્ણધાર) કયારેય સત્તાના મદમાં અંધ બની જનસેવાનો ભાવ ભૂલી જઇ સ્વયં શાસ્તા બની ન જાય, એ એક વિચારણીય વિષય હોય છે. પ્રાચીન ભારતીય મનીષિઓએ આ ઉદ્દેશ્યને નજર સમક્ષ રાખી રાજાના પોતાના પ્રત્યે પણ કેટલાક કર્તવ્યો નિશ્ચિત કર્યા છે. અર્થશાસ્ત્ર અનુસાર રાજાને માટે આવશ્યક છે કે - તે જિતેન્દ્રિય હોય, પરસ્ત્રી તેમજ પરધન તરફ કયારેય પણ કુદષ્ટિ ન નાખે, સ્વપ્નમાં પણ એમની લાલચ ન કરે અને ખરાબ કર્મોથી હમેંશા બચવા પ્રયત્ન કરે. રાજાએ અનર્થકારી તથા અધાર્મિક કર્મો કરવા નહીં. તેણે ધર્મ, અર્થ અને કામ (ત્રિવર્ગ) નું સમરૂપ સેવન કરવું જોઇએ. કૌટિલ્ય એ રાજાને જિતેન્દ્રિય હોવાનો નિર્દેશ કર્યો છે. રાજાના પ્રગતિશીલ થવાથી એમના કર્મચારી પણ ઉત્થાનશીલ બને છે, અન્યથા પ્રમાદી આળસુ બની રહે છે.[૯૯] કૌટિલ્યે રાત-દિવસનું આઠ ભાગોમાં વિભાજન કરી રાજાના વિભિન્ન સમયના કાર્યક્રમ પ્રસ્તુત કર્યો છે. રાજા માટે જરૂરી છે કે - તે હમેંશા ઉત્થાનશીલ-પ્રગતિશીલ થઇ રાજકાર્યોનું અનુશાસન કરે, કારણ કે

---

૯૮. શુક્રનીતિ (રાજધર્મ નિરુપણ પ્રકરણ) - ૪/૧૧૧-૧૧૬.

૯૯. राजानमुत्तिष्ठमानमनूतिष्ठन्ते भृत्याः ।
प्रमाद्यन्तमनुप्रमाद्यन्ति तस्मादुत्थानमात्मनः कुर्वीत ॥ - કૌ. અર્થ. - ૧/૧૬.

પ્રગતિ-ઉત્થાન જ અર્થનું મૂળ છે. ઉત્થાનશીલ ન થવાથી રાજા જે કાંઇ પ્રાપ્ત કરે છે, તેમનો પણ વિનાશ થઇ જાય છે.[૧૦૦] કૌટિલ્યના મતે વિદ્યાવિનીત રાજા જ આ પૃથ્વીનો ઉપભોગ કરી શકે છે.[૧૦૧]

સ્મૃતિઓમાં રાજાને માટે જિતેન્દ્રિય તેમજ આત્મનિયંત્રિત હોવાનું જરૂરી બતાવ્યું છે. મનુના મતાનુસાર રાજાએ રાત-દિવસ ઇન્દ્રિયોને વશ કરવામાં તત્પર રહે. માત્ર જિતેન્દ્રિય રાજા જ પ્રજાને પોતાના વશમાં રાખી શકે છે. કામ અને ક્રોધથી ક્રમશઃ દશ તેમજ આઠ વ્યસનોની ઉત્પત્તિ થાય છે. રાજાએ આ વ્યસનોથી બચવું જોઇએ. કામ જેવા દુર્વ્યસનમાં ફસાઇ જવાવાળા રાજાનો ધર્મથી સંયોગ સમાપ્ત થઇ જાય છે અને ક્રોધ દ્વારા ઉત્પન્ન વ્યસનોમાં ફસાઇ રાજા પોતે પોતાને ભૂલી જાય છે.[૧૦૨]

શુક્રનીતિમાં પણ રાજાને આત્મનિયંત્રિત રહેવાની સલાહ અપાઇ છે. શુક્રાચાર્યના મતાનુસાર વિષયરૂપી ઝેર (આમિષ-અમૃત) ના લોભથી મન ઇન્દ્રિયોને વિષયાસક્તિ માટે પ્રેરિત કરે છે.[૧૦૩] માટે રાજાએ પ્રયત્નપૂર્વક ઇન્દ્રિયો અને મનને વશમાં કરી જિતેન્દ્રિય બનવું જોઇએ. જે વ્યક્તિ પોતાના મનને વશમાં કરવામાં નિષ્ફળ જાય, તે સમુદ્ર પર્યન્ત પૃથ્વીનું શાસન કેવી રીતે કરશે? વિષય તો ઝેર સમાન છે. જો એક ઇન્દ્રિયની પણ વિષયમાં આસક્તિ થઇ જાય તો કેવી રીતે બચી શકાય ?[૧૦૪] શુક્રાચાર્યના મતાનુસાર કોઇ વ્યક્તિ માત્ર એ કારણ રાજા નથી બનતા કારણ કે રાજકીય યાન પર આરુઢ છે. કેવળ સ્વધર્મ પાલન કરવાવાળા તથા કર્તવ્યનિષ્ઠ રાજા જ વાસ્તવિક રાજા છે. શુક્રની એ સ્પષ્ટ ઘોષણા છે કે રાજા કેવળ પરોપદેશ આપવાવાળા ન હોય, પરંતુ તે પોતાના જીવન ચરિત્રમાં તે ગુણોને ઉતારે અને પ્રજાવર્ગને પણ તેમાં પ્રવૃત કરાવે.[૧૦૫] શુક્રએ અનેક વિષયાસકત

---

૧૦૦. કૌ. અર્થ. - ૧/૧૮.

૧૦૧. विद्याविनीतो राजा हि प्रजानां विनये रतः ।
अनन्यां पृथिवीं भुङ्क्ते सर्वभूते हिते रतः ॥ - કૌ. અર્થ. - ૧/૨.

૧૦૨. મનુસ્મૃતિઃ - ૭/૪૪-૪૬.

૧૦૩. શુ. ની. - ૧/૯૯-૧૦૦.

૧૦૪. एकैकशो विनिध्नन्ति विषया विषसन्निभाः ।
किं पुनः पच्चमिलता न कथं नाशयन्ति हि ॥ - શુ. ની. - ૧/૧૦૭.

૧૦૫. आत्मानं प्रथमं राजा वियेनोपयादयत् ।
ततः पुत्रांस्ततोऽमात्यांस्ततो भृत्यांस्ततः प्रजाः ॥
परोपदेशकुशलः केवलो न भवेन्नृपः ॥ - એજન - ૧/૯૨-૯૩.

રાજાઓની દુર્દશાનું વર્ણન કર્યું છે. તેમના અનુસાર યુધિષ્ઠિર, નલ, ઇન્દ્ર, દંડક, નહૂષ, રાવણ વગેરે રાજા દ્યૂત (જુગાર) કે સ્ત્રી વ્યસનના કારણે નાશ થઇ ગયા હતા.[૧૦૬]

આ પ્રકારે શુક્રાચાર્યે પોતાની વિચારધારામાં મહાભારતના[૧૦૭] રાજધર્મના વિચારોનો સમાવેશ કર્યો છે. સજ્જનોની રક્ષા તેમજ દુર્જનોના દમનના મહાભારતનો સિદ્ધાંત મૂલતઃ શુક્રની ધારણાઓમાં સમાવિષ્ટ થઇ ગયો છે. રાજાને રાજયના મહાન સેવક માની શુક્રાચાર્યે મનુની જેમ તેમના કર્તવ્યો તેમજ જવાબદારીઓમાં ઘણી વૃદ્ધિ કરી છે. બન્ને વિચારકોની ધારણાનો સારાંશ શુક્રાચાર્યના શબ્દોમાં એ છે કે પ્રજાપાલનમાં જ રાજાનું સૌથી મહાન કર્તવ્ય છે, શુક્રાચાર્ય અનુસાર બ્રહ્મા એ રાજાને પ્રજાનો સેવક બનાવ્યો છે.[૧૦૮] પ્રજાને અપાયેલ સંરક્ષણના બદલામાં એમને જીવિકા મળે છે. ભીષ્મ તેમજ મનુની જેમ શુક્રએ રાજાની દૈવી ઉત્પત્તિની ધારણામાં માન્યુ છે કે - રાજા પ્રજાનો સ્વામી તેમજ સેવક છે. જયાં એક તરફ રાજા પ્રજાની સેવાના બદલામાં કર મેળવે છે, તો બીજી તરફ તેમની ઉપર ઇશ્વર દ્વારા પ્રજારક્ષણની જવાબદારી પણ સોંપાઇ છે.[૧૦૯]

## (૭) રાજાના વિવિધ કાર્યો :-

શુક્રાચાર્ય તેમજ કામન્દકે રાજાના કાર્યોનું ક્ષેત્ર અત્યંત વિસ્તૃત માન્યું છે. શુક્રાચાર્યના મતાનુસાર રાજય અને પ્રજાની નૈતિક તેમજ આર્થિક પ્રગતિના પ્રાયઃ બધા કાર્યો રાજા દ્વારા જ સંપાદિત કરવા જોઇએ. તેમણે શાસનના કાર્યક્ષેત્રમાં અનેક સાધારણ કાર્યોને પણ સામેલ કર્યા છે, જેમકે માર્ગનું નિર્માણ, ભવનોનું નિર્માણ, સડકોની વાર્ષિક મરામત, યાત્રિકોની ડાકુઓથી રક્ષા, પ્રત્યેક બે ગામ

---

૧૦૬. नत्नधर्मप्रभुतयः सुद्यूतेन विनाशिता ।
सकापटयं धनायालं द्यूतं भवति तद्विदाम् ॥
व्यायच्छन्तश्च वहवः स्त्रीषु नाशं गतां अमी ।
इन्ददण्डकयनहुषरावणाद्या सनृपा हयतः ॥ - શુ. ની. - ૧/૧૦૯, ૧/૧૧૩.

૧૦૭. अशिष्टनिग्रहो नित्यं शिष्टस्य परिपालनम् ।
एवं शुक्रऽब्रवीद्धीमानाप्सु भरर्तभ ॥ - મ. ભા. શાંતિપર્વ.

૧૦૮. स्वभागभृत्या दासत्वे प्रजानां च नृपः कृतः ।
ब्रह्मण स्वामिरुपस्तु पालनार्थं हि सर्वदा ॥- શુ. ની. - ૧/૧૧૮.

૧૦૯. Ghoshal V. N. - History of Indian Political Ideas - P. - 502.

વચ્ચે એક આરામગૃહ, વૃક્ષારોપણ વગેરે રાજાએ માપ-તોલની છેતરપીંડી પર ધ્યાન રાખવું. ખાવાના સાધનોને ભેળસેળથી દૂર રાખવા આ સિવાયા રાજાએ જુગારી, મદ્યપાન, શિકાર વગેરે ઉપર કાબુ રાખવો જોઇએ અને કોઇપણ વ્યક્તિને હથિયાર રાખવા માટે પરવાનગી આપવી જોઇએ. રાજાએ વૈદ્યોના વ્યવસાય ઉપર નિયંત્રણ રાખવું જોઇએ. માદક પદાર્થો, ઝેર, સોનુ, ચાંદી, હીરા, અચલ સંપત્તિ, ગાય, હાથી, ઘોડા, ઊંડ વગેરેની ખરીદ-વેચાણ ઉપર નજર રાખવી જોઇએ તથા સેવકોના વેચાણ ઉપર પણ નજર રાખવી એ પણ રાજાનું કર્તવ્ય છે. તેણે કલા અને વિજ્ઞાનને પ્રોત્સાહન આપવું જોઇએ અને તેમાં વિશેષ પારંગત લોકોને પારિતોષિક તેમજ સન્માન આપવું જોઇએ - આ સિવાય રાજયના નૈતિક તેમજ ધાર્મિક જીવન તરફ પણ યોગ્ય ધ્યાન આપવાનું રાજાનું કર્તવ્ય છે. રાજાએ દેવાલયોનું નિર્માણ કરવું અને પ્રજામાં રાજયની આવકનો ચોથો ભાગ દાન વગેરેમાં વાપરવો જોઇએ. રાજાએ પ્રજાના ઉત્સવોનો હમેંશા આદર કરવો જોઇએ અને પ્રજાના આનંદથી આનંદિત તથા દુઃખથી દુઃખી થવું જોઇએ. દુર્જનોને યોગ્ય દંડ આપવો એ પણ રાજાનું કાર્ય છે.[૧૧૦]

શુક્રાચાર્યે રાજાને કેટલાક વ્યાવહારિક ઉપદેશો આપી તેના પાલન પર ભાર મૂકયો છે.[૧૧૧] શુક્રાચાર્યના મતાનુસાર રાજા સભ્ય, અધિકારી, મંત્રીઓ તેમજ સભાસદોના મતમાં હમેંશા સ્થિર રહે, રાજા કોઇપણ કાર્યનું ખોટુ બહાનું કાઢી પ્રજાના ધનનું અપહરણ ન કરે, ભૂલી જવું માનવનો સ્વભાવ છે. એટલા માટે લેખ જ શ્રેષ્ઠ નિર્ણાયક છે, જો રાજા લેખ વિના કોઇ આજ્ઞા આપે છે અને જો અધિકારી લેખિત વિના આજ્ઞાનું કોઇ કાર્ય કરે તે ચોર છે. રાજાની મુદ્રાવાળા લેખ જ રાજા છે, રાજા રાજા નથી. રાજાએ નગરો, ગામો તેમજ પ્રદેશોના પ્રત્યેક વર્ષે નિરીક્ષણ કરી તેની માહિતી મેળવવી જોઇએ કે - અધિકારીઓએ કોને પ્રસન્ન કર્યા અને કોને દુઃખી કર્યા, તેનાથી અધિકારીઓના આચરણનો વિચાર કરે. રાજાએ અધિકારીઓનો પક્ષપાત ન કરતાં પ્રજાના પક્ષે નિર્ણય લેવો જોઇએ. જે અધિકારીની

૧૧૦. શુક્રનીતિઃ - અધ્યાય -૪.

૧૧૧. એજન - ૨/૩, ૨/૨૨૬, ૧/૨૮૩, ૧/૩૭૩, ૧/૩૭૪, ૧/૩૭૫, ૧/૩૭૬.

સૌ લોકો નિંદા કરે કે તેનાથી અસંતુષ્ટ હોય તે અધિકારીને પદમુક્ત કરી દેવા જોઇએ. રાજા જો એકવાર અમાત્યનો અપરાધ જુએ તો તેને પણ એકાંતમાં દંડ આપે અને જો અપરાધ કરવો એનો અભ્યાસ થઇ ગયો હોય તો તેને બહાર કાઢી મૂકે. રાજાએ અન્યાયિકોનું રાજય અને સર્વસ્વ હરણ કરી લેવું જોઇએ.

**॥ સમાપ્ત ॥**

# ❈ પ્રકરણ - ૧૦ ❈

## ❈ 'અમાત્યાદિ વિચાર' :-

ઉપપ્રકરણ : (૧૦-૧) અમાત્ય, મંત્રી અને સચિવ એ પદ વિચાર

(૧૦-૨) અમાત્યની મહત્તા અને તેના ગુણો

(૧૦-૩) અમાત્યનો વર્ણ અને અમાત્યની આનુવંશિકતા

(૧૦-૪) અમાત્યની પરીક્ષા

(૧૦-૫) અમાત્યનાં કાર્યો

(૧૦-૬) મંત્રીપરિષદ્

(૧૦-૬-૧) મંત્રીપરિષદ્‌ના સભ્યોની યોગ્યતા

(૧૦-૬-૨) રાજાની દશ પ્રકૃતિ, તેના ગુણો

(૧૦-૬-૩) પગાર સંબંધી વિચાર

(૧૦-૭) રાજકીય પદાધિકારીઓની નિયુક્તિ વગેરેનો વિચાર

(૧૦-૭-૧) નિયુક્તિ

(૧૦-૭-૨) બઢતી

(૧૦-૭-૩) છૂટા કરવા

(૧૦-૭-૪) નિવૃત્તિ

(૧૦-૭-૫) બદલી

(૧૦-૮) યુવરાજ - રાજકુમાર

## ❑ અમાત્યાદિ વિચાર :-

### ❖ પૂર્વભૂમિકા :-

રાજયમાં - નૃપતંત્રમાં સૌ પ્રથમ સ્થાન સ્વામી - રાજાનું છે અને પછીનું સ્થાન અમાત્ય ધરાવે છે. રાજાના અનેકવિધ કાર્યો છે. તે ગમે તેટલો મતિમાન અને સમર્થ હોય તો પણ એકલો, કોઇની સહાય વિના આ કાર્ય કરી ન શકે. તેને સહાયકની આવશ્યકતા રહે છે. તેથી જ તો શુક્રે કહ્યું છે કે -

''यद्यप्यल्पतरं कर्म तदप्येकेन दुष्करम् ।
पुरुषेणासहायेन किमु राज्यं महोदयम् ॥''[१]

કૌટિલ્યે આ બાબત સુંદર રીતે સમજાવી છે. રથ એક પૈંડાથી ચાલતો નથી, રાજકાર્ય સહાયથી જ પાર પડે છે, માટે સચિવો નીમવા, તેમના મત સાંભળવા.[२] 'મહાભારત' અનુસાર નાનું એવું કાર્ય પણ એક અસહાય વ્યક્તિ દ્વારા સાધવું દુષ્કર છે તો પછી સહાયહીન રાજા દ્વારા રાજયનું કાર્ય કેમ સાધી શકાય ?[३] તો વળી મનુ પણ મંત્રીઓની સહાયની આવશ્યકતાના સંદર્ભમાં કહે છે કે -

''अपि यत्सुकरं कर्म तदप्येकेन दुष्करम् ।
विशेषतोऽसहायेन किंतु राज्यं महोदयम् ॥''[४]

જે કાર્ય સહેલું હોય તે પણ એકલાએ કરવું મુશ્કેલ હોય છે, તો મહાફળવાળુ રાજય તો સહાય વિના એકલાએ ચલાવવું, એ વધારે મુશ્કેલ કેમ ન હોય ? ગ્રંથકાર પોતે જ શુક્રનીતિમાં અમાત્યની મહત્તા સમજાવતા કહ્યું છે કે અમાત્ય વિના ત્રણ દિવસ પણ રાજયશાસન શકય નથી. મંત્રી વિના એકલા રાજાએ મંત્ર નિર્ણય ન કરવો. ખરાબ સહાયકોથી રાજા પોતાના ધર્મ તેમજ રાજયથી પતિત થઇ જાય છે. જેવી રીતે કુત્સિત સહાયક તેમજ પોતાના કુકર્મોથી દૈત્યો વગેરેનો નાશ થયો. પ્રચંડ પરાક્રમી તેમજ અત્યંત શક્તિશાળી હોવા છતાં પણ કુપરામર્શના કારણે દુર્યોધન આદિ રાજાનો પણ વિનાશ થયો હતો. તેથી શુક્ર કહે છે કે રાજાએ નિરભિમાની

---

૧. शुक्रनीति २/१ चौखम्बा सुरभारती प्रकाशन - पृ. १४७.
૨. કૌટિલ્ય અર્થશાસ્ત્રમ્ - ૧/૭/૯.
सहायसाध्यं राजत्त्वं चक्रमेकं न वर्तते ।
कुर्वीत सचिवांस्तस्मात्तेषां शुणुवान्मतम् ॥
૩. મહાભારતમ્ શાંતિપર્વ - ૮૧/૧.
૪. મનુસ્મૃતિઃ - ૭/૫૫.

તેમજ કુશળ સહાયકોથી યુક્ત રહેવું.[૫] વધુ મહત્તા દર્શાવતા જણાવ્યું છે કે - યુવરાજ અને મંત્રીમંડળ એ બન્ને ક્રમશઃ રાજાના ડાબો-જમણો હાથ છે. આ બન્ને રાજાના બે કાન, બે આંખો કહેવાય છે. યુવરાજ અને મંત્રીમંડળ વિના રાજા હાથ, કાન અને આંખ વિનાના છે. તેથી રાજય સંચાલન માટે બન્નેની આવશ્યકતા છે.[૬]

રાજયાંગના નિરુપણમાં શુક્ર મંત્રીને બીજા ક્રમે મૂકે છે. એક રૂપકમાં મંત્રી (અમાત્ય) ને રાજયની આંખ સાથે સરખામણી કરી છે.[૭] આ રૂપકનું ઔચિત્ય સ્વીકારી શકાય, અમાત્ય રાજયની વિભિન્ન બાબતો જુવે છે, આથી તેને રાજયનું નેત્ર છે એમ કહ્યું છે. વળી અન્યત્ર રાજયને વૃક્ષનું રૂપક આપ્યું છે તેમાં મંત્રીઓ તે વૃક્ષનું થડ માનેલ છે.[૮] આમ શુક્ર પૂર્વે અને પછી મંત્રીને કે અમાત્યને ઘણુ મહત્ત્વ આપ્યું છે. શુક્રનીતિનો અભ્યાસ પ્રતીતિ કરાવે છે કે - શુક્ર પણ આ વિચારધારાના સમર્થક છે.

### (૧) અમાત્ય, મંત્રી અને સચિવ એ પદવિચાર :-

પ્રાચીન ભારતમાં રાજાના સહાયકો માટે અમાત્ય, મંત્રી, સચિવ, પ્રધાન, સહાય વગેરે શબ્દો પ્રચલિત હતા.[૯] ઘણીવાર આ શબ્દો એકમેકના પર્યાયરૂપ પ્રયોજાયા છે. આ શબ્દોના અર્થ જોઇએ તો - સહાયક રાજાની સાથે (સમીપ) રહે છે માટે તે અમાત્ય છે. અમરકોશ અનુસાર એટલે સહ, સમીપ.[૧૦] આથી અમાત્યનો અર્થ સમજાય છે. મંત્રીન્ શબ્દ અતિ સુસ્પષ્ટ છે. રાજા સાથે જે સહાયક મંત્રણા કરે છે તે મંત્રી છે.

मन्त्रः कर्तव्यावधारणमस्त्यस्य मन्त्री ।[૧૧]

સચિવ શબ્દના મૂળમાં 'सच्' ધાતુ રહેલો છે જેનો અર્થ સારી રીતે જાણવું, સમજવું એમ થાય છે. સહાયક રાજકાર્યને સારી રીતે જાણે છે, સમજે છે માટે તે સચિવ કહેવાય છે.

---

૫. શુક્રનીતિઃ - ૨/૧૦, ૧૧.
૬. એજન - ૨/૧૨, ૧૩.
૭. એજન - ૧/૬૧, ૬૨.
૮. એજન - ૫/૧૨.
૯. અમરકોશ - ૨/૮૪; ૩/૩/૨૦૬.
૧૦. अमा भवो अमात्यः । એમ ક્ષીરસ્વામી કહે છે.
નામલિંગાનુશાસનમ્ સં. ઓક કે. જી. - પૃ. ૨૨૬.
૧૧. એજન - પૃ. ૨૨૬.

सचति समवेति सचिवः ।[१२]

કા.ની. ૪-૨૪ પર ઉ.નિ. ટીકા સમજાવે છે કે તેમ સહાયક રાજાની સાથે રહી કાર્ય સંપાદન કરે છે. માટે તે સચિવ છે. આ વ્યુત્પત્તિમાં અહીં સચિવ અને અમાત્યને પર્યાય ગણેલ છે. અમાત્યને માટે સહાય શબ્દ પણ છે. ક્ષીરસ્વામી અનુસાર અમાત્ય રાજાની સાથે ગતિ કરે છે માટે તે સહાય છે, -

सह अयते सहायः कर्मसचिवः ।[१३]

શુક્રનીતિમાં અમાત્ય, મંત્રી અને સચિવ એ શબ્દોનો વિશેષ પ્રયોગ થયેલો છે. અમાત્ય (૨-૮૬), મંત્રી (૨-૮૫), સચિવ (૨-૯૪) પ્રધાન (૨-૮૪). અહીં વિશ્વદષ્ટા અથવા દરેક વસ્તુનું સૂક્ષ્મ નિરીક્ષણકર્તા તે પ્રધાન છે, તેના અર્થમાં લીધેલ છે. સહાયક (૨-૧, ૧૦,૧૧), સહાયવાન (૨-૫૧). રાજાની દશ પ્રકૃતિઓમાં પ્રધાન, સચિવ, મંત્રી અને અમાત્યનો સમાવેશ કરવામાં આવેલ છે.[૧૪] શુક્ર શુક્રનીતિમાં અન્યના મતાનુસાર આઠ પ્રકૃતિઓ છે. તેવો ઉલ્લેખ કરે છે, તેમાં સત્પરામર્શદાતા, વિદ્વાન, રાજયપ્રમુખ, સચિવ, સહાયક, ન્યાયધીશ, મંત્રી અને રાજપ્રતિનિધિ.[૧૫] વળી ગ્રંથકાર સૈન્ય વિજ્ઞાનમાં નિપુણ વ્યક્તિ 'સચિવ', નીતિશાસ્ત્રનો જાણકાર તેમજ તદનુસાર વ્યવહાર કરનાર કુશળ વ્યક્તિ 'મંત્રી' તથા દેશ અને સમયના વિષયમાં સારી જાણકારી રાખવાવાળા પુરુષને 'અમાત્ય' કહે છે.[૧૬] આમ ગ્રંથકારની આ બધી અનુક્રમે કહેલી બાબતને ધ્યાનમાં લેતા સ્પષ્ટ થાય છે કે સચિવ અને અમાત્ય અહીં તેઓએ પર્યાય ગણેલ નથી. પરંતુ કોઇક જગ્યાએ અમાત્યને સચિવના પર્યાયના રૂપમાં લીધેલ હોય આથી ઉપર્યુકત બાબત વિશેષ દઢ થાય છે. અમાત્ય - સચિવને પર્યાય સમજવામાં શબ્દકોશનું પણ અનુમોદન મળે છે.[૧૭]

'सचिवो भृतकेऽमात्ये इति हेमः ।'

આમ અમાત્ય, સચિવ, મંત્રી શબ્દના પ્રયોગમાં એકવાકયતા - એકમત

---

૧૨. એજન - પૃ. ૨૨૬ ક્ષીરસ્વામી.

૧૩. એજન - પૃ. ૨૨૬.

૧૪. શુક્રનીતિઃ - ૨/૬૯, ૭૦.

૧૫. એજન - ૨/૭૩.

૧૬. એજન અનુક્રમે - ૨/૮૪, ૮૫, ૮૬.

૧૭. મલ્લિનાથે રઘુ. ૪-૮૭ માં પ્રયુક્ત સચિવ શબ્દનો અર્થ અમાત્ય કર્યો છે.

જણાતો નથી. વિરોધાભાસ નજરે ચઢે છે. પરંતુ ગ્રંથકાર અહીં મંત્રી, અમાત્ય તથા સચિવને અલગ-અલગ રીતે તેના કાર્યો, તેની ફરજો વગેરે સંદર્ભે નિર્દેશ કરે છે. છતાં બીજા ગ્રંથકાર અથવા ટીકાકારના મતાનુસાર અમાત્યના બે વિભાગ જોઇ શકાય [૧૮] (૧) રાજાની આજ્ઞા - નિયમોનો રાજયના અમલ કરાવનાર અમાત્ય કે કર્મામાત્ય અને (૨) રાજયકાર્યમાં રાજાને સલાહ આપનાર તે બુદ્ધયમાત્ય. તેમને અનુક્રમે કર્મસચિવ અને ધીસચિવ કે બુદ્ધિસચિવ પણ કહ્યા છે. આ કર્મસચિવ એટલે અમાત્ય અને ધીસચિવ એટલે મંત્રી. શુક્રે એક રૂપકમાં (અમાત્ય) મંત્રીને રાજયની આંખ કહેલ છે.[૧૯] તે પણ સૂચક છે. ગ્રંથકારે રાજયાંગના નિરુપણમાં અમાત્યને મંત્રીના અર્થમાં લીધેલ છે. જયારે (૨-૬૯-૭૦) માં રાજાની દશ પ્રકૃતિઓમાં અમાત્ય અને મંત્રી અલગ-અલગ દર્શાવેલ છે. શ્રી આ. ર. પી. કાંગલેને કૌટિલ્ય અર્થશાસ્ત્રમાં પણ અમાત્ય અને મંત્રીએ શબ્દ પ્રયોગમાં ગુંચવાડો જણાયો છે. કયાંક અમાત્ય મુખ્યમંત્રી છે, કયાંક કયાંક મંત્રી પછીનો દરજ્જો ધરાવનાર અધિકારી છે. - "It is Possible that the Amatya was originally the rulers Personal Compenion and was not formelly connected with state administration, thought in importence next only to the King. The Mantrin Seems to have been Primarily a Counsellor who, because of his training and Knowledge could give expert advice on state affairs. In this capacity he seems to have early taken over the work of actval administraion. When that happened, the term amatya Seems to have lost its Primary and come to designate officers other than the mantrin the confusion in the Use of the two terms May be due to the Circumstance that the text has Preserved the terminology of its Sources, Probably representing different Stages in this Process of development."[૨૦]

આમ ઉપર્યુકત ઉલ્લેખ અનુસાર શુક્ર હમેંશા અમાત્ય અને મંત્રીને સમાનાર્થી

---

૧૮. કામંદકીય નીતિસાર - ૯/૭૧ પર જ. મ. ની ટીકા.

૧૯. શુક્રનીતિઃ - ૧/૬૨.

૨૦. Cr. Kangle R. P, "the Kautiliya Arthasastra" Part - III - P. 133-134.

ગણતા નથી. અમાત્ય અને મંત્રી તેના વિશિષ્ટ - ચોક્કસ અર્થમાં જુદા-જુદા પદ છે જ. આથી કોઇ એક સામાન્ય સંજ્ઞાથી તેમનો નિર્દેશ કર્યો નથી.

**(૨) અમાત્યની મહત્તા અને તેના ગુણો :-**

રાજનીતિવિચારકોએ વ્યવહાર અને સિદ્ધાંત ઉભયનો પૂરો ખ્યાલ કરીને અમાત્યની આવશ્યકતા અને મહત્તા પ્રતિપાદિત કરી છે. અમાત્ય રાજાને માત્ર સહાયકર્તા જ નથી પરંતુ સશકત રાજયના સપ્ત અંગોમાં તે એક મહત્ત્વનું અંગ છે. શુક્રનીતિમાં પણ અમાત્યનું ગૌરવભર્યું સ્થાન અવિકલ રહ્યું છે. અમાત્યની મહત્તા દર્શાવતા શુક્ર રાજયની 'આંખ' સાથે સરખામણી કરી છે. આથી તેની મહત્તા સ્વીકારી શકાય કે અમાત્ય રાજયની વિભિન્ન બાબતો જુવે છે. આથી તેને રાજયનું નેત્ર કહ્યું છે. વધુ મહત્તા દર્શાવવા અમાત્યને વૃક્ષના થડ સાથે સરખામણી કરી છે.[૨૧] આમ અમાત્યનું મહત્ત્વ અનેકવિધ પ્રદર્શિત કર્યું છે.

અમાત્યની નિયુક્તિ બાબતમાં રાજા જો દુર્લક્ષ સેવે તો તેને પોતાને વ્યક્તિગત અને રાજયને ભારે હાનિ પહોંચે તેથી રાજાએ નિરભિમાની તેમજ કુશળ સહાયકથી યુક્ત રહેવું તેવો નિર્દેશ ગ્રંથકાર કરે છે.[૨૨] વળી ગ્રંથકાર કહે છે કે - પુરોહિતાદિની સલાહ વિના રાજા કાર્ય કરે તો એમના રાજયનો નાશ અવશ્ય થાય છે માટે પ્રધાનપુરુષો યોગ્ય સલાહ દેવાવાળા હોવા જોઇએ.[૨૩] જે પ્રધાન પુરુષોની સલાહથી રાજાનું રાજય, પ્રજા, સેના, કોશ અને સુરાજય સંચાલનની અભિવૃદ્ધિ થતી નથી તેવા પ્રધાનો પ્રત્યે ગ્રંથકાર દુર્લક્ષ્ય સેવે છે.[૨૪] અમાત્યાદિની નિયુક્તિ સમજી વિચારીને કરવી જોઇએ તેનો નિર્દેશ કરતા કહે છે કે - યુવરાજ અને અમાત્યાદિ મંત્રીમંડળ એ બન્ને ક્રમશઃ રાજાના ડાબો-જમણો હાથ છે એજ ક્રમમાં એ બન્ને રાજાને બે કાન અને બે આંખ કહી છે. યુવરાજ અને મંત્રીમંડળ વિના રાજા હાથ, કાન અને આંખ વિનાના છે, તેથી રાજય સંચાલન માટે અમાત્યાદિ મંત્રીમંડળની નિયુક્તિ રાજાએ સમજી વિચારીને કરવી જોઇએ અન્યથા મોટુ અનિષ્ટ આવી શકે.[૨૫] મંત્રીમંડળ - અમાત્યાદિના ગુણોના સંદર્ભમાં ગ્રંથકાર સ્પષ્ટતા કરે છે કે

---

૨૧. શુક્રનીતિ અનુક્રમે - ૧/૬૨, ૫/૧૨.
૨૨. એજન - ૨/૧૧.
૨૩. એજન - ૨/૮૧.
૨૪. એજન - ૨/૮૩.
૨૫. એજન - ૨/૧૨, ૧૩.

- સત્યવાદી, ગુણી, કુલીન, ધની, અભિજાત, સુશીલ, સત્કર્મી, ઉદ્યમી, મન, વચન અને શરીરથી પ્રયત્નપૂર્વક માલિકનું કામ કરવાવાળા, માસિક પગારથી સંતુષ્ટ, મધુરભાષી, કાર્યકુશળ, પવિત્ર, દઢતાથી કાર્ય કરવા વાળા, પરોપકાર કરવામાં નિપુણ, અપકારથી વિમુખ, સ્વામીની સાથે અપરાધ કરવામાં પ્રવૃત, એમના પુત્ર તથા પિતાની ઉપર પણ નજર રાખવાવાળા, અનીતિ પથ પર ચાલતા રાજાને સદૈવ સાચો રસ્તો બતાવવામાં પ્રયત્નશીલ, સારા કામોમાં ઝડપ અને ખરાબ કામોમાં સમય લગાડવા વાળા, માલિકની પત્ની, પુત્ર અને મિત્રોના દોષોને કયારેય ન જોવા વાળા, સ્વામીના સંબંધીઓની પત્ની, એમના પુત્ર તેમજ બંધુ બાંધવો પ્રત્યે પણ સ્વામીની જેમ આદર-સન્માન કરવા વાળા, કોઈની નિંદા ન કરવા વાળા, બીજાના અધિકાર મેળવવામાં લાલસા ન રાખવા વાળા, આવક અનુસાર ખર્ચ કરવાવાળા, જિતેન્દ્રિય, દયાળુ, પ્રચંડ પરાક્રમી તથા એકાંતમાં સ્વામીને તેમના દોષો બતાવવા વાળા સેવકો ઉત્તમકોટિના હોય છે.[૨૬] આમ સહાયકોના આવશ્યક ગુણોની એક લાંબી યાદી ગ્રંથકારે આપી છે. તેની સાથે તેનાથી વિપરીત ગુણોવાળા સહાયકો નિંદનીય છે. તેમાં અલ્પ વેતન ભોગી, હમેંશા અપરાધ કરવાને કારણે દંડથી દુઃખી, ક્રુર, કાયર, લોભી, ચાડી કરનાર, શરાબી, લંપટ, રોગી, ઘુસણખોર, જુગારી, નાસ્તિક, કપટી, અસત્યવાદી, બીજાના ગુણોમાં દોષ જોનાર, અપમાનિત, પોતાની કઠોર વાતોથી બીજાને વશ કરનાર, દુશ્મનોનો નોકર-મિત્ર, પાછળની દુશ્મનાવટને યાદ રાખવા વાળો, પાપી આ સારા સહાયકો હોતા નથી.[૨૭]

### (૩) અમાત્યનો વર્ણ અને અમાત્યની આનુવંશિકતા :-

પ્રાચીન ભારતમાં સામાન્યતયા એવી પરંપરા હતી કે ક્ષત્રિય રાજા હતા અને બ્રાહ્મણો સલાહકાર કે મંત્રીઓ. અલબત્ત, એમાં અપવાદ અવશ્ય હતા. પાણિનિના સૂત્રોમાંથી સંકેત મળે છે કે બ્રાહ્મા મંત્રી હતા. ડૉ. વાસુદેવ શરણ અગ્રવાલ નિષ્કર્ષ પર આવ્યા છે કે મંત્રીપદ સાથે બ્રાહ્મણત્વ અને આર્યત્વ જોડાયેલા છે એમા પાણિનિ માને છે.[૨૮] રામાયણ અનુસાર મંત્રી

૨૬. એજન અનુક્રમે - ૨/૫૬ થી ૬૪.
૨૭. એજન અનુક્રમે - ૨/૬૫ થી ૬૮.
૨૮. અષ્ટાધ્યાયી ૬/૨/૫૮, ૫૯ ના આધારે શ્રી વાસુદેવ શરણ અગ્રવાલ આમ માને છે. જુઓ - 'पाणिनिकालिन भारतवर्ष' - પૃ. ૩૯૧.

બ્રાહ્મણ હતા.[૨૯] સ્મૃતિઓ મંત્રીનિયુક્તિમાં બ્રાહ્મણને પ્રાધાન્ય આપે છે.[૩૦] પરંતુ મહાભારતમાં બ્રાહ્મણ મંત્રીઓ ઉપરાંત અન્ય વર્ણોના મંત્રીઓની નિયુક્તિનો સ્પષ્ટ નિર્દેશ મળે છે.[૩૧] શુક્રનીતિમાં શુક્ર અમાત્ય, મંત્રી કે સચિવ આદિ સહાયકોની વર્ણ કે જાતિમાં માનતા નથી. તે તેમના નિર્દેશ પરથી ખ્યાલ આવે છે. તેઓના મતાનુસાર તેમના કાર્યો, વ્યવહાર અને ગુણોથી મનુષ્ય જેટલો પૂજનીય હોય છે, એટલો જાતિ અને કુળથી નહીં કારણ કે શ્રેષ્ઠતા જાતિ કે કુળથી જ પ્રાપ્ત કરી શકાતી નથી. કુળ અને જાતિનો વિચાર તો માત્ર વિવાહ અને ભોજનમાં કરવામાં આવે. સત્યવાદી, ગુણી, કુલીન, ધની, અભિજાત, સુશીલ તથા સત્કર્મી સહાયક પોતાનું કાર્ય કરે છે. એનાથી વધુ પોતાના સ્વામીનું કાર્ય સંપન્ન કરે છે.[૩૨] આમ આ નિર્દેશ પરથી કહી શકાય કે અમાત્ય કુલીન, ગુણી, આભિજાત હોવા જોઇએ આ શબ્દો ઉચ્ચ કુળ, બ્રાહ્મણ કે અન્ય ઉત્તમ કુળનો હોય તેને અભિપ્રેત હોઇ શકે. આ ઉપરાંત ગ્રંથકાર પર સહાયકોની નિયુક્તિના સંદર્ભ પરથી કહી શકાય કે 'રાજયના અભ્યુદય માટે કુલીન, ચારિત્ર્યવાન, વીર, રાજભક્તિ, મધુરભાષી, હિતકાર ઉપદેષ્ટા, સહિષ્ણુ, સદૈવ ન્યાયપ્રિય વગેરે ગુણો યુક્ત મનુષ્યોને પોતાના સહાયકના રુપમાં ઉચ્ચપદ પર નિયુક્તિ કરે.[૩૩] આના પરથી કહી શકાય કે સચિવ કુલીન અને કુલાન્વિત હોવો જોઇએ એવો મત પ્રદર્શિત થાય છે.

રાજાની જેમ અમાત્યપદ વંશપરંપરાગત હતું ખરું ? એવો પ્રશ્ન અવશ્ય થાય. ગુપ્ત યુગમાં તેવા ઉદાહરણો મળે છે.[૩૪] પરંતુ મંત્રી કે અમાત્યનું પદ આનુવંશિક હતું તેવો સ્પષ્ટ નિર્દેશ કે ગર્ભિત ઇશારો ગ્રંથકારે આ ગ્રંથમાં કર્યો નથી.

## (૪) અમાત્ય પરીક્ષા :-

ગ્રંથકાર અમાત્ય, મંત્રી કે સચિવની પરીક્ષાના સંદર્ભમાં સ્પષ્ટપણે નિર્દેશ કરતાં નથી. પરંતુ તેમના નિર્દેશોના આધારે કહી શકાય કે અમાત્યાદિ ઉચ્ચ સહાયકો

૨૯. Sharma Ramashraya, "Socio - Political Study of Valmiki Ramayana" - P. 319.
૩૦. अलतेकर ए. एस. ''प्राचीनभारतीय शासन पद्धति'' - પૃ. ૧૩૨.
૩૧. મહાભારતમ્ શાંતિ. - ૮૫-૭, ૮.
૩૨. શુક્રનીતિઃ - ૨/૫૫ થી ૫૭.
૩૩. એજન - ૨/૭ થી ૯.
૩૪. Dikshitar V. R. R., "Gupta Polity", P. 150.

કુલીન, સહિષ્ણુ વગેરે ગુણો યુક્ત વ્યક્તિઓને જ ઉચા પદ પર નિયુકત કરવા જોઇએ.[૩૫] અમાત્યની બે રીતે પરીક્ષા થવી જોઇએ. ( ૧ ) ભાવ પરીક્ષા અને ( ૨ ) ગુણપરીક્ષા. કુત્સિત (દુષ્ટ) અમાત્યોથી રાજા પોતાના ધર્મ અને રાજયથી વિમુખ થઇ જાય છે. જેમ દુષ્ટ સહાયકો તેમજ કુકર્મથી દૈત્યનો નાશ થયો. પ્રચંડ પરાક્રમી તેમજ શક્તિ સંપન્ન હોવા છતાં પણ કુપરામર્શને કારણે દુર્યોધનાદિનો નાશ થયો.[૩૬] યુવરાજ અને મંત્રીમંડળ વિના રાજા હાથ, કાન અને આંખ વિનાના છે. તેથી રાજય સંચાલનને માટે આ બન્નેની નિયુક્તિ સમજી વિચારીને કરવી જોઇએ અન્યથા મોટો વિનાશ થવાની સંભાવના રહે છે.[૩૭] આમ સ્પષ્ટ રીતે કહી શકય કે અમાત્યની પરીક્ષા કરીને જ તેની નિયુક્તિ કરવી જોઇએ.

અમાત્યની પૂર્વોકત ગુણોની[૩૮] પણ પરીક્ષા થવી જોઇએ. આ પૂર્વોકત ગુણો પૈકી શાસ્ત્રજ્ઞાન અને શિલ્પની પરીક્ષા તજજ્ઞ દ્વારા કરાવવી, તેના કુળ, જનપદ અને સ્વભાવની પરીક્ષા તેના સ્વજનો પાસેથી જાણીને કરવી. કૌશલ્ય, વિશિષ્ટ જ્ઞાન અને ધારણા શક્તિની પરીક્ષા તેણે કરેલા કર્મો પરથી થાય. અમાત્યની પગલ્ભતા, પ્રતિભા, વકતૃત્વશક્તિ તેમજ સત્યવાદિતાની પરીક્ષા વાતચીત દ્વારા થઇ શકે. તેના ઉત્સાહ, પ્રભાવ, કલેશ, સહનશક્તિ, ધૈર્ય, અનુરાગ અને મક્કમપણાનું પારખું આપત્તિની વેળાએ કરી શકાય. ભક્તિ, મૈત્રી અને સુચિત વ્યવહારથી જાણી શકાય. તેના બળ, સત્ત્વ, સ્વાસ્થ્ય, શીલ, સરળતા અને સ્થિરતા તેના સહવાસી કે સ્વજનો પાસેથી જાણી શકાય. તે વેર કરનારો નથી, ભદ્ર છે, ક્ષુદ્ર નથી તે જાણવા માટે કોઇને પૂછવાની જરૂર નથી, પ્રત્યક્ષથી જ સમજી શકાય. વળી શુક્ર આ બાબતમાં કોઇના કહેવાથી જ તે વાત સ્વીકારી લેવાના મતના નથી. અન્ય દ્વારા જ્ઞાત થયેલ બાબત બરાબર છે કે કેમ તે કર્મના ફળના આધારે નક્કી કરવા પર ભાર મૂકે છે.

### (૫) અમાત્યનાં કાર્યો :-

અમાત્ય તેની બહુમુખી પ્રતિભાને લીધે રાજાને અનેકક્ષેત્રે પોતાનો સહયોગ આપી શકે છે. આમેય રાજા પછીનું સ્થાન અમાત્યનું આવે છે. તેથી તેનું કાર્યક્ષેત્ર

૩૫. શુક્રનીતિઃ – ૨/૯.
૩૬. એજન – ૨/૧૦, ૧૧.
૩૭. એજન – ૨/૧૩.
૩૮. એજન – ૨/૫૬ થી ૬૪, ૫/૪૨.

અતિ વિશાળ હોઇ શકે. ગ્રંથકારે અમાત્યના કાર્યની ચર્ચા કરી છે - અમાત્યનું કાર્ય - કર્તવ્ય છે કે રાજયમાં કેટલા ગામ, નગર અને જંગલ છે ? એમાં કેટલી જમીન છે ? વસ્તીવાળી જમીનથી કેટલો કર મળ્યો અને કઇ જમીનનું લેણુ કેટલુ બાકી છે ? પડતર જમીન કેટલી છે ? દર વર્ષે માલ ગુજારીથી અને અપરાધીઓના દંડથી કેટલું ધન રાજકોશમાં આવે ? જમીનમાં ઉત્પન્ન થવાવાળો પાક કેટલો ? જંગલમાંથી મળવાપાત્ર ધન કેટલુ ? ખાણમાંથી કેટલી આવક ? દાવેદાર પાસેથી મેળવેલ ધન કેટલુ ? લાવારિસથી ધન કેટલું છે ? ચોર દ્વારા પ્રાપ્ત થયેલું ધન કેટલું છે ? આ બધાનો હિસાબ કહી રાજાને તેની જાણ કરવાનું કર્તવ્ય અમાત્યનું છે.[૩૯] મંત્રીનું એ પણ કર્તવ્ય છે કે આરબ્ધ કાર્ય પૂર્ણ થાય છે તે તેણે જોવુ, આરંભ નહીં કરેલા કાર્ય શરૂ કરવા. જે કાર્ય સંપન્ન થયું છે તે લાંબા સમય સુધી કરી રહે તે માટે તેની વિશેષતાપૂર્વક સ્થાપના કરવી. મનુના મતે સામાન્ય સંધિવિગ્રહ, સ્થાન, સમુદય, ગુપ્તિ અને લુબ્ધપ્રશમન - એ વિષે તે મંત્રીઓ સાથે નિત્ય વિચાર કરવો જોઇએ તેવો મત દર્શાવે છે.[૪૦]

**(૬) મંત્રીપરિષદ :-**

પ્રાચીન ભારતીય રાજનીતિશાસ્ત્રમાં મંત્રિમંડળ અતિ મહત્ત્વનું અંગ મનાયું છે. મંત્રીપરિષદ એ વિશેષ પ્રચલિત શબ્દ હતો.[૪૧] વળી મંત્રિપરિષદના બે વિભાગ હતા. અંતરંગ મંત્રિપરિષદ અને બહિરંગ મંત્રિપરિષદ.[૪૨] રાજયની સફળતાનો આધાર તેના મંત્રપરાયણતા પર રહેલો છે. પ્રભુશક્તિ, ઉત્સાહશક્તિની તુલનાએ મંત્રશક્તિ વિશેષ પ્રશંસનીય છે. સિંહ એક હાથીને હણે છે. જયારે બુદ્ધિમાન સેંકડોને હણે છે.[૪૩] આથી જ આચાર્ય શુક્રએ સુવ્યવસ્થિત રાજય સંચાલન માટે એક મંત્રીપદ પર વધારે ભાર દીધો છે. એમની દષ્ટિમાં એક સ્વતંત્ર રાજા નિરંકુશ તેમજ સ્વેચ્છાચારી થઇ શકે છે. અનુચિત કાર્ય કરવામાં પ્રવૃત થઇ શકે છે. તેથી એમના પર અંકુશ લાવવા માટે, યોગ્ય પથ પર એમને પ્રેરિત કરવા

---

૩૯. એજન - ૨/૧૦૨ થી ૧૦૭.
૪૦. મનુસ્મૃતિઃ - ૭/૫૬.
૪૧. કૌટિલ્ય અર્થશાસ્ત્ર - ૧-૧૫, ૪૭, ૫૫, ૫૮. માલવિકાગ્નિમિત્રમ્ અંક - ૫.
૪૨. अलतेकर ए. एम. ''प्राचीन भारतीय शासन पद्धति'' - પૃ. -૧૨૧.
૪૩. કા.ની. ૧૨/૭, ૮.

માટે સુયોગ્ય સહાયકોનું હોવું અનિવાર્ય છે.[૪૪] તેથી ગ્રંથકાર 'મંત્રિપરીષદ' ના ગઠન પર મહત્ત્વ આપે છે.

सुहृभ्दिर्भातृभिः सार्द्धं सभायां पुत्रबान्धवैः ।
राज्यकृत्यं सेनपैश्च सभ्याद्यैश्चिंतयेत्सदा ॥[४५]

રાજાએ રાજસભામાં પોતાના મિત્ર, ભાઇ, પુત્ર, બંધુ-બાંધવ, સેનાપતિ તેમજ સભાસદોની સાથે મળીને રાજકાજ પર વિચાર વિમર્શ કરવો જોઇએ.

મંત્રીઓની સંખ્યા બાબતમાં ગ્રંથકાર સ્પષ્ટ મત દર્શાવે છે. તદ્અનુસાર આ પરિષદમાં સભ્યોની સંખ્યા દશ હોવી જોઇએ. એ દશ સભ્યો આ પ્રમાણે છે - પુરોધા, પ્રતિનિધિ, પ્રધાન, સેનાપતિ, પંડિત, પ્રાડ્વિવાક, સચિવ, સુમંત્ર, મંત્રી, અમાત્ય અને દૂત. જેમકે -

पुरोधाश्च प्रतिनिधिः प्रधानः सचिवस्तथा ।
मन्त्री च प्राड्विवाकश्च पण्डितश्च सुमन्त्रकः ॥
अमात्यो दूत इत्येता राज्ञः प्रकृतयो दशः ॥[४६]

આ સંદર્ભમાં શુક્રે બીજો એક મતનો પણ ઉલ્લેખ કર્યો છે. એમના અનુસાર રાજપરિષદમાં માત્ર આઠ પ્રકૃતિઓ હોય છે -

''अष्टप्रकृतिभिर्युक्तो नृपः कैश्चित् स्मृतः सदा ।''[४७]

અન્ય કોઇના મતે રાજાની આઠ જ પ્રકૃતિ છે, જેનાથી તે હમેંશા જોડાયેલો રહે છે. એ આઠ પ્રકૃતિઓ છે - સુમંત્ર, પંડિત, મંત્રી, પ્રધાન, સચિવ, અમાત્ય, પ્રાડ્વિવાક અને પ્રતિનિધિ.[૪૮]

## (અ) મંત્રીપરિષદના સભ્યોની યોગ્યતા :-

રાજનીતિ વિચારકોએ વ્યવહાર અને સિદ્ધાંત ઉભયનો પૂરો ખ્યાલ કરીને રાજયનું સુવ્યવસ્થિત સંચાલન થાય તે માટે 'મંત્રીપરિષદ્' પર ભાર મૂકયો છે. આ મંત્રીપરિષદની સભ્યોની યોગ્યતાનો પણ ગ્રંથકાર ઉલ્લેખ કરતાં કહે છે કે - 'તે કુલીન, ગુણવાન, શીલવાન, શૂર, વિદ્વાન, રાજભકત, પ્રિય બોલનાર,

૪૪. શુક્રનીતિઃ - ૪/૫૬-૫૮.
૪૫. એજન - ૧/૩૫૨.
૪૬. એજન - ૧/૬૯, ૭૦.
૪૭. એજન - ૨/૭૧.
૪૮. એજન - ૨/૭૨.

હિતોપદષ્ટા, ધર્મનિષ્ઠ, ચતુર, રાગદ્વેષથી રહિત તેમજ સહિષ્ણુ, હમેંશા ન્યાયપ્રિય, કુપથગામી રાજાને પણ યુક્તિપૂર્વક સત્ પથ પર લાવવામાં સમર્થ, શુદ્ધ ચરિત્રવાળા, કામક્રોધ લોભ વિનાના તથા આળસ વિનાના મનુષ્યોને પોતાના સહાયકરૂપમાં, ઉચ્ચ પદ પર નિયુક્ત કરવા જોઇએ.[૪૯]

દુષ્ટ સહાયકો તથા કુપરામર્શના સંદર્ભમાં પણ ગ્રંથકાર નિર્દેશ કરે છે. ખરાબ ચરિત્રવાળા તેમજ કુમંત્રણાવાળા સહાયક પોતે તો નાશ થાય છે. તેની સાથે રાજયનો પણ નાશ કરતો જાય છે.[૫૦] શુક્ર કહે છે કે 'મંત્રીમંડળ' રાજાનો જમણો હાથ તથા આંખ-કાન હોય છે. જેના વિના તો રાજા નિશ્ચય હાથ, કાન અને આંખ વગરના થઇ જાય છે. તેથી અત્યંત કાળજી તથા બુદ્ધિપૂર્વક રાજાએ મંત્રીપરિષદના સભ્યોની પસંદગી કરવી જોઇએ.[૫૧]

### (બ) રાજાની દશ પ્રકૃતિઓ, તેના કર્તવ્યો :-

પ્રાચીન ભારતીય રાજનીતિશાસ્ત્રમાં મંત્રીમંડળ અત્યંત મહત્ત્વનું અંગ મનાયું છે. આ મંત્રીમંડળમાં મંત્રીઓની સંખ્યાના સંદર્ભમાં જુદા-જુદા મતો છે. મનુના મતે ૭૩ કે ૮[૫૨] બ્રહસ્પતિના મતે ૧૬ મંત્રીઓની સંખ્યાના ઉલ્લેખો મળે છે. ગ્રંથકાર ઉપર્યુકત દર્શાવ્યા પ્રમાણે ૧૦ મંત્રીપરિષદમાં સભ્યોની સંખ્યા દર્શાવે છે તથા અન્ય એક મત પ્રમાણે ૮ નો ઉલ્લેખ કરે છે. આ દશ પ્રકૃતિઓ - પ્રધાન પુરુષો કે પ્રતિનિધિઓના સંદર્ભમાં તથા તેના કાર્ય વિભાજનની ગ્રંથકારે બીજા અધ્યાયમાં વિસ્તૃત ચર્ચા કરી છે.

### (૧) પુરોહિત :-

પુરોહિત અન્ય પ્રકૃતિઓની અપેક્ષાએ સર્વાધિક શ્રેષ્ઠ છે કારણ કે તે પોતાના યાજ્ઞિક અનુષ્ઠાન દ્વારા વિઘ્ન વિનાશ કરી રાજય તેમજ રાજા બન્નેનું રક્ષણ કરે છે. યથાવિધ વૈદિક મંત્રોના અનુષ્ઠાતા, કાર્યતત્પર, ત્રણેય વેદોને જાણનાર, જિતેન્દ્રિય, ક્રોધને પીવાવાળા, લોભ-મોહમુક્ત, વેદોના છ અંગો - વ્યાકરણ, શિક્ષા, કલ્પ, નિરુક્ત, છંદ અને જયોતિષશાસ્ત્રનો જાણનાર, સાંગોપાંગ ધનુર્વેતા, અર્થશાસ્ત્ર અને ધર્મશાસ્ત્રનો વિદ્વાન, જેના ક્રોધના ભયથી રાજા પણ નીતિ અને ધર્મમાં

૪૯. એજન - ૨/૭ થી ૯.
૫૦. એજન - ૨/૧૧, ૧૨.
૫૧. એજન - ૨/૯૨, ૯૩.
૫૨. મનુસ્મૃતિઃ - ૭/૫૪.

પ્રવૃત રહે છે, એવા નીતિશાસ્ત્રમાં, અસ્ત્ર-શસ્ત્ર સંચાલનની કળામાં તથા વ્યૂહરચનામાં પ્રવીણ 'પુરોહિત' હોવો જોઇએ. તે શાપ અને વરદાન બન્ને દેવામાં સમર્થ છે. એવા જ પુરોહિત ને 'આચાર્ય' પણ કહેવાય છે.[૫૩]

**(૨) પ્રતિનિધિ :-**

કર્તવ્ય-અકર્તવ્યનું યોગ્ય જ્ઞાન રાખવાવાળા વ્યક્તિને 'પ્રતિનિધિ' કહે છે.[૫૪] પ્રતિનિધિનું કર્તવ્ય છે કે તે હમેંશા જે કાર્ય નુકશાનદેહ છે પરંતુ એમનું સંપાદન પણ ઉચિત છે તો એમને યોગ્ય સમયે કરવા માટે રાજાને નિવેદન કરવું. જે કાર્ય લાભદાયક છે એ સમયે કરવું અનુચિત છે તે રાજાને કહેવું નહીં. પોતે પણ કરવું નહીં, રાજકીય કાર્યમાં કયું કાર્ય યોગ્ય છે અને કયું અયોગ્ય છે એમનો વિચાર કરવાવાળા રાજયના પ્રધાન હોય છે.[૫૫]

**(૩) પ્રધાન :-**

વિશ્વદષ્ટા અર્થાત્ દરેક વસ્તુનું સૂક્ષ્મ નિરીક્ષણ કરવાવાળાને 'પ્રધાન' કહે છે.[૫૬] પ્રધાનનું કર્તવ્ય ઉપર્યુકત દર્શાવ્યા પ્રમાણે રાજકીય સર્વે કાર્યોમાં કયું કાર્ય યોગ્ય અને કયું કાર્ય અયોગ્ય છે તેમનો વિચાર-વિમર્શ કરવાનું પ્રધાનનું કર્તવ્ય છે.

**(૪) સચિવ :-**

સૈન્ય અને વિજ્ઞાનમાં નિપુણ વ્યક્તિ 'સચિવ' હોય છે.[૫૭] સચિવના કર્તવ્યનો નિર્દેશ કરતા ગ્રંથકાર કહે છે કે - તે હાથી, ઘોડા, રથ અને સૈનિક, ઊંટ વિદેશી ભાષાઓનો સંકેત, સૈનિક વ્યૂહરચનાનો સતત અભ્યાસ, પૂર્વ તેમજ પશ્ચિમની બાજુ જવાવાળા રાજદૂત નિમ્ન, મધ્યમ તેમજ ઉત્તમવર્ગીય કર્મચારીગણ, અસ્ત્ર-શસ્ત્ર ધારણ કરવાવાળા પરિચારકગણ, હથિયારો તથા આયુધ-સમૂહોના યોગ્ય જાણકાર કેટલા છે ? અને એમની સ્થિતિ કઇ કઇ છે ? નવા અને જૂના ઘોડેશ્વારોમાં કેટલા કામ કરવાને યોગ્ય અને કેટલા અયોગ્ય છે ? હથિયાર, ગોળા, આગ્નેયાસ્ત્ર કેટલા છે ? એમની યોગ્ય જાણકારી લઇ એના

---

૫૩. શુક્રનીતિઃ - ૨/૭૮-૮૦.

૫૪. એજન - ૨/૮૪.

૫૫. એજન - ૨/૮૮ - ૮૯.

૫૬. એજન - ૨/૮૪.

૫૭. એજન -

ઉપર વિચાર વિમર્શ કરી રાજાને જાણ કરવી તે સચિવનું કર્તવ્ય છે.[૫૮]

**(૫) મંત્રી :-**

શુક્રના મતાનુસાર નીતિશાસ્ત્રનો જાણકાર તેમજ તદ્અનુસાર વ્યવહાર કરવામાં કુશળ વ્યક્તિ 'મંત્રી' કહેવાય છે.[૫૯] મંત્રીના કાર્યોમાં શુક્રનો મત છે કે તે કયા વિષયોમાં કયારે અને કેવી રીતે સંધિ, વિગ્રહ, દાન તેમજ ભેદ કરવો જોઇએ અને એનું પરિણામ કયારે અને કેવું હશે ? થોડુ, મધ્યમ અથવા વધુ હશે ? આ સર્વ ઉપર વિચાર-વિમર્શ કરી રાજાને એમનાથી માહિતગાર કરાવવાનું કર્તવ્ય 'મંત્રી' નું છે.[૬૦]

**(૬) પંડિત :-**

ધર્મના તત્ત્વને જાણવાવાળા વ્યક્તિને 'પંડિત' કહે છે.[૬૧] પંડિતના કર્તવ્યમાં પ્રજા જૂના ધર્મનું પાલન કરે છે અથવા નવા ધર્મનું ? શાસ્ત્રવિહિત હોવા છતાં પ્રજા કયા ધર્મની અપેક્ષા કરે છે અથવા તે કયો ધર્મ છે જે શાસ્ત્ર વિરુદ્ધ હોવા છતાં પ્રજા દ્વારા સ્વીકાર્ય છે ? એ સર્વે બાબતો પર યોગ્ય વિચાર કરી લોક કલ્યાણ તથા લોક-પરલોકમાં સુખદાયક ધર્મથી રાજાને માહિતગાર કરવાનું પંડિતનું કાર્ય છે.[૬૨]

**(૭) ન્યાયધીશ (વકિલ) :-**

લોકવ્યવહાર તેમજ ન્યાયશાસ્ત્ર વિશેષજ્ઞ 'ન્યાયધીશ' કહેવાય છે.[૬૩] મુખ્ય ન્યાયધીશનું કર્તવ્ય એ છે કે તે ન્યાયાલયમાં ઉપસ્થિત રહી જૂરી-પંચોની સાથે મળી સાક્ષી અથવા લિખિત અભિયોગ દ્વારા માહિતી મેળવવી, અભિયુક્ત સાચો છે, કે ખોટો ? કેસ મનઘડત છે કે યથાર્થ, તપાસના ક્રમમાં જામીન-સાક્ષી અથવા અભિલેખના અભાવમાં કોઇ અન્ય સાધનોનો ઉપયોગ કરવો, સાથે જ બહુમાન્ય સિદ્ધાંતથી કોના માટે કોણ પ્રમાણ યોગ્ય હશે ? એમનો યુક્તિ, પ્રત્યક્ષ, અનુમાન, દષ્ટાંત લોહવ્યવહાર અને શાસ્ત્રીય દષ્ટિથી વિચાર કરી જે યોગ્ય નિર્ણય

---

૫૮. એજન - ૨/૯૦ થી ૯૪.
૫૯. એજન - ૨/૮૫.
૬૦. એજન - ૨/૯૫.
૬૧. એજન - ૨/૮૫.
૬૨. એજન - ૨/૯૯, ૧૦૦.
૬૩. એજન - ૨/૮૫.

હોય, તેનાથી રાજાને માહિતગાર કરવા જોઇએ.[૬૪]

**(૮) અમાત્ય :-**

દેશ અને સમયના વિષયમાં જાણકારી રાખવાવાળા પુરુષ 'અમાત્ય' કહેવાય છે.[૬૫] અમાત્યના કાર્યો તથા ગુણો વગેરેની ચર્ચા પૂર્વ કરાયેલી છે.

**(૯) સુમંત્ર :-**

આવક-જાવકના વિષયમાં વિશિષ્ટ જાણકારને 'સુમન્ત્ર' કહે છે.[૬૬] સુમન્ત્રનું કર્તવ્ય તૃણ આદિ ચલ-અચલ સંપત્તિ કઇ હદ સુધી સંચિત કરવામાં આવી છે ? એમાં કેટલો ખર્ચ થયો છે અને કેટલો બચેલો છે ? એમનો વાર્ષિક હિસાબ રાજાની સમક્ષ રજૂ કરવાનું કાર્ય 'સુમન્ત્ર' નું છે.[૬૭]

**(૧૦) દૂત :-**

કોઇ વ્યક્તિના ઇશારા, આકાર અને ચેષ્ટાઓને સમજવાવાળા, મેધાવી, દેશ-સમયની અનુરૂપ વ્યવહારને જાણવાવાળા, રાજય-સંરક્ષાના છ ગુણો - સંધિ, વિગ્રહ, યાન, આસન, દ્વૈધીભાવ અને સમાશ્રયના વિષયમાં યોગ્ય વિચાર કરવાવાળા, બોલવામાં ચતુર તેમજ નિર્ભય વ્યક્તિ 'દૂત' કહેવાય છે.[૬૮]

આમ ઉપર્યુકત ૧૦ રાજાની પ્રકૃતિઓ ગ્રંથકારે નિરુપી તેના કાર્યોની વિશદ્ ચર્ચા કરી છે. મંત્રીપરિષદના પ્રત્યેક સભ્યોનું કાર્યક્ષેત્ર વિભાજિત કર્યું કારણ બધા સભ્યો સર્વે કાર્યોમાં મદદ કરી શકતા નથી. તેથી બધાનું કાર્યક્ષેત્ર વહેચાયેલુ હોવું જોઇએ. તેથી સર્વેને કાર્યક્ષેત્રનું વિભાજન વ્યક્તિનિષ્ઠ યોગ્યતાના આધાર પર કરેલ છે. વિષય-વિશેષજ્ઞનું કાર્ય તેમજ નિર્ણય સાચે જ પ્રશંસનીય છે. સાથે પ્રજાનું પણ એ પવિત્ર કર્તવ્ય હોવું જોઇએ કે પોતાની સમસ્યા સર્વપ્રથમ રાજાની સામે ઉપસ્થિત થઇ ન કહે તે તદ્વિષયક મંત્રીના માધ્યમથી જ રાજા સુધી પહોચાડે. મંત્રીઓ દ્વારા સૂચિત સમસ્યાઓ પર તર્ક-વિતર્ક બાદ જ બહુમતના આધારે રાજાએ નિર્ણય આપવો જોઇએ. બધા સભ્યોના કાર્યોનું નિરીક્ષણ કરવાને માટે રાજાએ 'દર્શક' (Inspectors) ની નિયુક્તિ કરવી જોઇએ. એમનો કાર્યકાળ

---

૬૪. એજન - ૨/૯૬ થી ૯૮.

૬૫. એજન - ૨/૮૬.

૬૬. એજન -

૬૭. એજન - ૨/૧૦૧.

૬૮. એજન - ૨/૮૭.

માત્ર એક વર્ષનો જ હોવો જોઇએ. એમની બદલી કરી નાખવી જોઇએ. શુક્રની દષ્ટિએ આ દર્શકોનું કાર્ય ઘણું મહત્ત્વપૂર્ણ છે. એમને પક્ષપાત રહિત તથા સ્વસ્થ દષ્ટિકોણથી તટસ્થ થઇ કોઇપણના કાર્યનું નિરીક્ષણ તથા પરીક્ષણ કરવું જોઇએ.

**(ફ) પગાર સંબંધી વિચાર :-**

રાજાની દશ પ્રકૃતિઓ અર્થાત્ પ્રતિનિધિઓના વેતન યા પગાર સંદર્ભે પણ ગ્રંથકાર સ્પષ્ટતા કરે છે કે - પુરોહિતથી લઇ દૂત સુધી દશેય પ્રતિનિધિઓના પગાર પૂર્વ-પૂર્વ ક્રમથી એકબીજાની અપેક્ષાએ દશ ગણો વધારે હોય છે. અર્થાત્ દૂતથી દશ ગણો વધારે અમાત્યનો, અમાત્યથી દશ ગણો વધારે સલાહકારનો, એમનાથી દશ ગણો મંત્રીનો, એનાથી દશ ગણો સચિવનો, એનાથી દશ ગણો પ્રધાનનો, પ્રધાનથી દશ ગણો પ્રતિનિધિનો અને પ્રતિનિધિથી દશ ગણો પુરોહિતનો પગાર હોવો જોઇએ. [૬૯]

ગ્રંથકાર અન્ય મતાનુસાર રાજાની આઠ પ્રકૃતિઓ હમેંશા પગારમાં પરસ્પર સમાન છે. અર્થાત્ પૂર્વમતની જેમ અલગ-અલગ પગાર નથી. [૭૦]

**(૭) રાજકીય પદાધિકારીઓની નિયુક્તિ, બઢતી, છૂટા કરવા, નિવૃતિ અને બદલી અંગેનો વિચાર :-**

પ્રાચીન ભારતીય રાજનીતિશાસ્ત્રમાં મંત્રિમંડળ તેની અંતર્ગત આવતા રાજકીય પદાધિકારીઓ તેમજ કર્મચારીઓ અત્યંત મહત્ત્વનું સ્થાન ધરાવતા હતા. સમગ્ર રાજય સંચાલન એકલા હાથે કરવું અશકય હોય જેથી રાજાએ પોતાના રાજકીય વહીવટ માટે રાજકીય અધિકારીઓ તથા કર્મચારીઓની નિયુક્તિ કરે છે. આ પદાધિકારીઓની નિયુક્તિ, બઢતી, છૂટા કરવા નિવૃત્તિ આપવી અને તેઓની બદલી વગેરે અંગેના નિર્દેશ ગ્રંથકાર કરે છે.

**(અ) નિયુક્તિ (Appointment) :-**

શુક્રના મતે ઊંચા પદવાળા અધિકારીઓની નિયુક્તિ એમના વ્યક્તિત્વના આધારે કરવી જોઇએ - સત્યવાદી, ગુણી, ઉચ્ચકુલોત્પન્ન, સંપન્ન, મન, વાણી અને કર્મથી હમેંશા રાજસેવક, મળનાર પગારથી હમેંશા સંતુષ્ટ મધુરભાષી, કાર્યકુશળ, સ્થિરચિત પવિત્રાચારી, પરોપકારી, ઉપકાર, વિમુખ, અપરાધી

૬૯. એજન - ૨/૭૧.
૭૦. એજન - ૨/૭૨.

રાજકુમાર તેમજ પોતાના પિતા પર પણ નજર રાખવાવાળા, કુપથગામી સ્વામીને પણ સત્ય પથગામી બનાવવામાં પ્રયત્નશીલ, રાજપરિવાર પ્રત્યે નિષ્ઠાપૂર્ણક સમર્પણની ભાવના રાખવાવાળા વ્યક્તિને ઊંચા હોદા પર અધિકારીને નિયુક્ત કરવા જોઇએ.[૭૧]

**(બ) બઢતી - પદોન્નતિ (Promotion) :-**

''यथा यथा श्रेष्ठपदे ह्याधिकारी यदा भवेत् ।
अनुक्रमेण संयोज्यो हन्ते स प्रकृतिं नयेत् ॥''[७२]

શુક્રના વિચારથી યથાક્રમન્યાયથી સદાચારી તેમજ સુયોગ્ય પદાધિકારીઓને બઢતી મળવી જોઇએ. કોઇ નવો કર્મચારી જેમ જેમ પોતાના પદથી ઊંચા પદને યોગ્ય બને છે, એવી રીતે એમને ઉત્તરોતર ઊંચા પદ પર બઢતી કરવી અને છેલ્લે પ્રધાન પુરુષના પદ પર એમને બઢતી કરવી અને છેલ્લે પ્રધાન પુરુષના પદ પર એમને બઢતી આપવી. અર્થાત્ આ બઢતી કર્મઠ પદિાધિકારીને ત્યાં સુધી મળવી જોઇએ કે જયાં સુધી એ પ્રધાન પુરુષના પદ પર પહોંચી ન જાય.

**(ક) છૂટા કરવા - પદચ્યુતિ (Discharge) :-**

''प्रजाशतेन सन्द्विष्टं सन्त्येजदधिकारिणम् ॥''[७३]

ગ્રંથકારે અધિકારીઓને કયારે છૂટા કરવા તેના સંદર્ભમાં કહે છે કે જે એક સાથે સો માણસો જો કોઇ પદાધિકારીની વિરુદ્ધ ફરિયાદ કરે તો રાજા તે અધિકારીને છૂટા કરી શકે છે. ઉપરાંત, કોઇપણ પદાધિકારીની પોતાના કાર્યમાં અસાવધાની કે અયોગ્યતા સિદ્ધ થઇ જાય તો એમને પદચ્યુત (Discharge) કરી દેવા જોઇએ.[૭૪] તથા કોઇ કર્મચારીનું આચરણ નિંદનીય હોય તથા સત્યાચરણ, પરોપકાર તેમજ આજ્ઞાપાલન - આ ત્રણ ગુણોથી રહિત હોય તો એમને પણ પદથી છૂટા કરી દેવા.[૭૫] ઉપરાંત ગ્રંથકાર તેના સંદર્ભમાં અધ્યાય એક અને બીજામાં વિસ્તૃત ચર્ચા કરી છે કે જે પદાધિકારીઓ હિંસક પ્રવૃતિના હોય તથા મિથ્યા ભાષણ કરે એમને પણ પદમાંથી છૂટા કરી દેવા જોઇએ.

---

૭૧. એજન - ૨/૫૭-૬૪.
૭૨. એજન - ૨/૧૧૫.
૭૩. એજન - ૨/૧૩૭૬.
૭૪. એજન - ૨/૧૧૧.
૭૫. એજન - ૨/૧૧૨ - ૧૧૫.

### (ડ) નિવૃત્તિ - પદમુક્તિ (Retirement) :-

''तत्कार्ये कुशल चान्यं तत्पदानुगतं खलु ।
नियोजयेत् वर्तने तु तर्दभावे तथापरम् ॥
तद्गुणे यदि तत्पुत्रस्तत्कार्ये तं नियोजयेत् ॥''[૭૬]

પદાધિકારી કે કર્મચારીમાં જો કાર્યક્ષમતામાં શિથિલતા આવી જાય અથવા પદાધિકારી વૃદ્ધ થઇ જાય તો તેને નોકરીમાંથી નિવૃત (Retirement) કરવા અને એમની જરૂરિયાતની પૂર્તિ માટે એમના માટે ભથ્થા (Pension) ની વ્યવસ્થા કરવી જોઇએ. એમની જગ્યાએ કોઇ સુયોગ્ય વ્યક્તિને પદ પર નિયુક્ત કરવા જોઇએ. જો પેન્શનપાત્ર કર્મચારી કે પદાધિકારીનો પુત્ર કાર્યને માટે સક્ષમ હોય તો એમને પિતાના સ્થાન પર નિયુક્ત કરી લેવો જોઇએ.

### (ઇ) બદલી - સ્થાનાંતર (Transfer) :-

''त्रिभिर्वा पच्चभिर्वापि सप्तभिर्दशभिश्च वा ।
दृष्टवा तत्कार्यकौशल्यै तथा तं परिवर्त्तयेत् ॥''[૭૭]

ગ્રંથકારના અનુસાર રાજા ત્રણ, પાંચ, સાત કે વધુમાં વધુ દશ વર્ષમાં પદાધિકારીઓની કાર્યક્ષમતા જોઇ એમની બદલી (Transfer) કરી દેવી જોઇએ. રાજા હમેંશા એક વ્યક્તિને તે કોઇપણ હોય તોપણ એક સ્થાન ઉપર વધુ સમય કાર્ય કરવા ન રોકે. એમની કાર્યકુશળતાની અનુરૂપ એમને સ્થાનાતર (બદલી) કરતા રહે.[૭૮] કાર્યક્ષમ વ્યક્તિને કાર્યાન્તરમાં બદલી કરી દેવી જોઇએ.

આ ઉપરાંત ગ્રંથકારે નોકરોને માટે દંડ તેમજ પુરસ્કારનો પણ ઉલ્લેખ કર્યો છે. જો પદાધિકારી કે કર્મચારી કુશળતાપૂર્વક પોતાની ફરજ વ્યવસ્થિત બજાવે તેમના માટે તેમને સમયે-સમયે પ્રોત્સાહિત કરવા પુરસ્કારની વ્યવસ્થા કરવી જોઇએ.

તો વળી કર્મચારી કે પદાધિકારી પોતાના કર્તવ્યમાં બેકાળજી - લાપરવાહી રાખે એમની સાથે દંડાત્મક પગલા ભરવા જોઇએ. એમના માટે શુક્રે અનેક પ્રકારના દંડ વિધાન કરેલ છે.

---

૭૬. એજન - ૨/૧૧૩, ૧૧૪.
૭૭. એજન - ૨/૧૧૦, ૧૧૧.
૭૮. એજન - ૨/૧૧૩.

## (૮) યુવરાજ - કુમાર :-

મંત્રીમંડળની આ ચર્ચામાં જો યુવરાજ-કુમારની ચર્ચા ન થાય તો અધૂરી રહે કારણ કે તે અમાત્યાદિની હરોળમાં સમાવિષ્ટ થાય છે. આથી તેનો વિચાર અત્રે ઉલ્લેખનીય છે. પૂર્વે 'રાજય' નિરુપણ પ્રકરણમાં રાજયના ઉત્તરાધિકારીમાં ઉલ્લેખ કરાયેલ છે.[૭૯]

પ્રાચીન કાળમાં ભારતીય રાજનીતિશાસ્ત્રમાં યુવરાજ (કુમાર, રાજકુમાર) નું મહત્ત્વ પણ સ્વીકાર્યુ છે. સામાન્યતઃ રાજગાદી (નૃપપદ) વારસાગત જણાય છે. આથી પોતાના પુત્રોના શિક્ષણ, અનુશાસન, ઇન્દ્રિયજય બાબતમાં સાવધ રહેવું આવશ્યક છે. આજનો કુમાર આવતી કાલનો રાજા હોઇ શકે તે શકયતાને દષ્ટિ સમક્ષ રાખી કુમાર તે પદ સારી રીતે નિભાવે તે માટે તેને વિનયના પાઠ શીખવવામાં આવે તે આવશ્યક હોઇ અન્ય ગ્રંથોની જેમ શુક્રનીતિમાં પણ તે અંગેના વિધાનો છે. યુવરાજનું મહત્ત્વ દર્શાવતા ગ્રંથકાર જણાવે છે કે - યુવરાજ તેમજ મંત્રીમંડળ બન્ને રાજાના ક્રમશઃ ડાબો અને જમણો હાથ અને આંખ-કાન હોય છે.[૮૦] આના પરથી સમજી શકાય છે કે શરીરમાં હાથ અને આંખ મહત્ત્વ ધરાવે છે. તેટલુ મહત્ત્વ રાજાને માટે યુવરાજનું છે. રાજયના ઉત્તરાધિકારીના સંદર્ભે શુક્રનો મત છે કે રાજાને એકથી વધુ પુત્રો હોય તો સૌથી મોટો પુત્ર ઉત્તરાધિકારી બની શકે છે. જો મોટો પુત્ર બહેરો, ગુંગો, અંધ, નપુસંક હોય તો તે રાજય મેળવવાનો અધિકારી બનતો નથી. એવી સ્થિતિમાં નાનો ભાઇ, ભાઇનો પુત્ર યુવરાજપદ ગાદીનો હક્કદાર બની શકે છે.[૮૧] આમ ગ્રંથકાર યોગ્ય ઉત્તરાધિકારીના પક્ષકારી લાગે છે. તે રાજયહિતને મહત્ત્વ આપે છે. સુયોગ્ય શાસક જ કલ્યાણકારી રાજા હોય છે. માટે યુવરાજ પદ મહત્ત્વનું બની રહે છે.

રાજકુમારના કર્તવ્ય સંદર્ભમાં ગ્રંથકાર અછળતો ઉલ્લેખ કરતાં કહે છે કે રાજકુમાર રાજપદ મેળવી નીતિયુક્ત પ્રજાનું પાલન કરતા પિતાના સમકાલીન મંત્રીઓને પિતાની જેમ જ સન્માનિત કરતા રહે અને જો રાજકુમારનો આદેશ યોગ્ય હોય તો પૂર્વ મંત્રીઓનું એ કર્તવ્ય છે કે એ આદેશનું અનુપાલન કરે, પરંતુ

---

૭૯. જુઓ પ્રકારણ - રાજયનિરુપણ - પૃ. - ૧૨૧, ૨૨.

૮૦. શુક્રનીતિઃ - ૨/૧૨, ૧૩.

૮૧. એજન - ૧/૩૪૨, ૩૪૪, ૨/૧૪, ૧૫, ૧૬ વગેરે.

જો આદેશ ઉપયુક્ત ન હોય તો પછી એમનુ અનુપાલન થશે એમ કહી ટાળી દેવુ જોઇએ.[૮૨] નવા રાજાની અનીતિનો સાથ મંત્રીગણ ધનની લાલચમાં ન આપે કારણ કે રાજાની સાથે તેનો પણ નાશ થઇ જશે. નવા રાજા જૂના મંત્રીઓનો દ્વેષ કરે છે તથા નવા લોકોના કથનાનુસાર કામ કરે છે. તે શત્રુને આધિન થઇ ધન અને જીવથી હાથ ધોઇ બેસે છે.[૮૩] માટે ગ્રંથકારનું કહેવું છે કે યુવરાજ-નવા રાજાએ નીતિ સંપન્ન રહેવું.

રાજકુમારની રક્ષા પણ રાજાએ કરવી જોઇએ.[૮૪] એ અંગેના વિચાર પણ ગ્રંથકાર કરે છે. રાજકુમારને મંત્રી વગેરે આપ્તજનો દ્વારા નીતિશાસ્ત્રમાં કુશળ સર્વશાસ્ત્ર પારંગત વગેરે વિનયી ગુણો યુક્ત બનાવવા જોઇએ.[૮૫] ગ્રંથકાર કહે છે કે - દુરાચારી રાજકુમારનો ત્યાગ કરવો નહીં કારણ કે દુઃખી રાજકુમાર શત્રુઓનો આશ્રય લઇ પિતાની હત્યા કરી શકે છે. જો કોઇ રાજકુમાર સુરા-સુંદરી જેવા વ્યસનોમાં બંધાયેલો (ડૂબેલો) હોય તો તેની દુર્વ્યસનની જડ ઉપર પ્રહાર કરી તેને સાચા રસ્તે લાવી શકાય છે.[૮૬] પુત્રએ પણ પિતાની આજ્ઞાનું પાલન કરવું જોઇએ. પરશુરામે પિતાની આજ્ઞાથી માતાની હત્યા કરી, રામે પિતાની આજ્ઞાથી વનગમન કર્યું. પિતાના તપોબળથી ફરીથી એ બન્ને ક્રમશઃ પરશુરામે માતાને પુનર્જીવન અને રામે રાજય પ્રાપ્ત કર્યું કારણ કે શાપ અને પ્રસાદ દેવામાં જે પુરુષ સમર્થ છે એમની આજ્ઞા સર્વોપરી છે.[૮૭] રાજકુમારે પોતાના ભાઇઓની સામે પોતાની મહત્તાનું પ્રદર્શન કરવું નહીં કારણ કે પોતાના ભાઇઓના અપમાનથી જ દુર્યોધનનો વિનાશ થયો હતો.[૮૮] રાજકુમારે હમેંશા શરીર, વાણી અને મનથી પિતાની સેવામાં તત્પર રહેવું જોઇએ, જે કામથી પિતા પ્રસન્ન હોય, તે કામ નિશ્ચિત રૂપથી કરવું જોઇએ જે કાર્યથી પિતાને દુઃખ થાય તે કાર્ય કરવું જોઇએ નહીં. પિતાની વિરુદ્ધ કે અસંમત વ્યવહાર કયારેય ન કરે, ગુપ્તચર કે

---

૮૨. એજન - ૫/૨૦, ૨૧.
૮૩. એજન - ૫/૨૨, ૨૩.
૮૪. એજન - ૨/૧૭, ૧૮, ૧૯, ૨૦, ૨૧.
૮૫. એજન - ૨/૨૨, ૨૩.
૮૬. એજન - ૨/૨૬, ૨૭.
૮૭. એજન - ૨/૩૮, ૩૯.
૮૮. એજન - ૨/૪૦.

ચાડીખોરને લીધે પિતા વિરુદ્ધ થઇ જાય તો રાજયના પ્રધાન પુરુષોને પોતાના અનુકૂળ બનાવી એમની સાથે પિતાને એકાંતમાં સમજાવી અને વિરોધીઓને ક્રૂર દંડ કરે.[૮૯]

રાજકુમારે સચિવાદિ પ્રધાન પુરુષોના મનોગત વિચારોથી હમેંશા અવગત રહેવું જોઇએ. દરરોજ સવારે મા-બાપ અને ગુરુને પ્રણામ કરી દૈનિક કાર્યોની રાજાને જાણ કરે. તથા ઘરના લોકો સાથે સામંજસ્ય રાખી યુવરાજે રાજભવનમાં રહેવું જોઇએ. ત્યાગી તેમજ તત્ત્વજ્ઞાની રાજકુમાર પોતાની વિદ્યા, કર્મ અને આચરણથી પ્રજાવર્ગને આહ્લાદિત કરી પ્રસન્નતાપૂર્વક બધાને વશવર્તી બનાવી લે છે.[૯૦]

શુકલપક્ષના ચન્દ્રમાની જેમ ક્રમશઃ વધતા પૂર્વવર્ણિત આચરણ કરતા રાજકુમાર આગળ વધતાં અકંટક રાજય કરતા સહાયકો તેમજ મંત્રીઓની સાથે રહી અનેક દિવસો સુધી આ ધરતીનો ઉપભોગ કરતો રહે છે.[૯૧]

આમ શુક્રે નૃપના હિતને તેમજ રાજયના ઉજ્જવળ ભાવી, વંશના કલ્યાણ વગેરે લાભ ધ્યાનમાં રાખી રાજપુત્રો પરત્ત્વેના રાજાના કર્તવ્યો અને વર્તન અંગે તથા રાજકુમારના કર્તવ્ય અંગે દ્વિતીય અધ્યાયમાં સંક્ષેપમાં પણ ઘણું જ પ્રસ્તુત માર્ગદર્શન કર્યું છે.

**॥ સમાપ્ત ॥**

૮૯. એજન - ૨/૪૨ થી ૪૬.
૯૦. એજન - ૨/૪૭ થી ૪૯.
૯૧. એજન - ૨/૫૦ થી ૫૧.

## ✤ પ્રકરણ - ૧૧ ✤

### ✤ 'મિત્ર વિભાવના' :-

ઉપપ્રકરણ : (૧૧ - ૧) મિત્રની વ્યાખ્યા

(૧૧ - ૨) મિત્રાદિ પ્રત્યે સામાદિનો વિચાર (ઉપાયચતુષ્ટય)

(૧૧ - ૩) સામાદિચતુર્વિધ ઉપાયોના પ્રયોગો

(૧૧ - ૪) દંડ નિરૂપણ

(૧૧ - ૫) ષાડ્ગુણ્ય નિરૂપણ

## ❑ મિત્ર વિભાવના :-

### ❖ પ્રસ્તાવના :-

રાજનીતિશાસ્ત્રીઓએ મિત્ર-સુહૃદ્ ઘણું જ મહત્ત્વપૂર્ણ અંગ છે એમ માન્યું છે. કહી શકાય કે જો વિજિગીષુ અને અરિ એ બન્ને સમાન વસ્તુ પર અભિનિવેશ ધરાવે છે તો વિજિગીષુ અને મિત્ર એ બેમાં સમાન રિપુ પ્રસંગ જોવા મળે છે. બન્નેને સમાન શત્રુ સાથે કામ પાડવાનું હોય છે, તે બાબત મિત્રતાની પ્રેરક છે. મિત્ર (મિત્રરાષ્ટ્ર) ને રાજયના સાત અંગોમાં સ્થાન આપી મૌલિકતા અને સૂઝ દર્શાવ્યા છે. આમ આ મિત્ર એ વિજિગીષુથી સ્વતંત્ર હોય છે. તેને પોતાની પ્રકૃતિ હોય છે. મિત્રનું રાજય એ ભિન્ન રાજય હોય છે. પરંતુ શત્રુ સાથેના વિજગીષુના વ્યવહારમાં મિત્ર રાજયની સહાય મહત્ત્વપૂર્ણ પરિબળ બની જાય છે. સત્તાસમતુલનમાં મિત્ર (રાજય) નું મોટું યોગદાન રહેલું છે. જેમ અમાત્ય, રાષ્ટ્ર, કોશ, દુર્ગ અને બળ અંગો સ્વામી એટલે કે રાજા ઉપકારક છે તેમ મિત્ર પણ ઉપકારક છે. આથી સમુચિત જ મિત્રને રાજયનું સાતમું અંગ વર્ણવ્યું છે.

શુક્ર એ રાજયના સાત અંગોની સૂચિમાં મિત્ર-સુહૃદ્ ને ત્રીજા ક્રમે મૂકેલ છે.[૧] મિત્રના પર્યાય તરીકે ઘણી જગ્યાએ સહૃત્ શબ્દ પણ પ્રયોજયો છે. ગ્રંથકાર રાજયાંગના નિરુપણમાં એક સરસ રૂપકનો આશ્રય લે છે. તેમાં મિત્રની મહત્તા દર્શાવતા તેને રાજયના કાન સાથે સરખાવે છે. 'सुहृच्छोत्रम्'[૨] ઔચિત્ય સ્વીકારી શકાય કે શત્રુએ કરેલ ષડ્યંત્રની માહિતી મેળવી રાજાને વાકેફ કરનાર 'મિત્ર' કાનનું કાર્ય કરે છે. આમ શરીરમાં કાનનું જેટલું મહત્ત્વ છે. તેટલું મહત્ત્વ રાજય (રાજા) માં મિત્રનું છે. આચાર્ય શુક્રે અધ્યાય ચારનાં પ્રકરણ એકમાં સહૃાદિનિરુપણ ૧૧૮ શ્લોકમાં કર્યું છે. આ મિશ્ર પ્રકરણમાં મિત્ર અંગેના વિચારોથી તેની મહત્તા સિદ્ધ થાય છે.

### (૧) મિત્રની વ્યાખ્યા તથા પ્રકાર :-

चः सहायं सदा कुर्प्यात् प्रतीपं न वदेत् क्वचित् ।
सत्यं हितं वक्ति याति दते गृहणाति मित्रताम् ॥[૩]

૧. શુક્રનીતિઃ - ૧/૬૧ - પૃ. ૨૪.
૨. એજન - ૧/૬૨ - પૃ. ૨૫.

જે વ્યક્તિ હમેંશા મદદ કરે, કયારેય વિરોધમાં વાત ન કરે સત્ય અને હિતકારી વચન કહે કંઇક આવે અને પ્રેમવશ કાંઇક મેળવે પણ, તે મિત્ર બની જાય છે. ગ્રંથકાર ચોથા અધ્યાયમાં શરૂઆતમાં लक्षणं सहृदादीना समासाच्छृणुताधना ॥ કહી મિત્રોના પ્રકારોનો નિર્દેશ કરે છે કે -

मित्रं शत्रुश्चतुर्धा स्यादुपकारायकारयोः ।

कर्त्ता कारयिता चानुमन्ता यश्च सहायकः ॥[૪]

મનુષ્ય કોઇનો ઉપકાર અથવા અપકાર કરવાથી મિત્ર અથવા શત્રુ બની જાય છે. આ મિત્ર તેમજ શત્રુ જ પ્રકારની હોય છે.

(૧) ઉપકાર કરવાવાળા

(૨) ઉપકાર કરાવવાવાળા

(૩) અનુમતિ આપવાવાળા

(૪) મદદ કરવાવાળા

### શ્રેષ્ઠ મિત્ર :-

ગ્રંથકાર શ્રેષ્ઠ મિત્ર અંગે વિચાર પ્રગટ કરતાં કહે છે, કે - જેમનું હૃદય મિત્રના દુઃખથી અત્યંત દુઃખી છે અને જે પોતાના મિત્રની સિદ્ધિને માટે સતત પ્રયત્નશીલ છે તથા કહ્યા વિના મિત્રનું હિત સાધતો રહે તેમજ મિત્રની પત્ની, ધન અને ગોપનીય વિષયોની સમય આવ્યા રક્ષા કરે છે તે ઉત્કૃષ્ટ મિત્ર કહે છે.[૫] આનાથી જુદા યોગ્યતાનુસાર ઓછા પાદવાળા મિત્રના શુક્રે ત્રણ ભેદ કહ્યા છે. ત્રિપદ, દ્વિપદ અને એકપદ.''[૬]

(૧) **ત્રિપદ મિત્ર :-** જેમનું હૃદય મિત્ર દુઃખથી દુઃખી હોય, જે મિત્રની અભિષ્ટ સિદ્ધિને માટે પ્રયત્ન કરે છે તથા કહ્યા વિના જ એમના ઉપર ઉપકાર કરે છે તે ત્રિપદ મિત્ર છે.

(૨) **દ્વિપદ મિત્ર :-** જેમનું મન મિત્રના દુઃખથી દુઃખી હોય તથા મિત્રની અભિષ્ટ સિદ્ધિને માટે પ્રયત્ન કરે છે તેને દ્વિપદ મિત્ર કહે છે.

---

૩. એજન - ૩/૨૫૬ - પૃ. ૩૯૫.

૪. એજન - ૪/૧/૨ - પૃ. ૪૨૧.

૫. એજન - ૪/૧/૩ - પૃ. ૪૨૧.

૬. એજન - ૪/૧/૪ - પૃ. ૪૨૨.

## સહજ મિત્રના લક્ષણ :-

માતા, માતાના કુળના સંબંધી વર્ગ, પિતા, દાદા, દાદી તથા પિતાના કાકા, પુત્રી, પત્ની તથા સસરા સાસરીયાનાં સંબંધી વર્ગ, માસી, બહેન અને એમના સંતાનો પ્રજાપાલક રાજા અને શુભચિંતક ગુરુ એ બધા કોઇને કોઇ વ્યક્તિના સહજ (સ્વાભાવિક) મિત્ર હોય છે. આ ઉપરાંત આચાર્ય શુક્ર વિદ્યાદિ પાંચ સહજ મિત્રનો પણ ઉલ્લેખ કરે છે. વિદ્યા, વીરતા, ચતુરતા, શક્તિ તથા ધૈર્ય અને પાંચ કોઇપણ વ્યક્તિના સહજ મિત્ર કહેવાય છે. બુદ્ધિમાન પુરુષ એમના આશ્રયે પોતાની આજીવિકાનો નિર્વાહ કરે છે.[૭]

કામન્દકના મતે તદર્થેહા અને તદ્દર્થાનુરાગ એ બે ગુણો જેનામાં હોય તે મિત્ર કહેવાય જેનામાં આ બે નથી તે મિત્ર નથી.[૮] શુક્રનીતિમાં સર્વત્ર મિત્ર સહૃત શબ્દ મિત્ર રાજયનો જ વાચક નથી. સામાન્ય મિત્રના અર્થમાં મિત્ર શબ્દ પ્રયોજયો છે ત્યાં ત્યાં શુક્રનીતિમાં નીતિશતકની જેમ મિત્ર નિરુપણ કરે છે.

મિત્રનો સામાન્ય કે વિશિષ્ટ કોઇપણ અર્થ ગ્રહણ કરીએ એ તો સાચું જ છે કે તે ધર્મ માર્ગે પ્રવૃત કરાવે છે. અર્થવૃદ્ધિતત્પર બનાવે છે અને પોતાની સમૃદ્ધિમાં સહભાગી બનાવી સુખ આપે છે. જે વ્યક્તિ દુઃખમાં ફસાયેલા પોતાના મિત્રને પોતાના સમર્થ્યથી સમજાવી એ વ્યસનથી મુક્ત કરતો નથી એમને બુદ્ધિમાન લોકો નિષ્ઠુર સમજે છે અને બંધુ-બાંધવો વચ્ચે વિવાદ હોય, જો કોઇ મિત્ર વચ્ચે પડીને તે વિવાહને ઉકેલતો નથી તેવા મિત્રોને નહીં સેવવા ગ્રંથકારની ભલામણ છે.[૯] તથા પાપ કર્મમાં પ્રવૃત મિત્રની રાજાએ રક્ષા કરવી નહી અને તેવા મિત્રે રાજયમાંથી બહાર કાઢી મુકવા જોઇએ તેવો નિર્દેશ ગ્રંથકાર કરે છે.[૧૦]

રાજાની પરસ્પર કૃત્રિમ મિત્રતાના સંદર્ભમાં શુક્ર નિર્દેશ કરે છે કે - જે રાજા શૂર, હમેંશા ઉન્નતિશીલ, બળ તથા નીતિથી યુક્ત હોય છે, તેનો બધા રાજા રોકો જોઇને છૂપી રીતે દુશ્મની તથા ઉપરથી મિત્રતા કરતા હોય છે. તેવા રાજાઓ રાજયના લોભી હોય છે. તેથી ગ્રંથકાર કહે છે કે રાજાનો કોઇ મિત્ર નથી અને રાજા

---

૭. એજન - ૪/૧/૧૧ થી ૧૩ - પૃ. ૨૪૫.
૮. કા. ની. - ૪/૭૩.
૯. શુક્રનીતિઃ - ૩/૨૩૦, ૨૩૧.
૧૦. એજન - ૩/૪૦.

કોઇનો મિત્ર હોતો નથી.[૧૧] ભર્તુહરિએ સન્મિત્રનું લક્ષણ આપતા જણાવ્યું છે.[૧૨] કે –

पापानिनवारयति योजयते हिताय गुह्यं च गूहति गुणान्प्रकटी करोति ।
आपद्गतं चन जहाति ददाति काले सन्मित्रलक्षणमिदं प्रवदन्ति सन्तः ॥

મિત્રનું ગૌરવ દર્શાવતા ગ્રંથકાર કહે છે કે – જે કાર્ય નોકર, ભાઇ, પુત્ર કે પત્નીથી પૂર્ણ થતું નથી એ કાર્ય મિત્રમંડળથી નિઃશંકપણે પૂરું થઇ શકે છે. મિત્રની યોગ્યતા અને પસંદગીનો પણ ગ્રંથકારે ખ્યાલ રાખ્યો છે. જે મૂર્ખ મિત્રના ગુણ દોષને જાણ્યા વિના મિત્રતા માટે હાથ લંબાવે છે. એમનું મૈત્રીરૂપ પ્રયોજનની સિદ્ધિ થતી નથી. સારા મિત્રોને પ્રાપ્ત કરવાનો હમેંશ પ્રયત્ન કરવો જોઇએ તે સંદર્ભે પણ શુક્ર સંકેત કરે છે કે કોઇના મનને ઓળખી શકાતું નથી, તેથી સારા મિત્રની પ્રાપ્તિને માટે પ્રયત્ન કરવો જોઇએ કારણ કે સારા મિત્રની પ્રાપ્તિથી બીજો કોઇ મોટો લાભ નથી.[૧૩] કામન્દક પણ મિત્રનું ગૌરવ વર્ણવતા શુક્રને અનુસરે કે રાજાએ સર્વ પ્રકારના મિત્રો કરવા. જેને ઘણા મિત્રો હોય છે તે રાજા શત્રુને વશ કરી શકે છે. આપત્તિ આવે છે ત્યારે ભાઇ કે અન્ય જન નહીં પણ મિત્ર જ ઊભો રહે છે, સાથ આપે છે.[૧૩] સાચો મિત્ર કોને કહેવો આ બાબતમાં ચાણકય નીતિસૂત્રમાં સૂત્રકાર સ્પષ્ટ કરે છે કે –

आपत्सु स्नेहसंयुक्त मित्रम् ॥३५॥

અર્થાત્ – વિપત્તિ વેળામાં સ્નેહભાવથી સાથે રહે તે મિત્ર છે. રોગ આવે, દરિદ્રતા આવે, વાદવિવાદ કે યુદ્ધપ્રસંગ આવે, આવી વિપત્તિઓમાં પણ સ્નેહભાવથી સહાયક રીને દુઃખમાં ભાગીદાર બનનાર જ સાચો મિત્ર કહેવાય. તો વળી સૂત્રકાર બીજા સૂત્રમાં મિત્રો વધારવાથી બળ પ્રાપ્ત થાય છે. मित्र ग्रहणे बलं संपद्यते ।[૧૪] વિશ્વાસુ, વફાદાર, વિદ્વાન, સજ્જ સાથે નિષ્કપટ વ્યવહાર કરવાથી તે વ્યક્તિ આપણો મિત્ર બને છે. સજ્જનોની મૈત્રી વધારવાથી વિવિધ પ્રકારનું

૧૧. એજન – ૪/૧/૮,૯ – પૃ. ૪૨૩-૪૨૪.
૧૨. નીતિશતકમ્ – શ્લોક ૬૬ – પૃ.
૧૩. શુક્રનીતિઃ – ૩/૭૭ થી ૭૯ – પૃ. ૩૩૦-૩૩૧.
૧૩. કા.ની. – ૮/૮૬, ૮૭.
૧૪. ચાણકયનીતિસૂત્ર – સૂત્ર ૩૬ સં. પી.ટી. પરમાર
પ્રકાશન – સ્વામિનારાયણ મંદિર, જૂનાગઢ.

બળ મળે છે. શ્રીમંત મિત્રો દ્વારા ધન, બુદ્ધિશાળી મિત્રો દ્વારા સાચી સલાહ, સાધન સંપન્ન મિત્રો દ્વારા સાધન સગવડ. આમ વિવિધ મિત્રો દ્વારા વિવિધ પ્રકારનું બળ પ્રાપ્ત થાય છે. મિત્રતા એવા પ્રકારની હોવી જોઇએ કે હમેંશા મિત્રની સુખાકારીનો જ વિચાર કરે અને પોતાની જાતના ભોગે તેની રક્ષા કરે તેજ સાચો મિત્ર ! એક લોક કવિએ લોકદુહામાં આ વાત કરી છે કે –

'મિત્ર ઐસા કીજિયે, ઢાલ સરીખો હોય,
સુખમેં તો પીછે રહે, દુઃખમેં આગે હોય.''

આમ નીતિશાસ્ત્રોના ગ્રંથોમાં અનેકાનેક મિત્રની મહત્તા અંગોનું નિરુપણ કરાયેલ છે.

## (૨) મિત્રાદિ પ્રત્યે સામાદિનો વિચાર - ઉપાય ચતુષ્ટય :-

આંતર રાજય સંબંધોની સમસ્યાઓના સમાધાનમાં સહાયરુપ નીતિ કે ઉપાયોની પ્રાચીન ભારતીયોએ ઘણી વિચારણા કરી છે. શત્રુ સાથેના વ્યવહારમાં સ્થહિત રક્ષા જ લક્ષ્ય હોય છે. સ્વહિત યુદ્ધથી કે યુદ્ધ વિના સાધી શકાય. યુદ્ધ મેદાનમાં અને શસ્ત્રોથી જ થાય એમ નથી. મંત્રી દ્વારા પણ જોજનો દૂર રહીને પણ યુદ્ધના પરિણામો સિદ્ધ કરી શકાય. આચાર્ય શુક્રએ સામ, દામ, ભેદ તથા દંડ – આ ચાર ઉપાયોના મહત્ત્વને સ્વીકારે છે. ઉપાયચતુષ્ટયની મહત્તા સ્વીકારતા કહે છે કે –

विनाशनीयास्ते सर्वे सामादिभिरुपक्रमैः ।
मित्रं शत्रुं यथायोग्यैः कुर्यात् स्ववशवर्त्तिनम् ।[૧૫]

કૌટિલ્ય બુદ્ધિમાનના બુદ્ધિપ્રયોગના અસંદિગ્ધ પ્રભાવને સ્વીકારે છે.[૧૬] તો વળી કામન્દક પણ કહે છે કે – સેનાને બાજુએ રાખી મંત્ર અને કોશથી વિજય પ્રાપ્ત કરી શકાય છે.[૧૭] ગ્રંથકાર સામાદિ ઉપાયોથી યુદ્ધને સમાપ્ત કરી શકાય તેવો નિર્દેશ કરે છે કે – રાજા હમેંશા દુશ્મનોના દ્વારા અથવા પોતાના દ્વારા કરવામાં

૧૫. શુક્રનીતિઃ – ૪/૧/૨૫ – પૃ. ૪૨૯.
૧૬. કૌ.અર્થ. – ૧૦/૬/૫૧.
૧૭. કા.ની. – ૧૮/૨.

આવેલ સામાદિ ઉપાયોની તથા સંધિ- વિગ્રહ આદિ છ ગુણો તેમજ મંત્રણા દ્વારા ધર્મયુદ્ધ કે કુટયુદ્ધ ગમે તે હોય તેનું નિવારણ કરી શકાય છે. [૧૮]

આખરે તો વિજીગીષુનો એ વ્યવહાર હોવો જોઇએ કે જેથી યુદ્ધની જરૂર ન પડે અથવા તો ના છુટકે જ યુદ્ધ કરવું પડે અને એ પણ સરળ બની જાય. આ માટે તેણે ઉપાયોની યોજના કરવી જોઇએ. ઉપાયથી સર્વ શકય છે. સોમદેવ કહે છે કે - અલ્પદેશ ધરાવનાર પણ અનુરાગી પ્રકૃત્તિથી યુક્ત તેમજ પરાક્રમી ઉપાય સંપન્ન રાજા સાર્વભૌમ બની શકે છે. [૧૯]

**(૩) ઉપાયના પ્રકારો :-**

ઉપાય પ્રકારો બાબત વિવિધ મત પ્રવર્તે છે - પરંતુ મોટાભાગના વિદ્વાનો ચાર ઉપાય દર્શાવે છે - સામ, દામ, ભેદ અને દંડ. મહાભારત ૨-૫-૨૧ માં ઉપાય સંખ્યા સાત કહી છે, ૩-૧૫૦-૪૨ માં ઉપેક્ષાને પાંચમો ઉપાય કહ્યો છે. કેટલાક અન્ય ગ્રંથો પણ ચારથી વિશેષ અન્ય ત્રણ ઉપાય દર્શાવે છે. આ વધારાના ત્રણ ઉપાયો બાબતમાં મતભેદ છે. પણ સામાન્ય રીતે તો માયા, ઉપેક્ષા અને ઇન્દ્રજાળ સ્વીકારાય છે. આચાર્ય શુક્રે ચાર ઉપાયોનું મહત્ત્વ સ્વીકાર્ય છે. [૨૦] ગ્રંથના અધ્યાય ચારના પ્રારંભમાં પ્રકરણ એકમાં ઉપાયતુષ્ટય વિશદ્ ચર્ચા કરી છે.

**(૪) સામાદિ ચતુર્વિધ ઉપાય :-**

ગ્રંથકારે સામ, દામ, ભેદ તથા દંડ - આ ચાર ઉપાયોના મહત્ત્વનો સ્વીકાર કર્યો છે અને ઉપાય ચતુષ્ટયની મહત્તા સ્વીકારતા કહે છે કે - શત્રુ રાજાઓને હમેંશા ઉપાયોનો આશરો લઇ એમાં ભેદ પાડી એમને વશવર્તી બનાવી શકાય છે. જેવી રીતે ઉપાયથી જ ઉન્મત હાથી, ઝેરીલા સાપ કે વનરાજને પણ વશમાં લઇ શકાય છે એવી રીતે શત્રુ અને મિત્રને પણ ઉપાયથી વશમાં લઇ શકાય છે. એવા સામાદિ ઉપાયચતુષ્ટયના લક્ષણાદિની ચર્ચા ગ્રંથકાર કહે છે કે -

---

૧૮. શુક્રનીતિઃ - ૪/૭/૩૫૦ - પૃ. ૮૭૭.

૧૯. ની.વા. - ૨૯-૬૮.

૨૦. શુક્રનીતિઃ - ૪/૧/૨૪, ૨૫ તથા ૪/૭/૩૫૦ માં કહે છે -
उपायान् षड्गुणान् मन्त्रं शत्रोः स्वस्यापि चिन्तयेत् ।
धर्मयुद्धैः कूटयुद्धैर्हन्यादेव रिपुं सदा ॥

**(૧) સામ :-**

परस्परमनिष्ट न चिन्तनीयं त्वया मया ।

सुसाहाय्यं हि कर्तव्यं शत्रौ साम प्रकीर्तितम् ॥ [૨૧]

તમારા અને આપણા પરસ્પર એકબીજાનો અનિષ્ટ વિચાર રાખવો નહીં. એકબીજાની મદદ કરવી જોઇએ એ પ્રકારે કહેવું એ શત્રુને માટે સામવાક્ય કહેવાય છે. શત્રુને માટે સર્વપ્રથમ સામનીતિનો પ્રયોગ શ્રેષ્ઠ છે. [૨૨] એમ ગ્રંથકાર માને છે. મિત્રના સંદર્ભમાં શુક્ર કહે છે – ''તારા સમાન મારે બીજો કોઇ મિત્ર નથી'' એમ કહેવું એ 'સામ' કહેવાય છે. [૨૩] આમ યોગ્યતા અનુસાર ક્રિયામાં ભિન્નતા હોવાથી સામાદિ ઉપાયોમાં પણ ભિન્નતા હોય છે. કામન્દકના મતે સામ ઉપાય એટલે (શત્રુ સાથે) અનુદવેગકર વાણીનો પ્રયોગ કરવો અને તેને શાંત પાડવો. પ્રિય વચનોનો પ્રયોગ તે સામ. [૨૪] શુક્રએ સામના પ્રકારોનો નિર્દેશ કર્યો નથી. પરંતુ અન્યત્ર તેના પાંચ પ્રકાર છે. (૧) પરસ્પરોપકાર દર્શન, (૨) ગુણકીર્તન, (૩) સંબંધ સમાખ્યાન, (૪) ભવિષ્ય લાભદર્શન અને (૫) હૃદયહારી વાણીથી સ્વાર્પણ. [૨૫]

**(૨) દાન :-**

करैवा प्रमितैर्ग्रामैर्वत्सरे प्रबलं रिपुम् ।

तोषयेत् तद्धि दानं स्यात् यथायोग्येषु शत्रुषु ॥ [૨૬]

પોતાનાથી વધુ શક્તિશાળી શત્રુને વાર્ષિક માલગુજારી આપી અથવા નાનું એવું કોઇ કામ આપી કે યથોચિત કંઇક આપી એમને સંતુષ્ટ કરી લે છે તેને 'દાન' કહે છે. આમ દાન શબ્દના અર્થને ગ્રંથકાર સ્પષ્ટ કરે છે. દાનના કામન્દક પાંચ પ્રકાર વર્ણવે છે. (૧) પ્રતિદાન, (૨) ગૃહીતાનુમોદન, (૩) અપૂર્વદ્રવ્યદાન, (૪) સ્વયંગ્રાહપ્રવર્તન અને (૫) દેયપ્રતિમોક્ષ. [૨૭] પ્રાપ્ત ધનનો કોઇ રીતે પણ ત્યાગ તે પ્રતિદાન. જાતે આપ્યું ન હોય અને શત્રુએ લઇ લીધુ હોય પણ કોઇ

૨૧. એજન – ૪ / ૧ / ૩૨ – પૃ. ૪૩૨.
૨૨. એજન – ૪ / ૧ / ૩૮ ''सामैव प्रथमं श्रेष्ठम्'' – પૃ. ૪૩૪.
૨૩. એજન – ૪ / ૧ / ૨૯ – પૃ. ૪૩૪.
૨૪. કા.ની. – ૧૮ / ૧૬ – પૃ.
૨૫. એજન – ૧૮ / ૪, ૫ – પૃ.
૨૬. શુક્રનીતિઃ – ૪ / ૧ / ૩૩ – પૃ. ૪૩૨.
૨૭. કા.ની. – ૧૮ / ૬, ૭ – પૃ.

પ્રયોજનથી તેને એમ કહેવું કે જાતે લીધું તે સારું કર્યું, આમ તો મેં આ વસ્તુ તમને આપવાનો મનથી સંકલ્પ કર્યો હતો તે ગૃહીતાનુમાદન પોતાનાં ભંડારમાંથી લઇને આપવું તે અપૂર્વદ્રવ્યદાન. બીજાના ધનમાંથી, પ્રદેશમાંથી તે જે લીધું છે તેને હુ તારું માનું છું કે અહીંથી ધન લઇને તે તારું છે એમ કહી આપવામાં આવે તે સ્વયંગ્રાહપ્રવર્તન. જે લેણું હોય તેને જતુ કરી દેવું તે દેયપ્રતિમોક્ષ.

**(૩) ભેદ :-**

ભેદ શબ્દ સ્વયંસ્પષ્ટ છે. ગ્રંથકારે શત્રુ પ્રત્યે ભેદનો સ્વરુપ નિર્દેશ કર્યો છે.

शत्रुसाधकहीनत्वकरणात् प्रबलाश्रयात् ।
तद्धीनतोज्जीवनाच्च शत्रुभेदनमुच्यते ॥ [૨૮]

દુશ્મનના બધા સાધનોને નિકૃષ્ટ બનાવીને દુશ્મનથી વધુ શક્તિશાળીનો મહારો લઇ અને શત્રુહીન બળવાળાને શક્તિશાળી બનાવીને શત્રુને કમજોર બનાવવો તેને 'શત્રુભેદન' કહે છે. કામન્દકે ભેદના ત્રણ પ્રકારો દર્શાવ્યા છે. (૧) સ્નેહરાગાયનયન (૨) સંઘર્ષોત્પાદન અને (૩) સંતર્જન.[૨૯] અર્થાત્ શત્રુના સ્નેહીઓમાં સ્નેહ અને અનુરાગમાં ભંગ પડાવવો, તેમની વચ્ચે કલહ ઉત્પન્ન કરાવવો અને ભય દેખાડવો એ ત્રણેય પ્રકારે ભેદ સિદ્ધ કરી શકાય. શુક્રના મતાનુસાર ગમે તે પ્રકારે શત્રુસેનામાં ભેદ ઉત્પન્ન કરી એમના માટે કૂટનીતિ અથવા ધનાદિ આપી શત્રુસેનામાં ભેદ પાડવાનો રાજાએ હમેંશા પ્રયાસ કરવો જોઇએ.[૩૦]

**(૪) દંડ :-**

આચાર્ય શુક્ર શત્રુઓ માટે દંડના સ્વરૂપ નિર્દેશ કરતા કહે છે કે – તસ્કરો દ્વારા લુટાવી શત્રુને પીડા પહોચાડવી, એમના અન્ન અને ધનને નુકશાન પહોચાડવું, પોતાની શક્તિશાળી સેના તેમજ સફળ નીતિથી ડરાવવા તથા યુદ્ધના સમયમાં એમની ઉપર આક્રમણ લડત આપી એમને ડરાવવા શત્રુને માટે 'દંડ' કહેવાય છે.[૩૧]

૨૮. શુક્રનીતિઃ – ૪/૧/૩૪ – પૃ. ૪૩૨.
૨૯. કા.ની. – ૧૮/૮.
૩૦. શુક્રનીતિઃ – ૪/૭/૧૮૭ – પૃ. ૮૧૯.
૩૧. એજન – ૪/૧/૩૫ – પૃ. ૪૩૩.

दस्युभिः पीडनं शत्रोः कर्षणं धनधान्यतः ।

तच्छिद्रदर्शनादुग्रबलैर्नीत्या प्रभीषणम् ।

प्राप्तयुद्धानिवृत्तित्वैस्त्रासनं दण्ड उच्यते ॥

ગ્રંથકાર દંડનું લક્ષણ આપતા જણાવે છે કે – દંડથી કે ખરાબ આચરણથી મનુષ્યનું દમન થાય છે. તેથી જે સાધનથી જીવનું સારી રીતે દમન થાય છે તેમને 'દંડ' કહે છે.[૩૨]

निवृत्तिरसदाचाराद् दमनं दण्डश्च तत् ।

चेन सन्दम्यते जन्तुरुपायो दण्ड एव सः ॥

દંડના પ્રકારોના સંદર્ભમાં પણ સ્પષ્ટતા કરાઇ છે કે –

निर्भर्त्सनं चापमानोऽनशनं बन्धनं तथा ।

ताडनं द्रव्यहरणं पुरान्निर्वासनाङ्कने ॥

व्यस्तक्षौरमसद्यानमङ्गच्छेदो वधस्तथा ।

युद्धेमेते ह्युपायाश्च दण्डस्यैव प्रभेदकाः ॥[૩૩]

ધમકાવવુ (ખીજાવુ), અપમાનિત કરવુ, ભૂખ્યા રાખવુ, બાંધવુ, મારવુ, ધન લઇ લેવુ, નગરમાંથી કાઢી મૂકવું, શરીર દમડવુ, મુંડન કરાવવુ, ગધેડા પર બેસાડી ફેરવવુ, અંગભંગ કરી દેવુ, મારી નાખવુ કે યુદ્ધ કરવુ આ બધા દંડનીતિના જ ભેદ ગ્રંથકાર કહે છે. દંડના પ્રયોગથી રાજાના બધા કાર્યો આપો-આપ થઇ જાય છે. રાજધર્મનો પરમ રક્ષક દંડને જ માનવમાં આવે છે.[૩૪] દંડની ઉત્પત્તિ ઇશ્વરીય છે. એમ મનુ માને છે. તે રાજાના પ્રયોજનની સિદ્ધિ માટે ઇશ્વરબ્રહ્માએ સર્વ પ્રાણીઓનું રક્ષણ કરનાર અને બ્રહ્મ તેજથી પૂર્ણ ધર્મરૂપ પોતાના પુત્ર એવા દંડને પ્રથમ સજર્યો છે.[૩૫] ચાર ઉપાયોમાંથી દંડની શ્રેષ્ઠતા મનુએ સ્વીકારી છે. સામ, દામ અને ભેદ એ પ્રથમના ત્રણ ઉપાયોથી જો તેઓ વિરોધ કરતા ન અટકે,

---

૩૨. એજન – ૪/૧/૪૪ તથા 'દમ' ને દંડ પણ કહે છે –
दमो दण्ड इति ख्यातस्तस्माद्दण्डो महिपतिः ।
तस्य नीतिर्दण्डनीतिर्नयनान्नीतिरुच्चयते ॥ – ૧/૧૫૭ – પૃ. ૬૪.

૩૩. એજન – ૪/૧/૪૬, ૪૭ – પૃ. ૪૩૭.

૩૪. એજન – ૪/૧/૫૨ – પૃ. ૪૩૯.

૩૫. મનુસ્મૃતિઃ – ૭/૧૪.

તો રાજાએ બળપૂર્વક દંડથી જ ધીમી – ધીમે તેઓને વશ કરવા તથા દેશની આબાદી માટે સામ આદિ ચાર ઉપાયોમાં સામ અને દંડને પંડિતો નિત્ય વખાણે છે.[૩૬]

## (૩) સામાદિ ચતુર્વિધ ઉપાયોના પ્રયોગો :-

ઉપર્યુકત ચાર ઉપાયો પોતપોતાની રીતે ઉપાદેય છે તેમ છતાં સર્વ પ્રથમ સામનો પ્રયોગ સર્વશ્રેષ્ઠ છે. એમની નિષ્ફળતાથી દાનનીતિનો પ્રયોગ, ત્યારબાદ ભેદનીતિનો પ્રયોગ, સર્વથા હારવાથી જો પ્રાણસંકટ આવી પડે ત્યારે દમન (દંડનીતિ) નો પ્રયોગ કરવો જોઇએ.[૩૭] આમ છતાં પણ સામના પ્રયોગની વિશેષ ભલામણ કરતા ગ્રંથકાર કહે છે કે પોતાનાથી અત્યંત શક્તિશાળી શત્રુઓને માટે સામ અને દાન, પોતાનાથી વધુ બળવાન શત્રુને માટે સામ અને ભેદ મિત્રને માટે સામ અને દાનનો પ્રયોગ યોગ્ય છે, કયારેય પણ મિત્રોને માટે ભેદ અને દંડનો પ્રયોગ કરવો નહીં.[૩૮] ક્ષીરસાગરના મંથન સમયે દેવ – દાનવોએ સામનો પ્રયોગ કર્યો હતો, સામથી વિરુદ્ધ વર્તવા જતાં કૌરવો નાશ પામ્યા હતા. શત્રુ રાજાઓની પ્રજા ભેદનું, શત્રુ પીડિત પ્રજાનાં સંગ્રહ માટે સામ અને દાનનું પણ વિધાન કરવામાં આવ્યું છે.[૩૯] પોતાની પ્રજામાં મુખ્યત્વે સામ અને દાનનો જ પ્રયોગ યોગ્ય છે, પરંતુ જો તે ઉપાયથી કામ ન થાય તો દંડનો ઉપયોગ કરવો જોઇએ. શુક્રનીતિમાં આ ઉપાયોનું લૌકિક દષ્ટાંત આપવામાં આવ્યું છે. ગ્રંથકાર કહે છે કે ઉપાય દ્વારા મુશ્કેલમાં મુશ્કેલ કાર્યને પણ સરળતાથી પાર કરી શકાય છે. લોખંડ જેવી કઠોર ધાતુ પણ આસાનીથી પીગળી જાય છે, પાણી નાખવાથી આગ બુઝાઇ જાય છે, પરંતુ શુક્ર કહે છે જો ઉપાય દ્વારા કાર્ય કરવામાં આવે તો આગ સંપૂર્ણ પાણીને સૂકવી નાખે છે. ઉપાયથી તો મદમસ્ત હાથી ઉપર મહાવત કાબૂ મેળવી એમના મસ્તક ઉપર પગ રાખે છે. શુક્રના મતાનુસાર ચારેય ઉપાયોમાં 'ભેદ' અને છ ગુણોમાં 'આશ્રય' શ્રેષ્ઠ છે. વિજગીષુ રાજાએ તે બન્નેનું અનુસરણ કરવું જોઇએ.

## (૪) દંડ નિરૂપણ :-

અનુચિત અને અનૈતિક આચરણના અવરોધ માટે શસ્ત્રકારોએ રાષ્ટ્રનાયક

---

૩૬. એજન – ૭/૧૦૮, ૧૦૯.

૩૭. શુક્રનીતિઃ – ૪/૧/૩૮ – પૃ. ૪૩૪.

૩૮. એજન – ૪/૧/૩૯, ૪૦ – પૃ. ૪૩૪-૪૩૫.

૩૯. એજન – ૪/૧/૪૧ – પૃ. ૪૩૫.

ઉપર દાયિત્વ સોપ્યું છે. આજ આતંકવાદ, ઉગ્રવાદ કે એવા અનૈતિક સંગઠનોની જે બોલબાલા છે, એમનું દાયિત્વ કોના ઉપર હશે ? એવી વિષમ સ્થિતિમાં મનુ, યાજ્ઞવલ્કય, શુક્ર, દેવગુરુ, બૃહસ્પતિ અથવા માનવીય આચારના સ્તમ્ભ કૂટનીતિજ્ઞ કૌટિલ્યએ સ્પષ્ટ શબ્દોમાં સામ, દામ, ભેદ અને દંડનીતિના પ્રયોકતા રાષ્ટ્રનાયકને માન્યા છે. મનુએ સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે કે – ''सामदीनामुपायानां चतुर्णाम् ।[४०] એવી રીતે યાજ્ઞવલ્કયએ પણ યાજ્ઞવલ્કય સ્મૃતિના પ્રથમ અધ્યાયમાં કહ્યું છે કે उपायाः सामादानं च भेदो दण्डस्तथैव च ।[४१] કહી રાષ્ટ્રનાયક ઉપર જવાબદારી સોંપી છે. આચાર્ય શુક્રએ પણ દંડનીતિના પ્રયોગમાં ખૂબજ સાવધાની રાખી છે. તેઓ કહે છે કે 'दण्डेन नीतिः ।' અર્થાત્ સામ, દામ, દાન, ભેદ અને દંડમાં દંડની મહત્તા સ્વીકારી છે. મહાભારતમાં પણ દંડનીતિનું અત્યંત મહત્ત્વ સ્વીકારાયું છે અને બધા ઉપાયોમાં દંડને મહત્ત્વપૂર્ણ સ્થાન દીધેલ છે.[૪૨]

આચાર્ય શુક્રએ ધર્મનો રક્ષક દંડને જ માન્યો છે. દંડનીતિના વ્યવહારથી રાજાના બધા કાર્યો થઇ જાય છે. તેમણે દમનના અર્થમાં જ દંડનો પ્રયોગ કર્યો છે. – येन सन्दम्यते जन्तुः उपायो दण्ड एव सः ।[४३] રાજા બધાનો સ્વામી છે. તેથી દંડ નામનો ઉપાય એમને આધીન છે. આ દંડના ભયથી રાજયનું સંચાલન વ્યવસ્થિત ચાલે છે. તેના સંદર્ભમાં ગ્રંથકાર કહે છે કે – ''દંડના ભયથી પ્રજા પોતાના કર્તવ્યમાં સ્થિર રહે છે, કોઇ દુર્બળને દુઃખી કરતાં નથી, ખોટુ બોલવાની હિંમત કરતાં નથી, ક્રુર પર બીજાના દુઃખથી દુઃખી થાય છે, દુર્જનો પોતાની દુર્જનતા છોડી દે છે, યશ પણ યશવર્તી બની જાય છે, ચોર ભાગી જાય છે, ચાડીખોર પોતાનું મુખ બંધ કરી લે છે, કર નહીં આપનારા કર આપવા લાગે છે અને નીડર ડરવા લાગે છે. દંડની એવી પ્રક્રિયા છે જેનાથી લોકો ભયભીત થઇ કર્તવ્યપાલનમાં સ્થિર રહે છે. તેથી રાજાએ હમેંશા દંડધર જ બની રહેવું જોઇએ.''[૪૪] શુક્ર કહે છે કે – ''વેદના આદેશથી યજ્ઞમાં પશુની હિંસા અહિંસા

૪૦. મનુસ્મૃતિઃ – ૬/૧૦૯.
૪૧. યાજ્ઞવલ્કયસ્મૃતિ – ૧/૩૪૬.
૪૨. મ.ભા. શાંતિ ૧૫ માં અધ્યાય દંડ-પ્રશંસામાં લખાયેલ છે.
૪૩. શુક્રનીતિઃ – ૪/૧/૪૪ – પૃ. ૪૩૬.
૪૪. એજન – ૪/૧/૪૮-૫૦ – પૃ. ૪૩૮.

માનવામાં આવી છે, તેવી જ રીતે દુષ્ટોની હિંસા અહિંસા જ માની છે.''[૪૫] દંડના પ્રયોગના સંદર્ભમાં શુક્ર નિર્દેશ કરે છે કે – ''દંડનીય વ્યક્તિને દંડ ન આપવા વાળા, નિરપરાધીને સજા આપવાવાળા અને અપરાધથી વધુ દંડ આપવાવાળા રાજાને પ્રજા છોડી દે છે. આવું કરવાવાળા રાજા પાપી કહેવાય છે. શાસ્ત્રનુસાર અપરાધીઓને દંડ દેવાથી શ્રેષ્ઠ ફળ મળે છે. એ નિર્દેશ કરી શુક્ર શાસ્ત્રના મતનો ઉલ્લેખ કરે છે.[૪૬]

પ્રજાને દંડ આપવાથી રાજાનું કલ્યાણ થતું નથી પરંતુ એમની કિર્તી, ધન અને પુણ્યનો નાશ થઇ જાય છે. દંડની આવશ્યકતાના સંદર્ભમાં ગ્રંથકાર નિર્દેશ કરતાં કહે છે કે ''સત્યુગમાં ધર્મ ચારેય ચરણોમાં વિદ્યમાન હતો. તેથી આ યુગમાં દંડનું કોઇ વિધાન હતું નહીં. ત્રેતાયુગમાં પ્રજા વચ્ચે ત્રણ ચરણો ધર્મ અને એક ચરણ પાપ હતું તેથી આ યુગમાં પૂર્ણ દંડ આપવામાં આવતો હતો. દ્વાપરયુગમાં અડધો ધર્મ અને અડધો અધર્મ હતો તેથી આ યુગમાં ત્રણ ચોથાઇ દંડનું વિધાન હતું. કલિયુગમાં રાજાની દુષ્ટતાથી પ્રજા નિર્ધન છે. તેથી આ યુગમાં અડધા દંડનું વિધાન છે.''[૪૭]

પોતાનો અને પ્રજાનો દોષ જોવાવાળા રાજા ઉત્તમ છે. શુક્ર કહે છે કે સૌપ્રથમ રાજા પોતાને દોષ મુક્ત કરે, પછી રાજપુરુષોને અને ત્યારપછી પ્રજાને દોષમુક્ત કરે.[૪૮] ગ્રંથકારે અપરાધના ચાર પ્રકાર દર્શાવ્યા છે – શારિરીક, માનસિક, વાચિક અને સંપર્કજન્ય. આંખ અને મુખની વિકૃતિથી એમના મનોભાવોને સમજાય એમને માનસિક અપરાધ તથા એમના કાર્યથી શારીરિક, નિષ્ઠુર વાણીથી વાચિક, સંગથી (સહવાસથી) સાંસર્ગિક અપરાધની લઘુતા અને ગુરુતા સમજી અપરાધોના સંબંધોમાં દંડ વિચાર કરવો જોઇએ.[૪૯]

શુક્રએ અલગ-અલગ અપરાધોને માટે દંડવિધાન પણ વિસ્તૃત રીતે કર્યું છે – ''શરાબી, ધૂર્ત, ચોર, પરસ્ત્રીગામી, અત્યંત ક્રોધી, ખૂની, વર્ણશ્રમધર્મની વિરુદ્ધ આચરણ કરવાવાળા, પરલોકમાં નહીં માનનારા, ધોખેબાજ,

---

૪૫. એજન – ૪/૧/૫૨,૫૩ – પૃ. ૪૩૯.
૪૬. એજન – ૪/૧/૫૪,૫૫ – પૃ. ૪૩૯-૪૪૦.
૪૭. એજન – ૪/૧/૫૭-૫૯ – પૃ. ૪૪૧.
૪૮. એજન – ૪/૧/૬૯ – પૃ. ૪૪૫.
૪૯. એજન – ૪/૧/૭૨-૭૩ – પૃ. ૪૪૬.

ખોટુ દોષારોપણ કરવાવાળા, ચાડીખોર, માન્યજનો ઉપર દોષારોપણ કરવાવાળા, દેવ મૂર્તિઓને દૂષિત કરવાવાળા, કોઇની જીવિકા હરવાવાળા, અસહન, લાંચ લેનાર, કુકર્મી, કોઇનો ભેદ ખુલ્લો પાડનાર કે કામ બગાડવા વાળા, ખોટુ બોલવાવાળા, ખરાબ બોલવાવાળા, જલાશય દૂષિત કરવાવાળા, બગીચાને નષ્ટ કરવાવાળા, ઢોંગી ભવિષ્યવકતા, રાજદ્રોહી, દુષ્ટ મંત્રી, અનાડી વૈદ્ય, અભદ્ર આચરણવાળા, ઉદ્ધત વેશભૂષાવાળા, રસ્તો રોકવાવાળા, ખોટા પુરાવા દેવાવાળા, અપવિત્ર રહેવાવાળા, પોતાના પાલક કે સંરક્ષકનો વિરોધ કરવાવાળા, આગ લગાડવાવાળા, ઝેર આપીને કોઇને મારી નાખવાવાળા, રંડીબાજ, ખોટા દસ્તાવેજ આપવાવાળા અધિકારી, પક્ષપાતી સભાસદ, ખોટા દસ્તાવેજ લખાવી લેનાર, અન્યાયી, ઝઘડાળુ, લડાઇનું મેદાન છોડીને ભાગવાવાળા સૈનિક, પુરાવા નાશ કરવાવાળા, મા-બાપ, મિત્ર અને સતી નારીની બુરાઇ કરવાવાળા, ઇર્ષાળુ, શત્રુની સેવા કરવાવાળા, કોઇપણને દુઃખ પહોંચાડનારા, ચોરી કરવાવાળા, પાપી અને દુષ્કર્મી, સીધાસાદા ગ્રામીણને દુઃખી કરવાવાળા, ગૃહસ્થ હોવા છતાં પરિવારનું પાલન-પોષણ કર્યા વિના તપ કે વિદ્યાધ્યયન કરવાવાળા, પુત્રી વેચવાવાળા, પરિજનોની આજીવિકા ઘટાડવાવાળા, દુરાચારી, ખોટી માહિતી આપવાવાળા, રાજાના અહિતની ચિંતા ન કરવાવાળા, વ્યભિચારી સ્ત્રી, પતિ અને પુત્રની હત્યા કરવાવાળા, સ્વેચ્છાચારીણી, ઘરના કામમાં મોઢુ ફેરવી લેનારી, હમેંશા દુષ્ટ આચરણ કરવાવાળી, ગુરુજનોની સાથે અપ્રિય વ્યવહાર કરવાવાળા એવા પુરુષો અને સ્ત્રીઓનાં સ્વભાવથી દુષ્ટતા જાણી રાજા પોતાના રાજયમાંથી દંડ આપી કાઢી મૂકે.''[૫૦]

**(૫) ષાડ્ગુણ્ય વિચાર :-**

**✤ પ્રસ્તાવના :-**

પ્રાચીન ભારતમાં પર રાષ્ટ્ર સંબંધ પર પ્રભાવક સિદ્ધાંત તરીકે આપણે ષાડ્ગુણ્યને સમજી શકીએ. વિજિગીષુ અને રાજયની સ્થિતિ સદા સર્વદા એક

૫૦. એજન - ૪/૧/૯૮-૧૦૭ - પૃ. ૪૫૬.

૫૧. सन्धिं च विग्रहं यानमासनं च समाश्रयायम् ।
द्वैधीभावं च संविधान्मन्त्रस्यैतांस्तु षड्गुणान् ॥ - શુ.ની. - ૪/૭/૨૩૪ - પૃ. ૮૩૬.
મનુસ્મૃતિઃ - ૭/૧૬૦.

સમાન ન રહે. યુદ્ધથી કાર્ય સિદ્ધ થાય અને ન પણ થાય. યોગ્ય સમયે કરેલ યુદ્ધ સિદ્ધકર બને. પરંતુ યોગ્ય સમય પ્રાપ્ત ન થાય ત્યાં સુધી શું કરવું ? યુદ્ધ કયારે કરવું, કયારે ન કરવું ? યુદ્ધના વિકલ્પમાં શું કરવું ? આવા અનેક સંભવિત પ્રશ્નોના ઉત્તરોની મથામણમાં વિચાર મંથન અને અનુભવોને પરિણામે ષાડ્ગુણ્યની પ્રાપ્તિ થઇ છે. શત્રુ સાથેની નીતિમાં જ ગુણોનો આશ્રય લેવો આવશ્યક બને છે તેની સંખ્યા છ હોઇ આ સિદ્ધાંતને 'ષાડ્ગુણ્ય' કહે છે. પ્રાયઃ સર્વે વિચારકો આ સંખ્યાને ગ્રાહ્ય રાખે છે.[૫૧] સંધિ, વિગ્રહ, યાન, આસન, સંશ્રય અને દ્વૈધીભાવ એ છ ગુણો છે. તે ષાડ્ગુણ્યનું આચાર્ય શુક્રએ શુક્રનીતિના ચોથા અધ્યાયના સાતમાં પ્રકરણમાં નિરુપણ કર્યું છે. ક્રમશઃ જોઇએ -

**(૧) સંધિ :-**

શુક્ર સંધિની વ્યાખ્યા આપે છે કે -

याभिः क्रियाभिर्बलवान् मित्रतां याति वे रिपुः ।

सा क्रिया सन्धिरित्युकता वि शेत् तां तु यत्नतः ॥[૫૨]

અર્થાત્ અત્યંત શક્તિશાળી શત્રુ પણ જે કાર્યથી મિત્ર બની જાય તેને સંધિ કહે છે. જયારે કૌટિલ્ય પ્રમાણે કોઇ શરતે થયેલી વ્યવસ્થા કે ગોઠવણી તે સંધિ.[૫૩] पणबन्धः सन्धिः ।.

શુક્રના મતે વિજિગીષુ પોતે સંકટ ગ્રસ્ત હોય, શત્રુ બળવાન હોય, પોતાને કોઇ પ્રતિકાર મળતો ન હોય, સમર્થ બનવામાં સમય લાગે તેમ હોય તો તેણે સંધિનો આશ્રય લેવો.[૫૪] આથી કહી શકાય કે સંધિ એ કાયમી રીતે યુદ્ધનો ત્યાગ નથી, કામચલાઉ યુદ્ધનો ત્યાગ છે. સમય પસાર કરવાનું અને અનુકૂળતા મેળવવાનું બહાનું છે.[૫૫] વિજિગીષુ રાજાએ એવી સ્થિતિમાં ભેટ આપી સંધિ કરવી લાભદાયક છે. મિત્રતાને છોડી સંધિના જે કોઇ ઉપાય છે, તે બધા આ ભેટના પ્રકાર છે. આક્રમણકારી રાજા જો અત્યંત શક્તિશાળી હોય તો ઉપહાર (ભેટ) લીધા વિના પાછા ફરતા નથી. તેથી ભેટને છોડી કોઇ બીજા સાધન સંધિને માટે નથી.

---

૫૨. શુક્રનીતિઃ - ૪/૭/૨૩૫ - પૃ. ૮૩૬.
૫૩. કૌ. અર્થ. - ૭/૧/૬.
૫૪. શુક્રનીતિઃ - ૪/૭/૨૩૯ - પૃ. ૮૩૮.
૫૫. કા.ની. - ૯/૧ પર ઉ.નિ.

શત્રુની શક્તિ અનુસાર એમના ઉપહારની કલ્પના કરવામાં આવે છે. ઉપહારમાં એમની દાસતા કબૂલવી પડે છે, અથવા પોતાની પુત્રી કે રાજયનો કોઇ ભાગ અથવા ધન આપવું પડે છે.[૫૬]

વિજિગીષુ રાજાએ શત્રુઓને જીતવા માટે બાજુના સામંતોની સાથે વિચાર વિમર્શ કરી સંધી કરી લેવી જોઇએ. દુર્જનની સાથે પણ સંધિ કરી લેવી જોઇએ કારણ કે તેમ કરવાથી શત્રુને સમય મળતાં જ મુશ્કેલી ઊભી કરી શકે છે.[૫૭] સંધિ કયારે કરવી અને તેના લાભના સંદર્ભમાં ગ્રંથકાર નિર્દેશ કરે છે કે – જેવી રીતે પોતાની જ ડાળીઓમાં એકબીજાથી અથડાતા વાંસને જળમૂળમાંથી એક વાંસને કાપીને ઉખાડી નાખવો સરળ નથી તેવી રીતે બધી બાજુએથી સહાયતા સંપન્ન રાજાને પરાજિત કરવો સરળ નથી.[૫૮] તેથી શુક્ર કહે છે કે – અત્યંત શક્તિશાળી રાજા સાથે સંધિ, સમાન બલશાળીઓ સાથે યુદ્ધ, દુર્બળો પર આક્રમણ, મિત્ર રાજાઓની સાથે આસન અને જો કોઇ રાજાને એકસાથે અનેક શત્રુઓનો સરખો ભય હોય તો તેમાં સર્વાધિક શક્તિશાળીની સાથે સંધિ કરી આત્મરક્ષા કરવી જોઇએ.[૫૯]

વિજિગીષુ રાજાએ પોતાનાથી શક્તિશાળી રાજા સાથે યુદ્ધ કરવું નહીં શુક્ર ઉદાહરણ આપે છે કે – પ્રતિકૂળ પવનની દિશામાં વાદળ પણ જતાં નથી.[૬૦] જો પોતાનાથી વધુ શક્તિશાળી રાજાની સામે મસ્તક નમાવી સમયની રાહ જૂવે છે અને અનુકૂળ સમય મળતાં જ તેમની સાથે યુદ્ધ કરે છે, તેવા રાજાની સંપતિ તેમનાથી કયારેય અલગ થતી નથી. જેમ નદીઓ કયારેય વિરુદ્ધ દિશામાં વહેતી નથી.[૬૧] જ્ઞાની રાજાઓ દુશ્મનની સાથે સંધિ કરી હોવા છતાં પણ તેમના ઉપર વિશ્વાસ કરતાં નથી. પ્રાચીનકાળમાં પરસ્પર દ્રોહ ન કરવાની પ્રતિજ્ઞા કરી હોવા છતાં ઇન્દ્રએ વૃત્રનો વધ કર્યો હતો.[૬૨]

---

૫૬. શુક્રનીતિઃ – ૪/૭/૨૪૦–૨૪૨ – પૃ. ૮૩૮–૮૩૯.
૫૭. એજન – ૪/૭/૨૪૩ – પૃ. ૮૩૯.
૫૮. એજન – ૪/૭/૨૪૪ – પૃ. ૮૪૦.
૫૯. એજન – ૪/૭/૨૪૫,૨૪૬ – પૃ. ૮૪૦.
૬૦. એજન – ૪/૭/૨૪૭ – પૃ. ૮૪૧.
૬૧. એજન – ૪/૭/૨૪૮ – પૃ. ૮૪૧.
૬૨. એજન – ૪/૭/૨૫૦ – પૃ. ૮૪૨.

યુદ્ધમાં સ્વયં જયારે શત્રુનો નાશ કરવા અસમર્થ હોય ત્યારે આક્રમણકારીને શિથિલ બનાવવાના ઉપાયો કામન્દક પણ દર્શાવે છે.[૬૩] તથા સમાન બળવાળા કે હીન બળવાળા શત્રુ સાથે સંબંધ વ્યવહારુ છે, બૃહસ્પતિના મતે સમાન બળવાળા રાજા સાથે સંધિ ઇચ્છવા યોગ્ય છે. યુદ્ધમાં સંદેશ રહેલો છે, સંદેશાત્મક કાર્ય ન કરવું.[૬૪] મનુસ્મૃતિમાં પણ કેહવાયું છે કે ભવિષ્યમાં જો પોતાની અધિકતા નક્કી જણાય અને તે વખતે તાત્કાલિક જો ઓછુ નુકશાન લાગે તો સંધિનો આશ્રય લેવો.[૬૫]

શુક્ર સંધિના પ્રકારો અંગે મૌન છે. પરંતુ ઉપહાર સંધિનાં સર્વશ્રેષ્ઠતાનો નિર્દેશ કરે છે.

एक एवोपहारस्तु सन्धिरेष मतो हितः ॥ (શુ.ની. ૪/૭/૨૪૦)

જયારે કામન્દકે[૬૬] કપાલ, ઉપહાર, સંતાન, સંગત, ઉપન્યાસ, પ્રતીકાર, સંયોગ, પુરુષાન્તર, અદષ્ટનર, આદિષ્ટ, આત્મામિષ, ઉપગ્રહ, પરિક્રિય, ઉચ્છિન્ન, પરદૂષણ અને સ્કન્ધોપનેય આ રીતે નીતિશાસ્ત્રમાં સોળ પ્રકારના સંધિ કહ્યા છે. સંધિના વિષયમાં વિચક્ષણ એવા નીતિશાસ્ત્રવેતા પુરુષો પણ સોળ પ્રકારનો સંધિ કહે છે. મનુસ્મૃતિમાં[૬૭] સમાનયાનકર્મા અને અસમાનયાનકર્મા એવા બે સંધિના પ્રકારો દર્શાવ્યા છે.

## (૨) સંધિ :-

વિગ્રહ ગુણની ચર્ચા શુક્રએ શુક્રનીતિના ચોથા અધ્યાયના સાતમાં પ્રકરણમાં ટૂંકમાં કરી છે. શુક્રના મતાનુસાર જે કાર્યથી શત્રુ દુઃખી થઇ શરણાગતિ સ્વીકારે તેને વિગ્રહ કહે છે. તદોપરાંત ગ્રંથકાર કહે છે કે પોતાના મંત્રીઓની સાથે વિચાર વિમર્શ કરી રાજાએ વિગ્રહ કરવો.[૬૮] વિગ્રહ અને કલહનો ભેદ દર્શાવતા શુક્ર કહે છે કે –

---

૬૩. કા.ની. – ૯/૬૮,૬૯; ૯/૭૦ થી ૭૩; ૯/૭૮ – પૃ. ૨૩૬–૩૨૭.
૬૪. એજન – ૯/૬૦ – પૃ. ૨૩૨.
૬૫. मनुस्मृतिः – ૭/૧૬૯ – પૃ. ૧૪૫.
૬૬. કા.ની. – ૯/૨–૪ – પૃ. ૨૧૪.
૬૭. मनुस्मृतिः – ૭/૧૬૩ – પૃ. ૧૪૪.
૬૮. विकर्षितः सन् वाधीनो भवेच्छत्रुस्तु येन वै ।
कर्मणा विग्रहस्तं तु चिन्तयेन्मन्त्रिभिर्नृपः ॥ – શુ.ની. – ૪/૭/૨૩૬ – પૃ. ૮૩૭.

विग्रहः स च विज्ञेयो ह्यन्यश्च कलहः स्मृतः ।[૬૯]

આક્રમણને શુક્ર વિગ્રહ કહે છે તેનાથી ભિન્ન કેવળ કલહ છે. જયારે કૌટિલ્યના મતે અપકાર એ વિગ્રહ છે.[૭૦] તેમને અનુસરી કામન્દક કહે છે કે – પરિભવાસહિષ્ણુ અને દુઃખથી સંતૃપ્ત મનવાળા મનુષ્યો પરસ્પરના અપકાર દ્વારા વિગ્રહ કરે છે.[૭૧] જયારે મનુસ્મૃતિમાં[૭૨] વિગ્રહ કયારે કરવો તેના વિશે સંકેત મળે છે કે – ''જયારે પોતાનું મંત્રીઆદિ સર્વ પ્રકૃતિમંડળ અત્યંત પ્રસન્ન લાગે અને પોતાને અત્યંત ઉન્નત થયેલો માને ત્યારે રાજાએ વિગ્રહ કરવો જોઇએ.'' શુક્ર કહે છે કે – ''જેને પોતાના અભ્યુદયની ઇચ્છા હોય અથવા તો જેને શત્રુ પીડા કરતો હોય તેણે દેશ, કાળ અને બળથી સંપન્ન થઇને યુદ્ધનો આરંભ કરવો.'' કામન્દક પણ આજ વિચાર રજૂ કરે છે કે – સ્વાભ્યુદયની આકાંક્ષા સેવતા વિજિગીષુ માટે, શત્રુ દ્વારા પીડા પામનારને તે પીડામાંથી મુક્ત થવા વિગ્રહનો આશ્રય આવશ્યક બની જાય છે. અલબત્ત વિગ્રહ કરનારે પોતે દેશ, કાળ અને બળ બાબતમાં સંપન્ન છે કે કેમ તેમ તપાસી જવું જોઇએ.[૭૪]

વિગ્રહ કરવા યોગ્ય પુરુષના લક્ષણના સંદર્ભમાં ગ્રંથકાર જણાવે છે કે – જે પોતાનાથી વધુ બળવાન રાજાની સામે મસ્તક નમાવી સમયની પ્રતીક્ષા કરતાં રહે અને અનુકૂળ સમય આવ્યે તેની સાથે વિગ્રહ કરવો. જેમ નદીઓ કયારેય જુદી દિશામાં વહેતી નથી.[૭૫] વિગ્રહ થવાના કારણનો નિર્દેશ કરતા શુક્ર કહે છે કે – સૈન્યશક્તિ તેમજ મિત્રબળથી હીન, પોતાના જ દુર્ગમાં ઘેરાયેલા અત્યંત વિષયાસક્ત, પ્રજાના ધનને લૂંટવાવાળા કૂટયુક્ત મંત્રીઓ તેમજ સૈન્યશક્તિવાળા શત્રુઓનો ઘેરાવો કરી પરાજિત કરવો.[૭૬] બળવાન શત્રુની સાથે વિગ્રહનો નિષેધ કરતાં ગ્રંથકાર કહે છે કે – ઓછી શક્તિવાળા દુર્બળ રાજાએ વધુ બળવાન રાજાની

૬૯. એજન – ૪/૭/૨૫૨ – પૃ. ૮૪૩.
૭૦. કૌ.અર્થ. – ૭/૧/૭.
૭૧. કા.ની. – ૧૦/૧ – પૃ. ૨૪૦.
૭૨. મનુસ્મૃતિઃ – ૭/૧૭૦ – પૃ. ૧૪૫.
૭૩. શુ.ની. – ૪/૭/૨૫૦ – પૃ. ૮૪૨.
૭૪. કા.ની. – ૧૦/૨ – પૃ. ૨૪૦.
૭૫. શુ.ની. – ૪/૭/૨૪૯ – પૃ. ૮૪૧.
૭૬. એજન – ૪/૭/૨૫૧ – પૃ. ૮૪૨.

સાથે વિગ્રહ કરવો નહીં. તેમ કરવાથી તેમનો નાશ થઇ જાય છે.[૭૭] તથા નિરુપાય અવસ્થામાં વિગ્રહ કરવાનો નિર્દેશ પણ ગ્રંથકાર કરે છે. યુદ્ધનું કારણ કોઇ એકજ વસ્તુ માટે બે વ્યક્તિઓનો એકજ જ આગ્રહ હોય અથવા યુદ્ધ શાંતિ માટે કોઇ ઉપાય બાકી રહ્યો ન હોય ત્યારે છેલ્લો ઉપાય યુદ્ધ છે.[૭૮]

ગ્રંથકાર વિગ્રહના પ્રકારોનો નિર્દેશ કર્યો નથી. પરંતુ મનુસ્મૃતિમાં વિગ્રહના બે પ્રકારો કહ્યા છે.[૭૯] યોગ્ય કે અયોગ્ય સમયે પોતાના વિજયરૂપ પ્રયોજન માટે જાતે જ વિગ્રહ કરવો તે પહેલો વિગ્રહ અને બીજા રાજાએ પોતાના મિત્રનું બૂરું કરવામાં આવતા મિત્રની રક્ષા માટે વિગ્રહ માંડવામાં આવે, તે બીજો વિગ્રહ. કામન્દકીય નીતિસારમાં માનવનો મત રજૂ થયો છે. તેમાં માનવ મતે વિગ્રહના કુલજ અને અપરાધ જ એમ બે જ પ્રકાર છે.[૮૦] આમને સહજ અને કૃત્રિમ એ નામ આપી શકાય. શુક્રની જેમ કામન્દકે પણ વિગ્રહના પ્રકારો આપેલ નથી. પરંતુ વિદ્વાનોનો મત રજૂ કર્યો છે. તદ્અનુસાર સાપત્ન, વાસ્તુજ, સ્ત્રીજ, વાગ્જાત અને અપરાધ જ એમ વિગ્રહ, પાંચ પ્રકારનો છે.[૮૧] સાવકા ભાઇઓ વચ્ચેનો સાપત્ન, મકાન મિલ્કત માટેનો તે વાસ્તુજ, સ્ત્રીહરણથી થતો વિગ્રહ તે સ્ત્રીજ; કટુવાણીના પ્રયોગથી થતો વાગ્જાત અને અપરાધથી થતો વિગ્રહ તે અપરાધ જ ગણાય.

કામન્દકે વિગ્રહના વીસ નિમિતો વર્ણવ્યા છે.[૮૨] રાજયાપહરણ, સ્ત્રીહરણ, સ્થાનહરણ, દેશહરણ, જ્ઞાનાપહાર, બલાપ્રહાર, મદ, માન, દેશ સંબંધી પીડા, જ્ઞાનવિધાત, અર્થવિધાત, શક્તિવિધાત, ધર્મવિધાત, દૈવી આપત્તિ, મિત્રકાયર, અપમાન, બંધુવિનાશ, પશુઓ પરના દયા કાર્યમાં અવરોધ, મંડળ દૂષણ અને એકાર્થાભિનિવેશ.

**(૩) યાન :-**

યાન ત્રીજો ગુણ છે. તે શત્રુ પ્રત્યેના વ્યવહારની પદ્ધતિ છે. યાત્રા, ચઢાઇ,

૭૭. એજન – ૪/૭/૨૫૩ – પૃ. ૮૪૩.
૭૮. એજન – ૪/૭/૨૫૪ – પૃ. ૮૪૩.
૭૯. મનુસ્મૃતિઃ – ૭/૧૬૪ – પૃ. ૧૪૪.
૮૦. कुलपराधने प्राहुर्वैरे द्वे एव मानवाः । – કા.ની. – ૧/૧૯ – પૃ. ૨૪૬.
૮૧. એજન – ૧૦/૧૬,૧૭ – પૃ. ૨૪૫–૨૪૬.
૮૨. એજન – ૧૦/૩ થી ૫ – પૃ. ૨૪૧.

પ્રયાણ, આક્રમણ એ અર્થમાં યાન શબ્દનો પ્રયોગ થયો છે. અરસપરસ દ્વારા થયેલ દ્રોહ કે અપકાર તે વિગ્રહ છે. સંધિ દ્વારા તેનું શમન થઇ શકે અન્યથા યાનનો આશ્રય લેવો જોઇએ. અલબ્ધ લાભ અને લબ્ધસિદ્ધિ વૃદ્ધિ એ બે બાબતો યાનના પ્રોત્સાહક પરિબળો છે. વિજિગીષુ યાનને અપનાવે તે આવશ્યક છે. પરંતુ પ્રત્યેક રાજા યાનનો આશ્રય ન લઇ શકે. ''પોતાની ઇચ્છિત વસ્તુની સિદ્ધિ માટે અને શત્રુઓના વિનાશ માટે ચઢાઇને શુક્ર યાન કહે છે.''[૮૩] આમ યાન સિદ્ધિમાં વિજિગીષુની પોતાની અંગત વસ્તુની પ્રાપ્તિ તથા શત્રુનાશ તે બાબત પર પ્રાચીન ગ્રંથકારોનું તથા આચાર્ય શુક્રનું પૂરુતું લક્ષ્ય રહેલું જણાય છે.

**- પ્રકારો :-**

શુક્ર વિદ્વાનોએ દર્શાવેલા યાનના પાંચ પ્રકારોનો ઉલ્લેખ કરે છે.[૮૪] વિગૃહયાન, સંધાયયાન, સંભૂયયાન, પ્રસંગયાન અને ઉપેક્ષાયાન ક્રમશઃ જોઇએ.

**- વિગૃહયાન :-**

વિગૃહયાન એટલે તેના મિત્ર, આમાત્યાદિથી અલગ પાડી દઇ તેના પર આક્રમણ કરવું, સ્વયં બળવાન એવા રાજાએ શત્રુના અમાત્યાદિ સાથે ચોતરફથી યુદ્ધ કરી પછી શત્રુ ઉપર ચઢાઇ કરવી અથવા તો તે શત્રુના મિત્રોને પોતાના મિત્રો સાથે યુદ્ધવ્યસ્ત બનાવી પોતે શત્રુ પર ચઢાવી કરવી એમ વિગૃહયાનની બે વ્યાખ્યાઓ શુક્રે આપી છે.[૮૫] આમ શત્રુના સહાયકોને પ્રથમ કાબૂમાં લઇ તેમનાથી અલગ પડી ગયેલ શત્રુને પછી ભીંસમાં લેવો એ આ પ્રકારના યાનનું સ્વરૂપ છે.

**- સંધાયયાન :-**

વિજિગીષુ પાર્ષ્ણિગ્રાહ સાથે સંધિ કરીને શત્રુ પર આક્રમણ કરવું તે 'સંધાયયાન' છે.[૮૬] શત્રુ સાથેના લાંબા સમયની યુદ્ધના અવસરનો લાભ લઇ વિજિગીષુ પર પાર્ષ્ણિગ્રાહ આક્રમણ કરી શકે તે તરફથી કોઇ ભીતિ ન રહે તે માટે

---

૮૩. शत्रुनाशार्थगमनं यानं स्वाभीष्टसिद्धय। - શુ.ની. - ૪/૭/૨૩૭ - પૃ. ૮૩૭.

૮૪. विगृह सन्धाय तथा अम्भूयाथ प्रसङ्ग तः ।
उपेक्षया च निपुणैर्यानं पच्चविद्यं स्मृतम्। - શુ.ની. - ૪/૭/૨૫૫ - પૃ. ૮૪૩.

૮૫. એજન - ૪/૭/૨૫૬,૨૫૭ - પૃ. ૮૪૪.

૮૬. सन्धायान्यत्र यात्रायां पार्ष्णिग्राहेण शत्रुणा ।
सन्धायगमनं प्रोक्तं तज्जिगीषोः कलार्थिनः ॥ - શુ.ની. - ૪/૭/૨૫૮ - પૃ. ૨૪૫.

પાર્ષ્ણિગ્રાહ સાથે સંધિ કરીને શત્રુ પર આક્રમણ કરવાની સલાહ આપી છે.

**- સંભૂયયાન :-**

જયારે વિજિગીષુ એકલો આક્રમણ કરી શકે તેમ ન હોય ત્યારે સહિયારા આક્રમણ દ્વારા ઈષ્ટસિદ્ધિ પામી શકે. સમાન સ્વાર્થ ધરાવતા અન્ય રાજાઓ સાથે મળી ચઢાઇ કરે તેને 'સંભૂયયાન' કહે છે.[૮૭] અહીં સહાયકો બળવાન અને શુદ્ધ આશય ધરાવનાર હોવા જોઇએ. કામન્દકે સંભૂયયાનનું અન્ય એક સ્વરૂપ પણ આપ્યું છે. અરિ અને વિજિગીષુ બન્ને રાજા પોતાની અમુક બાબતો નાશના પ્રસંગ થતાં બન્ને મળી જઇ અન્ય શત્રુ પર ચઢાઇ કરે તે પણ સંભૂયયાન છે. પૌરાણિક ઉદાહરણ છે – હનુમાન સૂર્યને પકડવા ગયા ત્યાં રાહુ સૂર્યને ગળી જવા આવી પહોચ્યો, હનુમાનના હાથમાંથી સૂર્ય છોડાવવા લાગ્યો, બન્ને વચ્ચે યુદ્ધ થયું ત્યારે સૂર્યે હનુમાનને મદદ કરી. રાહુને બન્નેએ પરાસ્ત કર્યો.[૮૮]

**- પ્રસંગયાન :-**

મૂળ ધારણા પ્રમાણેના શત્રુ પર આક્રમણ કરવા જનારો કોઇ પ્રસંગને લીધે રસ્તામાં કોઇ અન્ય રાજા પર આક્રમણ કરવું પડે તેને યાનવિશેષજ્ઞ મંત્રીગણ 'પ્રસંગયાન' કહે છે.[૮૯] જયારે કામન્દક પ્રસંગયાનના સ્વરૂપમાં 'शल्यो निदर्शनम्' શલ્ય રાજાનું ઉદાહરણ આપે છે.[૯૦] પાંડવોને કૌરવો સાથેના યુદ્ધમાં સાથ આપવા નીકળેલ શલ્યને દુર્યોધને વિનંતિ કરી અને તેથી શલ્ય કૌરવના બદલે પાંડવ સાથે લડવા તૈયાર થયો.

**- ઉપેક્ષાયાન :-**

વિજિગીષુ રાજા શત્રુના ઉપર ચઢાઇ કરે, તે સમયે તેના બળવાન મિત્રો પણ વિજિગીષુ રાજાને સહાયતા કરવા માટે ચઢાઇ કરે, તે સમય મુખ્ય રાજાએ

---

૮૭. एको भूपो यदैकत्र सामन्तैः सम्परायिकैः ।
शक्तिशौर्च्यर्युतैर्यानं सम्भूयगमनं हि तत् ॥
– શુ.ની. – ૪/૭/૨૫૯ – પૃ. ૨૪૫. – કા.ની. – ૧૧/૬ – પૃ. ૨૫૮.

૮૮. એજન – ૧૧/૭ – પૃ. ૨૫૯.

૮૯. अन्यत्र प्रस्थितः सङ्गदन्यत्रैव च गच्छति ।
प्रसङ्गयानं तत् प्रोक्तं यानविद्भिश्च मन्त्रिभिः ॥ – શુ.ની. – ૪/૭/૨૬૦ – પૃ. ૮૪૫.

૯૦. કા.ની. – ૧૧/૮ – પૃ. ૨૬૦.

કરેલ ચઢાઈની ઉપેક્ષા કરીને તેના મિત્રો ઉપર ચઢાઇ કરવી તેને ઉપેક્ષાયાન કહે છે.

रिपुं यातस्य बलिनः सम्प्राप्य विकृतं कलम् ।
उपेक्ष्य तस्मिन् तद्यानमुपेक्षायानमुच्यते ॥[૯૧]

જયારે કામન્દકના મતાનુસાર 'અર્જુનને હિરણ્યપુરના નિવાતકવચોને ત્યજી દઇ ઉપેક્ષાયાનનો આશ્રય કરીને તેની સહાયતા માટે ચઢી આવેલા કાલકંજોને પ્રથમ માર્યા હતા અને પછી નિવાતકવચોને માર્યા હતા. આવા પ્રકારની ચઢાઇને ઉપેક્ષાયાન કહે છે.'[૯૨] મનુસ્મૃતિમાં યાનના બે પ્રકાર દર્શાવ્યા છે - એકતો અકસ્માત્ શત્રુ દુઃખ વગેરેમાં આવી પડે ત્યારે પોતે જો શક્તિમાન હોય તો એકલાએ ચઢાઇ કરવી તે અને બીજુ પોતે અશકત હોય તો મિત્ર સાથે મળીને ચઢાઇ લઇ જવી તે.[૯૩]

**(૪) આસન :-**

આસન એ ચોથો ગુણ છે. યાન પછી તેનો આશ્રય લઇ શકાય. યુદ્ધપ્રવૃત બન્ને પક્ષ સમાન બળ ધરાવનાર જણાય, એકબીજાના સામર્થ્યનો નાશ કરવા બન્ને અસમર્થ નીવડે એમ પણ બની શકે. આવા સંજોગોમાં લડાઇ અટકાવી દેવી, થોભી જવું, કિલ્લા વગેરેનો આશ્રય ગ્રહણ કરવો, સમય પસાર કરવો, પોતાની શક્તિમાં વૃદ્ધિ કરવી. શકય છે શત્રુની કોઇ નબળાઇ ઊભી થાય, તો તેનો લાભ ઊઠાવવો. રાજનીતિની દષ્ટિએ આ પણ એક ગુણ બની જાય છે. આને 'આસન' કહેલ છે. શુક્ર કહે છે કે ''જયાંથી શત્રુસેના પર તોપ, ગોળી વગેરે ચલાવી એમને છિન્ન ભિન્ન કરી શકાય ત્યાં સેનાની સાથે રાજા બેસી રહે તેને 'આસન' કહે છે.''[૯૪]

આસન સમયના કર્તવ્યના સંદર્ભમાં ગ્રંથકાર કહે છે કે - 'ઘાસ, અનાજ, પાણી વગેરે આવશ્યક સામગ્રી તથા શત્રુસેનાને માટે બીજી અન્ય ઉપયોગી

---

૯૧. શુ.ની. - ૪/૭/૨૬૧ - પૃ. ૮૪૬.
૯૨. કા.ની. - ૧૧/૧૦,૯ - પૃ. ૨૬૧.
૯૩. मनुस्मृतिः - ૭/૧૬૫ - પૃ. ૧૪૪.
૯૪. यन्त्रास्त्रैः शत्रुसेनाया भेदो येभ्यः प्रजायते ।
स्थलेभ्यस्तेषु सन्तिष्ठेत् आसनं हि तत् ॥ - શુ.ની. - ૪/૭/૨૮૫ - પૃ. ૮૫૪.

વસ્તુઓને આસનમાં ઘેરી અનેક દિવસો સુધી ચારેબાજુથી રાજા રોકી શત્રુ રાજાને ધાન્યાદિકની તથા સ્નેહીઓનાં સૈન્યની સહાયતા બંધ પડી જાય, રાજયમાંથી ધાન્ય, કાષ્ઠ વગેરે ખૂટી જાય તથા તેની પ્રજા તેના પર વિરક્ત (અપ્રસન્ન) થઇ જાય ત્યારે તે રાજા ઉપર ચઢાઇ કરીને તેને વશ કરવો જોઇએ.[૯૫]

શુક્ર સંધાયાસન એક જ પ્રકારનું લક્ષણ આપે છે કે - જયારે શત્રુ રાજા અને વિજિગીષુ રાજા યુદ્ધમાં લડીને નિર્બળ પડી ગયા પછી પરસ્પર સલાહ કરીને પોતાના રાજયમાં બેસી જાય, તેને 'સંધાયાસન' કહે છે.[૯૬] જયારે કામન્દક આસનના પાંચ પ્રકારોનો નિર્દેશ કરે છે.[૯૭] વિગૃહયાસન, સંધાયાસન, સંભૂયાસન, પ્રસંગયાસન અને ઉપેક્ષાસન. મનુસ્મૃતિમાં[૯૮] દૈવથી કે પૂર્વકર્મના કારણે નબળા થયેલા રાજાએ ચૂપચાપ બેસી રહેવું તે એક પ્રકાર અને મિત્રને અનુસરી તેનું કામ નહીં બગાડી દેવા છાના બેસી રહેવું તે બીજો પ્રકાર; એમ બે પ્રકારના આસન કહ્યા છે.

**(૫) સામાશ્રય અને સંશ્રય :-**

સંશ્રય કે સમાશ્રય પાંચમો ગુણ છે. બળવાન શત્રુ જયારે આક્રમણ કરે, હાંકી કાઢે અને પ્રતીકારનો અન્ય ઉપાય નજરે ન ચઢે ત્યારે તેવા રાજાએ કુલીન, સત્યવાદી, આર્ય અને બળવાન રાજાનો આશ્રય ગ્રહણ કરવો તે ગુણ સંશ્રય કે સમાશ્રય છે.[૯૯] બળવાન રાજાનો આશ્રય સદા લાભકર ન પણ નીવડે તે સંકટપૂર્ણ છે એમ કૌટિલ્યે દર્શાવ્યું છે.[૧૦૦] શુક્ર પણ સંશ્રય ગ્રહણ કરનાર રાજા માટે નિરુપાયપ્રતિક્રિયઃ એ વિશેષણ પ્રયોજે છે. આથી જણાય છે કે તેઓ પણ સદા સર્વદા અને સર્વપ્રથમ સંશ્રય સ્વીકારની તરફેણમાં નથી.

સમાશ્રયની શ્રેષ્ઠતા પર પણ શુક્રે પ્રકાશ પાડયો છે. વિજિગીષુ માટે ચઢાઇ

---

૯૫. એજન - ૪/૭/૨૮૬,૨૮૭ - પૃ. ૮૫૪.

૯૬. अरेश्च विजिगीषोश्च विग्रहे हीयमानयोः ।
सन्धाय समवस्थानं सन्धायासनमुच्यते ॥ - શુ.ની. - ૪/૭/૨૮૮ - પૃ. ૮૫૫.

૯૭. કા.ની. - ૧૧/૧૨ - પૃ. ૨૬૨.

૯૮. મનુસ્મૃતિઃ - ૭/૧૬૬ - પૃ. ૧૪૪.

૯૯. उच्छिद्यमानो बलिना निरुपायप्रतिक्रियः ।
कुलोद्भवं सत्यमार्य्यमाश्रयेत बलोत्करम् ॥ - શુ.ની. - ૪/૭/૨૮૯ - પૃ. ૮૫૫.

૧૦૦. કૌ.અર્થ. - ૭/૨/૮.

કરવાવાળા રાજાની મદદ માટે અનેક મિત્ર, સંબંધી, બંધુ જીવિકા મેળવવાવાળા લોકો અથવા એવા રાજા કે જે વિજિત રાજયમાંથી પ્રાપ્ત ધનમાં પોતાના ભાગની ઇચ્છા રાખતાં હોય; તે બધા તેના આશ્રયમાં જતાં રહે અથવા કોઇ સુદૃઢ દુર્ગનો આશ્રય લઇ લે.[૧૦૧] મનુસ્મૃતિમાં મનુએ 'શત્રુઓથી પીડાઇ રહેલો રાજા પોતાનો હેતુ સિદ્ધ કરવા બીજા રાજાનો આશ્રય કરે તે અને પોતાનો પરાભવ થશે એવી શંકાથી સારા લોકોમાં જાહેરતા કરવા બીજા રાજાનો આશ્રય લેવો, એમ બે આશ્રય કહ્યો છે.[૧૦૨] તથા બળવાનનો આશ્રય કયારે લેવો તેના સંદર્ભમાં પણ મનુ સંકેત કરે છે - જયારે શત્રુના સૈન્યો પોતાને તાબે કરી લેશે એમ લાગે, ત્યારે રાજાએ બીજા ધાર્મિક અને બળવાન રાજાનો આશ્રય કરવો.[૧૦૩]

**(૬) દ્વૈધીભાવ :-**

વિજયની આકાંક્ષા તો વિજિગીષુને હોય જ પરંતુ શકય છે, તેની આજુબાજુ બે બળવાન શત્રુ હોય. જો એકની સાથે લડવા જાય તો સંકટ ઊભુ થાય. એકના પક્ષમાં જાય તો અન્ય તરફથી ભય ઊભો થાય આવે સમયે તેણે કેવો વર્તાવ કરવો તેનો ઉકેલ પ્રાચીન ભારતીય રાજનીતિશાસ્ત્રીઓએ દ્વૈધીભાવ ગુણ દ્વારા ચીધ્યો છે. આવા રાજાએ બન્નેને એવી પ્રતીતિ કરાવવી કે તે તેનોજ આશ્રિત છે અને આ પ્રવૃત્તિની જાણ બેમાંથી કોઇને પણ થવા ન દેવી. આ ગુણ દ્વૈધીભાવ છે. કાગડાને એક જ આંખ હોય છે. પણ બન્ને ડોળામાં એવી રીતે ફેરવે છે કે જેથી બે આંખ છે તેમ જ જણાય. શુક્ર અનુસાર સમયાનુસાર કાર્ય કરી ન લે ત્યાં સુધી કાગડાની આંખની જેમ રાજાએ કોઇપણ જાણે નહીં, તેમ બન્નેના તરફ દ્વિધાભાવથી વર્તવુ. દેખાડવા માટે બીજુ કાર્ય અને કરે કાંઇ બીજુ.[૧૦૪] અહીં ગ્રંથકાર 'દેખાડવાના જુદા અને ચાવવાના જુદા' એ કહેવતનો પ્રયોગ કરે છે.

---

૧૦૧. विजिगीषोस्तु साह्यार्थाः सहृत्सम्बन्धिबान्धवाः ।
प्रदत्तभृत्तिका ह्यन्ये भूपा अंशप्रकल्पिताः ।
सैवा श्रयस्तु कथितो दुर्गाणि च महात्मभि ॥ - શુ.ની. - ૪/૭/૨૯૦ - પૃ. ૮૫૫.

૧૦૨. મનુસ્મૃતિઃ - ૭/૧૬૮ - પૃ. ૧૪૪.

૧૦૩. એજન - ૭/૧૭૪ - પૃ. ૧૪૫.

૧૦૪. अनिश्चितोपायकार्य्यः समयानुचरो नृपः ।
द्वैधीभावेन वर्तेत काकाक्षिवदलक्षितम् ।
प्रदर्शयेदन्यकार्यमन्यमालम्बयेच्च वा ॥ - શુ.ની. - ૪/૨/૨૯૧ - પૃ. ૮૫૬.

શુક્ર કહે છે કે કાર્ય કરવાથી જ કોઈપણ કામમાં સફળતા મળે છે; મનોરથ કરવાથી નહીં કારણ કે સૂતેલા સિંહના મુખમાં સ્વયં હાથી પ્રવેશતા નથી.[૧૦૫]

**॥ સમાપ્ત ॥**

૧૦૫. उद्योगेनैव सिध्यन्ति कार्याणि न मनोरथैः ।
न हि सुप्तमृगेन्द्रस्य निपतन्ति गजा मुखे ॥ - શુ.ની. - ૪/૭/૨૯૩ - પૃ. ૮૫૭.

# ❖ પ્રકરણ - ૧૨ ❖

## ❖ 'કોશ નિરૂપણ' :-

ઉપપ્રકરણ : (૧૨-૧) કોશની વ્યાખ્યા

(૧૨-૨) કોશની મહત્તા

(૧૨-૩) કોશસંચય

(૧૨-૪) કરનિર્ધારણના સિદ્ધાંતો

(૧૨-૫) અન્નનો સંચય

(૧૨-૬) કોશરક્ષા

(૧૨-૭) કોશનો વિનિયોગ

## ❑ કોશ નિરૂપણ :-

### ❖ પૂર્વભૂમિકા :-

ભારતીય રાજનીતિશાસ્ત્રીઓએ કોશની મહત્તાને જાણી, વાસ્તવિકતાને લક્ષ્યમાં રાખી ઉચિત રીતે જ તેને રાજયનાં સપ્તાંગોમાં સમાવિષ્ટ કરેલ છે. આચાર્ય શુક્રએ પણ રાજયના સાત અંગો – રાજા, મંત્રી, મિત્ર, કોશ, રાષ્ટ્ર, દુર્ગ અને બળનું નિરૂપણ કર્યું છે. તેમાં 'કોશ' ને ચોથા ક્રમે મૂકે છે.[૧] ધર્મશાસ્ત્રે પણ અર્થના ગૌરવને સ્વીકાર્યું છે. પારલૌકિક સુખ ઉપરાંત ઐહિક સુખ પણ માનવને ઇષ્ટ અને પ્રેય હોય છે. અર્થ ઐહિક સુખમાં મોટુ પરિબળ છે. અર્થને માનવજીવનનાં ચાર પુરુષાર્થમાં સ્થાન આપી ભારતીય મનીષીઓએ સૂક્ષ્મ સમજ દર્શાવી છે. મહાભારતના શાંતિપર્વમાં મહર્ષિ કૃષ્ણદ્વૈપાયન વ્યાસે કહ્યું છે.[૨] –

''अर्थेण धर्मः अर्थेण कामः अर्थेण मोक्षः प्रतिपद्यते च ।
अर्थेण नरो यो कुशलः प्रभावी सर्वाणि सुखानि समालभेच्च ॥''

''ધર્મ, કામ અને મોક્ષની સિદ્ધિ અર્થ નામના ચતુર્થ પુરુષાર્થથી જ સંભવિત બને છે. અર્થપ્રાપ્તિ માટે જે મનુષ્ય કુશળ હોય તે જ સંસારના સર્વ સુખો મેળવે છે.'' અર્થ એ અન્ય ત્રણ પુરુષાર્થ સાથે સંબદ્ધ છે. એનો જુદો ચોકો કે જુદો મોરચો હિતકર નથી. અન્ય પુરુષાર્થની સિદ્ધિમાં અર્થ મહત્તાપૂર્ણ ઉપકરણ છે. આમ માનવના સમગ્ર જીવનમાં અર્થનું સર્વતોવ્યાપી સ્થાન છે. આચાર્ય વિષ્ણુગુપ્તે અર્થશાસ્ત્રમાં અર્થનીતિની વિસ્તારથી ચર્ચા કરી છે. પોતાની પૂર્વે થઇ ગયેલા આચાર્યોની માન્યતાઓને અનુસરીને તેમણે સમગ્ર માનવ–જીવનને અનુલક્ષીને એક આદર્શ અર્થનીતિ વ્યવસ્થાનું જીવંત ચિત્ર રજૂ કર્યું છે.

અર્થ વિશેની આવી સમજ શુક્રને પણ પરંપરાથી મળી છે. તેઓ સ્વયં આ વિચારધારાનું અનુમોદન કરતા જણાય છે. તેમનો સ્પષ્ટ મત છે કે રાજા જે ધનોપાર્જન કરે એ ધનથી રાષ્ટ્ર, સેના તેમજ ધાર્મિક કાર્યોની રક્ષા કરી શકાય છે.[૩] આથી સ્પષ્ટ થાય છે કે ધર્માર્થની રાજાએ વૃદ્ધિ કરવી જોઇએ. પરંપરાને અનુસરી ચાર વિદ્યામાં વાર્તાનો સમાવેશ પણ આ સમજનું પરિણામ છે. આ દષ્ટિથી જ ગ્રંથકારે

---

૧. શુક્રનીતિઃ – ૧ / ૬૧.
૨. મહાભારતમ્ શાંતિ.
૩. શુક્રનીતિઃ – ૪ / ૨ / ૨.

કહ્યું છે[૪] કે -

"आन्वीक्षिकी त्रयी वार्ता दण्डनीतिश्च शाश्वती

विद्याश्चतस्त्र एवैता अभ्यसेद् नृपतिः सदा ॥"

આન્વીક્ષિકી (આત્મવિદ્યા કે તર્કશાસ્ત્ર), ત્રયી (ઋગ્, યજુ તથા સામની સમષ્ટિ), વાર્તા (વ્યવહારશાસ્ત્ર) તથા દંડનીતિ (અર્થશાસ્ત્ર) આ ચારેય વિદ્યા સનાતન છે. શુક્ર સ્વયં વાર્તામાં અર્થોપાર્જન તેમજ અનર્થ નિવારણના ઉપાય માને છે.[૫] આચાર્ય શુક્રએ ગ્રંથના ચોથા અધ્યાયનાં પ્રકરણ બે માં ૧૩૦ શ્લોકોમાં કોશનું સમગ્ર નિરૂપણ કર્યું છે. તેના પરથી પણ તેના મહત્ત્વા સિદ્ધ થઇ જાય છે.

**(૧) કોશ ની વ્યાખ્યા :-**

ભારતીય રાજનીતિશાસ્ત્રીઓએ 'કોશ' ની મહત્તાને જાણી અને સ્વીકારી છે. આચાર્ય શુક્ર પણ તેની પરંપરાને અનુસરીને કોશની સ્પષ્ટ વ્યાખ્યા આપી છે.

"एकार्थससमुदायो यः स कोशः स्यात् ।"[૬]

કોઇપણ એક સમાનની વસ્તુઓના સમૂહને 'કોશ' કહે છે. કોશનું લક્ષણ આપ્યા પછી તે 'पृथक पृथक' શબ્દો પ્રયોજીને તેના અલગ-અલગ કેટલાય પ્રકારો હોય છે. તેવો નિર્દેશ કરે છે. સોમદેવના મતે વિપત્તિ અને સંપત્તિના સમયમાં રાજાના તંત્રની વૃદ્ધિ કરે અને તેને સંગઠિત કરવા માટે ધનની વૃદ્ધિ કરે છે. તે કોશ છે[૭], અર્થિઓ વડે આદર કરાય છે. માટે કોશ એમ કામન્દકીયનીતિસાર ના ટીકાકાર કહે છે.[૮] કોશગ્રંથમાં ક્ષીરસ્વામીના મતે તેને શોધવામાં આવે છે માટે તે 'કોશ' છે.[૯] અર્થશાસ્ત્ર આરંભમાં 'અર્થ' શબ્દનું સ્પષ્ટીકરણ કરતાં જણાવે છે[૧૦] કે 'मनुष्याणां वृत्तिरर्थः' અર્થાત્ મનુષ્યની વૃત્તિ-આજીવિકા-એટલે અર્થ મનુષ્યો ભૂમિ પર વસે છે તેથી 'मनुष्यवती भूमिरित्यर्थः ।' મનુષ્યોથી સંપન્ન ભૂમિને

૪. એજન - ૧/૧૫૨.

૫. એજન - ૧/૧૫૪.

૬. એજન - ૪/૨/૧.

૭. નીતિવાકયામૃતમ્ - ૨૧/૧,
यो विपदि संपदि च स्वामिस्तन्वाभ्युपद यं कोशयतीति कोशः ।

૮. કા. ની - ૧/૧૮ પર ઉ.નિ. ટીકા - कृश्यतेऽर्थभिरादियान ते इति कोशः ।

૯. અમરકોશ - ૨/૮/૨૮ પર ક્ષીર સ્વામીની ટીકા - कूयते मृग्यते हति कोशः.

૧૦. કૌટિલ્ય અર્થશાસ્ત્રમ્.

પણ 'અર્થ' કહેવામાં આવે છે. ગ્રંથકાર સ્વયં કહે છે કે વાર્તાને સારી રીતે જાણનારા વ્યક્તિઓને પોતાની આજીવિકા સંબંધી ભય કયારેય રહેતો નથી.[૧૧]

**(૨) કોશ ની મહત્તા :-**

કોશની મહત્તા નિર્વિવાદ છે. સમૃદ્ધ કોશ હોય તો જ રાજા દાન કરી શકે. સેવકોને ઉચિત વેતન અને પરાક્રમી સૈનિકોને ઉચિત પારિતોષિક આપી શકે. ગ્રંથકાર રાજયાંગ નિરુપણમાં એક રૂપકનો આશ્રય લઇ 'કોશ' ની મહત્તા સિદ્ધ કરે છે કે – 'કોશ' એ રાજયનું મુખ છે.[૧૨] આ રૂપકનું ઔચિત્ય સ્વીકારી શકાય કે કોશ રાજયને પોષણકારક સામગ્રી એકઠી કરે છે. આથી કોશ મુખ છે. સંચિત કરાયેલા કોશથી રાષ્ટ્ર, સેના અને ધાર્મિક કાર્યોની રક્ષા થઇ શકે છે.[૧૩] રાજા સમય આવ્યે પ્રજાને ધન આપે છે તેથી તે કુબેર છે.[૧૪] કોશ પ્રજાની રક્ષા કરવા માટે, રાષ્ટ્રની વૃદ્ધિ માટે તથા શત્રુના વિનાશ માટે હોય છે. છેલ્લે સ્વર્ગની પણ પ્રાપ્તિ કરાવે છે. યજ્ઞને માટે ધન ઉત્પન્ન થયું છે અને યજ્ઞ સ્વર્ગસુખ તેમજ આયુવૃદ્ધિને માટે છે. એવો નિર્દેશ કરી શુક્ર 'કોશ' એ રાષ્ટ્રની વૃદ્ધિ માટે છે.[૧૫] આન્વીક્ષિકી, ત્રયી, વાર્તા તથા દંડનીતિએ ચારેય વિદ્યાઓ સનાતન છે તેથી રાજાએ એમનો સતત અભ્યાસ કરવો જોઇએ. તેની અંતર્ગત વાર્તામાં અર્થોપાર્જન તેમજ અનર્થ – નિવારણના ઉપાય વર્ણિત છે.[૧૬] આ ગ્રંથકારના નિર્દેશ પરથી કોશ – (વાર્તા) ની મહત્તા સિદ્ધ થાય છે.

કૌટિલ્ય પણ ચાણકયનીતિસૂત્રમાં કહે છે કે ...... धर्मस्य मूलमर्थः ।[૧૭] ધન સંપત્તિ હોય તો જ દાન, યજ્ઞ, સદાવ્રત, યાત્રા વગેરે સત્કર્મો થઇ શકે છે અને સત્કર્મો કરવાથી ધર્મ (પુણ્ય) પ્રાપ્ત થાય છે. માટે જ સૂત્રકાર કહે છે કે ધર્મનું મૂળ અર્થ છે. ત્યારપછીના સૂત્રમાં સૂત્રકાર કહે છે કે –

---

૧૧. શુક્રનીતિઃ – ૧/૧૫૬.
૧૨. એજન – ૧/૬૨.
૧૩. એજન – ૪/૨/૨, ૩, ૧૨.
૧૪. એજન – धनदस्तु कुबेरः स्यात् ।૧/૮૧.
૧૫. એજન – ૪/૨/૧૫, ૧૬.
૧૬. એજન – ૧/૧૫૨ અને ૧૫૪.
૧૭. ચાણકયનીતિસૂત્ર – ૧/૩ – સં. શાસ્ત્રી પુરુષોતમ વલ્લભદાસજી, પ્રકાશક – શ્રી સ્વામી નારાયણ મંદિર જૂનાગઢ. આવૃતિ – ૨૦૦૦ (પ્રથમ).

''अर्थस्य मूलं राज्यम् ।' - (૧/૪)

અર્થ એટલે દ્રવ્ય-કોશ વગેરે જીવન નિર્વાહના સાધનો. આ લોકના કેટલાક વ્યવહારિક કાર્યો બહુધા ધનસંપત્તિથી જ સાધ્ય હોય છે અને ધન સંપત્તિ પ્રાપ્ત કરવાનું મુખ્ય સાધન રાજયશાસન અથવા તેની સ્થિરતા અને વિવિધ વ્યવસાયનું જ્ઞાન નીતિશાસ્ત્રના અભ્યાસથી પ્રાપ્ત થાય છે. સંસ્કૃત સાહિત્યમાં રાજર્ષિ યોગીન્દ્ર, ભર્તૃહરિ એ પણ અર્થની મહત્તા સ્વીકારી છે. તેણે કહ્યું છે[૧૮] કે - 'अर्थोऽस्तु नः केवलम् ।' અને 'सर्वे गुणाः काञ्चनमाश्रयन्ति ।' વિદૂરે પણ વિદૂરનીતિમાં દશ સ્વર્ગના સાધનમાં ધનનો સમાવેશ કર્યો છે.[૧૯] અને કહ્યું છે કે ધન-ધાન્યથી પૂર્ણ આ પૃથ્વીને ત્રણ પ્રકારના મનુષ્યો જ ભોગવી શકે છે - શૂરવીર, વિદ્યાવાન અને પરિશ્રમી.[૨૦] કામન્દક કોશની મહત્તા દર્શાવતા કહે છે કે - ધન આપનાર માટે પ્રાણ સમર્પણ કરવા તત્પર બની જાય છે. કોશ હોય તો જ અનુયાયીઓ દઢ ભક્તિમાં રહે છે. વસૂકી ગયેલી ગાયને વાછરડુ પણ ત્યજી દે છે.[૨૧] કોશ પર જીવનનો આધાર છે અને કોશ એ રાજાનું મૂળ છે. સેનાનો મૂળ આધાર કોશ છે.[૨૨]

આમ અનેકવિધ રીતે રાજનીતિશાસ્ત્રીઓ 'કોશ' ની મહત્તાનો સ્વીકાર કરે છે અને શુક્ર પણ તેની મહત્તા સ્વીકારી તેની પરંપરાને કે વિચારધારાને અનુમોદન આપે છે.

**(૩) કોશ-સંચય :-**

કોશવૃદ્ધિ અર્થાત્ કોશ સંચય અનિવાર્ય છે. તેથી તેની મહત્તાને સ્વીકારી ગ્રંથકાર સંચય પર વધુ ભાર મૂકે છે. રાજાએ કોઇપણ ભોગે કોશનો સંચય કરવો જોઇએ જેથી એ સંચિત કરેલા કોશથી રાષ્ટ્ર સેના તેમજ ધાર્મિક કર્મોની રક્ષા કરી શકાય છે. પ્રજા, સેના તેમજ ધાર્મિક કાર્યો માટે રાજાનો 'કોશ સંગ્રહ' સંસાર અને

૧૮. ભર્તૃહરિ નીતિશતકમ્ - ૩૨, ૩૩ - પૃ. ૬૩.
પ્રવિણ પુસ્તક ભંડાર - અનુ. મનસુખલાલ સાવલિયા.

૧૯. सत्यं रुपं श्रुतं विद्या कौल्य शीलं बलं धनम् ।
शौर्यं च चित्रंमाष्यं च दशेमे स्वर्गयोनयः ॥ વિદુરનીતિઃ - ૩/૫૯ - પૃ. ૨૭.

૨૦. એજન - ૩/૭૩ - પૃ. ૩૨. ચૌખમ્બા સંસ્કૃત સીરીઝ - વારાણસી.

૨૧. કા. ની. - ૫/૬૨.

૨૨. એજન - ૫/૭૬ અને ૧૪/૩૩. / શુક્રનીતિઃ - ૪/૨/૧૫.

સંસારથી પર બન્ને લોકો માટે સુખદ છે. એનાથી વિરુદ્ધ કાર્યોને માટે 'કોશસંગ્રહ' દુઃખકારક છે.[૨૩] ગ્રંથકાર અનીતિયુક્ત કોશ સંગ્રહ કરનારને પાપનું ફળ ભોગવવુ પડે છે તેવો નિર્દેશ કરતા જણાવે છે કે – જે વ્યક્તિ પત્ની અને પુત્રને માટે જ અથવા માત્ર પોતાની સુખ સુવિધાને માટે ધનનો સંચય કરે છે તે સુખપ્રદ નથી, પરંતુ તે નરકનું સાધન બની જાય છે તથા અનીતિથી ધન ઉપાર્જિત કરે છે, એમનું પાપનું ફળ પણ ભોગવવું પડે છે, સુયોગ્ય માણસો પાસેથી મેળવેલ ધન કે સાધુ પુરુષોને આપેલ ધનની વૃદ્ધિ થાય છે.[૨૪]

બીજી એક મહત્ત્વની બાબત ગ્રંથકાર સ્પષ્ટ કરે છે કે રાજાએ અધર્મી રાજાનું તથા કુપાત્રના ધનનું હરણ કરી કોશ સંચય કરવો.[૨૫] અનીતિપૂર્ણ કરાયેલ કોશ સંચય કેવી રીતે નાશ પામે છે તે પણ શુક્ર દર્શાવે છે કે – જેમણે નીતિ બળ છોડીને અન્યાયપૂર્વક પ્રજાને દુઃખી કરીને સંગ્રહ કરાયેલ ધન રાજયની સાથે શત્રુઓના હાથમાં જતુ રહે છે.[૨૬]

## (૪) કર નિર્ધારણના સિદ્ધાંતો :-

પ્રજા પાસેથી પ્રાપ્ત થતો કર એ પણ રાજયની કોશવૃધ્ધિનું એક દ્વાર છે. પ્રાચીનભારતમાં કર નિર્ધારણના ચોક્કસ માર્ગદર્શક સિદ્ધાંતો હતા. શુક્રનીતિમાં પણ આના સંકેતો મળે છે. શુક્ર કોશનો ધાર્મિક કાર્યો, પ્રજા અને સેના રક્ષણાર્થે સંગ્રહ કરવો જોઇએ.[૨૭] તથા કોશ સંગ્રહ ન્યાયપૂર્વ કરવો જોઇએ.[૨૮] એમ કહી સ્વચ્છંદ રીતે પ્રજા પાસેથી કર લેવાનો નિષેધ કરે છે. રાજયમાં સંકટ સમય ન હોય ત્યારે પ્રજા ઉપર વધારે દંડ, માલગુજારી કે કર લગાવી તથા તીર્થસ્થાન તેમજ દેવોતર સંપતિ પર કર લગાડી રાજાએ પોતાનો કોશ સંચય કરવો નહીં.[૨૯] તેવો નિર્દેશ ગ્રંથકાર કરે છે. સંકટ સમય (Emergency Period) માં શત્રુસંહાર કરવા માટે સેનાની રક્ષાને માટે રાજા તત્પર હોય, એ સમયે વિશેષ રૂપથી વધુ દંડ કે કર

૨૩. શુક્રનીતિઃ – ૪/૨/૨, ૩.
૨૪. એજન – ૪/૨/૪, ૫.
૨૫. એજન – ૪/૨/૬, ૭.
૨૬. એજન – ૪/૨/૮.
૨૭. એજન – ૪/૨/૨.
૨૮. એજન – ૪/૨/૬.
૨૯. એજન – ૪/૨.

લગાવી પ્રજા પાસેથી રાજસ્વની વસૂલાત યોગ્ય છે. પરંતુ આપત્તિકાળ પૂરો થઇ ગયા બાદ વ્યાજ સહિત ધનિકો પાસેથી લેવામાં આવેલ ધન એમને પાછુ આપી દેવુ જોઇએ.[૩૦] ધનના અભાવને કારણે સેનાની રક્ષા કરવામાં અસમર્થ રાજા પ્રજા, રાષ્ટ્ર અને કોશ રહિત થઇ જાય છે.

દંડ વિના, માલગુજારી તેમજ કરથી પ્રાપ્ત કોશ રાજાના ખજાનાથી જ વીસ વર્ષ સુધી સેનાની રક્ષા કરવી. બચે તેમાંથી પોતાની પ્રજાની રક્ષા માટે ઉપર્યુકત ધનનો સંગ્રહ રાજાએ કરવો જોઇએ.[૩૧]

કોશનું મૂળ કારણ સેના છે, કારણ કે સેના દ્વારા જ કોશ સંચય થાય છે અને સેનાનો મૂળ આધાર કોશ હોય છે. કારણ કે કોશથી જ સેનાનું સંરક્ષણ થાય છે. સેના તથા કોશની રક્ષા કરવાથી કોશ તેમજ રાજયની વૃદ્ધિ તથા શત્રુઓનો નાશ થાય છે. પ્રજાની રક્ષા કરવાથી કોશ અને રાજયની વૃદ્ધિની સાથે સાથે સ્વર્ગની પણ પ્રાપ્તિ થાય છે.[૩૨] મનુએ પણ ભાર મૂકયો છે કે રાજાએ અતિ તૃષ્ણાથી પોતાનું કે પારકાનું મૂળ ન ઊખેડવું, કારણ કે પોતાનું મૂળ ઊખેડતો રાજા પોતાને અને પારકાને પીડે છે. ટીકાકાર કુલ્લૂક (૭/૩૯) પર કહે છે - કોઇ જાતનો વેરો (કર) ન લે, તો પોતે પોતાનું જ મૂળ ઊખેડે છે. તેમજ અતિશય લોભથી લોકો પાસેથી પુષ્કળ પ્રમાણમાં કરવેરા લે, તો સમસ્ત પ્રજાના મૂળ તે ઊખેડી રહ્યો છે.[૩૩]

બીજી અગત્યની બાબત એ તારવી શકાય કે જે જે ક્ષેત્રમાંથી કર મળે છે તે તે ક્ષેત્રના વિકાસ માટેના પરિબળોના નિર્માણની પણ જવાબદારી રાજાની છે. પ્રજા સારી રીતે સમૃદ્ધિ પ્રાપ્તિ કરી શકે તેવું વાતાવરણ જો ઊભું કરવામાં આવે તો રાજા યોગ્ય સમયે કર ગ્રહણ કરી શકે. જેમ સૂર્ય કિરણો દ્વારા જળ ગ્રહણ કરે છે. પરંતુ અનેકગણું જળ વૃષ્ટિ દ્વારા પાછું આપે છે.[૩૪] તેમ રાજા પ્રજા પાસેથી કર ગ્રહણ કરે બદલામાં રાજા તેના કરતા વધુ વિકાસના કાર્યોનું નિર્માણ કરે. આમ શુક્ર કર ગ્રહણ અને પ્રજા કલ્યાણને સાથે જોડવાના આગ્રહી જણાય છે.

૩૦. એજન - ૪/૨/૧૦, ૧૧.
૩૧. એજન - ૪/૨/૧૩.
૩૨. એજન - ૪/૨/૧૪, ૧૫.
૩૩. મનુસ્મૃતિઃ - ૭/૩૯ તેના પર કુલ્લૂકની ટીકા.
૩૪. રઘુવંશમ્ - ૧/૧૮.

**(૫) ધન, અન્નનો સંચય :-**

ધનના લક્ષણ બતાવતા શુક્ર કહે છે કે જે ધન પરિવારની રક્ષા કરવામાં કેવળ બાર વર્ષ સુધી જ સક્ષમ છે તે અધમ ધન છે, જે ધન સોળ વર્ષ પરિવારની રક્ષા કરી શકે છે અને જે ઓછામાં ઓછા ત્રીસ વર્ષ સુધી પરિવારનું પોષણ કરે છે તેને ઉત્તમ ધન કહે છે.[૩૫] રાજાએ પોતાના લાભ માટે તથા રાજયની રક્ષા માટે ત્રણ વર્ષ સુધી ખાવા માટે યોગ્ય અન્નનો સંચય કરવો જોઇએ. ધનિક લોકોએ એનાથી પણ વધુ વર્ષો સુધી કામ ચલાવવા માટે વધુ અન્નનો સંચય કરવો જોઇએ.[૩૬] શુક્રના મતાનુસાર કેવા અન્નનો સંચય કરવો, કેવા અન્નનો ન કરવો તેનો નિર્દેશ કરે છે કે – 'સારી રીતે પાકેલા, સ્વચ્છ, સૂકેલા, નવુ, સુગંધિત, જોવામાં સુસ્પષ્ટ, આસ્વાદયુક્ત, સુંદર તથા ટકાઉ આ અન્નનો સંચય કરવો ઉચિત છે. જો આવું અન્ન ન મળે તો એમનો સંચય કરવો નહીં. જેમ કે ઝેરીલું, આગ અને હિમથી પ્રદૂષિત તથા સડેલા અન્નનો સંચય કરવો જોઇએ નહીં અને જયાં સુધી આ અન્ન ખોખલુ થઇ ન જાય ત્યાં સુધી વ્યવહારમાં લેવું જોઇએ તથા રાજા જેટલું અનાજ દર વર્ષે ખર્ચ કરે એટલુ નવું અનાજ ફરીથી સંગ્રહ કરી લેવું જોઇએ.[૩૭] એવો નિર્દેશ ગ્રંથકાર ધન–અન્નના સંદર્ભમાં કરે છે.

ગ્રંથકાર અન્ય મહત્ત્વની વસ્તુઓના સંચયનો પણ ઉલ્લેખ કરે છે. ખાદ્યપદાર્થ, ખનિજ પદાર્થ, તૃણ, લાકડુ, મશીન, હથિયાર, તોપ, દારૂ, વાસણ તથા વસ્ત્રાદિ આમાંથી જે કાર્યોને માટે જે ઉપયોગી છે તે આવશ્યક વસ્તુઓનો રાજાએ સંચય કરવો જોઇએ. ઉપરાંત હીરા, મોતી, રત્ન વગેરેનો સંચય તેને પારખી તથા ઝવેરીઓ આગળ પરખાવીને તેમનો સંગ્રહ કરવો જોઇએ.[૩૮] ચાણક્યનીતિસૂત્ર ( ૨ /૫૫ ) માં કહ્યું છે – न्यायाऽऽगत्तोऽर्थः । ન્યાયથી મળેલું ધન જ સાચુ ધન છે.

**(૬) કોશની રક્ષા :-**

કોશની રક્ષા અને દેખરેખનું કાર્ય કેટલુ દુષ્કર છે તેના પર ગ્રંથકાર ભાર મૂકતા જણાવે છે કે – સંગ્રહિત ધન (કોશ) ની રક્ષા રાજાએ પ્રયત્નપૂર્વક કરવી

૩૫. શુક્રનીતિઃ – ૪ / ૨ / ૨૨.
૩૬. એજન – ૪ / ૨ / ૨૬.
૩૭. એજન – ૪ / ૨ / ૨૭ થી ૨૯.
૩૮. એજન – ૪ / ૨ / ૩૦, ૩૧, ૪૦.

જોઇએ કારણ કે ધન સંગ્રહ કરવાનું કાર્ય ઘણું મૂશ્કેલ છે અને એમની રક્ષા કરવી એ એના કરતા ચાર ઘણી વધુ મુશ્કેલ છે.[૩૯] કોશની રક્ષા કેવી રીતે કરવી જોઇએ તેના સંદર્ભમાં પણ ગ્રંથકાર સંકેત કરતા જણાવે છે કે - કોશ (ધન) ની રક્ષા કંજુસની જેમ કરવી જોઇએ. સમય આવ્યે છૂટા હાથે ખર્ચ કરવો જોઇએ જે તેમ કરતાં નથી તેઓ ખર્ચ કરવા છતાં મૂર્ખ મનાય છે.[૪૦] અધિકારીઓ તરફથી કોશને ભય રહે છે. તે બાબતથી તેઓ અભિજ્ઞ જણાય છે. અધિકારીઓની નિયુક્તિમાં તેમની શુચિતાની પૂરતી પરીક્ષા કર્યા બાદ તેમની નિયુક્તિ કરવી જોઇએ[૪૧] તેવો નિર્દેશ ગ્રંથકાર કરે છે. કોશની રક્ષા સેના દ્વારા જ વ્યવસ્થિત થઇ શકે છે અને કોશ તથા સેના પરસ્પર અવિભાજય સંબંધ ધરાવે છે. શુક્ર કહે છે કે - કોશનો મૂળ આધાર સેના છે, કારણ કે સેના દ્વારા જ કોશનો સંચય થાય છે. અર્થાત્ કોશની વૃદ્ધિ થાય છે અને સેનાનો મૂળ આધાર કોશ છે. કારણ કે કોશથી જ સેનાનું સંરક્ષણ થાય છે. સેના અને કોશની રક્ષા કરવાથી કોશની તથા રાજયની વૃદ્ધિ થઇ શકે છે.[૪૨] ધનના અભાવને કારણે સેનાની રક્ષા કરવામાં અસમર્થ રાજા, પ્રજા, રાષ્ટ્ર અને કોશ વિનાના થઇ જાય છે. તેનું દષ્ટાંત આપતા ગ્રંથકાર કહે છે કે શક્તિશાળી શત્રુને કારણે જ સુરથ વગેરે રાજાઓ રાજયચ્યુત થઇ ગયા હતા.[૪૩]

કોશની રક્ષાના સંદર્ભમાં ગ્રંથકાર એવો સંકેત કરે છે કે - ધૂર્તો, ચોરો, વંચક, જાર, માયાવી વગેરે ધન હરણ કરવામાં હોશિયાર હોય છે.[૪૪] તેનાથી કોશ હરાઇ ન જાય તેવો ગર્ભિત અર્થ ગ્રંથકાર અહીં કરે છે તથા સૈનિકોના ધનને પોતાના કોશની જેમજ રાજાએ એમની રક્ષા કરવી જોઇએ.[૪૫] આમ અત્ર તત્ર કોશ રક્ષાના નિર્દેશો ગ્રંથમાં મળે છે.

## (૭) કોશનો વિનિયોગ :-

કોશનો ઉપયોગ યોગ્ય પ્રવૃતિ માટે જ થાય તે આવશ્યક છે. તેથી તો

૩૯. એજન - ૪/૨/૩૨.
૪૦. એજન - ૪/૨/૩૯.
૪૧. એજન - ૨/૫૭ થી ૬૬, ૫/૨૨.
૪૨. એજન - ૪/૨/૧૪.
૪૩. એજન - ૪/૨/૧૨.
૪૪. એજન - ૪/૨/૨૫ થી ૩૩.
૪૫. એજન - ૫/૯૦.

ભર્તૃહરિએ ધનની ઉપયોગિતા પર ભાર મૂકતા કહે છે - ધનની ત્રણ ગતિ છે. દાન, ભોગ અને નાશ.[૪૬] તેમાં જરૂરિયાતવાળા માનવ બંધુઓને દાન આપવું તે ધનની શ્રેષ્ઠ ગતિ છે. દાનથી ધન અને દાતા બન્ને શોભે છે. જો ધન અન્ય માટે ન વાપરી શકાય, તો પોતાના માટે વાપરવું એ એની બીજી ગતિ છે અને જો તે પણ ન થઇ શકે તો વિનાશ એ તેની ત્રીજી ગતિ છે. સંત કબીરે પણ ધનનો દાનમાં ઉપયોગ કરવો તેને 'સયાનો કામ' (ડહાપણનું કામ) ગણ્યું છે.[૪૭]

પાની બાઢે નાવમેં, ઘરમેં બાઢે દામ;

દોનોં હાથ ઉલેચિયે, યહી સયાનો કામ.

કામન્દકે પણ કોશના કર્મ વર્ણવેલ છે.[૪૮] પરંતુ ગ્રંથકારે કોશના કર્મનો સ્પષ્ટ નિર્દેશ કરતાં નથી પરંતુ અત્ર-તત્ર નિર્દેશોથી કોશના વિનિયોગ વિશેનો ખ્યાલ મેળવી શકાય છે. રાજાએ રાજકીય કોશમાંથી અધિકારીઓના નિવાસની વ્યવસ્થા કરવી,[૪૯] બ્રાહ્મણોને દાન દેવાથી, યજ્ઞયજ્ઞાદિ કર્મો કરવાથી, પાણી પીવાના પરબ બનાવવામાં ધનનો ઉપયોગ કરનાર સુખી થાય છે.[૫૦] આત્મીયજનોને માટે વાસભૂમિની વ્યવસ્થા કરવી.[૫૧] સૈનિકોને એમની યોગ્યતા અનુસાર પગાર આપવો, રાજધાનીમાંથી બહાર જવાને મૂળ પગારનો ત્રીજો ભાગ ભથ્થા રૂપે આપવો.[૫૨] કોઇ ઇમાનદાર વ્યક્તિ કે ખેડૂત વ્યવસાયમાં નુકશાની આવે ત્યારે રાજાએ તેમની સહાય કરવી.[૫૩] રાજનગરમાં પ્રધાનમંત્રી ઉપપ્રધાનમંત્રી વગેરેના માટે આવાસની વ્યવસ્થા કરવી, તેમજ રાજભવનની બધી બાજુ રાજમાર્ગની વ્યવસ્થા કરાવવી.[૫૪]

રાજા વાર્ષિક આવકનો બારમો ભાગ રાજય સૈન્ય સંરક્ષણ પર ખર્ચ કરે, સંપૂર્ણ આવકનો ત્રણ ભાગ ખર્ચ કરી સૈન્ય સંગઠિત કરે, એમના અર્ધાભાગથી

૪૬. નીતિશતકમ્ - ભર્તૃહરિ - શ્લોક - ૩૫.
૪૭. સંત કબીર -
૪૮. કા. ની. - ૧૪-૩૧ થી ૩૪.
૪૯. શુક્રનીતિઃ - ૫/૮૪.
૫૦. એજન - ૫/૪૩.
૫૧. એજન - ૫/૮૩.
૫૨. એજન - ૫/૮૯.
૫૩. એજન - ૫/૮૮.
૫૪. એજન - ૧/૨૫૪ થી ૫૬, ૨૬૦.

પદાધિકારીઓની નિયુક્તિ કરે, એમનો અર્ધો ભાગ પોતાના માટે ખર્ચ કરે, બાકી એક ભાગ કોશમાં જમા કરાવી દે.[૫૫] આ પ્રમાણે રાજા સંપૂર્ણ આવકના છ ભાગ કરી એનાથી વર્ષભરનું કામકાજ કરે. આ નિર્દેશ સામન્તસ્તરીય રાજાઓને માટે માન્ય છે. એનાથી નીચેના સ્તરના માટે નથી.[૫૬] આમ ગ્રંથકારનો સ્પષ્ટ નિર્દેશ જોઇ શકાય છે કે રાષ્ટ્રની વૃદ્ધિના ત્રણ કારણોમાં સેના, કોશ અને શત્રુહીન રાજય.[૫૭] આમ અહીં ત્રણેયનું સામજસ્ય દર્શાવ્યું છે.

❖ **ઉપસંહાર :-**

આમ આચાર્ય શુક્રએ શુક્રનીતિના અધ્યાય ચારના પ્રકરણ બેમાં ૧૩૦ શ્લોકોમાં કોશ નિરૂપણ કર્યું છે. આના પરથી કહી શકાય કે કોશ ચર્ચા શુક્રએ વિસ્તૃત કરી છે. પરંતુ એટલી સ્પષ્ટતા નથી કે વિગતો નથી કે પૂર્ણતા નથી. કરના પ્રકારો, કરની મર્યાદા, કરના સંદર્ભમાં જેવી બાબતોની જોઇએ તેટલી ચર્ચા થઇ નથી. કોશના વિનિયોગ (કર્મ) અંગે પણ ગ્રંથકાર મૌન રહ્યા લાગે છે. તેમ છતાં રાજયની આર્થિક સબળતા અને કોશ દ્વારા રાજાએ કરવા યોગ્ય રાજય અને પ્રજાના અભ્યુદયના કાર્યો એ બે બાબતો આ વિચારોના પાયામાં રહેલી જણાય છે. એકંદરે, શુક્રની કોશવિષયક ચર્ચા આજે પણ પ્રસ્તુત બની રહે તેવી છે.

**॥ સમાપ્ત ॥**

---

૫૫. એજન – ૧/૩૧૫, ૩૧૬.
૫૬. એજન – ૧/૩૧૭.
૫૭. એજન – ૪/૨/૧૬.

# ❈ પ્રકરણ - ૧૩ ❈

## ❈ 'રાષ્ટ્રવિચાર' :-

ઉપપ્રકરણ : (૧૩-૧) રાષ્ટ્રનો અર્થ અને તેના પર્યાયો

(૧૩-૨) વર્ણાશ્રમ વ્યવસ્થા

(૧૩-૩) રાષ્ટ્રનું મહત્ત્વ

(૧૩-૪) રાષ્ટ્રમાં નગરાદિ વ્યવસ્થા

(૧૩-૫) રાષ્ટ્રવ્યાપી સડક વ્યવસ્થા

(૧૩-૬) ધર્મશાળા વ્યવસ્થા

## ❑ રાષ્ટ્ર-વિચાર :-

### ❖ પૂર્વભૂમિકા :-

રાજયના વિભિન્ન અંગોનો અનેક રૂપોમાં મહાભારત તેમજ કૌટિલ્યના અર્થશાસ્ત્રમાં ઉલ્લેખ પ્રાપ્ત થાય છે. આચાર્ય શુક્ર એ પણ રાજયના સાત અંગો માન્યા છે. સપ્તાંગાત્મક રાજયનું પાંચમું અંગ 'રાષ્ટ્ર' છે. શુક્રે રાજયના અંગોની સૂચિ આપે છે. તેમાં 'રાષ્ટ્ર' નો ક્રમ પાંચમો છે.[૧] પરંતુ તેનો અર્થ એમ ન કરી શકાય કે રાષ્ટ્રનું મહત્ત્વ ન્યૂન છે. ગ્રંથકાર આ રાજયાંગ નિરૂપણમાં એક રૂપકનો આશ્રય લે છે. તેમાં રાષ્ટ્ર સાતમાં ક્રમે છે. રાજયના શરીરમાં રાજા મસ્તક, અમાત્ય નેત્ર, મિત્ર કાન, કોશ મુખ, બળ એ મન, દુર્ગ હાથ અને રાષ્ટ્ર એ ચરણ છે.[૨] આ રૂપકનું ઔચિત્ય સ્વીકારી શકાય કે શરીરનો આધાર ચરણ પર હોય છે, તેમ રાષ્ટ્ર પર રાજય શરીરનો આધાર છે. આમ રાષ્ટ્રનું મહત્ત્વ ગ્રંથકાર સિદ્ધ કરે છે. વળી ગ્રંથકારે અન્યત્ર રાજયને વૃક્ષનું રૂપક આપ્યું છે. તેમાં પ્રજા પુષ્પો, પૃથ્વી-ભૂભાગમાંથી પ્રાપ્ત થતા કર એ ફળ તેમજ ભૂમિ એ બીજ છે. આ રીતે પ્રાપ્ત થતા નિર્દેશોથી રાષ્ટ્રનું મહત્ત્વ પ્રતિપાદિત કરી શકાય છે.

### (૧) રાષ્ટ્રનો અર્થ અને તેના પર્યાયો :-

શુક્ર સ્પષ્ટ કહે છે કે –

''स्थावरं जङ्गमच्चापि राष्ट्रशब्देन गीयते ।''[૪]

રાષ્ટ્ર શબ્દથી સ્થાવર અર્થાત્ વૃક્ષ, પર્વતાદિ સહિત પૃથ્વીનો ભાગ તથા જંગમ અર્થાત્ પશુ-મનુષ્ય આદિ ચૈતન્ય પ્રાણીનો બોધ થાય છે. જે રાજાને આધીન જેટલું રાષ્ટ્ર અર્થાત્ પૃથ્વીભાગ હોય છે, તે એમનું રાજય કહેવાય છે. ચલ અને અચલ બન્ને પ્રકારની સંપત્તિ રાષ્ટ્ર પદ વાચ્ય છે. એક રાષ્ટ્રમાં અનેક વસ્તીઓ હોય છે એમને ગામ, પલ્લી અથવા કુંભ કહેવામાં આવે છે.

''भवेत्क्रोशात्मको ग्रामो रुप्यकर्षसहस्त्रकः ।
ग्रामार्द्धकं पल्लिसंज्ञपल्पर्द्धं कुम्भसंज्ञकम् ॥''[૫]

---

૧. શુક્રનીતિઃ – ૧/૬૧.
૨. એજન – ૧/૬૨.
૩. એજન – ૫/૧૨.
૪. એજન – ૪/૩/૧.
૫. એજન – ૫/૧૯૩.

ભારતીય રાજયનીતિશાસ્ત્રમં રાષ્ટ્ર શબ્દમાં પ્રદેશ (Population) અને પ્રજા (Territory) એ બેય અર્થો સમાયા છે. કૌટિલ્યના મતાનુસાર મનુષ્યવતી ભૂમિની પ્રાપ્તિ અને તેના પાલન અંગેનું શાસ્ત્ર એટલે અર્થશાસ્ત્ર[૬] રાષ્ટ્ર એટલે માત્ર ભૂભાગ નહીં પણ પ્રજાસહિતનો ભૂભાગ. આ કારણે તેમણે રાષ્ટ્રને બદલે જનપદ શબ્દ પ્રયોજયો છે. તેમના મતે પ્રજા ન હોય તો જનપદ ન હોય શકે અને જનપદ વિના રાજય ન હોઇ શકે.[૭] આ દષ્ટિએ જ નીતિવાકયામૃતમાં સામદેવે પૃથ્વી, જનપદ, રાષ્ટ્રની વ્યાખ્યા આપી જણાય છે.[૮] જેમ કે -

''वर्णाश्रमवती धान्यहिरण्यपशुकुप्यविष्टिदानक्ला च पृथ्वी ।

जनस्य वर्णाश्रमलक्षणस्य द्रव्योत्पतेर्वापदं स्थानमिति जनपदः

पशुधान्यहिरण्यसंपदा राजते शोभते इति राष्ट्रम् ॥''

કામન્દક કા.ની.વા. માં ભૂમિના ઉપાર્જન અને પાલન માટે ભૂમિશ્વરોના કર્તવ્ય અંગે રાજવિદ્યાપારંગતોના મત રજૂ કરે છે.[૯] આ ભૂમિ એટલે રાષ્ટ્ર. ટીકાકારોની સમજ પણ આ જ છે. શંકરાર્ય ભૂમિ અર્થાત્ મનુષ્યવતી ભૂમિ અને રાષ્ટ્ર એટલે જનપદ એમ સમજે છે.[૧૦] ઉ.નિ. ટીકા પણ રાષ્ટ્રના ભૂમિ અને જનપદ એમ બે પ્રકાર દર્શાવે છે.[૧૧]

અથર્વવેદના ભૂમિસૂક્તમાં ભારતીય પરંપરામાં માતૃભૂમિપ્રેમની ભાવનાને અભિવ્યક્ત કરતું આ ''વૈદિક રાષ્ટ્રગીત'' કુલ ૬૩ મંત્રોમાં પૃથ્વીને માતા સિદ્ધ કરતું માતૃભૂમિગીત છે.

'माता भूमिः पुत्रो अहं पृथिव्याः ।'[૧૨]

પૃથ્વીના અનેક નામો ઋગ્વેદમાં મળે છે. ભૂમિ, ક્ષમ્, ક્ષ્મા, ગ્મા, મહી, પૃથિવી, ઉર્વી, ઉત્તમા, અપારા.[૧૩] પૃથ્વીને ગોળાકાર ચક્ર સાથે સરખાવવામાં આવેલ છે.

૬. કૌટિલ્ય અર્થશાસ્ત્રમ્ - ૧૫/૧/૧, ૨, ૩.
૭. એજન - ૧૩/૪/૫.
૮. 'નીતિવાકયામૃતમ્' અનુક્રમે - વિદ્યાવૃધ્ધસમુદેશ-૫, જનપદસમુદેશ - ૫-૧.
૯. કા.ની. - ૧/૮.
૧૦. એજન - ૧/૮ અને ૪-૪૮ પર જ.મ. ટીકા.
૧૧. એજન - ૧/૧૮, ૪/૧, ૪/૪૮ પર ઉ.નિ. ટીકા.
૧૨. અથર્વવેદઃ - ૧૨/૧/૧૨.
૧૩. ઋગ્વેદઃ - ૧.૨૨.૧૭, ૧.૧૫૪;૧;૧.૧૫૪.૩.

પણ તેનો 'ગોળા' રૂપે કોઇ સંહિતામાં ઉલ્લેખ નથી.[૧૪] પૃથ્વીનો વિસ્તાર સૂચવે તેમ તેના સંદર્ભે દિશાઓના ઉલ્લેખો મળે છે.[૧૫] ચાર દિશાઓના ઉલ્લેખો,[૧૬] કયાંક પાંચ દિશાઓના ઉલ્લેખો,[૧૭] સાત દિશાઓ કે સાત ધામોના ઉલ્લેખો.[૧૮] અંતે તો પૃથ્વીના ચારે તરફના અતિ વિસ્તૃત ફેલાવાને જ સૂચવે છે. આમ વેદોમાં પણ રાષ્ટ્રના પર્યાય પૃથ્વી વિશે અનેક ઉલ્લેખો પ્રાપ્ત થાય છે.

રાષ્ટ્ર અને જનપદ ઉપરાંત દેશ અને વિષય એ શબ્દો તેમના પર્યાય તરીકે શબ્દકોશમાં નોંધાયા છે.[૧૯] પરંતુ રાજનીતિશાસ્ત્રીય ગ્રંથોમાં રાષ્ટ્ર અને જનપદ એ બે શબ્દો પ્રચલિત છે અને પર્યાયરૂપ ગણાયા છે. કયાંક રાષ્ટ્ર તો કયાંક જનપદ શબ્દ સ્વીકારેલ છે.[૨૦] જેમ કે -

यस्याधीनं भवेद् यावत् तद्राष्टं तस्य वै भवेत् ॥

**(૨) વર્ણાશ્રમ વ્યવસ્થા :-**

આચાર્ય શુક્ર એ બાબત પર ભાર મૂકે છે કે જનપદ-રાષ્ટ્ર એટલે કે પ્રદેશ અને પ્રજા એવા હોવા જોઇએ કે જેનાથી આર્થિક સમૃદ્ધિ વધે, રાજયમાં શાંતિ રહે, રાજાનું શાસન સુપેરે ચાલતુ રહે તેથી ગ્રંથકાર વર્ણાશ્રમ વ્યવસ્થાના સુદૃઢ પક્ષકારી હોવા છતા વર્ણવ્યવસ્થાત્મક દૃષ્ટિકોણ ક્રાંતિકારી પ્રતીત થાય છે.

''ब्राह्मणस्तु समुत्पनाः सर्वे ते किं न ब्राह्मणाः ।
न वर्णतो न जनकात् बाह्यातेजः प्रपद्यतेः ॥''[૨૧]

શુક્રના મતાનુસાર જન્મથી કોઇ બ્રાહ્મણ નથી કે ન કોઇ ક્ષત્રિય, વૈશ્ય, શુદ્ર મ્લેચ્છ હોય છે. વસ્તુતઃ ગુણ અને કર્મથી જ બ્રાહ્મણત્વ કહેવાય છે - અર્થાત જાતિગત ભેદ છે.

''न जात्या ब्राह्मणाश्चात्र क्षत्रियो वैश्य एव न ।
न शुद्रो न च वै म्लेच्छो भेदिता गुणकर्मभिः ॥''[૨૨]

---

૧૪. એજન - ૧૦.૮૯.૪.
૧૫. એજન - ૭.૭૨.૫,
૧૬. એજન - ૧૦/૧૯/૮, ૧૦/૧૬૪/૪૨.
૧૭. એજન - ૯/૮૬/૨૯.
૧૮. એજન - ૯/૧૪/૩, ૧/૨૨/૧૬.
૧૯. અમરકોશ - ૨/૧/૮.
૨૦. શુક્રનીતિઃ - ૧/૩૯.
૨૧. એજન - ૧/૩૯.
૨૨. એજન - ૧/૩૮.

સૃષ્ટિના બધા જીવ બ્રહ્મામાંથી ઉત્પન્ન થયા છે. તેથી કયાં તે બધા બ્રાહ્મણ કહેવાય છે ? નહીં, કારણ કે બ્રાહ્મણ જાતિમાં જન્મ લેવાથી જ તેમનામાં બ્રહ્મતેજ પ્રાપ્ત થતું નથી. જ્ઞાનકાંડ, કર્મકાંડ અને ઉપાસનાકાંડનો પ્રકાંડ વિદ્વાન હોવા છતા, દેવ આરાધનામાં લીન, શાંતચિત ઇન્દ્રિયવિજેતા તથા સ્વભાવથી દયાળુ હોવું બ્રાહ્મણત્વના કારણો થઇ શકે છે. [૨૩] આ ગુણોથી હીન વ્યક્તિ માત્ર બ્રાહ્મણકુળમાં જન્મ લઇ કોઇ બ્રાહ્મણ હોતો નથી. સ્વભાવતઃ આચાર્ય શુક્ર ગુણકર્મવાદી પ્રતીત દેખાય છે.

એ સત્ય છે કે આજ ભારતવર્ષમાં શ્રેષ્ઠતમ વર્ણ બ્રાહ્મણ નથી, પરંતુ એક સમય એવો પણ હતો ત્યારે એ દેશ, સંસ્કૃતિ અને સભ્યતાના સર્વોત્તમ શિખર પર વિદ્યમાન હતો. એ સમયે બ્રાહ્મણોની જાતિ સંસારભરના લોકોને સભ્યતા અને સચ્ચરિત્રતાની શિક્ષા આપતા હતા. મનુનું કથન છે કે –

''एतद्देशप्रसूतस्य सकाशदग्रजन्मनः ।
स्वं स्वं चरित्रं शिक्षेरन् पृथिव्याः सर्वमानवाः ॥'' [૨૪]

બ્રાહ્મણ હોવા માટે બ્રાહ્મણ વંશમાં ઉત્પત્તિ અને એમના આદર્શનું પાલન બન્નેની આવશ્યકતા છે. આચાર્ય શુક્ર મોટેભાગે બ્રાહ્મણ પરત્વે એ જ અભિમત છે. કેવળ જાતિ નહીં, કર્મણા પણ બ્રાહ્મણત્વની અપેક્ષા છે. 'न वर्णतो न जनकात्' થી એ અર્થ યોગ્ય નથી કે સિંહ અને શિયાળના બચ્ચા એક જ કુળના માની લેવાય. એટલા માટે શંકરાચાર્યે સુસ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે કે –

''वेदपूर्वकस्तु नास्त्यधिकारः शूद्राणाम् ।''

કેવળ વેદ દ્વારા જ્ઞાન પ્રાપ્ત કરવાનો અધિકાર શૂદ્રોને નથી એ વાત પણ અભિમાનથી કહેવાઇ નથી. સમાજની સુવ્યવસ્થાને માટે વર્ણાશ્રમ ધર્મનું યોગ્યરૂપથી પ્રતિપાદિત કરવા માટે સ્વયં ઇશ્વરકૃત આ પ્રવિભાગ છે. ભગવાન શ્રીકૃષ્ણ એ ગીતામાં કહ્યું છે કે – चातुर्वण्ये मया सृष्टं गुणधर्मविभा गशः ।'' [૨૫] પ્રત્યેકને માટે પૃથક્ ગુણ અને કર્મોનું યોગ્ય વિભાજન કરતાં સ્વયં મેં વૈજ્ઞાનિક રીતથી વિચાર કરી ચતુવર્ણની વ્યવસ્થા કરી છે. ઋગ્વેદના પુરુષ સૂકતમાં –

૨૩. એજન – ૧/૪૦.
૨૪. મનુસ્મૃતિઃ.
૨૫. શ્રીમદ્ ભગવદ્ગીત – અધ્યા. ૪/૧૩.

ब्राह्मणोऽस्य मुखमासीद्बाहू राजन्यः कृतः ।

ऊरु तदस्य यद्वैश्यः पद्भ्यां शूद्रोऽजायत ॥[२६]

વિરાટ પુરુષના આ રૂપક દ્વારા મસ્તકથી પગ સુધી તુરુસ્ત શૃંખલિત સમાજના સંગઠન જ બતાવ્યું છે. તે એ નિયમ કે શૃંખલાનું ફળ હતુ કે સમાજના પ્રત્યેક વ્યક્તિ પોતાના કર્તવ્યોને સચ્ચાઇ અને ઇમાનદારીથી પૂર્ણ કરતા હતા. સર્વત્ર સુખ-શાંતિનું સામ્રાજય ફેલાયેલુ હતુ. આજ 'सर्ववर्णसमुच्चय' કે 'वर्णसांकर्य' નો જ આ કુપ્રભાવ છે કે સમસ્ત ભારતવર્ષ દુઃખ દારિદ્રયમાં ઉગ્રવાદ, નકક્ષલવાદ કે સંહારકવાદની લપેટમાં પડી ત્રાહિ-ત્રાહિ કરી રહ્યું છે. ત્યારે બધાએ એકી સાથે વિચારવું જોઇએ કે -

''श्रेयान् स्वधर्मो विगुणः परधर्मात् स्वनुष्ठितात् ।

स्वधर्मे निधनं श्रेयः परधर्मो भयावहः ॥''[२७]

આમ શુક્રનું - 'भेदिता गुणकर्मभिः' નું તાત્પર્ય નિશ્ચય જ ગુણ-ધર્મની સાથે જન્મનો સહયોગ પણ અપેક્ષિત છે. અન્યથા બ્રાહ્મણ તો બ્રાહ્મણ છે જ.

ગ્રંથકાર કહે છે કે - ઘણા સમયથી પ્રચલિત દેશધર્મ જાતિધર્મ તથા કુલ ધર્મ તેમજ મુનિઓ દ્વારા કહેવાયેલ ધર્મ એ બધાને જાણી રાજાએ પોતાના રાષ્ટ્રને માટે પ્રયાસપૂર્વક એમનું પાલન કરે છે. કારણ કે ધર્મની સ્થાપનાથી જ કોઇ પણ રાજા લક્ષ્મી અને કીર્તિ મેળવે છે.[૨૮] જે રાજાના રાષ્ટ્રમાં પ્રજા પોત-પોતાના ધર્મમાં રહે છે, તે રાજા સ્વયં ધર્મ અને નીતિના માર્ગ પર ચાલતા અનેક દિવસો સુધી યશનો ઉપભોગ કરતો રહે છે અને 'भूमो' ધરતી પર જેની કીર્તિ જયાં સુધી રહે છે ત્યાં સુધી તે સ્વર્ગમાં નિવાસ કરે છે. સાથે ગ્રંથકાર એ પણ દર્શાવે છે કે અપકીર્તિ જ નરક છે. પરલોકમાં એના જેવું બીજું કોઇ નરક નથી. માનવ દેહને છોડી બીજી યોનિ નરક છે.[૨૯]

જનપદ પર રહેનારા પ્રાણીઓના ચાર ભેદો વિશે પણ કહ્યુ છે કે - જરાયુજ માનવાદિ, અંડજ પક્ષી, સ્વેદજ જૂ, માંકડ વગેરે તથા ઉદ્ભિજ વૃક્ષાદિ, શ્રેષ્ઠ જાતિના

૨૬. ઋગ્વેદ.

૨૭. શ્રીમદ્ ભગવદ્ગીત - અધ્યા. ૩/૩૫.

૨૮. શુક્રનીતિઃ - ૪/૩/૧૦, ૧૧.

૨૯. એજન - ૪/૩/૬ થી ૮.

લોકો નીચના સંપર્કથી નીચ થઇ જાય છે. પરંતુ નીચ કુળમાં ઉત્પન્ન નીચ જ રહે છે. જન્મથી નીચ વર્ણનો વ્યક્તિ સંસર્ગથી ઉત્તમ હોતો નથી, પરંતુ કર્મથી વ્યક્તિ તત્કાળ ઉત્તમ કે નીચ કહેવા લાગે છે. વિદ્યા અને કલાના અવલંબનથી પણ એમના નામાનુસાર એમની જાતિઓની કલ્પના કરી શકાય છે.[૩૦]

શુક્રએ ત્રીજા અધ્યાયના 'રાષ્ટ્ર' પ્રકરણમાં બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્રના કર્તવ્ય સંદર્ભે પણ ચર્ચા કરી છે. યજ્ઞ કરવો, અધ્યયન કરાવવું તથા દાન આપવું આ ત્રણ કર્મ દ્વિજન્મા અર્થાત્ બ્રાહ્મણ, ક્ષત્રિય તેમજ વૈશ્યને માટે સમાનરૂપ કર્તવ્ય છે. પરંતુ બ્રાહ્મણોને માટે ત્રણ વધારે કર્મના નિર્દેશ કરે છે. તે - યજ્ઞ કરવો, અધ્યાપન અને દાન લેવું. સજ્જનોની રક્ષા, દુષ્ટોનો વિનાશ કરવો તથા આજીવિકાને માટે કર ગ્રહણ કરવો આ ત્રણ કર્મ ક્ષત્રિયોને માટે વધુ છે. એવી જ રીતે કૃષિ (ખેતી) ગોપાલન તેમજ વાણિજય (વેપાર) એ ત્રણ કર્મો વૈશ્યોને માટે વધુ છે તથા દાન દેવુ, જીવિકાને માટે નોકરી કરવી તેમજ પથ-પરિમાર્જનાદિ નિકૃષ્ટ કર્મ શૂદ્રોને માટે વિહિત કર્મ કહેવાયેલ છે.[૩૧]

બ્રાહ્મણોના કર્મ સંદર્ભમાં ગ્રંથકાર મનુ તથા અન્ય સ્મૃતિકારોનો મત દર્શાવતા કહે છે કે - બ્રાહ્મણોને માટે પણ ખેતીકર્મને વિહિત માનેલ છે તથા બ્રાહ્મણોને છોડી અન્ય જાતિઓને માટે ભિક્ષાવૃતિ વિશેષ રૂપથી નિંદિત છે. બ્રાહ્મણ, ક્ષત્રિય તેમજ વૈશ્યને નિયમપૂર્વક એનક તપ તેમજ વ્રતો કરતા ઉપનિષદોની સાથે સમગ્ર વેદોને જાણવા જોઇએ.[૩૨] એવો ગ્રંથકારનો મત છે. જે બ્રાહ્મણે સમસ્ત વિદ્યાનું અધ્યયન કર્યું છે તે જ 'ગુરુ' હોઇ શકે. અધ્યયન વિના કોઇ કેવળ જાતિમાત્રથી ગુરુ બની શકતો નથી. તે વિદ્યાઓ તેમજ કલાઓનો કોઇ અંત નથી છતાં પણ આચાર્ય શુક્રે મુખ્ય ૩૨ વિદ્યાઓ તેમજ ૬૪ કલાઓનો નિર્દેશ કયો છે.[૩૩]

**(૩) રાષ્ટ્રનું મહત્ત્વ :-**

રાજયાંગ તરીકે રાષ્ટ્રની મહત્તા પરત્વે ગ્રંથકાર ઉદાસીનતા કે ઉપેક્ષા સેવતા નથી. આમેય રાષ્ટ્રનું મહત્ત્વ એ રીતે વધી જાય છે કે રાષ્ટ્રમાંથી બધા

---

૩૦. એજન - ૪/૩/૧૪, ૧૫.
૩૧. એજન - ૪/૩/૧૬ થી ૧૮.
૩૨. એજન - ૪/૩/૧૯ થી ૨૨.
૩૩. એજન - ૪/૩/૨૩, ૨૪.

રાજયાંગોનો સંભવ થાય છે. જે રાષ્ટ્રમાં પ્રજા તથા રાજા પોતાના ધર્મોનુસાર રહે છે. ત્યાં કીર્તિ વધે છે એ રાષ્ટ્ર સ્વર્ગ જેવું બની જાય છે.[૩૪]

ગ્રંથકાર રાષ્ટ્રની મહત્તાને પ્રતિપાદિત કરતા એક સરસ રૂપકમાં રાષ્ટ્ર એ ચરણ છે.[૩૫] એમ સરખાવી રાજયના શરીરમાં રાષ્ટ્રની સરખામણી ચરણો સાથે કરી છે. તેની મહત્તા સિદ્ધ થાય છે કે શરીરનો આધાર ચરણ પર હોય છે તેમ રાષ્ટ્ર પર રાજય શરીરનો આધાર છે. શુક્ર રાષ્ટ્રને વિજિગીષૂની પ્રકૃતિ ગણાવે છે.[૩૬] જનપદના ધર્મથી પરિપાલનથી રાજા ચિરકાળ સુધી પરમ શ્રીપદને તથા કીર્તિને પ્રાપ્ત કરે છે.[૩૭] માટે રાજાએ જનપદનું બરાબર પાલન કરવું જોઇએ એવો સંકેત શુક્ર કરે છે.

**(૪) રાષ્ટ્રમાં નગરાદિ વ્યવસ્થા :-**

ગ્રંથકારના મતાનુસાર રાષ્ટ્ર શબ્દ સ્થાવર - વૃક્ષ, પર્વતાદિ સહિતનો ભૂ- ભાગ તથા જંગમ - ગાય, મનુષ્યાદિ ચૈતન્ય પ્રાણીનો બોધ થાય છે. स्थावरं जङ्गमच्चापि राष्ट्रशब्देन गीयते ।[૩૮] જે રાજાને આધિન જેટલું રાષ્ટ્ર અથવા ભૂ ભાગ હોય છે. તે એમનું 'રાષ્ટ્ર' કહેવાય છે. ચલ અને અચલ બન્ને પ્રકારની સંપત્તિ રાષ્ટ્રપદ વાચ્ય છે.

એક રાજયમાં અનેક વસ્તીઓ હોય છે. એમાં ગામ, પલ્લી કે કુંભ હોય છે. શુક્રના વિચારે ગામ એક કોસવર્ગનું હોય છે. જેમની માલગુજારી એક હજાર રજતમુદ્રાઓ હોય છે. ગામનું અડધું 'પલ્લી' અને પલ્લીનું અડધું કુંભ કહેવાય છે.[૩૯] ગામોના સર્વાગિક વિકાસને માટે અનેક અધિકારીની નિયુક્તિ કરવી જોઇએ. આ અધિકારીઓ છે - ગ્રામાધિપતિ, દંડાધિપતિ, ભાગહર, લેખક, શુષ્કગ્રાહક અને પ્રતીહાર.

૩૪. એજન - ૪/૩/૧૦.
૩૫. એજન - ૧/૬૨.
૩૬. એજન - ૪/૭/૨૮૮, ૨૯૦.
૩૭. એજન - ૪/૩/૧૧.
૩૮. એજન - ૪/૩/૯.
૩૯. એજન - ૧/૧૯૩.

साहसाधिपतिच्चैव ग्रामनेतारमेव च ।

भागहारं तृतीयं तु लेखकच्च चतुर्थकम् ॥

शुल्कग्राहं पच्चमं च प्रतिहारं तथैव च ।

षट्कमेतन्नियोक्तव्यं ग्रामे ग्रामे पुरे पुरै ॥[૪૦]

આ રાષ્ટ્રમાં નગરોની સ્થાપના પણ એટલી જ મહત્ત્વપૂર્ણ છે. સાજ-સજન તેમજ સૌન્દર્ય વ્યવસ્થાને માટે આ નગરોમાં વિશેષ ઢંગના પદાધિકારીઓની નિયુક્તિ હોવી જોઇએ. તેમા પ્રધાનમંત્રી, ઉપપ્રધાનમંત્રી, રાજપુરોહિત સહિત ઉચ્ચપદાધિકારીઓ, સેનાપતિ, સ્થળ સેના, ઘોડેસ્વાર, હાથીખાના સહિત હાથીવાનો, તોપખાના સહિત ગોલન્દાજો વગેરેને રહેવાની વ્યવસ્થા પણ કરવી જોઇએ.[૪૧] શુક્રએ આધુનિક ઢંગથી માર્કેટની વ્યવસ્થાને પણ અપેક્ષિત માની છે. એમની દષ્ટિએ એક જ વસ્તુની બધી દુકાનો એક જ જગ્યાએ હોય, માર્કેટની વિશેષ સુવ્યવસ્થાને માટે એક વિશેષાધિકારીની પણ નિયુક્તિ કરવી જોઇએ.[૪૨] એમની યોગ્યતા તેમજ દક્ષતાના સંદર્ભમાં ગ્રંથકારે બીજા અધ્યાયમાં વિસ્તૃત ચર્ચા કરી છે.

**(૫) રાષ્ટ્રવ્યાપી સડક વ્યવસ્થા :-**

યાતાયાતની સુવિધાની દષ્ટિથી રાષ્ટ્રવ્યાપી સડકોના નિર્માણ ઉપર ગ્રંથકારે વધુ ભાર દીધેલ છે. રાજભવનની બધી દિશાઓમાં રાજમાર્ગની વ્યવસ્થા હોવી જોઇએ. આ રાજમાર્ગ સંપૂર્ણ દેશને એક સૂત્રમાં જોડી આપે છે. આ રાજમાર્ગના શુક્રે ત્રણ પ્રકારો પાડયા છે. તેમાં ૩૦ હાથ પહોળા રાજમાર્ગને ઉત્તમ, ૨૦ હાથ પહોળા રાજમાર્ગને મધ્યમ તથા ૧૫ હાથ પહોળા માર્ગને અધમ કહેલ છે. ગામ તેમજ નગરોમાં ઉપર લિખિત (ઉપર્યુકત) ત્રણ પ્રકારની સડકોની જ વ્યવસ્થા છે.[૪૩]

એવી જ રીતે ગામમાં કે શહેરમાં પગદંડી ત્રણ હાથ પહોળી, ગલી પાંચ હાથ પહોળી અને સડક ઓછામાં ઓછી દશ હાથ પહોળી હોવી જોઇએ.

૪૦. એજન - ૨/૨૦, ૨૧.

૪૧. એજન - ૧/૨૫૪, ૨૫૬.

૪૨. એજન - ૧/૨૫૮.

૪૩. એજન - ૧/૨૬૦, ૬૧.

રાજાએ રાજધાની અનુસાર બધા રાજમાર્ગોનું નિર્માણ કરાવવું. રાજધાનીમાં પગદંડી કે ગલી બનાવવી નહીં. રાજધાનીથી છ યોજન અર્થાત્ ૨૪ કોસના અંતર પર ૩૦ હાથ પહોળી સડક બનાવવી જોઇએ. વચ્ચે મધ્યમ માર્ગ, એ બન્નેની વચ્ચે દશ હાથ પહોળી અધમ કોટિની સડક પ્રત્યેક ગામમાં હમેંશા બનાવવી જોઇએ. આવશ્યકતા અનુસાર આ સડકો પર સુંદર પુલ હોવા જોઇએ, પાણીના નીકાસ માટે સડકની નીચે પાક્કા નાલા (ગટરો) પણ હોવા જોઇએ. સડકના કિનારાએ પંક્તિબદ્ધ બન્ને બાજુ ઘરોની વચ્ચે બનેલ સડકોની સફાઇ તથા મરામત ચૂના તથા કંકરથી દર વર્ષે કરાવવી જોઇએ.[૪૪]

**(૬) ધર્મશાળા - વ્યવસ્થા :-**

શુક્ર આ ગ્રંથમાં નાનામાં નાની બાબતને સ્પર્શે છે. તેઓએ નગરમાં આવતા યાત્રિકોને ધ્યાનમાં લઇ એક સારો વિચાર પ્રગટ કર્યો છે. યાત્રીકો-પ્રવાસીઓને રહેવાને માટે જગ્યાએ-જગ્યાએ પાન્થશાળા, ધર્મશાળાઓનું નિર્માણ પણ બતાવેલ છે. અર્થાત્ તેમની વ્યવસ્થા હોવી જોઇએ. આ ધર્મશાળાઓ સુરક્ષિત તેમજ પાણીની વ્યવસ્થા યુક્ત હોય. એમાં સમાન આકૃતિના અનેક મકાન હારબદ્ધ હોવા જોઇએ.[૪૫] એમની દેખભાળને માટે એક સ્થાયી વ્યક્તિ એમની વ્યવસ્થા સંભાળે. એ પદાધિકારી 'પાન્થશાળાધિપ' કહેવાય છે. પાન્થશાળામાં રોકાયેલા યાત્રીકો કે પથિકોનું પૂરી વિગત લેખિત રૂપમાં હોવી જોઇએ.[૪૬]

**॥ સમાપ્ત ॥**

૪૪. એજન - ૧/૨૬૨ થી ૨૬૮.
૪૫. એજન - ૧/૨૫૭.
૪૬. એજન - ૧/૨૭૧ થી ૨૭૪.

## ❈ પ્રકરણ - ૧૪ ❈

### ❈ 'દુર્ગ-નિરૂપણ' :-

ઉપપ્રકરણ : (૧૪-૧) દુર્ગનો અર્થ અને પર્યાયો

(૧૪-૨) દુર્ગના પ્રકારો

(૧૪-૩) શ્રેષ્ઠ દુર્ગ

(૧૪-૪) દુર્ગનું મહત્ત્વ

## ❒ શુક્રનીતિમાં દુર્ગ નિરૂપણ :-

### (૧) પ્રસ્તાવના :-

રાજયના વિભિન્ન અંગોનું અનેક રૂપોમાં વર્ણન મહાભારત તેમજ કૌટિલ્યના અર્થશાસ્ત્રમાં પ્રાપ્ત થાય છે. આચાર્ય શુક્રએ પણ રાજયને સપ્તાંગ માન્યા છે. તેમના અનુસાર રાજા, મંત્રી, મિત્ર, કોશ, રાષ્ટ્ર, દુર્ગ તથા બળ એ રાજયના સાત અંગ છે. તેની અંતર્ગત શુક્ર દુર્ગને રાજયનો હાથ માને છે.

''हस्तौ पादौ दुर्गराष्टै राज्याङ्गानि स्मृतानि हिं ॥''[૧]

આ રાજયાંગના રૂપક દ્વારા હાથ જેમ ભય સામે ઢાલ બને છે, ભયનો સામનો કરે છે તેમ દુર્ગ સુરક્ષા અર્પે છે. આથી આ દુર્ગ રાજય શરીરના હાથ છે.

રાજનીતિશાસ્ત્રીઓ રાજાને વિજિગીષુ બનવાના સ્વપ્ન દર્શાવતા રહેતા હોય, જયારે એકાભિનિવેશિત્વના કારણે પડોશી રાજયો વચ્ચે શત્રુતા સ્વાભાવિક બની જતી હોય ત્યારે ઉભય પક્ષે સુરક્ષાના ઉપાયો અતિ આવશ્યક બની જાય છે. શત્રુના આક્રમણના પ્રતિકારમાં મળેલી નિષ્ફળતા રાજાને રાજયના સ્વામિત્વથી જ વંચિત કરી દે છે. આ કારણે સુરક્ષાના ઉપાયો પૈકી અગત્યના ઉપાયો રાજયના અંગ તરીકે સ્થાન પ્રાપ્ત કરી લે છે. આથી દુર્ગનો રાજયોના સાત અંગોમાં થયેલ સમાવેશ સમજી શકાય છે. 'રાજા, અમાત્ય, રાષ્ટ્રના રક્ષા વિધાન દ્વારા દુર્ગ તેમને ઉપકારી બને છે' એમ ઉ.નિ. ટીકા કરે છે.[૨]

### (૨) દૂર્ગનો અર્થ, પર્યાય :-

શુક્રનીતિમાં શુક્રે દુર્ગની વ્યાખ્યા આપી નથી. આ શબ્દનો વ્યુત્પત્તિજન્ય અર્થ સુપ્રતીત છે. ઉ.નિ. ટીકા સમજાવે છે કે – 'दुःखेन गम्यते इति ।'[૩] શત્રુઓ જયાં સહેલાઇથી પહોંચી શકતા નથી તે સ્થાન દુર્ગ છે. આક્રમણનો ભોગ બનેલા રાજાને સ્થળ, સમય અનુસાર શત્રુનો પ્રતિકાર કરવો કઠિન બની જાય છે. ત્યારે તેના સ્થાનની આવશ્યકતા રહે છે. જયાં શત્રુ સહેલાઇથી આવી શકે નહીં. જયાં રહીને શત્રુને થકવી શકાય. આવું સ્થાન તે દુર્ગ. સૈન્ય, ધાન્ય, કોશ અને પ્રજાને શત્રુથી બચાવવા માટેનું સ્થાન તે દુર્ગ.

---

૧. શુક્રનીતિઃ – ૧ / ૬૧.

૨. કા.ની. – ૪ / ૧ ૫૨ ઉ.નિ.

૩. કા.ની. – ૪ / ૧ ૫૨ ઉ.નિ. ટીકા.

સોમદેવ કહે છે –

'यत्याभियोगात्परे दुःखं गच्छन्ति दुर्जनोयोगविषया वा त्वत्पापदो गमवतीति दुर्गम् ।'[૪]

અર્થાત્ જેની પાસે જવાથી શત્રુઓ દુઃખ પામે છે અથવા તો જયાં દુષ્ટોની પ્રવૃત્તિને કારણે ઉત્પન્ન થયેલ આપત્તિઓને પસાર કરી જવાય છે તે દુર્ગ. સોમદેવ કહે છે – यस्य दुर्गस्य संप्राप्तेः शत्रवो दुःखमाप्नुपुः । त्वामिनं रक्षात्यव व्यसने दुर्गमेव तत् ।'[૫]

પરંતુ દુર્ગ એટલે કેવળ સામાન્ય કિલ્લો નહીં. દુર્ગ શબ્દના અર્થનો વ્યાપ આથી વિશેષ છે. જે રાજધાનીનો વાચક છે. શત્રુનો પ્રવેશ મુશ્કેલ બનાવે તેવી રાજધાનીની રચના હોય છે. સંભવતઃ આ કારણે ભારતીય રાજનીતિશાસ્ત્રમાં રાજયના અંગોમાં કયાંક દુર્ગ તો કયાંક પુર શબ્દ જોવા મળે છે. દુર્ગ અને પુર પર્યાય જણાય છે.[૬] કામન્દક દુર્ગ ઉપરાંત પુર શબ્દ પ્રયોજે છે. પુર અને દુર્ગને પર્યાય માનવાનું કારણ સમજી શકાય છે. રાજાનો કોઇ સ્થાયી નિવાસ હોય કે જયાંથી જે સમગ્ર રાજયનું સંચાલન કરે, આંતરરાષ્ટ્રીય સંબંધોનો વિચાર કરે. જયાં રાજા હોય ત્યાં શાસનતંત્ર એટલે કે અમાત્યપરિષદ, અધિકારીઓ, ધનભંડાર, સૈન્ય વગેરે હોય. કામન્દકે કહ્યું છે કે – 'यत्र राजा तत्र कोशः ।'[૭] આવા પ્રકારના દુર્ગમાં રહીને આક્રમણ કરી શકાય, શત્રુઓને હાંકી કઢાય તો જ રાજયની રક્ષા થઇ શકે અન્યથા રાજય ગુમાવવુ પડે. શુક્રે પણ તેના મહત્ત્વને દર્શાવતા જણાવ્યું છે કે –

''सहायपुष्टं यदुर्गतत्तु श्रेष्ठतरं मतम् ।
सहायपुष्टदुर्गेण विजयो निश्चयात्मकः ॥
यद्यत् सहायपुष्टं तु तत्सर्वे सफलं भवेत् ।
परस्परानुकूलयं तु दुर्गाणां विजयप्रदम् ॥''[૮]

અર્થાત્, જો યુદ્ધસહાયક સામગ્રીઓથી જે દુર્ગ હોય તો તે જ શ્રેષ્ઠ છે.

---

૪. નીતિવાકયામૃતમ્ – ૨૦/૧.
૫. એજન – ૨૦/૧ પરની ટીકામાં ઉદ્ધૃત શ્લોક ધર્મકોશ – પૃ. ૧૪૯૧.
૬. કૌ. અર્થ – ૬/૧, મનુસ્મૃતિઃ – ૭/૭૦ તથા ૯/૨૯૪.
૭. કા.ની. – ૨૦/૧૭.
૮. શુ.ની. – ૪/૬ – ૧૩, ૧૪.

કિલ્લો સહાયકોથી ભરેલ હોય તે રાજાની જીત ચોક્કસ રૂપથી થાય છે. જે કિલ્લો સહાયકોથી યુક્ત હોય તે રાજાને માટે લાભદાયક છે.

આમ રાજધાની, દુર્ગ કે પુરનું શાસન વ્યવસ્થા તેમજ વહીવટીતંત્રની દષ્ટિએ ઘણું જ મહત્ત્વ છે. રાજધાની પરનો વિજય રાજય પરનો વિજય બની જતો હોય છે. જયાં સુધી રાજધાનીનું પતન થતું નથી ત્યાં સુધી શત્રુને પૂર્ણ વિજય પ્રાપ્ત થતો નથી. આથી પુરની રચના એવી કરવી ઘટે કે જેથી શત્રુને સરળતા ન રહે. આથી પુર આપો-આપ દુર્ગ બની જાય છે. તેથી જ તો શુક્રે દુર્ગને 'હાથ' ની સાથે સરખામણી કરી છે.[૯]

**(૩) દુર્ગના પ્રકારો :-**

એક જ પ્રકારના દુર્ગનું વિધાન શાસ્ત્રોમાં નથી થયું તેનું કારણ સ્પષ્ટ છે. રાજયની ભૌગૌલિક રચનાને લીધે દુર્ગના એકાધિક પ્રકાર શકય છે. ભૂમિ જળથી ઘેરાયેલી હોય, પર્વતોથી યુક્ત હોય, ગીચ જંગલ ધરાવતી હોય અને ઉજ્જડ પણ હોય. આ સંભવિતતાઓને ધ્યાનમાં લેતાં જુદી-જુદી ભૂમિ માટે જુદા-જુદા દુર્ગની રચના કરવી ઘટે. શુક્ર સર્વ પ્રથમ સાત પ્રકારના દુર્ગોનો ઉલ્લેખ કરે છે. એરિણ દુર્ગ, પારિખ દુર્ગ, પારિધ દુર્ગ, વન દુર્ગ, ધન્વ દુર્ગ, જલ દુર્ગ અને ગિરિ દુર્ગ અને ત્યાર પછી અન્ય બે દુર્ગો દર્શાવે છે. શુક્રે તેની સંજ્ઞા સ્પષ્ટ કરતા કહ્યું છે કે -

**(૧) એરિણ દુર્ગ :-** શુક્રના મતાનુસાર ''खातकण्टक पाषाणैर्दष्पथं दुर्गमैरिणम् ।''[૧૦] ખાંઇ, કાંટા તથા પથ્થરોથી ઘેરાયેલા દુર્ગમ માર્ગવાળા દુર્ગને એરિણ દુર્ગ કહે છે.

**(૨) પારિખ દુર્ગ :-** શુક્રના મતે ''परितस्तु महाखातं पारिखं दुर्गमेव तत् ॥''[૧૧] જેમની બધી બાજુ મોટી ખાંઇઓ હોય એમને પારિખ દુર્ગ કહે છે.

**(૩) પારિધ દુર્ગ :-** ''इष्टकोपलमृदिभत्तिप्राकारं पारिधं स्मृतम् ।''[૧૨] જેની બધી બાજુઓ ઇંટ, પત્થર અને માટીની દિવાલોનો કોટ બનેલ હોય તેને પારિધ દુર્ગ કહે છે.

---

૯. શુ.ની. - ૧/૬૧.

૧૦. શુક્રનીતિઃ - ૪/૬/૧.

૧૧. એજન - ૪/૬/૨.

૧૨. એજન - ૪/૬/૨.

(૪) **વન દુર્ગ :-** ''महाकण्टकवृक्षोधैर्व्याप्तं तद्वन दुर्गमम् ।''[૧૩] જે કિલ્લો (દુર્ગ) મોટા-મોટા કાંટાળા વૃક્ષોના સમૂહથી બધી બાજુએ ઘેરાયેલો હોય તેને વનદુર્ગ કહે છે.

(૫) **ધન્વ દુર્ગ :-** ''जालभावस्तु परितो धन्वदुर्ग प्रकीर्त्तितम् ।''[૧૪] જે દુર્ગની દૂર-દૂર સુધી પાણીનો સદંતર અભાવ હોય અર્થાત્ મરુભૂમિથી ઘેરાયેલો હોય તેને ધન્વ દુર્ગ કહેવાય છે.

(૬) **જલ દુર્ગ :-** ''जलदुर्ग स्मृतं तज्ज्ञैरासमन्तान्महाजलम् ।''[૧૫] જે કિલ્લાની બધી બાજુ દૂર સુધી પાણી હોય તેને જલદુર્ગ કહે છે.

(૭) **ગિરિ દુર્ગ :-** ''सुवारिपृष्टोच्चधरं विविकते गिरिदुर्गम् ।''[૧૬] જે એકાંતમાં કોઇ પહાડી ઉપર બનેલ હોય તેમજ પાણી હોય તેને ગિરિ દુર્ગ કહે છે.

(૮) **સૈન્ય દુર્ગ :-** ''अभेद्यं व्यूहविद्भिरव्याप्तं तत् सैन्यदुर्गमम् ।''[૧૭] વ્યૂહરચનામાં કુશળ સૈનિકોથી ભરેલ કિલ્લાને સૈન્ય દુર્ગ કહે છે.

(૯) **સહાય દુર્ગ :-** ''सहायदुर्ग तज्ज्ञेयं शूरानुकूल बान्धवम् ।''[૧૮] જેમાં વીર તેમજ હમેંશા અનુકૂળ પરિજન રહેવાવાળા રહેલા હોય તેને સહાયદુર્ગ કહે છે.

કામન્દક સર્વપ્રથમ ચાર પ્રકારના દુર્ગોનો નામોલ્લેખ કરે છે. શૈલદુર્ગ, સચિદુર્ગ, મરુદુર્ગ અને ધનદુર્ગ.[૧૯] પરંતુ પછી પાંચ દુર્ગો દર્શાવે છે. ઔદક, પાર્વત, વાર્ક્ષ, ઐરિણ અને ધાનદુર્ગ.[૨૦] આ બે યાદીમાં એકનો જ ઉમેરો છે. બાકી તો નામાન્તર છે. શૈલદુર્ગ તે જ પાર્વતદુર્ગ, સરિદુર્ગ તે જ ઔદકદુર્ગ, મરુદુર્ગ તે ધન્વન દુર્ગ, વનદુર્ગ તે જ વાર્ક્ષદુર્ગ. ઐરિણ દુર્ગ એ પાંચમો પ્રકાર ઉમેરાયો છે. કામન્દકે શુક્રની જેમ દુર્ગોની સંજ્ઞા સ્પષ્ટ કરી નથી. તેમના મતે આવશ્યકતા પણ નથી કારણ કે આ બધા અભિધાન સ્વયંસ્પષ્ટ છે. જળથી સુરક્ષિત દુર્ગ તે ઔદક દુર્ગ. ત્યાં પહોંચવામાં શત્રુને આજુ-બાજુનો જળવિસ્તાર જ પ્રતિકૂળ બને. પહાડ પરનો

૧૩. એજન - ૪/૬/૩.
૧૪. એજન - ૪/૬/૩.
૧૫. એજન - ૪/૬/૪.
૧૬. એજન - ૪/૬/૪.
૧૭. એજન - ૪/૬/૫.
૧૮. એજન - ૪/૬/૫.
૧૯. કા.ની. - ૪/૫૫.
૨૦. એજન - ૪/૫૭.

દુર્ગ સુરક્ષિત રહી શકે તેથી પાર્વત દુર્ગ પ્રકાર ગણ્યો છે. ગીચ ઝાડીથી સુરક્ષિત દુર્ગ વાર્ક્ષ કે વન દુર્ગ છે. જળવિહીન સ્થળ પરનો દુર્ગ જો અનુર્વર ભૂમિથી ઘેરાયેલ હોય તો તે ઈરિણ પરથી ઐરિણ કહેવાય અન્યથા ધન્વન પરથી ધાન્વન સમજી શકાય. આ દષ્ટિએ કામન્દકે ઐરિણ અને ધાન્વન એમ જુદા-જુદા દુર્ગ પ્રકાર દર્શાવે છે. જયારે કૌટિલ્ય તે બન્નેના સ્થાને એક ધાન્વનને ગણીને કુલ ચાર દુર્ગ પ્રકાર દર્શાવે છે. અલબત્ત આ ચારેયને બે-બે પ્રકારો ગણીએ તો આઠ પ્રકારના દુર્ગ થાય છે.[૨૧] ચારેય દુર્ગ પ્રકારના બે-બે ભેદ આ પ્રમાણે છે. 'નદીથી ઘેરાયેલ ટાપુ અને તળાવ વગેરેથી ઘેરાયેલ એ બે પ્રકારનો ઔદક દુર્ગ. મોટા પથ્થરોથી બનેલ અને સ્વાભાવિક ગુફાથી વ્યાપ્ત તે બે પ્રકારનો પાર્વત. જળ અને ઘાસથી રહિત અને ઉષર ભૂમિમાં બનેલ બે પ્રકારનો ધાન્વન, ચારે બાજુએ કાદવથી ઘેરાયેલ અને કાંટાળી, ઝાડીઓથી ઘેરાયેલ તે બે પ્રકારનો વન દુર્ગ.[૨૨]

દુર્ગ પ્રકારો વિશે વિવિધ મતો પ્રવર્તે છે. મનુએ મનુસ્મૃતિમાં ધન્વદુર્ગ, મહીદુર્ગ, જલદુર્ગ, વૃક્ષદુર્ગ, નૃદુર્ગ અને ગિરિદુર્ગ એમ છ પ્રકારો દર્શાવ્યા છે.

''धन्वदुर्गं महीदुर्गमब्दुर्गं वार्क्षमेव वा ।
नृदुर्गं गिरिदुर्गं वा समाश्रित्य वसेत्पुरम् ॥''[૨૩]

મનુએ ગિરિદુર્ગને સર્વાધિક મહત્તા આપી છે. જેમ કે

''एषां हि बाहु गुण्येन गिरिदुर्गं विशिष्यते ।''[૨૪]

આ બધા દુર્ગોમાં ઉત્તમ ગુણોને લીધે ગિરિદુર્ગ સૌથી ચઢિયાતો (શ્રેષ્ઠ) છે. રાજાએ શકય હોય તો ગિરિદુર્ગ વચ્ચે જ નગર વસાવવું જોઇએ. રાવણે પણ ત્રણ ઊંચા શિખરવાળા પર્વતોની વચ્ચે લંકા નગરી વસાવી હતી કારણ કે શત્રુને ગિરિદુર્ગ પર ચઢવામાં પારાવાર મુશ્કેલી પડે છે.

મહાભારત મુજબ ધન્વ, મહી, ગિરિ, મનુષ્ય, મૃત્તિકા અને વનદુર્ગ એમ દુર્ગ છ પ્રકારના છે.[૨૫]

---

૨૧. કૌ. અર્થ. - ૨/૩/૧, ૨.
૨૨. કા.ની. - ૪/૪૭ પર ઉ.નિ. ટીકા.
૨૩. મનૂસ્મૃતિઃ - ૭/૭૦.
૨૪. એજન - ૭/૭૧.
૨૫. મહાભારતમ્ શાંતિ - ૮૬/૫.

## (૪) શ્રેષ્ઠ દુર્ગ :-

શુક્રે પારિખ દુર્ગથી શ્રેષ્ઠ એરિણ દુર્ગ, એરિણ દુર્ગથી શ્રેષ્ઠ પારિઘ દુર્ગ, એનાથી શ્રેષ્ઠ વનદુર્ગ, વનદુર્ગથી શ્રેષ્ઠ જલદુર્ગ, જલદુર્ગથી પણ શ્રેષ્ઠ ગિરિદુર્ગ માને છે. આમ બધા દુર્ગોમાં ગિરિદુર્ગની મહત્તા સ્વીકારે છે.

''परिखादैरिणं श्रेष्ठं पारिधं तु ततो वनम् ।
ततो धन्वजलं तस्माद्गिरिदुर्ग ततः स्मृतम् ॥''[२६]

મનુના મતે ધન્વદુર્ગમાં મૃગ, મહીદુર્ગમાં દર કરીને રહેતા ઉંદર, સાપ વગેરે અબ્દુર્ગ (જલદુર્ગ) માં જળચર, કાચબા, મગર વગેરે, વાર્ક્ષદુર્ગમાં વાંદરા, નૃદુર્ગમાં માનવો અને ગિરિદુર્ગમાં દેવોનો વાસ છે. આથી બધા દુર્ગોમાં 'ગિરિદુર્ગ' શ્રેષ્ઠ છે. 'एषा हि बाहु गुण्येन गिरिदुर्ग विशिष्टते ।'[२७]

## ❖ વિદ્વાનોના મતે શ્રેષ્ઠ દુર્ગ :-

શુક્રે બધા દુર્ગોમાં ગિરિદુર્ગની મહત્તા સ્વીકારી છે. પરંતુ શુક્રાચાર્ય પોતાના ગ્રંથમાં વિદ્વાનોનો મત ટાંકે છે.

''श्रेष्ठं तु सर्वदुर्गेभ्यः सेनादुर्गं स्मृतं बुधेः ।
तत्साधकानि चान्यानि तद्रक्षेन्नृपतिः सदा ॥''[२८]

વિદ્વાનોએ બધા દુર્ગોમાં સૈન્યદુર્ગને સર્વશ્રેષ્ઠ દુર્ગ માનેલ છે. તેથી રાજાએ બધી બાજુએથી સૈન્ય દુર્ગની રક્ષા કરવી જોઇએ કારણ કે બીજા બધા દુર્ગો તો એમના સાધન માત્ર છે. ઉપરાંત ''સૈન્યદુર્ગ તેમજ સહાયદુર્ગ બધા દુર્ગોનું આભૂષણ છે. એમને છોડીને બધા દુર્ગો રાજાને માટે નિષ્ફળ છે.''[૨૯]

## (૫) દુર્ગ - મહત્ત્વ :-

દુર્ગ રહિત રાજાના ક્ષેમકલ્યાણની કલ્પના ન જ થઇ શકે. તેથી શુક્રે દુર્ગોનું મહત્ત્વ દર્શાવતા જણાવ્યું છે કે – 'કિલ્લામાં હથિયાર બંધ એક સૈનિક (ધનુર્ધારી) બહારથી સેંકડો શત્રુઓ સાથે યુદ્ધ કરી શકે છે જે કિલ્લામાં સો હથિયારધારી

૨૬. શુક્રનીતિઃ – ૪/૬/૬.
૨૭. મનુસ્મૃતિઃ – ૭/૭૧.
૨૮. શુક્રનીતિઃ – ૪/૬/૮.
૨૯. सहायसैन्यदूर्गे तु सर्वदुर्गप्रसाधके
ताभ्यां विनान्यदुर्गाणि निष्फलानि महीभुजाम ॥ – શુક્રનીતિ – ૪/૬/૭.

સૈનિક હોય તો બહારથી હજારો સેના સાથે યુદ્ધ કરી શકે છે. તેથી રાજાએ કિલ્લાનો આશ્રય લેવો જોઇએ.'[૩૦] રાજાની જીત કેવા કિલ્લામાં આશ્રયે રહીને થાય છે તેના સંદર્ભમાં શુક્ર કહે છે કે –જે યુદ્ધ સહાયક સામગ્રીઓથી ભરેલ હોય છે. યુદ્ધમાં એમની જીત નિશ્ચિત રૂપથી થાય છે. જે કિલ્લો સહાયકયુક્ત હોય તે રાજાને માટે લાભદાયક છે.[૩૧]

કામન્દક દુર્ગના મહત્ત્વને સ્પષ્ટપણે પ્રતિપાદિત કરે છે – 'દુર્ગહીન રાજાની દશા ઝંઝાવતથી આમતેમ ફંગોળાતા વાદળના જેવી છે, નીતિવિદ પુરુષો મિત્ર અને દુર્ગને સમાશ્રય કહે છે. સમાશ્રયવિહીન રાજાનો ઉચ્છેદ સરળ બની જાય છે.[૩૨] દુર્ગના કારણે યુદ્ધમાં જાનમાલની હાનિ ઘણી ઓછી થાય છે. ઓછા સૈન્યથી પણ સુપેરે સામનો કરી શકાય છે. મનુનો મત છે કે ''દુર્ગોથી રક્ષિત એક ધનુર્ધારી સો યોદ્ધા સામે અને સો યોદ્ધાઓ દશ હજાર યોદ્ધાઓ સાથે લડી શકે છે. તેથી રાજાએ સ્વરાજયની રક્ષા માટે દુર્ગોનું આયોજન અવશ્ય કરવું જોઇએ.[૩૩] કામન્દકને મતે પણ દુર્ગસ્થિત રાજાને સ્વપક્ષ તેમજ પરપક્ષ ઉભય માન આપે છે. 'દુર્ગ એ તો વિજિગીષુની પ્રકૃતિ છે.''[૩૪] તેઓ દુર્ગની સત્ક્રિયાનો આગ્રહ સેવે છે.[૩૫] દુર્ગસ્થિત શત્રુને હરાવવા વિગૃહય યાનનો પ્રયોગ સૂચવ્યો છે.[૩૬] શત્રુના દુર્ગનું દૂત દ્વારા જ્ઞાન પ્રાપ્ત કરવા અંગે અને પોતાના દુર્ગની શત્રુદૂત માહિતી ન મેળવી જાય તેની સંભાળ રાખવા અંગે સજાગ રહેવા કહ્યું છે.[૩૭]

## (૬) ઉપસંહાર :-

શુક્રનીતિમાં થયેલ દુર્ગ નિરૂપણ દુર્ગના પ્રકારો, દુર્ગ લક્ષણ, આદર્શ દુર્ગ, દુર્ગના કર્મ, દુર્ગભેદોનો તારતમ્ય, મહત્ત્વ, વિદ્વાનોના મતે શ્રેષ્ઠ દુર્ગનો મત, સહાયદુર્ગ તથા સૈન્યદુર્ગની સાધનતાનો નિર્દેશ, સંકટ સમયમાં અન્ય દુર્ગોની ઉત્તમતાનો

---

૩૦. શુક્રનીતિઃ – ૪/૬/૧૧.
૩૧. એજન – ૪/૬/૧૨.
૩૨. ની. વા. અનુક્રમે – ૪/૫૬, ૮/૬૩, ૮/૬૨.
૩૩. મનુસ્મૃતિઃ – ૭/૭૪.
૩૪. કા.ની. – ૧૪/૩૦, ૮/૪.
૩૫. એજન – ૧૩/૧૯.
૩૬. એજન – ૧૧/૧૪.
૩૭. એજન – ૧૩/૨૩, ૧૩/૭.

નિર્દેશ તથા યુદ્ધ સહાયક સામગ્રીઓથી પરિપૂર્ણ દુર્ગ વગેરે ઉપર પ્રકાશ પાડે છે. પરંતુ વાસ્તુશાસ્ત્ર કે યુદ્ધના શાસ્ત્રીની દૃષ્ટિએ દુર્ગનું વિગતપૂર્ણ નિરૂપણ થયું નથી. કેવળ ૧૪ શ્લોકમાં થયેલ આ ચર્ચા સંક્ષિપ્ત અને પ્રાથમિક બની ગઇ છે. દુર્ગ સંબંધી ઘણી જીજ્ઞાસા અતૃપ્ત રહી જવા પામી છે. શુક્રે રાજયના બીજા અંગોની દૃષ્ટિએ દુર્ગ નિરૂપણ ટૂંકમાં નિરુપ્યું છે. આમ છતાં આ ટૂંકી ચર્ચા દુર્ગની મહતાને સ્પષ્ટ કરે છે. આજના યુગમાં જયારે દુર્ગનું મહત્ત્વ ઘટી ગયું છે ત્યારે પણ આ ચર્ચાના પાયામાં રહેલી બાબતો કોઇને કોઇ સ્વરૂપે ઉપયોગી બની રહે તેમ છે.

**॥ સમાપ્ત ॥**

## ❈ પ્રકરણ - ૧૫ ❈

### ❈ 'બલ-વિચાર' :-

ઉપપ્રકરણ : (૧૫-૧) બલ શબ્દનો અર્થ અને તેના પર્યાયો

(૧૫-૨) બલનું મહત્ત્વ

(૧૫-૩) સૈનિકની યોગ્યતા

(૧૫-૪) સેનાના પ્રકાર

(૧૫-૫) અસ્ત્ર-શસ્ત્રનો વિચાર

(૧૫-૬) સેનાપતિ અને તેના ગુણો

(૧૫-૭) સેનાપતિ અને નાયક

## ❑ બલ વિચાર :-

### ❖ પ્રસ્તાવના :-

માનવ-જાતિની શાંતિની ઝંખના સહરાના રણમાંની તરસ જેવી પ્રખર છે. પરંતુ કરુણ વાસ્તવિકતા અને વિડંબના એ છે કે કયાંય ભાગ્યે જ ચિર શાંતિ છે. જાણે કે યુદ્ધવિહીન સ્થિતિ કયારેય સાકાર નહીં થવા સર્જાયેલું એક સ્વપ્ન બની રહેલ છે. યુદ્ધ ટાળવાના પ્રયાસો ચાલે છે છતાં યુદ્ધ દૂર થતું નથી. પ્રાચીન ભારતીય સમાજ પણ આ બાબતમાં અપવાદ નથી. માનવનો સ્વભાવ જ કંઇક તેવો છે કે જેથી યુદ્ધ થયા કરે છે.

ભારતીય રાજનીતિશાસ્ત્રીઓ અને ધર્મશાસ્ત્રીઓ વીરતાને મહત્ત્વ આપે છે, રાજાને ચક્રવર્તી બનવા પ્રેરણા આપે છે. સામ્રાજય વિસ્તારનો આદર્શ પ્રસ્તુત કરે છે. અંકુરિત મહત્ત્વકાંક્ષા પરસ્પરના યુદ્ધાગ્નિને પ્રજવલિત રાખનારી આહુતિ બની જાય છે. યુદ્ધનો સામનો કરવા તેમજ યુદ્ધ કરવા પરાક્રમી, તાલીમી અને અસક્ત મનુષ્યોના સંગઠિત સમુદાયની અપેક્ષા રહે છે. આ સંગઠિત સમુદાય તે સૈન્ય-સૈન્ય યુદ્ધનું કારણ પણ છે અને પરિણામ પણ છે. યુદ્ધની વૃત્તિએ સંગઠિત સૈન્યને આવશ્યક બનાવી દીધું છે. સૈન્યની સહાયથી યુદ્ધમાં સફળતા મેળવી શકાય, યુદ્ધનો પ્રતિકાર કરી શકાય. અતિ સમૃદ્ધ સૈન્ય યુદ્ધને જન્મ આપે છે અને અટકાવે પણ છે.

ભારતીય વિચારકોએ યુદ્ધ તેમજ સૈન્યને પણ ચિંતનનો વિષય બનાવ્યો છે. યુદ્ધના કારણો, સૈન્યની મહત્તા વગેરેને સમજીને રાજયના સાત અંગોમાં સૈન્યને સ્થાન આપ્યું છે.

### (૧) બલ - અર્થ અને પર્યાય :-

આચાર્ય શુક્ર સૈન્ય સંબંધી વિચારધારામાં પોતાનો સૂર પુરાવે છે. પુરોગામીઓની જેમ તેઓએ સૈન્યને રાજયનું અંગ માન્યું છે. તેઓ સૈન્યને બદલે બળ શબ્દ બહુધા પ્રયોજે છે.[૧] પરંતુ કયારેક-કયારેક દંડ શબ્દ પણ પ્રયોજયો છે. આ ઉપરાંત સેના જેવા શબ્દો પણ પ્રચલિત હતા. બલ અને દંડ એ બન્ને સ્વયં સ્પષ્ટ છે, પરંતુ બળ શબ્દ શક્તિનો પર્યાય છે. રાજયના મહત્ત્વના

૧. શુક્રનીતિઃ.

અંગોમાં એમનું વિશિષ્ટ સ્થાન છે. ગ્રંથકારે તેના પ્રકારો દર્શાવ્યા પરંતુ વ્યાખ્યા આપી નથી. પરંતુ બલનું મહત્ત્વ એક રૂપક દ્વારા દર્શાવ્યું છે. તેમાં બળને મન સાથે સરખાવેલ છે. સૈન્યનું કાર્ય મન જેવું છે.[૨] આ ઉપરાંત ગ્રંથના પાંચમા અધ્યાયમાં રાજયને વૃક્ષનું રૂપક આપ્યું છે. આ વૃક્ષનું મૂળ તે રાજા, મંત્રીઓ તે થડ, સેનાપતિ-શાખા સૈન્ય પર્ણો અને પ્રજાએ પુષ્પો છે. ભૂભાગ એ ફળ છે અને ભૂમિ એ બીજ છે.[૩] ગ્રથકારે રાજયના સાત અંગોની સૂચિમાં સૈન્યને સાતમાં ક્રમે મૂકેલ છે.[૪] એનો અર્થ એ નથી કે તેનું મહત્ત્વ ન્યૂન છે.

બલની વ્યાખ્યા આપવાનું વલણ સોમદેવનું વિશેષ રહ્યું છે. તેમના મતે ધનનું દાન અને પ્રિય ભાષણ દ્વારા શત્રુનું નિવારણ કરી સ્વામીનું સર્વ અવસ્થામાં હિત કરે છે તે બલ છે.[૫] પરંતુ સોમદેવની આ વ્યાખ્યા પ્રતીતિકર અને સ્પષ્ટ નથી.

ભારતીય રાજનીતિશાસ્ત્રીઓ બલ કે દંડને સમુચિત મહત્ત્વ આપે છે, છતાં સપ્તાંગ રાજય નિરૂપણમાં તેનો ક્રમ લગભગ છેલ્લો છે. ક્રમ પ્રમાણે તેના પછી સુહ્યતનો ઉલ્લેખ થાય છે. સુહૃત (મિત્ર) એ એક રાજા જ હોય છે. આમ અન્ય અંગો પછી છેલ્લે બલની ગણતરી થયેલી છે. આથી અનુમાન કરી શકાય કે સુશાસન, આર્થિક સમૃદ્ધિનો તેઓ વિશેષા અગ્રતા આપે છેણ તેમનું માનસ યુદ્ધના મહત્ત્વથી ગ્રસ્ત નથી. એકાએક યુદ્ધની પરિસ્થિતિ નિર્માણ થાય તો અત્યંત શક્તિશાળી રાજાની સાથે સંધિનો ગ્રંથકાર નિર્દેશ કરે છે.[૬]

**(૨) બલ મહત્ત્વ :-**

બલ અથવા સૈન્ય શક્તિને પ્રાચીન કાળમાં રાજયનું એક અનિવાર્ય અંગ માનવામાં આવતું હતું. રાજયની સુરક્ષામાં તેમનું વિશેષ મહત્ત્વ હતું. મહાભારત, અર્થશાસ્ત્ર મનુસ્મૃતિ વગેરેમાં દંડ અથવા બલ કે સેનાનું વિસ્તારથી વર્ણન મળે છે. તે આચાર્યોએ બલને રાજયનાં તરીકે સ્વીકાર કર્યો છે. અર્થશાસ્ત્ર અનુસાર શક્તિશાળી સૈન્યવાળા રાજાના શત્રુ પણ મિત્રવત્ થઇ જાય છે. કૌટિલ્યએ બલને

૨. એજન - ૧/૬૨.
૩. એજન - ૫/૧૨.
૪. એજન - ૧/૬૧.
૫. નીતિવાકયામૃતમ્ - ૨૨/૧.
૬. શુક્રનીતિઃ - ૪/૭/૨૪૬, ૨૪૫.

શક્તિ માની તેમને મંત્રશક્તિ, પ્રભુશક્તિ અને ઉત્સાહશક્તિની અંતર્ગત સમાવિષ્ટ કરેલ છે.[૭] તે જ્ઞાનબલને મંત્રશક્તિ, કોષ અને દંડબળને પ્રભુશક્તિ અને વિક્રમબલને ઉત્સાહશક્તિ માને છે.[૮] કૌટિલ્યના મતાનુસાર તે ત્રણેય પ્રકારની શક્તિઓથી યુક્ત રાજા શ્રેષ્ઠ છે.[૯] મનુ વગેરેએ સૈન્ય શક્તિને રાજનૈતિક ચોકઠામાં માત્ર રાજકૃપા કે રાજાની ઇચ્છાનું સાધન નથી, તેમની સમાન જ રાજયનું અંગ માનેલ છે.

સેનાનું દાયિત્વ-જવાબદારી પણ રાજાની જેમ જ છે. રાજા તેમનો પ્રધાન છે, પરંતુ પ્રધાન સેનાપતિ બીજી વ્યક્તિ છે, જે રાજાની જેમ સમાજ સાથે જોડાયેલ છે. આ પ્રકારે સેના સમાજની જવાબદારી પ્રત્યે વધુ સાવધાન છે. શુક્રનીતિમાં પૂર્વવર્તી વિચારકોની જેમ સૈન્યબલને રાજશક્તિનો આધાર બતાવેલ છે. શુક્ર સેનાને રાજયની સાવયવ ઉપમામાં મનની સાથે સરખાવે છે.[૧૦] એનાથી એ સ્પષ્ટ થાય છે કે રાજા નીતિપૂર્વક સાવધાન રહી સેનાનો પ્રયોગ કરે. નહીતર જો તે ચંચલ મનની જેમ સ્વેચ્છાચારી થઇ જશે તો રાજયનું પતન ચોક્કસ થઇ જશે. શુક્રએ સેનાને વધારતા રહેવાની સલાહ આપી છે. તે કહે છે કે સેનાના અભાવમાં રાજય, ધન અને પરાક્રમ એ ત્રણેયનો ચોક્કસ નાશ થઇ જશે.[૧૧] શક્તિ બલ વિના લોકો સામાન્ય શત્રુને પણ જીતી શકતા નથી, કારણ કે દેવતા, દાનવ અને માનવ પણ બલ ન હોવાથી અન્ય સાધનોથી શત્રુઓને જીતવા માટેના પ્રયત્નો કરતાં રહે છે.[૧૨] શુક્રના મતાનુસાર શત્રુને પરાજિત કરવા માટે મનુષ્યનું એકમાત્ર બલ જ નિરંતર સમર્થ છે. તેથી શત્રુઓ માટે બલને રાજાએ હમેંશા ધારણ કરવો.[૧૩] ગ્રંથકાર બલનું મહત્ત્વ દર્શાવે છે કે – 'છ પ્રકારના બલ જેનામાં હોય તે સાક્ષાત વિષ્ણુનું સ્વરૂપ છે.[૧૪] તેનાથી સ્પષ્ટ થાય છે કે શુક્ર સેનાને

૭. કૌ. અર્થ. – ૨/૬/૪૦-૪૨.
૮. એજન – ૨/૬/૪૩, ૪૪, ૪૫.
૯. એજન – ૨/૬/૫૦.
૧૦. શુક્રનીતિઃ.
૧૧. सैन्याद्विना नैव राज्यं न धनं न पराक्रमः ।
બलिनो वशमाः सर्वे दुर्बलस्य च शत्रवः । – શુ.ની. ૪/૭/૪ – પૃ. ૭૫૪.
૧૨. એજન – ૪/૭/૬ – પૃ. ૭૫૫.
૧૩. એજન – ૪/૭/૭ – પૃ. ૭૫૫.
૧૪. એજન – ૪/૭/૫ – પૃ. ૭૫૪.

રાજયનું અત્યંત અનિવાર્ય ઘટક માને છે. તે સેનાપતિની જવાબદારી પણ રાજાની જેમ જ માને છે. જો રાજા સામાજિક જવાબદારીથી અલગ સેનાનો પ્રયોગ કરે તો સેના તેમના વધનો અધિકાર રાખે છે. આમ શુક્ર સમાજ – દાયિત્વ – સાપેક્ષ સેનાને રાજયનો આધાર માને છે.[૧૫]

## (૩) સૈનિકની યોગ્યતા :-

પ્રાચીન ભારતમાં આમ તો કોઇપણ માણસ અન્યથા યોગ્યતા ધરાવતો હોય તો સૈન્યમાં ભરતી થઇ શકતો એમ કહી શકાય. કોઇ એક ચોક્કસ વર્ણનો સૈન્ય પ્રવેશનો એકાધિકાર પ્રવર્તતો ન હતો. ચારેય વર્ણના લોકો સૈનિક બની શકતા. પ્રવર્તમાન સમયમાં પણ જાતિ કે વર્ણના સૈન્યમાં ભરતી થતી નથી. કોઇપણ જાતિ કે વર્ણના વ્યક્તિ સૈન્યમાં ભરતી થઇ શકે છે. તેમ છતાં ધર્મશાસ્ત્રવિહિત વર્ણધર્મ અનુસાર શસ્ત્ર ધારણ કરી આજીવિકા મેળવવી, પ્રાણીમાત્રનું રક્ષણ કરવું એ ક્ષત્રિયની વૃત્તિ છે. આચાર્ય શુક્રએ આમ તો સૈનિકની યોગ્યતા અંગેના નિર્દેશ કરતા કહે છે કે – જે વ્યક્તિ દેશ, સમય અને પાત્ર અનુસાર વ્યૂહરચનાના નિયમનો જાણકાર હોય, હથિયાર ચલાવવામાં હોશિયાર, સૈન્ય – વિન્યાસનો જાણકાર, દુશ્મનોને દાબ પર ચઢાવી નીચા દેખાડવાની કળામાં પ્રવીણ, લડકપન રહિત, ગબરુ જવાન, બહાદૂર, આત્મસંયમી, મજબૂત શરીરવાળા, પોતાના ધર્મમાં પ્રવૃત, સ્વામીભક્ત, સ્વામીના શત્રુઓનો દ્રોહી, શૂરવીર, ક્ષત્રિય, વૈશ્ય, વર્ણશંકર કે અધમ જાતિના કોઇપણ હોય તેને વિજયની કામનાવાળા રાજા પોતાની સૈનિક બનાવે.[૧૬] આ ઉપરાંત ક્ષત્રિયોના કર્તવ્ય સંદર્ભે ગ્રંથકાર નિર્દેશ કરે છે. સજ્જનોની રક્ષા, દુષ્ટોનો વિનાશ અને જીવિકા માટે કર ગ્રહણ કરવો આ ત્રણ કર્મ ક્ષત્રિયોના દર્શાવ્યા છે. શૂરવીરતા બતાવ્યા વિના જ ક્ષત્રિયનું મૃત્યુ અધર્મ છે, ઇતિહાસકાર જેની પ્રશંસા કરતાં નથી. યુદ્ધમાં શત્રુની સાથે લડતાં લડતાં મૃત્યુ એ ક્ષત્રિયોના

---

૧૫. सैन्याद्विना नैव राज्यं न धनं न पराक्रमः ।
बलिनो वशमाः सर्वे दुर्बलस्य च शत्रवः । – એજન – ૧ / ૧૭ – પૃ. ૭.

૧૬. नीतिशास्त्रव्यूहादिनतिविद्याविशारदाः ।
अबाला मध्यवयसः शूरा दान्ता दृढाङ्गकाः ॥
स्वधर्मनिरता नित्यं स्वामिभक्ता रिपुहवषः ।
शुद्रा वा क्षत्रिया वैश्या म्लेच्छा सङ्करसम्भवाः ।
सेनाधिपाः सैनिकाश्च कार्या राज्ञाः जयर्थिना ॥ – એજન – ૨ / ૧૩૭ – ૧૩૯ – પૃ. ૧૯૫.

પરમ કર્તવ્યોનો પણ નિર્દેશ કરે છે.[૧૭] તથા સૈનિક બહાદૂર, ડર્યા વિના પરાક્રમપૂર્વક સેનામાં આગળ રહી સ્વામીની જેમ યુદ્ધમાં મૃત્યુ પામે તેને સ્વર્ગ પ્રાપ્ત થાય છે.[૧૮] આમ અનેકવિધ ગ્રંથકાર સૈનિકની યોગ્યતાનો નિર્દેશ કરતા જણાય છે. જયારે કામન્દકના મતે સૈન્યમાં ક્ષત્રિય જાતિના પુરુષોની વિશેષ સંખ્યા હોય; શંકરાચાર્યે આનું કારણ આપ્યું છે કે આથી અન્ય વર્ણના સૈનિકોમાં ક્ષત્રિયોના સંપર્કને કારણે ઉત્સાહ વધે છે.[૧૯]

## (૪) સેનાના પ્રકાર :-

હથિયારધારી સૈનિકોને-પદાતિ, ગજારોહી, અશ્વારોહી અને રથારોહીને સેના કહે છે.[૨૦] સૈન્ય એ યોદ્ધાઓનું સંગઠન છે. પરંતુ સ્થળ, કાળ અનુસાર વાહનોનો ઉપયોગ કરી તેઓ સિદ્ધિને વધુ ક્ષિપ્ર બનાવે છે. આ દષ્ટિએ પ્રાચીન ભારતમાં રથ, હાથી, ઘોડાને યુદ્ધમાં ખૂબ ઉપયોગ થતો અને આથી સેનાને ચતુરંગિણી માની છે. હસ્તિબલ, અશ્વબલ, રથબલ અને પદાતિબલ એ ચાર પ્રકારના સૈન્યનો શુક્રએ પણ ઉલ્લેખ કર્યો છે.[૨૧]

શુક્રએ ગ્રંથના ચોથા અધ્યાયના સાતમાં પ્રકરણમાં સેના પ્રકાર, ગજાદિના લક્ષણો વગેરેની વિસ્તૃત ચર્ચા કરી છે. તદઅનુસાર શુક્રએ સેના બે પ્રકારની દર્શાવી છે. પદાતિ અને સવારીથી ચાલવાવાળી, આ બન્નેના દૈવી, દાનવી અને માનવી એમ ત્રણ પ્રકારો દર્શાવ્યા છે. આ ત્રણેયમાં માનવીથી દાનવી, દાનવીથી દૈવીસેના વધુ શક્તિશાળી છે. જે સ્વયં ગમન કરવાવાળી, સેનાને સ્વગમા અને બીજા દ્વારા ગમન કરવાવાળી સેના અન્યગમા છે. અન્યગમાસેના હાથી, ઘોડા અને રથબલ હોવાને કારણે ત્રણ પ્રકારની છે.[૨૨]

સૈન્યશક્તિ પણ બે પ્રકારની બતાવી છે. પોતાનુ સૈન્યબલ અને મિત્રોનું સૈન્યબલ જેમાં પ્રત્યેક પ્રશિક્ષણ રહિત અને પ્રશિક્ષણ પ્રાપ્ત તથા અશ્વરોહી, ગજારોહી, રથારોહી અને પદાતિના રૂપમાં વિભક્ત સેનાને અગુલ્મક કે સર્વસંમિલિત

---

૧૭. એજન - ૪/૩/૧૭ - પૃ. ૫૧૯, ૪/૭/૩૦૫ થી ૩૦૮ - પૃ. ૮૬૧.
૧૮. એજન - ૪/૭/૩૧૦ - પૃ. ૮૬૨.
૧૯. કા.ની. - ૪/૬૫ અને તે પર જ.મ. ટીકા.
૧૫. सेना शस्त्रास्त्रसंयुक्तमनुष्यादिगणात्मिका । - શુ.ની. ૪/૭/૧ - પૃ. ૭૫૩.
૨૧. એજન - ૪/૭/૧, ૨૬૯.
૨૨. એજન - ૪/૭/૨। ૩.

સેના કહેલ છે. પોતાની સવારીવાળી સેના તથા બીજા દ્વારા અપાયેલી સવારીવાળી સેનાના પ્રકારોથી બે પ્રકારની છે.[૨૩] તથા મિત્રતાવશ યુદ્ધમાં સાથ આપવાવાળી સેનાને 'મિત્રસેના' કહે છે. પગાર ઉપર રહેવાવાળી સેના સ્વીય કે નિજી છે. આ રીતે ઘણા વર્ષોથી નિયુકત સેનાને 'મૌલસેના' તથા તત્કાળ નિયુક્તિ સેનાને 'સાદ્યસ્ક સેના' કહે છે.[૨૪] સારી રીતે યુદ્ધ માટે તૈયાર સેનાને 'સાર' અને તેનાથી ભિન્ન 'અસાર' તથા વ્યૂહરચનામાં પ્રવિણ સેનાને 'શિક્ષિત' તેનાથી ભિન્ન 'અશિક્ષિત સેના' કહે છે.[૨૫] સેનાપતિ સાથે રહેવાવાળી સેનાને 'ગુલ્મીભૂત' અને સેનાપતિ વિના સ્વતંત્ર રુપથી લડવાવાળી સેનાને 'અગુલ્મીભૂત' કહે છે. એજ પ્રમાણે સ્વામીએ જેને હથિયાર આપેલ હોય તે સેના 'દત્તાસ્તાદિ' અને પોતાના હથિયારથી લડવાવાળી સેનાને 'સ્વશસ્ત્રાસ્ત્ર' કહે છે.[૨૬]

ગ્રંથકાર શત્રુબલનો નિર્દેશ કરે છે.[૨૭] તદ્અનુસાર જેમાં શત્રુ દ્વારા કાઢી મુકાયેલા સૈનિકોને પગાર આપી પોતાની સેનામાં સામેલ કરેલ હોય અથવા શત્રુસેનાને ભેદનીતિથી પોતાને આધીન કરી લીધી હોય તેને 'શત્રુબલ' કહે છે. આ બન્ને સેના દુર્બળ અર્થાત્ અવિશ્વસનીય છે તેમના ઉપર વિશ્વાસ રાખી યુદ્ધ સંચાલન કરી શકાતુ નથી.

'બલ' શબ્દ શક્તિનો પર્યાય છે. શુક્રનીતિમાં બલને રાજયના અંગોમાં પ્રમુખ માનેલ છે. ગ્રંથકાર તેના છ પ્રકારનો નિર્દેશ કરે છે.[૨૮] શારીરિકબલ, શૌર્યબલ, સૈન્યબલ, અસ્ત્રબલ, બુદ્ધિબલ અને આયુબલ. બલ વિના રાજયનો નિર્વાહ અશકય છે. આગળ દર્શાવ્યા પ્રમાણે અર્થશાસ્ત્રમાં[૨૯] મંત્રશકિત, પ્રભુશક્તિ અને ઉત્સાહશક્તિમાં બધા બલોનો અંતર્ભાવ થયેલો બતાવેલ છે. શુક્રનીતિમાં બલ (શક્તિ) ને કેવી રીતે વધારવું તેના નિર્દેશો મળે છે.[૩૦] મલ્લયુદ્ધમાં કુશળ શક્તિશાળી સાથે કુસ્તી લડાવી, વ્યાયામ કરવી તેમજ ગુરુજનોને

૨૩. એજન - ૪/૭/૯ - પૃ.
૨૪. એજન - ૪/૭/૧૦ - પૃ.
૨૫. એજન - ૪/૭/૧૧ - પૃ.
૨૬. એજન - ૪/૭/૧૨ - પૃ.
૨૭. એજન - ૪/૭/૧૪ - પૃ.
૨૮. એજન - ૪/૭/૫ - પૃ.
૨૯. કૌ. અર્થ. - ૨/૬-૪૦ થી ૪૨.
૩૦. શુ.ની. - ૪/૭/૧૫-૧૮ - પૃ.

પ્રણામ કરાવી, પૌષ્ટિક આહાર આપી બાહુયુદ્ધને માટે સૈનિકોના શારીરિક દૈહિક બલને વધારવું, વાઘ આદિ હિંસક જંતુઓના શિકાર, હથિયાર ચલાવવાનો અભ્યાસ તેમજ સૈનિકોને યોગ્ય પગાર આપી સૈન્યબલને, તપસ્યા અને અભ્યાસ દ્વારા દિવ્યાસ્ત્રોનો પ્રયોગ કરી 'અસ્ત્રબલ આયુધબલ' વધારવું. શાસ્ત્ર અને ચતુર લોકોના સંગ દ્વારા 'બુદ્ધિબલ' વધારવું અને રાજાએ પોતાના સત્કર્મથી રાજયને પોતાના સંતાનમાં ચિરસ્થાયી કરવાનાં પ્રયત્નને 'આર્યુબલ' કહે છે. કારણ કે તેમના વંશમાં જયાં સુધી રાજય રહે છે ત્યાં સુધી તે જીવિત રહે છે.

શુક્ર એ હસ્તિબલ, અશ્વબલ, રથબલ અને પદાતિના કર્મ, ઉપયોગિતા વગેરેની વિગતે ચર્ચા કરી નથી. પરંતુ હાથી, અશ્વ, ઊંટ, બળદ, રથ વગેરેના શુભ લક્ષણ-અશુભ લક્ષણ, જાતિ આદિની ચર્ચા ગ્રંથના ચોથા અધ્યાયના સાતમાં પ્રકરણમાં ખૂબ વિસ્તારથી કરી છે.

શુક્ર હાથીના લક્ષણોનો નિર્દેશ કરે છે.[૩૧] - કે લીલા તાલુ અને જીભવાળા, વાંકા દાંત વાળા કે દાંત વિનાના, ક્રોધી, અનિયમિત ધીમા ચાલવાવાળા, પીઠ હલાવવાવાળા, અઢારથી ઓછા નખવાળા, ધીમી ગતિએ ચાલવાવાળા, જમીન સુધી લટકાત પૂંછડાવાળા, હાથી અનિષ્ટ ફળ દેવાવાળા હોય છે. ઉપર વર્ણિત લક્ષણોથી ભિન્ન લક્ષણવાળા હાથી શુભ ફળ દેવાવાળા હોય છે. ગ્રંથકારે હાથીના ભદ્ર, મંદ્ર, મૃત અને મિશ્ર એ ચાર પ્રજાતિઓ દર્શાવી છે.[૩૨] તેમાં શરદ અથવા દૂધની જેમ કાંતિથી યુકત દાંતોવાળા, બળવાન, સરખા અંગોવાળા, ગોળ આકારવાળા, સુંદર મુખવાળા, ઉત્કૃષ્ટ શરીર અવયવોવાળા હાથીને 'ભદ્રગજ' કહે છે.[૩૩] લાંબુ પેટ, સિંહના જેવી આંખો, ગળુ અને સૂંઢ લાંબી, શરીરના અંગો સાધારણ અને જેનો દેહ વિશાળ હોય તેવા હાથીને 'મન્દ્રગજ' કહે છે.[૩૪] જેમની ડોક, દાંત, કાન અને સૂંઢ પાતળી હોય, આંખો બેડોળ, ઓઠ અને લિંગ ઘણા નાના તથા શરીર પણ નાનું હોય તેને 'મૃગગજ' કહે છે.[૩૫] ઉપર્યુકત કેટલાક

૩૧. એજન - ૪/૭/૩૧,૩૨ - પૃ. ૭૬૪.
૩૨. એજન - ૪/૭/૩૩ - પૃ. ૭૬૫.
૩૩. એજન - ૪/૭/૩૪ - પૃ. ૭૬૫.
૩૪. એજન - ૪/૭/૩૪ - પૃ. ૭૬૫.
૩૫. એજન - ૪/૭/૩૬ - પૃ. ૭૬૬.

લક્ષણો જેમાં મળે તેને 'મિશ્રગજ' કહે છે.[૩૬] શુક્ર હાથીના માપના પ્રમાણ સંદર્ભમાં સ્પષ્ટતા કરે છે.[૩૭] હાથીના માપ માટે આઠ યવનની એક અંકુલ અને ચૌવીસ અંકુલનો એક હાથ વિદ્ધાનોએ માન્યો છે. ભદ્રગજની ઊંચાઇ સાત હાથ, લંબાઇ આઠ હાથ અને પેટનો વિસ્તાર દસ હાથ હોય છે. મંદ્ર અને મૃગગજની ઉંચાઇનું પ્રમાણ ભદ્રગજથી ક્રમશઃ એક એક હાથ નાનું હોય છે. પરંતુ મુનિઓએ ભદ્ર અને મંદ્રગજની લંબાઇ એકસરખી બતાવી છે અને ઉત્તમ હાથી અંગે શુક્રનો મત છે કે – જે હાથીનું મુખ, કપાળ તથા માથું વિશાળ હોય, જેમની ચાલવાની ગતિ ઝડપી હોય, જેમાં સર્વે શુભ લક્ષણો હોય તે હાથીઓમાં સર્વશ્રેષ્ઠ હાથી છે.[૩૮]

શુક્ર એ હાથીના કર્મોનો નિર્દેશ કર્યો નથી પરંતુ કામન્દક હાથીના કર્મો દર્શાવે છે,[૩૯] કે – યુદ્ધની યાત્રામાં આગળ રહેવું, વન અને દુર્ગમ પ્રદેશોમાં પ્રવેશ, માર્ગ તૈયાર કરવા, જળાશયોને પાર કરવા અવલંબન બનવું, શત્રુ સૈન્યનો પરાજય કરવો, તેમાં ભંગાણ પાડવું, સ્વસેનામાંના સંભવિત ભંગાણને સાધવું, શત્રુ તરફના ભયનો નાશ કરવો, કિલ્લાના દરવાજા તોડવા, યુદ્ધભૂમિમાં કોશનું વહન અને રક્ષણ કરવું આ બધા હાથીનાં કર્મો છે.

પ્રાચીન સમયમાં અશ્વબલની અપેક્ષા કરી નથી, જયાં હસ્તિસૈન્ય દ્વારા પર્યાપ્ત સિદ્ધિ શકય નથી. ત્યાં અશ્વબલ ઉપયોગી બને છે. હાથીની કેટલીક મર્યાદા પણ છે. તે ઘોડા જેવું ચપળ અને ઝડપી પ્રાણી નથી. સોમદેવે અશ્વબલને સૈન્યનો જંગમ પ્રકાર કહ્યો છે, તેમના મતે – જેનું અશ્વબલ પ્રધાન છે, તે રાજા પર લક્ષ્મી પ્રસન્ન થાય છે, દૂર રહેતા શત્રુ પણ તેમનાં હાથમાં આવી ગયેલા માનવાં.[૪૦]

શુક્ર એ અશ્વબલની મહત્તા સમજી શુક્રનીતિમાં અશ્વના લક્ષણાદિની વિસ્તૃત ચર્ચા કરી છે.[૪૧] તદ્અનુસાર શ્રેષ્ઠ અશ્વનું લક્ષણ, ઉત્તમ, મધ્યમ અને અધમ અશ્વના લક્ષણ તથા તેના અવયવોનું માપ, અશ્વની ઊંચાઇ અને લંબાઇના

૩૬. એજન – ૪/૭/૩૭ – પૃ. ૭૬૬.
૩૭. એજન – ૪/૭/૩૮–૪૦ – પૃ. ૭૬૬–૬૭.
૩૮. એજન – ૪/૭/૪૧ – પૃ. ૭૬૭.
૩૯. કા.ની. – ૨૦/૧–૩ – પૃ. ૭૪૧.
૪૦. નીતિવાકયામૃતમ્ – ૨૨/૭,૮.
૪૧. શુક્રનીતિઃ – ૪/૭/૪૨ થી ૧૪૯ – પૃ. ૭૬૭–૮૦૬.

પ્રમાણ, ઉત્તમ ઘોડાના અન્ય લક્ષણ, ભ્રમ-ભ્રકૂટિના પ્રકાર, તેના શુભ લક્ષણ, પૂર્ણહર્ષ, સૂર્યસંજ્ઞાક, યશોવર્દ્ધક, સર્વસંજ્ઞક, શિવસંજ્ઞક, ક્રૂરસંજ્ઞક, ઇન્દ્રસંજ્ઞક, વિજયસંજ્ઞક, પદ્મસંજ્ઞક, ભૂપાલસંજ્ઞક, ચિંતામણિસંજ્ઞક, શુલ્કસંજ્ઞક, અનિષ્ટકારક, ધૂમકેતુસંજ્ઞક, કૃતાંતસંજ્ઞક, એકશૃંગી અને એકરશ્મિ, કીલોત્પાટી, પંચકલ્યાણ, અષ્ટમંગલ, શ્યામવર્ણ અને જયમંગલઘોડાના લક્ષણ અને ફળ ઘોડાના શિક્ષણના લક્ષણ, સુશિક્ષકના કર્તવ્યો, ઉત્તમ અને હીન ઘોડાની ગતિનું પ્રમાણ, ઋતુ-ભેદ દ્વારા અશ્વ તાલીમના સમયમાં ભેદ, વર્ષાઋતુમાં અને વિષમભૂમિમાં ઘોડાને ચલાવવાનો નિષેધ, ઉત્તમ ગતિવાળા ઘોડાનું ફળ, આહાર ખોરાક ખવડાવવા પછી તરત ઘોડા પર સવારીનો નિષેધ, ઘોડાને માટે ઉત્તમ, મધ્યમ અને અધમ ભોજન, ઘોડાની છ પ્રકારની ગતિ - ધારા, આસ્કન્દિત, રેચિત, પ્લુત, ધૌરીતક અને વલ્ગિત તેના લક્ષણો વગેરે.......

શુક્રનીતિમાં અશ્વબળના કર્મોનો ઉલ્લેખ નથી. કા.ની. માં કામન્દકે અશ્વબળના કર્મો વર્ણવ્યા છે.[૪૨] - જંગલમાં માર્ગ શોધવા, વીવધ અને આચારની રક્ષા કરવી, નાસી જતાં શત્રુસૈન્યનું અનુસરણ કરવું, સંકટ સમયે ઝડપથી નાસી જવું, સંકટગ્રસ્ત સૈન્યની સહાય કરવી, શત્રુ સૈન્યના કોટિ અને જઘનભાગનો નાશ કરવો એ અશ્વબલનાં કર્મો છે. તથા અશ્વબલને યોગ્યભૂમિનો પણ સંકેત કરેલો છે, જેમ કે - જયાં વૃક્ષો અને પથરાઓ થોડા હોય, ઝડપથી ચાલી શકાય તેવી, ખાડા વિનાની કઠણ અને દઢ કાંકરા-કાદવ વિનાની અને અપસરણના માર્ગવાળી ભૂમિ અશ્વબલ માટે યોગ્ય ગણી છે.[૪૩]

ચઢાઇના સમયે સામાનનું વહન કરવા મહત્ત્વની ભૂમિકા ભજવનાર ઊંટો અને બળદોનો પણ ગ્રંથકાર નિર્દેશ કરે છે. તદઅનુસાર - બળદ અને ઊંટના લક્ષણ, બળદ અને ઊંટની ઉંમરના પ્રમાણમાં દાંતથી બળદ અને ઘોડાની ઉંમરની જાણકારી, દાંતો દ્વારા બળદ અને ઊંટની ઉંમરની પરીક્ષા, બળદ વગેરેના નિવાસની સુરક્ષિત વ્યવસ્થા વગેરે પણ ગ્રંથમાં ચર્ચા કરાયેલી છે.[૪૪] સામાન વહન કરવાના સંદર્ભમાં પણ ગ્રંથકાર સ્પષ્ટ કહે છે કે - સર્વપ્રથમ હાથી, બળદ અને ઘોડા

---

૪૨. કા.ની. - ૨૦/૬,૫ - પૃ. ૪૪૨.

૪૩. એજન - ૨૦/૧૧ - પૃ. ૪૪૫.

૪૫. શુ.ની. - ૪/૭/૧૫૦ થી ૧૭૬ - પૃ. ૮૦૬-૧૫.

સામાન વહન કરવામાં ઉત્તમ છે. વર્ષાઋતુ સિવાય બધી ઋતુઓમાં બળદગાડી ઉત્તમ છે.[૪૫]

શુક્ર તેમના પુરોગામઓની જેમ રથબલને પણ મહત્ત્વ આપે છે. અલબત સમય જતાં સૈન્યમાં રથોનો ઉપયોગ ઘટતો ગયો છે. 'હર્ષચરિત'માં હર્ષના સૈન્યમાં રથબલનો ઉલ્લેખ નથી, પુલકેશી બીજાના સૈન્યમાં પણ રથબલનો ઉલ્લેખ નથી.[૪૬] આથી તે પહેલા શુક્રના સમયમાં રથબલનું મહત્ત્વ ઘટી ગયું હશે તો પણ પરંપરાને અનુસરીને તેના થોડા સંકેતો કર્યા જણાય છે. ગ્રંથમાં રથબલની વિગતે ચર્ચા નથી. માત્ર રાજકીય રથનું વર્ણન મળે છે. તદઅનુસાર - ઉત્કૃષ્ટ લોખંડથી બનેલ, સરળતાથી ફરવાવાળા ચક્રોવાળો, આરામદાયક પલંગની જેમ બેસવાની જગ્યાવાળો કમાનવાળા, જેના આગળના ભાગમાં સારથીને બેસવાની જગ્યા હોય, અંદરના ભાગમાં હથિયારો ભરેલા હોય સારા ઘોડા જોતરેલા હોય આવો સુંદર રથ રાજાએ પોતાની પાસે રાખવો જોઇએ.[૪૭]

રથબલના કાર્ય અને રથ યોગ્ય ભૂમિ અંગે કામન્દક કહે છે.[૪૮] - શત્રુના સૈન્યને આગળ વધતું અટકાવવું, પોતાના સૈન્યનું રક્ષણ કરવું, શત્રુ સૈન્યમાં ભંગાણ પાડવું, પોતાના સૈન્યમાં પડેલ ભંગાણને સાંધવું એ રથબલના કાર્ય છે અને વૃક્ષો, રેતી અને કાદવ વિનાની રાફડા અને પથ્થરો વિનાની સપાટી તેમજ કયારાઓ, વેલો, બખોલા, ઝાડી વિનાની, ખાડા ટેકરા અને ફાટ વિનાની અશ્વ વગેરે ચાલી શકે તેવી સખત અને રથના પૈંડા સહન કરી શકે તેવી સ્થિર ભૂમિ હોવી જોઇએ.

**(૫) અસ્ત્ર-શસ્ત્ર વિચાર :-**

સૈન્ય એ યૌદ્ધાઓનું સંગઠન છે. પરંતુ સ્થળ, કાળ અનુસાર અસ્ત્ર-શસ્ત્રોનો ઉપયોગ કરી તેઓ સિદ્ધિને વધુ ક્ષિપ્ર બનાવે છે. આ દષ્ટિએ પ્રાચીન ભારતમાં અસ્ત્ર-શસ્ત્રનો ખૂબ ઉપયોગ થતો અને સેનામાં તેનું ઘણું મહત્ત્વ હતું. પ્રવર્તમાન સમયમાં પણ વિવિધ પ્રકારના શસ્ત્રોનો યુદ્ધમાં ઉપયોગ થાય છે. યુદ્ધભૂમિમાં યૌદ્ધો ગમે તે દળનો હોય તે આયુધ ધારણ કરી શત્રુ પર આક્રમણ કરે છે. આમ શસ્ત્ર-શસ્ત્રના મહત્ત્વને સમજી શુક્રે તેનો વિચાર કર્યો છે.

---

૪૫. એજન - ૪/૭/૧૭૮ - પૃ. ૮૧૬.

૪૬. Nikshitar V. R. R., "War in Ancient India" - P. 165.

૪૭. શુ.ની. - ૪/૭/૨૯-૩૦ - પૃ. ૭૬૩.

૪૮. કા.ની. - ૨૦/૫, ૨૦/૧૨, ૧૩ - પૃ. ૪૪૨ અને ૪૪૫-૪૬.

શુક્ર અસ્ત્ર અને શસ્ત્રના લક્ષણ અને ભેદનો સ્પષ્ટ નિર્દેશ કરે છે કે - મંત્ર, યંત્ર કે અગ્નિ દ્વારા જે હથિયાર ફેંકીને ચલાવાય તેને 'અસ્ત્ર' અને તેનાથી વિરુદ્ધ જેને હાથમાં પકડી પ્રહાર કરવામાં આવે તેને 'શસ્ત્ર' કહે છે.[૪૯] તેવા અસ્ત્ર બે પ્રકારના છે, તોપ કે બંદૂક અને મંત્ર દ્વારા ચલાવાતા આયુધ.[૫૦] વિજિગીષુ રાજાને માટે માંત્રિક હથિયારના અભાવમાં નાલિકા-આગ્નેયાસ્ત્રને ધારણ કરવા.[૫૧] નાલિકના બે પ્રકાર દર્શાવ્યા છે.

नालिकं द्विविधं ज्ञेयं बृहत्क्षुद्रविभेदतः ।[५२]

લઘુ-નાના નાલિકનું લક્ષણ શુક્ર આપે છે કે -

तिर्थ्यमूद्ध्र्वच्छिद्रमूलं नालं पच्चवितस्तिकम् ।
मूलाग्रयोर्ल्सक्ष्यभेदितिलविन्दुयुतं सदा ॥
यन्त्राधाताग्निकृद् ग्रावचूर्णधृक्कार्णमूलकम् ।
सुकाष्ठोपाङ्गबुध्नच्च मध्याङ्गलविलान्तरम् ।
स्वान्तेऽग्नि चूर्णसन्धात् शालाकासंयुतं द्रढम् ।
लघुनालिकमप्येतत् प्रधार्च्य पतिसादिभिः ॥[५३]

તથા બૃહન્-નાલિકાનું લક્ષણ આપે છે કે -

यथा यथा तु त्वक्सारं यथा स्थूलबिलान्तरम् ।
यथा दीर्घ बृहद्गोलं दूरभेदि तथा तथा ॥
मुलकील भ्रमाल्लक्ष्यसमसन्धानभाजि यत् ।
बृहन्नालिकसंज्ञं तत् काष्ठबुध्नविनिनिर्मतम् ।
प्रवाह्यं शकटाधैस्तु सुयुक्तं विजय प्रदम् ॥[५४]

બૃહન્નાલિકનો યોગ્ય રીતે પ્રયોગ કરવામાં આવે તો યુદ્ધમાં ચોક્કસ રીતે વિજયની પ્રાપ્તિ થાય છે.

---

૪૯. अस्यते क्षिप्यते यत्तु मन्त्रयन्त्राग्निभिश्च तत् ।
अस्त्रं तदन्यतः शस्त्रमसिकुन्तादिकच्च यत् ॥ - શુ.ની. - ૪/૭/૧૯૧ - પૃ. ૮૨૧.

૫૦. अस्त्रन्तु द्विविधं ज्ञेयं नालिकं मान्त्रिकं तथा ॥ - શુ.ની. - ૪/૭/૧૯૨ - પૃ. ૮૨૧.

૫૧. શુ.ની. - ૪/૭/૧૯૩ - પૃ. ૮૨૨.

૫૨. એજન - ૪/૭/૧૯૪ - પૃ. ૮૨૨.

૫૩. એજન - ૪/૭/૧૯૬-૧૯૮ - પૃ. ૮૨૩.

૫૪. એજન - ૪/૭/૧૯૯-૨૦૦ - પૃ. ૮૨૪.

આ ઉપરાંત ગ્રંથકારે દારૂ બનાવવાના પ્રકાર[૫૫], ગોળા બનાવવાના પ્રકાર[૫૬], તોપના ગોળાને લક્ષ્ય પર ફેંકવાની રીત[૫૭], બાણનું લક્ષણ[૫૮], ગદા અને પટ્ટિશના લક્ષણ[૫૯], તલવારનું લક્ષણ [૬૦], ખડગ અને ભાલાના લક્ષણ[૬૧], ચક્ર અને પાશના લક્ષણ[૬૨], કવચ અને ટોપના લક્ષણ[૬૩] અને કરજના લક્ષણ[૬૪] વગેરેની વિગતે ચર્ચા કરી છે.

**(૬) સેનાપતિ અને તેના ગુણો :-**

રાજાએ જેટલું લક્ષ્ય સૈન્ય રચતા પરત્વે આપવું ઘટે તેથી વધુ લક્ષ્ય સેનાપતિની નિયુક્તિ અને તેની ગતિવિધિ પર આપવું ઘટે. શુક્રનીતિમાં તેનો વિચારો રજૂ થયેલ છે. સેનાને ધ્વજિની પણ શુક્રનીતિમાં કહેલ છે. [૬૫] તો વળી કામન્દકે તો ધ્વજિનીપતિ એ સેનાપતિના પર્યાય તરીકે પ્રયોગ કર્યો છે. [૬૬] સેનાપતિની વ્યાખ્યા આપતાં શુક્ર કહે છે કે – જે પહેરેદારોને કામ કરવાનો આદેશ આપે અને તેમના આદેશાનુસાર સૈનિક કાર્ય કરે તેને સેનાપતિ કહેવાય છે. [૬૭]

સેનાપતિ કેટલાક ગુણો ધરાવતો હોવો જોઇએ એવી અપેક્ષા ઉચિત છે. શુક્રનીતિમાં પણ આવા અપેક્ષિત ગુણો દર્શાવ્યા છે. [૬૮] જે વ્યક્તિ દેશ, સમય અને પાત્ર અનુસાર વ્યૂહરચનાના નિયમોનો જાણકાર હોય, આ યુદ્ધ ચલાવવામાં હોશિયાર, સૈન્ય-વિન્યાસનો જાણકાર, શત્રુને દાવ પર ચડાવી નીચા દેખાડવાની કળામાં હોશિયાર, લડકપન રહિત, જવાન, બહાદૂર, આત્મસંયમી, મજબૂત શરીરવાળા, પોતાના ધર્મમાં પ્રવૃત, સ્વામી ભક્ત, સ્વામીના શત્રુનો દ્રોહી, શૂરવીર,

૫૫. એજન – ૪/૭/૨૦૧-૨૦૩, ૨૦૬-૨૦૮ – પૃ. ૮૨૫-૮૨૭.
૫૬. એજન – ૪/૭/૨૦૪-૨૦૫ – પૃ. ૮૨૬.
૫૭. એજન – ૪/૭/૨૦૯ – પૃ. ૮૨૭.
૫૮. એજન – ૪/૭/૨૧૨ – પૃ. ૮૨૮.
૫૯. એજન – ૪/૭/૨૧૩ – પૃ. ૮૨૮.
૬૦. એજન – ૪/૭/૨૧૪ – પૃ. ૮૨૯.
૬૧. એજન – ૪/૭/૨૧૫ – પૃ. ૮૨૯.
૬૨. એજન – ૪/૭/૨૧૬ – પૃ. ૮૩૦.
૬૩. એજન – ૪/૭/૨૧૭ – પૃ. ૮૩૦.
૬૪. એજન – ૪/૭/૨૧૮ – પૃ. ૮૩૦.
૬૫. શુ.ની. ૪/૭/૨૬૩ – પૃ.
૬૬. કા.ની. – ૧૯/૪૩ – પૃ.
૬૭. निदेशयति कार्य्याणि सेनानीर्यामिकाश्च सः । – શુ.ની. ૨/૧૪૫ – પૃ. ૧૯૭
૬૮. શુ.ની. ૨/૩૩૭-૩૩૯ – પૃ.

ક્ષત્રિય, વૈશ્ય, વર્ણશંકર કે અધમ જાતિના કોઇ પણ હોય તેને વિજિગીષુ રાજા પોતાનો સેનાપતિ બનાવે.

આ ઉપરાંત ગ્રંથકારે બીજા પણ અધ્યક્ષોની ચર્ચા કરી છે. તદઅનુસાર પાંચ કે છ પધાતિ સૈનિકોનો જે અધ્યક્ષ હોય તેને 'પદાતિપતિ', ત્રીસ સૈનિકોના અધિપતિ 'ગોલ્મિક', સો સૈનિકોના નાયકને 'શતાનીક' કહે છે. એક હજાર સૈનિકોના નાયકને 'સાહસ્ત્રિક' અને દશ હજાર સૈનિકોના અધિપતિને 'આયુનિક' ના પદ પર નિયુક્તિ કરવા એવો ગ્રંથકાર નિર્દેશ કરે છે અને જે વ્યક્તિ સવાર સાંજ સૈનિકોને યુદ્ધ સમય સેના માટે અભ્યાસ કરાવતો હોય અને સારી રીતે યુદ્ધ માટેના રણમેદાનનું જ્ઞાન રાખતો હોય તેને 'શતાનીક'[૭૦] અને જે 'શતાનીક' ની મદદ કરવાવાળો અને યુદ્ધ ઉપયોગી સામગ્રીઓની તેમજ કાર્યક્ષમ સૈનિકોની યોગ્ય જાણકારી રાખતો હોય તેને 'અનુશાતિક' કહે છે.[૭૧] જે પહેરેદારોના કાર્યોની સતર્કતાનું અવલોકન કરે તે 'ગુલ્મપ' છે. તથા વીસ હાથીઓ અને વીસ ઘોડાના અધ્યક્ષને 'નાયક' કહે છે.[૭૨] ગુપ્તચરની બાબતમાં પણ સંકેત કરાયેલો છે - જે શત્રુ, સામાન્ય પ્રજા તેમજ રાજસેવકોના આચરણોને જાણવામાં કુશળ અને તથ્યપૂર્ણ વાતોને સાંભળી તેને વ્યવસ્થિત રીતથી બતાવવાવાળો હોય તેને 'ગુપ્તચર' ના પદ પર નિયુક્ત કરવો જોઇએ.[૭૩]

ગ્રંથકાર સેનાપતિના વર્ણ-જાતિના સંદર્ભે સ્પષ્ટતા કરે છે કે - સેનાધ્યક્ષના પદ પર ક્ષત્રિય તથા ક્ષત્રિયના અભાવમાં બ્રાહ્મણની નિયુક્તિ કરવી.[૭૪] તથા વૈશ્ય, શુદ્ર કે કાયરને સેનાપતિના પદ પર કયારેય નિયુક્તિ કરવી નહીં પરંતુ બધી જાતિઓમાં જે વીર તેમજ સુયોગ્ય હોય તે જ સેનાપતિનાં પદ પર નિયુક્તિ થાય છે.[૭૫] શુક્ર સેનાપતિના સ્થાનને પુરોહિતના સ્થાન પછી આપે છે. તેમના

---

૬૯. એજન - ૨/૧૪૦-૧૪૨ - પૃ. ૧૯૫.

૭૦. એજન - ૨/૧૪૩ - પૃ. ૧૯૬.

૭૧. એજન - ૨/૧૪૪ - પૃ. ૧૯૭.

૭૨. એજન - ૨/૧૪૬-૧૪૭ - પૃ. ૧૯૮.

૭૩. એજન - ૨/૧૮૮ - પૃ. ૨૧૨.

૭૪. सेनाधिपः क्षत्रियस्तु ब्राह्मणस्तदभावतः । - શુ.ની. - ૨/૪૨૯ - પૃ. ૨૯૯.

૭૫. न वैश्यो न च वै शुद्रः कातरश्च कदाचना ।
सेनापतिः शूर एव योज्यः सर्वास्तु जातिषु । - શુ.ની. - ૨/૪૩૦ - પૃ. ૩૦૦.

મતાનુસાર પુરોહિતનું પદ સર્વાધિક શ્રેષ્ઠ છે, સેનાપતિનું શ્રેષ્ઠ, રાજાના મિત્ર અને સંબંધીઓનું પદ સમાન હોય છે અને મંત્રીઓનું પદ ઉત્તમ કહેવાયું છે.[૭૬]

આમ સેનાપતિના લક્ષણો, વર્ણ તથા અન્ય પદાધિકારીઓના લક્ષણ અને સેનાપતિ અને સૈનિકોના સામરિક, રાજનીતિશાસ્ત્રીય, શારીરિક, બૌદ્ધિક વ્યવહારિક દષ્ટિએ મહત્તાપૂર્ણ સર્વે ગુણોની અપેક્ષા રાખવામાં આવી છે. તે પ્રતીતિ કરાવે છે. શુક્ર સેનાપતિ આદિને કેટલું ગૌરવ અર્પે છે.

**(૭) સેનાપતિ અને નાયક :-**

શુક્રનીતિમાં સેનાપતિ ઉપરાંત નાયક શબ્દ પણ પ્રાપ્ત થાય છે.[૭૭] નાયક કરતાં સેનાપતિ ચઢિયાતો છે. નાયક સૈન્ય વિભાગનો અધ્યક્ષ છે. જયારે સેનાપતિ સમગ્ર સેનાનો અધિપતિ છે.[૭૮] શુક્ર વીસ હાથીઓ અને વીસ ઘોડાઓના અધ્યક્ષને ‘નાયક’ કહે છે.[૭૯] જયારે કા.ની. ની ઉ.નિ. ટીકા અનુસાર હજાર સૈનિકોનો તેના નાયક છે.[૮૦] આ ઉપરાંત શુક્ર સેનાપતિ માટે સેનાની[૮૧] તથા સેનાધિપા[૮૨] શબ્દનો પણ પ્રયોગ કરે છે. કામન્દકના મતે યુદ્ધના પ્રાણ નાયક છે અને નાયક વિનાનું સૈન્ય હણાય છે.[૮૩]

કૌ.અર્થ. માં નાયકની અપેક્ષાએ સેનાપતિનું પદ વિશેષ મહત્વનું જણાય છે. મંત્રી, પુરોહિત પછી અને યુવરાજ પહેલા સેનાપતિનો ઉલ્લેખ કર્યો છે.[૮૪] સેનાપતિનું વેતન પણ મંત્રી, પુરોહિત અને યુવરાજના વેતન જેટલું હોય છે. કૌ.અર્થ.માં સેનાપતિ સમગ્ર સૈન્યનો વડો જણાય છે.[૮૫] શુક્રનીતિમાં પણ સેનાપતિનું સ્થાન પુરોહિત પછી વિશેષ મહત્ત્વનું જણાય છે. પુરોહિતનું પદ સર્વશ્રેષ્ઠ છે અને સેનાપતિનું પદ શ્રેષ્ઠ છે.[૮૬] શુક્ર કહે છે કે – સચિવ આદિથી

---

૭૬. पुरोहितः श्रेष्ठतरः श्रेष्ठः सेनापतिः स्मृतः । – શુ.ની. – ૨/૨૭૮ – પૃ. ૨૪૪.
૭૭. શુ.ની. – ૪/૭/૨૬૨ – પૃ. ૮૪૬.
૭૮. એજન – ૧/૩૪૦ – પૃ. ૧૨૮.
૭૯. એજન – ૧/૧૪૭ – પૃ. ૧૯૯.
૮૦. કા.ની. ૧૯/૪૫ પર ઉ.નિ. ટીકા.
૮૧. શુ.ની. – ૨/૧૪૫ – પૃ. ૧૯૭.
૮૨. એજન – ૨/૨૩૯ – પૃ. ૧૯૫.
૮૩. કા.ની. – ૨૦/૩૫ – પૃ.
૮૪. કૌ.અર્થ. – ૧/૧૨/૬, ૫/૩/૩, ૯/૩/૧૨.
૮૫. Kengle R. P., "Kautiliya Arthasatra" Part-III, P. 194
૮૬. શુ.ની. – ૨/૨૭૮ – પૃ. ૨૪૪.

સર્વાધિક રાજા, તેનાથી થોડા ઓછા આદરણીય યુવરાજ, યુવરાજથી ઓછા અમાત્ય, તેનાથી ઓછા માન્ય પદાધિકારી, મંત્રીઓની સરખામણીએ દશ હજાર સેનાના અધ્યક્ષ હોય છે. એક હજાર સેનાના અધિનાયક તેનાથી ઓછા માન્ય હોય છે.[૮૭] શુક્ર રાજયની સરખામણી એક વૃક્ષ સાથે કરે છે તેમાં સેનાપતિગણને ડાળીઓ અને સેનાને પાદડા સાથેની સરખામણી કરી છે અને રાજયરૂપી વૃક્ષનું મૂળ રાજા છે.[૮૮] પરંતુ કૌટિલ્યે જ અન્યત્ર નાયકને સેનાપતિ કરતાં ઊંચું સ્થાન આપ્યું છે.[૮૯] દશ સેનાપતિ પર એક નાયકની ગણના કરી છે. નાયકનું કાર્ય છાવણી ગોઠવવાનું છે.[૯૦] નાયકે સેનાની આગળ રહીને લડવાનું હોય છે. જયારે સેનાપતિ પાછળ રહીને લડે તેમ વિધાન છે.[૯૧] આમ સેનાપતિ અને નાયકના તારતમ્ય બાબત ગૂંચવાડો છે. સેનાપતિના દરજ્જા બાબતની આ ગૂંચવણ વિભિન્ન આધાર સામગ્રીને કારણે ઊભી થઇ હશે એમ શ્રી કાંગલે અનુમાન કરે છે.[૯૨]

**॥ સમાપ્ત ॥**

૮૭. એજન – ૨/૨૬૬ – પૃ. ૨૩૯.
૮૮. એજન – ૫/૧૨ – પૃ. ૯૦૯.
૮૯. કૌ.અર્થ. – ૧૦/૬/૪૫.
૯૦. એજન – ૧૦/૧/૧.
૯૧. એજન – ૧૦/૨/૪.
૯૨. Kangle R. P., Op. Cit. P. 247.

# ❈ પ્રકરણ - ૧૬ ❈

## ❈ 'શુક્રનીતિમાં યુદ્ધનીતિ' :-

ઉપપ્રકરણ : (૧૬-૧) યુદ્ધના પ્રકારો

(૧૬-૨) કૂટયુદ્ધ

(૧૬-૩) ચઢાઇ - પ્રયાણ

(૧૬-૪) વ્યૂહવિધાન

(૧૬-૫) દાનકલ્પના

## ❒ શુક્રનીતિમાં યુદ્ધનીતિ :-

### ❖ પ્રસ્તાવના :-

યુદ્ધ એ રાજય વિસ્તારના સ્વપ્નને સાકાર કરવા માટે વિજિગીષુના મહત્ત્વના સાધનો પૈકીનું એક સાધન છે. વળી આક્રમણના ભોગ બનેલા રાજા માટે યુદ્ધ એ એક આવી પડેલ આપત્તિ છે. જેનો કોઇપણ પ્રકારે પ્રતિકાર કરવો પડે છે. આથી યુદ્ધ ન હોવું જોઇએ એ એક આદર્શ છે. જયારે યુદ્ધ છે એ એક વાસ્તવિક છે. વળી યુદ્ધની એક વિશેષતા એ જોવા મળે છે કે શાંતિના પ્રયત્નો થતાં હોય તેની પશ્ચાદ્ભૂમિકામાં જ યુદ્ધની જાણકારી પણ ચંપાતી હોય છે. આથી કોઇપણ રાજનીતિશાસ્ત્રીય વિચારક યુદ્ધની ચર્ચાને ટાળે નહીં, તેની ઉપેક્ષા કરે નહીં, તેને સ્પશર્યા વિના છોડી દે તે સ્વાભાવિક છે. શુક્રનીતિમાંનો યુદ્ધનીતિનો વિચાર પણ પ્રસ્તુત બની જાય છે. શુક્રે સૈન્ય પ્રકાર, સેનાપતિ કાર્ય, યુદ્ધ યોગ્ય ભૂમિ સંબંધે જે વિચારો દર્શાવ્યા છે. તે પૂર્વેના પ્રકરણમાં જોઇ લીધેલ છે.[૧] આચાર્ય શુક્રે શુક્રનીતિના ચોથા અધ્યાયના સાતમાં પ્રકરણમાં યુદ્ધનું લક્ષણ, યુદ્ધના પ્રકારો, યુદ્ધ માટે સમયનો વિચાર, યુદ્ધ માટે ઉત્તમ, મધ્યમ અને અધમ દેશના લક્ષણ, સર્વોત્તમ યુદ્ધના લક્ષણાદિની ચર્ચા કરી છે.

શુક્ર યુદ્ધની વ્યાખ્યા આપતાં કહે છે કે –

आबिभ्रतोः शत्रुभावमुभयोः संयतात्मनोः ।
अस्त्राद्येः स्वार्थसिद्धयर्थ व्यापारो युद्धमुच्यते ॥[૨]

અર્થાત્ પરસ્પર વૈરભાવ રાખતા સંયતાત્મક થઇ બે વ્યક્તિ હથિયાર ચલાવી સ્વાર્થસિદ્ધિને માટે જે કાર્ય કરે છે તેમને યુદ્ધ કહે છે.

### (૧) પ્રકારો :-

દૈવી, આસુરી અને માનવી એમ યુદ્ધના ત્રણ પ્રકારો શુક્ર દર્શાવે છે. તદ્અનુસાર ''જે યુદ્ધમાં મંત્ર દ્વારા આયુધ (હથિયાર) ચલાવતા હોય તેને 'દૈવીયુદ્ધ' કહે છે. જેમાં આગ્નેયાસ્ત્ર પ્રયુક્ત હોય તેને 'આસુરી યુદ્ધ' કહે છે અને જેમાં તલવાર વગેરે શસ્ત્રોનો હાથથી જે યુદ્ધ કરવામાં આવે તેને 'માનવી યુદ્ધ'

---

૧. જુઓ પ્રકરણ 'બલ વિચાર' – પૃ. ૨૫૩ થી ૨૬૭.

૨. શુક્રનીતિ – ૪/૭/૨૨૦ – પૃ. ૮૩૧.

કહે છે.''[૩] જયારે શુક્રના મતાનુસાર મંત્રસિદ્ધ આયુધોથી યુદ્ધ શ્રેષ્ઠ છે, આગ્નેયાસ્ત્રોથી કરવામાં આવેલ યુદ્ધ મધ્યમ છે, સામાન્ય હથિયારોથી કરવામાં આવતું યુદ્ધ કનિષ્ટ છે અને બાહુબળથી કરવામાં આવતું યુદ્ધ અધમ છે.[૪] શ્રેષ્ઠ યુદ્ધનું લક્ષણ આપતા શુક્ર કહે છે, - ''મંત્રો દ્વારા અભિષિકત મહાશક્તિશાળી બાણો વગેરે હથિયારોનો ઉપયોગ કરી જે યુદ્ધમાં શત્રુઓનો નાશ કરવામાં આવે તે યુદ્ધને માંત્રિકાસ્ત્ર યુદ્ધ કહે છે અને આ યુદ્ધ બધા યુદ્ધોમાં સર્વશ્રેષ્ઠ માનવમાં આવે છે.[૫] નાલિકાસ્ત અને આયુધયુદ્ધના લક્ષણ પણ ગ્રંથકાર આપે છે કે - 'તોપ અથવા બંદુકો દ્વારા લક્ષ્ય પર ગોળા ફેંકીને જેમાં યુદ્ધ કરવામાં આવે તેને 'નાલિકાસ્ત યુદ્ધ' કહે છે, તે અત્યંત ભયંકર છે.[૬] અને જે યુદ્ધ આગ્નેયાસ્ત્ર વિના કેવળ આયુધો (હથિયારો) દ્વારા લડવામાં આવે તેને 'આયુધ યુદ્ધ' કહે છે.[૭] તેને શસ્તયુદ્ધ પણ કહે છે.

ગ્રંથકાર બાહુયુદ્ધની વ્યાખ્યા આપે છે.[૮] શરીર સાથે જોડવાવાળી જગ્યા અને મર્મસ્થાનમાં દુઃખ પહોચાડવા માટે ઊલટા-સીધા હાથોને બાંધી જેમાં યુદ્ધ કરવામાં આવે તેને બાહુયુદ્ધ કહે છે.

कर्षणेः सन्धिमर्माणां प्रतिलोमानुलोमतः ।

बन्धनैर्धातनं शत्रोर्युक्त्या तत् बाहुयुद्धकम् ॥

આચાર્ય શુક્રે બાહુયુદ્ધના આઠ પ્રકારો દર્શાવ્યા છે.[૯] જેમ કે -

(૧) ડાબા હાથથી વાળ પકડવા,

(૨) બળપૂર્વક પકડી જમીન પર રગડવો,

(૩) પગ દ્વારા માથા પર પ્રહાર કરવો,

(૪) ઘૂંટણ દ્વારા પેટને દબાવવું,

---

૩. એજન - ૪/૭/૨૨૧ - પૃ. ૮૩૧.

૪. उत्तमं मान्त्रिकास्त्रेण नालिकास्त्रेण मध्यम् ।
शस्त्रेः कनिष्ठं युद्धन्तु बाहुयुद्धं ततोऽधम् ॥ - શુ.ની. - ૪/૭/૩૩૪ - પૃ. ૮૭૧.

૫. मन्त्रेरितमहाशक्तिबाणाद्यैः शत्रुनाशनम् ।
मान्त्रिकास्त्रेण तद्यद्धं सर्वयुद्धोतमं स्मृतम् ॥ - એજન - ૪/૭/૩૩૫ - પૃ. ૮૭૧.

૬. એજન - ૪/૭/૩૩૬ - પૃ. ૮૭૧.

૭. એજન - ૪/૭/૩૩૭ - પૃ. ૮૭૨.

૮. એજન - ૪/૭/૩૩૮ - પૃ. ૮૭૨.

૯. એજન - ૪/૭/૩૩૯, ૪૦ - પૃ. ૮૭૩.

(૫) બળદની જેમ ગાલ પર પ્રહાર કરવો,

(૬) વારંવાર શત્રુને બળજબરીથી જમીન પર ઘસડવો,

(૭) લાત મારવી અને

(૮) કપટપૂર્વક શત્રુની નબળાઇ જોવા માટે મેદાનમાં ઘૂમાવવો.

આ આઠ બાહુયુદ્ધના પ્રકારોમાંથી ચાર દ્વારા ક્ષત્રિયોને, પાંચ દ્વારા નીચ ક્ષત્રિયોને, છ થી વૈશ્યોને, સાતથી શુદ્રોને અને આઠથી સંકીર્ણ જાતિવાળાને મારવા આ પ્રહારોનો પ્રયોગ શત્રુ માટે કરવો, મિત્રો માટે કયારેય પણ કરવો નહીં, તેવો શુક્રનો મત છે.[૧૦]

યુદ્ધમાં નાલાસ્ત્ર વગેરેની યોજના અને પ્રહાર કરવા અયોગ્ય સૈનિકના સંદર્ભમાં પણ શુક્ર એ પોતાનો વિચાર રજૂ કર્યો છે - પદાતી સૈનિક તોપ, બંદુક અને તલવાર દ્વારા, ઘોડેસવારવાળા ભાલા દ્વારા, રથી અને ગજારોહી સૈનિકે બાણ દ્વારા શત્રુઓ પર આક્રમણ કરવું જોઇએ અને ગજારોહી ગજારોહી સાથે, અશ્વારોહી અશ્વારોહી સાથે, રથી રથી સાથે, પદાતી પદાતી સાથે યુદ્ધ કરે અને એક વ્યક્તિ એક વ્યક્તિ સાથે, શસ્ત્રવાળા શસ્ત્રધારી સાથે અને અશસ્ત્રવાળા અશસ્ત્રવાળા સાથે યુદ્ધ કરે.[૧૧] ધર્મયુદ્ધને ધ્યાનમાં રાખી સૈનિક કોઇ ભાગેડુ, નપુંસક, હાથ જોડેલા, છૂટા વાળવાળા, બેઠેલા, 'હું તમારે શરણે છું' તેમ કહેવાવાળા, સૂતેલા, યુદ્ધને યોગ્ય કપડા પહેરેલા ન હોય, નગ્ન, લડતા નથી, જોવાવાળા, પાણી પીતા કે જમી રહેલા, કામમાં પ્રવૃત, ડરેલા અને યુદ્ધના મેદાનમાંથી ભાગેલા સૈનિકો પર પ્રહાર કરવો જોઇએ નહીં.[૧૨] શુક્ર એ પણ કહે છે કે - વૃદ્ધ, બાળક, સ્ત્રી તથા અસહાય રાજાને મારવા નહીં, યોગ્યતાનુસાર વ્યવહાર કરી તેમને પોતાને આધીન કરવા તે ધર્મયુક્ત કહેવાય છે. ઉપર્યુકત બતાવેલ નિયમ ધર્મયુદ્ધ માટે છે. કૂટયુદ્ધ માટે નથી. धर्मयुद्ध तु कूटे वै न सन्ति नियमा अमी ।[૧૩]

**(૨) કૂટયુદ્ધ :-**

કૂટ અર્થાત્ કપટ, જે યુદ્ધમાં તેનો આશ્રય લેવાય તે કૂટયુદ્ધ. સામાન્યતયા

૧૦. એજન - ૪/૭/૩૪૧ - પૃ. ૮૭૩.
૧૧. એજન - ૪/૭/૩૪૩। ૩૪૪ - પૃ. ૮૭૮.
૧૨. એજન - ૪/૭/૩૫૫-૩૫૭ - પૃ. ૮૭૯.
૧૩. એજન - ૪/૭/૩૫૮, ૩૫૯ - પૃ. ૮૮૦.

જે કપટનો પ્રયોગ યુદ્ધમાં ન કરવો જોઇએ તેનું આચરણ કરી લડવામાં આવે તે કૂટયુદ્ધ છે. શત્રુને છેતરવા, તેની નબળાઇનો લાભ લેવા કપટનો પ્રયોગ થાય છે. તેથી તો ગ્રંથકાર કૂટયુદ્ધનું મહત્ત્વ દર્શાવે છે કે – 'બળવાન શત્રુને પરાજિત કરવા માટે કૂટયુદ્ધ સિવાય બીજો કોઇ ઉપાય નથી.'[૧૪] જયારે કામન્દક સૂચવે છે કે – યુદ્ધ માટેની ભૂમિ અને યુદ્ધનો કાળ વગેરે બાબતમાં શત્રુ ચઢિયાતો હોય, શત્રુના પક્ષમાં ભેદ પાડવામાં સફળતા પ્રાપ્ત ન થઇ હોય અને શત્રુ કરતાં પોતે અધિક બળવાન ન હોય ત્યારે કૂટયુદ્ધનો આશ્રય લેવો જોઇએ.[૧૫] કામન્દકનું આ વલણ યોગ્ય જણાય છે. કારણ કે વિજય બાબત શંકા રહેતી હોય ત્યારે માનવ કોઇપણ રીત અપનાવવા તૈયાર થઇ જતો હોય છે.

કૂટયુદ્ધમાં કપટનો આશ્રય લેવા બાબત સલાહ આપવામાં ગ્રંથકારને કોઇ સંકોચનો અનુભવ થયો હોય તેમ જણાતું નથી. કપટ પ્રયોગ પરત્ત્વે તેનો કશો છોછ નથી. સ્પષ્ટ મત આપે છે કે શત્રુને ચોક્કસપણે કૂટયુદ્ધથી હણવો. પ્રત્યેક વ્યક્તિ એમ માને છે કે પોતાનો પક્ષ યોગ્ય છે અને શત્રુ જ અન્યાયી અને પાપી છે. આવા પાપીને હણવામાં ધર્મનો નાશ થતો નથી. શુક્ર કૂટયુદ્ધ એ અધર્મ છે એવી શંકાને દૂર કરે છે. આ માટે ગ્રંથમાં તેના ઉદાહરણો આપે છે, કે – પ્રાચીનકાળમાં રામ, કૃષ્ણ અને ઇન્દ્રાદિ દેવતાઓએ પણ બળવાન અસુરોની સાથેના યુદ્ધમાં કૂટયુદ્ધનો જ આશ્રય લઇ ક્રમશઃ વાલિ, કાલયવન અને નમુચિ નામના અસુરોનો નાશ કર્યો હતો.[૧૬] આ ઉપરાંત ગ્રંથકાર પાંચમાં અધ્યાયમાં કૃષ્ણની કૂટનીતિ સંદર્ભ આપતા કહે છે – 'શ્રી કૃષ્ણની જેમ કૂટનીતિજ્ઞ બીજો કોઇ રાજા નથી થયો તેમણે છલકપટથી પોતાની બહેન સુભદ્રાના લગ્ન અર્જુન સાથે કરાવ્યા હતા.[૧૭] વિજિગીષુ રાજાએ શત્રુઓ દ્વારા અથવા પોતાના દ્વારા કરવામાં આવેલ સામાદિ ઉપાયોની તથા સંધિવિગ્રહ આદિ છ ગુણો અને મંત્રણાને ધ્યાનમાં રાખી ધર્મયુદ્ધ દ્વારા કે કૂટયુદ્ધ દ્વારા શત્રુનો નાશ કરવો તેમ શુક્ર

૧૪. न युद्धं कूटसदृशं नाशनं बलवद्रियोः । – શુ.ની. – ૪/૭/૩૫૯ – પૃ. ૮૮૦.

૧૫. કા.ની. – ૧૯/૫૪ – પૃ. ૪૩૪.

૧૬. रामकृष्णेन्दादिदैवैः कूटमेवादृतं पुरा ।
कूटेन निहतो बालिर्यवनो नमुचिस्तथा ॥ –એજન – ૪/૭/૩૬૦ – પૃ. ૮૮૦.

૧૭. न कूटनीतिरभवच्छ्रीकृष्णसदृशो नृपः
अर्जने प्रापिता स्वस्य सुभद्र भगिनी छलात् ॥ –એજન – ૫/૫૪ – પૃ. ૯૨૫.

સલાહ આપે છે.[૧૮]

**(૩) ચઢાઇ - પ્રયાણ :-**

સમુદ્રક્ષાલિતા ધરિત્રીની લબ્ધિ એ ઉદ્દેશને પાર પાડવા વિજિગીષુએ યાત્રા-ચઢાઇ-પ્રયાણ કરવું જોઇએ. વિજય માટે જ ચઢાઇ કરવાની હોવાથી કેટલીક પાયાની બાબતો અને ચઢાઇ કોણ કરી શકે તે અંગેના વિચારો શુક્રનીતિમાં રજૂ કર્યા છે. તદ્અનુસાર પ્રવેશને અનુરૂપ સૈન્યના વિનિયોગનો વિચાર પણ આવશ્યક છે. ગ્રંથકારના મતે પાણીની સુવિધાવાળા ક્ષેત્રમાં બળદો તથા અશ્વોને, જંગલી પ્રદેશમાં ઊંટો અને હાથીને તથા સામાન્ય પ્રદેશમાં પદાતિ સૈનિકોને રાખવાથી તેમનું રક્ષણ થાય છે.[૧૯] તથા રાજયમાં પ્રત્યેક ચાર કોશ પર સો સો સૈનિકોની ટુકડીઓ રાખવી જોઇએ.[૨૦] આ ઉપરથી ફલિત થાય છે કે સપાટ પ્રદેશમાં અશ્વબલ, વિસમભૂમિમાં તેમજ પર્વતીય પ્રદેશમાં ગજબલ વિશેષ સફળ બને છે.

રસ્તામાં સેનાને ચાલવાની વ્યવસ્થા, નદી, પર્વતાદિમાં ભયની શકયતાવાળા વિસ્તારમાં વ્યૂહ બાંધી ચાલવાનો નિર્દેશ ગ્રંથકાર કરે છે.[૨૧] 'રસ્તામાં નદી, પર્વત, જંગલ કે દુર્ગમ પ્રદેશના કારણ જયાં જયાં ભયની શકયતા હોય, ત્યાં ત્યાં સેના નાયકને વ્યૂહ બાંધી ચઢાઇ કરવા નિર્દેશ કર્યો છે.

ચઢાઇ કરનારે ધ્યાનમાં રાખવાની બાબતો પણ ગ્રંથકાર વિગતે દર્શાવે છે. તદ્નુસાર નાના મોટા તોપ, બંદૂકોને સેનાની આગળ રાખી તથા પદાતિ સેનાને પાછળ તેમજ ગજબલ અને અશ્વબલને બન્ને બાજુ રાખી શત્રુ પર આક્રમણ કરવું જોઇએ અને યુદ્ધને માટે અનુકૂળ ભૂમિ જયાં મળે ત્યાં તદ્અનુસાર કયારેક સામેથી અને કયારેક અલગથી ચઢાઇ કરી કે કયારેક પાછળ હટીને બધાની પહેલા સેનાપતિ પોતાની અડધી સેનાને સાથે લઇ યુદ્ધની શરૂઆત કરે તેમ કહેવાયું છે.[૨૨] જયારે પ્રાણ સંકટની સ્થિતિમાં રાજાએ પોતે રણમેદાનમાં ઊતરવું જોઇએ.

---

૧૮. એજન - ૪/૭/૩૫૦ - પૃ. ૮૭૭.
૧૯. એજન - ૪/૭/૧૭૬ - પૃ. ૮૧૫.
૨૦. એજન - ૪/૭/૧૭૭ - પૃ. ૮૧૬.
૨૧. એજન - ૪/૭/૨૬૪ - પૃ. ૮૭૪.
૨૨. એજન - ૪/૭/૩૪૨,૩૪૩ - પૃ. ૮૭૫.

नृपसञ्ज्ञापितेः पश्चात् स्वतः प्राणात्यये च तत् ।[૨૩]

શત્રુ સેના દુર્ઘટનાગ્રસ્ત હોય તો પણ તેનો નાશ અને પોતાની સેનાનું રક્ષણ કરવાનો ગ્રંથકાર નિર્દેશ કરે છે.[૨૪] દૂરથી ચાલીને આવવાના કારણે થાકેલી, ભૂખ તરસથી વ્યાકૂળ, રોગી, દુષ્કાળ, લૂંટાયેલી, કાદવ, ધૂળ અને પાણીથી લથપથ વ્યાકૂળ, હાફતી, સૂતેલી, ખાવામાં પ્રવૃત, દુર્ગતિગ્રસ્ત ભયંકર અગ્નિની લપેટથી ડરેલી, વર્ષા તથા આંધીથી ગભરાયેલી આવી દુર્ઘટનાઓથી અત્યંત વ્યાકૂળ બનેલી પોતાની સેનાની રક્ષા કરવી, પરંતુ શત્રુ સેનાની જો આવી સ્થિતિ હોય તો તેમનો નાશ કરવો.

શત્રુ પર ચઢાઇ કરવા સમયે સેનાનો પગાર વધારવાનો પણ નિર્દેશ ગ્રંથકાર કરે છે.[૨૫] શત્રુ પર ચઢાઇ કરવા સમય સૈનિકોના પગારમાં એક ચોથાઇ વેતન વૃદ્ધિ કરી યુદ્ધના મેદાનમાં ઢાલ અને કવચથી પોતાના શરીરની રક્ષા કરે તથા પોતાની સીમાવર્તી રાજયની રક્ષા સંદર્ભે પણ સંકેત કરવામાં આવ્યો છે. તદ્અનુસાર પોતાના પડોસી રાજયને બીજા દ્વારા કોઇપણ સ્થિતિમાં હડપવા ન દે પરંતુ તેમને મદદ પહોચાડી પોતાની તરફેણ કરી લેવા જોઇએ.[૨૬]

પ્રયાણના યોગ્ય સમય પરત્વે પણ દિશાસૂચન થયું છે.[૨૭] તે યોગ્ય છે કારણ કે અનુકૂળ સમયે કરેલી ચઢાઇ સરળ અને સફળ બની રહે છે. તેથી શુક્રના મતે યુદ્ધ માટે સમય શરદ, હેમંત અને શિશિર કહ્યો છે. વસંતઋતુનો સમય મધ્યમ વર્ષનો તથા ગ્રીષ્મઋતુનો અધમ સમય કહેલ છે તથા વર્ષાઋતુમાં યુદ્ધ કરવું હમેંશા અપ્રશંસનીય છે. એ સમયે તો કોઇપણ રીતે શત્રુ સાથે સંધિ કરવા સલાહ આપી છે. પ્રયાણ-ચઢાઇ કરતી વખતે સાથે સામાન પણ હોઇ શકે છે. તેના વહનના સંદર્ભમાં શુક્રનો મત છે કે સર્વપ્રથમ હાથી, બળદ, અશ્વો સામાન ઉપાડવામાં શ્રેષ્ઠ છે. વર્ષાકાળને બાદ કરતાં બધી ઋતુઓમાં સામાન ઊપાડવા માટે બળદગાડી જ યોગ્ય છે.[૨૮] આથી કાળ જોઇને જ યાત્રા કરવી જોઇએ.

આમ ગ્રંથકારે ચઢાઇ સંબંધી લાભદાયી એવા વ્યવહારિક સૂચનો કર્યા છે.

---

૨૩. એજન - ૪/૭/૩૪૪ - પૃ. ૮૭૫.
૨૪. એજન - ૪/૭/૩૪૫-૩૪૭ - પૃ. ૮૭૫.
૨૫. એજન - ૪/૭/૩૫૨ - પૃ. ૮૭૭.
૨૬. એજન - ૪/૭/૩૭૦ - પૃ. ૮૮૪.
૨૭. એજન - ૪/૭/૨૨૪,૨૫ - પૃ. ૮૩૩.
૨૮. એજન - ૪/૭/૧૭૮ - પૃ. ૮૧૬.

## (૪) વ્યૂહ વિધાન :-

યુદ્ધમાં શત્રુ સામેની સફળતામાં વ્યૂહરચના ઘણુંજ મહત્ત્વનું પરિબળ છે. સૈન્ય ગમે તેમ, આડેધડ લડે તેથી વિજય નિશ્ચિત બની જતો નથી. ઊલટાનો ખુવારીનો આંક વધે છે, ભારે હાનિ સહન કરવી પડે છે. જયારે મર્યાદિત એવું સૈન્ય પણ જો પદ્ધતિસર, ભિન્ન-ભિન્ન પરિસ્થિતિમાં, ભિન્ન ભિન્ન પણ ચોક્કસ ગોઠવણીમાં રહીને લડે તો ઓછી ખુવારી એ, અલ્પ હાનિએ વિજય શકય બને છે. યુદ્ધ સમયે સૈન્યના અંગોની વ્યવસ્થિત ગોઠવણી, વિવિધ આકારરચનાને વ્યૂહ કહે છે. આમ વ્યૂહ એ યુદ્ધનો વ્યાવહારિક પક્ષ છે. જે જે પ્રાચીન ભારતીય રાજનીતિશાસ્ત્રીય કે અન્ય ગ્રંથો સૈન્ય સંચાલન પર પ્રકાશ પાડે છે તે તે ગ્રંથો વ્યૂહવિધાનનું મહત્ત્વ સમજી તેની ચર્ચા કરે છે. આચાર્ય શુક્રએ પણ આ પરંપરાનું અનુસરણ કર્યું છે.

યુદ્ધમાં વિવિધ સંકેતો બાબતે ગ્રંથકારે કેટલીક સ્પષ્ટતા કરી છે. [૨૯] વાજિંત્ર વગાડવાની રીતથી કરવામાં આવેલ વ્યૂહની રચનાના સંકેત એવા હોવા જોઇએ કે પોતાની સેના સિવાય બીજા કોઇ સૈનિક તેને જાણતા ન હોય એવી રીતે બુદ્ધિમાન રાજા હમેંશા અનેક પ્રકારની વ્યૂહ રચનામાં સૈનિકો રાખે. તથા અશ્વારોહી, ગજારોહી અને પદાતિ સૈનિકોને અલગ-અલગ બોલાવી રાજાએ વ્યૂહ રચનાના સંકેતોને વ્યવસ્થિત સમજાવવા. આજુબાજુ, વચ્ચે અને આગળના ભાગરમાં રહેલ સૈનિકોએ તે સંકેતોને સાંભળી જેમ સંકેત કરવામાં આવ્યો હોય તેમ જ કામ કરવું. સંકેતાનુસાર કયારે બધાને ભેગા થઇ જવું, ફેલાઇ જવું, ચારે બાજુ ઘૂમવું, ધીરી ધીરે ચાલવું, ઝડપી ચાલવું, પાછળ હટવું, એકીસાથે આવવું, ઊભા થઇ જવું, પાછા જવું, અષ્ટકુલ કમળની જેમ વ્યૂહ બનાવી ઊભા થવું કે ચક્રાકાર ગોળાકાર થઇ ઊભા થવું, કયારેક સોઇ તો કયારેક શકટ કે અર્ધચન્દ્રાકાર વ્યૂહ બનાવી ઊભા રહેવું, ક્રમથી ઓછી સેનાની ટુકડી બનાવી અલગ-અલગ થઇ જવું કે હાર બનાવી બેસી જવું, આયુધ ધારણ કરી લક્ષ્યનું સંધાન તેમજ તેમનું ભેદન કરવું, હથિયારોથી પદ્ધતિ બદલી પ્રહાર કરવા, ઝડપથી ધનુષ્ય પર બાણ ચઢાવવું, છોડવું, તીર ખેચવું, છોડવું, વારંવાર તેમ કરતાં પોતાને પ્રતિઘાતથી બચાવવું,

---

૨૯. શુ.ની. - ૪/૭/૨૬૭-૨૭૬ - પૃ. ૮૪૮-૮૪૯.

અસ્ત્ર-શસ્ત્રોના પ્રયોગો બદલી પ્રયોગ કરવો, કયારેક બે, ત્રણ કે ચારની હાર બનાવીને ચાલવું, આવશ્યકતા અનુસાર આગળ વધવું, પાછળ હટવું કે યથાસ્થાને પહેલાની જેમ ઊભા રહેવું, આગળ વધવું, પાછળ હટવું કે નજીક જઇ આક્રમણ કરવું. સૈનિકોને આ સર્વે બાબતો સંકેતાનુસાર કરવી જોઇએ.

યુદ્ધમાં વિવિધ સેનાંગની ગોઠવણી શી રીતે કરવી તે બાબત કેટલીક વિગતો આપી છે.[૩૦] વ્યૂહસ્થ સૈનિકને હથિયાર ચલાવવાની સગવડતા માટે પાછળ હટીને, પાસે જઇને સામેથી હથિયાર ચલાવવા જોઇએ. હથિયાર ચલાવ્યા પછી બેસી જવું અથવા આગળ જતાં રહેવું, આગળ બેઠેલા શત્રુને જોઇને એમની પાસે જઇ પોતાના આયુધોનો પ્રયોગ કરવો, એક એક, બે બે અથવા સમૂહમાં પૂર્વસંકેતિત રીતથી સૈનિકોએ ચાલવું જોઇએ.

યુદ્ધના મેદાનમાં લડતા સૈન્યના સૈનિકો વચ્ચે ચોક્કસ અંતર રાખવું આવશ્યક છે, અન્યથા તેમને લડવામાં મુશ્કેલી થાય, પોતાના જ પક્ષના સૈનિકો પર શસ્ત્રોના પ્રહાર થાય, તેઓ પરસ્પર અથડાય અને હાનિ થાય. આથી સંકુલતા, ગીચતા ટાળવી એ પણ વ્યૂહનું એક પ્રયોજન બની જાય છે. કામન્દક પણ એ જ વિચારે છે કે યુદ્ધ કરતી વેળા, પાછા ફરતી વેળા, એકબીજાને હરવા ફરવામાં પીડા ન થાય એ રીતે ઊભા રહી યુદ્ધ કરવું.[૩૧]

શુક્રએ વ્યૂહના અંગો દર્શાવ્યા નથી પરંતુ કામન્દકે ઉરસ્થ, કક્ષ, પક્ષ, પૃષ્ઠ, કોટિ અને પ્રતિગ્રહ આ છ અંગ વ્યૂહમાં હોવા જોઇએ આવો બૃહસ્પતિનો મત છે. જયારે શુક્રનો મત એવો છે કે વ્યૂહમાંથી કક્ષને કાઢી નાખવો.[૩૨] તેમ દર્શાવી કામન્દક શુક્રના મતે ચાર અંગોના વ્યૂહ યોગ્ય છે તેમ દર્શાવે છે. ફલ્ગુસૈન્ય અર્થાત્ તાલીમ વિનાનું અસાર સૈન્ય તેમજ યુદ્ધોપયોગી સામગ્રી અનુક્રમે વ્યૂહની વચ્ચે અને પૃષ્ઠભાગમાં રાખવા તેમજ મુંડાનીક સૈન્યને પણ વ્યૂહમાં જોડવા કહ્યું છે.[૩૩] કૌટિલ્ય અનુસાર સંબંધીઓના રાજયપતાકા વિના લડતા સૈન્યને મુંડાનીક કહે છે.[૩૪]

---

૩૦. એજન - ૪/૭/૨૨૭, ૨૭૮ - પૃ. ૫૫૧.

૩૧. કા.ની. - ૨૦/૨૪ - પૃ.

૩૨. એજન - ૨૦/૩૧ - પૃ.

૩૩. એજન - ૨૦/૩૪,૩૫ - પૃ.

૩૪. કૌ.અર્થ. - ૧૦/૩/૩૯.

## ❖ પ્રકારો :-

શુક્ર એ નદી પર્વતાદિમાં ભયના સ્થળો પર વ્યૂહ રચના કરીને ચાલવાનો તથા તેની યોજનાનો નિર્દેશ કરી વ્યૂહના આઠ પ્રકારોની લક્ષણાદિની ચર્ચા કરી છે. ક્રમશઃ જોઇએ –

(૧) **કૌચ્ચવ્યૂહ :-** આકારમાં બગલાઓની જેમ હારબદ્ધ થઇ ચાલે તેમ કૌચ્ચવ્યૂહની રચના કરી સૈનિક સ્થાનીયબલ અનુસાર આગળ વધે તેને 'કૌચ્ચવ્યૂહ' કહે છે.[૩૫]

(૨) **શ્યેનવ્યૂહ :-** જેના બન્ને બાજુના ભાગ વિશાળ હોય, ગળાનો ભાગ પાતળો હોય, પાછળનો ભાગ મધ્યમ હોય તેમજ મુખભાગ પાતળો હોય એવી સૈનિકોની હારને 'શ્યેનવ્યૂહ' કહે છે.[૩૬] જયારે કામન્દકના મતે ઉરસ્થ ભાગ બહાર નીકળી ગયો હોય છે, પક્ષ અંદર હોય અને કક્ષ મધ્ય ભાગમાં હોય છે. તેને શ્યેન (શકરો અથવા બાજ) વ્યૂહ કહે છે.[૩૭]

(૩) **મકરવ્યૂહ :-** જેમાં ચાર ભાગમાં ચાર ચરણ હોય, લાંબા અને મોટા મુખવાળો ભાગ હોય, તેમાં ઉપર–નીચે બે હોઠ ભાગ હોય તેવી હારમાં રહેલ સેનાને 'મકરવ્યૂહ' કહે છે.[૩૮]

(૪) **સૂચીમુખવ્યૂહ :-** જેનો આગળનો ભાગ સોઇની જેમ અણીદાર હોય તથા વચ્ચેનો ભાગ સમાનરૂપથી દંડની જેમ લાંબો હોય, અને છેલ્લે અર્થાત્ મૂળભાગમાં છેદ કાળુ હોય એવી સેનાની હારને 'સૂચીમુખવ્યૂહ' કહે છે.[૩૯]

(૫) **ચક્રવ્યૂહ :-** જે વ્યૂહ ચક્રની જેમ ગોળ હોય અને મધ્યમાં આઠ ખંડોમાં વિભાજિત હોય તથા તેમની આકૃતિ વર્તુળાકાર હોય તેમજ તેમાં પ્રવેશનો એકજ માર્ગ હોય તેને 'ચક્રવ્યૂહ' કહે છે.[૪૦]

(૬) **સર્વતોભદ્વ્યૂહ :-** જે વ્યૂહની ચારે બાજુ આઠ વિભાગમાં સેના વિભાજિત હોય તેને 'સર્વતોભદ્વ્યૂહ' કહે છે. અથવા બધી બાજુ જેમનું મુળ હોય તથા આઠ

---

૩૫. શુ.ની. – ૪/૭/૨૭૯ – પૃ. ૮૫૧.
૩૬. એજન – ૪/૭/૨૮૦ – પૃ. ૮૫૨.
૩૭. કા.ની. – ૨૦/૪૬ – પૃ.
૩૮. શુ.ની. – ૪/૭/૨૮૧ – પૃ. ૮૫૨.
૩૯. એજન – ૪/૭/૨૮૧ – પૃ. ૮૫૨.
૪૦. એજન – ૪/૭/૨૮૨ – પૃ. ૮૫૩.

ગોળાકાર હારથી બનેલા હોય અને તેમાં પ્રવેશવાનો કોઇ માર્ગ ન હોય તેને પણ સર્વતોભદ્વ્યૂહ કહે છે.[૪૧]

(૭) **શકટવ્યૂહ :-** ગાડીની જેમ સૈન્ય-સંરચાને 'શકટવ્યૂહ' કહે છે.[૪૨] કામન્દકના મતે ઉરસ્યને બેવડાવ્યો હોય છે અને તેની આસપાસ પક્ષોને દંડાકારે ઉત્તરોત્તર લાંબા ગોઠવ્યા હોય તે શકટ કહેવાય છે.[૪૩]

(૮) **વ્યાલવ્યૂહ :-** સર્પાકાર સૈન્ય-સંરચનાને 'વ્યાલવ્યૂહ' કહે છે.[૪૪]

વ્યૂહના ઉપયોગ બાબત ગ્રંથકારે કેટલીક બાબતો કહી છે.[૪૫] તદ્અનુસાર રસ્તામાં નદી, પર્વતો, જંગલ કે દુર્ગમ જગ્યાને કારણે જયાં-જયાં ભયની શકયતા હોય, ત્યાં ત્યાં સેનાનાયક સેનાને વ્યૂહ બનાવી આગળ વધે. જો આગળથી જ ભયની સંભાવના હોય તો મોટા મગરના આકારની વ્યૂહરચના કરી ચાલવુ અથવા પાંખવાળા બાજપક્ષીની જેમ અથવા સોઇના આકારની વ્યૂહરચના કરી ચાલવું અને જો પાછળથી ભયની આશંકા હોય તો શકટાકારની વ્યૂહરચના કરવી. બન્ને બાજુથી ભયની સંભાવનામાં વજવ્યૂહ અને બધી બાજુએથી ભયની આશંકામાં ચક્રવ્યૂહ અથવા સર્પાકારવ્યૂહની રચના કરવી જોઇએ અથવા દેશાનુસાર શત્રુ સેનાને નાશ કરવાવાળી વ્યૂહરચના કરવી જોઇએ.

શુક્રનીતિમાંની વ્યૂહરચનાની ચર્ચાના અંતે કહી શકાય કે પ્રાયઃ આકાર પરથી વ્યૂહના નામ અપાયા છે. યુદ્ધ પહેલા સૈન્યનો જે આકાર રચાય તે યુદ્ધ દરમ્યાન પણ જળવાઇ રહે અને તે પ્રકારે તેની ગતિ થતી રહી તે જરૂરી છે. કારણ અન્યથા વ્યૂહરચનાનો મહત્તમ લાભ ઊઠાવી શકતો નથી. આખરે તો વ્યૂહનું એક પ્રયોજન મર્યાદિત સૈન્યની લાભકર રચના ગોઠવણી તે છે. અલબત્ત શુક્રનીતિમાં વ્યૂહના પ્રકારો આપ્યા છે અને તેને વિગતે સ્પષ્ટપણે સમજાવ્યા છે.

**(૫) દાન કલ્પના :-**

ભારતીય રાજનીતિશાસ્ત્રીઓ એ બાબત સમજતા હતા કે યુદ્ધમાં સ્વામી માટે પ્રાણનું બલિદાન આપવા તત્પર સૈનિકોને ધનની, કદરની, માનોન્નતિની

---

૪૧. એજન - ૪/૭/૨૮૨ - પૃ. ૮૫૩.
૪૨. એજન - ૪/૭/૨૮૩ - પૃ. ૮૫૩.
૪૩. કા.ની. - ૨૦/૪૯ - પૃ.
૪૪. શુ.ની. - ૪/૭/૨૮૩ - પૃ. ૮૫૩.
૪૫. એજન - ૪/૭/૨૬૪-૨૬૬ - પૃ.

અપેક્ષા હોય જ બીજા શબ્દોમાં કહીએ તો યુદ્ધરત સૈનિકોને કોઇ પ્રકારના પ્રોત્સાહનની, કોઇ લાભ પ્રાપ્તિની જરૂર રહે છે. આવા લાભની પ્રાપ્તિ થવાથી સૈનિકનો યુદ્ધ માટેનો જુસ્સો ટકી રહે છે, વૃદ્ધિ પામે છે. શુક્ર માનવના સ્વભાવની વાસ્તવિકતાથી પરિચિત છે. માટે સૈનિકોને પ્રોત્સાહિત કરવા, સન્માન આપવું, પગાર વધારવા વગેરેનો સંકેત કરે છે. શુક્રના મતાનુસાર સૈનિકો દ્વારા કોઇ નવું ઉત્કૃષ્ટ પરાક્રમ કર્યું હોય તો રાજાએ તેમને પારિતોષિક રૂપમાં ધન તથા અધિકાર આપવો જોઇએ.[૪૬] જયારે કોઇ સૈનિક ચાંદી, સોના કે અન્ય દ્રવ્ય જીતીને લાવે તેને રાજા બીજા સૈનિકોને પણ ખુશ કરી પ્રસન્ન ચિત્તે તેમના કાર્ય અનુસાર તેમને ધન આપી પ્રોત્સાહિત કરવા જોઇએ.[૪૭] સૈનિકોને એમની યોગ્યતાનુસાર પગાર તથા રાજધાનીમાંથી બહાર જાય ત્યારે મૂળ પગારનો ત્રીસમો ભાગ ભથ્થાના રૂપમાં આપવો તથા સૈનિકોના ધનને પોતાના કોશની જેમ રાજાએ રક્ષા કરવી.[૪૮] ટૂંકમાં યૌદ્ધાઓને ઉત્સાહી બનાવતા રહેવું તે ખાસ જરૂરી બાબત છે. ઉપરાંત શુક્ર સૈનિકોમાં ઉત્સાહ વધારવા દારૂ પીવડાવવાનો પણ નિર્દેશ કરે છે.[૪૯]

એક નોંધપાત્ર બાબત એ છે કે શુક્ર સ્વપક્ષે યુદ્ધ માટે મરી ફીટનારને ઉત્તમલોકની પ્રાપ્તિનું પ્રલોભન આપે છે.[૫૦] ક્ષત્રિય યુદ્ધના મેદાનમાં એકબીજા પર પ્રહાર કરી અંતિમ ક્ષણ સુધી લડે છે અને યુદ્ધમાં પીછેહઠ કર્યા વિના લડીને મૃત્યુ પામે છે તેને સ્વર્ગની પ્રાપ્તિ થાય છે તથા જે વીર પુરુષ ભય વિના પરાક્રમપૂર્વક સેનાની આગળ રહી સ્વામી માટે લડતા લડતા મૃત્યુ પામે તેઓ અનંતકાળ સુધી સ્વર્ગ ભોગવે છે. ઉપરાંત ગ્રંથકાર એવા પણ નિર્દેશ કરે છે કે - યુદ્ધમાં મૃત્યુ પામેલા વીરોને માટે કયારેય પણ શોક કરવો નહી કારણ કે તે બધા પાપોમાંથી મુક્ત થઇ પવિત્ર થઇ ગયેલ હોવાના કારણે સુંદરલોક પ્રાપ્ત કરે છે તથા યુદ્ધમાં વીરતાપૂર્વક લડી મૃત્યુ પામેલ યૌદ્ધાઓ આગળ હજારો અપ્સરાઓ દોડી આવે છે. પોતાના પતિ બને તેવું ઇચ્છે છે.[૫૧]

---

૪૬. એજન - ૪/૭/૩૬૬ - પૃ.
૪૭. એજન - ૪/૭/૩૭૨ - પૃ. ૮૮૪.
૪૮. એજન - ૫/૮૯-૯૦ - પૃ. ૯૩૮.
૪૯. એજન - ૪/૭/૩૫૩ - પૃ. ૮૭૮.
૫૦. એજન - ૪/૭/૩૦૯,૧૦ - પૃ. ૮૬૨.
૫૧. એજન - ૪/૭/૩૧૧,૧૨ - પૃ. ૮૬૨-૬૩.

શુક્રના મતાનુસાર સંન્યાસી લાંબી તપસ્યા બાદ જે ઉત્તમ લોક પ્રાપ્ત કરે છે તે સ્થાન લડાઇના મેદાનમાં લડતાં લડતાં મૃત્યુ પામેલા શૂરવીરો મેળવી લે છે.[૫૨] આમ યુદ્ધભૂમિમાં લડતાં મૃત્યુ પામનારને ઉત્તમ લોકની પ્રાપ્તિનું પ્રલોભન આપ્યું હોવા છતાં પણ સ્પષ્ટપણે ધનના દાન દ્વારા તેની કદર કરવા કહે છે કારણ કે બહુ ઓછા માણસો ધર્મ પ્રાપ્તિ કાજે લડતા હોય છે. ધનના લાભ ખાતર લડનારા પુષ્કળ હોય છે. માનવ સ્વભાવની આ વાસ્તવિકતા શુક્ર વગેરે આચાર્યોએ પીછાણી છે.

**॥ સમાપ્ત ॥**

૫૨. એજન - ૪/૭/૩૧૩ - પૃ.

# ❖ વિભાગ - ૩ ❖

# ❈ પ્રકરણ - ૧૭ ❈

## ❈ 'વૈદિક સાહિત્યમાં નીતિચિંતન' :-

ઉપપ્રકરણ : (૧૭-૧) વેદોનું મહત્ત્વ

(૧૭-૨) વેદ શબ્દની વિવિધ વ્યાખ્યાઓ

(૧૭-૩) વેદ શબ્દની વ્યુત્પત્તિ

(૧૭-૪) વેદોમાં નીતિચિંતન

(૧૭-૪-૧) વેદોમાં રાજનીતિ ચિંતન

(૧૭-૪-૨) વેદોમાં સત્ય નિરૂપણ

(૧૭-૪-૩) વેદોમાં અહિંસા નિરૂપણ

(૧૭-૪-૪) વેદોમાં મૈત્રી નિરૂપણ

(૧૭-૪-૫) વેદોમાં પવિત્રતા નિરૂપણ

(૧૭-૪-૬) વેદોમાં યશ નિરૂપણ

(૧૭-૪-૭) વેદોમાં દાન નિરૂપણ

(૧૭-૪-૮) વેદોમાં સામાજિક-નીતિ નિરૂપણ

(૧૭-૪-૯) વેદોમાં સભ્યતા નિરૂપણ

(૧૭-૪-૧૦) વેદોમાં પારિવારિક નિરૂપણ

(૧૭-૪-૧૧) વેદોમાં કર્મ નિરૂપણ

(૧૭-૪-૧૨) વેદોમાં રાષ્ટ્રીયતા વિષયક ચિંતન

(૧૭-૪-૧૩) વેદોમાં 'મૂલ્ય' નિરૂપણ

(૧૭-૫) ઉપનિષદોના નૈતિક સિદ્ધાંતો

## ❖ વૈદિક સાહિત્યમાં નીતિ ચિંતન :-

## ❖ પ્રસ્તાવના :-

સૃષ્ટિનું સૌથી પવિત્ર અને જૂનામાં જૂનું વાઙ્મય વૈદિક વાઙ્મય છે. આ વૈદિક વાઙ્મય અનેક પ્રકારના વર્ણનોથી ભરપુર છે. વેદોને ભારતીય સંસ્કૃતિના સર્વોચ્ચ શિખરસમા જ્ઞાનના હિમાલય સાથે સરખાવી શકાય કે જેનાથી અનેક ભારતીય પરંપરારૂપી સરિતાઓ પ્રગટ થઇ છે. જ્ઞાન, ભક્તિ કે કર્મ યા ધર્મ, તત્વજ્ઞાન કે સમાજવિદ્યાની ત્રિવેણીનું આદિ મૂળ વેદ મનાય છે. વેદવાટિકાનાં ચૂંટેલાં વિચારપુષ્પોની માળાથી વિદ્વાનોના કંઠ આજે પણ સોહાય છે. કેવળ આમજનની શ્રદ્ધાના અતિરેક પ્રત્યે ઉપેક્ષા સેવીએ તો પણ વેદના વિશ્વવ્યાપી ગૌરવ પ્રત્યે ઉદાસીનતા સેવવાનું પોસાય તેમ નથી. વેદને તો ભારતીય જનતાના મહામૂલા વસિયતનામાની ઉપમા આપી શકાય. વેદ વ્યક્તિ કે દેશ વિશેષના નહી પણ સમગ્ર વિશ્વના છે. એવું 'अत्र भवति विश्वमेकनीडम्' જેવી વેદની પ્રસિદ્ધ વિચાર-કણિકાને વાગોળી વિદ્વાનો કહેવા પણ પ્રેરાયા છે. વિશ્વસંવાદિતાના વૈતાલિક તરીકે વેદનું ગૌરવ સર્જન સમયના પ્રાથમ્યને કારણે જ નહિ પણ વિચારમાધુરી, નીતિપરક પદ્યો, તત્વચિંતન કે કાવ્યસુષમાને કારણે પણ સ્વીકારવામાં કોઇ બાધ આપતો નથી.

દેશની મહત્તાનો માનદંડ તેની સંસ્કૃતિ છે. હિમાલય પૃથ્વીના માનદંડ સમો સોહાય છે, તો હિમાલય દેશની ભારતીય સંસ્કૃતિ વિશ્વ સંસ્કૃતિનો માનદંડ થવાની ક્ષમતા ધરાવે છે.

एतद्देशप्रसूतस्य सफाशादग्रजन्मनः ।
स्वं स्वं चरित्रं शिक्षेरन्पृथिव्यां सर्वमानवाः ॥

- મનુસ્મૃતિ - ૨-૨૦

એવું મનુનું વિધાન કેવળ સ્વદેશના ગૌરવની અતિશયોક્તિ જ નથી પણ સત્યની આજેય ઝાંખી કરાવે છે.

વિશ્વસંસ્કૃતિ સંમેલનમાં ભારત દેશ આજે પણ ઉન્નત મસ્તકે સ્વસંસ્કૃતિની વિજય-પતાકા લહેરાવી શકે છે. તેનું કારણ ? ઉત્તર સહજ અને સરળ છે, વેદ. વેદની વૈચારિક પૃષ્ઠભૂમિ પર ભારતીય સંસ્કૃતિ સૈદેવ સોહાતી રહી છે, શાશ્વત

પાંગરતી રહી છે, સ્વસુવાસ પ્રસરાવતી રહી છે. પરિણામે, વેદમૂલક ધર્મને 'સનાતન ધર્મ' એવું સાર્થક નામ આપવામાં આવ્યું છે.

કોઇ પણ દેશના મહત્ત્વનો સાચો માપદંડ રાજા-રાણીના નામો કે બનેલા બનાવોની યાદી રૂપ ઇતિહાસ નથી. પરંતુ તે તે દેશની ભૂમિ પર સર્જાયેલ મહાનુભાવોની મહનીય જીવનલીલા અને પ્રદાન છે. એ દષ્ટિ એ મૂલવતાં વેદ ના ઋષિઓનું મહત્ત્વ તો વાણી અને મનથી અગોચર રહી શકાય. શિષ્ટ સાહિત્યમાં જેમ વાલ્મીકિ અને વ્યાસ તેમ વૈદિક સાહિત્યમાં વશિષ્ટ અને વિશ્વામિત્ર જેવાં મહામનીષિઓ પોતાની વાણીરૂપી ભાગીરથીથી વિશ્વને પાવન કરી ગયા છે. મહર્ષિ વસિષ્ઠે આપણને મૃત્યુંજયનો મંત્ર આપ્યો. માનવી મૃત્યુ પર વિજય મેળવે એ ભવ્યાતિભવ્ય વિચારની પ્રથમ કલ્પના કરવાનું શ્રેય વિશ્વમાં જો કોઇને પણ ફાળે જાય તો તે છે મહર્ષિ વસિષ્ઠ. અલબત્ત, એકવીસમી સદીના ઓવારે આવેલો આધુનિક માનવી આજે પણ મૃત્યુને જીતવાની મથામણમાંથી સંપૂર્ણપણે સફળતાપૂર્વક બહાર આવી શકયો નથી. બીજી બાજુ મહર્ષિ વિશ્વામિત્રે આપણને ગાયત્રીનો મંત્ર આપ્યો. જે કોઇ કવિની મહત્તાને માપવા તેના સર્જનની લોકપ્રિયતા કે જિહ્વાગ્રતાને એક માપદંડ તરીકે સ્વીકારવામાં આવે તો વિશ્વામિત્રથી વધીને કોઇ મહાકવિ હજુ સમગ્ર સંસારમાં જન્મવાનો બાકી છે. પૃથ્વી પર સેકડો વર્ષોથી, કિલોમીટરના પ્રદેશમાં લાખો મનુષ્યોએ કરોડોની સંખ્યામાં ગાયત્રીનું રટણ કર્યું છે, કરે છે અને કરશે. કુલ કેટલી વાર ગાયત્રીમંત્ર ગવાયો તેની ગણતરી કરવા માટે તો આધુનિક યુગનું કોમ્પ્યુટર પણ નિષ્ફળ જાય એવી પરિસ્થિતિ છે. કહો આથી વધુ લોકપ્રિય કવિ કોઇ થયો છે ખરો ? વેદના અનેક મંત્રો પ્રત્યે અપાર શ્રદ્ધા હોવા છતાં ગાયત્રીનું જ આગવું પરબ્રહ્મ સમું અદ્વિતીય મહત્ત્વ કેમ ? કારણ કે એ બુદ્ધિની ઉપાસના સૂચવતો મંત્ર છે. વિશ્વની ભૌતિક કે નૈતિક ઐહિક કે પારલૌકિક કોઇ પણ ઉન્નતિના મૂળમાં બુદ્ધિયોગની ઉપાસના નથી તો બીજુ શું છે ? પછી માનવી માત્ર ગાયત્રીરત બને તો પણ આશ્ચર્ય શું ? આમ વસિષ્ઠ અને વિશ્વામિત્ર જેવા મહર્ષિઓનાં નેતૃત્વમાં પાંગરેલી વેદવાટિકાના વિવિધવર્ણી વિચાર-સુમનો તથા પદ્ય પદ્ય પડેલા નીતિપરક વિચારનું ચયન એ એક આનંદનો અવસર કહેવાય.

વૈદિક જ્ઞાન-ગરિમા તથા વેદોમાં નિરૂપિત નીતિપરક વિચારધારા પર

ભારતીય જનતાની શ્રદ્ધા ગંગાની ધારા જેમ સતત વહેતી રહી છે. ઇતિહાસ સાક્ષી પૂરે છે કે તેનાં સંરક્ષાણાર્થે વીર કે વિદ્વાન સહુએ માથું આપીને યત્નો કર્યા છે. શૂરવીર શિવાજી કે મહાવીર રાણા પ્રતાપ કે બ્હાદુર જેવા વીરની વાત બાજુએ મૂકીએ પણ કુમારિલ ભટ્ટ કે શંકરાચાર્ય જેવા મહાપંડિતોએ પણ અવિરત પ્રયત્નો કર્યા છે, કારણ કે વેદમાં સઘળુ રહેલું છે, વેદથી જ સઘળું સિદ્ધ થાય છે. એવી ધાર્મિક શ્રદ્ધા તે-તે ભારતીયના ઘડતરમાં મહત્વનો ભાગ ભજવી ચૂકી હતી.

મનુસ્મૃતિના શબ્દોમાં વેદનું મહત્ત્વ વર્ણવવું હોય તો કહી શકાય કે -

वेदमेवाभ्यसेन्नित्यं यथाकालमतन्दितः ।
तं ह्यस्याहुः परं धर्मामुपधर्मोऽन्य उच्चते ॥

- (મનુસ્મૃતિ - ૪:૧૪૭)

આળસ ત્યજી દઇને વેદનો જ યથાકાલ સતત અભ્યાસ કરવો જોઇએ તેને જ મુખ્ય ધર્મ કહેવામાં આવે છે. બાકીના બીજા ગૌણ ધર્મો કહેવાય છે.

पितृदेवमनुष्याणां वेदश्चक्षुः सनातनम् ।
अशक्यं चाप्रमेयं च वेदशास्त्रमिति स्थितिः ॥

- (મનુસ્મૃતિ - ૧૨:૯૪)

પિતૃઓ, દેવતાઓ અને મનુષ્યોનું વેદ એ સનાતન ચક્ષુ-નેત્ર છે - પથ પદદર્શક છે. વેદને સંપૂર્ણ સમજવા અશકય છે. વેદ અપ્રમેય છે. (માપી ન શકાય તેવા છે) આ (વાસ્તવિક) સ્થિતિ છે.

चातुर्वर्ण्यं त्रयो लोकश्चत्वारश्चाश्रमाः पृथक् ।
भूतं भव्यं भविष्यं च सर्व वेदात्प्रसिद्धयति ॥

- (મનુસ્મૃતિ - ૧૧:૯૭)

બ્રાહ્મણ, ક્ષત્રિય વગેરે ચાર વર્ણ, સ્વર્ગ વગેરે ત્રણ લોક, બ્રહ્મચર્ય વગેરે ચાર જુદા-જુદા આશ્રમો, ભૂત, ભવિષ્ય અને વર્તમાન બધું જ વેદથી સિદ્ધ થાય છે.

બ્રહ્મણ ગ્રંથોમાં વેદના અધ્યયનનું ફળ અપ્રમેય દર્શાવાયું છે -

यावन्तं ह वै हमां पृथिवीं वित्तेन पूर्णां ददत् लोकं जयति त्रिभिस्तावन्तं जयति भूयांस च अक्षप्यं च य एवं विद्वान् अहरहः स्वाध्यायमधीते, तस्मात् स्वाध्यायोऽध्येतव्येः [૧]

૧. શતપથ બ્રાહ્મણ - ૧૧-૫-૬-૧.

અહીં કહેવાનો ભાવ એ છે કે કોઇ વ્યક્તિ ધનથી પરિપૂર્ણ આખી પૃથ્વીનું દાન કરીને જે લોકોને મેળવે છે તે જ લોક વેદનાં અધ્યયનથી મેળવી શકે છે, તેટલું જ નહિ તેથી વધીને અક્ષય લોકને પ્રાપ્ત કરે છે, માટે આમ જાણીને વિદ્વાન દરરોજ વેદનું અધ્યયન કરે છે. તેથી દરેકે વેદનું અધ્યયન કરવું જોઇએ.

त्यजेत्सर्वाणि कर्माणि वेदमेकं न संन्यसेत् એવું પરંપરામાં કહેવાયું છે.

ભારતમાં વેદના મહત્ત્વને સમજવા માટે પરંપરામાં વપરાતા બે શબ્દોનો અર્થ સમજવા જેવો છે. એ બે શબ્દો છે : (૧) આસ્તિક-દર્શન (૨) નાસ્તિક-દર્શન.

અહીં આસ્તિક એટલે ઇશ્વરને માનનારા અને નાસ્તિક એટલે ઇશ્વરને નહીં માનનારા એવો અર્થ થતો નથી પણ આસ્તિક એટલે **'વેદને માનનારા'** અને નાસ્તિક એટલે **'વેદને નહીં માનનારા'** એમ અર્થ કરવાનો છે.

વેદ શબ્દની જે સમજૂતી પ્રસ્તુત કરવામાં આપી છે તેમાં પણ પરંપરા મનાય છે કે જે બાબત પ્રત્યક્ષ કે અનુમાન પ્રમાણથી ઉપલબ્ધ થતી નથી. તે વેદથી પ્રાપ્ત થાય છે, માટે વેદની વેદતા સિદ્ધ થાય છે. [૨]

ભારતની ભૂમિમાં પ્રચલિત તત્વજ્ઞાનની મોટાભાગની શાખાઓનું મૂળ વૈદિક સાહિત્ય છે. બીજમાં વૃક્ષની જેમ દરેક સિદ્ધાંતનું મૂળ વેદમાં ઉપલબ્ધ થાય છે. વળી આસ્તિક દર્શનો તો વેદના પ્રમાણ્યનો સ્વીકાર કરીને જ આગળ વધે છે. આમ, ધર્મ અને તત્ત્વજ્ઞાનની દષ્ટિએ ધાર્મિક-જન-પ્રધાન ભારતભૂમિમાં વેદ પોતાનું વિશિષ્ટ સ્થાન ધરાવે છે. તેમાં સહેજ પણ આશ્ચર્ય પામવા જેવું નથી. વેદ પ્રત્યેની ભારતીય જનની શ્રદ્ધાએ તેને અતિમાનવી સર્જન સ્વીકારી अपौरुषय ગણાવ્યા છે. પરિણામે પ્રસ્થાનત્રયીમાં વેદ અને તેમાં ઉપનિષદ્ મહત્ત્વનું સ્થાન ધરાવે છે.

પ્રાચીન ભારતના વારસા-વૈભવને સમજવા માટે વૈદિક વાઙ્મય જેવું મહત્ત્વનું અન્ય કોઇ સાધન નથી તે એક વિશાળ કાળના પટ પર વ્યાપેલ છે. તેમાં ઋગ્વેદ તત્કાલીન સમાજના ઋષિઓના ગોત્ર, સંસ્કાર, ભાવનાઓ અને વર્તનને

૨. प्रत्यक्षेणानुमित्या वा यस्तूपायो न बुध्यत्ते ।
एतं विदन्ति वेदेन तस्माद्वेदस्य वेदता ॥ - (તૈ. ભા. ભૂમિકામાં સાયણ દ્વારા ઉદ્ધૃત)

સમજવામાં મદદરૂપ છે. તેમાંથી પ્રજા-પ્રજા વચ્ચેના સંઘર્ષને પણ જાણી શકાય છે. સામવેદ એ સંગીતના ઉદ્ભવ અને વિકાસની મહત્ત્વની કડી દર્શાવે છે. યજુર્વેદ પ્રાચીન ભારતની મહત્ત્વની યજ્ઞસંસ્થા પર પૂરતો પ્રકાશ પાથરે છે. અથવર્વેદ લૌકિક પરંપરાઓ અને આમજનતાની ઇચ્છા, આકાંક્ષા અને આચરણને વ્યક્ત કરતો વિશ્વકોશ બની જાય છે. બ્રાહ્મણ ગ્રંથો યજ્ઞના વિશ્વકોશ છે. તો ઉપનિષદો તત્વજ્ઞાનના સર્વસંગ્રહો છે. આમ ભારતના ભૂતકાળની ભવ્યતાનું સાંગોપાંગ દર્શન વૈદિક વાઙ્મય દ્વારા કહી શકાય છે. ખરે જ, વેદો વારસો-વૈભવ અદ્વિતીય છે અને રહેશે. [૩]

ભારતીય સંસ્કૃતિ અને સમાજમાં અન્ય કોઇપણ ગ્રંથ કરતાં વેદોનું મહત્ત્વ વધારે છે. હજારો વર્ષોથી તેને મૌખિક પરંપરામાં જે આદર અને ચોક્કસાઇથી જાળવી રાખવામાં આવ્યા છે તે જ તેનું ગૌરવ દર્શાવે છે. સાહિત્યિક દષ્ટિએ વેદ ભારતના જ નહિ, પણ સમગ્ર વિશ્વના કોઇપણ ભાષાના ગ્રંથ કરતાં પ્રાચીનતમ ગ્રંથ છે. ઋગ્વેદના સંવાદાત્મક સૂકતોમાંથી સંસ્કૃત નાટકોનો વિકાસ થયો. છંદશાસ્ત્ર, વ્યાકરણ, નિરુકત, જયોતિષ વગેરે વેદાંગો વેદને આધારે રચાયા છે. આપણુ કાવ્ય સાહિત્ય પણ એક યા બીજી રીતે વેદનું ઋણી છે. ભારતમાં પ્રચલિત અનેકવિધ તત્વજ્ઞાનની વિચારધારાનું આદિ મૂળ વેદ છે. આપણા અતિભવ્ય આધ્યાત્મિક વારસાનો ખજાનો વૈદિક સાહિત્યમાં છે. દંપતી એટલે કે પતિ-પત્નિ બન્ને ઘરનાં સરખા માલિક છે તે ભાવનાની શરૂઆત વેદથી થયેલી છે. ભાષાશાસ્ત્ર, રાજયશાસ્ત્ર, આયુર્વેદ, છંદ કે વ્યાકરણ ઇત્યાદિ શાસ્ત્રોના ભારતીય દષ્ટિકોણના ઊંડા અભ્યાસ માટે વેદનું અધ્યયન સમાજમાં જે અનૈતિકતા વ્યાપી ગયેલી છે તેને દૂર કરવામાં જે વેદોમાં પડેલા નીતિપરક પ્રધાન વિચારો છે. તેને જો બહાર લાવવામાં આવે તો એક તંદુરસ્ત સમાજનું નિર્માણ થઇ શકે. તે હેતુથી પણ વેદોનું અધ્યયન ખૂબજ જરૂરી છે.

વેદોમાં 'વિશ્વબંધુત્ત્વ' ની એટલે કે વિશ્વ નાગરિકત્ત્વની ઉદાત્ત ભાવના છે. 'અમને દેવોનું મિત્રત્વ પ્રાપ્ત થાય' 'અમે વિશ્વને મિત્રની દષ્ટિથી જોઇએ' 'અમે સૂર્ય-ચંદ્રની જેમ કલ્યાણકારી માર્ગને અનુસરીએ' તથા 'અમને ચારે બાજુથી

૩. 'વેદનો વારસાવૈભવ' - ગૌતમ પટેલ - અમદાવાદ-૧૯૮૪.

ઉમદા-કલ્યાણમય વિચારો પ્રાપ્ત થાય' જેવી જીવન ઘડતરમાં ચાવીરૂપ અનેક નીતિપરક વિચારધારા તથા ભવ્ય ભાવનાઓથી વૈદિક સાહિત્ય સોહાય છે. આધુનિક યુગમાં વેદનું અધ્યયન કેવળ ધાર્મિક દૃષ્ટિએ સમાજના એકાદ વર્ગનો ઇજારો છે એ માન્યતા દૂર કરી દેશના દરેક સમાજના પ્રત્યેક વ્યક્તિને માટે આ વૈદિક નીતિપરક વિચારધારા તેમના જીવન ઘડતરમાં ચાવીરૂપ બનશે એમાં કોઇ શંકાને સ્થાન નથી.

### ❖ વેદની વિવિધ વ્યાખ્યાઓ :-

વેદને ભારતીય જ્ઞાનના હિમાલય સમા માનવામાં આવ્યા છે કારણ તેમાં અનેક નીતિપરક વિચારરત્નોની ખાણો છે. વેદ એવા પવિત્ર નામનું ઉચ્ચારણ કરતાં જ ભારતીય સંસ્કૃતિ પ્રેમીના હૃદયમાં આનંદ અને ગૌરવની લાગણી થાય છે. તેના તરફ અપાર પ્રેમ અને શ્રદ્ધા તે ધરાવે છે. ભારતીય સંસ્કૃતિના મહામૂલા વસિયતનામા સમા અતિપ્રાચીન સંસ્કૃત સાહિત્યને વૈદિક સાહિત્ય તરીકે ઓળખવામાં આવે છે. તેમાં ઋગ્વેદ, સામવેદ, યજુર્વેદ અને અથર્વવેદનો તેમજ બ્રાહ્મણ, આરણ્યક અને ઉપનિષદ્ સાહિત્યનો સમાવેશ થાય છે. હવે પ્રશ્ન થાય છે કે વેદ કોને કહેવાય ? વેદ શબ્દનો ઉલ્લેખ ઘણા પ્રાચીનકાળથી ભારતીય સાહિત્યમાં થતો આવ્યો છે. સ્વયં વૈદિક સંહિતાઓમાં વેદ શબ્દનો પ્રયોગ આદ્યુદાત્ત અને અન્તોદાત્ત એમ બે રીતે થયેલા છે. $\surd$ विद् ધાતુને જયારે ભાવ અથવા અધિકરણના અર્થમાં પ્રત્યય લાગતા આ વેદ શબ્દ બને છે ત્યારે તેને આદ્યુદાન્ત સમજવામાં આવે છે અને वेति येन स वेदः એમ કરણના અર્થમાં घञन्त પ્રત્યય થાય છે ત્યારે તે અન્તોદાત્ત થાય છે. એમ દયાનંદ સરસ્વતી માને છે.[૪]

પ્રો. મેક્ડોનલ અને ડૉ. કીથ 'વૈદિક ઇન્ડેક્ષ' માં બતાવે છે કે - વેદ શબ્દ અથર્વવેદ અને પાછળથી શતપથ - બ્રાહ્મણ, નિરુક્ત વગેરેમાં 'પવિત્ર વિદ્યા' નો દ્યોતક છે અને જયારે તે બહુવચનમાં વપરાય છે ત્યારે તે ઋક્ સામ અને યજુસ્‌નો અર્થ દર્શાવે છે.[૫]

વેદની વ્યુત્પત્તિ આપવાનો પ્રારંભ ભારતમાં અતિ પ્રાચીનકાળથી થયેલો જણાય છે. તૈત્તિરીય સંહિતા અને તૈતિરીય બ્રાહ્મણમાં તેની વ્યાખ્યા મળે છે.

૪. ''वैदिक वाङ्मय का इतिहास'' प्रथम भाग - भगवद्दत्तः - पृष्ठ - १४०.

૫. 'Vedic Index' Vol. II, P. 325.

ત્યાં √ विद्-लाभे (૬ ઠો ગણ ઉભયપદી) પરથી તેની વ્યુત્પત્તિ થતી દર્શાવી છે અને ટીકાકાર ભટ્ટ ભાસ્કર √ विद्-ज्ञाने (૨ જો ગણ પરસ્મૈપદ) પરથી પણ વેદ શબ્દ વ્યુત્પન્ન કરી બતાવે છે.[૬]

'आयुर्वेद' માં 'वेद' શબ્દનો પ્રયોગ થયેલો જોવા મળે છે. આયુર્વેદમાં તેની વ્યુત્પત્તિ √ विद्-सत्तायाम् (૪ થો ગણ આત્મનેપદ) પરથી અને √ विद्-लाभे (૬ ઠો ગણ ઉભયપદી) પરથી દર્શાવી છે.[૭]

નાટયશાસ્ત્ર ૧ - ૧ પરની ટીકામાં અભિનવગુપ્ત વેદ શબ્દના सत्ता, लाभ અને विचार એમ ત્રણ અર્થો ગણાવે છે. જેમ કે,

नाटयस्य वेदनं सत्ता लाभो विचारश्च यत्र तन्नाटय वेदशब्देन .......उच्चते ।

- નાટયશાસ્ત્રઃ અભિનવગુપ્ત, વડોદરા

આ અર્થો અનુક્રમે √ विद्-सत्तायाम् (૪ થો ગણ) √ विद्-लाभे (૬ ઠો ગણ) અને √ विद्-विचारणे (૭ મો ગણ) પરથી ઊતરી આવેલા છે. આ ચર્ચા પરથી ફલિત થાય છે કે મૂળમાં √ विद्-ज्ञाने પરથી ઊતરી આવેલ વેદ શબ્દને અનેક રીતે ઘટાવીને તેની વ્યુત્પત્તિ જુદા-જુદા અર્થવાળા √ विद् ધાતુ પરથી થતી દર્શાવવામાં આવી છે.

ઉપરોકત બધા અર્થોનું સંકલન કરતા હોય તેમ શ્રી દયાનંદ સરસ્વતીએ વેદ શબ્દની વ્યુત્પત્તિ ૨ જા, ૪ થા, ૬ ઠા અને ૭ માં એમ ચારે ગણનાં विद् ધાતુમાંથી કરી બતાવી છે -

विदन्ति जानन्ति, विद्यन्ते भवन्ति, विदन्ति अथवा विन्दन्ते लभन्ते, विन्दन्ति विचारयन्ति सर्वे मनुष्याः सर्वाः सत्यविद्या यैर्येषु वा तथा विद्वासश्च भवन्ति ते वेदाः ।[૮] જેનાથી સર્વે મનુષ્યો સત્યવિદ્યા જાણે છે, જેમાં બધી સત્યવિદ્યાઓ રહેલી છે, જેનાથી સઘળી વિદ્યાઓ પ્રારંભ થાય છે અને જેના દ્વારા સત્યવિદ્યા વિચારીને મનુષ્યો વિદ્વાન થાય છે તે વેદ કહેવાય. આમ, તેઓનું માનવું છે.

---

૬. ★ वेदेन वै देवाः असुराणां वित्तं वेद्यमविन्दन्त तद्वेदस्य-वेदत्वम् । तैत्तिरीय संहिता = १ः४ः२०
★ वेदिर्वेदेभ्यो निलायत । तां वेदेनान्वविन्दन् । वेदेन वेदि विविदुः पृथिवीम् । તૈત્તિરીય બ્રાહ્મણ - ૩ઃ૩ઃ૯ઃ૬૯

૭. आयुरस्मिन् विद्यतेऽनेन वा आयुर्विन्दतीत्यायुर्वेदः । - સુશ્રુતઃ સૂત્રસ્થાન ૧ઃ૧૪.

૮. ઋફ્ભાષ્યભૂમિકા - દયાનંદ સરસ્વતી
''वैदिक वाङ्मय का इतिहास'' - भगवद्तः - पृष्ठ - १४३.

તેમણે √ विद्-ज्ञाने √ विद्-सत्तायाम् √ विद्-लाभे અને √ विद्-विचारणे આમ ચારે અર્થોના ધાતુઓને 'વેદ' શબ્દનું મૂળ માન્યા છે.

બૃહત્ કોશમાં 'વેદ' પું. જ્ઞાન ( ૨ ) પવિત્ર જ્ઞાન, હિંદુઓનો પ્રાચીન ધર્મગ્રંથ (ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદ) (૩) કર્મકાંડ, યજ્ઞપ્રક્રિયા (૪) સ્મૃતિ-સાહિત્ય ('आम्नाय' ને આધારે પ્રવર્તેલુ)[૯]

વેદ તરફ અત્યંત શ્રદ્ધાપૂર્ણ નેત્રોથી અનુશીલન કરનારાઓ 'વેદ' શબ્દમાં કાંઇક વિશેષ અર્થ શોધવાનો પ્રયત્ન કરે છે. તે માને છે : "√ विद्-ज्ञाने ધાતુ પરથી घञ् પ્રત્યય થઇને વેદ શબ્દ બને છે. આ 'घञ्' પ્રત્યય નો અર્થ ભાવ, કર્મ અથવા કરણ થઇ શકે છે. એટલા માટે જ્ઞાન, જ્ઞાનનો વિષય એટલે જ્ઞેય પદાર્થ અને જ્ઞાનના સાધન- આ ત્રણ 'વેદ' શબ્દના વાચ્ય બને છે.

ધાતુપાઠમાં પાણિની √ विद् ના સત્તા, લાભ અને વિચારવું એવા અર્થો આપે છે. 'વિચારવું' એ અર્થ જ્ઞાનમાં અંતર્ગત થાય. બાકી રહ્યા બે અર્થ લાભ અને સત્તા, લાભ આનંદનો ઉત્પાદક છે અથવા તો કહો આનંદનું જ એક સ્વરૂપ છે. આમ સત્તા, આનંદ અને જ્ઞાન એ જે ત્રણ બ્રહ્મના લક્ષણો છે તે વેદના લક્ષણો બની જાય છે અથવા એમ પણ કહેવાય કે √ विद् ના અર્થમાં સત્તાથી ઉત્પત્તિ, જ્ઞાનથી પાલન અને લાભથી પ્રાપ્તિ કહેતા લયની વાત આવી જાય છે. પ્રાચીન ભારતમાં બ્રહ્મ, વિદ્યા અને વેદ એકબીજાના પર્યાય તરીકે વપરાતા હતા. त्रयं ब्रह्म, त्रयी विद्या, त्रयो वेदाः આવા પ્રયોગો સર્વત્ર મળી આવે છે.[૧૦]

'વેદ' નો એક અર્થ 'વિષ્ણુ' થાય છે. નાનાર્થરત્નમાલા તેનો અર્થ 'વેદાંગ' આપે છે અને વિષ્ણુનું એક નામ વેદાંગ પણ છે. वेदो वेदविदव्यङ्गो वेदांगो वेदवित् कविः ।[૧૧] શબ્દના ઇતિહાસની દૃષ્ટિએ જોઇએ તો માની શકાય કે જયારે કર્મકાંડનું જોર વધ્યું ત્યારે યજ્ઞને મહત્ત્વ મળ્યું. પરિણામે વેદના મંત્રોનો વિનિયોગ કે વ્યાખ્યા યજ્ઞપરક થવા લાગી ત્યાં સુધી સ્વીકારાયું હતું કે જે ક્રિયાપરક નહિ તે અર્થહીન.[૧૨]

---

૯. બૃહત્કોશ : સંપાદક - પ્રા. રતિલાલ સા. નાયક, અક્ષર પ્રકાશન : અમદાવાદ. પૃષ્ઠ ૪૦૪ - પ્રથમ આવૃતિ - ૨૦૦૩

૧૦. वैदिक विज्ञान - भगवद्दतः - पृष्ठ - १४३ - ગિરિધર શર્મા ચતુર્વેદી, પ્રથમ આવૃતિ : પૃષ્ઠ : ૨૭.

૧૧. વિષ્ણુસહસ્ત્રનામ : શ્લોક : ૨૭

૧૨. आम्नायस्य क्रियार्थत्वादानर्थक्यमतदर्थानां तस्माद नित्यमुच्यते - જૈ. સૂ. ૧-૨-૧.

બીજી બાજુએ કાળક્રમે વિષ્ણુનું મહત્ત્વ વધી ગયું, યજ્ઞ એ જ વિષ્ણુ અને અગ્નિ એ દેવતાઓમાં હીન છે. વિષ્ણુ શ્રેષ્ઠ છે. એવી વિચારધારાઓ અસ્તિત્વમાં આવી.[૧૩] આ રીતે યજ્ઞ એટલે વેદ અને યજ્ઞ એટલે વિષ્ણુ આ બે સમીકરણોમાંથી જાણે કે નવું સમીકરણ બન્યુ કે 'વેદ' એટલે 'વિષ્ણુ' વળી વિષ્ણુના પ્રભુત્વને સર્વક્ષેત્રે સ્થાપિત કરવામાં વૈષ્ણવ સંપ્રદાયનો ફાળો નાનોસૂનો નહિ હોય.

વેદનો એક અર્થ 'વેદાંગ' થાય છે. આ કેવી રીતે બન્યુ હશે ? વિષ્ણુસહસ્ત્રના શ્લોકમાં વિષ્ણુનું એક નામ વેદાંગ પણ ગણાવ્યું છે. ''વેદો જેના અંગભૂત છે તે ભગવાન વેદાંગ'' वेदा अङ्गभूता यस्य सः वदाङ्गः । એવો અર્થ શંકરાચાર્ય ધરાવે છે.[૧૪] આ વેદાંગ એ વિષ્ણુનું એક નામ છે અને વેદ શબ્દનો વિષ્ણુ એવો એક અર્થ થાય એ તો ઉપરની કંડિકામાં દર્શાવ્યું છે. આથી વેદ શબ્દનો વેદાંગ એવો અર્થ પ્રચલિત થવામાં આ વિચારે મદદ કરી હશે.

મેદિની કોશમાં વેદનો અર્થ 'वृत्तम' આપ્યો છે. વૈદિક સાહિત્યમાં સંહિતા, બ્રાહ્મણ, આરણ્યક અને ઉપનિષદ સાહિત્યનો સમાવેશ થાય છે. તેમાં ચારે સંહિતાઓ મુખ્યત્વે છંદમાં રચાયેલી છે. તેને બ્રાહ્મણ વગેરે ગ્રંથોથી જુદી તારવા માટે 'छन्दासि' એમ કહેવાની પ્રથા કાળક્રમે અસ્તિત્વમાં આવી હતી. છંદસ્નો પર્યાય વૃત એટલે મેદિનીએ નોંધ્યું કે વેદનો અર્થ 'वृत्तम' થાય છે.

શબ્દરત્નાવલિમાં छंदस्, निगम અને ब्रह्म એવા વેદ શબ્દના અર્થો આપ્યા છે. અહીં પ્રતિપાદ્ય-પ્રતિપાદકના અભેદને કારણે વેદ એટલે બ્રહ્મ એવો અર્થ પ્રચલિત થયેલો જણાય છે કારણ કે વેદના મૂર્ધન્યરૂપ બનેલ ઉપનિષદ્ સાહિત્યનો પ્રતિપાદ્ય વિષય બ્રહ્મ છે. વળી सत्यं ज्ञानमनन्तं ब्रह्म મુજબ જ્ઞાન એ બ્રહ્મનું લક્ષણ છે અને વેદ એટલે જ્ઞાન એ અર્થ સર્વસામાન્ય છે. આથી વેદ એટલે બ્રહ્મ એવું અર્થઘટન થયું હોય તેવી શકયતા નકારી શકાય એમ નથી.

અમરકોશમાં 'વેદ' ના 'श्रुति' અને 'आम्नाय' એવા બે પર્યાય આપ્યા છે. આમ્નાય એટલે પરંપરા, વેદો ગુરશિષ્યની પરંપરા દ્વારા ઊતરી આવેલા છે.

---

૧૩. यज्ञो विष्णुः - તા. બ્રા. ૧૩-૩-૨; ગો.બ્રા. ૨-૪-૭.
अग्निर्वै देवानामवमो विष्णुः परमः । કાઠ. ૧૨-૧૩ ઐ. ૧૫-૧-૧.

૧૪. વિષ્ણુસહસ્ત્ર : શ્લોક : ૨૭ પરનું શકરાચાર્યનું ભાષ્ય.
ગીતા પ્રેસ : ગોરખપુર ૭ આવૃતિ : પૃષ્ઠ : ૧૦૬.

આનું જ્ઞાન કાનોકાન એકબીજાને થતું તેથી તેનું શ્રુતિ એવું નામ પ્રચલિત થયું. આ શબ્દ્બ્રહ્મનું સ્કુરણ પ્રથમ હૃદયાકાશમાં ઋષિઓને થયું અને પછી તે શ્રુતિગમ્ય બન્યા માટે પણ તે શ્રુતિ કહેવાય.

મહાભારતમાં 'વેદ' શબ્દનો 'સ્મૃતિ' એવો અર્થ પણ કરવામાં આવે છે. એમ એક ઉલ્લેખ પરથી જણાય છે.[૧૫]

ટીકાકારો અને સંપ્રદાયો વેદનું કેવું અર્થઘટન કરે છે તે નોંધવુ રસપ્રદ થઇ પડશે. અમરકોશની ટીકા કરનાર ક્ષીરસ્વામી - ''विदन्त्यनेन धर्मं वेदः'' એવો અર્થ કરે છે. हेमचन्द्राचार्य - ''विदन्त्यनेन धर्मं वेदः'' એવી વ્યુત્પત્તિ સ્વીકારે છે. મીમાંસકો મુજબ અપૌરુષય વાકય એટલે વેદ[૧૬] ધર્મ બ્રહ્મનું પ્રતિપાદન કરનાર અપૌરુષય વાકય એટલે વેદ એવી વેદાન્તીઓ ની માન્યતા છે.[૧૭] બ્રહ્માના મુખમાંથી નીકળેલ ધર્મનો બોધ કરાવનાર શાસ્ત્ર તે વેદ એવું પુરાણો પ્રતિપાદન કરે છે.[૧૮] યોગશાસ્ત્ર મત્સ્યાવતારમાં ભગવાને કહેલ વાકય તે વેદ એમ માને છે.

मीनशरीरावच्छेदेन भगवद्वाकयं वेदः । (શબ્દકલ્પદ્રુમ) મત્સ્યપુરાણ મુજબ પ્રલય દરમ્યાન ભગવાને મત્સ્યનું રૂપ લઇને વેદોનું રક્ષણ કર્યું હતું. ગીતગોવિંદમાં પણ આ અર્થને અનુલક્ષીને મત્સ્યાવતાર માટે ''વેદોનો ઉદ્ધાર કરે છે'' - (वेदानुद्धरते - ગીતગોવિંદ-૧-૧) એવો શબ્દ વાપરવામાં આવ્યા છે.

વેદ ઉપરાંત વૈદિક સાહિત્ય માટે શ્રુતિ, આમ્નાય, ત્રયી, છન્દસ્ સ્વાધ્યાય તેમજ આગમ નિગમ જેવા સાર્થક પર્યાયોનો પણ પ્રયોગ ભારતીય પરંપરામાં દૃષ્ટિગોચર થતો જણાય છે.

શ્રુતિ એટલે કર્ણ-કુહર પરંપરામાં વહેતી આવેલી વેદની અસ્ખલિત ધારા. શ્લોકવાર્તિકના વાકયાધિકરણમાં કહ્યું છે -

वेदस्याध्ययनं सर्वं गुर्वध्ययनपूर्वकम् ।

वेदाध्ययनसामान्यादधुनाध्ययनं यथा ।

આમ ગુરુ પરંપરાપૂર્વક જ વેદનું અધ્યયન કર્ણાપકર્ણ કરવાની પ્રથા હતી.

---

૧૫. वेदवादस्य विज्ञानं सत्यासत्यमिवामृतम् । - મહાભારતમ્ ૧૨:૧૦:૨૦.
आम्नायेभ्यः पुनर्वेदाः प्रसृताः सर्वतोमुखाः । - મહાભારતમ્ ૧૨:૨૬૦:૯.

૧૬. अपौरुषेयं वाक्यं वेदः ।

૧૭. धर्मब्रह्मप्रतिपादकं अपौरुषयवाक्यं वेदः । - 'શબ્દકલ્પદ્રુમ' ભાગ-૪, પૃષ્ઠ : ૪૯૬.

૧૮. ब्रह्ममुखविनिर्गतधर्मज्ञापकशास्त्रं वेदः । - 'શબ્દકલ્પદ્રુમ' ભાગ-૪, પૃષ્ઠ : ૪૯૬.

પરિણામે તેનું શ્રુતિ એવું પરંપરાદ્યોતક નામ પ્રચલિત થયું. વેદ અપૌરુષય છે. તેનું અંતગુહાકાશમાં સ્ફુરણ થયું અને મનઃશ્રોત્રથી ઋષિમુનિઓએ શ્રવણ કરી શબ્દોથી મંત્રોને અક્ષરદેહ આપ્યો, આવી પણ ભારતીય માન્યતા છે. આમ 'શ્રવણ' થયું માટે તેને 'શ્રુતિ' નામ અપાયું એવો પણ એક મત છે.

आम्नाय - આમ્નાય અને સમામ્નાય શબ્દ વેદના પર્યાય તરીકે વપરાય છે. आम्नाय-समाम्नायशब्दयोर्वेद एव प्रसिद्धः એમ નાગેશ ભટ્ટ 'લઘુશબ્દેન્દુશેખર' માં કહે છે. √ म्ना-अभ्यासे ધાતુ પરથી આમ્નાય શબ્દ આપ્યો છે. તેની વ્યુત્પત્તિજન્ય અર્થ અભ્યાસ એટલે પુનરાવર્તન એવો થાય. આ નામકરણ પાછળ એક પરંપરાગત માન્યતા રહેલી છે કે વેદોની ઉત્પત્તિ થઇ નથી પણ ધાતા यथापूर्वमकल्पयत् - ઋગ્વેદ ૧૦-૧૯-૩ મુજબ સૃષ્ટિના આરંભપૂર્વે જેવા વેદ હતા. તેવા જ ધાતા બ્રહ્માએ ફરીથી આપ્યા. આ વેદનું પુનરાવર્તન થયું - અભ્યાસ થયો. આથી વેદને આમ્નાય - સમામ્નાય કહેવામાં આવે છે.

स्वाध्याय વેદ માટે સ્વાધ્યાય શબ્દનો પ્રયોગ પણ વારંવાર થયેલો છે. स्वाध्यायोऽध्येतव्यः (તૈ.આ. ૨.૧૫.૭) અથવા स्वाध्यायप्रवचनाम्यां न प्रमदितव्यम् માં સ્વાધ્યાય શબ્દ વેદનો દ્યોતક છે. सु + आ + अध्याय ઉપરથી स्वाध्याय શબ્દ બને છે. કુલપરંપરાથી જે વિધિપૂર્વક સારી રીતે અધ્યયન કે અભ્યાસ કરવાને યોગ્ય છે તેને સ્વાધ્યાય કહેવાય. આમ અહીં પણ મૌખિક પરંપરાને ઉદ્દેશીને સ્વાધ્યાય એવું વેદનું સાર્થક નામ અસ્તિત્વમાં આવેલું જોવા મળે છે.

त्रयी - વેદ સમૂહ માટે त्रयी એવું નામ ઘણા જ પ્રાચીનકાળથી પ્રચલિત છે. પરંતુ ખાસ ધ્યાન રાખવાનું છે કે ત્રયી કહેતાં ઋગ્વેદ, સામવદે અને યજુર્વેદ એમ ત્રણ જ વેદોનો નિર્દેશ થતો નથી. પણ त्रयी ના અર્થવર્તુળમાં એ ત્રણ વેદો ઉપરાંત અથર્વવેદનો પણ સમાવેશ થઇ જાય છે. ત્રયી કહેતાં ऋक्, साम અને यजुस् એ ત્રણ પ્રકારના મંત્રો આવે છે. પદ્યબદ્ધ તે ઋચા કે ऋक् ગીતમાં ગવાય તે साम અને બાકી રહે તે यजुस् એટલે યજ્ઞાદિમાં માં વિનિમય થાય તે યજુસ્ અને આ ત્રણે મળીને ત્રયી થાય.

બીજા શબ્દોમાં કહીએ તો ઋક્, સામ અને યજુસ્ એ ચારે વેદના કાવ્યના પદ્ય, ગીત અને ગદ્યાત્મક ત્રણ પ્રકારો કહેવાય. જેમ ગદ્ય, પદ્ય અને ચંપૂ કહેતા

સાહિત્યના દરેક પ્રકારોનો નિર્દેશ આવી ગયો કહેવાય, તેમ ત્રયી કહેતાં ચારે વેદ આવી જાય. આ કેવળ ઊડતી કલ્પના નથી. શોનકાચાર્યની સર્વાનુક્રમણીના સુપ્રસિદ્ધ ટીકાકાર ષડ્ગુરુશિષ્ય લખે[૧૯] છે. આ પ્રાચીન પરાંપરાને નહિ જાણનાર વિદેશી વિદ્વાનો અને તેને અનુસરતા ભારતીય વિદ્વાનો પણ 'ત્રયી' એટલે ત્રણ વેદ, તેમાં અથર્વવેદ ન આવે વગેરે વાતો કરે છે. પ્રાચીન ભારતમાં ત્રયી એટલે ત્રણ વેદ જ અભિપ્રેત હોત તો મુંડક ઉપનિષદ કે ગોપથ બ્રાહ્મણ વગેરે ગ્રંથોમાં વેદનાં નામો ગણાવ્યાં છે ત્યાં અથર્વવેદને શા માટે સમાવી લીધો હોત ? વળી એક વાત નોંધવાની કે જયારે-જયારે કોઇ વસ્તુનું કે ગ્રંથનું મહત્ત્વ દર્શાવવું હોય ત્યારે 'પંચમવેદ' એવો પ્રયોગ થયેલો જોવા મળે છે. भारतं पच्चमो वेदः કે नाटकं पच्चमो वेदः । કયાંય चतुर्थो वेदः કહીને પ્રાચીન જમાનમાં કોઇનું મહત્ત્વ દર્શાવાયું નથી. [૨૦] આથી જયાં-જયાં ऋक्, साम, यजुस નો નિર્દેશ છે ત્યાં તે નામના ત્રણ વેદોનો નહિ પણ ત્રણ પ્રકારના મંત્રોનો નિર્દેશ છે એમ સમજવાનું છે.

आगम અને निगम - आ + गम् આવવું પરથી આગમ જ આવે છે. જે કુલપરંપરાથી ઊતરી આવે છે. તે આગમ અથવા જે કર્ણ દ્વારા મનમાં પ્રવેશ કરે છે તે આગમ અને નિ + ગમ્ પરથી શિષ્ય-પ્રદેય હોવાથી જે મુખ દ્વારા બહાર નીકળે છે તે નિગમ. આવો પરંપરાદ્યોતક વ્યુત્પત્તિજન અર્થ આ બે શબ્દોનો આપી શકાય. કુમારિલ ભટ્ટ માટે આગમ સર્વસ્વ છે - आगम प्रवणश्चाहम् (શ્લોકવાર્તિક ઉપક્રમ-૭) અને નિગમ એ મહર્ષિ વ્યાસનું કલ્પદ્રુમ છે. [૨૧]

अनुश्रव - ગુરુશિષ્ય પરંપરાથી વેદને મૌખિક રીતે સંભળાવવામાં અને તે રીતે જાળવવામાં આવતા. અહીં એક પાસેથી બીજી વ્યક્તિ સાંભળે તે કારણે વેદને માટે 'अनुश्रव' શબ્દનો પ્રયોગ થયો છે. [૨૨]

---

૧૯. विनियोक्तव्यरुपश्च त्रिविधः सम्प्रदर्श्यते ।
ऋग्यजुः सामरुपेण मन्त्रो वेदचतुष्टये ॥
ऋक्पादबद्धा गीतं तु साम गद्यं यजुर्मन्त्रः ।
चतुर्ष्वपि वेदेषु त्रिधैव विनियज्यते ॥

૨૦. त्रयी शब्दः ऋग्यजुः सामाख्येषु मन्त्रेषु प्रयुज्यते ।
- छान्दोग्योपनिषद्दीपिका. સાયણાચાર્યભાષ્ય - સંપાદક ડૉ. ગૌતમ પટેલ - પૃ. ૨૯૯.

૨૧. निगमकल्पतरोर्गलितं कलम् । - ભાગવત્ : ૧-૧-૩.

૨૨. दृष्टवदानुश्राविकः - સાંખ્યકારિકા-૨.
गुरुपाठादनुश्रूयते हत्यनुश्रवो वदः - સાં.ત. કૌ. - વાસસ્પતિ મિશ્ર-૨.

આ રીતે અત્યંત મહત્ત્વ ધરાવતા તથા વિવિધ વ્યાખ્યાઓ ધરાવતા વેદોમાં સ્વતંત્ર અને સ્પષ્ટ નીતિ-નિર્દેશ પણ પ્રાપ્ત થાય છે. આ દષ્ટિથી આપણને ભોલાનાથ તિવારીનો આ મત તર્કસંગત લાગતો નથી - ''ઋગ્વેદમાં મોટેભાગે દેવતાઓને માટે લખાયેલી સ્તુતિઓ છે; નીતિ અને ઉપદેશથી એમનો કોઇપણ પ્રત્યક્ષ સંબંધ નથી.''[૨૩] એમના મતાનુસાર વેદ નીતિ સિદ્ધાંતોથી રહિત છે. આના સિવાય પાશ્ચાત્ય વિદ્વાન વિન્ટ્રરનિત્સના વિચારને પણ તે યોગ્ય માને છે, કે ઋગ્વેદ ભલે ગમે તે હોય, ઉપદેશાત્મક પુસ્તક નથી.[૨૪]

વેદોમાં યશ, સત્ય, મૈત્રી, અભય, સ્વસ્તિ, વિવેક, દાન, પાપરાહિત્ય, પવિત્રતા વગેરેનું યોગ્ય વિશ્લેષણ ઉપરાંત વૈયક્તિક પારિવારિક, સામાજિક ઉપાસના વગેરે સંબંધિત નીતિ વિષયક અનેક મંત્રો જોવા મળે છે. તેની સાથે રાષ્ટ્રિયભાવનાના પણ દર્શન થાય છે. આ પ્રકારે વેદોમાં સુખી-સમૃદ્ધ અને શત્રુ રહિત રાષ્ટ્રનો સિદ્ધાંત પણ દષ્ટિગોચર થાય છે. આ નીતિ વિષયક તત્ત્વોનું પ્રતિપાદન વેદોના પરિપેક્ષમાં સંક્ષેપમાં જાણવાનો વિચાર કરીએ.

**(૧) વેદોમાં રાજનીતિ દર્શન :-**

વૈદિક આર્યોએ અનેક જગ્યાએ પોતાના આરાધ્યને 'રાજા', 'સમ્રાટ' વગેરે કહ્યા છે. જેનાથી એમની રાષ્ટ્ર પ્રત્યેની ભાવનાનું અનુમાન થઇ શકે છે. તેનાથી આગળ રાજાની ઉત્પત્તિ, એમનું સ્વરૂપ અને કર્તવ્ય વિષયક ઉલ્લેખ પણ પ્રાપ્ત થાય છે. વૈદિક સંહિતાઓમાં અશ્વમેઘ, રાજસૂય, સર્વમેઘ, સોમયાગ વગેરે અનેક એવા મંત્ર મળે છે કે જે અપ્રત્યક્ષતઃ રાજા સાથે સંબંધિત છે. યુદ્ધના પ્રસંગોમાં આપણને સેના, સભા, સમિતિ વગેરે સંસ્થાઓની જાણકારી પ્રાપ્ત થાય છે. સરમા-પણિ સંવાદ સૂકતમાં ગુપ્તચર વ્યવસ્થા ઉપર પ્રકાશ પડે છે. વાસ્તવમાં સામાજિક શત્રુઓ સાથે યુદ્ધ કરવા માટે જ આર્યોના સામાજિક જીવનને રાજનીતિક રૂપ લીધુ. ઋગ્વેદના એક મંત્રમાં કહેવાયું છે કે - ''હે ઇન્દ્રદેવ, રાક્ષસોનો મૂળ સહિત નાશ કરી અમારી રક્ષા કરો.''[૨૫] આ પ્રકારે બ્રહ્મદ્વેષી અપવ્રત ધારણ

૨૩. हिन्दी नीति काव्यः भोलानाथ तिवारी - पृ. २६३.

૨૪. 'A History of India Literature' Vol. 1, 1927 - Page No. 115.

૨૫. ''आ कीवतः सललूकं चकर्थ ब्रह्मद्विषे तपुषि हेतिमस्य'' - ઋગ્વેદ ૩ / ૩૦ / ૧૭.

કરવા લોકોનો નાશ કરો.[૨૬] જેથી એમને યુદ્ધમાં વિજય માટે એક નેતાની આવશ્યકતા હતી અને તેમણે તેને 'રાજા' ની સંજ્ઞા આપી. ઋગ્વેદમાં એક જગ્યાએ કહેવાયું છે કે પોતાના શત્રુ સાથે યુદ્ધ કરી એમના પર વિજય પ્રાપ્ત કરવાના કારણે આર્યોએ ઇન્દ્રને પોતાના રાજા બનાવ્યા હતા.[૨૭] ઇન્દ્ર ને રાજાના રૂપમાં સ્વીકારેલ છે. તેના ગુણોનું વર્ણન મળે છે – ''શીઘ્રકારી, તીક્ષ્ણ, તેજસ્વી, ભયંકર, આંખલા સામે ધમાસાણ મચાવી દેવાવાળા, યુદ્ધભૂમિમાં વીરોને વિચલિત કરી દેવાવાળા, શત્રુ સેનામાં હાહાકાર મચાવી દેવાવાળા, પરાક્રમશીલ, ઐશ્વર્યશાળી વીર રાજા એકલો જ સેંકડો સૈનિકો પર વિજય મેળવે છે.''[૨૮] વાજસનેય સંહિતામાં એક જગ્યા પર ઇન્દ્રને રાક્ષસોના વધને માટે રાજાને નિયુક્ત કર્યાં છે.[૨૯] આ ઉપરાંત રાજાને માટે તેજસ્વિતા, દાનાદિ ગુણ પણ બતાવેલ છે. જેના દ્વારા તે પોતાને આધિન રહેવાવાળા પ્રાણિઓને દાન, કર્મશીલતા, તેજસ્વિતા દ્વારા અનૃત, હિંસા, ભ્રષ્ટાચાર વગેરે દોષોને દૂર કરી, ઋત, સત્ય, અહિંસા અને સદાચારના માર્ગ ઉપર લઇ જાય. આ ગુણોની મદદથી મનુષ્યને આ લોક અને પરલોક બન્નેમાં સુખની પ્રાપ્તિ થાય છે. વેદોમાં જ એક જગ્યાએ રાજાને પંચદેવયુક્ત[૩૦] તેમજ એક બીજી જગ્યાએ દશદેવયુક્ત[૩૧] બનાવવાની પ્રક્રિયાનો પણ ઉલ્લેખ કરાયો છે. તેનાથી પ્રતિત થાય છે કે રાજામાં દૈવીય ગુણોની સ્થાપના મંત્રો દ્વારા કરવામાં આવતી હતી. આ પ્રકારે એ ગુણ રાજાને આદર્શ રાજા બનાવવા માટે જ ગણવામાં આવતો.

વેદમાં કહેવાયું છે કે રાજા બ્રહ્મચર્ય અને તપ દ્વારા રાષ્ટ્રની રક્ષા કરે છે.[૩૨] રાજાના રાજયાભિષેક સમયે એમના કર્તવ્યોનું પણ સ્મરણ કરાવવામાં આવતુ અને પાલન કરવાવાળા રાજા શત્રુ દ્વારા વિજિત પદભ્રષ્ટ થઇ જતો હશે. કારણકે

૨૬. त्वं हि शूरः सनिता चोदयो मनुषोरथम् ।
सहावान्, दस्युमव्रततमोषः पात्रं न शोयिषा ॥ – ઋગ્વેદ ૧/૧૭૫/૩. સામ. ૧૪૩૪.

૨૭. त्वमीशिषे सुतानामिन्द्र त्वमसुतानाम् त्वं राजा जनानाम् । – ઋગ્વેદ ૮/૬૪/૩. સામ. ૨૦/૯૩/૩.

૨૮. आशुः शिशनो वृषो न भीमो धनाधनः क्षोभणचर्षणीनाम् ।
संक्रन्दनोऽनिमिष एकवीरः शतं सेना अजयत्साकमिन्दः ॥ – ઋગ્વેદ ૩/૩૦/૧૭.

૨૯. जुहोमि हतं रक्षः स्वाहा रक्षसां त्वा वधाय – વાજસનેય સંહિતા – ૯/૩૮.

૩૦. વાજસનેય સંહિતા – ૧૦/૨૮.

૩૧. વાજસનેય સંહિતા – ૧૦/૩૦.

૩૨. ब्रह्मचर्येण तपसा राजा राष्ट्रं वि रक्षति – અથર્વ. – ૧૧/૫/૧૭.

અથર્વવેદમાં રાજાના પુનઃપ્રતિષ્ઠિત હોવાનું વિધાન કરાયેલ છે.[૩૩]

વેદોમાં રાજાને 'ધૃતવ્રત' (વ્રતોને ધારણ કરવાવાળા) કહેલ છે અને 'વ્રત' નું તાત્પર્ય 'કર્તવ્યો' સાથે છે.[૩૪] પ્રજાને માટે રાજાના કર્તવ્ય બતાવતા કહેવાયું છે કે - ''હે અગ્રનેતા, તમે વિદ્યા અને જ્ઞાનથી પ્રકાશમાન મંગલકારી કાર્યો દ્વારા, સત્કારના સાધનો દ્વારા, મહાન તેજ દ્વારા પ્રકાશિત થઇ સુખોનું સંપાદન કરો અને પાલન યોગ્ય પ્રાણીઓની હિંસા કરો નહિં.''[૩૫]

રાજા દુરાચારી મનુષ્યોની હિંસા કરવાના અધિકારી છે. તેના વિના પ્રજાને માટે સુખ તેમજ કલ્યાણની અભિલાષા કરવી વ્યર્થ છે. વેદોમાં શત્રુઓના વિનાશને ઉચિત માનેલ છે. યુદ્ધભૂમિને યજ્ઞભૂમિ કહેલ છે અને રણભૂમિમાં વીરગતિ પ્રાપ્ત કરવાવાળા યોદ્ધાને સહસ્ત્ર દક્ષિણાયુક્ત યજ્ઞ કરવાવાળા યજમાનની જેમ જ પુણ્ય ફળ પ્રાપ્ત કરવાવાળા બતાવેલ છે.

વૈદિકકાળમાં સભાના સભ્યોને 'સભાસદ' કહેવામાં આવતા અને એમની સભામાં ભાષણ દેવાનો પણ ઉલ્લેખ મળે છે.[૩૬] અને સભાના સભ્યોને સત્ય તેમજ ન્યાયપૂર્વક વાણી બોલવી જોઇએ.[૩૭] એ પણ કહેવાયું છે. દૂતના આચરણનો નિર્ધારણ કરતાં કહેવાયુ છે કે એ તન્દ્રારહિત[૩૮] શ્રેષ્ઠ તેમજ બળવાન હોવો જોઇએ.[૩૯] એમની કાર્યકુશળતાના વિષયમાં પણ કહેવાયું છે.[૪૦]

એતરેય બ્રાહ્મણમાં આવતાં ઐન્દ્રમહાભિષેકમાં એ યુગમાં પ્રચલિત એવી જુદી-જુદી શાસનપ્રણાલીઓનો નિર્દેશ પ્રાપ્ત થાય છે. જેમકે,

साम्रज्यं भोज्यं स्वाराज्यं वैराज्यं पामेष्ठयं राज्यं महाराज्य माधिपत्यं जित्वा ...............[४१]

---

૩૩. आ त्वांगन् राष्ट्रं सह वर्चसोदिहि प्राङ् दिशां पतिरेकराट् त्वं विराज ।
सर्वास्त्वा राजन् प्रदिशो हयन्तूपसद्यो नमस्यो भवेह ॥ - અથર્વ. - ૩/૪/૧.

૩૪. आविर्मर्या ........... दितिरुरुशर्म्मा ॥ - વા.સં. - ૧૦/૯.

૩૫. ''माहित्नसीस्तन्वा प्रजाः'' - વા.સં. - ૩૨/૧૨.

૩૬. અથર્વવેદઃ - ૧૯/૫૫/૫, ૭.

૩૭. અથર્વવેદઃ - ૭/૧૩/૩.

૩૮. ઋગ્વેદઃ - ૧૦/૭/૫.

૩૯. देवामस्त्वा वरुणो मित्रो अर्यमा सं दूतं प्रत्ममिन्धते ।
विश्वं सो अग्ने जयति त्वया धनं यस्ते ददाश मर्त्यः ॥ - ઋગ્વેદઃ - ૧/૩૬/૪.

૪૦. अस्य स्पशो न निमिषन्ति भर्णयः - ઋગ્વેદઃ - ૯/૭૩/૪, કાણ્વ સં. ૩૮/૪.

૪૧. ઐતરેય બ્રાહ્મણ - ૮/૩.

અહીં ભૌજય, સ્વરાજય અને વૈરાજય સિવાયના અર્થો સ્વયં સ્પષ્ટ છે. આ ત્રણ શબ્દોના અર્થો માટે વિદ્વાનોમાં વિવાદ છે.

એ.બી. કીથ ભૌજય = Paramount rule (સર્વોપરી રાજય) સ્વરાજય = Self rule (પોતાનુ રાજય) અને વૈરાજય = Sovereignty (સ્વાધીનતા) એવો અર્થ કરે છે.

કે.પી. જયસ્વાલના મતે આ બધા શાસનના પ્રકારો છે. તેમના મતાનુસાર ભૌજય = ભોજ એટલે વંશપરંપરાથી નહિ, પરંતુ સ્વયં થયેલા નાયક અને તેનાથી ચાલતી સંસ્થા તે ભોજય. તેઓ કચ્છ - ભુજનાં. ભુજનાં આના અવશેષો માને છે. સ્વારાજય એટલે સ્વારાટ્થી ચાલતી સંસ્થા, સમાન એકસરખાઓમાંથી પસંદ થયેલાનો વડો તે સ્વરાટ્ કહેવાય અને આવા પસંદ કરાયેલા વડાથી ચાલતી શાસન પદ્ધતિને સ્વારાજય કહેવાય. વૈરાજય એટલે રાજા વિનાની સંસ્થા. અહીં સમગ્ર જનપદનો અભિષેક થાય. રાજસત્તા સમગ્ર જનપદમાં રહે.[૪૨]

હોગ નામના વિદ્વાને વૈરાજય શબ્દનો અનુવાદ 'રાજારહિત' એવો કર્યો છે. સુપ્રસિદ્ધ ભારતીય ટીકાકાર સાયણાચાર્ય અનુસાર રાજય એટલે દેશાધિપત્ય, સામ્રાજય એટલે ધર્મથી પાલન. ભૌજય એટલે ભોગ સમૃદ્ધિ, સ્વરાજય એટલે અપરાધીનત્વ. વૈરાજય એટલે બીજા રાજાઓથી વૈશિષ્ટય. આમ વિદ્વાનોના પ્રયત્નો છતાં ઐતરેય આરણ્યકમાં નિર્દેશ પામેલ વિવિધ શાસન પદ્ધતિઓનો પૂર્ણ ખ્યાલ પામી શકાતો નથી, પરંતુ શાસન પદ્ધતિમાં વિપુલ વૈવિધ્ય હતુ તેટલું અનુમાન અવશ્ય થઇ શકે છે.

વેદના સમયમાં સમાજે રાજાની નિતાન્ત આવશ્યકતા સ્વીકારી હતી. ઋગ્વેદમાં[૪૩] રાજાને પસંદ નહી કરનાર પ્રજાની હાર થઇ એવું વિધાન છે. ઐતરેય બ્રાહ્મણમાં તો કથા છે કે - દેવો અસુરોના હાથે પરાજિત થયા ત્યારે તેમને લાગ્યુ કે તેઓ રાજા વિનાના હોવાથી હારી ગયા માટે તેમણે ઇન્દ્રને પોતાનો રાજા બનાવ્યો.

વેદમાં લોકશાહી પ્રથા હતી એમ માનવાને અનેક પ્રમાણો પ્રાપ્ત થાય છે. 'गणानां पति' શબ્દથી ગણનો સ્વામી એ ભાવ તદ્દન સ્પષ્ટ છે. વળી, અથર્વવેદ મુજબ તો विश = પ્રજાજનો રાજાની વરણી કરતાં અને તે રાજાની જવાબદારી

૪૨. Hindu Polity - K. P. Jayswal - P. 11.12.
૪૩. ઋગ્વેદઃ - ૧૦-૧૨૪-૮.

રાષ્ટ્રનું રક્ષણ કરવાની રહેતી. વરુણનો એ રાજા કૃપાપાત્ર બનતો. વિદ્વાનો વરુણ શબ્દનો અર્થ તેમાંના વૃ - પસંદ કરવું એ ધાતુને આધારે વરણ કરનારા, પસંદ કરનાર પ્રજા એવો કરે છે.[૪૪]

સમિતિમાં રાજાની પસંદગી કરવામાં આવતી અને પ્રજા રાજાની ધ્રુવાસ્થિતિ માટે દેવો સમક્ષ કામના કરતી.[૪૫] સ્થિર દ્યૌ, પૃથ્વી, સમગ્ર વિશ્વ અને પર્વતોની જેમ વિશમાં રાજા સ્થિર - અચળ રહે તેવી કામના આ મંત્રમાં છે. રાજા તરીકે કોઇ વ્યક્તિની વરણી આજીવન માટે હતી. તેની ફરજ પ્રજાનું રક્ષણ - અનુરંજન કરવાની રહેતી. રાજાની પ્રતિષ્ઠા વિશમાં થતી. विशि राजा प्रतिष्ठितः[૪૬] રાજસૂય યજ્ઞ કરીને રાજા બનાતું હતું. ''राजा वै राजसूयेनेष्ट्वा भवति''[૪૭] રાજા જે કોઇ કામ કરતો તેને તેની પ્રજા અનુસરતી.

'यथा राजा तथा प्रजा નો સિદ્ધાંત વેદમાં પણ જણાય છે. 'यद् राजा करोति तद्विशः करोति ।'[૪૮] સમિતિની જેમ સભા નામની પણ એક સંસ્થા હતી.[૪૯] સભા અને સમિતિને પ્રજાપતિની પુત્રીઓ માનવામાં આવી છે. સભા અને સમિતિ બન્ને લોકપ્રતિનિધિત્ત્વ કરનારી સંસ્થાઓ હતી. આ સભામાં જે કોઇ નિર્ણય લેવાય તે સહુને માટે આખરી ગણાતો.

રાજાના કર્તવ્યના સંદર્ભમાં પણ વેદોમાં નિર્દેશ પ્રાપ્ત થાય છે, 'રાજા ખાસ કરીને યુદ્ધના સમયે વધુ કાર્યરત રહેતો. અન્યથા યજ્ઞાદિના કાર્યો કરતો. બ્રાહ્મણ અને પુરોહિતોને ધન વગેરે આપતો અને ઇષ્ટાપૂર્તકર્મોથી પ્રજાને પ્રસન્ન રાખતો.'[૫૦] યજુર્વેદની એક દિવ્યરાષ્ટ્રનિર્માણની પ્રાર્થનામાં રાજા શૂરવીર, ધનુર્ધારી અને વૈરીનો વિનાશ કરનાર ઉત્પન્ન થાય એમ કહ્યું.

રાષ્ટ્રની ઉન્નતિ અને પરસ્પર પ્રેમની ભાવના એ વેદના ઋષિહૃદયનાં અત્યંત ઇષ્ટ તત્ત્વો છે. વળી યજુર્વેદમાં તો ''રાષ્ટ્રમાં બ્રાહ્મણ તેજસ્વી, ક્ષત્રિય, શૂરવીર,

---

૪૪. S. N. Shende. 'The religion and philosophy of Atharvaveda (poona 1952 - P. 79)

૪૫. ध्रुवा द्यौर्ध्रुवा पृथिवी ध्रुवं विश्वमिदं जगत् ।
ध्रुवासः पर्वता इमे ध्रुवो राजा विशामयम् ॥ - અથર્વ. - ૬/૮૮/૧.

૪૬. કાઠ. - ૩૮/૪.

૪૭. શતપથબ્રાહ્મણ - ૫-૧-૧-૧૨.

૪૮. मै. સં. ૧/૧૦/૧૩, કાઠ. - ૩૬/૭.

૪૯. सभा च सा समितिश्चावतां प्रजापतेदुहितर। संविदाने । - અથર્વ. - ૭/૨૧/૧.

૫૦. राजन्यस्य कार्यो लोक इष्टापूर्तेन श्रद्धया ब्रह्मण्यतया - જૈ.બ્રા. - ૧/૨/૨૪.

ગાયો દુધાળી, બળદ બળવાન, ઘોડા ચપળ, સુંદરીઓ સુડોળ, રથી વિજેતા, યુવાન સભ્ય અને પુત્રો વીર ઉત્પન્ન થાય એવી ઇચ્છા અભિવ્યક્ત થઇ છે. વળી પર્જન્ય સમય-સમય પર વૃષ્ટિ કરે, વનસ્પતિ ફળવતી થાય અને સમગ્ર રાષ્ટ્રનું યોગક્ષેમ જળવાય તેવી કલ્યાણ રાજયની ભાવના અહીં વ્યક્ત થઇ છે.''[૫૧]

તો વળી અથર્વવેદના પૃથ્વી સૂકતમાં રાષ્ટ્રભકિતની ભાવના રહેલી છે. વિશ્વ માનુષઃ - Citzen of the world ની ભાવનામાં રાચનાર વેદના સમાજમાં રાજય સંસ્થાના બધા આવશ્યક અને ઉપાદેય તત્ત્વો હતા, જે તત્ત્વોનો હેતુ કલ્યાણ રાજય તથા નૈતિક સમાજ સ્થાપવાનો અને સહુના મનમાં સામનસ્ય સ્થાપવાનો હતો.[૫૨]

આમ વેદોમાં પ્રાપ્ત રાજનીતિ વિચારોની દૃષ્ટિથી કહી શકાય કે રાજા અને પ્રજા નીતિનું પાલન કરી સુખી અને સમૃદ્ધ હતા.

**(૨) વેદોમાં સત્ય :-**

વૈદિક ઋષિઓના મતાનુસાર 'સત્ય' પર જ પૃથ્વી ટકી છે.[૫૩] મનુષ્ય પોતાના જીવનમાં સુખ-સમૃદ્ધિની ઇચ્છાઓનું નિયંત્રણ ઋત અને સત્ય દ્વારા હોવું જોઇએ અને આ નિયંત્રણમાં રહેવા માટે પોતાના મનને દઢ બનાવવા માટે પ્રાર્થના કરવામાં આવી છે કે -

''મારા મનનો વિચાર સત્યથી યુક્ત થાઓ.''[૫૪] વચન અને કર્મ બન્નેથી જ સત્યના પાલનની પ્રતિજ્ઞા તેમજ પ્રાર્થના કરવામાં આવે છે.[૫૫] યજુર્વેદના ઋષિનો સંકલ્પ છે કે - ''હું અમૃતથી સત્યને પ્રાપ્ત કરું છું.''[૫૬] સત્યને વૈદિક યુગમાં વિશ્વનો નિયંત્રક અને સંચાલક પણ માનેલ છે, જે પ્રકારે દ્યુલોક, રાત-દિવસ તથા સમગ્ર

---

૫૧. आ ब्रालन् ब्रह्मवर्चसी जायतामा राष्ट्रै राजन्यः शूर हषव्योडतिव्याधि महारथो जायतां दोग्धी धेनुर्वोढानड्वानाशुः सप्तिः पुरन्ध्रियोषा जिष्णू रथेष्ठाः सभेयो युवास्य यजमानस्य वीरो जायतां निकामे निकामे नः पर्जन्यो वर्षतु फलवत्यो न ओषधयः पच्चन्तां योगक्षेमो नः कल्पताम् ।
- યજુર્વેદ - ૨૨/૨૨.

૫૨. વેદોપદેશચન્દ્રિકા - શ્રી સ્વામી ગંગેશ્વરાનંદજી - પૃ. ૩૫૨-૩૬૧.

૫૩. सत्येनोत्तभिता भूमिः । - ઋગ્વેદ - ૧૦/૮૫/૧, અથર્વ. ૧૪/૧/૧.

૫૪. ................ ऽऽकृतिः सत्य मनसो मे अस्तु । - ઋ. ૧૦/૧૨૮/૪, અથર્વ. - ૫/૩/૪, તૈ.સં. ૪/૭/૧૪/૨, કાણ્વ. સં. ૪૦/૧૦.

૫૫. भास्वती नेत्री सूनृतानामचेति चित्रा वि दुरो न आवः । - ઋ. ૧/૧૧૩/૪.

૫૬. इदमहमनृतात् सत्यमुपैमि । - વા.સં. - ૧/૫, તૈ.સં. - ૧/૫/૧૦/૩, ૬/૭/૨, મૈ.સં. - ૪/૯/૨૪.

જગત આશ્રિત છે, જેના મહિમાથી પ્રતિદિન સૂર્યોદય થાય છે અને જલ પ્રવાહિત થાય છે, એવું સત્ય વચન અમારી રક્ષા કરો.[૫૭] ઋગ્વેદમાં બતાવેલ સત્ય દ્વારા પૃથ્વીના સ્તમ્ભનને અથર્વવેદમાં વધારે સ્પષ્ટ કરવામાં આવ્યો છે,[૫૮] કે ઋતુ, સત્ય, દીક્ષા, તપ, બ્રહ્મ અને યજ્ઞ પૃથ્વીને ધારણ કરે છે. પારલૌકિક આનંદ મેળવવાનું સાધન પણ સત્ય છે. દેવત્ત્વને પ્રાપ્ત કરવાવાળા પિતૃને ધર્મમાં સ્થિત અને સત્યવાદી કહેલ છે.[૫૯] એનાથી એ પ્રમાણિત થાય છે કે સત્ય અને ધર્મ અભિન્ન તત્ત્વ છે.

વૈદિક આર્યોના દેવતા પણ સત્ય આચરણ કરવાવાળા અને ધર્મથી યુક્ત હતા. મેધાવી અને સત્યધર્મા દેવ અગ્નિની પાસે આવી યજ્ઞકાર્યમાં એમની સ્તુતિ કરો.[૬૦] આથી આગળ પણ - હે અગ્નિ, તમે હોતા, બુદ્ધિ સંપન્ન, સત્યપરાયણ, અનેક ઘણી અદ્‌ભુત કીર્તિથી યુક્ત છો.[૬૧] મિત્રાવરુણને પણ એક મંત્રમાં સત્યધર્મ કહેલ છે.[૬૨] એ જ પ્રકારે દ્યાવાપૃથ્વીને સંબોધિત મંત્રમાં એમને સત્યથી યુક્ત હોવાનું કહ્યું છે.[૬૩] અલગ-અલગ સ્થળો પર પણ ઋષિએ પોતાના આરાધ્યને સત્યધર્મા, સત્યવચન, સત્યવાન વગેરે ગુણોથી વિભૂષિત કરેલ છે.[૬૪] એક ઋગ્વૈદિક સૂકતમાં ઋષિએ ઉષાદેવીને સત્ય વચનોની ઉત્પાદયિત્રી, સત્ય વચનોથી યુક્ત કહેલ છે. વેદોમાં આરાધ્યમાં સત્યતાનું અવલોકન અને પ્રતિષ્ઠાપન વારંવાર એટલા માટે કરવામાં આવ્યું છે કે એનાથી પ્રેરણા પ્રાપ્ત માનવમાં સત્યનો પ્રચાર-પ્રસાર થાય, તેથી તો એમની આ સૃષ્ટિ હતી.

---

૫૭. सा मा सत्योक्ति परिपातु विश्वतो द्यावा च यत्र ततनन्नहानि च ।
विश्वमन्यन्नि विशते दनेजति विश्वायाहो विश्वाहोदेति सूर्यः ॥ - ઋગ્વેદઃ - ૧૦/૨૭/૨.

૫૮. सत्यं बृहदृतमुगं दीक्षा तपो ब्रह्मयज्ञः पृथ्वीं धारयन्ति । -અથર્વ.-૧૨/૧/૧, મૈ.સં.-૪/૧૪/૧૧.

૫૯. सत्यैः काव्यैः पितृभधर्मसदिभः -ઋ.- ૧૦/૧૫/૯, અથર્વ.-૧૮/૩/૪૭, મૈ.સં.- ૪/૧૦/૬.
ये सत्यासो हविरदो हविप्पा इन्द्रेण देवैः सरथं दधानाः । -ઋ.-૧૦/૧૫/૧૦,
અથર્વ.-૧૮/૩/૪૮.

૬૦. कविमग्निमुपस्तुहि सत्यधर्माणध्वरे । - ઋ. - ૧/૧૨/૭, સામ. - ૩.

૬૧. अग्निहोता कविक्रतुः सत्यश्चित्रश्रवस्तम् । - ઋ. - ૧/૧/૫.

૬૨. ऋतस्य गोपावधि तिष्ठतो रथं सत्यधर्माणा परमे व्योमनि ।
यमत्र मित्रावरुणादथो युवं तस्मै वृष्टिर्मधुमत् पिन्वते दिवः -ઋ.- ૫/૬૩/૧, મૈ.સં.-૪/૧૪/૧૨.

૬૩. युवोर्ऋतं रोदसी सत्यमस्तु - ઋ. ૧/૧/૫.

૬૪. ઋગ્વેદ - ૧/૩/૩, ૧/૧૯/૧, ૧/૩૬/૪, ૧/૧૫૧/૮, ૧/૧૨/૭, સામવેદ - ૧/૩/૧૨.

રાજા વરુણ, લોકોના સત્ય અને અસત્યને જોતા એમની વચ્ચે ફરે છે.[૬૫]

એક જગ્યાએ સોમને માટે ઋષિનું કહેવું છે કે સત્ય અને અસત્ય વચન પરસ્પર પ્રતિસ્પર્ધા કરે છે એમાંથી જે સત્ય અને સરલતમ છે; એમનું પાલન 'સોમ' કરે છે અને અસત્યની હિંસા કરે છે.[૬૬] યમ-યમી સંવાદ સૂક્તમાં યમ યમીને કહે છે કે આપણે સત્યવકતા છીએ, અસત્ય કયારેય બોલતા નથી[૬૭] સંહિતાઓમાં જનસામાન્યને પણ સત્ય માર્ગ ઉપર ચાલવાની[૬૮] સત્ય બોલવાની અને તે પ્રમાણે આચરણ કરવાનો આદેશ ઋષિ આપે છે.[૬૯] મન, વાણી અને કર્મની એકરૂપતા જ સત્ય છે. અથર્વવેદમાં ઋષિ પ્રતિજ્ઞા કરે છે - હું સત્ય બોલીશ, અસત્ય કયારેય નહીં.[૭૦]

અથર્વવેદમાં બીજી એક જગ્યાએ ઋષિ કહે છે કે સત્ય નિયમોના પ્રથમ ઉત્પાદક - પરમેશ્વરની ઉપાસના કરું છું.[૭૧] મનુષ્યના શરીરમાં સત્ય વગેરેના પ્રવેશ હોવાનો ઉલ્લેખ પણ અથર્વવેદમાં મળે છે. આ સંસારના રચયિતાએ જયારે નેત્ર, કર્ણ વગેરે છિદ્રોને બનાવ્યા ત્યારે ચામડી દ્વારા ઘણા છિદ્રોવાળા પુરુષદેહને ઘર બનાવી, પ્રાણ, અપાન અને ઇન્દ્રિયએ પ્રવેશ કર્યો.[૭૨] ચોરી, દુષ્કર્મ, પાપ, સત્ય, યજ્ઞ, મહાન બળ, ક્ષાત્ર-ધર્મ અને ઓજ પણ મનુષ્ય દેહમાં પ્રવિષ્ટ થઇ ગયા.[૭૩] આજ વેદમાં નિર્દેશ મળે છે કે સત્યના માર્ગને સારી રીતે જુઓ.[૭૪] ઋગ્વેદમાં સત્યની પ્રાપ્તિ શ્રદ્ધા દ્વારા બતાવી છે.[૭૫] આજ વેદમાં ઋષિએ એક

---

૬૫. यासां राजा वरुणो याति मध्ये सत्यानृते अवपश्यज्जनानाम् ।
- ઋ. ૭/૩/૧૨, અથર્વ. - ૧/૩૩/૨, તૈ. સં. ૫/૬/૧/૧, મૈ.સં. - ૨/૧૩૧.

૬૬. सुविज्ञानं चिकितुषे जनाय सच्चासच्च वचसी पस्पृधाते ।
तयोर्यत्सत्यं यतरदृजीयस्तदित् सोमोऽवतिहन्त्यासत् ॥
- ઋગ્વેદ - ૭/૧૦૪/૧૨, અથર્વ. - ૮/૪/૧૨.

૬૭. न यत् पुरा चक्रमा कद्ध नूनमृता वदन्तो अनृतं रुपेम् - ઋગ્વેદ - ૧૦/૧૦/૪, અથર્વ. - ૧૮/૧/૪.

૬૮. सत्यं वदन्तसत्य कर्मन् - ઋગ્વેદઃ - ૯/૧૧૩/૪.

૬૯. सत्यम् उचुर्नर एव हि चक्रुः - ઋગ્વેદઃ - ૬/૩૩/૬.

૭૦. सत्यं वक्ष्यासि नानृतम् - અથર્વવેદઃ - ૪/૯/૭.

૭૧. उपातिष्ठे प्रथमजामृतस्य - અથર્વવેદઃ - ૨/૧/૪.

૭૨. यदा त्वष्टा व्यतृणत् पिता त्वष्टुर्य उतरः ।
गृहं कृत्वा मर्त्य देवा पुरुषमाविशम् ॥ - અથર્વ. - ૧૧/૮/૧૮.

૭૩. स्तेयं दृष्कृतं वृजितं सत्यं यज्ञो बृहत् ।
बलं च क्षत्रभोजस्च शरीरमनुप्राविशन् ॥ - અથર્વ. - ૧૧/૮/૨૦.

૭૪. ऋतस्य पन्थानमनुपश्य साधु । - અથર્વ. - ૧૮/૪/૪૩.

૭૫. श्रद्धया सत्यमाप्यते - વા. સં. - ૧૯/૩૦.

જગ્યાએ ઉપદેશ આપ્યો છે. સત્યની નૌકાઓ શુભકર્મ કરવાવાળાને પાર કરે છે.[૭૬] દેવતાઓની સ્તુતિ કરતાં સમયે સત્ય પ્રત્યે પૂર્ણ ધ્યાન કેન્દ્રિત કરેલ છે અર્થાત્ સ્તુતિ ભાવનાપૂર્ણ મનથી હોવી જોઇએ. ઇન્દ્રની આપણે સત્ય સ્તુતિ કરીએ મિથ્યા-ખોટી નહિ.[૭૭] પવિત્ર તેમજ સત્ય પ્રાર્થના વાક્યો તથા શ્રદ્ધા અને પુણ્યકર્મોની સાથે તમોને અભિષુત કરવામાં આવ્યા છે.[૭૮]

યજુર્વેદમાં પણ સત્યને પ્રાપ્ત કરવાની અને અસત્યને દૂર કરવાની ઈશ્વરને પ્રાર્થના કરવામાં આવી છે.[૭૯] વાજસનેય સંહિતામાં ઋષિ નિર્દેશ આપે છે કે - હે પુત્રો ! જેમ અમે યથાર્થ અવિનાશી, અવ્યભિચારી સતપુરુષોમાં શ્રેષ્ઠ સત્ય માનવા, સત્ય બોલવું, સત્ય કરાવવું વગેરે ગુણ છે એ પ્રકારે એમને ધારણ કરી તમે પણ સુખી રહો.[૮૦]

'સત્ય' ના આ વિસ્તૃત વિવેચનથી આપણે કહી શકીએ કે વૈદિક આર્યોના જીવનમાં સત્યનું અતિમહત્ત્વપૂર્ણ સ્થાન હતું. એમણે પોતાના દેવતાઓમાં સત્ય આરોપિત કર્યા અને એમની સત્યયુક્તતાની પાછળ એ કારણ આપ્યું કે - માનવ માત્રમાં સત્ય ગુણનો પ્રચાર-પ્રસાર છે. નૈતિક ધરાતલમાં સત્ય સર્વશ્રેષ્ઠ માન્ય આચાર સિદ્ધાંત છે. જે પૃથ્વી, આકાશ, અંતરિક્ષ, ઇહલોક, પરલોક, પિતૃલોક, દેવલોક બધી જગ્યાએ સમાન રૂપથી ઉપાદેય છે.

### (૩) વેદોમાં 'અહિંસા' નિરૂપણ :-

અહિંસાની ઉદાત્ત ભાવના વેદોમાં દૃષ્ટિગોચર થાય છે. અહિંસાના ભાવથી દેવતાઓને વિભૂષિત કરવામાં આવ્યા છે.[૮૧] એક મંત્રમાં પિતૃને સ્તોતા અને હિંસા તેમજ પાપ વગેરેથી રહિત બતાવવામાં આવ્યા છે.[૮૨] અગ્નિને પણ આ

---

૭૬. सत्यस्य नावः सकृतम् अपीरपरन् - ઋગ્વેદઃ - ૭૩/૧.

૭૭. सत्यमिद् वा उतं वयमिन्दं स्तवाम नानृतम् । - ઋગ્વેદઃ - ૮/૬૨/૧૨.

૭૮. ऋतवार्कन सत्येन श्रद्धया तपसा सुत । - ઋગ્વેદઃ - ૯/૧૧૩/૨.

૭૯. વા. સં. - ૧૭/૬૨.

૮૦. ऋतं सत्यमृतं सत्यमग्निं पुरीष्यमङ्गिरस्वद्भयमः ।
- વા. સં. - ૧૧/૪૭, મૈ. સં. - ૨/૭/૪; ૬/૧/૬
- કાણ્વ સં. - ૧૬/૪, ૧૯/૫.

૮૧. ઋગ્વેદઃ - ૧/૩૧/૧૩, ૧/૩૩/૧ વગેરે.

૮૨. अ - यथा चित् पूर्वे जरितार आसुरनेद्यां अनवद्या अरिष्टाः । - ઋ. - ૬/૧૯/૪.
ब - असुं न इंयुरवृको ऋतज्ञास्त नोडवन्तु पितरो हवेषु । - ઋ. - ૬/૧૫/૧.
અથર્વ. - ૧૮/૧/૪૪, વા. સં. - ૧૯/૧૯, તૈ. સં. - ૨/૬/૧૨/૩.

વિષયમાં પ્રાર્થના કરવામાં આવી છે – ''હે અગ્નિ ! અમારા દ્વારા પ્રજ્જવલિત થઇને પોતાના અહિંસિત અને પાલનક્ષમ તેજ દ્વારા અમારુ રક્ષણ–પાલન કરો.[૮૩] માતૃરુપિણી દિશાઓની વચ્ચે અગ્નિ હિંસારહિત થઇ વહે.[૮૪] સર્વજનવાચ્છનીય અગ્નિ ! તું ઉત્પન્ન થઇ હિંસારહિત, અજેય અને એકનિષ્ઠભાવથી સારી રીતે અમારી રક્ષા કરો.[૮૫] અગ્નિ ! તું હિંસાશૂન્ય, બલીદેવોના દૂત અને સ્તોતા થાઓ.''[૮૬]

વૈદિકજન મોટેભાગે આપણને ધનની ઇચ્છા કરતાં જોવા મળે છે, તે એવા ધનની ઇચ્છા કરે છે, જે ધન કોઇની હિંસાનું કારણ ન બને પરંતુ લોકકલ્યાણનું સાધન બને તે અંગેના નિર્દેશ કયાંક–કયાંક મળે છે. અદિતિ અને ઇન્દ્રને પ્રાર્થના છે કે – અમે અદિતિને પાપરહિત, અક્ષીણ, હિંસારહિત, અન્નયુકત અને સ્વર્ગતુલ્ય ધનને માટે પ્રાર્થના કરીએ છીએ.[૮૭] ઇન્દ્ર ! અમને એવી વિપુલ સમૃદ્ધિ પ્રાપ્ત થાઓ જે કલ્યાણકારી અહિંસિત તથા શત્રુઓને તારવાવાળી હોય.[૮૮]

ઉપરાંત યજુર્વેદમાં કહેવાયું છે કે – સૉંપ ન બનો અને નહિ સિંહના જેવા હિંસક બનો.[૮૯] આનાથી સ્પષ્ટ થાય છે કે વૈદિક લોકો હિંસામાં આસ્થા રાખતા ન હતા અને હિંસા કરવાવાળાને આદરદષ્ટિથી જોતા ન હતા, પરંતુ દેવો પાસે હમેંશા હિંસક શત્રુઓને નાશ કરવા માટે પ્રાર્થના કર્યા કરતા હતા. તે એ પણ પ્રાર્થના કરતા કે દેવ અમને હિંસારૂપ પાપથી દૂર રાખે. યજુર્વેદના એક મંત્રમાં પ્રાર્થના છે કે – હે જગદીશ્વર ! અમે પૂરું અર્થાત્ બહુ દુઃખ દેવાવાળા હિંસારૂપ પાપ તેમજ હિંસક શત્રુથી દૂર રાખે.[૯૦]

અથર્વવેદના બીજા કાંડમાં ૧૯ થી ૨૩ સુધીના ચાર સૂકતોમાં ક્રમશઃ

---

૮૩. विश्वेभिरग्ने स्वयशोभिरिद्धोऽदब्धेभिः पायुभिः पाह्यस्मान् । – ઋગ્વેદ – ૧ / ૯૫ / ૯.
૮૪. अहिंस्यमान उर्विया विवावृधे । – ઋગ્વેદઃ – ૧ / ૧૪૧ / ૫.
૮૫. अदब्धं भरदृपितेभिरिष्टेऽनिमिषद्भिः परिपाहि नोजाः । – ઋગ્વેદઃ – ૧ / ૧૪૩ / ૮.
૮૬. अदब्धस्य स्वधावतो दूतस्य रेभतः सदा । – ઋગ્વેદ – ૯ / ૪૪ / ૨૦, કાણ્વ સંહિતા – ૪૦ / ૧૪.
૮૭. अनेहो दात्रमदितरनर्यं हुवे सवर्यवद्वधं नमस्वत् । – ઋગ્વેદ – ૧ / ૧૮૫ / ૩.
૮૮. ઋગ્વેદઃ – ૬ / ૨૨ / ૧૦.
૮૯. मा अहिर भूर मा पृदाकुः । – વા. સં. – ૬ / ૧૨, ૮ / ૨૩
૯૦. पुरुराव्णों देवं रिषस्पाहि । – વા. સં. – ૩ / ૨૭, ૮ / ૨૭, ૨૦ / ૧૮
– તૈ.સં. –૧ / ૪ / ૪૫ / ૨, ૬ / ૬ / ૩ / ૪, – મૈ.સં. –૧ / ૩ / ૩૯, ૪ / ૮ / ૫,
– કાણ્વ સં.– ૪ / ૧૩, ૨૯ / ૩, ૩૮ / ૫.

અગ્નિ, વાયુ, સૂર્ય અને આપઃ દેવતાને એ શત્રુનો નાશ કરવાની પ્રાર્થના છે, જે આપણો દ્વેષ કરે છે અને જેનો આપણે દ્વેષ કરીએ છીએ.[૯૧] અહીંયા આ સ્વતઃ સ્પષ્ટ છે કે સજ્જનની દુષ્ટથી રક્ષા માટે કરવામાં આવેલી હિંસા, હિંસા માનેલ છે. આ પ્રકારે યજુર્વેદમાં પણ યજ્ઞકર્મ કરવાથી પૂર્વ હિંસકની હિંસા કરવાની પ્રાર્થના કરાયેલ છે - હે દેવ ! તમે હિંસક છો, હિંસા કરવાવાળાની હિંસા કરો, જે અમારી હિંસા કરે છે એમની હિંસા કરો, તેઓને પણ નાશ કરો જેની હિંસા માટે અમે પ્રવૃત થયા છીએ.[૯૨]

સંહિતાઓમાં અનેકવાર શત્રુની હિંસા અને આર્યો દ્વારા પોતાની અહિંસાની પ્રાર્થના કરાયેલ છે. વૈદિક સમયમાં મનુષ્ય જાણતા હતા કે રાજાને પોતાની પ્રિય પ્રજાનું યથાસંભવ પાલન કરવું જોઇએ, હિંસા નહિં.[૯૩] એક મંત્રમાં ઇન્દ્ર પાસે ઋષિએ આ વિચાર અભિવ્યક્ત કર્યો છે - ''હે બળવાન ઇન્દ્ર ! તમે અમર છો. મનુષ્ય તમારા સ્વર્ગ નામના સ્થાનને હમેંશા યજન કરવા માંગે છે તે કોઇ પ્રાણીની હિંસા કરતાં નથી.''[૯૪] ઋગ્વેદમાં પણ એક મંત્રમાં કહેવાયેલ છે કે - ''હે અશ્વિનો ! મને સરળ, અહિંસક તેમજ ધનાભિલાષિણી બુદ્ધિ પ્રાપ્ત કરાવો.[૯૫] એજ પ્રકારે બીજા મંત્રમાં અગ્નિને પ્રાર્થના છે કે હિંસારહિત અગ્નિ, તું શોભન પુરૂષોથી યુક્ત અને વ્રતપાલક છો, તમને સેંકડો હજાર ધન પ્રાપ્ત થાઓ.[૯૬] વૈદિક આર્યોએ સમય-સમય પર પોતાના દેવને અહિંસક, હિંસારહિત વગેરે વિશેષણ પ્રદાન કર્યા.[૯૭]

આર્યો એટલા બધા અહિંસા પ્રિય પણ ન હતા કે એમની દષ્ટિમાં હિંસાનું કોઇ મહત્ત્વ ન હોય. સત્ય એ છે કે દુષ્ટો અને શત્રુઓની હિંસા કરવાવાળા તારકના રૂપમાં એમને હમેંશ પોતાના દેવને જોયા અને શત્રુનાશની પ્રાર્થના કરી જયાં એમને

---

૯૧. योऽस्मान् द्वेष्टि यं वयं द्विष्मः । - અથર્વ. - ૨ / ૧૯ - ૨૩ માં.
૯૨. धूरसि धूर्वं, धूर्वन्त धूर्व सं योऽस्मान् धूर्वति ।
तं धूर्वं यं वयं धूर्वामः ॥ - વા. સં. - ૧ / ૮, તૈ. સં. - ૧ / ૧ / ૪ / ૧,
- કાણ્વ સં. ૧ / ૪, ૨ / ૭, ૩૧ / ૩.
૯૩. मा हिंसीस्तन्वा प्रजाः । - વા.સં. ૧૨ / ૨૩, તૈ. સં. - ૪ / ૨ / ૩ / ૧, ૫ / ૨ / ૨ / ૨,
મૈ. સં. ૨ / ૭ / ૧૦, ૩ / ૨ / ૨, કાણ્વ સં. - ૧૬ / ૧૦, ૧૯ / ૨૨.
૯૪. कदा ते मर्ता अमृतष्य धामे पक्षन्तो न मिनन्ति स्वधावः । - ઋગ્વેદઃ - ૬ / ૨૧ / ૩.
૯૫. प्राची मु देवाखिना धियं मेऽध्रांसातये कृतं वसूयम् । - ઋગ્વેદઃ - ૭ / ૬૭ / ૫.
૯૬. अनामृणः क्रुविदादस्य । - ઋગ્વેદ - ૧ / ૩૩ / ૧.
૯૭. अवृकाय - ઋગ્વેદઃ - ૧ / ૩૩ / ૧.

પોતાના દેવને અહિંસક અને હિંસારહિત કહ્યા - તે ''હિંસક પશુ વિનાશક''[૯૮] ''હિંસકોના હણનાર''[૯૯] વગેરે ઉદ્દ્ઘોષિત કરી શત્રુના નાશની કામના કરી. જેમની સ્વયં કોઇ હિંસા કરી શકતા નથી તે બીજાની પણ રક્ષા કરી શકે, એટલા માટે સ્તોતા પહેલા જ પોતાના આરાધ્યને શૂર, બલી, અહિંસક આદિ ઉપાધિ આપી દે છે - ''હે શત્રુઓની હિંસા કરવાવાળા શૂલ સભાપતે અમારા શત્રુઓનો બધી બાજુ એથી નાશ કરો.''[૧૦૦] બીજે પણ કહેવાયું છે કે - ''હે શૂરવીર જગદિશ્વર ! આપ આ સંસારમાં યુદ્ધોમાં શૂર વિદ્વાનો સહિત અમારી સારી રીતે રક્ષા કરો હિંસા કરશો નહિં.''[૧૦૧]

યજ્ઞરૂપી શ્રેષ્ઠ કર્મ કરવાવાળા યજમાનના શત્રુઓની અનેક મંત્રોમાં અગ્નિ દ્વારા હિંસા કરવામાં આવી છે, સજ્જનોની રક્ષા માટે અસજ્જનોની હિંસા, હિંસા હોતી નથી. કારણ કે દુર્જન સત્કર્મોના બાધક હોય છે. એટલા માટે વૈદિક આર્ય યજ્ઞથી એ દેવનું આહ્વાન કરે છે, જે પવિત્ર બળવાળા અને હિંસક શત્રુઓના વિનાશ કરવાવાળા છે - ''હું પવિત્ર બળ મિત્ર અને હિંસક શત્રુ વિનાશક વરુણને યજ્ઞમાં બોલાવું છું''[૧૦૨] સાથે જ અહિંસકની સ્તુતિને અગ્નિ દ્વારા ધ્યાનપૂર્વક ગ્રહણ કરવાનો ઉલ્લેખ પણ મળે છે - (અગ્નિ) તમે અહિંસક અને પોષણ માટે જ હવ્ય દાન કરો છો એ સ્તુતિ કર્તાના મંત્રને તમે ધ્યાનથી ગ્રહણ કરો છો.[૧૦૩]

સત્કર્મોના અભાવને રોકવા માટે સજ્જનોની અહિંસાને માટે દુર્જનોનો નાશ આવશ્યક છે. વૈદિક ઋષિ પોતાના યજ્ઞમાં હિંસાયુક્ત મંત્રોનો પ્રયોગ કરવાનું યોગ્ય માનતા નથી કારણ કે એમાંથી સુખ મળતુ નથી. જેમ કે એક મંત્રમાં કહ્યું છે - દેવગણ સુખને માટે એ હિંસા-દ્વેષ શૂન્ય મંત્રના યજ્ઞમાં અમે ઉચ્ચારણ કરીએ છીએ.[૧૦૪]

---

૯૮. अदब्धं भरदृपितेभिरिष्टेऽनिमिषदिभः परिपाहि नोजाः । - ઋગ્વેદઃ - ૧/૧૪૩/૮.

૯૯. ઋગ્વેદઃ - ૯/૪૪/૨૦, કાણ્વ સં. ૪૦/૧૪.

૧૦૦. વા. સં. - ૮/૫૩.

૧૦૧. मोषूण इन्द्रात्र पृत्सु देवैरस्ति हिष्मा ते शष्मिन्न वयाः । - ઋગ્વેદઃ - ૧/૧૭૩/૧૨, વા. સં. ૩/૪૬, તૈ. સં. - ૧/૩/૮/૧, મૈ. સં. ૧/૧૦/૨, કાણ્વ સં. - ૯/૪.

૧૦૨. मित्रं हुवे पूतदक्षं वरुणं च रिशादसम् । - ઋ. - ૧/૨/૭, સામ. ૮૪૭, વા. સં. ૩૩/૫૭.

૧૦૩. यो रातहव्योऽवृकाय धायते कीरेश्चिन्मंत्र मनसावनौषितम् । - ઋગ્વેદઃ - ૧/૩૧/૧૩.

૧૦૪. तमिद्धोचेमा विद्धेषु शम्भवं मन्त्र देवा अनेहसम् । - ઋ. - ૧/૪૦/૬.

સંહિતાઓમાં 'રુદ્ર' ને શત્રુઓની હિંસા કરવાવાળા દેવ માનવામાં આવ્યા છે. વૈદિક આર્ય હિંસાથી ભયભીત થઇ, પોતાના પરિવારની હિંસા અથવા વધ ન કરવાની રુદ્રને પ્રાર્થના કરે છે. ''રુદ્ર ! અમારામાંથી વૃદ્ધને મારશો નહિં, બાળકોને મારશો નહિ, સંતાનોત્પાદક યુવકને મારશો નહિ તથા ગર્ભસ્થ શિશુને મારશો નહિ.''[૧૦૫] તથા ''રુદ્ર અમાર પુત્ર-પૌત્ર, મનુષ્ય, ગાયો તેમજ અશ્વને મારશો નહિ, ક્રુધ થઇ વીરોની હિંસા કરશો નહિ, કારણ હવ્ય લઇ અમે હમેંશા તમને બોલાવીએ છીએ.''[૧૦૬] ઋગ્વેદમાં જણાવ્યું છે કે હે અગ્નિ ! મનુષ્યો અથવા દેવોની શત્રુતા અમને પરાભૂત કરે નહિં, અમને બન્ને પ્રકારના શત્રુઓથી બચાવો.[૧૦૭] વૃકથી ભયભીત થઇ વરુણ દેવને પ્રાર્થના છે કે - વૃક મને મારવા ઇચ્છે છે, હે વરુણદેવ એમનાથી મને બચાવો.[૧૦૮]

વેદોમાં આપણને મોટેભાગે પાપ અને પાપી હિંસા તેમજ હિંસક બન્નેથી રક્ષાની કામના જોવા મળે છે, કારણ કે પાપી અને હિંસકની છાયામાત્ર પણ કલુષનું કારણ છે. યજુર્વેદમાં એકમંત્રમાં પ્રાર્થના છે કે હે જગદિશ્વર, તમે અમારા પિતા સમાન છો, રાજયના યોગ્ય પાલક બની બોધ કરાવો. તમારા માટે નમસ્કાર કરું છું, તમે મારી હિંસા કરશો નહિં.[૧૦૯] છતાં પણ પાપીઓ અને હિંસકોથી રક્ષા કરી ઉંમરમાં વૃદ્ધિ કરી વાસદાતા અને કવિ અગ્નિ, પાપીઓ અને હિંસકોના હાથોથી અમને બચાવી અમારી ઉંમર વધારો.[૧૧૦] આ જ વેદમાં બીજા મંત્રમાં પ્રાર્થના કરવામાં આવી છે - મારી રક્ષા કરો તેમજ વિદ્યાદિ ગુણોથી પરિપૂર્ણ કરો હે સભાધ્યક્ષ વગેરે વિદ્વાનો મારું પાલન કરો. મારી હિંસા કરશો નહિં. એટલા માટે

---

૧૦૫. मा नो महान्तमुत मा नो अर्भकं मा न उक्षन्तमुत मा न उक्षितुम् ।
मा नो वधीः पितरं मोत मातरं मा नः प्रियास्तन्वो रुद्र रीरिषः ॥
- ઋ. - ૧/૧૧૪/૭, અથર્વ. - ૧૧/૨/૨૯, વા. સં. - ૧૬/૧૫.

૧૦૬. मा नस्तोके तनये मा न आयौ मा नो गोषु मा नो अश्वेषु रीरिषः ।
वीरान्या नो रुद्र भमितो वधीर्दविष्मन्तः सद्मित्वा हवामहे ॥
- ઋ. - ૧/૧૧૪/૮, વા. સં. - ૧૬/૧૬, કાણ્વ સં. - ૨૩/૧૨.

૧૦૭. मा नो अशतिरीशत देवस्य मर्त्यस्य च ।
पर्षि तस्या उत द्विषः ॥ - ઋ. - ૨/૭/૨.

૧૦૮. स्तेनो वा यो दिप्सति नो वृको वा त्वं तस्माद्वरुण पाहमस्मात् ।
- ઋ. - ૨/૨૮/૧૦, મૈ.સં. - ૪/૧૪/૯.

૧૦૯. पिता नोऽसि पिता नो बोधि नमस्तेऽस्तु मा मा हिंसीः । - વા. સં. - ૩૭/૨૦.

૧૧૦. पुराग्ने दुरितेभ्यः पुरा मृध्रेभ्यः कवे । प्रण आयुर्वसोतिर । - ઋ. - ૮/૪૪/૩૦.

તમોને મારા નમસ્કાર હો.[૧૧૧] એ જ પ્રકારે સજ્જનની એક મંત્રમાં પ્રાર્થના છે - જે અમારી સાથે અપ્રીતિ કરે છે, એ દુષ્ટ કરવાવાળા પાપીને મારી નાખો.[૧૧૨] તે જાણે છે કે દેવ હમેંશ કુત્સિત પ્રજ્ઞાવાળોની હિંસા કરે છે.[૧૧૩] એક મંત્રમાં જેમ દાંત વચ્ચે અન્નને પીસી નાખવામાં આવે તેમ હિંસક વ્યક્તિને પીસી નાખવાની વાત કહેવાઇ છે.[૧૧૪]

આ પ્રકારે વૈદિક મંત્રોના અંશો અને ઉદ્ધરણોના આધારે એ સિદ્ધ થાય છે કે સંહિતાઓમાં અહિંસાની 'નીતિ' ની દઢ સ્થાપના કરવામાં આવી છે. એ સમયમાં લોકોમાં અહિંસામાં આસ્થા હતી. તે હિંસા તેમજ હિંસકોથી દૂર અહિંસા અને અહિંસકો સાથે પ્રેમ કરતાં હતાં. વૈયક્તિક જીવનમાં અહિંસાના સુદઢ ભાવ દ્વારા જ પરિવાર અને રાષ્ટ્રમાં પણ અહિંસાનો આદર્શ સ્થાપિત કરી શકાશે. વૈદિક અહિંસાનું સ્વસ્થ સ્વરૂપ એ જ છે કે સજ્જનોની રક્ષા થાય અને દુર્જનોની હિંસા કરવામાં આવે.

## (૪) વેદોમાં મૈત્રી દર્શન :-

સંસ્કૃતના એક સુભાષિતમાં મિત્રતાની પ્રશંસા કરતાં કહ્યું છે કે, 'શોક, શત્રુ અને સર્વ પ્રકારના ભયમાંથી રક્ષણ કરનારું, પ્રીતિ અને વિશ્વાસના પાત્ર સમું 'મિત્ર' નામનું આ બે અક્ષરનું રત્ન કોણે બનાવ્યું હશે ? પંચતંત્રમાં તો 'મિત્રસંપ્રાપ્તિ' નામનું એક તંત્ર આપીને મૈત્રીની અનેક કથાઓ દ્વારા, તેનું ગૌરવ પ્રસ્થાપિત કર્યું છે. મનુષ્યલોકમાં અમૃત નથી. પરંતુ પરમાત્માએ મિત્રતા સર્જીને અમૃતનું મધુર અને નિર્મલ ઝરણું વહાવ્યું છે. જેને મિત્રની સાથે સહવાસ નથી, કે જેને મિત્રોની સાથે સંલાપ કરવાનું સદ્‌ભાગ્ય નથી, તેનું જીવન નકામું છે. માટે સંસારમાં આવીને સારા મિત્રો બનાવવા જોઇએ અને આપણે પણ કોઇના સારા મિત્ર થવું જોઇએ એમાં જ જિંદગીની સાર્થકતા છે.

મૈત્રી ભાવ એક આંતરિક ભાવ છે જે પ્રત્યેક સદાચારી માનવનો ગુણ છે. મિત્રતાનો ભાવ હૃદયમાં રહેવાથી માનવીના ઇર્ષા, દ્વેષ, દ્રોહ આદિ ગુણોનું નિવારણ

---

૧૧૧. पात माऽग्नयः पिपृतामाऽग्नयो गोपायत मा नमो वोऽस्तु मामाहिंसिष्ट । - વા. સં. - ૫/૩૪.

૧૧૨. વા. સં. - ૨૬/૧૦, તૈ. સં. - ૧/૪/૪૧/૧.

૧૧૩. વા. સં. - ૩૩/૨૬, ઋ. - ૩/૩૪/૩, અથર્વ. ૨૦/૧૧/૩.

૧૧૪. વા. સં. - ૧૧/૮૦.

થાય છે. તે આપણને વેદોના અધ્યયન પરથી જણાય છે. તે સમયમાં પણ મૈત્રીની દઢ ભાવના વિદ્યમાન હતી. અથર્વવેદમાં કહેવાયું છે કે બધી દિશાઓ મારી મિત્ર બનો.[૧૧૫]

ઋગ્વેદમાં કોને મિત્ર ન માનવો તેનો નિર્દેશ મળે છે - એ વ્યક્તિને મિત્ર માનવામાં આવતો નથી કે જે સમયે મિત્રની મદદ મળતી નથી[૧૧૬] એટલા માટે વૈદિક માનવી દેવતાઓને મિત્રતાની કામના કરતાં જોવા મળે છે - ''અમે દેવતાઓની મિત્રતા પ્રાપ્ત કરીએ''[૧૧૭] અહીંયા મિત્રના પ્રત્યે વ્યવહારના સંબંધમાં પણ નિર્દેશ મળે છે, કે બધા મિત્રો સાથે પ્રીતિપૂર્વક વ્યવહાર કરો, મિત્ર પ્રત્યે કરવામાં આવેલ અપરાધને પાપ માનવામાં આવતુ અને યજ્ઞ કરી તે પાપોને દૂર કરવા માટે પ્રાર્થના કરવામાં આવતી હતી.[૧૧૮] લોકમાં પ્રચલિત કહેવત છે. 'મૂર્ખ મિત્ર કરતાં વિદ્વાન શત્રુ શ્રેયકર છે'. તેના બીજ આપણને વૈદિકયુગમાં જોવા મળે છે - ''જે વિદ્વાન મિત્રને છોડી દે છે એમની વાણીનું કોઇ ફળ નથી, તે જ કાંઇ સાંભળે છે ખોટું જ સાંભળે છે, તે સત્કર્મના માર્ગને જાણી શકતો નથી.[૧૧૯] મુર્ખ મિત્રનું મુર્ખતાવશ અકલ્યાણ પણ કરી શકે છે જેમક એક સન્મિત્ર પોતાના મિત્રને માટે હમેંશ શુભની ઇચ્છા કરે છે -'' દેવોનો માર્ગ સરળ તેમજ કંટકવિહિન થાઓ જયાંથી અમારા મિત્રો કન્યાના પિતાની પાસે જાય છે.[૧૨૦]

આપણે હમેંશા દુષ્ટ દુરાચારી માણસોથી બચતા રહેવું જોઇએ અને ધર્મનિષ્ઠ સજ્જન, સદાચારી માણસો સાથે મિત્રતા રાખવી જોઇએ એ નિર્દેશ ઋગ્વેદમાં મળે છે - જે લોકો ધર્મનિષ્ઠ સદાચારી પુરુષોની મિત્રતા કરે છે, તેમનું રક્ષણ કરે છે અને સદ્વ્યવહાર, ભોજન, વસ્ત્ર વગેરે દ્વારા તેમનું સન્માન કરે છે. તેમને હમેંશા સુખ પ્રાપ્ત થાય છે. દુષ્ટ દુર્જનોના પ્રભાવથી હમેંશા દૂર રહેવું જોઇએ જેઓ

---

૧૧૫. सर्वा आशा मम मित्रं भवन्तु । - અથર્વ. - ૧૯/૧૫/૬.
૧૧૬. न स सखा यो न ददाति सख्ये । - ઋ. - ૧૦/૧૧૭/૪.
૧૧૭. प्रणीतिर् अभ्यावर्तस्व विश्वेभिः सखिभिः सह - અથર્વ. - ૧/૧૦૫/૧.
૧૧૮. यच्चकृमा कच्चिदागः सखायं वा सदमिज्जास्पतिं वा । - ઋ. - ૧/૧૮૫/૮.
૧૧૯. यस्तित्याज सचिविदं सखायं न तस्य वाच्यपि भागो अस्ति ।
यदि श्रृणोत्यलीकं श्रृणोति नहि प्रवेद सुतस्य पन्थाम् ॥ - ઋગ્વેદ - ૧૦/૭૧/૬.
૧૨૦. अन्वक्षरा ऋजवः सन्तु पन्था येभिः सखायो यन्ति नो वरेयम् ।
- ઋ. - ૧૦/૮૫/૨૩, અથર્વ. - ૧૪/૧/૩૪.

ધર્માત્માની મિત્રતા કરે છે તેઓ વિદ્વાન છે.[૧૨૧] વૈદિક આર્ય માનવ અને દેવો બન્નેની પાસે મિત્રતાની ઇચ્છા કરતા હતા. ઋગ્વેદમાં એક જગ્યાએ તે ઇન્દ્રને સંબોધન કરે છે – ''અમે લોકો મૈત્રી, ધન અને શક્તિને માટે ઇન્દ્રને બોલાવીએ છીએ''[૧૨૨] મિત્રને આવશ્યકતા પડે ત્યારે મિત્રની મદદ માટે તત્પર રહેવું જોઇએ એટલા માટે કહેવાયું છે કે – ''જે પ્રકારે મિત્ર–મિત્રને દાન આપે છે એજ પ્રકારે તું પણ મારા માટે દાનપરાયણ બનો.[૧૨૩]

મૈત્રી થોડા સમય માટેની હોય તેથી તે સુખદાયક હોતી નથી તેથી અપયશ અને અકલ્યાણના ભયથી મિત્રતાના ચિરસ્થાયિત્વને માટે ઇન્દ્ર આગળ પ્રાર્થના કરવામાં આવી છે – ''ઇન્દ્ર અમારી મિત્રતા કયારેય ન છૂટે, હૃદયમાં અમારા સુખની આકાંક્ષા કરી અમારી મિત્રતાની સ્મૃતિ કરશો.''[૧૨૪] અગ્નિને હિતેષુ બનવાની પ્રાર્થના કરતાં ઋષિ દષ્ટાંત આપે છે કે – ''મિત્ર–મિત્રના પ્રત્યે હિતૈષી હોય છે. એવી રીતે અગ્નિદેવ ! આપ સામે આવી પ્રસન્ન થઇ હિતૈષુ બનો.''[૧૨૫] સજ્જનની મૈત્રી હમેંશા હિતકારક હોય છે, તેમનું વિધાન પણ કરવામાં આવ્યું છે – ''હે પ્રસિદ્ધ ઇન્દ્ર અને વરુણ દેવ ! જે મનુષ્ય હવિ લક્ષણ અન્નવાન થઇ મિત્રને માટે તમો બન્ને સાથે બંધુત્વ પ્રાપ્ત કરો છે. તે મનુષ્ય પાપ નાશ કરે છે. સંગ્રામમાં શત્રુનો વિનાશ કરે છે અને મહતી રક્ષા દ્વારા પ્રસિદ્ધ થાય છે.''[૧૨૬]

વેદોમાં મિત્ર અને ભ્રાતૃ–ભાવને સમકક્ષ માનવામાં આવ્યા છે તથા તે અભિલાષા વ્યક્ત કરવામાં આવી છે કે – ''મિત્રભાવ કલ્યાણ કરવાવાળા હોય, ચિત્તમાં અશાંતિ ઉત્પન્ન કરવાવાળા ન હોય.''[૧૨૭]

આ પ્રકારે વૈદિક માનવીએ મૈત્રીને આચારિક – નૈતિકગુણ માનીને મિત્રને માટે સાચો માર્ગદર્શક, કલ્યાણકારક, સુંદરહૃદયવાળા વગેરે ગુણો આવશ્યક માનેલ છે.

---

૧૨૧. मा वो ध्वन्तं शयन्तं प्रति वोचे देवयन्तम् ।
सुम्नैरिद्ध आ विवासे ॥ – ઋગ્વેદ – ૧/૪૧/૮.

૧૨૨. तमित् सखित्व हैंमहे । – ઋ. – ૧/૧૦/૬.

૧૨૩. सखा सख्ये वरेण्यं । – ઋ. – ૧/૨૬/૩.

૧૨૪. मा नो वि यौः सख्या विद्धि तस्यनः सुम्नायता मनसा तत्येमहे । – ઋ. – ૨/૨૩/૨.

૧૨૫. भवा नो अग्ने सुमना उपेतौ सखेय सख्ये । – ઋ. – ૩/૧૮/૧.

૧૨૬. इन्द्रा ह यो वरुणा चक्र आपी देवौ मर्तः सख्याय प्रयस्वान् ।
स हन्ति वृत्रा समिथेषु शत्रूनवोभिर्वा महदिभः स प्रशृण्वे ॥ – ઋ. – ૪/૪૧/૨.

૧૨૭. शिवा न सख्या सन्तु भ्रात्राऽग्ने देवेषु युष्मे । – ઋ. – ૪/૧૦/૮.

## (૫) વેદોમાં 'પવિત્રતા' દર્શન :-

મનુષ્યના જીવનમાં બાહ્ય તેમજ આંતરિક શુદ્ધતાનું અત્યંત મહત્ત્વ છે કારણ કે બાહ્ય શુદ્ધતાથી 'પવિત્રતા' ની ભાવના પ્રબળ થાય છે અને 'પવિત્ર' વિચાર આચારનો 'પ્રાણ' માનવામાં આવે છે એટલા માટે વેદોમાં પ્રાર્થના કરવામાં આવી છે - ''દેવજન મને પવિત્ર કરો, બુદ્ધિ મનની સાથે પવિત્ર કરો, સમસ્ત પ્રાણીઓને પવિત્ર કરો અને હે જાતવેદસ્ અગ્નિ મને પવિત્ર કરા.''[૧૨૮] સારા ચરિત્રને માટે બુદ્ધિની સાથે મનની પવિત્રતા પણ આવશ્યક છે. એક મંત્રમાં સવિતાને પ્રાર્થના કરવામાં આવી છે કે - ''હે સવિતા ! તમારા પવિત્રકારી પ્રકાશથી અમને દર્શનાર્થ પવિત્ર કરો.''[૧૨૯]

વેદોમાં સોમને પવમાન કહ્યા છે અને પ્રાર્થના કરી છે - ''પવમાન ! મને જ્ઞાન, બળ અને જીવનને માટે પવિત્ર કરો અને અનિષ્ટોથી રક્ષાર્થ-શક્તિને માટે પવમાન મને પવિત્ર કરો.''[૧૩૦] જ્ઞાનની પવિત્રતા, બળની પવિત્રતા અને જીવનની પવિત્રતાના વિષયમાં માનવામાં આવ્યું છે કે - પવિત્રતાથી મનુષ્ય સદાચારવાન થઈ પોતાના તેમજ બીજાના કલ્યાણ સમજવાના સામર્થ્યથી યુક્ત હોય છે અને બળની પવિત્રતાથી તે પોતાનુ બળ દુર્બળ મનુષ્યોના હિતમાં લગાવે છે તથા જીવનની પવિત્રતાથી તે સંસાર સમક્ષ આદર્શરૂપમાં ઉપસ્થિત થાય છે. યજુર્વેદના એક મંત્રમાં કહેવાયું છે કે - ''હે શિષ્ય વિવિધ શિક્ષાઓથી હું તમારા ભાષણની સાધનભૂત વાણીને નિર્મળ (પવિત્ર) કરું છું. તારા જીવન માટે પ્રાણને પવિત્ર કરું છું, તમારા દર્શનના સાધન આંખ, સાંભળવાના સાધન કાન અને બંધરૂપી નાભિને પવિત્ર કરું છું, તમારા સર્વ પ્રકારના વ્યવહારને પવિત્ર કરું છું.[૧૩૧] બીજા

---

૧૨૮. पुनन्तु मा देवजनाः पुनन्तु मनसा धियः ।
पुवन्तु विश्वा भूतानि जातवेदः पुनीहि माम् ॥
- વા.સં.- ૧૯/૩૬, મૈ. સં. ૩/૧૧/૧૦, કાણ્વ સં. ૩૮/૨.

૧૨૯. अस्मान् पुनीहि चक्षसे । - અથર્વ. - ૬/૧૯/૩, ઋ. - ૬/૬/૨૫, વા.સં.- ૧૯/૪૩, મૈ. સં. ૩/૧૧/૧૦, કાણ્વ સં. ૩૮/૨.

૧૩૦. पवमानः पुनातु मा क्रत्वे दक्षाय जीवसे । अधो अरिष्टतातये ॥
- અથર્વ. - ૧૯/૨, મૈ. સં. ૩/૧૧/૧૦

૧૩૧. वाचं ते शुन्धामि प्राणं ते शुन्धामि चक्षुस्ते शुन्धामि, श्रोत्रं ते शुन्धामि, नाभिं ते शुन्धामि, मेदं ते शुन्धामि, मेदं ते शुन्धामि, पायुं ते शुन्धामि चरित्रांस्ते शुन्धामि ॥ - વા. સં. - ૬/૧૪.

એક મંત્રમાં પિતૃ-પૂર્વજો પવિત્રતા પ્રાપ્ત કરી સો વર્ષની આયુષ્ય પ્રાપ્ત કરી શકતા તે દર્શાવાયું છે.[૧૩૨]

## (૬) વેદોમાં 'યશ' દર્શન - નિરૂપણ :-

ભૌતિક શરીરના નાશ થવાથી પણ યશરૂપી શરીર મનુષ્યને અંનતકાળ સુધી અમરતા પ્રદાન કરે છે. ભર્તૃહરિના મતાનુસાર રસસિદ્ધ કવીશ્વરો હમેંશા વિજયી થાય છે, કારણ કે તેની યશરૂપી કાયાને વૃદ્ધાવસ્થા અને મરણનો ભય નથી.[૧૩૩] આચાર્ય મમ્મટ્ પણ કાવ્યના પ્રયોજનમાં પ્રથમ પ્રયોજન 'યશ' ને માને છે.

વૈદિક આર્યોએ પણ કામના કરી છે કે ''અમે બધા યશસ્વી બનીએ''[૧૩૪] દરિદ્રતા પાપની જનની છે, તેની કીર્તિ અને દુરાચાર મનુષ્યને દુષ્કર્મોમાં પ્રવૃત કરે છે. તેથી કીર્તિ માટે રથ, અશ્વ વગેરે ધનનું દાન કરવાનું પોતાના દેવને કહે છે - ''શ્રેષ્ઠ કીર્તિ અને સત્યને માટે અમને રથ, અશ્વ ધન વગેરે દાન આપો.''[૧૩૫] વૈદિક માનવીએ યશથી પૂર્ણ ધનની કામના કરી છે - ''હે ઉષા ! અમે યશ, વીર દાસ અને અશ્વથી યુક્ત ધન પ્રાપ્ત કરીએ.''[૧૩૬]

વૈદિક માનવ એ જાણતાં હતાં કે એમના કર્મોથી જ યશ-અપયશનો ભાગીદાર બનવું પડશે. અનેકવાર સંતાનો પણ પોતાના માતા-પિતાના યશ અપશયનું ધ્યાન રાખી કાર્ય અથવા સ્તુતિ કરતાં ન હતા છતાં પણ ભવિષ્યમાં કોઇ પુત્ર કુપુત્ર ન બને એમની ચિંતા કરી પોતાના આરાધ્ય પાસે યશસ્વી પુત્રની કામના કરતાં હતાં - ''અગ્નિ, તમે યશસ્વી અને યજ્ઞકર્તા પુત્ર પ્રદાન કરો.''[૧૩૭] દેવતાઓની કૃપાદ્રષ્ટિથી વ્યક્તિ પ્રસિદ્ધિ અને પ્રશંસા પ્રાપ્ત કરે છે, ત્યારે તો ઋગ્વેદમાં કહ્યું છે કે, ''યજ્ઞના નાયક અને રાજા આદિત્યોને જે હવ્ય પ્રદાન કરે છે, એમનાં નિત્યઅનુગ્રહ જેમની પુષ્ટિ કરે છે, તેજ વ્યક્તિ ધનવાન, યશસ્વી તથા

---

૧૩૨. पुनन्तु मा पितरः सांभ्यासः पुनन्तु मा पितामहाः पुनन्तु प्रपितामहाः पवित्रेण शतायुषा । पुनन्तु मा पितामहाः पुनन्तु प्रपितामहाः । पवित्रेण शतायुषा विश्वमायुर्व्यश्नवै ।
- વા. સં. - ૧૯/૩૭, મૈ. સં. ૩/૧૧/૧૦, કાણ્વ સં. - ૩૮/૨.

૧૩૩. जयन्ति ते सुकृतिनो रससिद्धाः कवीश्वराः ।
नास्ति येषां यशः काये जरामरणजं भयम् ॥ - નીતિશતકમ્ - ૨૧.

૧૩૪. वयं सर्वेषु यशसः स्याम । - અથર્વ.

૧૩૫. प्र नो वाजानथ्योश्वअश्वबुद्धयानिषे यन्धि श्रवसे सूनृतायै । - ઋગ્વેદઃ - ૧/૧૨૧/૧૪.

૧૩૬. उषस्तमश्यां यशसं सुवीरं दासप्रवर्गं रयिमश्वबुध्यम् । - ઋગ્વેદઃ - ૧/૯૨/૮.

૧૩૭. त्वं नो अग्ने सनये धनानां यशसं कारुं कृणु ह स्तवानः । - ઋગ્વેદઃ - ૧/૯૨/૮.

પ્રશંસિત થઇ અને રથ પર ચઢી યજ્ઞસ્થળમાં આવે છે.[૧૩૮]

અથર્વવેદમાં શત્રુ દ્વારા પ્રશંસનીય યશની અભિલાષા કરવામાં આવે છે કે – ''(હે ઇન્દ્ર) અમે એટલા યશસ્થી થઇએ કે અમારા યશને શત્રુઓ પણ ગાય.''[૧૩૯] યશને મિત્રની જેમ કાર્ય કરવાવાળો કહેવામાં આવ્યો છે. જે સભામાં મહત્તા પ્રાપ્ત કરવાવાળા અને સુખ દેવાવાળા છે માણસ ધર્મના માર્ગ પર ચાલી યશ પ્રાપ્ત કરી શકે છે.

## (૭) વેદોમાં ''દાન'' નિર્દેશ :-

દાનનું મહત્ત્વ અનેકવિધ રીતે ધર્મશાસ્ત્રોમાં, સાહિત્યમાં તથા અન્ય ગ્રંથોમાં નિરૂપાયું છે. ભાસ કહે છે કે – 'हुतं च दतं च तथैव तिष्ठति' હોમેલુ અને દાન આપેલું તેમનું તેમજ રહે છે, તો વળી દાનના ગુણગાન ગાતા ચાણકય ચાણકયનીતિમાં જણાવે છે કે –

क्षीयन्ते सर्वदानानि यज्ञहोमबलिक्रिया ।
न क्षीयते पात्रदानमभयं सर्वदेहिनाम् ॥ ચા. નીતિ. ૧૬/૧૪

આ સંસારમાં બધા પ્રકારના દાન, યજ્ઞ, હોમ તથા બલિદાન નાશ થઇ જાય છે, પરંતુ સત્પાત્રને આપેલું દાન તથા જીવોને આપેલ અભયદાન કયારેય નાશ પામતું નથી, કયારેય ક્ષીણ થતું નથી. આ રીતે દાનનું મહત્ત્વ દર્શાવવામાં આવ્યું પરંતુ એનો મૂળ પાયો વેદોમાં જ છે. અત્ર તત્ર સર્વત્ર વૈદિકજનોને દાનશીલ, દાનપરાયણ કહીને સંબોધવામાં આવ્યા છે.[૧૪૦] ઋગ્વેદના દશમાં મંડળમાં દાનના મહિમાનો ઉલ્લેખ કરીને અદાનીની ગતિનો ઉલ્લેખ કર્યો છે – ''અદાતાને કોઇ સુખી કરી શકતું નથી.''[૧૪૧] એમ પણ કહેવામાં આવ્યું છે તથા ભૂખ્યા મનુષ્ય સામે હોવા છતાં અન્ન નહિ દેવાવાળાને કયારેય સુખ મળી શકતું નથી.[૧૪૨] આનાથી વિરુદ્ધ અન્નની ઇચ્છા કોઇ દુર્બળ વ્યકિત કે ભીખ માંગનારને અન્નદાન

---

૧૩૮. यो राजभ्य ऋतानिभ्यो ददाश यं वर्धयन्ति पुष्टयश्च नित्याः ।
स रेवान्याति प्रथमो रथेन वसुदावा विदथेषु प्रशस्तः ॥ – ઋગ્વેદ – ૨/૨૭/૧૨.

૧૩૯. उत नः सुभर्गां अरिर्वोचेषु – અથર્વ. – ૨૦/૬૮/૬.

૧૪૦. अपृणन् मर्डितारं न विन्दते । – ઋગ્વેદઃ – ૧૦/૧૧૭/૧.

૧૪૧. य आध्राय चकमानाय पित्वोऽन्नवान्त्सनकितायोपजग्मुखे ।
स्थिरं मनः कुणुते सेवाते पुरोतोचित्स मर्डितारं न विन्दते ॥ – ઋગ્વેદઃ સં. – ૧૦/૧૧૭/૨.

૧૪૨. स इद्भोजो यो गृहवं ददात्यन्नकामाय चरते कृशाय । – ઋગ્વેદઃ – ૧૦/૧૧૭/૩.

કરવાવાળાને દાતા કહ્યા છે.[૧૪૩] અને એ પણ કહેવામાં આવ્યું છે કે - 'દાતા હમેંશા અદાતા ઉપર રહે છે.'[૧૪૪] દાતાની સદ્‌ગતિનું વર્ણન એક મંત્રમાં આ પ્રકારે કરવામાં આવ્યું છે - 'દાતાનું મૃત્યુ થતુ નથી એ દેવતા બની જાય છે, દુઃખી હોતો નથી, ઝઘડો, વ્યથા, અને દુઃખ પ્રાપ્ત કરતો નથી આ પૃથ્વી અને સ્વર્ગમાં જે કાંઇ છે તે બધુ એને દક્ષિણામાં આપે છે.[૧૪૫] ઋગ્વેદના દક્ષિણા સૂકતમાં યજ્ઞ ઉપરાંત દક્ષિણાનું મહત્વ દર્શાવાયું છે - 'જે લોકો દક્ષિણા આપે છે તે સ્વર્ગમાં ઊંચુ સ્થાન પ્રાપ્ત કરે છે. અશ્વદાતા સૂર્યની સાથે રહે છે, સુવર્ણદાતા અમરતા પ્રાપ્ત કરે છે, વસ્ત્રદાની સોમની પાસે જાય છે અને બધા દીર્ઘાયું હોય છે.[૧૪૬] આ ઉપરાંત કહેવાયું છે કે - 'જે માણસો યજ્ઞ સમાપ્તિ પછી યજ્ઞ અનુષ્ઠાન કરીને મરુતોને દાન આપે છે, એને અન્ન, ધન અને પુત્રોની પ્રાપ્તિ થાય છે.'[૧૪૭] તો વળી કંજુસ-કૃપણ માટે પણ કહેવાયું છે - 'કંજુસને દુઃખ પ્રાપ્ત થાઓ.'[૧૪૮] એક મંત્રમાં ધનવાન હોવા છતાં યાચકને દાન ન કરવાવાળા ધનવાનની ધનદાતા ઇન્દ્રની ઇર્ષા બતાવવામાં આવી છે.[૧૪૯] ઇન્દ્ર ! જે માણસો ધન હોવા છતાં દાન કરતાં નથી અને તું ધનદાતાઓની ઇર્ષા કરે છે તેનું ધન અમારી પાસે લઇ આવો.[૧૫૦] એક મંત્રમાં દાન વિશે પણ કહેવામાં આવ્યું છે કે - 'સારું દાન કુટીલતાથી શૂન્ય થઇ જાય છે.[૧૫૧]

અથર્વવેદમાં દાનશીલતાની મહાન પ્રેરણા પ્રાપ્ત થાય છે - ''સો હાથોથી ભેગુ કરેલુ હજારો હાથે વહેચી દે.''[૧૫૨]

---

૧૪૩. मोधमन्नं विन्दते अप्रचेताः सत्यं बवीमि वध इत्स तस्य ।
नार्यमणं पुष्यति नो सखायं केवलाधो भवति केवलादी ॥ - ઋગ્વેદઃ - ૧૦/૧૧૭/૬.

૧૪૪. इदं यदिश्वं भवनं स्वश्चचैतत्सवं दक्षिणैभ्यो ददाति । - ઋગ્વેદઃ - ૧૦/૧૧૭/૮.

૧૪૫. उच्चा दिवि दक्षिणावन्तो अस्युर्ये अश्वदा सह ते सूर्येण ।
हिरण्यदा अमृतत्वं भजन्ते वासोदाः सोम प्रतिरन्त आयुः ॥ - ઋગ્વેદઃ - ૧૦/૧૦૭/૨.

૧૪૬. न भोजा ममुर्न न्यर्थमीर्थुन रिष्यन्ति न व्यथन्ते ह भोजाः ।
इदं यद्विरश्वं भुवनं स्वश्चैतत्सर्व दक्षिणैभ्यो ददाति ॥ - ઋ. - ૧૦/૧૦૭/૮.

૧૪૭. न उदृचि ये अध्वरेष्ठा मरुदभ्यो न मानुषो ददाशत् ।
रेवत्स वयो दधते सुवीरम् ॥ - ઋ.- ૧૦/૭૭/૭.

૧૪૮. अपृणान्तम् अभि सं यन्तु शोकाः । - ઋ. - ૧૦/૧૨૫/૭.

૧૪૯. यस्ते रेवां अदाशुरिः प्रममर्थ मधत्तये । तस्य नो वेद आभर - ઋ. - ૮/૪૫/૧૫.

૧૫૦. यस्ते अदाशुरिः प्रममर्थ मधत्तये । तस्य नो वेद आभर - ઋ. - ૮/૪૫/૧૫.

૧૫૧. सुदात्वपरिह्वात । - ઋ. - ૮/૭૮/૮.

૧૫૨. शतहस्त समाहर सहस्त्रहस्त संकिर । - અથર્વ. - ૩/૨૪/૫.

આ રીતે વેદોમાં જે દાનશીલતાનું વર્ણન મળે છે. એ વ્યક્તિમાત્રને દાનના મહત્ત્વની શિક્ષા આપે છે.

**(૮) વેદોમાં સામાજિક નીતિ નિરૂપણ :-**

મનુષ્ય સમાજનું અંગ છે અને એટલા માટે સમાજ પ્રત્યે અને સમાજનો એમના પ્રત્યે કેટલાક કર્તવ્યો હોય છે. વૈદિક માનવ અખિલ સમાજના અભ્યુદય માટે પ્રાર્થના કરે છે, માત્ર વ્યક્તિગત સુખ શાંતિ માટે કરતાં નથી. – ''અમારા બ્રાહ્મણોને પ્રકાશિત કરો, ક્ષત્રિયોને પ્રકાશિત કરો, વૈશ્યોને પ્રકાશિત કરો, શુદ્રોને પ્રકાશિત કરો અને મને પ્રકાશિત કરો.''[૧૫૩] વૈદિક માનવ હમેંશા બધાને સાથે લઇ ઉન્નતિને માટે પ્રયત્ન કરતો હતો – ''સાથે ચાલો, સાથે બોલો, બધાના મન એક સમાન થાઓ.''[૧૫૪] આર્યોનું સામાજિક જીવન ચાર પ્રમુખ આશ્રમોમાં વિભાજિત હતુ. બ્રહ્મચર્ય અને ગૃહસ્થ આશ્રમનું વિશેષ સ્થાન હતું અને વૈદિક ઉદ્ધરણોથી એવું પ્રતિત થાય છે કે વાનપ્રસ્થ અને સંન્યાસ આશ્રમનું વિશેષ સ્થાન હતું અને તે વધુ પ્રચલિત નહીં હોય. કારણ કે પુત્ર–પૌત્રની સાથે આનંદ માણતાં સો વર્ષ સુધી જીવિત રહેવાની પ્રાર્થના કરવામાં આવી છે.

વૈદિક સમાજમાં સ્ત્રીઓની સ્થિતિ અત્યંત સન્માનજનક હતી. દુરાચારિણી સ્ત્રીઓની જો વેદોમાં નિંદા કરી છે તો દુરાચારી પુરુષોને પણ ગર્હિત–સમાવેશ કરવામાં આવ્યો છે. અથર્વવેદમાં તો વિધવા સ્ત્રીના બીજા પતિનો સ્પષ્ટ ઉલ્લેખ છે – ''પુરાતન ધર્મ અથવા મર્યાદાનું પાલન કરતી આ સ્ત્રી પતિના લોકને ચાહતી મૃતપતિના પછી હે મુનષ્ય તારી પાસે આવે છે, એમના માટે એ લોકમાં સંતાન અને ધન ધારણ કરો.''[૧૫૫] ઋગ્વેદના એક મંત્રમાં વિધવા વિવાહનો સ્પષ્ટ નિર્દેશ છે – ''હે નારી આ મૃત પતિને ત્યજી જીવિત સંસાર તરફ વળ, તારી સાથે લગ્ન માટે ઉત્સુક તારો આ જે બીજો ભાવિ પતિ છે તેના પત્નીત્વને પ્રાપ્ત કર.'' ઋગ્વેદના બીજા મંત્રમાં અશ્વિની કુમારોને કેહવામાં આવ્યું છે કે – તમે બન્ને સાથે

---

૧૫૩. रुचं नो धेहि ब्राह्मणेषु रुचं राजसु नस्कृधि ।
रुचं विश्येषु शूद्रेषु मयि धेहि रुचा रुचम् ।
– વા.સં. – ૧૮/૪૮, તૈ.સં. – ૫/૭/૩/૬, મૈ.સં. – ૩/૪/૮.

૧૫૪. संगच्छध्वं संवदध्वं सं वो मनांसि जानताम् । – ઋગ્વેદઃ – ૧૦/૧૯૧/૨, મૈ.સં. – ૨/૨/૬.

૧૫૫. इयं नारी पतिलोकं वृणाना नि पद्यत उपत्वा मर्त्य प्रेतम् ।
धर्मं पुराणमनुपालयन्ती तस्यै प्रजां द्रविणं चेहधेहि ॥ – અથર્વ. – ૧૮/૩/૧.

રહો છો જેમ વિધવા પોતાના દિયરની સાથે રહે છે. યાસ્કે તો નિરુકતમાં દેવરઃ નો અર્થ જ દ્વિતીયવરઃ કર્યો છે. આ પ્રકારે વૈદિક સમાજ એક આદર્શ સમાજ હતો કારણ કે એમનો વિચાર હતો - ''કોઇ મોટું નથી, કોઇ નાનું નથી, બધા પરસ્પર ભાઇઓ છે અને સૌભાગ્ય તથા ઉન્નતિને માટે સાથે ચાલીએ.''[૧૫૬] ગીધની સમાન લોભી વ્યક્તિઓથી સમાજને મુક્ત કરવાની પ્રાર્થના કરવામાં આવી છે[૧૫૭] કે ''અમારા રાષ્ટ્રમાં વિદ્વાન બ્રાહ્મણો ઉત્પન્ન થાઓ, શૂર, મહારથી, શાસ્ત્ર વિદ્યામાં પારંગત ક્ષત્રિય ઉત્પન્ન થાઓ, સર્વગુણ સંપન્ન સુશીલ સ્ત્રીઓ થાઓ, યજમાનના પુત્ર વિજયશીલ યોદ્ધા, સભ્ય સમર્થ તથા સન્નદ્ધ થાઓ.''[૧૫૮] સમાજના સંગઠન માટે ઋગ્વેદનાં એક મંત્રમાં નિર્દેશ મળે છે કે - ''બધા મનુષ્યોના વિચાર સરખા રહો, બધા સંગઠિત થઇને રહો. બધાના મન, ચિત્ત તથા યજ્ઞકાર્ય સમાન રહો.''[૧૫૯] બીજા એક મંત્રમાં પણ કહેવાયું છે કે - ''અમારુ હૃદય, મન અને સંકલ્પ એક જ હોય, જેનાથી અમારું સંગઠન કયારેય બગડે નહીં.''[૧૬૦]

આપણે સંસારમાં રહેવાનું છે તો યોગ્ય વ્યવહાર કરવાનું પણ શીખવું જોઇએ. શ્રેષ્ઠ, ઉદાર અને સજ્જન પ્રકૃતિના મનુષ્ય હમેંશા બીજાઓનો આદર કરે છે અને દરેકને સન્માન અને મીઠાશભર્યા શબ્દો બોલે છે. સજ્જનતાથી આપણે બીજાઓનો આદર મેળવી શકીએ છીએ આદર-સન્માનનો નિર્દેશ આપણને ઋગ્વેદમાં મળે છે કે - ઊંચ-નીચ, નાના-મોટા બધા પરસ્પર મળતી વખતે 'નમસ્તે' કહીને એકબીજાના આદર અને અભિવાદન કરતાં રહે.[૧૬૧] એનાથી પરસ્પરની પ્રસન્નતા અને તાલમેલનો વ્યવહાર ખુલ્લો થાય છે. વ્યક્તિ અને સમાજ બે પૈડાં છે જેનાં સુસંચાલનની ધરી કુટુંબ રૂપી સંસ્થાને જ માનવામાં આવે છે. સુસંસ્કૃત કુટુંબોનો દરેક તે નાના ઘરના માળામાં સ્વર્ગીય સુખ-શાંતિ અને પ્રગતિની ચેતનાત્મક સંપત્તિ મેળવવા માટે યજુર્વેદમાં સંદેશ છે કે - ''પોતાના પુત્ર અને પુત્રીઓને બ્રહ્મચર્ય,

૧૫૬. ઋગ્વેદઃ - ૫/૬૦/૫.
૧૫૭. ઋગ્વેદઃ - ૭/૧૦૪/૨૨.
૧૫૮. વા. સં. - ૨૨/૨૨.
૧૫૯. समानो मंत्रः समितिः समानी समानं मनः सह चितमेषाम् ।
समानं मन्त्रमभि मंत्र ये वः समानेन वो हविषा जुहोनि ॥ - ઋગ્વેદઃ - ૧૦/૧૯૧/૩.
૧૬૦. समानी व आकूतिः समानाहृदयानि वः ।
समानस्तु वो मनो यथा वः सुसहासति ॥ - ઋગ્વેદઃ - ૧૦/૧૯૧/૪.
૧૬૧. ઋગ્વેદઃ - ૧૬/૧૨.

સદાચાર અને વિદ્યા દ્વારા વિદ્વાન, સુંદર અને ચારિત્ર્યવાન બનાવવાનું પવિત્ર કર્તવ્ય દરેક સદ્‌ગૃહસ્થ નિભાવે.''[૧૬૨]

**(૯) વેદોમાં સભ્યતા નિરૂપણ :-**

સભ્યતા એ જીવનને સાધનોથી સંપન્ન કરી સરળ અને સુખમય બનાવવાની એક પદ્ધતિ છે તો સંસ્કૃતિ એ માનવજીવનના આદર્શોને આત્મસાત્ કરતી જીવન પ્રણાલી છે. વેદમાં મનુષ્યને જીવવા જરૂરી એવા ન્યૂતમ સર્વ સાધનોના વિકાસ સુધી સભ્યતાએ સિદ્ધિ હાસલ કરી હતી. વેદના ઋષિના ભાવાલોકમાં હૃદયગુહામાં કે આંતરિક મનમાં જે આદર્શોના ઉત્તુંગ હિમાલયને સર કરવામાં આવ્યો હતો તે શાશ્વત મૂલ્ય ધરાવતા સિદ્ધાંતોમાં તત્કાલિન સંસ્કૃતિનું દર્શન કરી શકાય છે.

માનવતા એ આ યુગની અનેકી આકાંક્ષા છે. માનવતામાંથી દિવ્યતા તરફ ગતિ કરવા વેદના ઋષિએ અગ્નિને સ્તુતિ કરતું એક સૂક્ત આપ્યું છે.[૧૬૩]

मनुष्वत् त्वा नि धीमहि मनुष्वत् समिधीमहि ।

अग्ने मनुष्वदङ्गिरो देवात् देवयते यजा ॥१॥

અમે તને અમારામાં માનવ તરીકે સ્થાપીએ છીએ, તને માનવ તરીકે પ્રજવલિત કરીએ છીએ. હે જવાળા હે ઋષિ શક્તિ ! દેવોના શોધક માટે તું માનવ તરીકે દેવોને યજ્ઞની આહૂતિ આપ.

શ્રી અરવિંદના આ સૂકતના અર્થઘટન મુજબ ''માનવતામાં રહેલા દિવ્ય માનવ તરીકે પ્રજવલિત બનવા માટે, આપણને ઋતના અને આનંદના દામોમાં પરિપૂર્ણ રીતે સ્થાપવા માટે ઋષિ દિવ્ય જવાળાનું આહવાન કરે છે.''[૧૬૪]

એક સ્થળે વેદમાં સ્પષ્ટ કહેવાયું છે કે - 'मनुर्भव जनया दिव्य जनम्' । માનવ બનો, દિવ્યજનોને જન્માવો. એક અર્થમાં ઋગ્વેદનો માનવબાળને આ અનેરો સંદેશ છે. માનવી માનવી બને એમ આ મંત્રમાં જણાવ્યું છે. ''હું માનવી માનવ થાઉં તો ઘણુ''[૧૬૫] તથા ''વ્યક્તિ મટી બનું વિશ્વ માનવ''[૧૬૬] અને

---

૧૬૨. पुनन्तु मा देवजनाः पुनन्तु मनसा धियः ।
पुनन्तु विश्वा भूतानि जातवेदः पुनीहि मा ॥ - યજુર્વેદ - ૧૯/૩૯.

૧૬૩. ઋગ્વેદઃ - ૫/૨૧.

૧૬૪. શ્રી અરવિંદ - 'વેદનું રહસ્ય' ભાગ-૨, પૃ. ૭૪.

૧૬૫. 'સુંદરમ્'.

૧૬૬. ઉમાશંકર જોષી - ''ગંગોત્રી''.

પરિણામે એ દિવ્યજનોને પોતાની અંદર જન્માવે એટલે દિવ્યતાને આત્માની અંદર જાગૃત કરે. જીવનમાં સહુ પ્રશ્નો માનવીને કેન્દ્રમાં રાખીને ઉકેલવામાં આવે તો ? તો કોઇ દુઃખદાયક પ્રશ્ન કે પરિસ્થિતિ જ સર્જાય નહી. એક બાળકને ફાટેલો દુનિયાનો નકશો મળ્યો, તે એ ટુકડામાંથી ફરી દુનિયાને ગોઠવવા લાગ્યો. એકથી વધુવાર ટુકડાઓ ફેરવી-ફેરવીને થાકયો, કંટાળ્યો........ પણ કાંઇ વળ્યુ નહિ, બાજુમાં તેના પિતા બેઠા-બેઠા વેદ વાંચતા હતા તેમણે જોયું તરત બાળકને કહ્યું - 'બેટા ટુકડા ઊંધા કર. વિશ્વના નકશાની પાછળની બાજુ માનવીની છબી છે તું તે મુજબ ગોઠવ. બીજી બાજુ આખો વિશ્વનો નકશો ગોઠવાઇ જશે.

માનવીને કેન્દ્રમાં રાખવાથી સમગ્ર વિશ્વનો નકશો ગોઠવાઇ જાય ! માનવીને કે માનવંતા વીસરી જવાથી વિશ્વ સમસ્ત અસ્તવ્યસ્ત થઇ જાય ! આથી વેદની પ્રથમ આજ્ઞા છે 'मनुर्भव'.

વાસ્તવમાં, માનવી એ હાડમાંસનું હરતુ-ફરતું હાડપિંજર નથી, એથી કંઇક વિશેષ છે. મહાભારતમાં વેદવ્યાસે તે પ્રતિજ્ઞાપૂર્વક કહ્યું છે કે માનવીથી શ્રેષ્ઠ બીજુ કંઇ નથી.

गुहं ब्रह्म तदिदं दृवीमि नहि मानुषाच्छेष्ठतरं हि किञ्चित् । [१६७]

માનવતામાંથી દિવ્યતા પ્રત્યે ગતિ કરવાની વાત સાથે વેદમાં એક અતિ સુંદર સિદ્ધાંત પણ અભિવ્યક્ત પામ્યો છે. તે છે - વિશ્વમાનુષનો વિચાર यस्य ते विश्वमानुषः ।[१६८] માં તથા 'विश्वामानुषां मरुतां हयक्षसि'[१६९] માં આ શબ્દ આવે છે. વેદની સંસ્કૃતિમાં વિશ્વબંધુત્ત્વની ભાવના છે. વેદના ઋષિને મન સમગ્ર સંસાર 'એક માળો' બની જાય છે. 'यत्र विश्वं भवति एकनीडम्' [१७०] પાછળથી પ્રચલિત થયેલી 'वसुधैव कुटुम्बकम्' ની ભાવનાનું બીજ અહીં છે. વિશ્વમાત્રનું એક એકમ કલ્પ પ્રત્યેક માનવી તેનો નિવાસી બની રહે એવી વીસમી સદીના પ્રખર તત્ત્વચિંતકોની વિશ્વનગરીના નિવાસીની કલ્પના એ જાણ કે વેદની દેન છે. આમ જોઇ શકાશે કે - વેદની સંસ્કૃતિમાં કેટલી વ્યાપકતા અને વૈશ્વિકતા રહેલી

૧૬૭. મહાભારતમ્ - ૧૨/૧૮૪/૨૦.
૧૬૮. ઋગ્વેદઃ - ૮/૪૫/૪૨.
૧૬૯. ઋગ્વેદઃ - ૮/૪૬/૧૬.
૧૭૦. યજુર્વેદઃ - ૩૨/૮.

હતી ! વળી 'कृण्वन्तो विश्वआर्यम्' એ વેદના ઋષિહૃદયની ઝંખના હતી, તેને સમગ્ર વિશ્વને 'આર્ય' બનાવવાનું ઉત્કટ અભિલાષાયુક્ત દર્શન હૃદયાકાશમાં ઉપલબ્ધ થયું હતું.

**(૧૦) વેદોમાં પારિવારિક નૈતિકતા નિરૂપણ :-**

વેદોના અધ્યયનથી આપણે જાણી શકીએ છીએ કે પારિવારિક સ્તર ઉપર પણ નૈતિકતાનું ધ્યાન રાખ્યું હતું એટલા માટે પરિવારોના લોકોને માટે પરસ્પર અનુકૂળ આચરણ કરવા માટે કામના કરવામાં આવી છે. ''પુત્ર પોતાના પિતાનું અનુકૂળ આચરણ કરવાવાળા થાઓ અને તે પોતાની માતાની સાથે પ્રીતિયુક્ત વિચારવાળો થાઓ. પત્ની પોતાના પતિ પ્રત્યે માધુર્યયુક્ત અને શાંતિદાયક વાણી બોલે.''[૧૭૧] જે પ્રકારે માતા-પિતા પોતાના સંતાનને માટે કલ્યાણની કામના કરતા હતા, એ પ્રકારે પુત્ર પણ પોતાના માતા-પિતાના કલ્યાણની કલ્પના કરે છે.[૧૭૨] પિતાનો પુત્રને પ્રતિ પોષણ, શિક્ષણ વગેરે કર્તવ્ય નિર્ધારિત કરાયેલ છે, માતાનું કર્તવ્ય પણ પુત્ર તેમજ પુત્રી બન્નેના સંદર્ભમાં દર્શાવાયેલ છે. ''મધુર વચન બોલે, યશસ્વી પિતા અને માતા પ્રત્યેક યુદ્ધમાં અમારી રક્ષા કરો.''[૧૭૩] ઘાતક રોગોથી બચાવવાની જવાબદારી માતાની હતી.[૧૭૪] પુત્ર પોતાના પિતા અને પુત્રી પોતાની માતાના ગૃહકાર્યમાં મદદ કરીને પોતાના કર્તવ્યનું પાલન કરતા હતા. ઋગ્વેદના એક મંત્રમાં અપાલાને પોતાના પિતાના ખેતરમાં સારા પાકને માટે પ્રાર્થના કરતાં જોવા મળે છે.[૧૭૫] ઋગ્વેદના યમ-યમી સૂકતમાં ભાઇ-બ્હેનના સંબંધો ઉપર પ્રકાશ પાડેલ છે. અહીંયા બ્હેન (યમી) ભાઇ (યમ) ને વિવાહ માટે પ્રાર્થના કરે છે, પરંતુ ભાઇ ના પાડતાં કહે છે કે ''ભગિનીગામી પાપી હોય છે.''[૧૭૬] ઋગ્વેદમાં ''દ્યોને પિતા, પૃથ્વીને માતા, સોમને ભાઇ અને અદિતિને સસરા કહે છે.[૧૭૭]

૧૭૧. અથર્વવેદઃ - ૩/૩૦/૨.
૧૭૨. स्वस्ति मात्र उत पित्रे नो अस्तु - અથર્વવેદઃ - ૧/૩૧/૪.
૧૭૩. पिता माता मधुवचाः सुहस्ता भरे नो यशसन्विष्टाम् । - ઋગ્વેદઃ - ૫/૪૩/૨.
૧૭૪. અથર્વવેદઃ - ૧૪/૨/૨૪.
૧૭૫. ઋગ્વેદઃ - ૮/૯૧/૫, ૬.
૧૭૬. पापमाहुर्यः स्वसारं निगच्छात् । - ઋગ્વેદઃ - ૧૦/૧૦/૧૨.
૧૭૭. द्यौर्वः पिता पृथिवी माता सोमो भ्रातादितिः स्वसा । - ઋગ્વેદઃ - ૧/૧૯૧/૬.

કુટુંબ હમેંશા એકથી વધુ માણસો મળવાથી બને છે. કુટુંબમાં પતિ અને પત્ની હોય છે. સાથે પુત્ર - પુત્રી, ભાઇ - બ્હેન વગેરે અનેક પ્રકારના સંબંધીઓ પણ રહે છે. આ બધાની વચ્ચે સંબંધોની મીઠાશ અને પવિત્રતા હોય છે. તે આદર્શ કુટુંબનાં સંદર્ભમાં અથર્વવેદમાં કહેવાયું છે કે - ''આદર્શ કુટુંબમાં સંતાનો માતા-પિતાને આજ્ઞાકિંત હોય છે, માતા-પિતા સંતાનોના હિતેષુ હોય છે. પતિ અને પત્નીના પારસ્પરિક સંબંધો મીઠાશભર્યા અને સુખદ હોય છે. આવા જ કુટુંબો હમેંશા ફૂલતાં-ફાલતાં હોય છે અને સુખી રહે છે.''[૧૭૮]

નવવધૂ કુટુંબનું કેન્દ્રબિંદુ હોય છે અને બધા કુટુંબીજનો તેની પાસે કોઇને કોઇ આશા અને ઇચ્છાઓ રાખે છે. તે નવવધૂના સામ્રાજ્ઞીના પદના સંદર્ભમાં ઋગ્વેદમાં કહેવાયું છે કે - ''હે વધૂ તું પોતાના કુટુંબમાં એ રીતે જીવન વિતાવ કે જેથી સાસુ-સસરા, નણંદ તથા દિયર બધા તારું સન્માન કરે.''[૧૭૯] તો વળી અથર્વવેદમાં એક મંત્રમાં સમુદ્ર વરસાવે છે ત્યારે નદીઓને જળ પ્રાપ્ત થાય છે તેવી રીતે વધૂ ! તુ પણ પોતાના ઘરની માલિકણ બનીને સમગ્ર કુટુંબને સુખી બનાવ.[૧૮૦]

કોઇ પણ પરિવારનો મૂળ આધાર પતિ-પત્ની હોય છે. એટલા માટે વિવાહના સમયે પતિ-પત્નીનો હાથ પકડી કહેતો હતો કે - ''તારા સૌભાગ્ય માટે હું તારો હાથ પકડું છું, પતિને મેળવી તું વૃદ્ધાવસ્થા સુધી પહોચીશ ભગ, અર્યમા અને સવિતા દેવોએ મને ગૃહધર્મ ચલાવવા માટે દીધો છે.[૧૮૧] વધૂને જયાં સામ્રાજ્ઞા બનવાનો અધિકાર સોંપવામાં આવ્યો છે ત્યાં એમના ગૃહિણીરૂપમાં ઘરને વ્યવસ્થિત રૂપથી ચલાવવાની સાથે-સાથે સાસુ-સસરા આદિ વૃદ્ધ પૂર્વજોની સેવા કરવી એ કર્તવ્યોનો પણ ઉલ્લેખ છે.[૧૮૨]

ઋગ્વેદના દશમાં મંડળમાં સંયુક્ત કુટુંબનો સ્પષ્ટ નિર્દેશ મળે છે.[૧૮૩]

---

૧૭૮. अभ्रातरो न योषणो व्यन्तः पतिरिपो न जनया दुरेवाः ।
पापासः सन्तो अनृता असत्या इदं परमजनता गभीरम् ॥ - ઋગ્વેદઃ - ૪/૫/૫.

૧૭૯. साम्राज्ञा श्वसुरे भव, साम्राज्ञी श्वश्रवा भव ।
ततान्दरि सम्राज्ञा भव, समाज्ञी अधि देवृषु ॥ - ઋગ્વેદઃ - ૧૦/૮૫/૪૬.

૧૮૦. અથર્વવેદઃ - ૧૪/૧/૪૩.

૧૮૧. ઋગ્વેદઃ - ૧૦/૮૫/૩૬.

૧૮૨. ઋગ્વેદઃ - ૨૮/૧, ૧૦/૯૫/૪.

૧૮૩. ઋગ્વેદઃ - ૧૦/૮૫/૪૨, ૮/૬૯/૧૨.

આથી કહી શકાય છે કે તત્કાલિન પારિવારિક સંબંધ સુદઢ સમાજ તેમજ સુગ્રથિત રાષ્ટ્રના નિર્માણની દિશામાં અત્યંત મહત્ત્વપૂર્ણ હતો.

**(૧૧) વેદોમાં 'કર્મ' નિરૂપણ :-**

કર્મ મહાન છે. જગતમાં નમસ્કાર કરવા લાયક કોઇ હોય તો તે કર્મ છે. મનુષ્યને તો ઠીક, દેવતાઓને પણ આ કર્મ પ્રવૃત્તિશીલ રાખે છે. તે કર્મનો નિર્દેશ વેદોમાં પણ પ્રાપ્ત થાય છે. વૈદિક સમયમાં માનવી કર્મ કરતા સો વર્ષ સુધી જીવવાની આકાંક્ષા વ્યક્ત કરી છે. તેઓ એ જાણતાં હતા કે ઇશ્વર એમની મદદ કરે છે જે પોતાની પોતે જ મદદ કરે છે અને પુરુષાર્થ દ્વારા લક્ષ્ય-પ્રાપ્તિની ઇચ્છા રાખે છે ''દેવતાગણ એના સિવાય બીજાની મદદ કરતા નથી જે પુરૂષાર્થ કરતાં કરતાં થાકી ગયો ન હોય''[૧૮૪] તે ઇશ્વરને સુપથગામી[૧૮૫] બનવાની પ્રાર્થના કરે છે. જેથી તે સુકર્મ કરી શકે. કર્મશૂન્ય મનુષ્ય ખાડામાં પડે છે[૧૮૬] અને એટલા માટે તે ઇન્દ્રને પ્રાર્થના કરે છે કે ''ઇન્દ્ર ! મને કલેશ ન આપો, શ્રાન્ત ન કરો અને આળસુ બનાવો નહિ''[૧૮૭] તે ઇચ્છતો હતો કે જે પ્રકારે અમે કર્મના ફળની ભાવના કરી શકીએ તેમજ થાઓ.[૧૮૮]

અથર્વવેદમાં પણ કર્મ પ્રત્યે નિષ્ઠા સ્પષ્ટ કરવામાં આવી છે - ''મારા ડાબા હાથમાં કર્મકારિત્વ સ્થિત છે અને જમણા હાથમાં વિજય''[૧૮૯]

બ્રાહ્મણ ગ્રંથોમાં પણ યજ્ઞને શ્રેષ્ઠ કર્મ કહેવામાં આવ્યું છે. શતપથમાં યજ્ઞને જીવનના બધાથી મહત્ત્વપૂર્ણ કર્મ માને છે. 'यज्ञो वे श्रेष्ठतमं कर्म ।'[૧૯૦] આ યજ્ઞ પાંકત છે.[૧૯૧] અને એને દેવતાઓની આત્મા કહેવામાં આવે છે.[૧૯૨] યજ્ઞના પાંકત સ્વરૂપ દેવતા, હવિર્દવ્ય, મંત્ર, ઋત્વિજ તથા દક્ષિણાથી સંપન્ન હોય છે.

---

૧૮૪. न ऋते श्रान्तस्य सख्याय देवाः । - ઋગ્વેદઃ - ૪ / ૩૩ / ૧૧.
૧૮૫. अग्ने नय सुपथा - તૈ.સં. - ૧ / ૧ / ૧૪ / ૩, ઋ. - ૧ / ૧૮૯ / ૧ વગેરે.
૧૮૬. 'कर्तभव पदात्यप्रभुः ।' - ઋગ્વેદઃ - ૯ / ૭૩ / ૯.
૧૮૭. न मा तमन्न श्रमन्नोत तन्द्रन्न - ઋગ્વેદઃ - ૯ / ૭૩ / ૯.
૧૮૮. अप्रामिसत्य महावन्तदसदिन्द्र क्रत्वा यथा वशः । - ઋગ્વેદઃ - ૮ / ૬૧ / ૪.
૧૮૯. कृतं मे दक्षिणे हस्ते जयो मे सव्य आहितः । - અથર્વવેદઃ - ૭ / ૫૦ / ૮.
૧૯૦. શતપથ બ્રાહ્મણ - ૧ / ૭ / ૩ / ૫.
૧૯૧. શતપથ બ્રાહ્મણ - ૧ / ૧ / ૨ / ૬.
૧૯૨. શતપથ બ્રાહ્મણ - ૯ / ૩ / ૨ / ૭.

કર્મનિષ્ઠ જીવન અને પુરુષાર્થના મહત્વનો નિર્દેશ ઋગ્વેદિય ઐતરેયાદિ બ્રાહ્મણ ગ્રંથોમાં પ્રાપ્ત થાય છે. એતરેય બ્રાહ્મણમાં અનેક એવા આખ્યાન અને ઉપાખ્યાન સંકલિત કરવામાં આવ્યા છે જેમાં માનવ સાથે સંબંધિત નીતિપરક તથ્યોનો સમાવેશ છે. એમાંથી શુનઃશેષ આખ્યાનની અંતર્ગત કર્મનિષ્ઠ જીવન અને પુરુષાર્થ સાધનાનું મહત્ત્વ અત્યંત કલાત્મક રીતે સ્પષ્ટ કર્યું છે. થાકયા વિના 'શ્રી' મળતી નથી. જે વિચરણ કરે છે, જેના પગ પુષ્પ યુક્ત હોય છે, એમની આત્મા ફળને ઉત્પન્ન કરે છે અને પ્રાપ્ત કરે છે. ભ્રમણના શ્રમથી એમની પાપરાશિ નાશ થઇ જાય છે.

જે માણસ બેઠો રહે છે એમનું ભાગ્ય પણ બેઠું રહે છે. જે માણસ ઊંઘે છે, તેમનું ભાગ્ય પણ સુપ્તાવસ્થામાં રહે છે અને જે ચાલતો રહે છે એમનું ભાગ્ય પણ ચાલતું રહે છે. કળિયુગનો અર્થ છે - મનુષ્યની સુપ્તાવસ્થા. જયારે તે આળસ લે છે ત્યારે તે દ્વાપરની સ્થિતિમાં હોય છે, ઊભો થાય ત્યારે ત્રેતા અને કર્મરત (કર્મશીલ) થાય છે ત્યારે સત્યયુગની અવસ્થા આવી જાય છે. ચાલતો મનુષ્ય જ સ્વાદિષ્ટ ફળને પ્રાપ્ત કરે છે. સૂર્યના શ્રમને જુઓ જે કયારેય ચાલવાની આળસ કરતો નથી.[૧૯૩] અહીંયા ''चरैवेति'' ની ગાથાઓ દ્વારા જીવનમાં આળસ કર્યાં વિના નિરંતર ચાલતા (કર્મ કરતાં) રહેવાની પ્રેરણા પ્રદાન કરવામાં આવી છે.

સંસારના બધા પ્રકારના કામ-કાજ ઇશ્વરીય સત્તા વડે જ નિયંત્રિત હોય છે. માનવીય જીવનમાં જન્મથી લઇ મૃત્યુ સુધીના બધા ઘટનાચક્રો તેઓના પોતાના કર્મોના ફળસ્વરૂપ જ ન્યાયકારી પરમેશ્વર વડે સંચાલિત થાય છે તે વિચાર સામવેદમાં સ્પષ્ટરૂપે નિર્દિષ્ટ છે - ''પરમેશ્વર કયારેય કોઇના કર્મને નિષ્ફળ કરતાં નથી અને કોઇ નિરપરાધીને દંડ દેતા નથી. આ જન્મમાં અને પૂર્વજન્મમાં પ્રત્યેક માનવી માટે કર્મફળની વ્યવસ્થા કરી દેવામાં આવી છે.''[૧૯૪]

રાષ્ટ્રના વિકાસ માટે વિદ્વાનોએ અને બ્રાહ્મણોએ જાતે સજાગ થઇને

૧૯૩. कलिः शयानो भवति संजिहानस्तु द्वापरः ।
तिष्ठस्त्रेता भवति कृतं सम्पद्यते च रंश्चरैवेति ॥
चरन्वै मधु विन्दति चरन्स्वादुमुम्बरम् ।
सूर्यस्य पश्य श्रेमाणं योन तन्द्रयते चरंश्चरैवेति ॥ - ઋગ્વેદઃ - ૩/૩/૧.

૧૯૪. कदाचन स्तरीरसि नेन्द्र सजसि दाशुषे ।
उपोपेन्नु मधवन् भूय हन्तु ते दानं देवस्य प्रच्चते ॥ - સામવેદઃ - ૩૦૦.

નાગરિકોને સાચી દિશામાં કર્મશીલ બનાવવાની પ્રેરણા આપવી જોઇએ તેનો નિર્દેશ અથર્વવેદમાં મળે છે કે - રાષ્ટ્રના નિર્માણ માટે આપણે બધા નાગરિકો કર્મશીલ અને જાગૃત થઇએ જે દેશમાં આળસુ અને પ્રમાદી માણસો હોય છે તે દેશ ગુલામ થઇ જાય છે.[૧૯૫] બીજા મંત્રમાં - બ્રાહ્મણો જાતે સાવધાન થઇ પોતાના યજમાનોને દુષ્કર્મની તરફ જતાં અટકાવે, જેનાથી બધાનું કલ્યાણ થાય, બધાના આયુષ્ય, પ્રાણ, ધન-ધાન્ય, કીર્તિ સુખ, શાંતિની વૃદ્ધિ થાય.[૧૯૬] તો વળી ઉદ્યમી પુરુષની સેવામાં લક્ષ્મી કેવી રીતે આવે છે તેનું સુંદર દૃષ્ટાંત ઋગ્વેદમાં એક મંત્રમાં આપ્યું છે - ''સમુદ્રને કોઇ કામના હોતી નથી છતાં અનેક નદીઓ તેમાં સમાય છે, આ રીતે ઉદ્યોગી પુરુષની સેવામાં લક્ષ્મી હમેંશા હાજર હોય છે.''[૧૯૭] એટલે કે ઉદ્યમ કરે છે, પુરુષાર્થ કરે છે, તેને કયારેય ધનનો અભાવ સતાવતો નથી.

વિદ્વાન પુરુષોના કર્તવ્ય સંદર્ભે ઋગ્વેદના એક મંત્રમાં સ્પષ્ટ કહ્યું છે કે - વિદ્વાન પુરુષોનું કર્તવ્ય છે કે તેઓ શ્રેષ્ઠ કર્મ કરે અને બીજા પાસે કરાવે. આનાથી દોષોની નિવૃત્તિ અને બળ વૃદ્ધિ,, વિદ્યા તથા ઉંમરમાં વૃદ્ધિ થાય છે.[૧૯૮] બીજા એક મંત્રમાં મનુષ્યના કલ્યાણની વાત કહેવાય છે કે - ''જેઓ વિદ્વાન હોય અને શ્રેષ્ઠ કર્મ કરતાં હોય તેમનું જ શિક્ષણ ગ્રહણ કરીએ ખોટાં સ્વભાવના માણસોથી હમેંશા દૂર જ રહેવું જોઇએ એમાંજ મનુષ્યમાત્રનું કલ્યાણ સમાયેલું છે.''[૧૯૯]

મનુષ્યએ કર્મ કરવા માટે હમેંશા તત્પર રહેવું જોઇએ તેથી કર્મની પ્રશંસા કરતાં મનુષ્યને સ્વયં કર્મ કરવાની પ્રેરણા આપતાં કહ્યું છે કે - ''જેવી રીતે અધ્યયન કર્યા વિના વેદ ફળ આપતું નથી, એ પ્રકારે બીજા દ્વારા કરાયેલ અથવા કર્યા વિનાનું કામ ફળ દેતુ નથી.[૨૦૦]

### (૧૨) અથર્વવેદમાં 'રાષ્ટ્રિયતા' નિરૂપણ :-

વેદમાં બધી વિદ્યાઓ સૂક્ષ્મરૂપથી રહેલી છે, એ સ્મૃતિઓએ પણ

---

૧૯૫. અથર્વવેદઃ - ૧૨/૧/૭.

૧૯૬. उत् तिष्ठ ब्रह्मणस्यते देवान यज्ञेन बोधय ।
आयुः प्राणं प्रजां पशून कीर्तिं यजमानं च वर्धया ॥ - અથર્વ. - ૧૯/૬૩/૧.

૧૯૭. धृतव्रतो धनदाः सोमवृद्धः स हि वामस्य वसुनः पुरुक्षुः ।
स जग्मिरे पथ्या रायो अस्मिन्त्समुदे न सिन्धवो यादमानना: ॥ - ઋગ્વેદઃ - ૬/૧૯/૫.

૧૯૮. वि द्वेषांसीनुहि वर्धयेलां मदेम शतहिमा सुधीराः । - ઋગ્વેદઃ - ૧૦/૭.

૧૯૯. ઋગ્વેદઃ - ૧/૯૦/૩.

૨૦૦. सऽएनमविहितो न भूनक्ति यथा वाननूक्तोऽन्यद्वा कर्माकृतम् । - શ.બ્રા. - ૧૪/૪/૨/૬.

કહ્યું છે. 'सर्वज्ञानमयो वेदः' આ પ્રસિદ્ધ વેદ પ્રશંસા છે. 'वेदोऽखिलो धर्ममूल'[૨૦૧] એવું સ્મૃતિઓમાં કહ્યું છે. ઐહિક અને પારલૌકિક સર્વ વિદ્યાઓ વેદમાં છે, એવું કહેવાથી કાર્ય ચાલી શકતું નથી, ખરું તો વેદ વિદ્યાઓ વેદમાં છે તેને બહાર કાઢીને જનસમાજની સામે રાખવી જોઇએ આ રીતે જે ગુઢ રૂપમાં વિદ્યા વેદમાં હશે તેને બહાર કાઢીને જનસમાજની સામે પ્રત્યક્ષ રૂપમાં સિદ્ધ કરીને બતાવવી જોઇએ તે બાબતને ધ્યાનમાં રાખી વેદમાં-અથર્વવેદમાં 'રાષ્ટ્રિયતા' છે. તેના નિરૂપણથી વેદમાં રાષ્ટ્ર વિષયક વિચારો છે. તે સ્વયં સિદ્ધ થઇ શકશે અને રાષ્ટ્રશાસન, રાષ્ટ્રરક્ષણ અને રાષ્ટ્રની ઉન્નતિ સંબંધી સર્વ વિચારો વેદમાં છે. એવું પરંપરાથી માનવું સુગમ થશે માટે અથર્વવેદમાં રાષ્ટ્રિયતાનો વિચાર આ પ્રકરણમાં કરવામાં આવ્યો છે.

અથર્વવેદમાં ૧૨ (બાર) માં કાંડના પ્રથમ સૂકતમાં રાષ્ટ્રિયતા અંગેના વિચારો વ્યક્ત થયા છે. 'ग्रामपत्तनादिरक्षणार्थम्'[૨૦૨] ગામ, નગર વગેરે સંરક્ષણના સમયે આનો ઉચ્ચાર કરવો જોઇએ એવો આ સૂકતનો ઉપયોગ કહ્યો છે. રાષ્ટ્રિયતાના સંદર્ભમાં માતૃભૂમિ નો સ્પષ્ટ ઉલ્લેખ પણ છે. જેમ કે -

माता भूमिः पुत्रोऽहं पृथिव्याः ॥[૨૦૩]

सा नो भूमिर्विसृजतां माता पुत्राय मे पयः ॥[૨૦૪]

भूमे मातर्निधेहि मा भद्रया सुप्रतिष्ठितम् ॥[૨૦૫]

આ મંત્રોમાં માતૃભૂમિની અત્યંત સ્પષ્ટ કલ્પના છે - ''મારી માતા ભૂમિ છે અને હું આ માતૃભૂમિનો પુત્ર છું. આ માતૃભૂમિ કે જેનો હું પુત્ર છું. તે પુત્ર માટે પુરતુ દૂધ અર્થાત્ ખાવાને માટે અન્ન આપે અને હે માતૃભૂમિ ! મને સુરક્ષિત રાખ.''

અહિંયા હું માતૃભૂમિનો પુત્ર છું. 'પુત્ર' નો અર્થ જ - 'पुनाति त्रायते च पवित्र' કરનાર અને સંરક્ષણ કરનાર એવો થાય છે. માતૃભૂમિના પુત્રનું કર્તવ્ય અહીં બતાવ્યું છે. જે પુત્ર છે તે સંરક્ષણ કરે. આ રીતે આ મંત્રોમાં માતૃભૂમિનું કાર્ય

૨૦૧. મનુસ્મૃતિ -
૨૦૨. અથર્વવેદઃ - ૧૨/૧.
૨૦૩. અથર્વવેદઃ - ૧૨/૧/૧૨.
૨૦૪. અથર્વવેદઃ - ૧૨/૧/૧૦.
૨૦૫. અથર્વવેદઃ - ૧૨/૧/૧૩.

માતૃભૂમિના સુપુત્રોનું છે એવું સ્પષ્ટ કહ્યું છે. ભૂમિ માતા છે અને જનસમુદાય તે માતાના પુત્રો છે, એ બાબતનો સ્પષ્ટ નિર્દેશ અથર્વવેદનાં મંત્ર છે – ''હે માતૃભૂમિ તારા ઉપર સંસાર કરીએ છીએ, તું જ દ્વિપાદો અને ચતુષ્પાદોનું સંરક્ષણ તેમજ ભરણપોષણ કરે છે. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શૂદ્ર, નિષાદ એ પંચજન નિઃસંદેહ તારા જ પુત્રો છે તેમને માટે સૂર્ય ઉદય થઇ પ્રકાશ આપે છે.''[૨૦૬] આ મંત્રમાં સ્પષ્ટ રીતે કહ્યું છે કે આ પાંચેય પ્રકારના મનુષ્યો માતૃભૂમિથી ઉત્પન્ન થયા છે અને માતૃભૂમિથી તેઓનું ભરણ-પોષણ થાય છે અને તે પાંચેય લોકો માતૃભૂમિ પર ઇચ્છા અનુસાર સંસાર કરે છે.

વિવિધ ભાષી વિવિધ ધર્મિઓનાં બંધુભાવ અંગે પણ અથર્વવેદમાં સ્પષ્ટ થયેલ છે – ''અનેક પ્રકારની વિવિધ ભાષાઓ બોલવાવાળા અને (नानाधर्माणं) અનેક ધર્મોને પાળવાવાળા જનસમુદાયને (यथाओनकसं) એક ઘરમાં રહેવાવાળા ભાઇઓની જેમ આ માતૃભૂમિ ધારણ કરે છે, આ માતૃભૂમિ અમને ધનની હજારો ધારાઓ આપતી રહે જેમ દોહવાને સમયે શાંતપણે દૂધ આપતી ગાય દૂધ આપે છે.''[૨૦૭]

અમારી માતૃભૂમિ અમારા માટે પ્રત્યેક દિશામાં રમણીય હોવી જોઇએ તે અંગેનો નિર્દેશ પણ અથર્વવેદમાં પ્રાપ્ત થાય છે – ''જે અમારી માતૃભૂમિના નગરો દેવોએ બનાવેલા છે તેમજ અમારી માતૃભૂમિના ક્ષેત્રોમાં મનુષ્ય વિવિધ પ્રકારના કાર્યો કરે છે. એવા અનેક ઉત્તમ પદાર્થોને પોતાના ગર્ભમાં-ખોળામાં ધારણ કરવાવાળી અમારી માતૃભૂમિને પ્રજાપાલક પરમેશ્વર પ્રત્યેક દિશામાં અમારા માટે અત્યંત રમણીય બનાવે.''[૨૦૮] આ જ વિચાર બીજા એક મંત્રમાં રજૂ થયો છે – ''જે માતૃભૂમિમાં દેશનો ભૂતકાળ બનાવવાવાળા પ્રાચીન જ્ઞાની ઋષિઓએ સત્ર, યજ્ઞ તથા તપ કરીને (सप्तगाः) સાત ભૂવિભાગોનો ઉદ્ધાર કર્યો,

---

૨૦૬. त्वज्जातास् त्वयि चरन्ति मर्त्याः त्वं बिभर्षि द्विपदस्त्वं चतुष्पदः तवेमे पृथिवि पच्च मानवा येभ्यो ज्योतिरमृतं मर्त्येभ्यः उद्यन्त्सूर्यो रश्मिभिरातनोति ॥ – અથર્વવેદઃ – ૧૨/૧/૧૫.

૨૦૭. जनं बिभ्रती बहुधा विवाचसं नानाधर्माणं पृथिवी यथौकसम् ।
सहस्त्रं धारा द्रविणस्य मे दुहां ध्रुवेव धेनुरनपस्फुरन्ती ॥ – અથર્વ. – ૧૨/૧/૪૫.

૨૦૮. यस्याः पुरो देवकृताः क्षेत्रे यस्या विकूर्वते ।
प्रजापतिः पृथिवीं विश्वगर्भाम्
आशामशां रण्यां नः कृणोतु ॥ – અથર્વ. – ૧૨/૧/૪૩.

તે જ અમારી શ્રેષ્ઠ માતૃભૂમિ છે.''[૨૦૯] આ મંત્રમાં કહ્યું છે - કે આ ભૂમિમાં (भूत-कृतः ऋषयः) ભૂતકાળમાં ઉજ્જવળ જ્ઞાનનો પ્રચાર કરવાવાળા ઋષિઓ થયા હતા. આ જ વિચારને વધુ સ્પષ્ટ રીતે પછીના મંત્રમાં જણાવે છે કે ''જે માતૃભૂમિમાં અમારા પ્રાચીન પૂર્વજોએ પરાક્રમ કર્યું હતું અને જેમાં દેવોએ અસૂરોને નસાડી મૂક્યા હતા. જે માતૃભૂમિ ગાયો, ઘોડા અને પક્ષીઓને રહેવા માટે સારું સ્થાન આપે છે, એ અમારી માતૃભૂમિ અમને ઐશ્વર્ય અને તેજ આપે છે.[૨૧૦] આ મંત્રમાં પણ પ્રાચીન ઇતિહાસ તરફ નિર્દેશ કર્યો છે. એજ વર્ણન પછીના મંત્રમાં વધારે સ્પષ્ટપણે જણાવે છે કે - ''અશ્વિદેવોએ જે ભૂમિનું માપ કર્યું, વિષ્ણુએ જે ભૂમિને આપણા માટે શત્રુરહિત કરી, અમારી માતૃભૂમિ માતાની જેમ પોતાના પુત્રોને દૂધ આપે છે એ રીતે અમને ઉપયોગી પદાર્થ આપે.''[૨૧૧] આ મંત્રમાં જેવી રીતે ઇન્દ્ર અને વિષ્ણુએ અસૂરોનો નાશ કર્યો અને માતૃભૂમિનું સંરક્ષણ કર્યું એ રીતે અશ્વિદેવોએ ભૂમિનું માપ કર્યું અને ગામ અને નગરોનું પ્રમાણ કર્યું. સભ્યતાની સુરક્ષા માટે એની ઘણી આવશ્યકતા છે એ વાત આ મંત્રમાં સૂચિત કરી છે.

માતૃભૂમિના સંરક્ષણ સંદર્ભમાં નિર્દેશ મળે છે કે - ''જ્ઞાની અને વીર જે માતૃભૂમિ માટે આળસ કર્યા વિના હમેંશ રક્ષણ કરતાં રહે છે, માતૃભૂમિ એમને મધુર અને પ્રિય અન્ન આપે અને તેજથી એમને યુક્ત કરે.''[૨૧૨] આમ, આ મંત્રમાં માતૃભૂમિનું રક્ષણ (विश्वदानी) હમેંશ રક્ષણ કરવું જોઇએ અને (अप्रमादं)

---

૨૦૯. यस्या पूर्वं भूतकृत ऋषयो गा उदानृचुः ।
सप्त सत्रेण वेधसो यज्ञेन तपसा सह ॥ - અથર્વ. - ૧૨/૧/૩૯.

૨૧૦. यस्याः पूर्व पूर्वजना विचक्रिरे
यस्या देवा असुरानभ्यवर्तयन् ।
गवामश्वानां वयसश्च विष्टा
भगं वर्चः पृथिवीं नो दधातु ॥ - અથર્વ. - ૧૨/૧/૫.

૨૧૧. याअश्विनावमिमातां विष्णुर्यस्यां विचक्रिरे ।
इन्दो यां चक्र आत्मनेऽनमित्रां शचीपति
सा नो भूमिर्विसृजतां माता पुत्राय मे पयः ॥ - અથર્વ. - ૧૨/૧/૧૦.

૨૧૨. यां रक्षन्त्यस्वप्ना विश्वदानी
देवा भूमि पृथिवीमप्रमादम् ।
सा नो मधु प्रियं दुहां
अथो उक्षतु वर्चसा ॥ - અથર્વ. - ૧૨/૧/૭.

પ્રમાદ ન કરતાં કરવું જોઇએ માતૃભૂમિના પુત્રોમાં જે જ્ઞાની હોય તે જ્ઞાનથી, જે વીર હોય તે પોતાના બળથી, જે ધનવાન હોય તે પોતાના ધનથી અને જે કર્મચારી હોય તે પોતાના પ્રયત્નથી માતૃભૂમિના રક્ષણ માટે યત્ન કરે. માતૃભૂમિની સેવાના સંદર્ભમાં પણ અથર્વવેદમાં સ્પષ્ટ નિર્દેશ મળે છે - ''જે માતૃભૂમિ પ્રારંભમાં જળની અંદર હતી, જે માતૃભૂમિની સેવા મનનશીલ લોકો કુશળતાથી તથા રાજનીતિથી પણ કરે છે, તે અમારી માતૃભૂમિ અમારા ઉત્તમ રાષ્ટ્રમાં તેજસ્વિતા અને બળને ધારણ કરે.''[૨૧૩]

માતૃભૂમિનું ધારણ કયાં ગુણોથી થાય છે, એ વિષયમાં કહેવામાં આવ્યું છે કે -

सत्यं बृहत् ऋतं उगं दीक्षा तपो
ब्रह्म यज्ञः पृथिवी धारयन्ति ।
सा नो भूतस्य भविस्य पत्नी
उरुं लोकं पृथिवीं नः कृण्णोतु ॥[૨૧૪]

''સત્ય, બૃહદ્ભાવ, સરળતા, દક્ષતા, શીતોષ્ણ સહન કરવાની શક્તિ, દાન અને યજ્ઞ આ આઠ સદ્ગુણો માતૃભૂમિનું ધારણ કરે છે, તે અમારી ભૂત, વર્તમાન અને ભવિષ્યનું પાલન કરનારી માતૃભૂમિ અમારા માટે વિસ્તૃત કાર્યક્ષેત્ર આપે.''

ઉપરાંત માતૃભૂમિની સેવા કરવાનું વ્રત રાષ્ટ્રમાં રહેનારા સર્વ લોકોએ પોતાના આચરણમાં મૂકવુ જોઇએ એ વિચાર પણ રજૂ થયેલો છે - ''અમારી માતૃભૂમિ ઉત્તમ પ્રકારની ઔષધિઓને નિર્માણ કરે છે. આ ભૂમિનું અમે ધર્મથી ધારણ કરીએ છીએ આ શુભ અને સુખદાયી માતૃભૂમિની અમે સર્વદા સેવા કરીશુ''[૨૧૫] માતૃભૂમિની વંદના કરવામાં આવી છે કે - ''જે ભૂમિમાં સુવર્ણ વગેરે પ્રશસ્ત ધાતુઓ સમાયેલા છે, તે માતૃભૂમિને હું વંદન કરું છું.''[૨૧૬] તો વળી અન્ય જગ્યાએ બીજા મંત્રમાં પણ વંદના છે કે - અમારી માતૃભૂમિમાં ચોખા અને

૨૧૩. याऽर्णवेऽधि सलिलमग्र आसीत यां मायाभिरन्वचन्मनीषिणः ।
सा नो भूमिस्त्विषिं बलं राष्ट्रे दधातूत्तमे ॥ - અથર્વ. - ૧૨/૧/૮.

૨૧૪. અથર્વ. - ૧૨/૧/૧.

૨૧૫. विश्वस्वं मातमोषधीनां ध्रुवां भूमिं पृथिवी धर्मणा धृताम् ।
शिवां स्योनामनुचरेम विश्वहा ॥ - અથર્વ. - ૧૨/૧/૧૭.

૨૧૬. तस्यै हिरण्यवक्षसे पृथिव्या अकरं नमः । - અથર્વ. - ૧૨/૧/૨૬.

અન્ય કાંઇ પાકે છે અને જેમાં જ્ઞાની, શૂર, વ્યાપારી, શિલ્પી અને વન્ય એ પાંચ પ્રકારના લોકો આનંદથી રહે છે, તે વર્ષોથી આનંદિત થનારી અને પર્જન્યથી જેનું પાલન થયું છે, એવી માતૃભૂમિને અમે વંદન કરીએ છીએ.[૨૧૭]

અથર્વવેદમાં વૃક્ષોનાં સંરક્ષણ સંદર્ભે પણ વિચાર કરવામાં આવ્યો છે કે -

यस्या वृक्षा वानस्पत्या ध्रुवास्तिष्ठन्ति विश्वहा ।
पृथिवी विश्वधारयसं धृतामच्छावदामसि ॥[२१८]

અમારી માતૃભૂમિમાં વનસ્પતિઓ અને વૃક્ષો સર્વદા સ્થિર રહે છે અર્થાત્ જે ભૂમિ પર લીલીછમ વનસ્પતિઓ અને વૃક્ષો પુષ્કળ છે, તે સર્વને ધારણ કરનારી અમારી માતૃભૂમિને અમે સંરક્ષિત રાખીએ છીએ અને મુખ્યતઃ તેનું જ ગુણવર્ણન અમે કરીએ છીએ. આ મંત્રમાં માતૃભૂમિમાં વૃક્ષો અને વનસ્પતિઓનું ઉત્તમ સંરક્ષણ કરવું એ પરમ કર્તવ્ય છે કારણ કે વનસ્પતિઓ જો ન ટકે તો વરસાદ ઓછો પડે અને પાણીની તંગીને લીધે અનાજ પણ ઓછું ઊગે. આ કષ્ટદાયક સ્થિતિને દૂર કરવા માટે આ આવશ્યક છે કે માતૃભૂમિનું ઉત્તમ સંરક્ષણ કરે.

શરીરની શુદ્ધતા માટે ઋષિ પૃથ્વીને પ્રાર્થના કરે છે કે - ‘‘હે પૃથ્વી ! (नः तन्वे) અમારા શરીરની શુદ્ધતા માટે (शुद्धाः आपः सरन्तु) શુદ્ધ જળ ભરપુર વહ્યા કરે, જે અમારા માટે અપ્રિય છે. તેને અમે મળની જેમ દૂર ફેંકીએ (पवित्रेण मा उत्पुनामि) જે પવિત્ર છે તેનાથી હું મને પવિત્ર કરું છું.’’[૨૧૯]

બીજા એક મંત્રમાં માતૃભૂમિને વંદના કરતાં કહે છે કે - ‘‘હે માતૃભૂમિ ! તારા પર આવનાર વસંત, ગ્રીષ્મ, વર્ષા, શરદ, હેમંત અને શિશિર આ છ ઋતુઓ જે નિયત સમયે આવે છે અને જે વર્ષ દરમ્યાન ક્રમપૂર્વક આવે છે તથા જે તારા પર દિવસ રાત આવે છે તે સર્વ (नः दुहातां) અમારા માટે સુખ દેતાં રહે’’[૨૨૦]

માતૃભૂમિ ધનના ભંડારને ધારણ કરનારી છે. તેનો નિર્દેશ એક મંત્રમાં પ્રાપ્ત

---

૨૧૬. तस्यै हिरण्यवक्षसे पृथिव्या अकरं नमः । - અથર્વ. - ૧૨/૧/૨૬.

૨૧૭. यस्यामन्नं व्रीहिवयौ यस्या इमाः पच्चकृष्टयः ।
भूम्यै पर्जन्यपत्न्यै नमोऽस्तु वर्षभेदसे ॥ - અથર્વ. - ૧૨/૧/૪૩.

૨૧૮. અથર્વવેદઃ - ૧૨/૧/૨૭.

૨૧૯. शुद्धान आपस्तन्वे क्षरन्तु योनः सेदुरप्रिये तं न ददमः ।
पवित्रेण पृथिवी मोत्पुनामि ॥ - અથર્વ. - ૧૨/૧/૩૦.

૨૨૦. ग्रीष्मस्ते भूमे वर्षाणि शरद्वेमन्तः शिशिरो वसन्तः ।
ऋतवस्ते विहिता हायनीरहोरात्रे पृथिविनो दुहाताम् ॥ - અથર્વ. - ૧૨/૧/૩૬.

થાય છે. ''ઘણા પ્રકારની ખાણોમાં ધન, રત્ન, હીરા વગેરે તમા સોનાદિ ઇત્યાદિ એકઠી થયેલી સંપતિને ધારણ કરનારી અમારી માતૃભૂમિ તે ભંડાર અમને આપો. આ ધન ભંડાર આપનાર, દિવ્ય માતૃભૂમિ (न वसुनि ददातु) અમને બધાને યથાયોગ્ય ધન આપે.''[૨૨૧]

આ પ્રમાણે અથર્વવેદમાં પ્રયુક્ત મંત્રો આપણને રાષ્ટ્રગીત તરફ અંગુલિ નિર્દેશ કરે છે. તેમાં માતૃભૂમિની ઉત્તમ તથા સ્પષ્ટ કલ્પના છે. રાષ્ટ્રના આવશ્યક શુભ ગુણોનો નિર્દેશ અહીં આપેલ છે. માતૃભૂમિના યશને માટે આત્મસર્વસ્વનું સમર્પણ કરવાની તેમાં સ્ફૂર્તિ છે. આ રીતે સિદ્ધ થાય છે કે વેદ 'રાષ્ટ્રિયતા' નો ઉપદેશ કરે છે. વેદમાં અનેક વિદ્યાઓ છે, તેમાં રાષ્ટ્રશાસન વિદ્યા પણ છે. તેનું સંક્ષેપમાં દિગ્દર્શન અહીં થાય છે.

**(૧૩) વેદોમાં 'મૂલ્ય' નિરૂપણ :-**

સંસ્કૃત ભાષા ભારત વર્ષની સંસ્કાર ભાષા છે. ભારતની પ્રતિષ્ઠા સંસ્કૃત અને તેની સંસ્કૃતિ થકી છે. સંસ્કૃતિ સંસ્કૃત વગર એવી પ્રતિત થાય છે જાણે કે શૂન્ય દેહ. એટલે જ કહેવાયું છે કે भारतस्य प्रतिष्ठे दे । જીવનનું પરમ લક્ષ્ય માનવતાવાદનો વિકાસ તેમજ શાશ્વત માનવીય મૂલ્યો, નૈતિક મૂલ્યો, આધ્યાત્મિક મૂલ્યો, સામાજિક અને સાંસ્કૃતિક મૂલ્યોના નિર્વહન અને વિશ્વ માનવતાવાદની પ્રસ્થાપના માટે સતત પ્રેરણાદાયી સ્વરૂપની જાણકારી મેળવ્યા વગર આપણે ભારતીય સભ્યતા અને સંસ્કૃતિનો પ્રશ્ન ઊઠે છે ત્યારે આપણે ચિર સંચિત અતિતની તરફ દષ્ટિપાત કરીએ છીએ. પ્રગતિવાદની દોડમાં આજના સમાજમાં ચારે તરફ નૈતિક, સામાજિક, સાંસ્કૃતિક અને આધ્યાત્મિક મૂલ્યોનો જાણે હ્રાસ થઇ રહ્યો છે. એવા સમયે મૂલ્ય શિક્ષણની અનિવાર્યતા ઊભી થઇ છે.

ભારત મૂલ્યો પ્રસ્થાપિત કરવાની બાબતમાં સમગ્ર વિશ્વનો ગુરુ રહ્યો છે. ભારતીય સંસ્કૃતિમાં મૂલ્ય પ્રસ્થાપનના બીજ અતિ પ્રાચીન કાળમાં જ રોપાયેલાં જોવા મળે છે. ચિરકાળથી સંસ્કૃત સાહિત્યમાં રચાયેલાં સંસ્કૃતિના આધારભૂત

૨૨૧. निधि र्बिभ्रती बहुधा गुहा वसु मणिं हिरण्यं
पृथिवी ददातु मे ।
वसूनि नो वसुदा रासमाना देवी दधातु
सुमनस्य माना ॥ - અથર્વ. - ૧૨/૧/૪૪.

ગ્રંથો વેદ-પુરાણો-ઉપનિષદો-સ્મૃતિગ્રંથો અને ભાષ્યોમાં સંચિત મૂલ્ય પ્રસ્થાપનની સંપદા પ્રાપ્ત થાય છે.

સંસ્કૃત સાહિત્યમાં મૂલ્ય શબ્દને નીતિ, રીતિ, નૈતિકતા, સંસ્કાર, આદર્શ વગેરે જેવા અર્થમાં ઓળખાવ્યો છે. સંસ્કૃતમાં 'णीञ' = ની ધાતુઓનો અર્થ છે - જવું -લઇ જવું તથા રક્ષા કરવી. તેમાથી 'નીતિ' શબ્દ બન્યો છે. જે મૂલ્યના અર્થમાં વારંવાર વપરાયો છે. જેનો અર્થ છે - ''એવો વ્યવહાર જેને અનુકૂળ થઇને ચાલવાથી સ્વયંની અને બીજાની રક્ષા થઇ શકે, બધાનું સાચું હિત થાય એવી નીતિના મૂલ્યની શિક્ષા કે જેનાથી સમાજના પ્રત્યેક વ્યક્તિનું કલ્યાણ થતું રહે.''

નીતિશાસ્ત્ર આચારવિચારોનું વિશ્લેષણ તથા વિવેચન કરીને નિષ્કર્ષ કાઢે છે અને માનવજીવનમાં તેનું અમલીકરણ કરીને સ્વચ્છ-નિષ્પાપ બનવાની શિક્ષા આપે છે. શિક્ષા માનવના સર્વાંગીણ વિકાસની કુંજી છે. જે શિક્ષા વ્યક્તિમાં નૈતિક ગુણનો વિકાસ કરે તેમના ચરિત્રને ઉજ્જવલ બનાવે અને માનવતાના ઉદાત્ત ગુણોને જાગૃત કરી સારા-નરસાનો ભેદ સમજાવે તે મૂલ્યશિક્ષણ.

'सर्व वेदात प्रसिद्धिति'

એ ભારતીય સિદ્ધાંત અનુસાર વૈદિક સાહિત્યમાં સમસ્ત વિદ્યાઓ પ્રાદુર્ભૂત થઇ છે. વિશ્વના સંવિધાનરૂપ મૂલ્યો, સંસ્કારો, નીતિ-આચારણ, વિચારો, વૈદિક સાહિત્યમાં બહુમૂલ્ય રત્નોની જેમ સચવાયેલાં જોવા મળે છે. પ્રવર્તમાન સમયમાં જે મૂલ્યોનું શિક્ષણ આપવું અનિવાર્ય બની ગયું છે, તેવાં શાશ્વત મૂલ્યોનું દર્શન હજારો વર્ષ પહેલાં રચાયેલા વૈદિક વિચારોમાં કંઇક આ અંશે દષ્ટિગોચર થાય છે -

सत्यं वद । धर्मं चर । स्वाध्यायान्मा प्रमदः । सत्यान्न प्रमदितव्यम् । धर्मान्न प्रमदितव्यम् । कुशलान्न प्रमदितव्यम् । भूत्ये न प्रमदितव्यम् । स्वाध्याय प्रवचनाभ्यां न प्रमदितव्यम् । देव पितृ कार्याभ्यां न प्रमदितव्यम् । 'मातृदेवो भवः' । पितृदेवो भवः गुरुदेवो भवः ।' अतिथि देवो भवः ।

### ઋગ્વેદમાં મૂલ્ય વિચાર :-

- शुद्धाः पूता भवत यज्ञियासः ।[૨૨૨]

  શુદ્ધ પવિત્ર અને પરોપકારમય બનો.

૨૨૨. ઋગ્વેદઃ - ૧/૧૮/૧૨.

- देवानां सखमुप सेदिमा ।[२२३]

  વિદ્વાનોની મૈત્રી કરો.

- उप सर्प मातरंभूमिम् ।[२२४]

  માતૃભૂમિની સેવા કરો.

- यतेमहि स्वराज्ये ।[२२५]

  સ્વરાજય માટે સદા યત્ન કરો.

- कृषिमित् कृषस्वं ।[२२६]

  ખેતી વાડી કરો.

- न ब्रूयात् सत्यमपियम् ।[२२७]

  એવું સત્ય ન બોલો જે સાંભળનારને અપ્રિય લાગે.

- अन्नं न निन्धात् ।[२२८]

  અન્નની નિંદા ન કરો.

- अक्षौर्मा दीव्यः ।[२२९]

  જુગાર ન રમો.

- न परस्त्रियमुपेयात् ।[२३०]

  પરસ્ત્રી પ્રત્યે કુદષ્ટિ ન કરો.

- न मांसमश्नीयात् ।[२३१]

  માંસ ન ખાવું જોઇએ.

- मा हिंस्तः पुरुषान् पशूंश्च ।[२३२]

  મનુષ્ય અને પશુઓને (મન, કર્મ અને વાણીથી) કષ્ટ ન આપો.

---

૨૨૨. ઋગ્વેદઃ - ૧/૧૮/૧૨.
૨૨૩. એજન - ૧/૮૯/૨.
૨૨૪. એજન - ૧૦/૧૯/૧૦.
૨૨૫. એજન - ૧૦/૧૮/૯.
૨૨૬. એજન - ૧૦/૫/૧૧.
૨૨૭. એજન - ૩/૭/૧.
૨૨૮. એજન - ૪/૧૭/૧.
૨૨૯. એજન - ૩/૮/૨.
૨૩૦. એજન - ૧૦/૯/૪.
૨૩૧. એજન - ૧/૮૯/૨.
૨૩૨. એજન - ૧૦/૫/૧૧.

- न सूरां पिबेत् ।[२३३]

  મદ્યપાન કરો નહિ.

- 'केवलाधो भवति केवलादीं ।'[२३४]

  જે મનુષ્ય એકલો ખાય છે તે એકલો પાપનો ભોગ બને છે.

- 'न ऋते श्रान्तस्य सुखाय देवाः ।'[२३५]

  પરિશ્રમ કર્યા વિના દેવતા (પણ) સહાયક બનતાં નથી.

- 'सं गच्छध्वं सं वध्वं सं वो मनांसि जानताम् ।'[२३६]

  એક સાથે ચાલો, એક સાથે બોલો, તમારુ મન બધું એક છે તેમ સમજે.

### ❈ યજુર્વેદમાં મૂલ્ય વિચાર :-

- ऋतस्य प्रथा प्रेत ।[२३७]

  સત્યના રસ્તે ચાલો.

- तन्मे मनः शिवसङ्कल्पमस्तु ।[२३८]

  મારું મન ઉત્તમ સંકલ્પોવાળુ બને.

- वृद्ध सेवया नित्यम् ।[२३९]

  નિત્ય વૃદ્ધોની સેવા કરો.

- भूत्यै न प्रमदितव्यम् ।[२४०]

  સંપત્તિનો દૂરઉપયોગ ન કરો.

- कुर्वन्नेवेह कर्माणि जिजीविषेच्छतं समाः ।[२४१]

  કર્મ કરતા કરતા સો વર્ષ જીવવાની ઇચ્છા રાખો.

- विनयस्य मूलं विनयः ।[२४२]

  વિનયનું મૂળ વિનય ધારણ કરવામાં છે.

---

૨૩૩. એજન - ૪/૧/૧૧.
૨૩૪. એજન - ૧૦/૧૧૭/૬.
૨૩૫. એજન - ૧૦/૧૧૭/૪.
૨૩૬. એજન - ૧૦/૧૯૧/૨.
૨૩૭. યજુર્વેદઃ - ૭/૪૫, ૧/૯.
૨૩૮. એજન - ૬૪/૧.
૨૩૯. એજન - ૧૧/૬.
૨૪૦. એજન - ૭/૧૪.
૨૪૧. એજન - ૭/૫.
૨૪૨. એજન - ૧૨/૧.

- विधैव सर्वम् ।[२४३]

  વિદ્યા જ સર્વસ્વ છે.

### ❖ અથર્વવેદમાં મૂલ્ય વિચાર :-

- देवानां सुमतौ स्याम् ।[२४४]

  વિદ્વાન લોકોના ઉપદેશ અનુસાર રહો.

- सर्वेषु यशसः स्याम ।[२४५]

  સમસ્ત જીવોમાં યશસ્વી બનો.

- अरिष्टाः स्याम तन्वा सुवीराः ।[२४६]

  શરીરથી નિરોગી અને ઉત્તમ વીર બનો.

- मधुमती वाचमुदेय ।[२४७]

  મધુર વાણી બોલો.

- 'मित्र स्याहं चक्षुषा सर्वाणि भूतानि समीक्षे ।'[२४८]

  હું બધાં જ પ્રાણીઓ (માનવ) ને મિત્રની દૃષ્ટિથી જોઉં.

- 'श्रद्धा माता ।'[२४९]

  શ્રદ્ધા જ જનની છે.

- 'मा गृधः कस्य स्विदधनम् ।'[२५०]

  કોઇના ધનની આકાંક્ષા ન કરવી જોઇએ.

  'सहना ववतु । सहनौ भुनक्तु । सह वीर्य करवा वहै ।

  (કઠોપનિષદ-૧/૧) उतिष्ठ जाग्रत प्राप्य वरान्निबोधत् ।

આવા અનેક મૂલ્યોનું જ્ઞાન વૈદિક સાહિત્યની સૂક્તિઓ, ઋચાઓ, શ્લોકોનું વિશ્લેષણ કરતાં આપણને પ્રાપ્ત થાય છે. જેના દ્વારા નૈતિક, સામાજિક, સાંસ્કૃતિક, પર્યાવરણ સંબંધી, સૌંદર્યપરક, લોકતાંત્રિક અને રાષ્ટ્રિય તથા આધ્યાત્મિક

---

૨૪૩. એજન - ૧૧/૩.
૨૪૪. અથર્વવેદઃ - ૬/૪૭/૨.
૨૪૫. એજન - ૬/૫૮/૨.
૨૪૬. એજન - ૪/૬/૫.
૨૪૭. એજન - ૧૩/૨/૨.
૨૪૮. માં. સં. - ૩૮/૮.
૨૪૯. અથર્વવેદઃ - ૯૦.
૨૫૦. ઇશ. - ૧.

મૂલ્યોનો વિકાસ થતો રહે, સંવર્ધિત થતાં રહે અને સમાજની પાસે જે અપેક્ષાઓ છે તે પરિપૂર્ણ થાય તે જરૂરી છે. વૈદિક સાહિત્યના આધારે પ્રવર્તમાન અને આવતી પેઢીને સાચાં મૂલ્યો અને આદર્શો શીખવીને અને એ પ્રાપ્ત મૂલ્ય વિચાર દ્વારા સમાજના યોગ્ય નાગરિક બનાવી રાષ્ટ્રને ઉન્નત, સમૃદ્ધ અને ગૌરવશાળી બનાવી અને સ્વસ્થ સમાજની રચના કરી શકાય.

## (૧૪) ઉપનિષદોના નૈતિક સિદ્ધાંતો :-

### ❖ પ્રસ્તાવના :-

માનવજાતની સત્યની શોધમાં ઇતિહાસનું ઉપનિષદો એ એક અત્યંત પ્રોજ્જવળ પ્રકરણ છે. ઋગ્વેદથી આરંભાયેલી જીવનસૃષ્ટિના મૂળ તત્ત્વોની શોધે ઉપનિષદોમાં સર્વોચ્ચ શિખરો સર કર્યા છે. અમેરિકન ફિલસૂફ વ્હાઇટહેડે પશ્ચિમની સમગ્ર ફિલસૂફીને ઉપનિષદોની પાદટીકો તરીકે ઓળખાવી છે. તેજ પ્રમાણે આપણે ભારતની સમગ્ર ફિલસૂફીને ઉપનિષદોની પાદટીપો તરીકે ઓળખાવી શકીએ. ''ફિલસૂફોના દેશ' તરીકે ઓળખાતા ભારતના ધાર્મિક અને તાત્ત્વિક વ્યક્તિત્વને પામવા માટે ઉપનિષદોનો અભ્યાસ અનિવાર્ય મનાય છે. ગોલ્ડસ્ટકરે ઉપનિષદોને 'The basis of the enlightened faith of India' તરીકે આટલા માટે જ ઓળખાવ્યા છે. 'ભારતીય શાણપણના વૃક્ષ પર ઉપનિષદો કરતા વધુ કમનીય બીજું કોઇ કુસુમ નથી' એમ ઉપનિષદોના પર્યાલોચક પોલડોયસને કહ્યું છે.

આ ઉપરાંત અન્ય પશ્ચિમના કેટલા પ્રખ્યાત વિદ્વાનો પણ ઉપનિષદોની મહત્તા સ્પષ્ટ રીતે સ્વીકારે છે –

''આખા વિશ્વમાં ઉપનિષદોના અભ્યાસ જેવો શ્રેય કરનાર અન્ય કોઇપણ અભ્યાસ નથી. મારા જીવનનું એ આશ્વાસન છે, અને મારા મૃત્યુકાળમાં પણ મને એનું જ આશ્વાસન રહેશે.'' – શોપનહોર.

''યુરોપનું ઉત્તમોત્તમ તત્ત્વજ્ઞાન, ગ્રીકતત્ત્વજ્ઞોનો ચૈતન્યવાદ પણ, આર્યાવર્તના બ્રહ્મવાદ સાથે સરખાવતાં મધ્યાહનના પૂર્ણપ્રકાશવાળા સૂર્યની આગળ એક તણખા જેવો જણાય છે.'' – ફ્રેડરીક શ્બેગલ.

''જો સુખી મૃત્યુ મેળવવાની યોગ્યતા સંપાદન કરવી એ તત્ત્વચિંતનનો હેતુ હોય તો તે માટે વેદાંત જેવુ શ્રેષ્ઠ અન્ય કોઇ સાધન નથી.'' – પ્રો. મેકસમ્યુલર.

''પોતાના સત્યસ્વરૂપમાં વેદાંત એ નીતિનો સર્વથી સુદઢ આધાર છે, ને વ્યાવહારિક દુઃખમાં નિરતિશય મૂલ્યવાન આશ્વાસન છે.'' – પ્રો. ડ્યુસેન.

### ❖ ઉપનિષદોમાં નૈતિક સિદ્ધાંતો :-

ઉપનિષદોના નૈતિક સિદ્ધાંતો વિશે વિદ્વાનોમાં ઠીક-ઠીક વિવાદ છે. કેટલાક વિદ્વાનોના મત પ્રમાણે ઉપનિષદોમાં નૈતિક સિદ્ધાંતનું સ્થાન નહિવત્ છે અથવા

તો તેમની ફિલસૂફીમાં નૈતિક મૂલ્યો ઉલેખાયા છે. પ્રો. કીથ લખે છે - "The ethical content of the Upanishads must be said of be negligible and valueless."[૧] ઉપનિષદોમાં 'Love thy neighbour' જેવા રોજ-બરોજની જિંદગીમાં ઉપયોગી એવા નીતિવચનો જોવા મળતા નથી અને તેથી ઉપનિષદોના તત્ત્વચિંતનમાં નૈતિક સિદ્ધાંતોની ઉપેક્ષા થઇ છે, આવો એક પ્રચલિત મત છે.

ઉપનિષદોમાં નિરૂપિત પામેલા તત્ત્વચિંતનનું પરીક્ષણ કરતાં જણાશે કે આ મત આધાર વગરનો છે. એ વાત સાચી છે કે 'Love thy neighbour' જેવા નીતિમત્તાનું પ્રતિપાદન કરતાં સીધા વાકયો ઉપનિષદોમાં જૂજ છે. પરંતુ सर्वं खलु इदं ब्रह्म માં ખૂબ ગહન નીતિમત્તાનો સિદ્ધાંત વિલસી રહ્યો છે, તે સમજવુ મુશ્કેલ નથી. વિશ્વના બ્રહ્મતત્ત્વ સાથે વ્યકિતના આત્મતત્ત્વનું અદ્વૈત સધાતાં નીતિમત્તાનું પણ સર્વોચ્ચ શિખર સર થાય છે, કારણ કે વ્યકિતથી કશું ભિન્ન છે જ નહીં. તેથી તેનું વર્તન પણ તે જ પ્રકારનું રહેશે. વિન્ટરનિટ્ઝ લખે છે - "Moreover we should not ignore the fact that the metaphysical doctrine of Atman, for whose sake the love of our fellow - creatures invelves a deep ethical idea."[૨]

ભારતીય તત્ત્વજ્ઞાનના ઊંડા અભ્યાસી પ્રો. હ્યુમ જેવાઓએ પણ ઉપનિષદોના નૈતિક સિદ્ધાંતો વિશે કેટલાક ગેરસમજભર્યાં વિધાનો કર્યાં છે. તેઓ કૌષિતકીના નીચેના ફકરાને ટાંકે છે -

स यो मां वेद न ह वै तस्य केन चन कर्मणा लोको मीयते । न स्तेयेन न भ्रूणहत्यया न मातृवधेन न पितृवधेन नास्य पापं चन चकृषो मुखान्नीलं वेतीति ।[૩]

હ્યુમ આ ફકરા વિશે લખે છે - ''આ નૈતિક સિદ્ધાંતની સરખામણી સોક્રેટિસના જ્ઞાન અને સદ્ગુણની એકરૂપતાના સિદ્ધાંત સાથે કરવામાં આવી છે.'' પરંતુ ઉપનિષદના આ સિદ્ધાંત અને ગ્રીક વિચારકોનો સિદ્ધાંત કે 'જ્ઞાનનું પરિણામ સદ્ગુણી જીવન હોય છે' વચ્ચે મોટો તફાવત છે. અહીંયા આ આધ્યાત્મિક જ્ઞાન જેની પાસે હોય તે ભૂતકાળમાં બધાં પાપ નાશ કરે છે અને જ્ઞાતાને નિર્લજ્જ પણે

---

૧. A. B. Keith, 'The Religion and Philosophy of the Vedas and Upanishads' - P. 584.

૨. M. Winternitz, 'AHistory of Indian Literature' Vol. I Part I - P. 226.

૩. કૌષિતકી ઉપનિષદ - ૩-૧.

ઉદ્ધતાઇપૂર્વક દેખીતો અનાચાર કરવાની રજા પણ આપે છે.[૪] અહીંયા એક વાત વિસરાઇ ગઇ છે. ઉપનિષદોનું આધ્યાત્મિક જ્ઞાન એ કોઇ આધ્યાત્મિક વિવેચનશક્તિ કે વિવાદ શક્તિની સૂક્ષ્મતા નથી પણ પરમતત્ત્વનો સાક્ષાત્કાર છે અને એ સાક્ષાત્કાર જ હૃદયથી શુદ્ધ હોય તેમને જ થાય. એ સ્થિતિમાં બૃહદારણ્યક ઉપનિષદ્ જણાવે છે તેમ -

''अत्र स्तेनोऽस्तेनो भवति भ्रूणहाऽभ्रूणहा चाण्डालोऽचाण्डालः पौल्कसोऽपौल्कसः श्रमणोऽश्रमणस्तापतोऽतापसोऽनत्वागतं पुण्येनानत्वागतं पापेन तीर्णो हि तदा सर्वान्शोकान्हृदयस्य भवति ।''[૫]

આવા મુક્ત પુરુષો અનૈતિક કશું કરી શકતા નથી. કાયદા-કાનૂનો એવા મનુષ્યો માટે છે જેઓ પોતાના અંતરાત્માના અવાજને અનુસરતા નથી. જ્ઞાનીને બહારનું દબાણ ન હોવાથી તેની આંતરિક પૂર્ણતામાં પરિણતિ થાય છે એટલે રુઢિગત ધોરણો બાહ્ય ફરજો અને નૈતિક નિયમો આવા જ્ઞાની માટે નિરર્થક ઠરે છે.

આ જ પ્રમાણે

''तदेतत्प्रेयः पुत्रात्प्रेयो वित्तात्प्रेयोऽन्यस्मात्सर्वस्मादन्तरतरयदयमात्मा''[૬] અને न वा अरे जायायै कामाय जाया प्रिया भवत्यात्मनस्तु कामाय जाया प्रिया भवति।....... न वा अरे सर्वस्य कामाय सर्वं प्रियं भवत्यात्मनस्तु कामाय सर्वं प्रियं भवति ।[૭]

આમાં સમાવેલા સિદ્ધાંત વિશે હ્યુમ - ઉપરોક્ત જેવો અભિપ્રાય ધરાવે છે.

"However beautiful such a doctrine was in theory it might very easily be misunderstood and misapplied in practice."[૮]

કીથ લખે છે - ''નિઃશંકપણે યાજ્ઞવલ્કય અહીંયા આધ્યાત્મિક સિદ્ધાંતોની વાત કરે છે પણ સ્વાર્થપરક તારતમ્ય સામાન્ય મનુષ્યોને માટે દેખીતું છે. એટલું જ નહિ પણ અંતિમ પૃથક્કરણ કરતાં આત્માનો હેતુ મનુષ્યની દરેક પ્રવૃત્તિ અને ઇચ્છાનો નાશ જણાય છે એ એક એવો આદર્શ છે કે બધા જ

---

૪. R. E. Hume, 'The Thirteen Princial Upanishads' - P. 60.

૫. બૃહદારણ્યક ઉપનિષદઃ - ૪-૩-૨૨.

૬. બૃહદારણ્યક ઉપનિષદઃ - ૧-૪-૮.

૭. બૃહદારણ્યક ઉપનિષદઃ - ૨-૪-૫.

૮. R. E. Hume, 'The Thirteen Princial Upanishads' - P. 66.

પ્રકારની પરોપકારની પ્રવૃત્તિઓને નિષ્ક્રિય બનાવે છે, જેને કારણે ભારતના મુખ્ય સદ્ગુણોએ અકર્મણ્યતા, નિષ્ક્રિય સહાનુભૂતિ અને ઉદારતાનું સ્વરૂપ લીધુ છે.''[૯] આમ નૈતિક મૂલ્યો પર ઉપનિષદોની તત્ત્વવિચારણામાં ભાર મૂકાયો નથી અથવા તો કેટલાક સિદ્ધાંતો નૈતિક દષ્ટિએ હાનિકારક છે એવા વિદેશીઓના અભિપ્રાયો વાસ્તવમાં ગેરસમજનાં પરિણામ છે.

બીજી રીતે પણ ઉપનિષદોમાં નીતિમત્તાની ભાવનાને પોષક એવો ઉપદેશ નથી એવું નથી. तैत्तरीय ઉપનિષદમાં - सत्यं वद । धर्मं चर । स्वाध्यायान्मा प्रमदः । सत्यान्न प्रमदितव्यम् । धर्मान्न प्रम दितव्यम् कुशलान्न प्रमदितव्यम् । मृत्यै न प्रमदितव्यम् । કહ્યું જ છે. બૃહદારણ્યક ઉપનિષદમાં એક ખૂબ સરસ બોધકથા મળે છે. પ્રજાપતિના ત્રણ પુત્રો દેવો માનવો અને દાનવો પાસે વિદ્યાર્થીઓ તરીકે રહ્યા. આ ત્રણેયને પ્રજાપતિએ 'द' અક્ષર કહ્યો. દેવો 'द' નો અર્થ दम्यत - સંયમ રાખવો એવો સમજયા તો મનુષ્યોએ 'दत्त' એટલે દાન આપો એવો અર્થ અને દાનવોએ दयष्वम् દયા રાખો એવો અર્થ ગ્રહણ કર્યો[૧૦] આજ પણ આ દૈવી અવાજ વાદળોની ગર્જના દ્વારા કહે છે – द द द इति दम्यत दत्त दयष्वम् इति । આમ ઉપનિષદોમાં નૈતિક મૂલ્યોનો બોધ પણ છે. તત્ત્વચિંતક કાન્ટે નૈતિકતા વિશે લખ્યુ છે – Morality is not properly the doctrine, the doctrine, how we may make ourselves happy, but how we may make ourselves worthy of happiness. આ સિદ્ધાંત લક્ષમાં રાખીએ તો ઉપનિષદો સુખી બનવાની લાયકાતો કેળવવામાં અત્યંત મદદરૂપ થાય છે.

બીજા કેટલાક મંતવ્ય પ્રમાણે પરમતત્ત્વની ઉપાસના થતી હોવાથી આ દુનિયા પ્રત્યે દુર્લક્ષ સેવવામાં આવે છે. આ દુર્લક્ષ સેવવામાં 'નિરાશાવાદ' રહેલો છે એવું પણ માનવામાં આવે છે. પણ ઉપનિષદો મહદ્ અંશે નિરાશાવાદી નથી. વિન્ટરનિટ્ઝ કહે છે કે – "The doctrine of the Upanishads is at bottom not pessimistic"[૧૧]

**|| સમાપ્ત ||**

૯. A. B. Keith, 'The Religion and Philosophy of the Vedas and Upanishads' - P. 21.

૧૦. બૃહદારણ્યક ઉપનિષદ – ૫ – ૨.

૧૧. M. Winternitz, 'AHistory of Indian Literature' Vol. I Part I - P. 23.

## ❈ પ્રકરણ - ૧૮ ❈

### ❈ 'નીતિદર્શનની પાશ્ચાત્ય પરંપરા' :-

ઉપપ્રકરણ : (૧૮-૧) વિધાનવાદીઓની દષ્ટિમાં નીતિતત્ત્વ

(૧૮-૨) પ્રજ્ઞાવાદીઓની દષ્ટિમાં નીતિતત્ત્વ

(૧૮-૩) સુખવાદી દાર્શનિકોની દષ્ટિમાં નીતિતત્ત્વ

(૧૮-૪) વિકાસવાદી દાર્શનિકોની દષ્ટિમાં નીતિતત્ત્વ

(૧૮-૫) વૈરાગ્યવાદી દાર્શનિકોની દષ્ટિમાં નીતિતત્ત્વ

(૧૮-૬) પૂર્ણતાવાદી દાર્શનિકોની દષ્ટિમાં નીતિતત્ત્વ

(૧૮-૭) મૂલ્યતાવાદી દાર્શનિકોની દષ્ટિમાં નીતિતત્ત્વ

(૧૮-૮) અન્ય આધુનિક પાશ્ચાત્ય દાર્શનિકોની દષ્ટિમાં નીતિતત્ત્વ

## ❖ નીતિ દર્શનની પાશ્ચાત્ય પરંપરા :-

### (૧) પ્રસ્તાવના :-

પાશ્ચાત્ય વિચારક સામાન્યતઃ દરેક જ્ઞાનવિજ્ઞાનનો પ્રારંભ યૂનાની સંસ્કૃતિથી માને છે. તેથી તેઓએ નીતિ-આચાર સંબંધી દાર્શનિક સિદ્ધાંતોની જન્મભૂમિ પણ યૂનાનને જ સ્વીકારે છે. છતાં પણ ઐતિહાસિક દષ્ટિથી પશ્ચિમમાં મિશ્ર તથા યૂનાન તેમજ પૂર્વમાં ભારત તથા ચીનની સંસ્કૃતિઓ પ્રાચીનતમ છે.[૧] જેમકે, અમેરિકી વિદ્વાન હાપકિંસએ એમનું ખંડન કરતા ભારતીય નીતિને જ પ્રાચીન માને છે.

''Although the west discovered mental India years ago and now talks quite globly with its imagined millions of Buddhists'' yet a bart from some.......[૨] આચાર સંબંધી ચિંતન અને વિવેચન માત્ર ભારતભૂમિ પર જ કરવામાં આવ્યું નથી પણ અનેક પાશ્ચાત્ય વિદ્વાનોએ 'નીતિ' અથવા આચારને માનવ જીવનનું એક આવશ્યક અંગ માની આ સંદર્ભમાં ચિંતન મનન કરીને પોતાના નૈતિક વિચારોને સમયે-સમયે પ્રકાશિત કર્યા. પાશ્ચાત્ય દાર્શનિકોના દ્વારા એ પણ અનુભવ કર્યો કે જગતના અન્ય ચરાચર જીવન પોતાની પ્રકૃતિઓને વશીભૂત થઈને કાર્ય કરે છે. પરંતુ માનવ આ દષ્ટિ અન્યતમ છે કે એ પ્રકૃતિઓને વશમાં હોવા છતાં પણ કાર્ય કરવાથી પૂર્વ શુભ-અશુભ અને ઉચિત અનુચિત વિવેચન કરવાના હેતુ ક્ષણવાર રોકાઈ જાય છે. ઉચિત-અનુચિત તથા શુભ-અશુભ સંબંધી એ વિવેચન વિભિન્ન દાર્શનિકોના મતમાં પ્રગટ થયા. કેટલાક વિદ્વાનો એને મૌલિક માને છે, તથા કેટલાક પ્રત્યક્ષ પ્રાપ્ત પ્રકૃત મૂલ્ય. કોઈકે આ નૈતિક બૌધ સ્વીકાર કર્યો છે તો વળી કેટલાક દાર્શનિકોની દષ્ટિમાં આ આત્મનુભૂતિનો વિષય છે.

પાશ્ચાત્ય વિચારકોના નીતિ દર્શન સંબંધી સિદ્ધાંત ક્રમશઃ આ પ્રમાણે છે.

વિધાનવાદ, પ્રજ્ઞાવાદ, સુખવાદ, વિકાસવાદ, કર્તવ્યવાદ (કર્મવાદ), પૂર્ણતાવાદ અને મૂલ્યવાદ.

---

૧. भारतीय नीतिशास्त्र : दिवाकर पाठक - पृ. ४.

२. Hopkins : Ethics of India - P. 9.

**(૨) વિધાનવાદીઓની દૃષ્ટિમાં નીતિ તત્ત્વ :-**

વિધાનવાદનાં સમર્થક દાર્શનિકોનું કહેવું છે કે પ્રત્યેક મનુષ્ય પોતાના સમાજમાંથી નૈતિક શિક્ષણ પ્રાપ્ત કરે છે, કુળ, પરિવાર, જાતિ, રાષ્ટ્ર, ધર્માદિ નૈતિક સંસ્થાઓ છે. જેમનો તે સભ્ય છે, એમને માટે શુભ-અશુભ, ઉચિત અનુચિત કાર્યોનું વિધાન કરે છે. આ સંસ્થાઓના સ્વામી અથવા મુખિયાને વિધાયક કહે છે. એમના દ્વારા નિર્ધારિત કરવામાં આવેલ વિધાન 'આ કરો', 'આ ન કરો' ના રૂપમાં વિધિ અને નિષેધમૂલક હોય છે અને આ નિયમોથી પ્રત્યેક સભ્યનું જીવન બંધાયેલ હોય છે.

આજે પણ વિધાનવાદ શરૂઆતમાંથી જ નૈતિક નિયમોની ઓળખમાં મદદરૂપ સિદ્ધ થાય છે. પરંતુ આમાં પરંપરાગત વિધાનોને જ મહત્ત્વ આપવામાં આવેલ છે. જે મનુષ્યને અધિકારો અથવા અન્તરાત્મા ઉપર શાસન કરે છે. તેથી આ પ્રગતિશીલતામાં બાધા ઊભી કરે છે. આ પ્રકારે આપણને વિધાનવાદીઓનો મત દોષપૂર્ણ પ્રતિત લાગે છે.

**(૩) પ્રજ્ઞાવાદીઓની દૃષ્ટિમાં નીતિ તત્ત્વ :-**

આ સિદ્ધાંતની અંતર્ગત નૈતિક નિયમોના નિર્ધારકના રૂપમાં એકમાત્ર પ્રજ્ઞાને સ્વીકારે છે. એમના મતાનુસાર માનવની પાસે નીતિ-અનીતિ સંબંધી ગુણની ઓળખ-હેતુ એક વિશેષ શક્તિ છે. જે કર્મોની શુભતાની ઓળખ આપે છે. નૈતિક શુભ સ્વતંત્ર હોય છે. તેમજ બુદ્ધિ દ્વારા ઉત્પન્ન થતાં નથી. જે કર્મ જેવું રહે છે. તે હમેંશા એવાજ રહે છે. નૈતિક શુભનું જ્ઞાન આજે પણ અનુભવ જન્ય હોય છે. પરંતુ તે પોતાના જ અનુભવ પર આશ્રિત હોતા નથી. આ સિદ્ધાંત અનુસાર નૈતિક કર્મ સ્વતઃ સાધ્ય નથી. જેમ કે, રૈશડલ મહોદય કહે છે -

"By intutionism is usually understood the theory that actions are pronounced right or wrong oprior without reference to their consequences"[૩]

તેથી કોઇ કાર્ય ઉચિત અથવા અનુચિત કોઇ અન્ય વસ્તુની પ્રાપ્તિને માટે હોતાં નથી.

૩. नीतिदर्शन की रुपरेखा - प्रो. रत्ना देव - પૃ. ૧૧૦.

### વુડવર્થનો મત :-

વુડવર્થ બૌદ્ધિકતા ઉપર વધુ ભાર દેતા કહે છે કે – નૈતિક નિર્ણય તર્ક ઉપર આધારિત તેમજ બૌદ્ધિક છે. નૈતિક ગુણ અર્થાત્ કર્મોનું ઉચિત અથવા અનુચિત હોવું સ્વતઃ સિદ્ધ શાશ્વત અને નિરપેક્ષ છે.

### કલાર્કનો મત :-

મનુષ્યના કર્તવ્ય-નિર્ધારણને માટે કલાર્કે ચાર સ્વતઃસિદ્ધ તથા સ્થાયી નિયમ બતાવેલ છે.

(ક) મનુષ્ય ઇશ્વર પ્રત્યે નિષ્ઠા રાખે.

(ખ) મનુષ્ય અને મનુષ્ય વચ્ચે સમાનતાને વ્યવહાર રાખવો જોઇએ.

(ગ) મનુષ્યને પરોપકારીની ભાવનાથી કાર્ય કરવું જોઇએ.

(ઘ) દરેક મનુષ્યને પોતાનું શરીર અને મનને સ્વસ્થ રાખવું જોઇએ.

### બુલેસ્ટનનો મત :-

બુલેસ્ટને સત્ય તથા અસત્ય, શુભ તથા અશુભમાં પારસ્પરિક સંબંધ માન્યો છે. શુભ કાર્ય સત્યનું સમર્થક છે તથા અશુભકાર્ય સત્યનું વિરોધી છે. અશુભકાર્ય કરવું સત્યનો નિષેધ કરે છે. આ પ્રકારે બુલેસ્ટ જ્ઞાનને પરમ શુભ માને છે. જ્ઞાન જ સદ્ગુણ છે.

પ્રજ્ઞાવાદના અન્ય સમર્થકો શોફ્ટસબરી, હચિસન, રસ્કિન વગેરેએ પ્રજ્ઞાને સુંદર-અસુંદરનું જ્ઞાન પ્રાપ્ત કરાવવાવાળી ઇન્દ્રીય માને છે. અન્ય નીતિશાસ્ત્રીઓ જેવા કે – એડમસ્મિથે પ્રજ્ઞાને સહાનુભૂતિ, બટલરે અન્તરાત્મા, માર્ટિન્યૂએ નૈતિક સંવેદના માને છે.

આ સિદ્ધાંત અવ્યાવહારિક છે તથા નૈતિક નિયમોના સંઘર્ષની સ્થિતિમાં સામંજસ્ય સ્થાપિત કરવામાં અસમર્થ છે. એમણે આત્માને પૂર્ણ આત્માના રૂપમાં સ્વીકાર કર્યો નથી. જો કે જ્ઞાન પ્રાપ્તિના સાધનના રૂપમાં માને છે. ફળ સ્વરૂપ આત્માથી ઉત્પન્ન નૈતિક નિયમોમાં સ્પષ્ટતા થતી નથી. આનાથી અલગ પ્રજ્ઞાવાદીઓનો વિચાર એકાંગી છે, કારણ આપણા સમસ્ત નૈતિક સિદ્ધાંત ફકત પ્રજ્ઞાવાદથી પ્રાપ્ત થતા નથી. કેટલીક પરિસ્થિતિઓ એવી હોય છે કે જયારે આપણે બુદ્ધિનો સહારો લઇએ છીએ. અનેકવાર અસત્ય, અસ્તેય હિંસા આદિના

સંબંધમાં એવી પરિસ્થિતિઓ ઊભી થાય છે કે અસત્ય, ચોરી વગેરે કર્મ અનૈતિક હોવા છતાં પણ કોઇ પ્રાણીની ભલાઇમાં મદદરૂપ સિદ્ધ થાય છે. જેમકે – શિકારીને શિકારની ખોટી દિશા બતાવવી, ધર્મ સંકટની સ્થિતિમાં વિવેક આપણને નૈતિકતા પ્રદાન કરે છે નહીં કે સ્વાભાવિક બોધજ્ઞાન ઉત્પન્ન કરે છે. તેથી આ વાદ પણ સંપૂર્ણતઃ દોષરહિત નથી.

**(૪) સુખવાદી દાર્શનિકોની દૃષ્ટિમાં નીતિ તત્ત્વ :-**

આ યૂનાની ચિંતનમાં શરૂઆતમાં માત્ર વ્યક્તિગત સુખોને જ સમસ્ત જીવનનો આદર્શ માનવામાં આવ્યો. પરંતુ વિકારોની સાથે સાથે બુદ્ધિનુ ભાવના ઉપર મહત્ત્વ વધતુ ગયું અને વ્યક્તિગત સુખનું સ્થાન સામાજિક સુખે લઇ લીધું.

બેન્થમએ પોતાના પ્રસિદ્ધ પુસ્તક ''પ્રિંસિપલ્સ ઓફ મારલ્સ એન્ડ લેજિસ્લેશન'' – માં લખે છે –

''प्रकृति ने मनुष्य को सुख और दुःख नामक दो सर्वशक्तिमान् शासकों के अधीन रख दिया है । हमें क्या करना चाहिये और हम क्या करेंगे, इसका निर्णय उन्ही पर निर्भर करता है ।''[૪]

આ વાકયની બીજી પંક્તિ નૈતિક બદ્ધતાની તરફ સંકેત કરે છે.

નૈતિક સુખવાદના સમર્થક જૉન સ્ટુઅર્ટમિલનું કથન છે.[૫] જો કે માનવ સ્વભાવથી જ સુખ પ્રાપ્ત કરવાની ઇચ્છા રાખે છે. એટલા માટે એમનું આ નૈતિક કર્તવ્ય છે, કે તે સુખપ્રાપ્તિની ઇચ્છા કરતો રહે. જો બધા મનુષ્યો સુખની ઇચ્છા કરે તો તે સુખ વ્યક્તિનું નહિ જાતિનું થઇ જાય છે, અને એટલા માટે વ્યક્તિગત સુખ નહીં પરંતુ સામાન્ય સુખ છે. બધા વ્યક્તિઓને જે કાર્યથી સુખ મળે તે કાર્ય નૈતિક દૃષ્ટિએ શ્રેષ્ઠ છે. થોડા અંકુશ (બહાર અને અંતર) ના કારણે માણસ સ્વાર્થી હોવા છતાં પણ પરાર્થી બની જાય છે. સામાજિક, રાજનૈતિક, ધાર્મિક અને પ્રાકૃતિક દબાણ બાહ્ય અંકુશ છે. આંતરિક અંકુશ મનુષ્યની આત્મા છે. જેને મળવામાં કર્તવ્યના ઉલ્લંઘનથી ઉત્પન્ન દુઃખની અનુભૂતિ કહ્યું છે.[૬]

---

૪. J. Bentham Principles of Morals and Legislation, Chapter-1.

૫. "Each person so far as he believes it to the attainable, desires his own happiness. Each person's happiness is a good to that person and the general happiness therefore a good to aggregate of all persons." - Mill, Utilitarianism.

૬. Feeling of paind attendent of the violation of duty - Mill, Ibid.

### (૫) વિકાસવાદી દાર્શનિકોની દૃષ્ટિમાં નીતિ તત્ત્વ :-

વિકાસવાદીઓના મતે જે પ્રકાર જીવોની શરૂઆત અને અંતિમ રૂપ આપણે જાણતાં નથી તે પ્રકારે નૈતિકતાના ઉચ્ચતમ અને નિમ્નતમ રૂપ આપણી સામે આવી શકતાં નથી. આપણે એની માત્ર વર્તમાન અવસ્થાને જાણીએ છીએ. મનુષ્ય નૈતિક શક્તિ પોતાના પૂર્વજોથી પ્રાપ્ત કરે છે. એ વ્યક્તિ અને સમાજની વચ્ચે અન્યોન્યાશ્રય સંબંધ સ્થાપિત કરે છે. બન્નેનો વિકાસ એકબીજાના વિકાસ પર આશ્રિત છે. મનુષ્યના કર્મોનું નજીકનું લક્ષ્ય સામાજિક શુભ અને અંતિમ લક્ષ્ય સુખ અથવા આનંદપ્રાપ્તિ છે.

સ્પેન્સરના મતાનુસાર નીતિ અનૈતિક દશાથી ઉત્પન્ન થાય છે. આપણે આચારણને માનવક્રિયા સુધી સીમિત કરીએ છીએ. સ્પેન્સર પશુ-પક્ષીઓની ક્રિયાઓને પણ આચરણની અંતર્ગત રાખે છે. એમના મતાનુસાર જે ક્રિયા જીવનનો વિકાસ કરે છે, તે શુભ છે અને જો એના વિકાસને રોકે છે તે અશુભ છે. સ્પેન્સર જીવનની માત્રા તરફ પણ દૃષ્ટિ કરે છે, ગુણ દોષની તરફ નહિ. તેણે જીવનની ઊંડાઈમાં કોઈ મહત્વ દીધેલ નથી.

૧૯ મી સદીના આ દર્શન સિદ્ધાંતની અંતર્ગત નૈતિક નિયમોને પ્રાકૃતિક નિયમ માનવામાં આવ્યો છે. પરંતુ સત્ય એ છે કે નૈતિક આદર્શ પરક હોય છે.

### (૬) વૈરાગ્યવાદી દાર્શનિકોની દૃષ્ટિમાં નીતિ-તત્ત્વ :-

વૈરાગ્યવાદનો ઉદય પશ્ચિમમાં ભારતીય દર્શનના પ્રસાર-પ્રચારના ફળ સ્વરૂપે જ થયો. તેમણે આત્મા અને ચેતનાનો શુભ આશ્રયના રૂપમાં સ્વીકાર કર્યો. એની સ્થાપના એન્ટિસથેનીજે ઇ.સ. પૂ. ૪૪૫-૩૬૫ ''સિનિકવાદ'' ના રૂપમાં કરી. એમાં શારીરિક પરિશ્રમ, આત્મનિર્ભરતા તિતિક્ષા અને સુખના પરિત્યાગ ઉપર બળ દીધુ.

વૈરાગ્યનો માર્ગ અત્યંત કઠિન છે. એમાં અકર્મણ્યતા ઉપર ભાર દીધો છે. આ મતનો મૂળ આધાર આધ્યાત્મ છે. જો કે પશ્ચિમી દૃષ્ટિથી સ્વભાવતઃ આધ્યાત્મિક નથી.

### ❈ નિષ્કામકર્મમાર્ગ અને કાન્ટનું નીતિતત્ત્વ :-

ઈમેનુઅલ કાન્ટ જર્મનીના પ્રસિદ્ધ દાર્શનિક હતા. બુદ્ધિવાદનું સર્વશ્રેષ્ઠ

ઉદાહરણ કાન્ટનું જ દર્શન છે. સુખવાદના અનુસાર સુખ જ એક માત્ર નૈતિક સુખ છે એનાથી અલગ બુદ્ધિવાદમાં બુદ્ધિને જ સર્વોચ્ચ સુખ માનવામાં આવે છે. ભાવનાઓને નષ્ટ કરી બુદ્ધિ દ્વારા નિયમપૂર્વક જીવન જીવવુ નૈતિકરૂપથી શુભ છે. બુદ્ધિવાદનો પણ એક લાંબો ઇતિહાસ છે. જેમાં સમયની દૃષ્ટિથી ત્રણ ભાગમાં વિભાજિત કરી શકાય છે - પ્રાચીન સંપ્રદાય જેમના સમર્થક મુખ્યરૂપથી સિનિક સ્ટોઇક છે. મધ્યયુગના સંપ્રદાયના પ્રતિનિધિ સિદ્ધાંત છે - ઇસાઇ વૈરાગ્યવાદ. તેની જેમ આધુનિક યુગનાં સમર્થક પ્રસિદ્ધ નીતિશાસ્ત્રી કાન્ટ મહોદય છે. નૈતિકજ્ઞાનને માટે અસાધારણ બુદ્ધિની જરૂર હોય છે. જેને વ્યવહારિક બુદ્ધિ કહેવામાં આવે છે. આ નૈતિક નિયમ નિરપેક્ષ આદેશ છે અથવા એના પાલનમાં કોઇ લક્ષ્ય કે શરત રહેલી નથી. નિરપેક્ષ આદેશનો આધાર શુભ સંકલ્પ છે, શુભ સંકલ્પ કર્તવ્યથી બંધાયેલો છે અને ફળની આશાથી હમેંશા અલગ છે.

કર્તવ્ય માટે કર્તવ્યનો સિદ્ધાંત કાન્ટના દર્શન પર આધારિત છે; એમના મતાનુસાર કર્મ ત્રણ પ્રકારના માનવામાં આવેલ છે :

(૧) ત્વરિત વાસના અથવા પ્રવૃત્તિથી પ્રેરિત થઇ કરેલું કર્મ.

(૨) સ્વાર્થવશ પોતાના કર્તવ્યનું પાલન કરવા માટે કરેલું કર્મ.

(૩) કેવળ કર્તવ્યના પાલન માટે કરેલું કર્મ.

આમાં માત્ર ત્રીજા પ્રકારના કર્તવ્યને જ કાન્ટે નૈતિક દૃષ્ટિથી યોગ્ય માન્યું છે, કે - દરેક વ્યક્તિ કર્મની ભાવનાથી પ્રેરિત થઇ કર્મ કરવા ઇચ્છે છે. મનુષ્ય બીજા નિયમોનું પાલન દંડના ભયથી અથવા પુરસ્કાર પ્રાપ્તિ માટે કરે છે, પણ કર્તવ્ય માટે કર્તવ્યનું પાલન મનુષ્ય પોતાની રીતે જ કરે છે. મૃત્યુ તરફ નૈતિક જીવન પણ બધા મનુષ્યને એકજ સ્તર પર રાખે છે. કોઇ માણસ એવો નથી કે જે માનવતાના અધિકારથી વંચિત હોય. કોઇ માણસ એવો નથી જે મનુષ્યત્ત્વના કર્તવ્યની ઉપર હોય. માનવ જીવનમાં કર્તવ્ય અને કામના વચ્ચે સંઘર્ષ ચાલુ રહે છે. પશુ-પક્ષી કર્તવ્યના સ્તર સુધી પહોંચતા નથી અને દેવ સંઘર્ષથી ઉપર છે. મનુષ્યનો ધર્મ એ જ છે કે તે પ્રત્યેક અવસ્થામાં ઇશ્વરનો સ્વીકાર કરે.

યાકોબી, અરબન, રૈશડલ મહત્ત્વના વિદ્વાનોએ આ સિદ્ધાંતની આલોચના કરી કહ્યું છે કે કાન્ટનો નીતિ-નિયમ મનુષ્ય માટે નહીં પણ મનુષ્ય જ નીતિ

નિયમ માટે થઇ ગયા છે. તેમના મતાનુસાર દયા, પરોપકાર, સહાનુભુતિ વગેરેથી કરેલું કાર્ય પ્રશંસાને પાત્ર છે, નૈતિક નહીં. આ સામાજિકતાનો તિરસ્કાર કરી વ્યક્તિવાદી બની ગયા છે. કાન્ટે કહ્યું છે કે આપણે ભાવનાઓને દબાવવી જોઇએ કારણ કે પૂર્ણ શુભ અને પુણ્યના સંયોગથી આનંદની પ્રાપ્તિ થાય છે. પરંતુ ભાવનાઓ સમાપ્ત થઇ જાય તો આનંદની પ્રાપ્તિ કયારેય થઇ શકે નહીં.

**(૭) પૂર્ણતાવાદી દાર્શનિકોની દૃષ્ટિમાં નીતિ-તત્ત્વ :-**

પાશ્ચાત્ય માન્યતાનો પ્રારંભ ઇ.સ. પૂ. ૪૬૯ - ૩૯૯ સુકરાત અને એમના શિષ્ય પ્લેટોના વાર્તાલાપના રૂપમાં થયો. આધુનિક યુગમાં આ વાદના સમર્થક લાઇબનીજ, સ્પિનોની આદિ બુદ્ધિવાદીઓએ કર્યો. કાલાન્તરમાં હેલગે આ પુનરુત્યાદિત કર્યો. આથી એમાં અને એમના અનુયાયીઓએ નૈતિક સિદ્ધાંતને જ પૂર્ણતાવાદ નામ આપેલ છે. તેમના મતાનુસાર મનુષ્યનું અંતિમ લક્ષ્ય પરમતત્ત્વને પ્રાપ્ત કરવાનું છે. આ તત્ત્વની પ્રાપ્તિ પારિવારિક, સામાજિક અને રાજનૈતિક જીવન દ્વારા થાય છે. આમાં 'શ્રેયસ' પ્રત્યયને પૂર્ણતાનો પ્રત્યય માનીને પણ સંપૂર્ણ સ્પષ્ટ કરેલ નથી.

**❖ સુકરાતનો મત :-**

સુકરાતના વિચારોમાં 'નીતિ' નું મહત્ત્વ સ્થાન છે, એમની માન્યતાઓ સંક્ષેપમાં આ પ્રમાણે છે.

(૧) જે ભદ્ર છે, તે બધાને માટે ભદ્ર છે, જે અભદ્ર છે તે બધા માટે અભદ્ર છે.

(૨) વૃત્ત એકજ છે. સત્ય, ભાષણ, ન્યાય, સાહસ, સંયમ આદિ એકજ વૃત્તના વિવિધ રૂપ છે.

(૩) વાસ્તવમાં સદાચાર સત્યજ્ઞાન જ છે. સદાચાર પણ બીજી વિદ્યાની જેમ અધ્યયન-અધ્યાપન કરાવી શકાય છે.

(૪) વ્યક્તિનું આચરણ સુનિશ્ચિત કરવામાં ઘણાં કારણ કામ કરે છે, કેટલોક ભાગ માતા-પિતાની દેન હોય છે, કેટલોક ભાગ વાતાવરણનો પ્રભાવ હોય છે. એમાં વધારે મહત્ત્વ એમના પોતાના પ્રયત્નનો છે.

(૫) સુકરાતે માનવ-પ્રકૃતિમાં બીજા તત્ત્વો પર પર્યાપ્ત ધ્યાન આપ્યું નથી. સુકરાતની આલોચના કરતાં અરસ્તૂએ કહ્યું કે સુકરાતના જીવનમાં બુદ્ધિનું શાસન હતું, બુદ્ધિની ઉપસ્થિતિમાં આદત અથવા ઉદ્વેગ એમને યોગ્ય

રસ્તે ભટકવા દેશે નહીં. પરંતુ સાધારણ મનુષ્યની અવસ્થામાં તો બુદ્ધિની સ્થિતિ એટલી તીવ્ર હોતી નથી, તો પણ સુકરાતના પક્ષને આ ઉદાહરણની મદદથી સમજી શકાય છે -

(૧) જયારે કોઇ માણસ લાંચ લે છે તો તે જાણે છે કે લાંચ લેવી વાસ્તવમાં ખરાબ છે. બીજા પુરુષોને તે કહે પણ છે કે તે ખરાબ કામ છે, પરંતુ બુદ્ધિથી એ નિર્ણય કરી શકતો નથી કે આ ખરાબ છે.

(૨) તે જાણે પણ છે કે લાંચ લેવી ખરાબ છે તો લાંચ લેતા સમય એમને એમના સારા-ખરાબ હોવાના વિષયમાં ધ્યાન રહેતું નથી. એમને કાર્યને નૈતિકતાની દૃષ્ટિથી જોવાનો અવકાશ, આવશ્યકતા અથવા સ્થિતિમાં તત્પર રહેવાને કારણે મળતો નથી. તે બુદ્ધિના આદેશની અવગણના કરતો નથી. બુદ્ધિ ત્યાં હોતી નથી.

(૩) મનુષ્યને સામાન્ય ધારણા પ્રમાણે જ્ઞાન છે, કે લાંચ લેવી ખરાબ છે, પરંતુ તે વિચાર કરે છે કે એમની વર્તમાન સ્થિતિ એવી છે કે તેની ઉપર સામાન્ય નિયમ લાગુ હોતો નથી. એમની સ્ત્રી બીમાર પડી છે, એમના સંતાનો પાસે પહેરવા વસ્ત્ર નથી. તેથી તે કહે છે કે નિયમ મનુષ્યોને માટે બને છે, મનુષ્યો નિયમ માટે નહીં.

### ❖ પ્લેટોના મતે નીતિ-તત્ત્વ :-

પ્લેટોએ પોતાના લેખોમાં નીતિનું વિવેચન મુખ્ય વિષયના રૂપમાં કર્યું છે. એમનું મુખ્ય લક્ષ્ય હતું સમાજની વ્યવસ્થાને સુધારવી અને વ્યક્તિના જીવનને ઉચ્ચ બનાવવું. આ બન્નેનો પરસ્પર ઘનિષ્ઠ સંબંધ છે. વ્યક્તિ ભદ્રની ઉત્પત્તિમાં શું કરી શકે છે એ આપણે નીતિથી જાણી શકીએ છીએ. નીતિ તેમજ રાજનીતિ બન્નેનું પ્રયોજન છે - માનવ-કલ્યાણ. પ્રાચીન યૂનાનમાં રાજનીતિને પ્રથમ સ્થાન આપવામાં આવ્યું છે. યૂનાની મતમાં શ્રેષ્ઠ પુરુષ શ્રેષ્ઠ રાષ્ટ્રના શ્રેષ્ઠ નાગરિક છે. સદાચારની નિર્ધારણ માટે આવશ્યક છે કે આપણા શ્રેષ્ઠ રાષ્ટ્રમાં વ્યક્તિના કર્તવ્યનો નિશ્ચય કરી શકીએ. પ્લેટોએ પોતાના પ્રસિદ્ધ ગ્રંથ ''રિપબ્લિક'' માં એ પ્રશ્નોને પોતાના વિવેચનનો વિષય બનાવ્યો છે.

આદર્શ રાષ્ટ્રનો પાયો ન્યાય ઉપર આધારિત હોવો જોઇએ કારણ કે ન્યાયના

અભાવમાં બધુ થવા છતાં કઇ થતું નથી. વર્તમાનમાં પણ પ્રથમ આવશ્યકતા માનવામાં આવે છે, સામાજિક ન્યાય. પ્લેટો એ ન્યાય સંબંધી વિચાર સૂત્રના રૂપમાં વ્યક્ત કર્યો છે - જે કંઇ પોતાનું છે, એમને પ્રાપ્ત કરવું અને એમનો પ્રયોગ કરવો ન્યાય છે.

સામાજિક જીવનનો સાર વ્યવસ્થાનું સ્થાપન છે. સમાજ નિયમ સ્થાપિત કરે છે અને માંગણી કરે છે કે નાગરિક એ નિયમો ઉપર ચાલે. એ નિયમોમાં વ્યક્તિને એ પણ બતાવેલ છે કે તે સમાજથી શું લઇ શકે છે અને એમને શું દેવું જોઇએ ? સામાજિક જીવનનો આધાર શ્રમ-વિભાજન છે. જો પુરુષ શ્રમ કરે છે એમનું ફળ એમની સંપત્તિ છે. એ વ્યવસ્થિત સમાજમાં એ ફળથી અલગ કરી શકતો નથી. સમાજમાં સર્વે મનુષ્ય એકજ કાર્ય કરી શકતા નથી એવું કરવું હિતકારક જ નથી. આપણે એ પણ કહી શકતા નથી કે દરેક મનુષ્ય એક સ્વતંત્ર માર્ગ ઉપર ચાલે છે. શ્રમ-વિભાજન (કાર્ય વિભાજન) નું મુખ્ય તત્ત્વ એ છે કે સમાજમાં કેટલોક વર્ગ છે, જે સમાજની મુખ્ય આવશ્યકતાઓને પૂર્ણ કરી શકે.

સદાચાર અથવા વૃત્તના સંબંધમાં પણ પ્લેટોએ પોતાનો દૃષ્ટિકોણ વિકસાવ્યો. શ્રેષ્ઠ-વ્યક્તિ જ રાષ્ટ્રનો શ્રેષ્ઠ નાગરિક છે. શ્રેષ્ઠ રાષ્ટ્રમાં સંરક્ષક એમના સહાયક સૈનિક અને સંપત્તિ ઉત્પાદક હોવા જોઇએ. તે વર્ગ પોતાનું કાર્ય કરે અને બીજાને પણ પોતાનું કાર્ય કરવા દે. પ્લેટોએ વ્યક્તિને સમાજની નાની પ્રતિમાના રૂપમાં જોઇ. અંતઃ એમની દૃષ્ટિમાં વ્યક્તિ અને સમાજને માટે સમાન ગુણ જ આવશ્યક છે. પ્લેટોએ સંરક્ષકોના ગુણ બુદ્ધિમતા, સૈનિકોના ગુણ સાહસ તથા વૈશ્યોના ગુણ સંયમ બતાવ્યા છે. પ્લેટોએ આ ત્રણેયને મૌલિક વૃત્ત બતાવ્યા છે. ચોથું મૌલિક વૃત્ત ન્યાય છે.

### ❖ અરસ્તૂના મતે નીતિ-તત્ત્વ :-

અરસ્તૂએ સુકરાત અને પ્લેટોથી જુદો માર્ગ પસંદ કર્યો છે. એમણે અનુભવ કર્યો કે જીવનમાં અનેક સ્થિતિઓ પ્રગટ થાય છે અને પ્રત્યેક સ્થિતિમાં એમને અનુકૂળ વ્યવહાર કરવો પડે છે. આચરણમાં વચ્ચેના ભાગનો નિશ્ચય વ્યવહારિક બુદ્ધિવાળા વ્યક્તિ જ કરી શકે છે. અરસ્તૂ જ્ઞાનની સાથે ક્રિયાને પણ મહત્ત્વ પ્રદાન કરે છે. એમણે ભદ્ર-અભદ્રના ભેદને નીતિગત ભેદ નહિ પરંતુ અધિક અને ન્યૂનના ભેદ સ્થાપિત કર્યો. જો કે તે ખામીપૂર્ણ છે.

પ્લેટો મૌલિક વૃત્તોમાં બુદ્ધિમતા, સંયમ અને ન્યાયને સ્થાન આપે છે. અરસ્તૂએ પોતાના ઉદાહરણોમાં સાહસ અને સંયમ ઉપર પોતાના નિયમોને ક્રિયાન્વિત કર્યો છે. બુદ્ધિમતા અને ન્યાયને એમણે લાગુ કરેલ નથી.

### સિનિક અને સ્ટોઇક વિચારધારાઓમાં નીતિ-તત્ત્વ :-

સિનિક વિચાર અનુસાર નૈતિક ભદ્ર જ મૂલ્યવાન છે. અન્ય બધી વસ્તુઓ મૂલ્યથી શૂન્ય છે અને એટલા માટે એક જ સ્તર ઉપર છે. સ્ટોઇક વિચારકોએ ભદ્ર અને અભદ્રના સંબંધમાં મૌલિક નિયમને અપનાવી રાખ્યો પરંતુ અન્ય પદાર્થોમાં પણ ભેદ કર્યો; જેમ કે, શ્રેષ્ઠ માણસને માટે સ્વાસ્થ્ય બીમારીથી સારુ છે. સિનિક વિચારમાં વૃત્ત ફકત એક જ છે. પ્રત્યેક મનુષ્ય ઇમાનદાર છે અથવા ખરાબ, ઈમાનદારી તથા બુરાઇ એક સાથે હોતી નથી, પરંતુ સ્ટોઇકોની સમક્ષ આ કારણ અનેક મુશ્કેલીઓ ઉત્પન્ન થઇ સ્ટોઇક વિચારક મનુષ્યોમાં સારા – ખરાબના ભેદને અતિરિક્ત અન્ય કોઇ વર્ગ ભેદને મહત્વ દેતા ન હતા.

### ટામસ એકવીનસના મતે નીતિ-તત્ત્વ :-

એકવીનસના નીતિગત વિચારોમાં આપણને ઇસાઇયત અને અરસ્તૂનો પ્રભાવ જોવા મળે છે. તેમના મતાનુસાર કોઇ કાર્યની શ્રેષ્ઠતા માટે એ આવશ્યક છે કે કર્તાનો ભાવ પવિત્ર હોઇ અને ક્રિયાનું ફળ સારુ હોઇ બન્નેમાંથી એકનો અભાવ પણ કાર્યને ખરાબ બનાવી દે છે. એવી રીતે સારું કર્મ હેતુ પણ બે શરતો થી સ્વીકાર્ય છે. ભાવ સારો હોય અને ફળ સારું હોય એનાથી વિપરિત કર્મના કુત્સિત હોવા માત્ર એક શરતની પૂર્તિ હોવી જ પર્યાપ્ત છે. ભાવ ખરાબ હોય અથવા કર્મફળ નુકશાનકારક હોય.

### સ્પિનોજાના મતે નીતિ-તત્ત્વ :-

સંસારમાં બનતી પ્રત્યેક ઘટના નિયમબદ્ધ છે. જેનાથી જૂદું કઇ હોતું નથી. પ્રયોજનના વિષયમાં પણ કંઇ જાણેલ નથી, પરંતુ જે કંઇ પણ જગતમાં થઇ રહ્યું છે, તે પ્રાકૃતિક નિયમોને આધિન જ થઇ રહ્યું છે. મનુષ્ય પ્રકૃતિની માંગણીને પૂર્ણ કરે અને પોતાના અસ્તિત્વ ઉપર હમેંશ રહે. એમની દષ્ટિમાં આત્મરક્ષાથી વધારે કોઇ બીજો ધર્મ નથી. જે પુરુષમાં દઢ નિષ્ઠા હોય છે. એમના માટે રાગ, દ્વેષ, ભયાદિ ઉદ્વેગ શક્તિહીન અથવા હતવીર્ય થઇ જાય છે. જે વ્યક્તિ સમસ્ત

પ્રાણિઓને આત્મામાં અને આત્માને સર્વપ્રાણીઓને જુએ છે, તે કોઇના ઉપર ઘૃણા કરતા નથી.

આ પ્રમાણે ટૂંકમાં કહી શકાય કે - એમાં વ્યક્તિત્વની પૂર્ણતાની વાત કહેવામાં આવી છે અને એમને સર્વોચ્ચ નૈતિક શુભ માનવામાં આવેલ છે. એમની દષ્ટિથી તેજ કાર્ય નૈતિક દષ્ટિથી યોગ્ય છે. જે આત્માની પૂર્ણતામાં સહાયક થશે. આજે પણ પૂર્ણતાવાદને કેટલાક દાર્શનિકો સર્વોત્તમ નૈતિક સિદ્ધાંત માનેલ છે. પરંતુ તે સિદ્ધાંત પણ વ્યવહારિક નથી. માત્ર આદર્શવાદનું પ્રસ્તુતિકરણ છે.

**(૮) મૂલ્યવાદી દાર્શનિકોની દષ્ટિમાં નીતિ-તત્ત્વ :-**

મૂલ્યવાદના મુખ્ય ગ્રંથ પ્લેટો, કાન્ટ અને ફિરતે દ્વારા પ્રણીત છે, તો પણ સિદ્ધાંતિક રૂપથી એમની સ્થાપના ૧૯ મી શતાબ્દીમાં થઇ અને ૨૦ મી શતાબ્દિમાં તે સિદ્ધાંત પ્રાયઃ સર્વસામાન્ય થઇ ગયો. આજ મૂલ્યવાદ ત્રણ પ્રકારે વિશેષ રૂપથી પ્રચલિત છે.

(૧) નીત્સેનો વ્યક્તિકેન્દ્રિત મૂલ્યવાદ.

(૨) માકર્સનો સમાજકેન્દ્રિત મૂલ્યવાદ.

(૩) ગાંધીનો સર્વોદયકેન્દ્રિત મૂલ્યવાદ.

આમાં ગાંધીજીનાં સર્વોદયકેન્દ્રિય મૂલ્યવાદ ભારતીય વિચારધારાની અંતર્ગત માન્ય છે અને બાકી બન્ને પાશ્ચાત્ય વિચારધારાઓમાં પરિગણિત છે.

**(૧) નીત્સેનો વ્યક્તિકેન્દ્રિત મૂલ્યવાદ :-**

એમના મતાનુસાર નીતિ અને સંસ્કૃતિ દૈવી પ્રકૃતિ અનુસાર આસુરી પ્રકૃતિને સુધારવાનું જ બીજુ નામ છે. એમણે સુખવાદનું ખંડન કરતાં દુઃખને ઉત્પન્ન અને પ્રબળતાને મુખ્ય આધાર માન્યો છે. એમના સમયમાં ઇશ્વર અને ધર્મની વાડમાં અનીતિ અને અનાચારને સમર્થન મળવા લાગ્યું હતું. તેથી નીત્સે સ્વર્ગ, દૈન્ય, દયા, પરોપકાર, ઇશ્વર - શરણાગતિ ઇત્યાદિથી સમર્પિત ઇસાઇયતના પ્રબળ આલોચક બની ગયા તથા એમણે પુનઃમૂલ્યાંકનની આવશ્યકતા અનુભવી. એમનો એ પણ વિચાર હતો કે માત્ર યોગ્ય મૂલ્યોને મનથી, વાણીથી અને કર્મથી જીવનમાં ઉતારવા જોઇએ. સાધ્ય તેમજ સાધનના સંદર્ભમાં નીત્સે કહ્યું છે કે જીવન નીતિશૂન્ય છે. જીવનનું લક્ષ્ય યુદ્ધ, સંઘર્ષ, પરાક્રમ, શક્તિ વગેરે દ્વારા પ્રાપ્ત કરી શકાય છે.

એમના સમયમાં માનવ-જાતિના પ્રકૃતિ ભેદોનો અસ્વીકાર કરી આ સિદ્ધાંતનો પ્રસાર કરવામાં આવ્યો કે બધા મનુષ્ય સમાન છે અને જો નૈતિક નિયમ એક ઉપર લાગુ છે તેજ બીજા ઉપર પણ લાગુ કરવામાં આવે. નીત્સેનો વ્યક્તિકેન્દ્રિત મૂલ્યવાદી સિદ્ધાંત દર્શનશાસ્ત્રીઓના મધ્ય અત્યંત સમાદ્રત છે. પરંતુ એકાંગી હોવાને કારણ માકર્સના સમાજકેન્દ્રિત મૂલ્યવાદની તરફ લોકોમાં વધારે આકર્ષણ બની રહ્યું.

**(૨) માકર્સનો સમાજકેન્દ્રિત મૂલ્યવાદ :-**

માકર્સે આર્થિક ક્રિયાઓ અને સંબંધોને નૈતિક મહત્ત્વ આપતાં બે મહત્ત્વના સિદ્ધાંતો 'મૂલ્યનો શ્રમ સિદ્ધાંત' તથા 'અતિરિક્ત મૂલ્યનો સિદ્ધાંત' ની સ્થાપના કરી.

પ્રથમ સિદ્ધાંતની અંતર્ગત શ્રમને બધા સામાજિક કાર્યો અને સંબંધોનો આધાર માન્યો છે. શ્રમ જ મુખ્ય મૂલ્ય છે. પૂંજીવાદીવર્ગ શ્રમથી બચવા માંગે છે, તેથી શ્રમ સમાપ્ત કરી દેવો જોઇએ. એમના દ્વારા પ્રતિપાદિત બીજો સિદ્ધાંત 'અતિરિક્ત મૂલ્ય સિદ્ધાંત' છે. જેમાં એ સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે સમાજના બધા વ્યક્તિઓને આવશ્યક ઉપયોગી વસ્તુઓ મળવી જોઇએ. પૂંજીવાદી જે લાભ માટે વેચવા માટે વસ્તુ ખરીદી વધારે લાભને માટે વેચે છે એના ઉપર એમની પ્રારંભિક ખરીદી રાશિમાં વેચવા ઉપર અભિવૃદ્ધિ હોવાથી મૂલ્યની અભિવૃદ્ધિ માકર્સના વિચારમાં અતિરિક્ત મૂલ્ય છે. આ પૂંજીવાદના મૂળને નષ્ટ કરવાનો જ માકર્સનો ઉદ્દેશ્ય છે.

માકર્સની દૃષ્ટિમાં સામ્યવાદની સ્થાપનાને માટે કોઇપણ સાધન કામમાં લાવી શકાય છે. એમણે સશસ્ત્ર ક્રાન્તિનું સમર્થન કર્યું છે. એમણે સંઘર્ષને જ જગતનો આધાર માન્યો છે. પૂંજીપતિઓની સાથે સંઘર્ષ કરીને, અસ્તિત્વને સમાપ્ત કરી હિંસાત્મક સાધનોને અપનાવી શાંતિ પ્રાપ્ત કરી શકાય છે.

માકર્સના મતે જે સાધ્ય શુભ હોય તો સાધનની અશુભતા પણ શુભતામાં પરિવર્તિત થઇ જાય છે. એમણે સમાજ સેવા, શ્રમ, કામ, ક્રોધ, લોભ, મોહને વશ કરી પ્રેમ અને સમાનતાની ભાવનાને જ ધર્મ માન્યો છે.

માકર્સની સર્વાધિક આલોચનાનું મુખ્ય કારણ એમણે હિંસાત્મક સાધન જ છે.

## (૯) અન્ય આધુનિક પાશ્ચાત્ય દાર્શનિકોની દૃષ્ટિમાં નીતિ તત્ત્વ :-

જીવનને સુખી બનાવવા માટે દેકાર્ત મહોદયે અનેક અસ્થાયી નૈતિક નિયમ સ્વીકાર કર્યા છે, જે ક્રમશઃ આ પ્રમાણે છે.

(૧) હું આપણા દેશનાં નિયમો અને રિવાજોનું પાલન કરીશ, જે ધર્મમાં હું બાળપણથી ઉછર્યો એમાં દઢ વિશ્વાસ રાખીશ. અન્ય વાતોમાં હું હમેંશા બચી અને પોતાના વાતાવરણના શિષ્ટાચારને અપનાવીશ.

(૨) હું પોતાના વ્યવહારમાં જેટલો દઢ અને સ્થિર થઇ શકુ, એટલો થઇશ. હું એમાં એ પથિકોનું અનુસરણ કરીશ. જે જંગલમાં રસ્તો ભુલી જાય છે. એમના માટે એ યોગ્ય છે કે ન તો તે રોકાય, ન આમતેમ ચાલે પરંતુ સીધી રેખામાં ચાલતા જાય. જે ગંતવ્ય સુધી ન પહોંચે તો પણ જંગલમાંથી બહાર નીકળી જશે અને ગંતવ્ય સુધી જઇ શકશે.

(૩) હું એ સમજવાનો પ્રયત્ન કરું છું કે આપણી ચેષ્ટાઓ તો આપણા વશમાં છે. પરંતુ બહારની પરિસ્થિતિ આપણી આધિન નથી. આ પરિસ્થિતિ ઉપર કાબૂ મેળવવાની અપેક્ષા પોતાની ઉપર નિયન્ત્રણ મેળવવાનો પ્રયત્ન કરીશ. જયારે ખરાબ પ્રયત્ન કરવાથી પણ કોઇ વસ્તુને પ્રાપ્ત ન કરી શકુ તો સમજવું કે વર્તમાન સ્થિતિ મારા માટે એમને પ્રાપ્ત કરવી અસંભવ હતી.

(૪) મારા માટે એ જ સર્વોત્તમ માર્ગ છે જેને મેં પોતાના માટે પસંદ કર્યો છે. અર્થાત્ સમગ્ર જીવનને સત્યની જિજ્ઞાસામાં લગાવી દઇશ.

આજે પણ દેકાર્તે નીતિના સંદર્ભમાં કોઇ મહત્ત્વપૂર્ણ કાર્ય કર્યું નથી તો પણ એમના નીતિ સંબંધી નિયમ ઉચ્ચ કોટિના છે.

## ❖ આર્થર શાપનહાવરની દૃષ્ટિમાં નીતિ-તત્ત્વ :-

શાપનહાવરની દૃષ્ટિમાં બુદ્ધિની અપેક્ષા પ્રયત્ન વધુ મહત્ત્વપૂર્ણ છે. એમના સિદ્ધાંતમાં સાધારણ સ્તર ઉપર નીતિનો જ આદેશ છે કે જયાં સુધી બને દુઃખની માત્રાને ઘટાડવાનો પ્રયત્ન કરવો જોઇએ. ઉચ્ચ સ્થાન ઉપર સર્વોત્તમ ભાવના એ છે કે જીવનની ઇચ્છા જ ન રહે.

બુદ્ધિશાળી પુરુષનું ચિહ્ન એ હોય છે કે એમનામાં ઇચ્છાઓ ઘણી નિર્બળ હોય છે અને મનન પ્રબળ તેજ હોય છે.

### ❖ અમેરિકી દાર્શનિક જૉન ડ્યુઇની દૃષ્ટિમાં નીતિ-તત્ત્વ :-

જૉન ડ્યુઇ (૧૮૫૯-૧૯૫૨) એ નીતિશાસ્ત્ર ઉપર અનેક પુસ્તકો લખ્યા. એમાં ''માનવ પ્રકૃતિ અને આચરણ'' તથા ''દર્શનમાં પુનનિર્માણ'' નૈતિક દૃષ્ટિથી વિશેષ મહત્ત્વ ધરાવે છે. પ્રાચીન દૃષ્ટિકોણ અનુસાર 'નીતિ' એક જ અંતિમ ઉદ્દેશ્યનો પ્રસાર કરે છે. કોઇ એમને સુખના રૂપમાં કોઇ શિવ સંકલ્પના રૂપમાં અને કોઇ જ્ઞાનના રૂપમાં જુએ છે. ડ્યુઇએ અનેકવાદને પ્રત્યયનો નીતિમાં પ્રયોગ કર્યો. એમની દૃષ્ટિમાં સાધન અને સાધ્યમાં કોઇ તફાવત નથી અને એમણે ઊચ-નીચ એવા ભેદોને માન્યા નથી. આપણી ધારણા પ્રાયઃ એક જ હોય છે. નૈતિક આદર્શ શું છે ? પરંતુ ડ્યુઇ એમના ઉત્તરમાં મનુષ્યની પરિસ્થિતિઓ ઉપર આપણું ધ્યાન આકૃષ્ટ કરે છે. બધા મનુષ્ય એક જ સ્થિતિમાં હોતા નથી અને એક મનુષ્ય પણ એકજ સ્થિતિમાં રહી શકતો નથી. દરેક મનુષ્યનું કર્તવ્ય છે કે તે વર્તમાન મુશ્કેલીઓને દૂર કરી આગળ વધે. આપણી સમક્ષ એ સમય શારીરિક નિર્બળતા મુશ્કેલીઓ છે તો આપણુ કર્તવ્ય સ્વાસ્થ્યને પ્રાપ્ત કરવાનું છે અને જે આપણા પાડોસીને માટે પારિવારિક કલહના રૂપમાં વિશેષ મુશ્કેલીઓ છે તો તેમનું દાયિત્ત્વ એ કલહને દૂર કરવાનું છે. એમનો વિચાર હતો કે આ વાત મહત્ત્વપૂર્ણ નથી કે આપણે કયાં ઊભા છીએ. મહત્ત્વ માત્ર એ વાતનું છે કે જયાં છીએ ત્યાંથી આગળ વધવાનો પ્રયત્ન કરે. સારા પુરુષની ઓળખ જ એ છે કે તે વધારે સારા બનવામાં પ્રયત્નમાં રત રહે છે.

### (૧૦) ઉપસંહાર :-

આપણને સ્પષ્ટ થયું છે કે વિભિન્ન સમયમાં પાશ્ચાત્ય વિચારકોએ નીતિ સંબંધી અનેક સિદ્ધાંત પ્રસ્થાપિત કર્યા છે. આપણે જાણીએ છીએ કે પશ્ચિમી દાર્શનિકોએ ભારતીય આચાર-દર્શનની પરંપરાને ધર્મની સંજ્ઞા પ્રદાન કરી છે. તેથી એમની પરસ્પર તુલના કરવી અસાધ્ય નથી પરંતુ દુરુહ અવશ્ય છે. પાશ્ચાત્ય અને પૌરસ્ત્ય બન્ને વિચારધારાઓના ચિંતકોએ માનવના આચરણનું માપદંડ નિર્ધારિત કરવાનો પ્રયત્ન કર્યો છે. પ્રજ્ઞાવાદીઓએ 'પ્રજ્ઞા' ને બુદ્ધિનો પર્યાય

માન્યો છે. ભારતમાં યાસ્કે તર્ક અને આપ્તજ્ઞાન અથવા પ્રજ્ઞા અને બુદ્ધિમાં તફાવત કહ્યા છે.[૭]

સુખવાદનો પરિષ્કૃત સિદ્ધાંત પાશ્ચાત્ય વિચાર એપીકુરસે આપ્યો છે અને વાત્સ્યાયને - કામસૂત્રના દ્વિતીય અધ્યાયમાં એમનું ઉત્કૃષ્ટ ઉદાહરણ આપ્યું છે. ચાર્વાક પણ પુનર્જન્મ, આત્મા આદિ ઉપર વિશ્વાસ ન રાખતા માત્ર ''એહિક'' સુખને જ પરમ લક્ષ્ય માને છે.[૮]

અન્ય પાશ્ચાત્ય આચાર સિદ્ધાંત પણ ભારતીય દર્શનની પરંપરામાં સ્પષ્ટ રૂપથી પરિલક્ષિત થાય છે. પાશ્ચાત્ય વૈરાગ્યવાદનો સિદ્ધાંત આપણને વૈદિક ઉપનિષદો તથા બૌદ્ધ અને જૈન દર્શનોમાં સ્પષ્ટતઃ દષ્ટિગોચર થાય છે. જ્ઞાન માર્ગ ચિદ્રુપ આત્માના જ્ઞાનને, જૈન ધ્યાનમાર્ગી 'જીવની કર્મથી સ્વતંત્રતાને, બૌદ્ધ ધ્યાનમાર્ગ જીવન અને પદાર્થની નિઃસંભાવતા[૯] ને તથા યોગમાર્ગ ચિત્તવૃતિ નિરોધને પરમ પુરુષાર્થ સ્વીકારે છે.[૧૦]

ગીતાનો 'નિષ્કામ કર્મ''[૧૧] અને કાન્ટનો 'કર્તવ્ય' ને માટે કર્તવ્ય બન્ને સિદ્ધાંત કર્મયોગી છે.[૧૨] અને કર્મના હેતુને મહત્ત્વ આપે છે. મહત્ત્વનો પાશ્ચાત્ય સિદ્ધાંત છે. પૂર્ણતાવાદ તેમનુ સમર્થન આપણને સમસ્ત વિશ્વ સંસ્કૃતિના આદિગ્રંથ વેદોમાં જોવા મળે છે. જયાં 'પૂર્ણ પુરુષ' અથવા 'બ્રહ્મ' ની પ્રાપ્તિને મનુષ્યના જીવનમાં પરમ લક્ષ્યના રૂપમાં પ્રતિષ્ઠાપિત કર્યું છે. ઉપનિષદોમાં પણ વેદોના પૂર્ણ પુરુષને 'આત્મા' કહી આત્માલાભને પૂર્ણતત્ત્વની પ્રાપ્તિ માનેલ છે. એવી રીતે ગાંધીજીના સર્વોદય દર્શનનાં સરખામણી પાશ્ચાત્ય પૂર્ણવાદ સિદ્ધાંત સાથે જ કરી શકાય છે. સર્વોદયનું લક્ષ્ય એવા સમાજની સ્થાપના કરવાનું છે, જેમાં સર્વે

---

૭. तर्कमृषिं प्रायच्छन् - निरुक्तम् (त्र्योदश अध्याय).

૮. ''यावज्जीवेत् सुखं जीवेत् ऋणं कृत्वा धृतं पिबेत्'' (चार्वाको के विषय में प्रचलित अत्यंत लोकप्रिय आभाणक)

૯. सौन्दरनंदम् - પૃ. ૩૨.

૧૦. सौन्दरनंदम् - १४ : १९.

૧૧. संन्यासः कर्मयोगश्चः निः श्रेयसकरावुभौ ।
तयोस्तु कर्मसंन्यासात्कर्मयोगो विशिष्यते ॥ (भगवदगीत - ५.३)

૧૨. લોકમાન્ય તિલકે પોતાના ગીતા ભાષ્ય (કર્મયોગશાસ્ત્ર) ની ભૂમિકામાં કાન્ટના મતની વિશદ્ તુલનાત્મક વિવેચના કરી છે.
न हि कशिचत्क्षणमपि जातु तिष्टकर्मकृत ।
कार्यते हवशः कर्म सर्वेः प्रकृतिजैर्गुणैः ॥ गीता ४.५

વિકસિત ભાષાઓ, ધર્મો અને સાહિત્યને પૂર્ણ વિકસિત થવા અવસર મળે. ગાંધીજીએ નૈતિકતાને જ સત્ય માન્યુ. આચાર્ય વિનોબા ભાવે દ્વારા બતાવેલ ૧૧ (અગિયાર) સદ્ગુણ આ પ્રકારે છે, જે ગાંધીજીની દષ્ટિમાં સત્ય અથવા ઈશ્વરનું જ રૂપ છે.

अहिंसा, सत्य, अस्तेय, ब्रह्मचर्य, असंग्रह

शरीरश्रम, अस्वाद, सर्वत्र भयवर्जना ।

સર્વધર્મી સામાનત્વ, સ્વદેશી સ્પર્શભાવના - અગિયાર આ વ્રત તે વિચારધારામાં મહત્ત્વપૂર્ણ છે. વસ્તુતઃ કહી શકાય છે, કે - નીત્સે અને માકર્સના વ્યક્તિવાદી અને સમાજવાદી મૂલ્યવાદના સમન્વયવાદી સ્વરૂપ જ 'સર્વોદય દર્શન' છે.

આમ, કહી શકાય છે કે માનવનો નૈતિકજીવનનો ઇતિહાસ એટલો જ પ્રાચીન છે જેટલો તે વિવાદનો વિષય છે. તો પણ આપણે જાણીએ છીએ કે પશ્ચિમમાં મિસ્ત્ર તથા યૂનાન અને પૂર્વમાં ભારત અને ચીનની સંસ્કૃતિ પ્રાચીનતમ છે. પાશ્ચાત્ય વિચારકોનો મત છે કે નીતિશાસ્ત્રનો પ્રારંભ યૂનાનમાં થયો પરંતુ વિદ્વાનોની દષ્ટિમાં એ કારણ પ્રતિત થાય છે કે ભારતમાં લિપિબદ્ધ અને વ્યવસ્થિત રૂપમાં નૈતિક વિચાર ન હતો. ભારતીય આચાર દર્શનની પરંપરા પ્રાચીન છે. એ બતાવતા અમેરિકી વિચારક હોપકિન્સ કહે છે - 'ઇશાઇ યુગના પૂર્વ ભારતમાં સત્ય, ઉદારતા, હૃદયની દયાળુતા, આત્માની પવિત્રતા, ક્ષમા તથા દયાનો આદર્શ દૈનિક જીવનના સિદ્ધાંતોના રૂપમાં લખવામાં આવતા હતા.[૧૩]

**॥ સમાપ્ત ॥**

૧૩. Hopkins : E.W. "Ethics of India - P. 1.

# ✤ વિભાગ - ૪ ✤

## મૂલ્યાંકન

## પૂર્વવતી સાહિત્ય અને શુક્રનીતિ

# ❈ પ્રકરણ - ૧૯ ❈

## ❈ 'રામાયણ, મહાભારત અને શુક્રનીતિ' :-

ઉપપ્રકરણ : (૧૯-૧) વા. રામાયણમાં રાજધર્મ

(૧૯-૨) વા. રામાયણ અને શુક્રનીતિ

(૧૯-૩) મહાભારતમાં રાજધર્મ

(૧૯-૪) મહાભારત અને શુક્રનીતિ

- સમાપન

## ❐ રામાયણ-મહાભારત અને શુક્રનીતિ :-

### ❖ પ્રસ્તાવના :-

વાલ્મીકિ રામાયણ કુટુંબકથા, સમાજકથા અને અનેક વિષયો ઉપર વિચાર રજૂ કરતી રાષ્ટ્રકથા છે. માનવ, પરિવાર, સમાજ તથા રાષ્ટ્ર અને વિશ્વની અરસપરસ એકબીજા પ્રત્યે શું ફરજ હોઇ શકે તેનું સફળ સરસ નિરુપણ રામકથાના માધ્યમમાંથી કવિએ કર્યું છે ! માનવ-હૃદયની મૂળભૂત લાગણીઓ પ્રેમ, વાત્સલ્ય, કરુણા, મૈત્રી વગેરે જેવા સુમધુર હોય છે તેવી જ સુમધુર ભાષામાં સરળતાથી વહી જતી આ રમ્યકથા માનવ સંસ્કૃતિને પોષતી તથા રામરાજ્ય દ્વારા એક આદર્શ રાજયનું લક્ષ્ય પ્રસ્તુત કરનાર વાલ્મીકિ રામાયણ અને શ્રી ઉપેન્દ્રનાથ સાંડેસરા જેને 'વિરાટ' શબ્દના તમામ અર્થોને સાર્થક કરતો, વ્યાપકમાં વ્યાપક જીવનદર્શન કરતો અને કરાવતો મહત્તમ 'ગ્રંથ સાગર' કહે છે.[૧] તે મહાભારતમાં પ્રાપ્ત થતી રાજનીતિશાસ્ત્રીય બાબતોનો પૂર્વે સંકેત કરાયો છે.[૨]

આચાર્ય શુક્ર જયારે રામાયણ અને મહાભારતમાંથી ઉદાહરણો આપે છે.[૩] ત્યારે તે પણ સ્વાભાવિક જ છે કે તેને આ બન્ને ગ્રંથોમાં ફલિત થતી રાજનીતિશાસ્ત્રીય વિચારધારાનો પરિચય છે. આ કારણે આ પ્રકરણમાં તેની સાથે શુક્રાચાર્યે પ્રસ્તુત કરેલ બાબતો તપાસી જવી પ્રસ્તુત બની જાય છે. સર્વ પ્રથમ રામાયણ અને શુક્રનીતિનો વિચાર કરીએ તો -

### ❖ વા.રા. માં રાજધર્મ :-

વા.રા. માં રાજયપ્રયોજન, રાજયાધિકારી, રાજશિક્ષણ, ઇન્દ્રિયજય, આત્મરક્ષા, રાજકર્તવ્ય, સ્વામી, અમાત્ય, મંત્રી, મિત્ર, કોશ, દુર્ગ, બળ, વ્યસન, પુરોહિત, પ્રણિધિ, દૂત, સ્વામ્યનુજીવિવૃત, મંત્ર, ઉપાય, ષાડ્ગુણ્ય, સેનાપતિ, યાત્રા, શુભાશુભનિમિત્ત, વ્યૂહભેદ, વિજયોત્તર કૃત્ય જેવી બાબત અંગે પ્રચલિત માન્યતાઓ વિખરાયેલી પડી છે. વા.રા. માં રાજનીતિ એ વિષય પર આધુનિકોએ અધ્યયન કર્યું છે.[૪]

---

૧. સાંડેસરા ઉપેન્દ્રરાય, 'ભારતરત્ન' - પૃ. ૧૧.

૨. જુઓ પ્રકરણ. ૫ - પૃ. - ૬૫.

૩. શુક્રનીતિઃ - ૧/૬૮, ૧૩૬, ૧૪૨, ૧૪૪ થી ૧૪૬, ૫/૫૪, ૪/૭/૩૬૦.

૪. (i) Sharma Ramashraya, - Socio-Political Study of the Valmiki Ramayana.
(ii) चतुर्वेदी शिवदत्त शर्मा, ''वाल्मीकि रामायणे राजनीतिः''

## ❖ રામાયણ અને શુક્રનીતિ :-

વા.રા. અને અને શુક્રનીતિના વર્ણ્યવિષયોને દૃષ્ટિ સમક્ષ રાખીને કહી શકાય કે -

(૧) બન્નેમાં નિરૂપિત રાજ્યસંસ્થામાં શાસનસૂત્રનો સંચાલક રાજા છે.

(૨) વા.રા. તેમજ શુ.ની. રાજાની દિવ્યતા સ્વીકારે છે. લોકપાલના અંશોમાંથી રાજાનું સર્જન થયેલું માને છે. તેમજ દેવોનું રૂપ ધારણ કરે છે[૫] માટે પૂજ્ય ગણે છે.

(૩) બન્નેમાં રાજાને દંડધર કહ્યો છે.[૬]

(૪) રાજા અને પ્રજા પરત્વે દાખવવા યોગ્ય વલણનો બન્નેમાં સરખા સંકેત કરે છે. પિતા-પુત્રનો સંબંધ દર્શાવ્યો છે.[૭]

(૫) શુક્રનીતિ અનુસાર દંડના અભાવે માત્સ્યન્યાય પ્રવર્તે અને ઉદ્વેજક દંડ રાજાનો નાશ લાવી આપે. વા.રા. પ્રમાણે દંડ આપનાર રાજાના અભાવમાં લોકો પરસ્પર મત્સ્યની જેમ ભક્ષણ કરે, ભયંકર અરાજકતાના અનિષ્ટો ઊભા થાય.[૮]

(૬) સર્વાવસ્થામાં રાજાની રક્ષા થવી જોઇએ એ વાત ઉભય ગ્રંથ પોતપોતાની રીતે કરે છે.[૯]

(૭) વા.રા. માં રાજ્યના સાત અંગો માટે પ્રકૃતિ શબ્દ પ્રયોજ્યો નથી, પ્રકૃતિ શબ્દ જનતા, મંત્રીગણ, શાસકવર્ગ એ અર્થ ધરાવે છે. જ્યારે શુ.ની. માં રાજ્યના સપ્તાંગોનું નિરૂપણ થયેલું છે.[૧૦]

(૮) વા.રા. માં મંત્રી, અમાત્ય અને સચિવ એ ત્રણ સંજ્ઞાઓ ક્યારેય પર્યાયરૂપ તો ક્યારેક ભિન્નાર્થક પ્રયોજાયેલ છે. સુમન્ત્રને અમાત્ય, સચિવ અને મંત્રી કહ્યા છે. તેઓ ઉપધાતીત હોવા જોઇએ.[૧૧] જ્યારે શુ.ની. અનુસાર મંત્રી પરિષદમાં સભ્યોની સંખ્યા દશ હોવી જોઇએ - પુરોધા, પ્રતિનિધિ, પ્રધાન, સેનાપતિ,

---

૫. વા.રા. અનુક્રમે અરણ્યકાંડ - ૪૩/૧૨, ૩૮/૧૨,૧૩, ઉત્તરકાંડ - ૭૯/૨૦.
કિષ્કન્ધાકાંડ - ૧૪/૧૨, શુ. ની. - ૧/૭૧-૭૨.

૬. વા.રા. અરણ્ય - ૧/૧૭, શુ. ની. - ૪/૨૪.

૭. વા.રા. અરણ્ય - ૭/૧૫, ૧૬, લંકા. - ૯૫/૫૫, અયોધ્યા - ૫/૩૦, શુ. ની. - ૧/૭૯,૮૦.

૮. શુ.ની. - ૧/૬૫, ૬૭, ૪/૫૦, વા.રા. અયોધ્યા - ૬૧/૨૧, ૭૩/૯ થી ૧૩.

૯. વા.રા. અરણ્ય - ૩૯/૧૦, શુ.ની. - ૧/૩૨૬ થી ૩૩૦.

૧૦. વા.રા. અયોધ્યા - ૬/૧૪,૨૯,૧૬,૮૬, ૮૬/૧૪, ૯૩/૬૧, શુ.ની. ૧/૬૧,૬૨.

૧૧. વા.રા. બાલકાંડ - ૭/૨, ૩૮/૪ અને અયોધ્યા - ૯૨-૩, ૯૪-૧૩,
અયોધ્યા - ૧૧૫-૧૩, લંકા ૨૨-૩૫, ૩૭ માં સંજ્ઞા ભિન્નાર્થક છે.

પંડિત, પ્રાડ્વિપાક, સચિવ, સુમંત્ર, મંત્રી, અમાત્ય અને દૂત એ સર્વે યોગ્ય ગુણાન્વીત હોવા અનિવાર્ય છે.[૧૨]

(૯) વા.રા. માં બ્રાહ્મણનો વિશેષ મહિમા છે. જયારે શુ.ની. માં

ब्राह्मणस्तु समुत्पन्नाः सर्वे ते किं नु ब्राह्मणाः ।
न वर्णतो न जनकात् ब्राह्मतेजः प्रपद्यते ॥[૧૩]

આચાર્ય શુક્રનો વર્ણવ્યસ્થાત્મક દષ્ટિકોણ ક્રાંતિકારી પ્રતિત થાય છે. એમના મતાનુસાર જન્મથી કોઇ બ્રાહ્મણ નથી. વસ્તુતઃ ગુણ અને કર્મના ભેદથી જ બ્રાહ્મણત્વ પ્રાપ્ત થાય છે.[૧૪]

(૧૦) વા.રા. માં મંડળ સિદ્ધાંત સ્પષ્ટપણે પ્રતિપાદિત થયો નથી. વિજિગીષુ, મિત્ર, અમિત્ર, મધ્યસ્થ, ઉદાસીન એવી સંજ્ઞાઓ જરૂર મળે છે.[૧૫]

(૧૧) વા.રા. માં ષાડ્ગુણ્યના અણસાર મળે છે.[૧૬] જયારે આચાર્ય શુક્રએ પણ ગ્રંથના ચોથા અધ્યાયના સાતમાં પ્રકરણમાં ચર્ચા કરી છે.

संधि च विग्रहं यानमासनं च समाश्रयम् ।
द्वैधीभावं च संविधान्मन्त्रस्यैतांस्तु षड्गुणान् ॥[૧૭]

(૧૨) વા.રા. સામાદિ ચાર ઉપાયોમાં દંડનો પ્રયોગ ના છૂટકે કહે છે.[૧૮] આચાર્ય શુક્રનો સૂર પણ તેવો છે, તેઓ સામ, દામ, ભેદ તથા દંડ એ ચાર ઉપાયોના મહત્ત્વનો સ્વીકાર કરે છે. ઉપાય ચતુષ્ટ્યની મહત્તા સ્વીકારતા કહે છે કે –

विनाशनीयास्ते सर्वे सामादिभिरुपक्रमैः ।
मित्रं शत्रुं यथायोग्यैः कुर्यात् स्ववशवर्त्तिनम् ॥[૧૯]

(૧૩) વા.રા. અનુસાર સભામાં અમાત્ય, મંત્રીગણ, બ્રાહ્મણ, સચિવ વગેરે ભાગ લેતાં હતા, શુક્રનીતિમાં પણ મંત્રીપરિષદની વિગતે ચર્ચા કરાયેલી છે.[૨૦]

---

૧૨. શુ.ની. – ૧/૬૯, ૭૦, ૩૫૨ તથા ૪/૫૬, ૫૮.
૧૩. શુ.ની. – ૧/૧૩.
૧૪. એજન – ૧/૩૮, ૪૦.
૧૫. Sharma Ramashraya, - Ibid - P. 292.
૧૬. વા.રા. ઉત્તર – ૬૧–૨૨.
૧૭. શુ.ની. – ૪/૭/૨૩૪.
૧૮. વા.રા. લંકા. – ૩૫–૩૯.
૧૯. શુ.ની. – ૪/૨૫.
૨૦. चतुर्वेदी शिवदत्त शर्मा, ''वाल्मीकि रामायण में राजनीतिः'' – પૃ. ૪૫–૪૬,
શુ.ની. – ૪/૫૬ થી ૫૮, ૧/૩૫૩, ૨/૬૯ થી ૭૪, ૨/૬,૭,૯૨–૯૩.

(૧૪) વા.રા. માં નાદેય, પાર્વતેય, ખનિત્ર અને અમ્બુ એ દુર્ગોનો સંકેત છે, શુ.ની. માં એરિણ, પારિખ, પારિધ, વન, ધન્વ, જલ, ગિરિ, સૈન્ય અને સહાયદુર્ગ એમ નવ પ્રકારના દુર્ગોની ચર્ચા કરાયેલી છે.[૨૧]

(૧૫) વા.રા. માં ચતુરંગિણી સેનામાં ગજસેનાને વિશેષ મહત્ત્વ આપ્યું છે. મૌલાદિ ષડ્વિધ સૈન્યનો નિર્દેશ કરે છે. આચાર્ય શુક્ર પણ સેનાનું નિરૂપણ વિગતે કરે છે. એમના મતાનુસાર શારીરિક બળ, સૌર્ય બળ, સૈન્ય બળ, અસ્ત્ર બળ, બુદ્ધિ બળ અને આયુ બળ એ છ બળના પ્રકારો વર્ણવે છે.[૨૨] આ ઉપરાંત ગ્રંથના ચોથા અધ્યાયના સાતમાં પ્રકરણમાં સૈન્યનું વિસ્તૃત વર્ણન કરાયેલ છે.

(૧૬) વા.રા. માં ગરુડવ્યૂહની જ ચર્ચા છે.[૨૩] જયારે શુક્રનીતિમાં વ્યૂહો વિશે વિસ્તૃત ચર્ચા કરાયેલી છે. કોંચ્ચ વ્યૂહ, શ્યેન વ્યૂહ, મકર વ્યૂહ, સુચીમુખ, ચક્રવ્યૂહ, સર્વતોભદ્ર વ્યૂહ, શકટ વ્યૂહ અને વ્યાલ વ્યૂહના લક્ષણાદિની ચર્ચા છે.[૨૪]

(૧૭) યુદ્ધના પ્રકાશ અને કૂટ યુદ્ધ એ બે પ્રકારો ધર્મયુદ્ધ અને અધર્મયુદ્ધના નામાન્તર છે, વા.રા. તે બાબતથી પરિચિત છે. રાક્ષસોને કૂટયોનિધન અને માયાવિન કહ્યા છે. જયારે શુ.ની. દૈવી, આસુરી અને માનવીય યુદ્ધ એમ ત્રણ પ્રકારો વર્ણવે છે. જે યુદ્ધમાં મંત્ર દ્વારા આયુધ સંચાલિત હોય એમને દૈવીયુદ્ધ, જેમાં આગ્નેયાસ્ત્ર પ્રયુક્ત હોય તેને આસુરી અને તલવાર વગેરે શસ્ત્રોનો હાથોથી જે યુદ્ધ કરવામાં આવે તેમને માનવી યુદ્ધ કહે છે. તેની અંતર્ગત મંત્રસિદ્ધ, આયુધોથી કરવામાં આવતુ યુદ્ધ સર્વોત્તમ બતાવે છે.[૨૫] ઉપરાંત શુક્ર ધર્મયુદ્ધથી કે કૂટયુદ્ધથી શત્રુનો નાશ કરવા નિર્દેશ કરે છે.[૨૬]

આમ આ બધા મુદ્દાઓને આધારે વાલ્મીકિ રામાયણનો શુક્રનીતિ પરનો સ્પષ્ટ પ્રભાવ સિદ્ધ કરવાની ઉતાવળ ન થવી જોઇએ. આ ચર્ચા પરથી ફલિત તો એ થાય છે કે કદાચ આચાર્ય શુક્ર કૌ. અર્થશાસ્ત્રના આધારે ગ્રંથ રચના કરી હોય તે સમયમાં કૌ.અર્થ. સિવાયના ગ્રંથોની વિચારધારા શુક્રનીતિમાં પ્રેરણાનો સ્ત્રોત બની હોય.

---

૨૧. વા.રા. સુંદરકાંડ – ૭૦–૨૬, શુ.ની. – ૪/૬/૧ થી ૫.
૨૨. વા.રા. લંકા. – ૭૭–૩, ૧૧–૪૯, શુ.ની. – ૪/૭/૫.
૨૩. વા.રા. લંકા. – ૬/૧૧.
૨૪. શુ.ની. – ૪/૭/૨૭૯ થી ૨૮૩.
૨૫. એજન – ૪/૭/૨૨૧, ૩૩૪.
૨૬. એજન – ૪/૭/૩૫૦.

## ❖ મહાભારત અને શુક્રનીતિ :-

મ.ભા. મહાકાવ્ય તો છે જ, તે ઉપરાંત પ્રાચીન ઇતિહાસ, ભૂગોળ, ખગોળ, ધર્મશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, રાજયશાસ્ત્ર, નીતિશાસ્ત્ર વગેરે વિષયો ઉપર કલાત્મક ચિંતન રજૂ કરતો વિરાટ ગ્રંથ છે. કોઇ એવો વિષય નથી, જેના રંગે એકાદવાર મહાભારતકારની પીંછી ન રંગાણી હોય ! તેવા આ મ.ભા. ના અઢાર પૂર્વમાં (૯ થી ૧૧ અને ૧૬ થી ૧૮) છ પર્વ સિવાયના પર્વોમાં રાજનીતિની ચર્ચા અત્ર-તત્ર-સર્વત્ર થયેલી છે. આદિપર્વના ૧૦ અધ્યાયમાં, સભાપર્વના ૪ અધ્યાયમાં, વનપર્વના ૨૦ અધ્યાયમાં - જેમાં૧૫૦ સર્ગમાં વિશેષ રીતે, વિરાટપર્વના ૨ અધ્યાયમાં, ઉદ્યોગપર્વ ૩૩, ૩૪ અધ્યાય સહિત કુલ ૩૨ અધ્યાયમાં, ભીષ્મપર્વના ૧૬ અધ્યાયમાં, દ્રોણપર્વના ૧ અધ્યાયમાં, કર્ણપર્વના ૧ અધ્યાયમાં, સૌપ્તિકપર્વના ૧ અધ્યાયમાં, અનુશાસનપર્વના ૨ અધ્યાયમાં,આશ્રમવાસિકાપર્વના ૧ અધ્યાયમાં, આશ્વમેધિકપર્વના ૧ અધ્યાયમાં રાજનીતિની બાબતો વર્ણવે છે. તેમાંય શાંતિપર્વમાં તો રાજનીતિશાસ્ત્રીય વિચારોનો ધોધ વહી રહ્યો હોય તેમ લાગે છે. અહીં ૯૬ અધ્યાય તત્સંબંધિત છે. જેમાં અધ્યાય ૫૯ થી ૧૩૦ તો સળંગ સૂત્રતાથી રાજધર્મ નિરૂપે છે.

રાજયશાસ્ત્રપ્રણેતા, રાજનીતિના સામાન્ય સિદ્ધાંતો રાજશબ્દવિચાર, રાજપ્રયોજન, રાજપ્રકાર, રાજયાધિકાર, રાજશિક્ષા, ઇન્દ્રિયજય, રાજાની દિનચર્યા, આત્મરક્ષા, રાજકર્તવ્ય, સ્વામી, અમાત્ય, મંત્રી, કોશ, રાષ્ટ્ર, દુર્ગ, બળ, પ્રકૃતિ વ્યશન, પુરોહિત, પ્રણિધિ, દૂત, સ્વામ્યનુજીવિન, મંત્ર, મંડળવિચાર, ઉપાય, ષાડ્ગુણ્ય, કાર્યાધ્યક્ષ, સેનાપતિ, યાત્રા, યુદ્ધની ધર્મ્યાધર્મ્યતા, યાત્રાકાળ, શુભાશુભનિમિત્ત, વ્યૂહ, ધર્મયુદ્ધ, કૂટયુદ્ધ, વિજયોતર કૃત્યો વગેરે મુદ્દાઓ પર મ.ભા. માં પ્રકાશ પાડયો છે.

ઉપર દર્શાવેલ સૂચિ અને શુ.ની. માં નિરૂપિત બાબતો દષ્ટિ સમક્ષ રાખતા બન્નેમાં વિષયોનું સામ્ય જોવા મળે છે. મ.ભા. માંની રાજનીતિશાસ્ત્રીય ચર્ચા અતિ વ્યાપક હોઇ, શુ.ની. માં નિરૂપિત બાબતોની તે સાથે તુલના રસપ્રદ અને ઉપાદેય અવશ્ય છે પણ અનુસંધાનનો એક સ્વતંત્ર વિષય બની જાય છે ત્યારે આ

નાના પ્રકરણમાં શુક્ર પૂર્વે પ્રચલિત વિચારધારાની રૂપરેખા દોરવાનો મારો અહીં પ્રયાસ છે.

સમગ્રતયા મ.ભા. અને શુ.ની. નું અધ્યયન કરતાં પ્રથમ નજરે જ ખ્યાલ આવે છે કે -

(૧) મ.ભા. પ્રત્યેક બાબત વિસ્તારથી સમજાવે છે. પ્રશ્ન અને તેના ઉત્તર અને તેમાં ઉપાખ્યાન તેવી શૈલી અપનાવે છે. ઘણા શ્લોકોમાંથી આપણે સૂત્ર એકઠા કરવાના રહે છે. જયારે શુ.ની. શુદ્ધ રાજનીતિશાસ્ત્રીય ગ્રંથ છે, સંક્ષેપ પ્રસ્તુત કરે છે. તેથી તેમાં સંક્ષિપ્તતા, ચોક્કસાઇ અને વ્યવસ્થિતતા વિશેષ છે.

(૨) દંડનીતિ અંગે સમાન ખ્યાલ ઉભય ગ્રંથોમાં જોવા મળે છે.[૨૭] ઉદંડનું (અદાન્તનું) દમન કરે છે, અનિષ્ટોને શિક્ષા કરે છે. આમ જે દમે છે, દંડે છે તેને વિદ્વાનો દંડ કહે છે. આચાર્યશુક્ર કહે છે - દંડથી કે ખરાબ આચરણથી મનુષ્યનું દમન થાય છે. જેથી જે સાધનથી જીવનું સારી રીતે દમન થાય છે એમને દંડ કહે છે. રાજા બધાનો સ્વામી હોય છે. તેથી તે દંડ નામનો ઉપાય એમને આધીન હોય છે.[૨૮]

(૩) દંડધારક રાજાના અભાવમાં માત્સ્યન્યાય પ્રવર્તે છે. એમ મ.ભા. ના અને દંડધારક રાજાના પ્રભાવથી ભુવન શાશ્વત માર્ગે ટકી રહે છે, એમ શુક્ર પણ દંડની આવશ્યકતાનો નિર્દેશ કરતાં માત્સ્યન્યાયનો પ્રયોગ કર્યો છે.[૨૯]

(૪) મ.ભા. માં દંડનીતિનું અત્યંત માહાત્મ્ય વર્ણવેલ છે અને બધા ઉપાયોમાં દંડને મહત્ત્વપૂર્ણ સ્થાન અપાયેલ છે. તેનું નિરુપણ મ.ભા. નાં શાંતિપર્વ (અધ્યાય-૧૫) દંડ-પ્રશંસામાં જ લખાયેલ છે. આચાર્ય શુક્ર પણ શુક્રનીતિમાં ચાર ઉપાયોમાં દંડને વધુ મહત્ત્વ આપે છે. તેઓ અધ્યાય ૪ ના પ્રકરણ ૧ ના શ્લોક ૪૪ થી ૧૧૮ સુધી દંડના સંદર્ભમાં જ નિર્દેશ છે.

---

૨૭. મ.ભા. શાંતિ. - ૧૫/૮, શુ.ની. - ૪/૧/૫૨.
यत्माददान्तान्दमयत्य शिष्टान्दाऽयत्यपि ।
दमनाद् दण्डनोच्चैव तस्मार्द्दण्डं विदुर्बुधाः ॥
दण्ड एव हि धर्माणां शरणं परम स्मृतिम् ।
येन सन्दर्म्यते जन्तुः उपायो दण्ड एव सः ॥

૨૮. શુ.ની. - ૪/૧/૪૪.

૨૯. મ.ભા. શાંતિ. - ૬૭-૧૬,૧૭,૧૫,૩૦, શુ.ની. - ૧/૬૫,૬૭, ૪/૫૦.

(૫) ચાતુવર્ણ્ય વ્યવસ્થાને જાળવી રાખી તે રાજાનો ધર્મ છે. તે મ.ભા. ને ઇષ્ટ છે.[૩૦] શુ.ની. માં ચાર આશ્રમો તથા ચારેય આશ્રમોના કર્મોની ચર્ચા છે,[૩૧] તેમાં ચાતુવર્ણ્ય વ્યવસ્થાનો નિર્દેશ મળે છે.

(૬) રાજા માટે સર્વપ્રથમ પોતાની જાતને જીતવી જરૂરી માની છે -

आत्मानं प्रथमं राजा विनयेनोपपादयेत् ।
ततः पुत्रास्ततोऽमात्यास्ततो भृत्यांस्ततः प्रजाम् ॥[૩૨]
आत्मा जेयः सदा राज्ञा ततो जेयाश्च शत्रवः ।
अजितात्मा नरपतिर्विजयेत कथं रिपून् ॥[૩૩]

(૭) મ.ભા. એકબાજુ મહાન દેવ નર રૂપે (રાજા રૂપે) રહેલ છે. ભગવાન વિષ્ણુએ તેમાં પ્રવેશ કર્યો છે, કેવળ મનુષ્યોનો જ અધિપતિ નથી, સનાતન દેવ સ્વરુપ છે, જેવા વિધાનો દ્વારા રાજાનો દિવ્યતા પ્રતિપાદિત કરે છે.[૩૪] તો બીજી બાજુ સારા રાજાને દેવ માન્યો છે. અન્યથા રાજાને કલિ, ચોર, અસુર કહ્યો છે અને હડકાયા કૂતરાની જેમ તેને મારી નાખવા કહ્યું છે.[૩૫] આચાર્ય શુક્ર પણ રાજાની દૈવી ઉત્પત્તિના સિદ્ધાંતના સમર્થક છે, ઇન્દ્ર, વાયુ, યમ, સૂર્ય, અગ્નિ, વરુણ, ચંદ્ર અને કુબેર આ લોકપાલોના અંશોમાંથી ઉદ્ભવ થયેલો અર્થાત્ તેને પોતાનામાં હમેંશા ધારણ કરી પોતાની તપસ્યાના પ્રભાવથી રાજા સ્થાવર અને જંગમ સ્વરૂપ જગતનો સ્વામી હોય છે. આમ રાજા 'દેવાંશ' તથા રાજયની ઉત્પત્તિ દૈવી સિદ્ધાંત (Divine right) માને છે.[૩૬] તો વળી શુક્ર કહે છે કે ગુણો રહિત રાજા 'રાક્ષાંસ' છે.

(૮) મહાભારતકાર તેમજ શુક્રાચાર્યના મતે પ્રજાને રાજા તરફથી પિતાતુલ્ય વ્યવહારનો અનુભવ થવો જોઇએ.[૩૭]

---

૩૦. મ.ભા. શાંતિ. - ૫૭-૧૫.
૩૧. શુ.ની. - ૪/૪/૧.
૩૨. એજન - ૧/૯૩.
૩૩. મ.ભા. શાંતિ. - ૬૯/૪.
૩૪. મ.ભા. શાંતિ. - ૬૮-૪૦, ૫૯-૧૨૮, ૬૫-૨૯.
૩૫. એજન અનુશા. - ૬૦-૧૯, ૨૦.
૩૬. શુ. ની. - ૧/૭૧-૭૨.
૩૭. મ.ભા. શાંતિ. - ૫૭/૩૩, શુ. ની. - ૧/૭૮, ૭૯.

(૯) કૌ. અર્થ અને શુક્રનીતિ સિવાય મ.ભા. એવો એક માત્ર ગ્રંથ છે. જેમાં ઘણા વ્યૂહોનું વર્ણન હોય. જેમકે, ભીષ્મપર્વમાં સર્વતોમુ, વજ્ર, કૌંચારૂણ, મહાવ્યૂહ, ગારુડ, અર્ધચંદ્ર, વ્યાલ, મકર, શ્યેન, કૌંચ, મંડળ, શૃંગાટક, સુદુર્જય એ વ્યૂહ રચના તેમજ દ્રૌણપર્વ અને કર્ણપર્વમાં શકટ, સુપર્ણ મંડલાર્ધ, ચક્ર, મકર, પદ્મ, સૂચીમુખ વ્યૂહ રચના વર્ણવી છે. આ વ્યૂહ આકાર પર આધારિત છે, કયા કયા યોદ્ધા કયે-કયે સ્થાને ગોઠવાય તે પણ વર્ણવેલ છે. જો કે આ વ્યૂહોના શાસ્ત્રીય લક્ષણો સ્પષ્ટપણે આપ્યા નથી. શુક્રનીતિમાં મ.ભા. માં દર્શાવ્યા એટલા વ્યૂહોનો ઉલ્લેખ નથી. પરંતુ જે વ્યૂહોનો ઉલ્લેખ છે તેના લક્ષણોનો પણ સ્પષ્ટ નિર્દેશ મળે છે.[૩૮]

(૧૦) મ.ભા. સામથી દંડ સુધીના ચાર ઉપાય ઉપરાંત ઉપેક્ષાને પાંચમાં ઉપાય તરીકે દર્શાવે છે, જયારે શુક્રએ સામ, દામ, ભેદ તથા દંડ એ ઉપાયચતુષ્ટયના મહત્ત્વનો સ્વીકાર કરે છે.[૩૯]

(૧૧) શુ.ની. અનુસાર રાજયના સાત અંગો છે, જેમ કે -

स्वाम्यमात्यसुहृत्कोशराष्ट्रदुर्गबलानि च ।

सप्ताङ्गमुच्यते ॥ १ - ६१

મ.ભા. પણ સામાન્યતયા તેમ સ્વીકારાયું છે પણ એક સ્થળે નામનિર્દેશ વિના આઠમાં અંગનો સંકેત કર્યો છે.[૪૦] ટીકાકાર નીલકંઠના મતે તે શ્રેણી હોઈ શકે.

(૧૨) વિદ્યાવૃદ્ધપરામર્શ, સ્વામ્યનુજીવિવૃત, ન્યાયપૂર્વક કોશાર્જન જેવી બાબતોમાં પણ બન્ને ગ્રંથોમાં વિચાર સામ્ય છે.[૪૧]

(૧૩) ઉભય ગ્રંથોમાં દંડનીતિની મહત્તા દર્શાવાય છે.[૪૨]

---

૩૮. શુ. ની. - ૪/૭ - ૨૭૯ થી ૨૮૩.

૩૯. મ.ભા. શાંતિ. - ૫૯/૩૫, શુ. ની. - ૪/૨૫.

૪૦. મ.ભા. આશ્રમ. - ૫-૮, શાંતિ. - ૫૭-૫ અને નીલકંઠની શાંતિ. - ૫૯-૧૪૨ પર ટીકા.

૪૧. અનુક્રમે - મ.ભા. અનુ. - ૧૬૨-૪૯, આશ્રમ. - ૫-૧૦ થી ૧૩,
શાંતિ. - ૫૭-૨૦, શુ. ની. - ૧/૧૪૬, ૪૭, ૩/૧૪૭,૧૭૮.

૪૨. મ.ભા. શાંતિ. અધ્યા. ૧૫ માં દંડનીતિનું મહત્ત્વ વર્ણિત છે.
શુ.ની. - ૪/૩૬, ૩૮, ૫૦.

(૧૪) ત્રયી વિદ્યામાંનો વિચાર પણ બન્નેમાં સમાન છે.[૪૩]

(૧૫) સહાયકોના સંદર્ભમાં પણ બન્ને ગ્રંથોમાં સામ્યતા જોઇ શકાય છે.[૪૪]

(૧૬) રાજાના ગુણો અંગે મ.ભા. તથા શુ.ની. માં એક સરખા વિચાર છે.[૪૫]

(૧૭) રાજાની આત્મરક્ષા અંગે બન્ને ગ્રંથોમાં નિરૂપણ થયેલું છે.[૪૬]

(૧૮) ષાડ્ગુણ્યઃ સંધિ, વિગ્રહ, યાન, આસન અને સંશ્રય બન્નેમાં વર્ણિત છે.[૪૭]

(૧૯) મ.ભા. દશ પ્રકૃતિઓનો નિર્દેશ કરે છે, તેમાં પાંચ રાજા પોતાની અને પાંચ શત્રુપક્ષની એમ દશ वर्गस्य .....[૪૮] શુ.ની. મા. - पुरोधाश्च.......प्रकृतयो दशः ॥ [૪૯] પુરોધા, પ્રતિનિધિ, પ્રધાન, સેનાપતિ, પંડિત, પ્રાડ્વિપાક, સચિવ, સુમંત્ર, મંત્રી, અમાત્ય અને દૂત. આ સંદર્ભમાં શુક્ર બીજો મત પણ દર્શાવે છે. એ મત પ્રમાણે આઠ પ્રકૃતિઓ છે.

अष्ट प्रकृतिभिर्युक्तो नृपः कैश्चित स्मृत सदा।[૫૦]

(૨૦) મ.ભા. ની જેમ શુ.ની. ના પ્રમુખ વિષય રાજય, રાજા તેમજ જનસામાન્ય છે.

(૨૧) રાજા સહાય વિના કોઇ પણ કાર્ય સાધી શકતો નથી તે વિચાર બન્ને ગ્રંથોમાં છે.[૫૧]

(૨૨) મ.ભા. માં ધર્મયુદ્ધ અને કૂટિલનીતિ બન્ને જોવા મળે છે, શુ.ની. માં દૈવીયુદ્ધ, આસુરીયુદ્ધ અને માનવીયુદ્ધનો નિર્દેશ મળે છે.[૫૨]

---

૪૩. મ.ભા. શાંતિ. - ૫૯-૩૩, શુ.ની. - ૧/૧૫૨
- त्रयी चान्वीक्षिकी चैव वार्ता च भरतर्षभ ।
दण्डनीतिश्च विपुला विद्यास्तत्र निदर्शिताः ॥
- आन्वीक्षिकी त्रयी वार्ता दण्डनीतिश्च शाश्वती ।
विद्याश्चतस्र एवैता अभ्यसेद् नृपतिः सदा ॥

૪૪. મ.ભા. શાંતિ. - ૫૭/૨૩ થી ૨૫, શુ.ની. - ૧/૮૬.

૪૫. એજન -૫૭/૧૩,૧૪,૩૦ થી ૩૨, શુ.ની. - ૧/૮૪ થી ૮૬.

૪૬. એજન આશ્રમ -૫/૧૮, શાંતિ. - ૯૦-૩૦, શુ.ની. - ૧/૩૨૬ થી ૩૨૮.

૪૭. મ.ભા. શાંતિ. - ૫૭/૧૬, શુ.ની. - ૪/૭/૨૩૪.

૪૮. મ.ભા. શાંતિ. - ૫૭/૧૮.

૪૯. શુ.ની. - ૨/૭૧, ૭૨.

૫૦. એજન - ૨/૭૩, ૭૪.

૫૧. મ.ભા. શાંતિ. - ૮૧-૧, શુ.ની. - ૨/૧.

૫૨. મ.ભા. શાંતિ. - ૯૬-૧, ૧૪ અને કૂટયુદ્ધ માટે કણિકનીતિ આદિપર્વ - ૧૪૦-૬ થી ૨૪, શુ.ની. - ૪/૭/૨૨૧ થી ૩૫૦.

(૨૩) મ.ભા. માં ધન્ય, મહી, ગિરિ, મનુષ્ય, મૃત્તિકા અને વનદુર્ગ એમ છ પ્રકારના દુર્ગો છે. જયારે શુ.ની. માં પણ એરિણ, પારિખ, પારિધ, વન, ધન્વ, જલ, ગિરિ સૈન્ય અને સહાયદુર્ગ એમ નવ પ્રકારના દુર્ગો દર્શાવેલ છે.[૫૩]

(૨૪) મ.ભા. માં जलेमत्स्यानिवाभक्ष्यन् दुर्बल बलवत्तर । નો ઉલ્લેખ છે. શુ. ની. માં પણ દંડના અભાવે માત્સ્યન્યાય પ્રવર્તે અને ઉદ્વજક દંડ રાજાનો નાશ કરી શકે છે.[૫૪]

(૨૫) રાજાના વિનીત બનાવનાર વૃદ્ધસંયોગને બન્ને ગ્રંથોમાં ભાર દેવાયેલ છે.[૫૫]

(૨૬) મ.ભા. મુજબ દંડના ભયથી ચારે આશ્રમના લોકો પોત-પોતાની ફરજો બજાવે છે. ધર્મસિદ્ધિ માટે દંડ શક્તિનું બ્રહ્માએ સર્જન કર્યું છે. શુ.ની. પણ આ વિચાર રજૂ કરે છે.[૫૬]

(૨૭) મ.ભા. માં જનપદને રાજયાંગોમાં છઠ્ઠા ક્રમે અને પુરને સાતમાં ક્રમે દર્શાવ્યા છે, શુ.ની. માં સ્વામી, અમાત્ય, મિત્ર, કોશ, રાષ્ટ્ર, દુર્ગ અને બલ એ ક્રમ વર્ણવેલ છે. આમ બન્નેમાં થોડા નામભેદ તથા ક્રમભેદ જોઇ શકાય છે. મ.ભા. માં રાષ્ટ્ર માટે જનપદ તથા દુર્ગને બદલે પુરનો ઉલ્લેખ છે.[૫૭]

(૨૮) ''રાજય એ કોઇ સાત અંગોનો શંભુમેળો નથી પણ વિવિધ અંગોનું સુસંયોજન અને અવિભાજય એકમ છે.'' એમ સોમપુરા રાજયના અવિભાજય તરફ સંકેત કરે છે. શુ.ની. માં પણ રાજયને શરીરના અવયવો સાથે સરખાવી અવિભાજય અંગેનો નિર્દેશ કર્યો છે.[૫૮]

### સમાપન :-

આમ ઉપર નિર્દિષ્ટ મુદ્દાઓ પૈકી કેટલાક મુદ્દાઓ કૌ.અર્થ. ને પણ લાગુ પાડી શકાય. રાજનીતિના ક્ષેત્રમાં કેટલાક વિચારો સર્વસામાન્ય છે. શબ્દ સમૂહો અને વાકયો પ્રચલિત થઇ જતાં હોય છે, અને પરંપરાથી સૌને પ્રાપ્ત થતા હોય છે.

---

૫૩. મ.ભા. શાંતિ. - ૮૬-૫, શુ.ની. - ૪/૬/૧ થી ૫.
૫૪. મ.ભા. શાંતિ. - ૧૫-૩૦ તથા અધ્યાય ૫૮ માં શુ.ની. - ૧/૬૫, ૬૭, ૪/૫૦.
૫૫. મ.ભા. ઉદ્યોગ. - ૩૫/૫૮, શુ.ની. - ૧/૧૪૭, ૧૪૮.
૫૬. મ.ભા. શાંતિ. અધ્યા. - ૫, શુ.ની. - ૪/૧/૫૨.
૫૭. મ.ભા. શાંતિ. - ૬૯-૬૨, ૬૩, શુ. ની. - ૧/૬૧.
૫૮. સોમપુરા કે. એફ., ''હિન્દુ રાજય પદ્ધતિનો ઈતિહાસ'' - પૃ. ૫૯,
શુ.ની. - ૧/૬૨,૩૪૬,૩૪૦.

પરિણામે તેવા સામ્યના આધારે એકના અન્ય પરના પ્રભાવની કલ્પના યોગ્ય નથી. ઉપર દર્શાવેલી બાબતોમાં સર્વત્ર મ.ભા. નું શુ.ની. પર ઋણ છે એમ તો ન જ કહી શકાય, પરંતુ મ.ભા. ની શૈલીનો બોધાત્મક શૈલીનો, કાવ્યાત્મકતાનો, ઉપમાદિ અલંકાર પૂર્વકની અભિવ્યક્તિનો શુ.ની. પર અવશ્ય પ્રભાવ છે એમ લાગ્યા વિના રહેતું નથી. છતાં પણ મ.ભા. ના અનેક શ્લોકો શુ.ની. માં મળે છે. મ.ભા. માં કેટલાય સ્થાનો પર શુ.ની. તથા ઉશના, શુક્રાચાર્યનો ઉલ્લેખ થયેલો છે. તેમાં કરાયેલા સંકેતાનુસાર શુક્રકૃત નીતિસાર સંગ્રહ - આ સંગ્રહ અલગ પ્રતીત લાગે છે. કારણ કે મ.ભા. માં શુ.ની. ના ૧૦૦૦ અધ્યાયોની ચર્ચા કરવામાં આવી છે. પરંતુ આ સંગ્રહમાં માત્ર ૨૨૦૦ શ્લોક મૌલિક તથા કેટલાક પ્રક્ષિપ્ત શ્લોકો સાથે કુલ ૨૪૫૪ શ્લોકો છે. એ યુક્તિ સંગત લાગતું નથી. જે હોય તે પરંતુ જે શુ.ની. ઉપલબ્ધ છે, તેનો ઐતિહાસિક દષ્ટિકોણથી વિચાર કરવાથી શુ.ની. ની વિશિષ્ટતા અને મહત્તા વધુ સ્પષ્ટ થઇ જાય છે. એમનું અધ્યયન તત્કાલિન ભારતીય સમાજ એમનું ચિંતન અને એમની પ્રવૃત્તિ પર સંપૂર્ણ પ્રકાશ પડે છે. રાજનીતિ સંબંધી તથ્યોનું જ્ઞાન જે આમાન્યતઃ સાર્વજનિક કહેવાય છે, તે આપણને આ ગ્રંથમાંથી મળે છે.

**॥ સમાપ્ત ॥**

## ❈ પ્રકરણ - ૨૦ ❈

### ❈ 'મનુસ્મૃતિ અને શુક્રનીતિ' :-

ઉપપ્રકરણ : (૨૦-૧) મનુસ્મૃતિનું વિષયવસ્તુ

(૨૦-૨) મનુસ્મૃતિમાં રાજધર્મ

(૨૦-૩) મનુસ્મૃતિ અને શુક્રનીતિની ચર્ચામાં સામ્ય

## ❐ મનુસ્મૃતિ અને શુક્રનીતિ :-

### ❖ પ્રસ્તાવના :-

રાજનીતિ નહીં પણ ધર્મ સ્મૃતિઓનો પ્રતિપાદ્ય વિષય રહ્યો છે. અહીં સામાન્ય ધર્મની સાથે વ્યક્તિ ધર્મ, જાતિધર્મ, વર્ણધર્મ પર પ્રકાશ પાડ્યો છે, અને એ સંદર્ભમાં રાજાનો ધર્મ-રાજધર્મ-સ્મૃતિઓના વર્ણ્ય વિષયોમાં સ્થાન પામ્યો છે. અંતિમ પુરુષાર્થના સાધનરુપ ત્રિવર્ગનું સેવન એ જ સ્મૃતિનો પ્રધાન ઉપદેશ છે. તે સ્મૃતિ સાહિત્યમાં મ.સ્મૃ. એક વિશાળ વિચાર પરંપરાની પરિણતિ છે. સ્મૃતિઓમાં તે સૌથી વિશાળ અને પ્રમાણભૂત ગણાયેલ છે. ભારતીય રાજનીતિ પરંપરાને સમજવા માટે તે પણ એક મહત્ત્વપૂર્ણ સ્ત્રોત છે.

### ❖ મનુસ્મૃતિનું વિષયવસ્તુ :-

૨૬૮૫ શ્લોક અને ૧૨ અધ્યાય ધરાવનાર મ.સ્મૃ. માં અધ્યાય મુજબ વિષયવસ્તુ તથા શ્લોક સંખ્યા નીચે મુજબ છે.

| **અધ્યાય** | **વિષય** | **શ્લોક સંખ્યા** |
|---|---|---|
| અધ્યા. ૧ | જગતની ઉત્પત્તિ | ૧૧૯ |
| અધ્યા. ૨ | સોળ સંસ્કારનો વિધિ તથા બ્રહ્મચારીના ધર્મ | ૨૪૯ |
| અધ્યા. ૩ | ગૃહસ્થ ધર્મ, વિવાહના લક્ષણ, પંચ મહાયજ્ઞ, શ્રાદ્ધ વિધિ | ૨૮૬ |
| અધ્યા. ૪ | બ્રાહ્મણની આજીવિકા, ગૃહસ્થને યોગ્ય સદાચાર | ૨૬૦ |
| અધ્યા. ૫ | ભક્ષ્યાભક્ષ્ય પદાર્થો, આશૌચ નિર્ણય પદાર્થ શુદ્ધિ તથા સ્ત્રીધર્મ | ૨૬૯ |
| અધ્યા. ૬ | વાનપ્રસ્થના તથા સંન્યાસીના ધર્મ | ૯૬ |
| અધ્યા. ૭ | રાજધર્મ સંપૂર્ણ | ૨૨૬ |
| અધ્યા. ૮ | દાવા, ચોરી વગેરેનો ન્યાય તથા કર લેવાની રીત | ૪૨૦ |
| અધ્યા. ૯ | સ્ત્રી પુરુષના ધર્મો, દાયભાગ, જુગાર નો નિષેધ, અપરાધીને શિક્ષા કરવાની રીત | ૩૩૬ |

| | | |
|---|---|---|
| અધ્યા. ૧૦ | વર્ણશંકર જાતિઓ, તેમના ધર્મો તથા ચાર વર્ણના આપત્તિકાળ ધર્મો | ૩૩૧ |
| અધ્યા. ૧૧ | જુદી જુદી જાતના પાપકર્મો તથા તેમના પ્રાયશ્ચિતની વિધિ | ૨૬૫ |
| અધ્યા. ૧૨ | શુભાશુભ કર્મથી થતી ગતિ તથા આત્મજ્ઞાનનું સ્વરૂપ | ૧૨૬ |
| | **કુલ** | **૨૬૮૫** |


**❖ મનુસ્મૃતિમાં રાજધર્મ :-**

મનુસ્મૃતિનાં ૭ અને ૮ માં અધ્યાયમાં રાજનૈતિકની ચર્ચા છે. તેની અંતર્ગત રાજાની દૈવી ઉત્પત્તિ, દંડ પ્રયોગ રાજયના સપ્તાંગો, પુરોહિત, પ્રણિધિ, દૂત, મંત્ર, રાજમંડળ, ઉપાય, સંધ્યાદિ છ ગુણો, કાર્યાધ્યક્ષ, વહીવટીતંત્ર, કર પ્રણાલી, સેનાપતિ, યાત્રાકાળ, યુદ્ધ પ્રકાર, વ્યૂહ વગેરે બાબતો વર્ણિત છે.

શુ.ની. ના ઘણા શ્લોકોમાં ઉપર્યુક્ત વિષયો પૈકી મોટાભાગના વિષયો નિરૂપે છે. આમ શુ.ની. માં નિરુપણ પામેલ વિષયો મનુસ્મૃતિમાં તેમાંથી ઘણા ભાગના શ્લોકો નિરૂપણ પામ્યા છે. આથી આ દૃષ્ટિએ મ.સ્મૃ. એ આદર્શ બની પ્રેરણા પૂરી પાડી હોય. તેથી બન્નેની સરખામણી પ્રસ્તુત બની રહેશે.

**❖ મનુસ્મૃતિ અને શુક્રનીતિની ચર્ચામાં સામ્ય :-**

(૧) મ.સ્મૃ. માં રાજાની દૈવી ઉત્પત્તિ, રાજાનું દૈવીપણું, રાજાની દેવતુલ્યતા દર્શાવી તેની પ્રભાવકતા પ્રતિપાદિત કરે છે. શુ.ની. માં પણ આ બાબતો વર્ણિત છે. [૧]

(૨) દંડના ભયથી જ ધર્મપાલન શકય બને છે, દંડથી જ બધા વશમાં રહે છે, માત્સ્યન્યાયથી બચવા દંડ પ્રયોગ આવશ્યક છે, તેનો સમુચિત-અનુચિત પ્રયોગ પ્રજારંજન-લોકોદવેગનું નિમિત બને છે. વગેરે વિચારો બન્ને ગ્રંથોમાં સમાન જોવા મળે છે. [૨] અલબત મનુએ દંડને બ્રહ્માનું સર્જન કરીને તેને મૂર્તરૂપ આપ્યું છે. [૩]

(૩) વર્ણાશ્રમ ધર્મનું પાલન મ.સ્મૃ. નો પ્રધાન સૂર છે પરંતુ શુ.ની. માં શુક્ર વર્ણાશ્રમના

---

૧. મનુસ્મૃતિઃ - ૭/૩ થી ૧૩, ૯/૩૦૯ થી ૩૧૧.
શુક્રનીતિઃ - ૧/૭૨, ૧/૮૪ થી ૮૬.

૨. મનુ. સ્મૃ. - ૭/૧૪ થી ૨૮, ૧૦૮, શુ.ની. - ૧/૬૫, ૪/૧/૪૪ થી ૫૯.

૩. મનુ. સ્મૃ. - ૭/૨૫.

પક્ષકારી હોવા છતાં તેનો વર્ણાવ્યવસ્થાત્મક દષ્ટિકોણ ક્રાંતિકારી જણાય છે. તેમના મતાનુસાર જન્મથી કોઇ બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય કે શુદ્ર હોતા નથી વસ્તુતઃ ગુણ અને કર્મ જ બ્રાહમણત્ત્વ પ્રાપ્ત કરે છે.[૪] આમ વર્ણાશ્રમાચારયુક્ત, વર્ણાશ્રમ વિભાગવિત, વર્ણધર્મપ્રવર્તક અને વર્ણાશ્રમનો રક્ષક રાજા સ્વર્ગનો અધિકારી છે. રાજાની અનિવાર્યતા અને પ્રતિબદ્ધતા ઉભય ગ્રંથોમાં અભિવ્યક્ત થયેલ છે.

(૪) રાજાએ સર્વપ્રથમ પોતાની જાતને જીતવી જરૂરી છે. બન્ને ગ્રંથો મહત્ત્વ આપે છે.[૫]

(૫) માનવ પર કામક્રોધાદિનું પ્રબળ આક્રમણ છે. દઢ ચરિત્ર અને દઢ મનોબળયુક્ત જીવન એક પડકાર છે, અને હર કોઇ આનો સામનો કરવા સમર્થ હોતો નથી. આવા સમયે 'સાધુવૃત' કે શુચિ માનવ દુર્લભ બની જાય છે. એ વિચારને પ્રગટ કરી બન્ને ગ્રંથો વાસ્તવિકતાનો સ્વીકાર કરતા જણાય છે.[૬]

(૬) રાજાને વિનીત (વિનયી) બનાવનાર વૃદ્ધસંયોગ બન્ને ગ્રંથોને સ્વીકાર્ય છે.[૭]

(૭) રાજા જિતેન્દ્રિય હોવો જ જોઇએ તે બન્ને ગ્રંથોમાં વિચાર જોવા મળે છે.[૮]

(૮) મનુસ્મૃતિમાં ધન્વદુર્ગ, મહીદુર્ગ, જળદુર્ગ, વૃક્ષદુર્ગ, મનુષ્યદુર્ગ અથવા ગિરિદુર્ગ ની ચર્ચા છે. આ દુર્ગોમાં ગિરિ દુર્ગ પોતાના અનેક ગુણોને લીધે બધા દુર્ગો કરતા શ્રેષ્ઠ છે. શુ.ની. માં એરિણદુર્ગ, પારિખદુર્ગ, પારિધદુર્ગ, વનદુર્ગ, ધન્વદુર્ગ, જલદુર્ગ, ગિરિદુર્ગ, સૈન્યદુર્ગ અને સહાયદુર્ગ એમ નવ દુર્ગોના પ્રકારો અને લક્ષણાદિની ચર્ચા કરી છે. મનુની જેમ શુક્ર પણ ગિરિદુર્ગને શ્રેષ્ઠ માને છે.[૯]

''सर्वेण तु प्रयत्नेन गिरिदुर्ग समाश्रयेत् ।
एषां हि बाहुगुण्ये गिरिदुर्ग विशिष्यते ॥ –મનુસ્મૃતિઃ ૭/૭૧

---

૪. મનુ. સ્મૃ. – ૭/૨, શુ. ની. – ૧/૩૮, ૩૦, ૩૧.

૫. મનુ. સ્મૃ. – ૭/૩૯, શુ. ની. – ૧/૯૩.
तेभ्योऽधिगच्छेद्विनयं विनीतात्मापि नित्यशः ।
विनीतात्मा हि नृपतिर्न विनश्यति कर्हिचित् ॥ – મનુસ્મૃતિઃ ૭/૩૯.
आत्मानं प्रथम राजा विनयेनोयपादयेत् ।
ततः पुत्रांस्ततोऽमात्यांस्ततो भृत्यांस्ततः प्रजाम् ॥ – શુક્રનીતિઃ ૧/૯૩.

૬. મનુ. સ્મૃ. – ૭/૨૨, શુ. ની. – ૧/૧૪૩ થી ૧૪૫.

૭. મનુ. સ્મૃ. – ૭/૩૭,૩૮, શુ. ની. – ૧/૬૫,૬૮, ૪/૫૦, ૧/૧૪૭,૧૪૮.

૮. મનુ. સ્મૃ. – ૭/૪૪, શુ. ની. – ૧/૧૫૧,૯૯,૧૪૬.

૯. મનુ. સ્મૃ. – ૭/૭૦,૭૧, શુ. ની. – ૪/૬/૧ થી ૬.

''परिखादैरिणं श्रेष्ठं पारिधं तु ततो वनम् ।

ततो धन्वजलं तस्माद्गिरिदुर्ग ततः स्मृतः ॥ -શુક્રનીતિઃ ૪ / ૬ / ૬

(૯) રાજાના આત્મરક્ષા પર ઉભય ભાર મૂકે છે.[૧૦] વિષયુક્ત અન્નની પરીક્ષા, વિષ ધન, રત્ન ધારણ કરવા, સ્ત્રી અને સેવિકાઓથી સચેત રહેવું વગેરે બાબતો મનુ વર્ણવે છે. શુક્ર પણ વિસ્તારથી વિષયુક્ત અન્નાદિની પરીક્ષા, વિષદ્ના લક્ષણો વગેરે વર્ણવે છે.

(૧૦) મનુ ચારને રાજાના ચક્ષુ કહે છે, તો શુક્ર રાજયના સપ્તાંગોને શરીરના અવયવો સાથે સરખાવી સરસ રૂપક આપે છે. આમ બન્ને ગ્રંથો પોતપોતાની રીતે મહત્તા સિદ્ધ કરે છે.[૧૧]

(૧૧) મનુના મતે મોહથી રાષ્ટ્રને પીડનાર રાજા રાજય અને પ્રાણ ખોઇ બેસે છે. આ વિચાર શુ.ની. માં પણ જોઇ શકાય છે.[૧૨]

(૧૨) રાજયના સપ્તાંગોનો નિર્દેશ બન્ને ગ્રંથોમાં છે. થોડા ફેરફાર છતાં[૧૩] બન્નેની ચર્ચા રાજયસ્વરૂપના સાવયવ સિદ્ધાંતને અનુરૂપ જણાય છે. એકબીજાના આધારે રહેલ ત્રણ દંડ રહેલા છે. કોઇ અન્યથી અધિક નથી. પૂર્વપૂર્વના વ્યસન પછી પછીના અંગના વ્યસનથી વધુ ભયંકર છે, છતાં કાર્ય પરત્ત્વે પ્રત્યેકની શ્રેષ્ઠતા છે. એમ મનુ સમજાવે છે. તો શુક્ર એ મંત્રીને રાજયની આંખ, મિત્રને કાન, કોશને મુખ, બળને મન અને દુર્ગને હાથ તેમજ રાષ્ટ્રને પગ સાથે સરખાવી[૧૪] રાજયસ્વરૂપવના સાવયવ સિદ્ધાંતને અનુરૂપ ચર્ચા કરતા જણાય છે.

(૧૩) મનુસ્મૃતિમાં સપ્તાંગોનો ક્રમ - રાજા, અમાત્ય, પુર (રાજધાનીનું શહેર), રાષ્ટ્ર, કોશ, દંડ (સેના) અને મિત્ર છે. જયારે શુક્રનીતિમાં રાજા, અમાત્ય, મિત્ર, કોશ-રાષ્ટ્ર, દુર્ગ અને બળ એ ક્રમ દર્શાવેલ છે. ક્રમમાં તથા નામમાં થોડા ફેરફાર છે - મ. સ્મૃ. દુર્ગ માટે 'પુર' તેમજ સેના માટે 'દંડ' શબ્દો પ્રયોજે છે.

---

૧૦. મનુ. સ્મૃ. - ૭ / ૨૧૭ થી ૨૨૦, શુ. ની. - ૧ / ૨૨૬ થી ૨૨૯.

૧૧. મનુ. સ્મૃ. - ૯ / ૨૫૬, શુ. ની. - ૧ / ૬૧.

૧૨. મનુ. સ્મૃ. - ૭ / ૪૫ થી ૫૩, શુ. ની. - ૧ / ૧૧૦ થી ૧૨૦.

૧૩. અનુક્રમે મનુ. સ્મૃ. - ૯ / ૨૯૪, શુ. ની. - ૧ / ૬૧.
स्वाम्यामात्यौ पुरं राष्ट्रं कौशदण्डौ सुहत्तथा ।
सप्त प्रकृतयो ह्योताः सप्ताङ्ग राज्यमुच्यते ॥ - મનુસ્મૃતિઃ ૯ / ૨૯૪.
स्वाम्यमात्मसुहृत्कोशराष्ट्रदुर्गबलानि च ।
सप्ताङ्गमुच्यते राज्यं तत्र मूर्द्धा नृपः स्मृतः ॥ - શુક્રનીતિઃ ૧ / ૬૧.

૧૪. શુ. ની. - ૧ / ૬૨.

(૧૪) સંધિ, વિગ્રહ, યાન, આસન, સંશ્રય તેમજ દ્વૈધીભાવ એ છ ગુણોનો રાજાએ હમેંશા વિચાર કરવો એવું બન્ને ગ્રંથોમાં કહેવાયુ છે.

(૧૫) સંધિ તથા વિગ્રહ કયારે કરવો એ વિચાર સામાન્યતઃ ઉભય ગ્રંથમાં સમાન છે.[૧૬]

(૧૬) યુદ્ધ સંબંધી બાબતોનું મનુનું વર્ણન કેવળ ૨૨ શ્લોકમાં મર્યાદિત છે. જયારે શુક્ર એક આખું પ્રકરણ ફાળવે છે.[૧૭] મનુસ્મૃતિમાં ષાડ્‌વિધ સૈન્ય, સેનાપતિ, છાવણીનો કેવળ નિર્દેશ છે. જયારે શુક્રનીતિમાં તેની વિસ્તારથી ચર્ચા છે. મનુસ્મૃતિમાં દંડ, શકટ, વરાહ, મકર, સૂચી, ગરુડ અને પદમ વ્યૂહના લક્ષણ વિના કેવળ નામ મળે છે. શુક્રનીતિમાં મકર, શ્યેન, સૂચીમુખ, કૌંચ, સર્વતોમુખ, શકટ, વ્યાલવ્યૂહના લક્ષણાદિની ચર્ચા છે.

(૧૭) મનુસ્મૃતિમાં વહીવટીતંત્રની ચર્ચા મળે છે. શુક્રનીતિમાં પણ વહીવટીતંત્રનું વિગતે નિરૂપણ થયેલું છે.[૧૮]

(૧૮) યુદ્ધ-નૈતિકતા અંગેનો મનુનો વિચાર વિશિષ્ટ છે, એક બાજુ યુદ્ધમાં બધુ કરી છૂટવાની ભલામણ કરતાં જણાય છે, તો બીજી બાજુ નૈતિક મૂલ્ય પર આધારિત નિશ્ચિય યોધધર્મ દર્શાવી યુદ્ધ સંબંધી કેટલાક નિષેધો પ્રસ્તુત કર્યા છે. તેઓ વ્યાવહારિક વાસ્તવિકતા અને આદર્શને જોડી આપે છે એમ ડૉ. બેટાઇનું તારણ છે.[૧૯] જો કે શુક્રે પણ નીતિમત્તા સાથે સાવ છેડો તો ફાડયો નથી પરંતુ તેઓ વધુ વાસ્તવિક અને વ્યવહાર, વલણ પ્રસ્તુત કરે છે.[૨૦]

(૧૯) કરપ્રણાલી, કરનિર્ધારણમાં મૂળભૂત અભિગમ વગરેના અણસાર શુક્રનીતિમાં અવશ્ય છે. મનુસ્મૃતિમાં આ ઉપરાંત કરના પ્રકારો પણ વિગતે દર્શાવ્યા છે.[૨૧]

(૨૦) સામ, દાન, ભેદ અને દંડ આ ચારેય ઉપાયનું મહત્ત્વ ઉભયગ્રંથો સ્વીકારે છે.[૨૨]

(૨૧) મનુસ્મૃતિમાં રાજનીતિ નિરૂપણ શુદ્ધ રાજનીતિશાસ્ત્રીય નહીં પણ સામાજિક,

---

૧૬. મનુ. સ્મૃ. - ૭/૧૬૯, ૧૭૦, શુ. ની. - ૪/૭/૨૩૯,૨૫૦.

૧૭. મનુ. સ્મૃ. - ૭/૧૮૨ થી ૨૦૩, શુ. ની. - અધ્યા. ૪, પ્રકરણ - ૭ સૈન્ય નિ. રાજધર્મ.

૧૮. મનુ. સ્મૃ. - ૭/૧૧૫ થી ૧૨૬, શુ. ની. - અધ્યા. ૪, પ્રકરણ - ૫ રાજધર્મ નિ. પ્રકરણ.

૧૯. Betai R. S. "A Reconstruction of the original Intereretation of the Manusmrti" - P. 264-267.

૨૦. શુ. ની. - ૪/૭/૩૭૧, ૩૯૭ થી ૪૦૯ વગેરે...

૨૧. મનુસ્મૃતિઃ - ૭/૮૦, ૧૨૭ થી ૧૩૩, શુ. ની. - ૨/૩૨૧ થી ૩૩૪.

૨૨. મ. સ્મૃ. - ૭/૧૦૮, ૧૦૯, શુ. ની. - ૪/૧/૨૫.

નૈતિક, સાંસ્કૃતિક દૃષ્ટિએ અને તે પણ એક વ્યાપક વિચારધારાના ભાગ તરીકે થયેલું છે.[૨૩] જયારે શુક્રનીતિનું પ્રધાન લક્ષ્ય રાજનીતિ છે જે મ.સ્મૃ. નું નથી.

(૨૨) મનુસ્મૃતિમાં બ્રાહ્મણને સર્વોચ્ચ સ્થાન અર્પિત થયું છે. (અલબત ઉચ્ચતમ ઉત્તરદાયિત્ત્વની અપેક્ષા સાથે) જયારે શુક્રે પણ બ્રાહ્મણના મહત્ત્વનો સ્વીકાર કર્યો છે, પરંતુ જન્મથી કોઇ બ્રાહ્મણ નથી ગુણ અને કર્મના ભેદથી બ્રાહ્મણત્વ પ્રાપ્ત કરે છે.[૨૪]

(૨૩) મનુસ્મૃતિ અનુસાર પુરોહિત રાજાના ગુહ્ય અને વૈતાનિક કાર્યો કરે છે.[૨૫] પણ રાજતંત્ર પર પુરોહિતના પ્રભાવ વિશે કશું સ્પષ્ટ થતું નથી. આચાર્ય શુક્રએ શુક્રનીતિમાં પુરોહિતના લક્ષણ તથા કાર્યોને વર્ણવ્યા છે.[૨૬] શુક્રના મતે અન્ય પ્રકૃતિની અપેક્ષાએ પુરોહિત સર્વાધિક શ્રેષ્ઠ છે. કારણ કે તે પોતાના યાજ્ઞિક અનુષ્ઠાન દ્વારા વિઘ્ન-વિનાશ કરી રાજય અને રાજા એમ બન્નેનું રક્ષણ કરે છે.

(૨૪) મૌલ, શાસ્ત્રવિદ, શૂર, લબ્ધલક્ષ, કુલીન, એવા સાત કે આઠ મંત્રી એક પ્રધાનમંત્રી અને અન્ય આવશ્યકતાનુસાર અમાત્યની નિયુક્તિ તેમજ વિભાગ વહેચણીની ચર્ચા મનુ કેવળ ૯ શ્લોકમાં કરે છે. શુક્રાચાર્ય શુ. ની. ના બીજા અધ્યાયમાં પુરોહિત, પ્રતિનિધિ, પ્રધાન, સચિવ, મંત્રી, વકિલ, પંડિત, સુવિચારક, અમાત્ય અને દૂત એ દશ પ્રકૃત્તિઓ રાજય સંચાલનના પ્રમુખ કારણ છે. તેવા પુરોહિતાદિના ગુણો, વેતન, બદલી, વિભાગોની નિયુક્તિ આદિની ચર્ચા કરાયેલી છે.[૨૭]

(૨૫) મનુસ્મૃતિ (૭/૪૩) માં ચાર વિદ્યાઓ દર્શાવી છે.

त्रैविद्येभ्यस्त्रयी विद्यां दण्डनीति च शाश्वताम् ।
आन्वीक्षिकीचात्मविद्यां वार्तारम्भांश्च लोकतः ॥

શુક્રનીતિ (૧/૧૫૨) માં પણ ચાર વિદ્યાઓ વર્ણિત છે.

आन्वीक्षिकी त्रयी वार्ता दण्डनीतिश्च शाश्वती ।
विद्याश्चतस्र एवैता अभ्यसेद नृपतिः सदा ॥

---

૨૩. જુઓ - Betai R. S. - ઉપર્યુકત ગ્રંથ - P. 239.
૨૪. શુ. ની. - ૧/૩૮,૩૯.
૨૫. મ. સ્મૃ. - ૭/૭૯.
૨૬. શુ. ની. - ૨/૭૪, ૭૮, ૮૦.
૨૭. મ. સ્મૃ. - ૭/૫૪ થી ૬૨, શુ. ની. - ૨/૬૯ થી ૧૨૧.

આન્વીક્ષિકી (આત્મવિદ્યા કે તર્કશાસ્ત્ર) ત્રયી (ઋગ્, યજુ અને સામની સમષ્ટિ) વાર્તા (વ્યવહારશાસ્ત્ર) અને દંડનીતિ (અર્થશાસ્ત્ર) આ ચારેય વિદ્યાઓ સનાતન છે. તેથી રાજાએ તેમનો હમેંશા અભ્યાસ કરવો જોઇએ એમ ઉભય ગ્રંથોમાં વિચાર છે.

(૨૬) શુક્રનીતિ (૪/૭/૪૨૩) માં રાજનીતિના જે વિષયોને મન્વાદિ સ્મૃતિઓમાં માન્યતા આપેલ છે, એ વિષયોને શુક્રચાર્યે ૨૨૦૦ શ્લોકોમાં નીતિસારમાં કહ્યો છે.

मान्वाद्यैरादृतो योऽर्थस्तदर्थो भार्गवेण वै ।
द्वाविंशतिशतं श्लाका नीतिसारे प्रक्रीर्त्तिताः ॥

(૨૭) ઉભય ગ્રંથોમાં રાજાની દિનચર્યા અંગેનું સમયપત્રક આપવામાં આવ્યું છે. [૨૮]

### સમાપન :-

આમ સમગ્ર ચર્ચાના અંતે કહી શકાય કે મ. સ્મૃ. 'ધર્મશાસ્ત્ર' ગ્રંથ છે, શુ. ની. નીતિશાસ્ત્રીય ગ્રંથ છે. બન્ને વચ્ચે ભેદ હોવા છતાં વાસ્તવમાં બે વચ્ચે કોઇ બહુ મોટી ખાઇ જોવા મળતી નથી. બન્ને વચ્ચે વિસંવાદિતાની તુલનાએ સંવાદિતા વિશેષ મળી શકે. મનુસ્મૃતિનો શુક્રનીતિ પર સ્પષ્ટ દેખીતો પ્રભાવ જણાય છે. કારણ કે ખુદ ગ્રંથકારે મન્વાદિના સ્મૃતિઓ વિષયોને પોતાના ગ્રંથમાં નિરૂપ્યા છે. [૨૯] આ વિશાળકાય પાંચ અધ્યાયોમાં વિભાજિત પદ્યમય શુક્રનીતિ શૈલીમાં મનુસ્મૃતિ અવશ્ય ઉપાદેશ બનેલ છે. મનુસ્મૃતિની જેમ શુક્રનીતિમાં પ્રાયઃ શ્લોકોમાં અનુષ્ટુપ છંદનો વિનિયોગ થયેલો છે.

મનુની અનેક વિચારધારા શુક્રનીતિમાં આપણને પ્રતિપાદિત થાય છે. આચાર્ય શુક્રએ શુક્રનીતિના ચોથા અધ્યાયના લોકધર્મ નિરૂપણ પ્રકરણમાં ભારતીય નારીના નૈતિક-નૈમિત્તિક કાર્યોનું વિસ્તૃત વિવરણ કર્યું છે. આજ વિચારધારા આપણને મનુસ્મૃતિમાં -

उपाध्यायान्दशाचार्य आचर्याणां शतं पिता ।
सहस्त्रं तु पितृन्माता गौरवेणातिरिच्यते ॥ [૩૦]

૨૮. મ. સ્મૃ. - ૭/૨૧૬ થી ૨૨૬, શુ. ની. - ૧/૨૭૬ થી ૨૮૪.
૨૯. શુ. ની. - ૧/૧૯૪, ૨૦૭ તથા ૪/૭/૪૨૩.
૩૦. મનુસ્મૃતિઃ - ૨/૧૪૫.

તથા

यत्रनार्यस्तु पूज्यन्ते रमन्ते तत्र देवताः ।

यत्रैतास्तु न पूज्यन्ते सर्वास्तत्राफलाः क्रियाः ॥[31]

શાસ્ત્રોમાં તેની આટલી મહત્તા હોવા છતાં હજારો વર્ષની ગુલામીના કારણે કહો કે બીજા કારણોથી કહો; પરંતુ હિન્દુ સમાજની સ્ત્રીશક્તિ આજે બંધિયાર જેવી માલૂમ પડે છે. બેશક, તેને સચેત કરવાની, તેમાં નવો પ્રાણ પૂરવાની જરૂર છે. એ માટે પ્રાચીન ઋષિમુનિઓએ જણાવેલા આદેશો સમજયા વિના બહારથી ભભકાભર્યા દેખાતા પાશ્ચાત્ય સમાજનું અંધાનુકરણ કરવાની જરૂર નથી, એથી તો ઊલટું 'अतो भष्टः ततो भष्टः' થતાં આપણે સર્વનાશને નોતરીશુ. આપણા વિદ્વાનો, દેશભક્તો અને સામાજિક કાર્યકર્તાઓ વિદેશી સંસ્કારોનું આંધળુ અનુકરણ નહિ કરતાં પ્રાચીન ઋષિમુનિઓએ બતાવેલા આદેશો મુજબ દેશને દોરવણી આપવાની પ્રેરણા મેળવે એજ આ સંશોધનનો પ્રકલ્પ છે.

**॥ સમાપ્ત ॥**

૩૧. એજન – ૩/૫૬.

## ❉ પ્રકરણ - ૨૧ ❉

### ❉ 'યાજ્ઞવલ્ક્યસ્મૃતિ અને શુક્રનીતિ' :-

ઉપપ્રકરણ : (૨૧ - ૧) યાજ્ઞવલ્ક્યસ્મૃતિમાં રાજધર્મ

(૨૧ - ૨) યાજ્ઞવલ્ક્યસ્મૃતિ અને શુક્રનીતિમાં જોવા મળતું સામ્ય

(૨૨ - ૩) યાજ્ઞવલ્ક્યસ્મૃતિ અને શુક્રનીતિમાં દષ્ટિગોચર થતું વૈષમ્ય

## ❐ યાજ્ઞવલ્કય સ્મૃતિ અને શુક્રનીતિ :-

### ❖ પ્રસ્તાવના :-

સૈકાઓ સુધી ભારતીય જનજીવન પર ધર્મશાસ્ત્ર એટલે કે સ્મૃતિનો પ્રભાવ રહ્યો છે. ધર્મપ્રમાણ્ય પરત્વે વેદ પછીનું સ્થાન સ્મૃતિઓનું સ્વીકારાયું છે. આવા સ્મૃતિગ્રંથોમાં યા.સ્મૃ. એ મ.સ્મૃ. પછીનું મહત્ત્વનું સ્થાન ધરાવતો ગ્રંથ છે. અતિ લોકપ્રિય બનેલ આ ગ્રંથનો પ્રચાર ઘણો રહ્યો છે અને એના પર ટીકાઓ પણ સારી સંખ્યામાં લખાયેલી છે. જેમાં વિશ્વરૂપ (ઇ.સ. ૭૫૦-૧૦૦૦), વિજ્ઞાનેશ્વર (ઇ.સ. ૧૦૭૦-૧૧૧૫), આ વિજ્ઞાનેશ્વરની ઋજુ મિતાક્ષરા સમસ્ત ધર્મસાહિત્યમાં અદ્વિતીય છે. મહામહોપાધ્યાય કાણે કહે છે - ''Its position is analogous to that of the महाभाष्य of पतज्जलि in grammer or to that to the काव्यप्रकाश of मम्मद in Poetice''[૧] અપરાર્ક (દ્વાદશ શતક પૂર્વાર્ધ) અને શૂલપાણિ (ઇ.સ. ૧૩૭૫-૧૪૬૦) તથા મિત્ર-મિશ્ર (ઇ.સ. ૧૮૦૦) વગેરે ટીકાઓ વિશેષ પ્રસિદ્ધ છે. મનુ.સ્મૃ. તેમજ કૌ.અર્થ. સાથે કેટલુંક સામ્ય ધરાવતા આ ગ્રંથનો રચનાકાળ ઇ.સ.પૂ. પ્રથમ અને ઇ.સ.ના ત્રીજા સૈકા વચ્ચેનો ગણાય છે.

સંપૂર્ણ યા.સ્મૃ. ત્રણ અધ્યાયોમાં વિભાજિત છે. આચારાધ્યાય, વ્યવહારાધ્યાય અને પ્રાયશ્ચિત્તાધ્યાય. પ્રથમ આચારાધ્યાયમાં ૧૩ પ્રકરણ છે. દ્વિતીય વ્યવહારાધ્યાયમાં ૨૫ પ્રકરણ છે અને તૃતીય પ્રાયશ્ચિત્તાધ્યાયમાં ૫ પ્રકરણ છે. તેમાં પ્રથમ આચારાધ્યાયના - 'રાજ-ધર્મ પ્રકરણ' નામના ૧૩ માં પ્રકરણમાં મનુ.સ્મૃ. જે વિષયો ચર્ચે છે, યા.સ્મૃ. લગભગ બધા વિષયોને સંક્ષેપમાં સ્પર્શે છે. યા.સ્મૃ. માં આચારાધ્યાયમાં ૬૦ શ્લોકમાં રાજધર્મનું વર્ણન છે.[૩] જેમકે - રાજાના ગુણો, મંત્રી, પુરોહિત, રાજયાનુશાસન, રાજકર્તવ્ય, ન્યાયશાસન, કર અને વ્યય, રાજાની દિનચર્યા, મંડલરચના, ચાર ઉપાય, છ ગુણ દૈવ અને માનુષ ઉદ્યોગ, દંડમાં પક્ષપાત રહિતતા, અર્થદંડ એ રાજધર્મ નિરૂપતા વિષયો છે.

---

૧. P. V. Kane - History of Dharma 'Sastra' - P. 287.

૨. એજન - Vol. I, P. 180-184.

૩. યા. સ્મૃ. - ૧/૩૦૯ થી ૩૬૮.

ઉપર્યુકત દર્શાવેલા વિષયો અને શુ.ની. ના વિષયોમાં સામ્ય છે. આમ તો શુ.ની. પદ્યાત્મક છે. ત્યારે આ વિષયમાં રસ પડે તે સહજ છે. વળી યા.સ્મૃ. ના શ્લોકોની સરળતા અને પ્રવાહિતા પણ અનુકરણીય છે. યાજ્ઞવલ્કય કહેતા નથી. પણ સ્પષ્ટ છે કે તેઓને મનુ.સ્મૃ. ને દષ્ટિ સમક્ષ રાખીને પોતાના સ્મૃતિગ્રંથની રચના કરી છે. સમાન વિષયોનું વર્ણન છતાં કલેવરની દષ્ટિએ યા.સ્મૃ. એ મનુસ્મૃતિનો લગભગ $^{૧}/_{૫}$ ભાગ છે. રાજધર્મને લાગાવળગે છે ત્યાં સુધી મનુ.સ્મૃ. માં ૨૨૬ શ્લોક છે. યા.સ્મૃ. માં કેવળ ૬૦. આથી શુક્રને આ દષ્ટિએ યા.સ્મૃ. એ આદર્શ બની પ્રેરણા પૂરી પાડી હોય. આથી બન્નેની સરખામણી પ્રસ્તુત બની રહેશે.

### યાજ્ઞવલ્કય સ્મૃતિ અને શુક્રનીતિ વચ્ચે સામ્ય :-

યા.સ્મૃ. તથા શુ.ની. એ બન્નેના અધ્યયન પરથી કેટલીક વિચાર સામ્યતા દષ્ટિગોચર થાય છે, જેમ કે -

(૧) ઇન્દ્રિયવિજય રાજા માટે અનિવાર્ય છે. એમ ઉભયગ્રંથ માને છે.[૪]

(૨) ઉભય ગ્રંથોમાં અલબ્ધની ધર્મપૂર્વક પ્રાપ્તિ, પ્રાપ્તિની રક્ષા, રક્ષિતની વૃદ્ધિ અને વૃદ્ધનું સત્પાત્રમાં પ્રતિપાદન એ રાજાનો આદર્શ હોવો જોઇએ. તેવું કહેવાયું છે.[૫]

(૩) ધર્મપૂર્વકના કોશ સંગ્રહ પર ભાર મૂકી બન્ને અન્યાયથી કોશવર્ધન અંગે ચેતવણી આપે છે.[૬]

(૪) પ્રજા પ્રત્યે રાજાના ઉત્તરદાયિત્વ પર બન્ને ભાર મૂકે છે. રાજા-પ્રજા વચ્ચે પિતા-પુત્ર તુલ્ય સંબંધ માન્યો છે.[૭]

(૫) યા.સ્મૃ. ના મતે કરગ્રહણ કરવાથી રાજા પ્રજારક્ષણ માટે પ્રતિબદ્ધ બની જાય છે, અન્યથા તે પ્રજાના પાપનો ભાગીદાર બને છે.[૮] પ્રજા પાલનના પરમ કર્તવ્યથી રાજા વિમુખ ન બને તે માટે કહે છે કે પ્રજાપીડનના સંતાપથી પ્રજવળેલ અગ્નિ

૪. એજન - ૧/૩૦૯, ૩૧૦, શુ.ની. - ૧/૯૨,૯૩,૯૯,૧૦૦,૧૦૧.
૫. યા.સ્મૃ. - ૧/૩૧૭, શુ.ની. - ૪/૨/૫,૬.
૬. યા.સ્મૃ. - ૧/૩૪૦, શુ.ની. - ૪/૨/૮,૯,૧૨.
૭. યા.સ્મૃ. - ૧/૩૩૪, શુ.ની. - ૧/૭૯.
- स्याद्राजा भृत्यवर्गषु प्रजासु च यथा पिता ।
- गुणसाधनसन्दक्षः स्वप्रजायाः पिता यथा ।
૮. યા.સ્મૃ. - ૧/૩૩૭.

રાજાના નાશ પછી જ શમે છે.[૯] તો આચાર્ય શુક્રના મતાનુસાર સંગૃહિત કોશથી રાષ્ટ્ર સેના તેમજ ધાર્મિક કાર્યોની રક્ષા કરી શકાય છે, જે રાજા આ કાર્યો માટે ધન સંગ્રહ સંસાર અને સંસારથી ઉપર બન્ને લોકને માટે સુખદ હોય છે એનાથી ભિન્ન કાર્યોને માટે કોશસંચય દુઃખદાયી બને છે.[૧૦]

(૬) યાજ્ઞવલ્કયના મતાનુસાર સાધુરક્ષા અને દુષ્ટઘાત રાજાનું પરમ કર્તવ્ય છે. ચોર, લૂંટારા, કાયસ્થ વગેરેથી પ્રજાની રક્ષા કરવી જોઇએ તો આચાર્ય શુક્રનો મત એવો જ પ્રતીત થાય છે.[૧૧] રાજકીય ઘોષણા (Proclamation) માં સર્વે બાબતોનું નિરુપણ છે.[૧૨]

(૭) દંડના સમ્યક્ કે અનુચિત પ્રયોગ અનુક્રમે પ્રજારંજન અને પ્રજાપ્રકોપનું નિમિત્ત બને છે તે અંગે ઉભયગ્રંથો સહમત છે.[૧૩]

(૮) યા.સ્મૃ. તેમજ શુ.ની. માં રાજાની દિનચર્યા ચર્ચાયેલી છે.[૧૪] યા.સ્મૃ. ની દૃષ્ટિએ શુક્ર વધુ ચર્ચા કરે છે.

(૯) યા.સ્મૃ. કહે છે કે - જન અને કોશ તેમજ સ્વરક્ષા માટે દુર્ગ ઉપયોગી છે, પણ તેના પ્રકારોની કોઇ ચર્ચા નથી -

તત્ર दुर्गाणि कुर्वीत जनकोशात्मगुप्तये ।

પરંતુ આચાર્ય શુક્ર એરિણાદિ નવ દુર્ગોના પ્રકારો અને લક્ષણાદિને વર્ણવે છે.[૧૫]

(૧૦) યા.સ્મૃ. રાજાની રાજનૈતિક અને સામાન્ય યોગ્યતા સંક્ષેપમાં રાજગુણ દ્વારા પ્રગટ કરે છે. શુ.ની. માં યત્ર, તત્ર રાજાના ગુણોનો નિર્દેશ મળે છે.[૧૬]

(૧૧) યા.સ્મૃ. મંત્રી પ્રાજ્ઞ, મૌલ, સ્થિર અને શુચિ હોવો જોઇએ. તેની સાથે સંધિ, વિગ્રહાદિનો વિચાર કરવો જોઇએ તેમ કહે છે. જયારે આચાર્ય શુક્રએ સુવ્યવસ્થિત

૯. એજન - ૧/૩૪૧.
૧૦. શુ.ની. - ૪/૨/૨,૩ તથા ૧૧૫ થી ૧૨૯.
૧૧. યા.સ્મૃ. - ૧/૩૩૮,૩૩૬, શુ.ની. - ૧/૩૧૫.
૧૨. શુ.ની. - ૧/૨૯૪ થી ૩૧૨.
૧૩. યા.સ્મૃ. - ૧/૩૫૬, શુ.ની. - ૪/૧/૪૮-૫૦,૫૪.
૧૪. યા.સ્મૃ. - ૧/૩૨૭ થી ૩૩૩, શુ.ની. - ૧/૨૮૨ થી ૨૯૩.
૧૫. યા.સ્મૃ. - ૧/૩૨૧, શુ.ની. - ૪/૬/૧ થી ૬.
૧૬. યા.સ્મૃ. - ૧/૩૦૯ થી ૩૧૧, શુ.ની. - ૧/૪ થી ૬, ૧૨,૧૩,૧૬,૨૨, ૨૪ થી ૨૭ ઉપરાંત રાજધર્મ નિરુપણ પ્રકટ.

રાજય સંચાલન માટે એક 'મંત્રીપદ' પર ભાર મૂકયો છે, એમની દષ્ટિમાં એક સ્વતંત્ર રાજા નિરંકુશ તેમજ સ્વેચ્છારી થઇ જાય છે. અનુચિત કાર્ય કરવામાં પ્રવૃત થવાનો સંભવ રહે છે. આથી તેમના પર અંકુશ રાખવા માટે, ઔચિત્ય પથ ઉપર એમને પ્રેરિત કરવા માટે સુયોગ્ય સહાયકો હોવા અનિવાર્ય છે.[૧૭] તેથી એમણે મંત્રીપરિષદના ગઠન પર ભાર મૂકયો છે.

(૧૨) યા.સ્મૃ. માં રાજા આન્વીક્ષિકી (આત્મવિદ્યા), દંડનીતિ (યોગ્ય ક્ષેમોપયોગી) તેમજ વાર્તા (કૃષિવાણિજય) ત્રણેયમાં પ્રવીણ હોવા જોઇએ. શુ.ની. માં આ ત્રણ ઉપરાંત ચોથી 'ત્રયી' વિદ્યા સાથે ચાર વિદ્યાની ચર્ચા છે.[૧૮]

(૧૩) ઉભય ગ્રંથમાં દંડના પ્રભેદો વર્ણવેલ છે.[૧૯]

(૧૪) રાજયના સપ્તાંગોની ઉભય ગ્રંથમાં ચર્ચા કરે છે.[૨૦] યાજ્ઞવલ્કય સપ્તાંગોમાં રાજા, અમાત્ય, પ્રજા, દુર્ગ, કોશ, દંડ અને મિત્રનો નિર્દેશ કરે છે. શુ.ની. રાજયના સપ્તાંગોની ચર્ચા છે, પરંતુ થોડા નામ અને ક્રમભેદ સાથે છે. જનો (પ્રજા) માટે શુક્ર 'રાષ્ટ્ર', દંડને માટે 'બલ' તથા મિત્રની જગ્યાએ સુહૃત શબ્દનો વિનિયોગ કરે છે.

(૧૫) સામ (પ્રિયભાષણ), દાન (સુવર્ણાદિ ઉપહાર આપવો), ભેદ (ફાટ ફૂટ કરવી) અને દંડ (ધનાહરણ અને વધ આદિ કર્મ) આ ઉપાયચતુષ્ટયના પ્રયોગમાં દંડનો પ્રયોગ અન્ય ઉપાયો નિષ્ફળ જાય તો અંતે કરવો જોઇએ એ વિચારને બન્ને ગ્રંથમાં અનુમોદન મળે છે.[૨૧]

(૧૬) યા.સ્મૃ. અને શુ.ની. માં ભૂમિ કાજે સામી છાતીએ લડનાર સ્વર્ગ પામે છે, પલાયન થનાર પુણ્ય ગુમાવે છે. એમ બન્ને ગ્રંથોમાં કહેવાયું છે.[૨૨]

---

૧૭. યા.સ્મૃ. - ૧/૩૧૨, શુ.ની. - ૪/૫૬-૫૮, ૧/૩૫૨, ૨/૬૯-૭૦.

૧૮. અનુક્રમે - યા.સ્મૃ. - ૧/૩૧૧, શુ.ની. - ૧/૧૫૧.
स्वरन्ध्रगोप्ताऽऽन्वीक्षिक्यां दण्डनीत्यां तथैव च ।
विनीतस्त्वथ वार्तायां त्रय्यां चैव नराधिपः ॥
आन्वीक्षिकी त्रयी वार्ता दण्डनीतिश्च शाश्वती ।
विद्याश्चतस्र एवैता अभ्यसेद नृपतिः सदा ॥

૧૯. યા.સ્મૃ. - ૧/૩૨૧, શુ.ની. - ૪/૬/૧ થી ૬.

૨૦. યા.સ્મૃ. - ૧/૩૫૩, શુ.ની. - ૧/૬૧.

૨૧. યા.સ્મૃ. - ૧/૩૪૬,૩૪૭, શુ.ની. - ૪/૬/૩૭ થી ૪૦.

૨૨. અનુક્રમે - યા.સ્મૃ. - ૧/૩૨૪, શુ.ની. - ૪/૭/૩૦.
- य आहवेषु वध्यन्ते ....... ते स्वर्गे योगिनो यथा ॥
- आहवेषु मिथोऽन्योन्यं ........ यान्त्यपराङ्मुखाः ॥

(૧૭) ઉભય ગ્રંથમાં ન્યાયપૂર્વક પ્રજા-પાલન કરવાથી ફળની પ્રાપ્તિ થાય છે, તેવા નિર્દેશો મળે છે.[૨૩]

(૧૮) તોલ-માપના સંદર્ભમાં બન્ને ગ્રંથોમાં કૃષ્ણલ, રતી, તોલા, અશર્ફી, માશા, ધરણ, પલ, નિષ્ક, કર્ષ, પણનો ઉલ્લેખ ઉભય ગ્રંથોમાં મળે છે.[૨૪]

(૧૯) મિત્રની મહત્તા બન્ને પોત-પોતાની રીતે સમજાવે છે.[૨૫]

(૨૦) વિભાગીય અધ્યક્ષોની નિયુક્તિના સંદર્ભમાં બન્ને ગ્રંથોમાં ચર્ચા કરાયેલી છે.[૨૬]

**વૈષમ્ય :-**

બન્ને ગ્રંથોમાં કેટલીક સ્પષ્ટપણે ભિન્નતા પણ દૃષ્ટિગોચર થાય છે જેમ કે -

(૧) યા.સ્મૃ. માં રાજયની ઉત્પત્તિના સંદર્ભમાં સંકેત નથી, જયારે શુ.ની. માં રાજયની દૈવી ઉત્પત્તિ - દૈવી સિદ્ધાંત (Divine right) દર્શાવ્યો છે.[૨૭]

(૨) યા.સ્મૃ. માં રાજાના દેવત્ત્વના સિદ્ધાંતનું ઉત્સાહ અને અભિનિવેશ સાથે પ્રતિપાદન થયું નથી જયારે શુ.ની. રાજાને 'દેવાંશ સંભૂત' કહે છે. કારણ કે તેને ઈન્દ્રાદિ આઠ લોકપાલોની સમષ્ટિ માનેલ છે.

(૩) યા.સ્મૃ. કેવળ ૬૦ શ્લોકમાં રાજધર્મ પ્રસ્તુત કરે છે, જયારે શુ.ની. બોધાત્મક શૈલીમાં સંપૂર્ણ 'રાજધર્મ નિરૂપણ પ્રકરણ' નિરૂપે છે.

(૪) યા.સ્મૃ. માં રાજધર્મ નિરૂપણ પ્રકરણને બાદ કરતાં સામાજિક નૈતિક, સાંસ્કૃતિક દૃષ્ટિએ અને તે પણ વ્યાપક વિચારધારાના ભાગ તરીકે થયેલું છે. જયારે શુ.ની. એ એક શુદ્ધ રાજનૈતિક ગ્રંથ છે. શુ.ની. નું પ્રધાન લક્ષ્ય રાજનીતિ છે. જે યા.સ્મૃ. નું નથી.

(૫) યા.સ્મૃ. બળના પ્રકાર બાબત મૌન સેવે છે, જયારે શુ.ની. વિવિધ દૃષ્ટિએ છ પ્રકારોમાં શારીરિક બળ, શૌર્યબળ, સૈન્યબળ, અસ્ત્રબળ, બુદ્ધિબળ અને આયુર્બળનો ઉલ્લેખ કરે છે.[૨૮]

---

૨૩. યા.સ્મૃ. - ૧/૩૩૫, શુ.ની. - ૪/૨/૧૫, ૧/૯૭.
૨૪. યા.સ્મૃ. - ૧/૩૩૨ થી ૩૬૬, શુ.ની. - ૪/૨/૬૬ થી ૬૮.
૨૫. યા.સ્મૃ. - ૧/૩૫૨, ૩૫૩, શુ.ની. - ૪/૧/૨ થી ૫, ૩/૭૭,૭૮.
૨૬. યા.સ્મૃ. - ૧/૩૨૨, શુ.ની. - ૨/૧૧૭ થી ૧૨૧.
૨૭. શુ.ની. - ૧/૭૧, ૭૨.
૨૮. એજન - ૪/૭/૫.

( ૬ ) યા.સ્મૃ. માં વ્યૂહવિધાન અને યુદ્ધ વિષયક બાબતોને માત્ર સંકેત મળે છે, જયારે શુ.ની. સમગ્રતયા તેની ચર્ચા અધ્યાય ચારના પ્રકરણ સાતમાં કરે છે.

❖ **સમાપન :-**

આમ ઉપર્યુક્ત ચર્ચા ને અંતે કહી શકાય કે શુક્ર સમક્ષ યા.સ્મૃ. જરૂર હોઇ શકે, પરંતુ બન્ને ગ્રંથકર્તાનો ઉદ્દેશ્ય ભિન્ન પ્રતિત થાય છે. બન્ને જે પરંપરાને અનુસરે છે તે પણ ભિન્ન છે. તે બાબત દષ્ટિ સમક્ષ રાખી યા.સ્મૃ. નો શુ.ની. પરના પ્રભાવનો વિચાર કરવો ઘટે.

**॥ સમાપ્ત ॥**

## ❋ પ્રકરણ - ૨૨ ❋

### ❋ ‘કામન્દકીયનીતિસાર અને શુક્રનીતિ’ :-

ઉપપ્રકરણ : (૨૨-૧) કામન્દકીયનીતિસારનો વર્ણ્યવિષય

(૨૨-૨) કામન્દકીયનીતિસાર અને શુક્રનીતિમાં સામ્ય-વૈષમ્ય

(૨૨-૩) કામન્દકીયનીતિસાર એ શુક્રનીતિનું પુનઃ સંસ્કરણ ?

## ❑ કામન્દકીયનીતિસાર અને શુક્રનીતિ :-

### ❖ પ્રસ્તાવના :-

પ્રાચીન ભારતમાં રાજનીતિશાસ્ત્રીય વિચારધારાની એક ઉજ્જવળ પરંપરા રહી છે. આ ક્ષેત્રે 'અર્થશાસ્ત્ર' દ્વારા આચાર્ય કૌટિલ્યનું ઘણું મોટું પ્રદાન છે. કામન્દકે આ 'અર્થશાસ્ત્ર' ના આધારે ૨૦ સર્ગમાં પદ્યાત્મક એવા 'કામન્દકીયનીતિસાર' ની રચના કરી હતી. આ ગ્રંથે વર્ષો સુધી કૌટિલ્યના વિચારોનું પ્રતિનિધિત્વ પણ કર્યું હતું તેનો પ્રભાવ અન્યત્ર ઝીલાયો હતો. જાવા, બાલિ ટાપુ સુધી કામન્દકનું નામ પહોચ્યું હતું. સારગ્રાહિતા, બોધાત્મકતા અને કાવ્યાત્મકતા એ ગુણો તેમના ગ્રંથના આકર્ષણો છે. પ્રાચીન રાજનીતિશાસ્ત્રીય સાહિત્યમાં આ ગ્રંથ અત્યંત મહત્વનું સ્થાન ધરાવે છે.

શુદ્ધ રાજનીતિશાસ્ત્રીય ગ્રંથોમાં કા.ની. એક મહત્વનો ગ્રંથ છે. કૌ.અર્થ. નો અહીં પદ્યમાં સાર સંક્ષેપ પ્રસ્તુત કર્યો હોવા છતાં પ્રાચીન ભારતીય રાજનીતિશાસ્ત્રીય સાહિત્યમાં તેનું આગવું અને વિશિષ્ટ સ્થાન છે. ગ્રંથનું નામાભિધાન સૂચવે છે તેમ આ કામન્દક અથવા કામન્દકિની રચના છે.

નીતિસારના લેખક 'કામન્દક' ગોત્રના હોય અથવા તો કામન્દકના શિષ્ય હોય તે પણ ગોત્ર નામ કામન્દક અથવા કામન્દક સંભવી શકે. આ કામન્દકે કે કામન્દકિએ રચેલ નીતિસાર તે કામન્દકીય નીતિસાર એમ સમજાય છે.

कामन्दकेन कामन्दकिना वा प्रणीतः नीतिसारः कामन्दकीयनीतिसारः ।

કામન્દકના નામ પરથી કામન્દકનીતિસાર એવા નામે પણ આ ગ્રંથની પ્રસિદ્ધિ થઇ છે. આ રીતે કામન્દક કે કામન્દકિ એ ગ્રંથકારનું ગોત્ર નામ છે. અપર નામ છે. ગૌત્ર નામ ધારણ કરી આ ગ્રંથ રચવાનો ગ્રંથકારનો ઉદ્દેશ ગુરુ કૌટિલ્યના પગલે-પગલે ચાલવાનો હોઇ શકે. કૌટિલ્ય પણ ગૌત્ર નામ છે.[૧]

આ ગ્રંથની રચના એક સ્ત્રીએ કરેલ છે, એવું વિધાન પણ થયું છે. ડૉ. અચ્યુતાનન્દ ધિલ્ડિયાલ કહે છે - 'પ્રાચીન સંસ્કૃત સાહિત્યના વિદ્વાનોનો વિચાર છે કે આ ગ્રંથ કોઇ નીતિનિપુણ પરિવ્રાજિકાએ લખ્યો છે.

---

૧. કા.ની. - ૧-૬ ની ટીકામાં
.......चाणक्यः कौटिल्य हति दवे जन्मभूमिगोत्र निबन्धने ।

મ.મ. ગણપતિ શાસ્ત્રીએ પણ પોતાના 'કામન્દકીય નીતિસાર' પુસ્તકની ભૂમિકામાં કોઇ સ્ત્રીને જ આ ગ્રંથની પ્રણેતા માની છે.[૨]

શ્રી રાજેન્દ્રલાલ મિશ્ર કહે છે કે આ ગ્રંથના લેખક બૌદ્ધ હતા પણ પોતાના આશ્રયદાતા હિન્દુ રાજાની લાગણી ન ઘવાય તે માટે તેણે ગ્રંથારંભે પરંપરાગત મંગલાચરણમાં પોતાના ઇષ્ટદેવનું સ્મરણ ન કર્યું.[૩] શ્રી ધિલ્ડિયાલ કા.ની. ની રચના એક બૌદ્ધ પરિવ્રાજિકાની હોઇ શકે તે સંભાવના દર્શાવે છે.[૪]

પરંતુ સમગ્ર કા.ની માંથી એક પણ શ્લોક તેના લેખકના બૌદ્ધદર્શન અને બૌદ્ધ પરંપરાના પરિચયને સૂચિત કરતો નથી. સમગ્ર કૃતિમાં બ્રાહ્મણધર્મ તેમજ વૈદિક વાતાવરણ અને હિન્દુ દેવો, પુરાણ કથાઓના સંદર્ભો, મ.ભા.ના પાત્રો અને પ્રસંગોથી સભર છે.

### ❖ કામન્દકીય નીતિસારનો વર્ણ્ય વિષય :-

કૌ. અર્થ પ્રાચીન ભારતીય રાજનીતિશાસ્ત્રીય ચિંતન પરંપરામાં આગવું સ્થાન ધરાવતો અતિ મૂલ્યવાન ગ્રંથ છે. તેના જેવા ગ્રંથની સુલભતા કોઇ પણ સમાજનું ગૌરવ છે. આ ગ્રંથ રાજાને એવી વ્યવહારિક શીખામણો આપે છે. જેના વડે રાજા રાજ્યસાશનની શ્રેષ્ઠ પદ્ધતિ વિકસાવી શકે. પોતાની સત્તા સુદઢ બનાવી શકે. એવા અર્થશાસ્ત્રરૂપી મહાસાગરમાંથી નીતિસારરુપી અમૃતને કા.ની. માં સંક્ષેપમાં પ્રસ્તુત કરી કામન્દકે ગુરુનું યોગ્ય તર્પણ કર્યું છે અને પોતાની પ્રિય રાજવિદ્યાની ઉત્તમ સેવા આપી છે.

કા. ની. તરીકે જાણીતા આ ગ્રંથની અનેક હસ્તપ્રતો મળે છે. જો કે તેમાં સર્ગ સંખ્યા અને શ્લોક સંખ્યાની દષ્ટિએ ભિન્નતા જોવા મળે છે. કા.ની. માં કુલ ૨૦ સર્ગો છે તેમાં ૩૬ પ્રકરણો છે. તેમાં કુલ ૧૧૮૭[૫] શ્લોકો છે. જો કે, કેટલીક પ્રતોમાં ૧૨૨૪[૬], ૧૨૨૫[૭] શ્લોક સંખ્યા મળે છે.

કા.ની. માં રાજ્ય નિરૂપણ, સ્વામી નિરૂપણ, અમાત્ય, મંત્રી મંડળ,

---

૨. प्राचीन भारतीय आर्थिक विचारक - પૃ. ૨૮૭.
૩. Mitra R. L. 'The Nisatra by Kamandaka' Preface - 2.
૪. प्राचीन भारतीय आर्थिक विचारक - પૃ. ૨૮૭.
૫. જીવાનંદ વિદ્યાસાગર (કલકત્તા) - ઇ.સ. ૧૮૭૫.
૬. ગુજરાતી પ્રેસ - મુંબઇ - ઇ.સ. ૧૯૧૫.
૭. આનંદાશ્રમ પ્રેસ - પૂના - ઇ.સ. ૧૯૭૭ - ભાગ ૧ અને ૨.

રાષ્ટ્ર વિચાર, દુર્ગ વિચાર, કોશ વિચાર, બલ, વિદેશ નીતિ, યુદ્ધનીતિ, દૂત પ્રચાર, કટક શોધન, વર્ણાશ્રમ વ્યવસ્થા, દંડ મહાત્મ્ય, પ્રકૃતિ સંપદ વગેરે વિષયોની વિશદ્ ચર્ચા વણી લીધી છે.

શુ.ની. માં કોઇ સ્થળે કામન્દકનો નિર્દેશ નથી પરંતુ મ.ભા., મનુસ્મૃતિ, મત્સ્યપુરાણ વગેરેમાંથી જેમ કેટલાક શ્લોકો અહીં કર્તાના ઉલ્લેખ વિના સ્વીકાર્યા છે. તેમ કા.ની. ના ઘણા શ્લોકો પણ વણી લીધા છે. શુક્રનીતિમાં[૮] કુલ ૭૭ શ્લોક અને ૪૮ શ્લોકાર્ધ એવા મળે છે જે કા.ની. માંના શ્લોક કે શ્લોકાર્ધ સાથે સંપૂર્ણ કે પાઠભેદ સાથે સામ્ય ધરાવે છે.[૯]

બન્ને કૃતિઓમાં પુષ્કળ સામ્ય ધરાવતા શ્લોકો નીચેના વિષયોને આવરી લે છે. રાજાનું મહત્ત્વ, ઇન્દ્રિયજય, શત્રુષડ્વર્ગ વર્ણન, વિદ્યા, સદ્વૃત, દાન દયા-મૈત્રી-મધુર વાણીનો મહિમા, રાજાના મહત્ત્વના આધારરૂપ યુવરાજ અને અમાત્ય, રાજપુત્રરક્ષા, અનુજીવિવૃત, ભેદનીય વગેરે ચતુર્વિધ શત્રુ, યુદ્ધ યોગ્ય ભૂમિ, ઉપાયનું મહત્ત્વ ષાડ્ગુણ્ય સંધિમાં ઉપહાર પ્રકારની શ્રેષ્ઠતા, યાન અને આસનના પ્રકારો, આશ્રય, વ્યૂહ કૂટયુદ્ધ વગેરે........

કા.ની. અને શુ.ની. ના સમાન વિષયોની ચર્ચા તપાસતા તથા ચર્ચાપદ્ધતિ જોતાં વૈષમ્યતાના કેટલાક મુદ્દાઓ તરી આવે છે, જેમ કે -

(૧) કા.ની. સર્ગબદ્ધ રચના છે. તેમાં ૨૦ સર્ગો અને ૩૬ પ્રકરણો છે. કાવ્યાત્મક શૈલી ધરાવે છે, શાસ્ત્રકાવ્ય છે. શુ.ની. પાંચ અધ્યાયમાં વિભાજિત છે અને શૈલીમાં મનુસ્મૃતિને અનુસરે છે.

(૨) કદની દૃષ્ટિએ શુ.ની., કા.ની. ની તુલનાએ બમણી શ્લોક સંખ્યા ધરાવે છે. શુક્રનીતિના કુલ શ્લોકો અને કા.ની. ના કુલ શ્લોક સંખ્યા ૧૧૮૭ કે ૧૨૨૫ છે.

(૩) શુક્રનીતિ તે બ્રહ્માના વિચારોના સંક્ષેપ પરંપરાનો ગ્રંથ છે, તેવો દાવો કરે છે[૧૦] જયારે કા.ની. માં પ્રસ્તુત વિચારો કોઇ દેવના વિચારોનો સંક્ષેપ નથી.

(૪) બન્ને ગ્રંથ નીતિસાર છે, પરંતુ નીતિશાસ્ત્ર ક્ષેત્ર બાબત બન્નેમાં ભેદ છે.

---

૮. બહાલગઢ - પ્રકાશિત શુક્રનીતિને ધ્યાનમાં લીધેલ છે.

૯. પરિશિષ્ટ - ૧.

૧૦. શુક્રનીતિઃ - ૧-૨, ૩.

(૫) શુક્રાચાર્યે લોકહિતાર્થે તેમના ગ્રંથની રચના કરી છે.[૧૧] જયારે કા.ની. માં કામન્દક ભૂમીશ્વરો માટે તેમનો ગ્રંથ રચ્યો છે.[૧૨]

(૬) શુક્રની અર્થશાસ્ત્ર સંજ્ઞા રાજશાસ્ત્ર અને અર્થશાસ્ત્રનો સમાવેશ કરે છે.[૧૩] જયારે કામન્દકના મતે અર્થશાસ્ત્ર એ નીતિશાસ્ત્રનો પર્યાય છે.

(૭) બન્ને વર્ણવ્યવસ્થાના પુરસ્કર્તા છે. પરંતુ શુક્ર વર્ણનો આધાર જન્મને નહીં માનતા ગુણ અને કર્મને ગણાવે છે.[૧૪]

(૮) રાજયના સાત અંગોનું સાવયયત્વ કામન્દક સ્વીકારે છે. જયારે શુક્ર તેને વધુ વિશદ્ કરી આપે છે.[૧૫] તદ્નુસાર રાજા રાજયરૂપી શરીરનું મસ્તક છે. અમાત્ય, મિત્ર, કોશ, દુર્ગ અને રાષ્ટ્ર અનુક્રમે આ રાજયરૂપી શરીરના ચક્ષુ, કાન, મુખ, મન અને હાથ-પગ છે. રાજા રાજયરુપી વૃક્ષનું મૂળ છે અને મંત્રી, સેનાપતિ, સેના, પ્રજા ભૂભાગ અને ભૂમિ અનુક્રમે આ રાજયવૃક્ષના થડ, શાખા, પર્ણો, પુષ્પો, ફળ અને બીજ છે.

(૯) કા.ની. માં રાજાની દૈવી ઉત્પત્તિ કે રાજાના દેવાંશીપણાનું દઢપણે પ્રતિપાદન કરેલ નથી. જયારે શુ.ની. એ સભવતઃ મનુસ્મૃતિમાંથી શ્લોક લઇ રાજાને લોકપાલોનો અંશ માનેલ છે.[૧૬] લોકપાલના કર્મ સાથે રાજાના કાર્યનું સાયુજય દર્શાવ્યું છે.[૧૭] રાજા સિવાય અન્ય કોઇ દેવ નથી એમ પણ કહ્યું છે.[૧૮] રાજાને આચારપ્રેરક અને કાલકારણ[૧૯] કહીને તેનું મહત્ત્વ પ્રતિપાદિત કર્યું છે.

(૧૦) આચાર્ય શુક્ર રાજાના ગુણ-દુર્ગણનું વિવેચન કરે છે, પરંતુ કામન્દકની જેમ અન્ય પ્રકૃતિના વ્યસનો વર્ણવ્યા નથી.

(૧૧) શુક્રનીતિમાં દુષ્ટદંડ, પ્રજાપાલન, રાજસૂયાદિયજ્ઞ, ઉપાયપૂર્વકક્ષોશવૃદ્ધિ, રાજાઓને કરદાતા બનાવવા, શત્રુમર્દન, દાન અને ભૂમિવિસ્તરણ એમ આઠ પ્રકારે

---

૧૧. શુક્રનીતિઃ - ૧/૩.
૧૨. કા.ની. - ૧/૮.
૧૩. શુ.ની. - ૪/૩-૫.
૧૪. એજન - ૧/૩૮.
૧૫. એજન - ૧/૬૧, ૬૨, ૫/૧૧.
૧૬. શુક્રનીતિઃ - ૧/૭૧, ૭૨, સરખાવો મનુસ્મૃતિ - ૭/૪.
૧૭. શુક્રનીતિઃ - ૧/૭૨ થી ૭૬.
૧૮. એજન - ૪/૩/૭.
૧૯. એજન -

રાજવૃત્ત વર્ણવ્યું છે.[20] જયારે કા.ની. માં ન્યાય દ્વારા ધનાર્જન, રક્ષા, વૃદ્ધિ અને તેનો સત્પાત્રમાં નિક્ષેપ એમ ચાર રાજવૃત્ત પ્રસ્તુત થયા છે.

(૧૨) મંત્રીની સંખ્યા બાબતમાં શુક્ર સુમંત્ર, પંડિત, મંત્રી, પ્રધાન સચિવ, અમાત્ય અને ષાડવિવાક એમ આઠ કે અન્ય મતે પુરોહિત અને દૂત એમ દશ પ્રકૃતિ[21] દ્વારા મંત્રી પરિષદનો સંકેત કરે છે. જયારે કામન્દક મંત્રીની સંખ્યા બાબત સ્પષ્ટ નિર્દેશ કરતાં નથી.

(૧૩) શુ.ની. માં પુરોહિતને સેનાપતિથી આગળ સ્થાન આપ્યું છે.[22] જયારે કા.ની. માં પુરોહિતનું વિશેષ મહત્ત્વ નથી.

(૧૪) શુ.ની. માં મૃગયાના લાભ ગણાવીને કહ્યું છે કે તેમાં હિંસાનો મોટો દોષ રહેલો છે.[23] જયારે કામન્દકનો મૃગયા સામે ઉગ્ર પ્રતિભાવ છે.

(૧૫) કામન્દકની જેમ શુક્ર પણ ઔરસ પુત્રને યુવરાજ બનાવવા કહે છે. પણ ઉમેરે છે કે તેના અભાવમાં અન્ય વિકલ્પો છે. જયેષ્ઠપુત્ર રાજાનો ઉત્તરાધિકારી છે, પરંતુ જો તે વિકલ હોય તો અન્ય વિકલ્પો વિચારવા જોઇએ.[24]

(૧૬) ષાડ્ગુણ્યમાં સંધિ, વિગ્રહ, આસન વગેરેની શુ.ની. ની વ્યાખ્યા ભિન્ન દષ્ટિકોણથી કરી જણાય છે.[25]

(૧૭) શુક્રે કા.ની. નો ઉપાયસપ્તકનો વિચાર ગ્રહ્યો નથી. તે મનુસ્મૃતિ વગેરેને અનુસરી સામથી દંડ સુધીના ચાર ઉપાયોને માને છે.[26]

(૧૮) શુક્રની દંડ વ્યવસ્થા કામન્દકની દંડ વ્યવસ્થા કરતાં વિશેષ વિસ્તૃત અને વિકસિત છે.

(૧૯) દુર્ગ પ્રકાર બાબતમાં વિચાર ભેદ છે. કામન્દકે ઐરિણ અને ધાન્વત એમ જુદા-જુદા દુર્ગ પ્રકાર કહ્યા છે. જયારે શુ.ની. માં વિકાસ જોવા મળે છે, ત્યાં ઐરિણ, પારિખ, પારિધ, વન, ધન્વન, જલ, ગિરિ, સૈન્ય અને સહાયદુર્ગ દર્શાવી સૈન્યને મહત્તા આપી છે.[27]

---

૨૦. એજન – ૧/૨૨.
૨૧. એજન – ૨/૭૨, ૭૦,૭૧.
૨૨. શુક્રનીતિઃ – ૨/૨૬૫.
૨૩. એજન – ૧/૩૩૩, ૩૪.
૨૪. એજન – ૧/૩૪૨, ૪૩, ૪૪.
૨૫. એજન – ૪/૭/૨૨૩.
૨૬. એજન – ૨/૯૪.
૨૭. શુક્રનીતિઃ – ૪/૬/૧ થી ૮.

( ૨૦ ) તોપ, દારુગોળા, નાલિક વગેરેની ચર્ચા શુ.ની. ની વિશેષતા છે. પણ આ જ કારણ તેનું ઘણું પરવર્તીપણુ માનવા શંકા કરવામાં આવે છે.

( ૨૧ ) યુદ્ધમાં વીરગતિ પામતા સૈનિકોને વરવા અપ્સરાઓ દોડે છે, તેમને કઠિન તપ દુર્લભ પરમપદ પ્રાપ્ત થાય છે, એમ કહી શુક્રે પ્રલોભન આપેલ છે.[૨૮] જયારે સૈનિકોને પરાક્રમ અનુસાર દાન આપી પ્રોત્સાહિત કરવા બાબત શુ.ની. ની તુલનાએ કા.ની. માં વિશેષ વિગતો છે.[૨૯]

આમ કહી શકાય કે શુ.ની. માં એક બાજુ પરંપરાગત વિચારો અને બીજી બાજુ નવીનતા અને તાજગી છે. કામન્દકના ગ્રંથમાં રાજયના સાત અંગોનું વિશદીકરણ છે. જયારે શુક્રના ગ્રંથમાં રાજશાસ્ત્ર ઉપરાંત વહીવટીતંત્ર, ન્યાયતંત્ર અને સાધારણધર્મનો વિચાર પ્રસ્તુત થયો છે. શુ.ની. એ દષ્ટિએ સમાજશાસ્ત્રીય રાજનીતિશાસ્ત્રીય નિરૂપણ છે. શુ.ની. ના સંકલનકર્તાએ કા.ની. માં કેટલાક વિચારો પોતાના ગ્રંથમાં સમાવી લીધા તે કા.ની. ના પ્રભાવનો પરિચય આપે છે અને એ રીતે બન્ને ગ્રંથોનું મહત્ત્વ વધી જાય છે.

### કામન્દકીયનીતિસાર એ શુક્રનીતિનું પુનઃસંસ્કરણ :-

કા.ની. અને શુ.ની. ના ઘણા શ્લોકો મળતા આવે છે.[૩૦] આ બન્ને ગ્રંથોના સંબંધની ચર્ચા કરતાં શ્રી વાચસ્પતિ ગૈરાલા દર્શાવે છે કે કા.ની. એ શુ.ની.નું સંસ્કરણ છે તેઓ કહે છે કે – ''આધુનિક વિદ્વાનોએ કા.ની. ના મધ્ય યુગમાં કે પછીના ધર્મશાસ્ત્રના ટીકાકારો એ ઉદ્‌ધૃત કરેલ ઉદ્ધરણોને મેળવીને તારણ કાઢયું કે કામન્દકના નીતિસારનું ૧૭ મી સદી આસપાસ પુનઃસંસ્કરણ થયું.''[૩૧] અહીં શ્રી ગૈરાલા શ્રી કાશીપ્રસાદ જયસ્વાલના કથનનો સંદર્ભ આપે છે. પરંતુ શ્રી જયસ્વાલનું કથન તો શુ.ની. ને અનુલક્ષીને કરેલું છે. કા.ની. ને અનુલક્ષીને નહીં. શ્રી ગૈરાલા શ્રી જયસ્વાલના જે કથનનો આધાર લે છે તે આ પ્રમાણે છે – ''પ્રાચીન શબ્દ 'અર્થ' અને 'દંડ' નું સ્થાન આગળ જતાં નીતિ અને નવા શબ્દોએ લઇ

૨૮. એજન –
૨૯. શુક્રનીતિઃ – ૪/૭/૩૫૧.
કા.ની. – ૨૦/૧૭ થી ૨૦.
૩૦. પરિશિષ્ટ – ૧.
૩૧. संस्कृति साहित्य का इतिहास – પૃ. ૫૩૭.

લીધું છે તેમ જણાય આવે છે. જે ગ્રંથ શુક્રનો મનાય છે અને જે પોતાના વર્તમાનરૂપમાં એક પ્રસિદ્ધ પ્રાચીન ગ્રંથનું પુનરાવૃત્ત સંસ્કરણ છે અને જે કદાચિત ઉશનાથી પ્રાચીન દંડનીતિના આધારે બનેલ છે. તેનું નામ પણ નીતિસાર - શુક્રનીતિસાર છે.''[૩૨] આમ, શ્રી ગૈરાલાનું કા.ની. એ શુ.ની. નું પુનઃસંસ્કરણ છે એવું તારણ અયોગ્ય જણાય છે.

**॥ સમાપ્ત ॥**

૩૨. जायस्वाल काशीप्रसाद, - ''हिन्दराज्यतंत्र'' - प्रथम भाग अनु. वर्मा - पृ. ५.

# ✤ પ્રકરણ - ૨૩ ✤

શુક્રનીતિની વિશિષ્ટતા

## ❐ શુક્રનીતિની વિશિષ્ટતા :-

### ❖ પ્રસ્તાવના :-

વૈદિક સમય પછી રાજશાસ્ત્રના ઇતિહાસમાં અનેક રાજનૈતિક વિચારધારાનો ઉદય થયો. એમની વ્યાખ્યા શુક્રનીતિના સમય સુધી ચાલતી રહી. આ વિચારધારાઓ હતી - ધર્મપ્રધાન, અર્થપ્રધાન તથા નીતિપ્રધાન કે દંડપ્રધાન વિચારધારા. શુક્રનીતિ નીતિપ્રધાન વિચારધારાનો એક મહત્ત્વનો ગ્રંથ છે. ભારતીય નીતિગ્રંથોના ઇતિહાસમાં એમનું વિશિષ્ટ સ્થાન છે. મ.ભા. માં 'બાર્હસ્પત્ય' તથા ઉશનસ શાખાની વિદ્યાઓનો ઉલ્લેખ છે. કૌટિલ્યના મતાનુસાર બાર્હસ્પત્ય શાખા માત્ર વાર્તા (અર્થશાસ્ત્ર) અને દંડનીતિ બે જ વિદ્યાઓ માન્ય છે. ઔશનસ શાખા કેવળ દંડનીતિને જ અધ્યયનનો મુખ્ય વિષય માને છે. તે બન્ને શાખાઓ મનુ અને કૌટિલ્યની જેમ માત્ર 'ત્રયી' અથવા વાર્તાના અધ્યયન પુરતી મર્યાદિત નથી. એમનું અધ્યયન ક્ષેત્ર વસ્તુપરક છે. મનુ અને કૌટિલ્યના ચિંતન માનવ સ્વભાવ (આચાર અને યથાર્થ સામાજિક પાસા- અર્થ વિદ્યા ઉપર વિશેષ વિચાર કરે છે. ઉત્તરવર્તી સાહિત્યમાં આ વિચારધારાને સ્વતંત્રરૂપી ગ્રહણ કરવામાં આવી. શુક્રનીતિ અનુસાર તેમાં નીતિશાસ્ત્ર તેમજ દંડનીતિનીજ સમીક્ષા કરવામાં આવી છે. શુક્રના મતાનુસાર અર્થશાસ્ત્રનું ક્ષેત્ર કેવળ ધન કે સંપતિ પ્રાપ્ત કરવાના ઉપાયોનું વિવેચન નહીં, પરંતુ શાસનશાસ્ત્રના સિદ્ધાંતોને પ્રસ્થાપિત કરવાનું છે. તેમાં માનવજીવનના બધા પાસાઓ આવી જાય છે. જનકલ્યાણના ઉદ્દેશ્યથી પ્રેરિત શુક્રનીતિમાં શાસક તેમજ શાસિત બંનેને દિશાનિર્દેશ કરવાના વિચારોનો સંક્ષિપ્ત સારાંશ છે.[૧]

આચાર્ય શુક્રએ આ નીતિશાસ્ત્રને અન્ય શાસ્ત્રોની વિષયવસ્તુની અપેક્ષાએ માનવજીવનના સર્વાંગીણ પક્ષને પ્રસ્તુત કરવાવાળો ગ્રંથ બતાવ્યો છે. ધર્મશાસ્ત્ર તેમજ અર્થશાસ્ત્ર સામાજિક જીવનના કેટલાક વિશિષ્ટ પાસાઓનું વિવેચન કરે છે. તેથી તેમનું વિષય ક્ષેત્ર સીમિત તેમજ આંશિક મહત્ત્વનું છે. પરંતુ, શુક્રનો નીતિશાસ્ત્ર ગ્રંથ માનવ સમાજમાં લોક વ્યવહારની સ્થાપના કરવાવાળા તથા

---

૧. Puntambekar S.V., Some aspects of Sukra's Political Thought - p.p. - 2-3
Indian Journal of Political Science April-Sept. - 1948.

જનહિતકારી છે.[૨] તે નીતિશાસ્ત્ર ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ સર્વેનું મૂળ છે. તેમની અંતર્ગત સામાજિક, આર્થિક અને રાજનૈતિક બધા પાસાઓ આવી જાય છે.

નીતિશાસ્ત્રનું જ્ઞાન રાજાને માટે અત્યંત જરૂરી છે. તેના વિના સમાજવ્યવસ્થા અવ્યવસ્થિત થઇ જાય છે. નીતિવિમુખ રાજાના અનેક શત્રુ બની જાય છે. એમાં સૈનિક વગેરે શક્તિઓ પણ ક્ષીણ થઇ જાય છે.[૩] રાજાને માટે અત્યંત જરૂરી છે કે તે રાજયની સમૃદ્ધિને માટે નીતિશાસ્ત્રનું જ્ઞાન રાખે.[૪] અને તેને રાજયની ભૌતિક ઉન્નતિ વિકાસને માટે ઉપયોગ કરે. નીતિવિમુખ રાજા પ્રજારક્ષણની જવાબદારી નિભાવી શકતો નથી, અપરાધિઓને દંડિત કરી શકતો નથી. નીતિવિહીન પ્રજા પણ પોતાના કર્તવ્ય તેમજ જવાબદારીનું પાલન કરી શકતી નથી. તેથી રાજા અને પ્રજા બન્નેને માટે નીતિજ્ઞાન આવશ્યક છે. શુક્રનો મત છે કે તેમણે બતાવેલી નીતિ ત્રણેય લોકમાં સર્વેથી ન્યારી અને સર્વોત્તમ છે. એમના જેવી બીજી કોઇ નીતિ નથી. સત્ય તો એ છે કે માત્ર આજ નીતિ વ્યવહારમાં લાવવા યોગ્ય છે. એનાથી જુદી નીતિઓ કુનીતિઓ છે.[૫] જે રાજા એમનું અનુસરણ કરતાં નથી તે અજ્ઞાની તેમજ મૂર્ખ છે એમનું પતન અવશ્ય નિશ્ચિત છે.

'કુમાર સંભવ' માં એક સ્થળે મહાકવિ કાલિદાસે પણ શુક્રાચાર્ય (ઉશનસ) દ્વારા રચિત નીતિશાસ્ત્રના સિદ્ધાંતોને માનવજીવનમાં વ્યાવહારિક બતાવ્યો છે. એમનું અનુસરણ માનવ સમાજના ચરમોત્કર્ષ માટે અત્યંત જરૂરી છે.[૬]

નીતિ તથા બલ (દંડ) બન્ને રાજયની સમૃદ્ધિ ને માટે જરૂરી છે. નીતિના અભાવમાં રાષ્ટ્ર છિન્ન ભિન્ન અવ્યવસ્થિત તેમજ નિર્બળ થઇ જાય છે.[૭] નૈતિક તેમજ રાજનૈતિક શક્તિના અભાવમાં સામાજિક અવ્યવસ્થા વધે છે અને

---

૨. શુક્રનીતિઃ - ૧/૫ - પૃ. ૩.

૩. એજન - ૧/૧૫ - પૃ. ૭.

૪. स्वाराध्यो नीतिमान राजा दुराराध्यस्त्वनीतिमान् ।
यत्र नीतिबल चोभे तत्र श्रीस्सर्वतो मुखा ॥ - શુક્ર. - ૧/૧૭ - પૃ. ૭.

૫. न कवैः सदृशी नीतिस्त्रिणु लोकषु विद्यते ।
काव्यैव नीतिरन्या तु कुनीतिर्व्यवहारिणाम् ॥
नाश्रयन्ति च ये नीतिं मन्दभाग्यास्तु ते नृपाः ॥ - શુક્ર. - ૪/૭/૨૫,૨૬.

૬. अध्यापितस्योशनसाऽपि नीतिं प्रयुक्त-राग प्रणिधिद्विर्षस्ते ।
कस्यार्थ धर्मविह पीऽयामि सिन्धोस्तटाबोध हव प्रबुद्धः ॥ - કુ.સં. ૩/૪૬.

૭. શુક્રનીતિઃ - ૧/૧૯ - પૃ. ૮.

અરાજકતા છવાઇ જાય છે. શુક્ર જે રાજનૈતિક સંગઠનનું વર્ણન કરે છે તે અરસ્તૂની જેમ જીવનના અસ્તિત્વ તથા શુભ જીવનની પ્રાપ્તિ માટે જરૂરી છે. પરંતુ એમની પ્રાપ્તિ માત્ર નૈતિક વિધિઓના યોગ્ય પાલન તથા દંડનીતિના યોગ્ય પ્રતિપાદન દ્વારા જ શકય છે. રાજનૈતિકશક્તિ રાજાના કેટલાક નૈતિકગુણો ઉપર આધારિત છે. અન્યથા એમનું શાસન અનુપયોગી, મહત્વહીન અને ઉપેક્ષિત થઇ જશે. તેથી રાજાને હમેંશા નીતિ તેમજ દંડયુક્ત હોવું જોઇએ.[૮]

આચાર્યશુક્ર રાજપદ (Kingship or the Institution) ને દૈવી માને છે. રાજાને નહીં.[૯] રાજાની દૈવી ઉત્પત્તિના સિદ્ધાંતને શુક્ર 'સુરક્ષામાં જ કર' (Taxation if Protection) સિદ્ધાંત સાથે જોડે છે. રાજાને પ્રાપ્ત 'કર' એમનો પગાર (Salary) છે. શુક્રએ રાજાને દૈવી અધિકારોનું ઔચિત્ય પ્રજા-રક્ષણના આધારે માન્યું છે.[૧૦]

શુક્રનીતિની બીજી એક વિશિષ્ટતા એમની મંત્રીપરિષદીય વ્યવસ્થાનું સંચાલન છે. રાજાને માટે કોઇ પણ સમસ્યા ઉપર મંત્રીપરિષદ દ્વારા વિચાર જરૂરી છે. રાજાનો અધિકાર મંત્રીપરિષદ દ્વારા સીમિત છે. પ્રશાસકીય અધિકાર મંત્રીપરિષદમાં સામેલ છે. મંત્રીઓની લેખિત મંજૂરી વિના પ્રશાસન સંબંધી કોઇ પણ કાર્ય કરવામાં આવતું નથી. આચાર્ય શુક્રના મતાનુસાર રાજાને મંત્રીઓનો ભય-ડર હોવો જોઇએ, અન્યથા શાસન વ્યવસ્થાનું યોગ્ય સંચાલન મુશ્કેલ કાર્ય બની જશે. શુક્રએ મંત્રીઓની સ્વેચ્છાચારિતા ઉપર અંકુશ રાખવા માટે વિભાગ પરિવર્તન-વિભાગીય બદલીની પદ્ધતિ અપનાવવા કહ્યું છે. એમ કરવાથી માત્ર સત્તાનું વિકેન્દ્રીકરણ થતું નથી, પરંતુ મંત્રીઓને પ્રશાસનના વિવિધ વિભાગોના કાર્યોની જાણકારી પણ પ્રાપ્ત થાય છે. શુક્રનીતિ જ એવો એક ગ્રંથ છે, જેમાં કહ્યું છે કે રાજા કેવળ તે જ નિર્ણયો ઉપર સહી કરી શકે છે જેના ઉપર સંબંધિત વિભાગના મંત્રીઓની સહી હોય.

---

૮. Puntambekar S.V., Some aspects of Sukra's Political Thought
Indian Journal of Political Science April-Sept. - 1948, P. 4.

૯. Chalres Drekeier, 'kingship and Community in Early India' - P. 252.

૧૦. स्वभागभृत्या दास्यत्वे प्रजानां च नृपः कृतः ।
ब्रह्मणा स्वामिरुपस्तु पालनार्थं हि सर्वदा ॥ - શુ.ની. - ૧/૧૮૮ - પૃ. ૭૬.

શુક્રનીતિમાં વર્ણિત શાસન-સંચાલનની વ્યવસ્થા પૂર્વવર્તી વિચારકોથી ભિન્ન તથા અપેક્ષા કરતા વધુ પ્રગતિવાદી છે. શુક્રની શાસન-વ્યવસ્થા કૌટિલ્યથી વધુ સમાજવાદી (Socialistic) છે.[૧૧] શુક્રનીતિનો રાજા પોતાની પ્રજાના અનેક કાર્યો ઉપર નિયંત્રણ કરવાનો અધિકારી છે. જેમ કે - જુગાર, મદ્યપાન, પશુઓનો શિકાર, શસ્ત્ર ધારણ કરવા, ગાય, ભેંસ, હાથી, ઘોડા, દાસ, અચલ સંપત્તિ સોના, ચાંદી, જવેરાત, ઝેરીલા પદાર્થ, દારૂ ઉત્પાદન, ચિકિત્સા, જાતિનું અભિમાન, શાસનના ગોપનીય ભેદ ખોલવા, પોતાના ધર્મ પાલનમાં અવરોધ ઊભો કરવો, અસત્ય બોલવું, કોઇ વસ્તુની કિંમત નક્કી કરેલ હોય તેના કરતાં વધુ લેવી, ચોરી તેમજ હિંસાત્મક પ્રવૃત્તિ કરવી વગેરે રાજયની વિધિ વ્યવસ્થાના વિષયો છે. રાજાની આજ્ઞા વિના તેને વ્યવહારમાં લાવી શકાતી નથી.

આચાર્યશુક્ર જનમત (Plebiscite) અને નાગરિક અધિકાર (Civil Right) ને પણ મહત્ત્વ આપે છે. રાજયોના કાર્યોમાં સ્વેચ્છાએ સહયોગ કરવો પ્રજાનું કર્તવ્ય છે. ત્યાં શુક્ર સામાજિક વ્યવસ્થાના સંચાલનમાં નાગરિકો ઉપર અનેક પ્રતિબંધો આરોપિત કરે છે. તો બીજી બાજુ તે લોકમતને પણ આવશ્યક મહત્ત્વ આપે છે. જો સો વ્યક્તિ કોઇ પણ પ્રશાસકીય અધિકારી વિરુદ્ધ ફરિયાદ કરે તથા એમની કાર્યપ્રણાલી ઉપર અસંતોષ પ્રગટ કરે તો રાજાએ જનમત (People's will) ઉપર વિચાર કરવો જોઇએ.[૧૨] શુક્રના મતાનુસાર તે સરકાર જે પોતાના નાગરિકોના મધ્યમ દરજ્જાનો અધિકાર પ્રાપ્ત કરે છે તે ઘણા સમય સુધી સફળ રહે છે. સ્પષ્ટ છે કે શુક્રનીતિમાં જનમતને પર્યાપ્ત મહત્ત્વ અપાયેલ છે. મધ્યમ દરજ્જાના નાગરિક અધિકાર અરસ્તૂના અધિકારની ધારણાની સમાન છે. જનમતને અપાયેલ એ મહત્ત્વ કોઇપણ આધુનિક લોકતાંત્રિક પદ્ધતિમાં બતાવેલ જનતાની ઇચ્છા (જનમત) ના મહત્ત્વથી ઓછું નથી. પ્રજા કલ્યાણમાં બાધક અધિકારીઓના કામો રાજાની સમક્ષ નિર્ભય થઇ રાખે છે અને રાજા તેના ઉપર યોગ્ય કાર્યવાહી કરે છે. આ પ્રકારે શુક્રનીતિની પ્રજા કેટલીક હદ સુધી શાસક તથા શાસિત બન્ને છે.

૧૧. Chalres Drekeier, kingship and Community in Early India - P. 225.

૧૨. શુક્રનીતિઃ - ૧/૩૭૫-૭૭ - પૃ. ૧૪૧-૪૨.

કૌટિલ્ય અર્થશાસ્ત્રથી આ ધારણા સાબિત થાય છે કે ધાર્મિક આધાર ઉપર વિકસિત સામાજિક તેમજ રાજનૈતિક વ્યયસ્થાનો ઉદ્દેશ્ય ભૌતિક, આર્થિક ઉપલબ્ધિઓની પ્રાપ્તિ હોવો જોઇએ. धर्मस्यमूलमर्थः આ આશયમાં અર્થશાસ્ત્રને સામાજિક, આર્થિક તેમજ રાજનૈતિક સિદ્ધાંતોના સમાનહિત સ્વરૂપ માનવામાં આવેલ. જેમાં સમાજની યથાર્થવાદી તેમજ લૌકિક સમસ્યાઓનું વસ્તુગત વિવેચન હોય. સૌ પ્રથમ અર્થશાસ્ત્ર રાજશાસ્ત્રના ઇતિહાસમાં ધર્મથી સ્વતંત્ર રાજનૈતિક વિચારોના પ્રસ્થાપક બન્યું.[૧૩] ધર્મસૂત્ર તથા સ્મૃતિઓ ધર્મશાસ્ત્રપરક હતી અને એમના વિરુદ્ધ જવું એમના માટે શકય નથી.[૧૪] આપસ્તમ્બ[૧૫] અને ગૌતમધર્મસૂત્ર[૧૬] ધર્મને સર્વાધિક મહત્ત્વ આપે છે. ગૌતમધર્મસૂત્રાનુસાર ધર્મ, અર્થ તેમજ કામમાંથી મનુષ્યએ ધર્મને વધુ મહત્ત્વ આપવું જોઇએ. આપસ્તમ્બ ધર્મસૂત્ર તે જ અર્થ તેમજ કામના ઉપભોગની આજ્ઞા આપે છે જે ધર્મ વિરુદ્ધ ન હોય. મનુ, યાજ્ઞવલ્કય તથા નારદ વગેરે સ્મૃતિઓ ધર્મશાસ્ત્રની સર્વોચ્ચતાનું પ્રતિપાદન કરે છે. યાજ્ઞવલ્કયના મતે ધર્મશાસ્ત્ર અર્થશાસ્ત્રની તુલનાએ શ્રેષ્ઠ છે.[૧૭] મનુસ્મૃતિ પણ રાજાને ધર્માનુકૂળ અર્થસંચયની અનુમતિ આપે છે.[૧૮] નારદના મતે જયાં અર્થશાસ્ત્ર તેમજ ધર્મશાસ્ત્રમાં પરસ્પર હોય ત્યાં ધર્મશાસ્ત્રનું જ અનુગમન કરવું જોઇએ અર્થશાસ્ત્રનું નહીં.[૧૯] આ પ્રકારે ધર્મશાસ્ત્ર તેમજ સ્મૃતિગ્રંથ 'અર્થ' ની અપેક્ષાએ 'ધર્મ'ની પ્રધાનતાનો સ્વીકાર કરે છે. આનાથી વિરુદ્ધ નીતિગ્રંથો હમેંશા લૌકિકતા તેમજ વ્યાવહારિકતાનું પ્રતિપાદન કરે છે તથા ધાર્મિકતા પ્રત્યે મોટેભાગે નિરપેક્ષ છે.[૨૦] ધર્મશાસ્ત્ર ઇહલૌકિક-પારલૌકિક અભ્યુદય અને નિઃશ્રેયસની પ્રાપ્તિનું સાધન છે. પરંતુ નીતિશાસ્ત્ર મુખ્યતઃ ભૌતિક ઉપલબ્ધિઓનો પ્રેરક છે. નીતિવાકયામૃતમાં અર્થ અને કામની મહત્ત્વા ધર્મની

---

૧૩. Saletore B. A., Ancient Indian Political Thought and Institutions - PP. 50-54.

૧૪. धर्मशास्त्रं तु वै स्मृतिः । - મનુ. - ૨/૧૦.

૧૫. ગૌતમ - ૯/૪૬-૪૭.

૧૬. આપસ્તમ્બ - ૨/૮/૨૦,૨૨,૨૩.

૧૭. अर्थ-शास्त्रान्तु बलवद्धर्मशास्त्रमिति स्थितिः । - ધર્મસમુપદેશ - ૧/૨/૨૧.

૧૮. મનુસ્મૃતિઃ - ૫/૧૭૫.

૧૯. यत्र विप्रतिपत्तिः स्याद्धर्मशास्त्रार्थशास्त्रयोः ।
अर्थशास्त्रोक्तमुत्सृज्य धर्मशास्त्रोक्तमाचरेत् ॥ - નારદપ્રકીર્ણક - ૩૩.

૨૦. Vishwanath S. V. International Law In Ancient India - P. 18.

દૃષ્ટિએ શ્રેષ્ઠ બતાવી છે. અર્થને બધા પ્રયોજનોનો સાધક બતાવેલ છે. ગ્રંથકાર ધર્મની ઉપાસનાને એવી રીતે નિષ્ફળ માને છે, જેમ સારા ખેતરને છોડી જંગલમાં ખેતી કરવી.[૨૧] મુખ્યત્વે નીતિશાસ્ત્રનો મુખ્ય ઉદ્દેશ લૌકિક ઉન્નતિ છે; પારલૌકિક ઉન્નતિ એમનું ગૌણ લક્ષ્ય છે. નીતિગ્રંથોની માન્યતા છે કે - નીતિના અભાવમાં ધર્મ, અર્થ અને કામ ત્રણેયનો નાશ થઇ જાય છે. - नश्येत्त्रयी दण्डनीतौ हतायान् । શુક્ર લૌકિક કર્મોમાં જનસમાજ-પ્રજાના વ્યવહારનું જ અનુસરણ કરવાનો નિર્દેશ આપે છે.[૨૨] શુક્ર પ્રજા અને શાસ્ત્ર બન્નેને અનુકૂળ ચાલવામાં જ સમાજની પ્રગતિને માને છે.[૨૩] તેથી શુક્ર રાજાની પાસે પર્યાપ્ત શક્તિ હોવા છતાં કયારેય એમને લૌકિકતાની વિરુદ્ધ જવાની સલાહ આપતા નથી.[૨૪] વસ્તુતઃ નીતિવાકયામૃતમ્‌ની જેમ શુક્રનીતિ પણ ધર્મ, કામ અને મોક્ષની પ્રાપ્તિનું મૂળ કારણ અર્થને જ માને છે.[૨૫] કારણ કે પુરુષ અર્થનો-ધનનો દાસ છે પરંતુ અર્થ ધન કોઇનો દાસ નથી.[૨૬]

શુક્રનીતિ રાજય સંચાલનને માટે શ્રુતિમૂલક સિદ્ધાંતોનું પ્રતિપાદન ન કરતાં મોટેભાગે યુક્તિમૂલક સિદ્ધાંતોનું સમર્થન કરે છે અને શુક્ર યુક્તિને પ્રાયઃ છલમયી તરીકે સ્વીકાર કરે છે.[૨૭] છતાં પણ શુક્રએ ઘણી જગ્યાએ ધર્મનું પણ અનુસરણ કરવાનો નિર્દેશ આપ્યો છે. પરંતુ એમનો નિર્દેશ ધર્મ-શ્રુતિમૂલક ન રહેતાં દેશ કાળ મૂલક છે.[૨૮] યુક્તિની વ્યાખ્યા કરતાં શુક્રએ સ્પષ્ટ કહ્યું છે કે જેનાથી પોતાને લાભ થાય, તે જ નીતિઓની યુક્તિ હોય છે.[૨૯] શુક્રનીતિમાં દેશ-ધર્મની વ્યાખ્યા કરતાં એમણે - कल्पत श्रुतिमूलो वा (શુક. ૪/૩૦૫) કહ્યું છે. જેનો સ્પષ્ટ અર્થ છે કે દેશ ધર્મને શ્રુતિમૂલક હોવું અનિવાર્ય નથી. સ્મૃતિગ્રંથ શ્રુતિનો આ પ્રકારે વિરોધ કરવાનું સાહસ કરી શકે નહીં.

---

૨૧. नीतिवाकयामृतम् - १/४४, यतः सर्वप्रयोजनसिद्धि सोऽर्थः - २/१.
૨૨. શુક્રનીતિઃ - ૩/૩૩ - પૃ. ૩૧૫.
૨૩. શુક્રનીતિઃ - ૩/૩૬ - પૃ. ૩૧૬.
૨૪. એજન - शक्तोऽपि लौकिकाचारं मनसापि न लङ्घयत् ॥ - ૩/૩૩ - પૃ. ૩૧૫.
૨૫. એજન - अर्थाद् धर्मश्वकामश्चमोक्षश्चापि भवेन्नृणाम् ॥ - ૪.
૨૬. એજન - अर्थस्य पुरुषो दासो दासत्वर्थो न कस्यचित् ॥
૨૭. એજન - युक्तिश्वछलात्मिका प्रायः ।
૨૮. એજન - बहुभिर्यः स्तुतो धर्मोऽनिदितो धर्म एव सः ॥
૨૯. એજન - नीतिमतां तु सा युक्तिर्या हि स्वेश्रेयसेऽखिला ।

કામન્દક અને શુક્ર લક્ષ્ય પ્રાપ્તિ માટે અપનાવેલ અનુકૂલતમ ઉપાયને જ યોગ્ય માને છે. આ અનુકૂલતમની સીમાથી મૈક્યિાવેલીની લાયન એન્ડ ફાકસ પોલિસી પણ બહાર નથી. જેમાં લક્ષ્ય પ્રાપ્તિને માટે રાજાને યોગ્ય અવસર આવ્યે સિંહની સમાન દુર્દાન્ત આક્રમણ કરવા અને પ્રતિકૂળ પરિસ્થિતિમાં લોમડીની જેમ ભાગવાની સલાહ અપાયેલ છે. મૈક્વિાયેલીની જેમ કામન્દકએ ક્ષીણ અવસ્થામાં કાચબાની જેમ સંકુચિત થઇ પ્રહાર સહન કરવા અને અનુકૂળ પરિસ્થિતિમાં ક્રૂર સર્પની જેમ આક્રમણ કરવાની સલાહ રાજાને આપી છે.[૩૦] શુક્રએ પણ ભૂખ્યા બિલાડાની સમાન અવસરની પ્રતીક્ષા કરવા અને સમય આવ્યે શત્રુ ઉપર આક્રમણ કરી એમને નષ્ટ કરી નાખવાની સલાહ રાજાને આપી છે.[૩૧] એમનો એવો અભિગમ નથી કે નીતિ-ગ્રંથોમાં ધર્મપાલન કે ન્યાય સંરક્ષણની ચર્ચા જ કરાયેલ નથી, તે પણ ત્યાં પર્યાપ્ત છે. પાશ્ચાત્ય ફૂટનીતિની વિરુદ્ધ ભારતીય નીતિજ્ઞોએ કયારેય ધર્મની નિંદા કરી નથી. કૌટિલ્યના અનુસાર

संस्थया धर्मशास्त्रेण शास्त्रं वा व्यावहारिकम् ।
यस्मिन्नर्थे विरुध्यते धर्मेणार्थ विनिश्चेत् ।
सर्वधर्मः स्वर्गायानन्त्याय च ।
तस्यातिक्रमे लोकः सङ्करादुच्छिद्येत् ।

સામાન્યતઃ તે સ્મૃતિ-ગ્રંથોની અનુકૃતિપરક છે અને એમનો ઉપદેશ પ્રજાને માટે અપાયેલ છે, તેવું પ્રતિત થાય છે.

રાજયને સ્મૃતિઓની જેમ જ નીતિગ્રંથોએ સાત અંગોવાળા સ્વીકાર કર્યો છે. પરંતુ શુક્રનીતિએ રાજયના અંગોની શરીરના અવયવો સાથે સરસ ઉપમા આપી છે. તદ્અનુસાર રાજયરૂપી શરીરનું રાજા મસ્તક છે. આંખો મંત્રી, કાન મિત્ર, મુખ કોશ અને મન બળ છે. દુર્ગ અને રાષ્ટ્ર એમના હાથ અને પગ છે.[૩૨] શરીર ઉપરાંત શુક્રનીતિમાં રાજયને એક વૃક્ષ પણ માન્યું છે. જેમનું મૂળ રાજા, ડાળી મંત્રી, સેનાપતિગણ શાખાઓ અને સૈનિક પલ્લવ છે. પ્રજા કુસુમ ભૂભાગ

૩૦. कौर्म संकोचमास्थाय प्रहारमर्षयेत् ।
काले प्राप्ते तु मतिमानुत्तिष्ठेत्क्रूरसर्पवत् ॥ - કા.ની. - ૧૦/૩૫.

૩૧. मार्जारं लुब्धकं हव संतिष्ठेन्नांशयेदरिम् ॥ - શુ.ની.

૩૨. શુ.ની. - ૧/૬૧ - પૃ. ૨૪.

ફળ તથા ભૂમિ બીજ છે.[૩૩]

નીતિગ્રંથ રાજત્ત્વનો અધિકારી ક્ષત્રિયને જ માને છે. ક્ષત્રિયની વ્યાખ્યા કરતાં શુક્રએ કહ્યું છે કે પ્રજા સંરક્ષણમાં કુશળ, વીર, ઉદાર, પરાક્રમી તથા દુષ્ટ દમન સ્વભાવી ક્ષત્રિય છે.[૩૪] કામન્દક અને શુક્ર પૂર્ણતઃ સમાન શબ્દોમાં કહે છે કે – જો શ્રેષ્ઠ નાયક રાજા ન હોય તો પ્રજા કર્ણધાર વિના નૌકાની જેમ સંસારરૂપી સાગરમાં ડુબી જાય છે.[૩૫] સોમદેવ રાજા એને માને છે, જેમનો ધર્મ દુષ્ટોનો નિગ્રહ તથા શિષ્ટોનું પરિપાલન હોય.[૩૬] એટલા માટે વૃદ્ધજનોએ આ સંસારની વૃદ્ધિનું કારણ જ રાજાને બતાવેલ છે કારણ કે તે પ્રજાની આંખોને એ પ્રકારે આનંદ આપે છે, જેમ ચંદ્ર પોતાના ઉદયથી સમુદ્રને.[૩૭] આ રાજકર્તવ્ય અનુસાર રાજા કેવળ સજ્જનોને આનંદ આપે છે, દુષ્ટોને માટે તે દમનકારી છે. આ પ્રકારે રાજાનો સ્વભાવ એક રીતે ચંદ્ર સાથે બીજી રીતે યમ સાથે મળે છે.[૩૮] જો તે ગુણ રાજામાં ન હોય અર્થાત્ જેમની પ્રસન્નતાથી કોઇ લાભ ન થાય અને ક્રોધથી કોઇ નુકશાન ન હોય એવા રાજાઓને પ્રજા પોતાના સ્વામી તરીકે સ્વીકારતા નથી. જે પ્રકારે નપુંસક પુરુષને કોઇ સ્ત્રી પોતાનો પતિ માનતી નથી.[૩૯] આચાર્ય શુક્ર રાજામાં ઇન્દ્ર, વાયુ, યમ, સૂર્ય, અગ્નિ, વરુણ અને કુબેર તથા ચંદ્ર નામના આઠ દેવોના અંશનો સ્વીકાર કરે છે.[૪૦] પરંતુ દેવાંશ ધર્મપરક રાજામાં જ રહે છે. જે ધર્મવિમુખ અને પ્રજાપીડિત હોય, એમાં રાક્ષસોનો અંશ સમજવો જોઇએ.[૪૧] કામન્દકે શાસ્ત્રજ્ઞાન, પ્રજ્ઞા, ધૈર્ય, ચતુરાઇ, પ્રગલ્ભતા, સામર્થ્ય, ઉત્સાહ, વાણીની યોગ્યતા, દઢતા, આપતિ તથા ઝઘડાને સહન કરવાની શક્તિ, પ્રભાવ, પવિત્રતા, મૈત્રી, ત્યાગ, સત્ય, કૃતજ્ઞતા, શ્રવણ, સદાચાર અને ઇન્દ્રિય દમન વગેરે ગુણ રાજાને

૩૩. એજન – ૧/૬૨ – પૃ. ૨૪.
૩૪. એજન – ૪/૭/૩૦૨–૩૦૯ – પૃ. ૮૫૯–૮૬૨.
૩૫. શુ.ની. – ૧/૬૫, કા.ની. – ૧/૧૦.
૩૬. શુ.ની. – ૫/૨.
૩૭. એજન – ૧/૬૪ – પૃ. ૨૫.
૩૮. योऽनुकूल प्रतिकूलयोरिन्द यमस्थानं स राजा ।
राज्ञो हि दुष्टनिग्रहः शिष्ट परिपालनं च धर्मः ॥ – નીતિ. – ૫/૧૨.
૩૯. प्रसादो निष्कलो यस्य क्रोधश्चापि निरर्थकः ।
न तं भर्त्तारमिच्छन्ति षष्ठं पतिमिवस्त्रियः ॥ – વિદુરનીતિઃ – ૬/૩૧.
૪૦. શુ.ની. – ૧/૭૧–૭૬.
૪૧. એજન – ૧/૭૦.

માટે આવશ્યક માનેલ છે.[૪૨] તે જ રાજા પોતાનું હિત કરી શકે છે જે નીતિ અને અનીતિનો જાણનાર હોય.[૪૩] શુક્ર એ રાજાને માટે એક જરૂરી ગુણ એ પણ માનેલ છે કે તે દાન-માન-સત્કારથી હમેંશા પ્રજાનું રંજન કરતા રહે.[૪૪] નીતિશાસ્ત્રનું જ્ઞાન રાજાને માટે અનિવાર્ય છે. તેના અભાવમાં પ્રજાપાલન તથા દુષ્ટદમનનું કાર્ય અશકય છે.[૪૫] કામન્દકે રાજાનું મહત્ત્વ બતાવતા કહ્યું છે કે - રાજા ભ્રષ્ટ કે અજ્ઞાની હોવાથી સમગ્ર સંસાર ભ્રષ્ટ કે અજ્ઞાની થઇ જાય છે. જયારે તેનો ઉદય થાય છે ત્યારે સમગ્ર પ્રજા એ પ્રકારે ખીલી ઉઠે છે. જેમ સૂર્યોદયથી કમળ ખીલે છે.[૪૬] આ કારણે રાજાને મેઘની સમાન સંસારમાં બધાને પાળવાવાળા કહેવાયેલ છે. જો તે પોતાના કર્તવ્ય પૂર્ણ કરતો નથી તો બધી પ્રજા એમને આ પ્રકારે છોડી દે છે, જેવી રીતે પક્ષી સુકાયેલા ઝાડને છોડી દે છે.[૪૭] દુષ્ટનિગ્રહ અને શિષ્ટપરિપાલનરૂપ પોતાના મૂળ કર્તવ્યથી રહિત રાજાની મોટી દુર્ગતિ થાય છે કારણ કે સાગરમાં તૂટેલી નૌકાની જેમ લોકો ત્યાગ કરી દે છે. એમાંથી એક અરક્ષક રાજા પણ છે.[૪૮] એવા રાજાને બીજો રાજા જ સુધારી શકે છે કારણ કે કાદવમાં ફસાયેલા હાથીને હાથી જ બહાર કાઢવામાં સમર્થ છે.[૪૯] કામન્દક પણ આ મતનો સ્વીકાર કરતાં બીજા ત્રણ ઉદાહરણ દ્વારા એમને સ્પષ્ટ કરે છે. જેમકે - ઝેરથી જ ઝેરનું શમન થાય છે, વજથી જ વજ કાપી શકાય છે અને શક્તિશાળી હાથીનો વધ શક્તિશાળી હાથી જ કરી શકે છે.[૫૦] કામન્દકે રાજાના મુખ્ય ચાર કર્તવ્ય બતાવ્યા છે. ન્યાયપૂર્વક અર્થોપાજન, અર્જિતધનની રક્ષા અને વૃદ્ધિ અને પ્રાપ્ત ધનનો શ્રેષ્ઠ લોકોને માટે વિનિયોગ.[૫૧] આમ કરવાવાળા રાજા

૪૨. કા.ની. - ૨/૨૧,૨૩.
૪૩. શુ.ની. - ૧/૩૬.
૪૪. એજન - ૧/૮૩.
૪૫. એજન - ૧/૧૪.
૪૬. नरेश्वरे जगत्सर्वं निमीलति निमीलति ।
सूर्योदयोः यथाम्भोजं तत्प्रबोधे प्रबुध्यते ॥ - કા.ની. - ૪/૧૨.
૪૭. आजीव्यः सर्व भूतानों राजापर्जान्यविद् भूवि ।
निराजीव्यं त्यजदेनं शुष्कवृक्षमिवाण्ऽजाः ॥ - કા.ની. - ૪.
૪૮. વિદૂરનીતિઃ - ૧/૮૪, ૮૫.
૪૯. શુક્રનીતિઃ - ૪/
૫૦. કા.ની. - ૮/૬૭.
૫૧. એજન - ૧/૧૮.

જ ખરેખર રાજા છે કારણ કે પ્રજાની સાથે પિતાનો વ્યવહાર કરે છે.[૫૨] રાજામાં સહિષ્ણુતા તેમજ અસહિષ્ણુતા બન્ને ગુણ હોવા જોઇએ. તે સમય આવ્યે પર્વતની જેમ અવિચલિત થઇ જાય છે અને આવશ્યકતા અનુસાર અગ્નિની જેમ અસહિષ્ણુ બનીને શત્રુને બાળી નાખે છે.[૫૩]

સામાજિક અનુબંધનવાદની ધ્વનિ નીતિગ્રંથોમાં ધ્વનિત થાય છે. તે પ્રમાણે રાજા પ્રજાનું રક્ષણ કરે છે અને બદલામાં પ્રજા પણ એમની વૃદ્ધિ કરે છે. પરંતુ વૃદ્ધિથી સંરક્ષણનું કાર્ય વધુ મહત્ત્વપૂર્ણ છે કારણ કે સંરક્ષણ વિના જે કાંઇ આજ છે તે ન હોત.[૫૪] પ્રજાપાલનના આ કાર્યમાં રાજાને યોગ્ય સલાહ અપાઇ છે કે તે દુઃખીઓનું પાલન મૃદતા કોમળતાપૂર્વક કરે છે[૫૫] કારણ કે જો તે પ્રજા દુઃખી થાય તો પોતાના આંતરિક ક્રોધથી રાજાનો નાશ કરી નાખે છે.[૫૬] કર્તવ્યને પૂર્ણ કરવાવાળા રાજા અધિકારોપભોગને માટે હાથમાં દંડ ધારણ કરે, કારણ કે ખેડુત કાંટાની વાડથી જો ખેતરની રક્ષા કરે છે તો પોતાના હાથમાં ફળ તોડવા માટે દંડ પણ રાખે છે.[૫૭] રાજાએ પ્રજાના રક્ષણ માટે પોતાના નિયુકત અધિકારીઓ, ચોરો, શત્રુઓ તથા પોતે પોતાના લાભ ઉપર કાબુ રાખવો જોઇએ. કારણ કે તે પાંચેયથી પ્રજાને ભય રહે છે.[૫૮]

નીતિગ્રંથોમાં ઉત્તરાધિકારીના સંદર્ભમાં પણ વિચાર થયો છે. અધિકારોના ઉપભોગ માટે રાજસિંહાસનની તરફ આષ્કૃષ્ટ હોવા સ્વાભાવિક છે. એટલા માટે ઉત્તરાધિકારીના પ્રશ્ન ઉપર હમેંશા વિવાદ તેમજ ષડ્યંત્ર હોવાની શકયતા છે. તેથી સામાન્ય રીતે એ નિયમ બનાવી દીધો કે રાજાનો મોટો પુત્ર યુવરાજ બને. બાકી રાજપુત્રોને પણ ષડ્યંત્ર વગેરેથી દૂર રાખવા માટે વિભિન્ન સહાયક પદો ઉપર નિયુક્તિ કરવામાં આવતી. એનાથી બે લાભ થયા, રાજપુત્રો સહાયક બનવાથી ષડ્યંત્રોની શકયતા ઓછી થઇ, બીજી બાજુ આર્થિક તેમજ પ્રશાસનિક

---

૫૨. એજન – ૪/૨૦.
૫૩. એજન – ૧૦/૩૬.
૫૪. એજન – ૧/૧૨.
૫૫. तस्माद्राजा नृशंस्येन पालयेत्कृपणं जनम् । – કા.ની. – ૩/૬.
૫૬. कृपणोपीऽयमानोहिमन्युना हंति पार्थिवम् ॥ – કા.ની. – ૩/૮.
૫૭. એજન કા.ની. – ૫/૮૨.
૫૮. यथा रक्षेच्च निपुणं सस्यं कंटकशाखया ।
कलाय लगुडः कार्यस्तद्यभ्दोग्यमिदं जगत् ॥ – કા.ની. – ૫/૮૧.

સમસ્યાઓના સમાધાનમાં રાજાને સુવિધા થવા લાગી, કારણ કે એમના સહાયક એમના જ માણસો હતા.

નીતિગ્રંથોના સમય સુધી રાજયોની સ્થાપના ઘણી વિસ્તૃત થવા લાગી હતી. કા.ની. (૧/૧૭) તથા શુ.ની. (૧/૯૯) માં સાગરપર્યન્ત રાજા યુક્ત રાજયનું વર્ણન છે. નીતિયુગીન રાજયોમાં પ્રશાસકીય કાર્યક્ષેત્રનો પણ વિસ્તૃત વિસ્તાર થયો. એમાં રાજયોનું સંચાલન કરવા માટે રાજાને મંત્રી, પુરોહિત, સેનાપતિ વગેરે ઉપરાંત અન્ય પ્રકારના સહયોગી અધિકારીઓની પણ જરૂરિયાત ઊભી થઇ. શુક્રનીતિમાં વિસ્તારથી અનેક અનુજીવીઓના કાર્ય તથા સ્વરૂપ વગેરેનું વર્ણન છે. જેમ કે દૂત (૨/૭૨ અને ૮૬), પુરોધ (૨/૭૪), અશ્વાધિપતિ (૨/૧૩૦), અશ્વશિક્ષક (૨/૧૩૫), સૈનિક (૨/૧૩૮-૪૦) ધાન્યપતિ (૨/૧૫૫), સભાસદ (૨/૧૬૫-૬૬), સારથી (૨/૧૩૧), પરીક્ષક (૨/૧૬૮), ગ્રામરક્ષક (૨/૧૭૦), ભાગહર-ભૂમિકર સંગ્રહ (૨/૧૭૦-૭૧), અંતઃપુરના કર્મચારી (૨/૨૮૪), વૈશ્યાઓના પ્રબંધક (૨/૧૯૧-૯૨) વગેરે વિષયમાં પ્રસંગવશ આવશ્યક પરિચય આપેલ છે.

નીતિગ્રંથોની મુખ્ય વિશેષતા એમની ધર્મનિરપેક્ષતા છે કારણ કે સ્મૃતિગ્રંથોમાં ધાર્મિક પ્રધાનતા છે એ વિશેષતા અર્થશાસ્ત્ર ઉપર પણ લાગુ પડે છે પરંતુ, એમનો આશય નથી કે નીતિશાસ્ત્ર અર્થશાસ્ત્રીય સિદ્ધાંતનું જ અનુમોદન કરે છે. નિષ્કર્ષતઃ જયાં સ્મૃતિઓ 'આદર્શવાદી' રાજનૈતિક સિદ્ધાંતોનું પ્રતિપાદન કરે છે અને નીતિગ્રંથ 'યથાર્થવાદી' સિદ્ધાંતોનું તે જ અર્થશાસ્ત્રમાં 'आदर्शोन्मुखयथार्थवादी' સિદ્ધાંતની ચર્ચા કરાઇ છે. આ પ્રકારે નીતિગ્રંથોની પોતાની અલગ રીતની પરંપરા તેમજ વિશેષતા રહી છે.

વિશેષકર શુક્રનીતિમાં યથાર્થવાદી દષ્ટિકોણનું જ વિવેચન છે. રાજા સામાજિક જીવનની મુશ્કેલીઓને કેવી રીતે દૂર કરે અને પ્રશાસકીય કાર્યોને કેવી રીતે જનકલ્યાણ સાથે અભિપ્રેરિત કરે, ગ્રંથકાર આજ વિષયવસ્તુને પોતાનું વર્ણન ક્ષેત્ર બનાવે છે.

## પરિશિષ્ટ - ૧

### -: શુક્રનીતિમાં કામન્દકીયનીતિસારના શ્લોકો :-

| શુ.ની. | | કા.ની. | |
|---|---|---|---|
| અધ્યાય | શ્લોક સંખ્યા | અધ્યાય | શ્લોક સંખ્યા |
| ૧ | ૬૪,૬૫ | ૧ | ૯,૧૦ |
| ૧ | ૬૭,૬૮ | ૧ | ૧૫,૧૬ |
| ૧ | ૬૯(ઉ.) | ૧ | ૧૭(પૂ.) |
| ૧ | ૯૧ | ૧ | ૨૧(ઉ.)૨૨(પૂ.) |
| ૧ | ૯૨ | ૧ | ૨૫ |
| ૧ | ૯૬,૯૭ | ૧ | ૨૬,૨૭ |
| ૧ | ૯૮,૯૯ | ૧ | ૨૯,૩૯ |
| ૧ | ૧૦૦ | ૧ | ૪૦ |
| ૧ | ૧૦૧ થી ૧૦૫ | ૧ | ૪૨ થી ૪૬ |
| ૧ | ૧૦૭(પૂ.) | ૧ | ૪૮(પૂ.) |
| ૧ | ૧૧૦ થી ૧૧૨(પૂ.) | ૧ | ૫૨ થી ૫૪(પૂ.) |
| ૧ | ૧૪૨ થી ૧૪૮ | ૧ | ૫૬ થી ૬૨ |
| ૧ | ૧૪૯(પૂ.) | ૧ | ૬૩(પૂ.) |
| ૧ | ૧૫૦(ઉ.) | ૧ | ૬૪(પૂ.) |
| ૧ | ૧૫૧ | ૧ | ૬૫ |
| ૧ | ૧૫૨ | ૨ | ૨ |
| ૧ | ૧૫૪ | ૨ | ૭(ઉ.), ૧૦(ઉ.) |
| ૧ | ૧૫૫ | ૨ | ૧૩ |
| ૧ | ૧૫૬(ઉ.) | ૨ | ૧૪(ઉ.) |
| ૧ | ૧૫૭ | ૨ | ૧૫ |
| ૧ | ૧૫૮ | ૨ | ૧૧, ૧૨(ઉ.) |
| ૧ | ૧૫૯, ૧૬૦ | ૩ | ૬, ૭ |
| ૧ | ૧૬૧ | ૩ | ૧૩(ઉ.), ૧૪(પૂ.) |
| ૧ | ૧૬૨, ૧૬૩ | ૩ | ૧૫, ૧૬ |

| અધ્યાય | શ્લોક સંખ્યા | અધ્યાય | શ્લોક સંખ્યા |
|---|---|---|---|
| ૧ | ૧૬૪, ૧૬૫ | ૩ | ૧૮, ૨૧ |
| ૧ | ૧૬૬, ૧૬૭ | ૩ | ૨૩, ૨૪ |
| ૧ | ૧૬૮, ૧૬૯ | ૩ | ૨૬, ૨૮ |
| ૧ | ૧૭૦ | ૩ | ૩૦ |
| ૧ | ૧૭૨ થી ૧૭૪ | ૩ | ૩૧ થી ૩૩ |
| ૨ | ૧૨ (પૂ.) | ૧૮ | ૨૮ (પૂ.) |
| ૨ | ૧૮ | ૭ | ૧(ઉ.) ૪(પૂ.) |
| ૨ | ૧૯ | ૭ | ૪(ઉ.) ૨(પૂ.) |
| ૨ | ૨૦(પૂ.) | ૭ | ૨(ઉ.) |
| ૨ | ૨૫(ઉ.) | ૭ | ૫(ઉ.) |
| ૨ | ૨૬ | ૭ | ૭ |
| ૨ | ૨૭ | ૭ | ૮(પૂ.) ૬(ઉ.) |
| ૨ | ૨૦૯ | ૫ | ૨૪(ઉ.) ૨૫(પૂ.) |
| ૨ | ૨૧૦ | ૫ | ૨૫(ઉ.) ૨૬(પૂ.) |
| ૨ | ૨૧૩, ૨૧૫ | ૫ | ૨૩, ૨૮ |
| ૨ | ૨૧૬(પૂ.) | ૫ | ૨૯(પૂ.) |
| ૨ | ૨૧૯(પૂ.) | ૫ | ૩૦(પૂ.) |
| ૨ | ૨૨૦ | ૫ | ૩ |
| ૨ | ૨૨૪ થી ૨૨૬ | ૫ | ૩૧ થી ૩૩ |
| ૨ | ૨૨૭ | ૫ | ૩૪, ૪૭(ઉ.) |
| ૨ | ૨૨૯ | ૫ | ૪૨(ઉ.) ૪૪(ઉ.) |
| ૨ | ૨૩૧(પૂ.) | ૫ | ૩૫(પૂ.) |
| ૨ | ૨૩૨ | ૫ | ૩૫(ઉ.) ૩૬(પૂ.) |
| ૨ | ૨૩૪(પૂ.) | ૫ | ૩૭(ઉ.) |
| ૪ – ૭ | ૨૧૭ | ૧૭ | ૧૯ |
| ૪ – ૭ | ૨૧૮ | ૧૭ | ૨૦ |
| ૪ – ૭ | ૨૧૯ | ૧૭ | ૨૧ |
| ૪ – ૭ | ૨૨૭ | ૯ | ૧ |
| ૪ – ૭ | ૨૨૮ | ૯ | ૨૨ |

| અધ્યાય | શ્લોક સંખ્યા | અધ્યાય | શ્લોક સંખ્યા |
|---|---|---|---|
| ૪ – ૭ | ૨૨૯ | ૯ | ૨૩ |
| ૪ – ૭ | ૨૩૨ | ૯ | ૪૭ |
| ૪ – ૭ | ૨૩૫ | ૯ | ૫૦ |
| ૪ – ૭ | ૨૩૬ | ૯ | ૫૧ |
| ૪ – ૭ | ૨૩૭ | ૯ | ૫૪ |
| ૪ – ૭ | ૨૩૮ | ૧૦ | ૨ |
| ૪ – ૭ | ૨૪૩ | ૧૧ | ૨ |
| ૪ – ૭ | ૨૪૪ | ૧૧ | ૩ |
| ૪ – ૭ | ૨૪૫ | ૧૧ | ૪ |
| ૪ – ૭ | ૨૪૬ | ૧૧ | ૫ |
| ૪ – ૭ | ૨૪૭ | ૧૧ | ૬ |
| ૪ – ૭ | ૨૪૮(પૂ.) | ૧૧ | ૮(પૂ.) |
| ૪ – ૭ | ૨૪૯ | ૧૧ | ૯ |
| ૪ – ૭ | ૨૫૧ | ૧૯ | ૪૫, ૪૬(ઉ.) |
| ૪ – ૭ | ૨૫૨ | ૧૯ | ૪૪ |
| ૪ – ૭ | ૨૫૩ | ૧૯ | ૪૮ |
| ૪ – ૭ | ૨૫૪ | ૧૯ | ૪૯ |
| ૪ – ૭ | ૨૭૪ | ૧૧ | ૧૫ |
| ૪ – ૭ | ૨૭૫ | ૧૧ | ૧૬ |
| ૪ – ૭ | ૨૭૬ | ૧૧ | ૨૭ |
| ૪ – ૭ | ૨૭૮(પૂ.) | ૧૧ | ૨૩(ઉ.) |
| ૪ – ૭ | ૨૮૧ | ૧૨ | ૨૭(ઉ.) ૨૯(પૂ.) |
| ૪ – ૭ | ૨૮૨(પૂ.) | ૧૨ | ૨૯(ઉ.) |
| ૪ – ૭ | ૩૩૦ | ૧૯ | ૫૦(ઉ.) ૫૧(પૂ.) |
| ૪ – ૭ | ૩૩૧ | ૧૯ | ૫૧(ઉ.) ૫૨(પૂ.) |
| ૪ – ૭ | ૩૩૨ | ૧૯ | ૫૨(ઉ.) ૫૩(પૂ.) |
| ૪ – ૭ | ૩૫૬ | ૨૦ | ૨૧ |

## ❖ ઉપસંહાર :-

સંસ્કૃત સાહિત્યના ક્ષેત્રમાં શ્રવ્યના પ્રભેદ તરીકે મહાકાવ્યનું વિશિષ્ટ સ્થાન અને મહત્ત્વ છે. તેમાંય પ્રાચીન ભારતમાં રાજનીતિશાસ્ત્રીય વિચારધારાપરક ગ્રંથોની એક ઉજ્જવળ પંરપરા રહી છે. કોઇ મહાપુરુષ કે આચાર્યના જીવન ઝરણાં રસપાન કરાવવા અગર ધર્મ કે સંપ્રદાય વિશેષના પ્રચાર પ્રસારર્થે મહાકાવ્યો લખાતાં હોય છે. આવા મહાન ઉદ્દેશ્ય માટેનું વાહન પણ જ મહાન હોવું જોઇએ. જીવનનું વિશાળ, સર્વવ્યાપી અને આમૂલદર્શન કરાવવાની મહાકવિ પાસેથી અપેક્ષા રાખવામાં આવે છે. આથી પ્રતિભા, ભવ્ય કલ્પનાશક્તિ, અવલોકન, જીવનના પ્રત્યેક પાયાનું સૂક્ષ્મ નિરીક્ષણ, ઉચ્ચ સંવેદનશીલતા ભાષા પરનું પ્રભુત્ત્વ વગેરે શક્તિથી કવિ માનસ સંપન્ન અને સમૃદ્ધ હોવું જોઇએ.

સંસ્કૃત વાઙ્મયમાં નીતિશાસ્ત્રના પ્રવર્તક આચાર્યોમાં ભારતીય સંસ્કૃતિના નાયક, દાનવસંસ્કૃતિના ગુરુ, યોગાચાર્ય અને મેધાવી શુક્રાચાર્યની કલમે લખાયેલ 'શુક્રનીતિ' સદાચાર અને નીતિના રસાયણ દ્વારા જીવનને સ્વસ્થ અને સુંદર બનાવવાની ચિકિત્સા કરતું જડીબુટ્ટીની જેમ જાણીતુ અને માનીતું બન્યું છે. શુક્રાચાર્ય એવા જીવનદ્રષ્ટા છે કે જે આ ગહન સંસાર કાન્તારમાં એક ભોમિયા તરીકે આપણને એ મળ્યા એ સદ્ભાગ્ય છે. એમની 'શુક્રનીતિ' એ માનવજીવન યાત્રામાં એક અમોઘ નકશો બની રહે છે.

'નીતિ' શબ્દ માત્ર નૈતિકતા (Morality) નો જ નહિ પરંતુ રાજનીતિ (Policy) નો પણ વાચક છે. કુટુંબ અને રાજય સમાજ જીવનના આધાર છે. એટલે આદર્શ સમાજના નિર્માણમાં કુટુંબ જીવનની સ્વસ્થતા અને રાજશાસ્ત્રની સ્વસ્થતાનો કવિ વારંવાર વિચાર કરે છે. આ બધાના કેન્દ્રમાં મનુષ્ય હોઇ, મનુષ્યને માટે ઉપકારક અને આવશ્યક એવા વિધિ નિષેધોનો મહાભારતકાર અવારનવાર ઉલ્લેખ કરે છે. એક માત્ર 'નીતિ' નો દીપક આ અસિધારા જેવા દુર્ગમપથમાં ધોપટ પાર ઊતારવા સમર્થ છે, એજ મારા શોધકાર્યની ફલશ્રુતિ છે.

વિગત પૃષ્ઠોમાં પ્રાચીન ભારતીય રાજનીતિ શાસ્ત્રીય વિચારોના સ્ત્રોતરૂપ ગ્રંથો, શુક્રાચાર્યનું રાજનીતિનિરૂપણ, તેમના પ્રભાવકારી પુરોગામીઓ, શુક્રાચાર્યની વિશિષ્ટતાઓ, મર્યાદાઓ વગેરે પ્રસ્તુત કરવાનો પ્રયાસ થયો છે. આના પરિણામે

કહી શકાય કે શુક્રનીતિ રાજનીતિશાસ્ત્રનો પ્રાથમિક પરિચય આપતો ગ્રંથ છે તેમ છતાં અહીં પ્રસ્તુત થયેલ વિચારો ઘણું માર્ગદર્શન પૂરું પાડે છે.

રાજયની ઉત્પત્તિના સંદર્ભમાં પ્રાચીનતમ સિદ્ધાંત છે - ''દૈવી સિદ્ધાંત'' તે અનુસાર રાજયનું નિર્માણ ઈશ્વરે કર્યું છે. તેમજ રાજા ઈશ્વરનો પ્રતિનિધિ છે. એ માન્યતા હતી કે રાજાની આજ્ઞાનો અનાદર કરવો એ ઈશ્વરની આજ્ઞાનો અનાદર માનવામાં આવતો. આ સંદર્ભમાં મનુ, યાજ્ઞવલ્કય, કૌટિલ્ય, કામન્દક વગેરેની જેમ શુક્રાચાર્યને પણ રાજા અને રાજયની દૈવી ઉત્પત્તિનો સિદ્ધાંત જ માન્ય છે. શુક્રાચાર્યે રાજાને સર્વાધિક મહત્તા પ્રદાન કરી છે. શુક્રનીતિમાં રાજાને દેવાંશી બતાવ્યો છે. ગ્રંથકાર રાજાના બે રૂપ દર્શાવે છે - 'દેવાંશ' અને 'રાક્ષસાંશ' ઔચિત્યનું અવલંબન કરવાવાળા રાજા 'દેવાંશી' છે અને અનૌચિત્યનું અવલંબન કરવાવાળા રાજા 'રાક્ષસાંશી' છે. ગ્રંથકારે સારા-નરસા ગુણોના આધાર પર રાજાના સ્વરૂપનું વર્ગીકરણ કર્યું છે. પવન જેમ સુગંધ કે દુર્ગંધનો વાહક છે, એવી રીતે રાજા પણ સારા નરસા કર્મોનો પ્રેરક હોય છે. જેમ સૂર્ય અંધકારનો નાશ કરે છે તેમજ ધર્મનો પ્રવર્તક છે, તેમ રાજા પણ અધર્મનો નાશક તેમજ ધર્મનો પ્રવર્તક છે. શુક્રાચાર્ય રાજયના સાત અંગોમાં સ્વામી-રાજાનો સર્વપ્રથમ નિર્દેશ કર્યો છે.

રાજયમાં સૌપ્રથમ સ્થાન રાજાનું હોય છે. ત્યારપછીનું સ્થાન અમાત્ય ધરાવે છે. રાજાના અનેકવિધ કાર્યો હોય છે, તે ગમે તેટલો મતિમાન અને સમર્થ હોય તોપણ એકલો કોઇની સહાય વિના આ કાર્યો પાર પાડી શકતો નથી. કૌટિલ્યે પણ અમાત્યાદિની મહત્તા દર્શાવતા કહ્યું છે કે રથ એક પૈડાથી ચાલતો નથી રાજકાર્ય સહાયથી જ પાર પડે છે. માટે સચિવો નીમવા, તેમના મત સાંભળવા ગ્રંથકારે એક રૂપકમાં અમાત્યની રાજયની આંખ સાથે સરખામણી કરી છે. વળી રાજયને વૃક્ષનું રૂપક આપ્યું તેમાં મંત્રીઓને વૃક્ષના થડ માનેલ છે. આમ, શુક્રાચાર્ય પૂર્વ અને પછી મંત્રીને કે અમાત્યને ઘણું મહત્ત્વ અપાયું છે.

રાજનીતિશાસ્ત્રીઓએ મિત્રને ઘણું જ મહત્ત્વપૂર્ણ અંગ ગણાવેલ છે. શુક્રાચાર્યે પણ મિત્ર (મિત્ર રાષ્ટ્ર) ને રાજયના સાત અંગોમાં સ્થાન આપી મૌલિકતા અને સૂઝ દર્શાવી છે. આમ, આ મિત્ર એ વિજિગીષુથી સ્વતંત્ર હોય છે. તેને પોતાની પ્રકૃતિ હોય છે. મિત્રનું રાજય એ ભિન્ન રાજય હોય છે. પરંતુ શત્રુ

સાથેના વિજિગીષુના વ્યવહારમાં મિત્ર રાજયની સહાય મહત્ત્વપૂર્ણ પરિબળ બની જાય છે. સત્તા સમતુલનમાં મિત્ર (રાજય) નું મોટું યોગદાન રહેલું છે. જેમ અમાત્ય, કોશ, દુર્ગ વગેરે ઉપકારક છે, તેમ મિત્ર પણ ઉપકારક છે. ગ્રંથકારે રાજયના સાત અંગોની સૂચિમાં મિત્રને ત્રીજા ક્રમે મૂકેલો છે. ગ્રંથકાર સરખાવે છે શરીરમાં કાનનું જેટલું મહત્ત્વ છે, તેટલું મહત્ત્વ રાજયમાં મિત્રનું છે.

ભારતીય રાજનીતિશાસ્ત્રીઓએ કોશની મહત્તા પીંછાણી, વાસ્તવિકતાને લક્ષ્યમાં રાખી ઉચિત રીતે જ તેને રાજયના સપ્તાંગોમાં સમાવિષ્ટ કરેલો છે. આચાર્ય શુક્ર પણ રાજયના સાત અંગોમાં કોશનો નિર્દેશ કરે છે. ધર્મશાસ્ત્રે પણ અર્થના ગૌરવને સ્વીકાર્યું છે. પારલૌકિક સુખ ઉપરાંત ઐહિક સુખ પણ માનવને ઇષ્ટ અને પ્રેય હોય છે. અર્થ ઐહિક સુખમાં મોટું પરિબળ છે. અર્થને માનવ જીવનના ચાર પુરુષાર્થમાં સ્થાન આપી મનીષીઓએ સૂક્ષ્મ સમજ દર્શાવી છે. આમ, માનવના સમગ્ર જીવનમાં અર્થનું સર્વતોવ્યાપી સ્થાન છે. અર્થ વિશેની આવી સમજ ગ્રંથકારને પણ પરંપરાથી મળી છે. તેઓ સ્વયં આ વિચારધારાનું અનુમોદન કરતા જણાય છે. ગ્રંથકારે કોશની મહત્તા, કોશ સંચય, કર નિર્ધારણના સિદ્ધાંતો, કોશરક્ષા અને કોશનો વિનિયોગ વગેરે સંદર્ભે વિશદ્ ચર્ચા કરી છે અને જે ઘણી ઉપયોગી બને તે પ્રકારની છે.

રાજનીતિશાસ્ત્રીઓએ રાજયના વિભિન્ન અંગોમાં દુર્ગનું પણ મહત્ત્વ દર્શાવે છે. આચાર્ય શુક્ર એ પણ રાજયના સાત અંગોમાં દુર્ગને સમાવિષ્ટ કરેલો છે અને દુર્ગને રાજયના હાથ સાથે સરખાવેલ છે. રાજાને પાડોશી રાજયો વચ્ચે શત્રુતા સ્વાભાવિક બની જતી હોય ત્યારે ઉભય પક્ષે સુરક્ષાના ઉપાયો અતિ આવશ્યક બની જાય છે. શત્રુના આક્રમણના પ્રતિકારમાં મળેલી નિષ્ફળતા રાજાને રાજયના સ્વામીત્વથી વંચિત કરી દે છે. આ કારણે સુરક્ષાના ઉપાયો પૈકી અગત્યના ઉપાયો રાજયના અંગ તરીકે સ્થાન પ્રાપ્ત કરી લે છે. આથી દુર્ગનો રાજયના સાત અંગોમાં થયેલો સમાવેશ સમજી શકાય છે.

પ્રાચીન વિચારકોએ યુદ્ધ તેમજ સૈન્યને પણ ચિંતનનો વિષય બનાવ્યો છે. યુદ્ધના કારણો, સૈન્યની મહત્તા વગેરેને સમજીને રાજયના સાત અંગોમાં સેનાને સ્થાન આપ્યું છે. બલ અથવા સૈન્યશક્તિને પ્રાચીનકાળમાં રાજયનું એક અનિવાર્ય

અંગ માનવામાં આવતું હતું. રાજયની સુરક્ષામાં તેમનું વિશેષ મહત્ત્વ હતું. મહાભારત, અર્થશાસ્ત્ર, મનુસ્મૃતિ વગેરેમાં દંડ અથવા બલ કે સેનાનું વિસ્તારથી વર્ણન મળે છે. આચાર્ય શુક્ર પણ સંબંધી વિચારધારામાં પોતાનો સૂર પૂરાવે છે. ગ્રંથકારે બલનું મહત્ત્વ, સૈનિકની યોગ્યતા, સેનાના પ્રકાર, અસ્ત્ર-શસ્ત્રનો વિચાર, સેનાપતિ અને તેના ગુણો, સેનાપતિ અને નાયક વગેરે સંબંધી વિચાર કર્યો છે.

તો વળી, યુદ્ધ એ રાજય વિસ્તારના સ્વપ્નને સાકાર કરવા માટે વિજિગીષુના મહત્ત્વના સાધનો પૈકીનું એક સાધન છે. વળી આક્રમણના ભોગ બનેલા રાજા માટે યુદ્ધ એ એક આવી પડેલી આપત્તિ છે, જેનો કોઇ પણ પ્રકારે પ્રતિકાર કરવો પડે છે. આથી યુદ્ધ ન હોવું જોઇએ એ એક આદર્શ છે. જયારે યુદ્ધ થાય છે એ એક વાસ્તવિકતા છે. આથી કોઇપણ રાજનીતિશાસ્ત્રીય વિચારક યુદ્ધની ચર્ચા ટાળે નહીં, તેની ઉપેક્ષા કરે નહીં, તેને સ્પશર્યા વિના છોડી દે નહીં તે સ્વાભાવિક છે. તેથી અહીં શુક્રનીતિમાં વર્ણિત યુદ્ધનીતિનો વિચાર પ્રસ્તુત બની ગયેલ છે. ગ્રંથકારે યુદ્ધના પ્રકારો, કૂટયુદ્ધ, ચઢાઇ, વ્યૂહવિધાન, દાનકલ્પના વગેરે મુદ્દાઓ પર ખૂબજ કાળજીપૂર્વક છણાવટ કરી છે.

ભારતીય પંરપરામાં રાજનીતિ શકિતનો સ્રોત સમાજ છે. રાજનીતિ વિશ્લેષણમાં સમાજનો સર્વાંગીણ વિકાસ અનિવાર્ય છે. વસ્તુતઃ શુક્ર સમાજના સંગઠન, તેમના વિભિન્ન ઘટકોનું સ્વરૂપ, જવાબદારી, પરસ્પર સંબંધ વગેરેની વ્યાપક વ્યાખ્યા કરે છે. તેમાં સામાજિક, આર્થિક તેમજ રાજનૈતિકની સાથે ધાર્મિક અને સાંસ્કૃતિક પક્ષનો પણ સમાવેશ થઇ જાય છે. આ વ્યાપક પરિવેશમાં રાજસત્તાના નિરૂપણમાં શુક્રનીતિ રાજનૈતિક સમાજશાસ્ત્રનું રૂપ ધારણ કરી લે છે. જેમાં આર્થિક શક્તિઓ અને તેમના દ્વારા થતાં પરિવર્તનોની પ્રક્રિયાનું વ્યાપક ચિત્રણ મળે છે. આ પ્રકારે શુક્રનીતિનો પ્રતિપાદ્ય વિષય અત્યંત વિસ્તૃત બની જાય છે.

શુક્રનો ઉલ્લેખ રાજશાસ્ત્ર પ્રણેતાના રૂપમાં મહાભારતથી પ્રાપ્ત થાય છે. એમની પરંપરા ચોક્કસ તેનાથી પૂર્વવર્તી રહી છે. શુક્રનીતિમાં પ્રાપ્ત સામગ્રીના કેટલાક અંશોના આધારે તેને આધુનિક રચના પણ કહેવામાં આવે છે. એટલું તો સર્વસામાન્ય છે કે શુક્ર નીતિગ્રંથોની પરંપરાના સશકત ભાષ્યકાર છે અને શુક્રનીતિ

આ પરંપરાની સર્વાધિક સશકત કૃતિ છે. તેમાં રાજનીતિશાસ્ત્રના વિભિન્ન અંશોનું અત્યંત વ્યવસ્થિત રૂપથી પ્રતિપાદન થયું છે.

શુક્રાચાર્યનો રાજા વંશાનુગત છે કારણ કે તેમની યોગ્યતાનો એક આધાર છે. જો તે અન્ય યોગ્યતાઓથી પર હોય તો વંશના જ આધાર પર રાજા બની શકતો નથી. વંશાનુગત રાજતંત્રના નાતે જાતિ– વિશેષના જ રાજા થવું અનિવાર્ય નથી. જયારે ક્ષત્રિયેતર રાજાઓનું વર્ણન મળે છે, તેની સાથે રાજાના પદચ્યુત હોવાના પણ પ્રમાણ મળે છે. શુક્રનો સ્પષ્ટ ઉલ્લેખ છે કે જો રાજા ગુણ, જાતિ તેમજ બળનો દ્વેષી અને અધાર્મિક હોય તો રાજકુળમાં ઉત્પન્ન હોવા છતાં પણ તેમને રાષ્ટ્રનાશક સમજી ત્યાગ કરી દેવો જોઇએ અને તેમના સ્થાને તેજ કુળના કોઇપણ ગુણવાન પુરુષને અન્ય મંત્રીઓ તેમજ પુરોહિતો સાથે પરામર્શ કરી પદારુઢ કરી દેવો જોઇએ. આ સ્થિતિમાં વંશાનુગત રાજતંત્ર નૈસર્ગિક કે દૈવી અધિકારની સમાન નથી. રાજતંત્રની વ્યાખ્યામાં શુક્રાચાર્યે પરંપરા પ્રાપ્ત આદર્શોની સ્થાપના કરી છે.

શુક્રાચાર્યની આ રચનાનો મુખ્ય આધાર કૌ. અર્થ છે. અન્ય પુરોગામી અર્થશાસ્ત્રીય વિચારકોનું ચિંતન વારસામાંથી આવશ્યતાનુસાર ગ્રહ્યું છે, સ્મૃતિશાસ્ત્રોનો પ્રભાવ ઝીલ્યો છે અને એ રીતે આ ગ્રંથ અર્થશાસ્ત્ર સ્મૃતિ પરંપરાને પ્રસ્તુત કરે છે.

શાસ્ત્રીય બાબતોને પ્રસ્તુત કરતી વેળા કાવ્યને વાહક બનાવવું, લોકોકિતઓ યાદ આવી જાય તેવી સૂકિતઓ વણી લેવી, ગળે ઉતરી જાય તે પ્રકારે બોધાત્મકતાનો પુટ આપવો, અલંકાર મઢેલા વિચારો પ્રસ્તુત કરવા, છંદના લયમાં વિચારોને આંદોલિત કરવા પ્રાયઃ સારગર્ભિતા જાળવી રાખવી વગેરે બાબતોમાં શુક્રાચાર્યની વિશિષ્ટતા જોઇ શકાય છે.

આમ, ગ્રંથના રચનાકાળ સમયની રાજકીય સ્થિતિ અને વર્તમાન સ્થિતિમાં અતિશય ભિન્નતા હોવા છતાં આ ગ્રંથ શાસક અને શાસિત વચ્ચેના સુમેળભર્યા સંબંધોના નિર્માણની વર્તમાન સમયમાં પણ પ્રેરણા આપે છે. વધુને વધુ પ્રજારંજક કાર્ય કરવાનો બોધ આપે છે. શાસક જ નહીં પણ સૌના ચરિત્રની દઢતાને આવશ્યક વિનય– ઇન્દ્રિજયનો ઉપદેશ આપે છે. વિદેશનીતિમાં કેવળ આદર્શ નહીં અપનાવતા

વ્યવહારિકતા અને આદર્શના સમન્વયની ઉપાદેયતા સમજાવે છે. રાજા બનાવનાર સમાજનું ઘડતર કરવામાં સહાયભૂત બની રહે છે. શુક્રાચાર્યે આ નથી આપ્યું, તે નથી આપ્યુ તેમ યાદી કરી શકાય, તેની મર્યાદા પ્રત્યે આંખ મીંચામણાં ન કરાય. પરંતુ રાજનીતિશાસ્ત્રના નીરસ શુષ્ક પ્રદેશમાં કાવ્યના સિંચનથી લીલોતરી ઊગાડી તેને લીલોછમ બનાવી દીધો એ ઉપકાર પણ ઓછો નથી !

કાવ્યશૈલીના આવા ચમત્કારિક પ્રયોગ દ્વારા રાજનીતિશાસ્ત્રના પાઠ શીખવવાની આ રીતિએ શુક્રના અનુગામીઓને આકર્ષિત કર્યા છે. શુક્રાચાર્યે અહીં પ્રસ્તુત કરેલ વિચારો પૈકી કેટલાક વિચાર માનવસ્વભાવ પર આધારિત છે. પરિણામે તેમાં સર્વદેશીયતા, સર્વકાલીનતા જોવા મળે છે. આથી રાજયના એક પાયાના એકમ તરીકે નાગરિકને અને રાજયની વિકાસયાત્રામાં મહત્ત્વની અગ્ર ભૂમિકા ભજવવાની ક્ષમતા ધરાવનાર શાસક વર્ગને કોઇપણ સ્થળે અને કોઇપણ સમયે ઉપયોગી બની રહે તેવી વિગતો અહીં પ્રાપ્ત થતી હોઇ શુક્રનો અભ્યાસ સર્વદા સહાયક બની રહે તેમ છે.

## :: સંદર્ભ ગ્રંથોની સૂચિ ::

## સંસ્કૃત ગ્રંથો

### શુક્રનીતિનાં સંસ્કરણો


| | | |
|---|---|---|
| १. | शुक्रनीतिः | चौखम्भा सुरभारती प्रकाशन<br>वाराणसी - १९९८ |
| २. | शुक्रनीतिसार | चौखम्भा वाराणसी - १९६८ |
| ३. | शुक्रनीतिसार<br>(व्याख्या. स्वामी जगदीशवरानन्द) | रामलाल कपूर ट्रस्ट<br>बहालगढ, प्रथम - १९८३ |
| ४. | शुक्रनीति<br>- जीवानन्द विद्यासागर | कोलकात्ता से प्रकाशित |
| ५. | शुक्रनीति<br>- ओपर्ट महोदय | मद्रास से प्रकाशित |
| ६. | शुक्रनीति<br>- पंडित ब्रह्मशंकर मिश्र | चौखम्भा संस्कृत संस्थान<br>वाराणसी |
| ७. | शुक्रनीति | सस्तु साहित्य वर्धक मुंबई |
| ८. | शुक्रनीति<br>અનુ. મિહિરચંદ્ર<br>અંગ્રેજી અનુવાદ<br>- Sacred of Hindu Series<br>में अंग्रेजी अनुवाद संस्करण<br>- प्रा. विनयकुमार सरकार | वैंकटेश्वर मुंबई प्रेस - १९८२ |

## મુળ સંસ્કૃત ગ્રંથો


| | | |
|---|---|---|
| १. | अथर्ववेद संहिता<br>- सायणभाष्य सहित<br>विश्वेश्वरानन्द वैदिक शोध<br>संस्थान<br>होशियारपुर - १९६०-६४ | सायणभाष्य सहित<br>प्रकाशक - विज्ञानेश्वर मिताक्षरा<br>व्याख्या प्रकाश हिन्दी व्याख्या च<br>विभूषिता<br>हिन्दी व्याख्याकार -<br>डॉ. उमेश चन्द्र पाण्डेय<br>चौखम्भा संस्कृत संस्थान<br>वाराणसी वि. से. २०६० |
| २. | अमरकोशः (व्याख्यासुधा) | भानुजिदीक्षित निर्णयसागर - १९२९ |
| ३. | अभिज्ञान शांकुन्तलम् | महाकविकालिदास<br>प्रकाशक - निर्णयसागर मुंबई |
| ४. | अर्हन्नीति | अनु. मणिलाल नथुभाई डोसी |
| ५. | आदिपुराण | वेंकटेश्वर प्रेस मुंबई |
| ६. | उत्तररामचरितम् | भवभूति<br>संपादक - डॉ. वसंतकुमार मः भट्ट<br>प्रकाशक - सरस्वती पुस्तक भण्डार<br>अमदावाद |
| ७. | ऋग्वेदसंहिता | सायण भाष्यसहित<br>प्रकाशक - वैदिक संशोधन<br>मण्डल - पूना १९४१ |
| ८. | कामन्दीयनीतिसार | गुजराती प्रिन्टींग प्रेस, मुंबई<br>(અનુ. ઇ.સ. દેસાઇ, પ્રા. હ. શાસ્ત્રી<br>પ્રસિદ્ધ કરનાર મ.ઇ. દેસાઇ - ૧૯૧૫ |
| ९. | कामन्दकीयनीतिसार | जीवानन्द विद्यासागर कोलकात्ता - १८७५ |
| १०. | कामसूत्र | वात्स्यायन<br>चौखम्भा संस्कृत सीरीज<br>वाराणसी - १९२९ |
| ११. | कालिकापुराण | वेंकटेश्वर प्रेस - मुंबई |

| | | |
|---|---|---|
| १२. | कुमारसंभवम्<br>(वल्लभदेव टीका) | कालिदास विरचितम्<br>संपादक - गौतम पटेल<br>अमदावाद - १९८६ |
| १३. | कुमारसंभवम् | महाकविकालिदास विरचितम्<br>सं. पण्डित शेषराज शर्मा<br>चौखम्बा संस्कृत सीरीज |
| १४. | छान्दोग्योयनिषदीपिका<br>(सायणाचार्यभाष्य) | सं. डॉ. गौतम पटेल<br>अमदावाद |
| १६. | तैत्तिरीय उपनिषद् | संपादक - डॉ. तपस्वी शं. नान्दी<br>प्रकाशक - सरस्वती पुस्तक भण्डार<br>अमदावाद -द्वितीय आवृत्ति वर्ष - २००१ |
| १५. | दशकुमारचरितम् | दण्डी विरचितम्<br>सं. काले<br>प्रकाशक - मोतीलाल बनारस<br>दील्ली - १९६६ |
| १७. | नारद स्मृति | |
| १८. | नीतिशतकम् | भर्तृहरिचितप्<br>अनु. मनसुखलाल सावलिया<br>प्रकाशक - प्रवीण पुस्तक भण्डार<br>राजकोट |
| १९. | निरुक्त | यास्काचार्य (दुर्गाचार्य टीका सहित)<br>सं. वसंतकुमार मनुभाई भट्ट<br>सरस्वती पुस्तक भंडार - अमदावाद |
| २०. | नामलिङ्गानुशासनम् | संपादकः ओफ के. जी. |
| २१. | नीतिमयूख | नीलकण्ठकृत<br>संपादक - ज. र. धारपुर<br>मुंबई - १९२५ |
| २२. | नीतिवाक्यामृतम् | |
| २३. | पञ्चतंत्रम् | पण्डित पुस्तकालय काशी - १९५२ |

| | | |
|---|---|---|
| २४. | मनुस्मृतिः | भाषांतरकर्ता - गि. म. शास्त्री<br>प्रकाशक - सस्तु साहित्य वर्धक<br>कार्यालय - मुंबई<br>प्रथम आवृत्ति - १९४१ |
| २५. | महाभारतम् | महर्षि कृष्णद्वैपायन वेदव्यास प्रणीत<br>संपादक - डॉ. पं. श्रीपाद दामोदर<br>सातवलेकर<br>स्वाध्याय मण्डल पारडी<br>प्रथम आवृत्ति - १९७५ |
| २६. | महाभारतम् | महर्षि कृष्णद्वैपायन वेदव्यास प्रणीत<br>अनु. पण्डित रामनारायणदत्त शास्त्री<br>पाण्डेय - गीता प्रेस - गोरखपुर |
| २७. | मत्स्यपुराणम् | |
| २८. | शतकत्रयम् | संपादक - डी. डी. कौसम्बी<br>भारती विद्याभवन - मुंबई - १९४६ |
| २९. | शिशुपालवध | माधविरचित<br>डॉ. भगवती पुस्तक भण्डार<br>अमदावाद - १९७८ |
| ३०. | सामवेद संहिता | संपादक - पं. सातवलेकर<br>पारडी - १९३९ |
| ३१. | सुभाषितत्रिशती | (श्री भर्तृहरिकृत शतकत्रयम्)<br>श्री रामचन्दबुधेन्द्र विरचितया<br>चौखम्भा संस्कृत संस्थान वाराणसी<br>श्री गोकुल मुद्रालय<br>प्रथम संस्करण - वि. सं. २०४४ |
| ३२. | सुभाषितरत्न भाण्डागारम् | पणशीकरोपाहवविहदूर लक्ष्मण<br>शर्मण नुजनुषा वासुदेव शर्मण,<br>हर्स्टर्न लिंकर्स ५८ २५/न्यु.<br>चन्दावल जवाहरनगर - दिल्ली<br>प्रथम संस्करण - १९९१ |
| ३३. | सौन्दरनंदम् | अश्वघोष रचितम् |

| | | |
|---|---|---|
| ३४. | रघुवंशम् | कालिदास प्रणीतम्<br>संपादक - गौतम पटेल<br>प्र - सरस्वती पुस्तक भण्डार<br>अमदावाद |
| ३५. | रामायण | श्रीमद्वाल्मीकिमहामुनिप्रणीतम्<br>संपादक - कट्टी श्रीनिवासशास्त्री एवं<br>सातकडिमुखोपाध्याय शर्मा<br>प्रकाशक - परिमल पब्लिकेशन<br>दिल्ली - १९८३ |
| ३६. | वाजसनेयी संहिता | उव्वर् महीधरभाष्य संहिता<br>प्रकाशक - मोतीलाल बनारसदास<br>- १९७१ |
| ३७. | विदूरनीति | प्रकाशक - चौखम्बा संस्कृत सीरीज<br>वाराणसी |
| ३८. | विष्णुसहस्र | शंकराचार्यभाष्य<br>प्रकाशक : गीता प्रेस गोरखपुर |
| ३९. | विष्णुस्मृति | |
| ४०. | वीरमित्रोदय | ज. रा. घटपुरे - मुंबई |
| ४१. | वेदभाष्य भूमिका संग्रह | सायणकृत<br>संपादक - बलदेव उपाध्याय<br>प्रकाशक - चौखम्बा - १९५८ |
| ४२. | याज्ञवल्कयस्मृति | श्रीमद्योगीश्वर महर्षि याज्ञवल्कय प्रणीता<br>विज्ञानेश्वरप्रणत ‘मिताक्षर’ व्याखयता<br>प्रकाशक - चौखम्बा संस्कृत संस्थान<br>वाराणसी सप्तम वि. सं. २०६० |
| ४३. | हितोपदेश | निर्णयसागर मुद्रणालय<br>मुंबई - १९४९ |
| ४४. | श्रीमद् भगवतगीता | संपादक - डॉ. सी. एल. शास्त्री |
| ४५. | ध्वन्यालोक | समालोचन : श्री अभिनवगुप्त विरचित<br>‘लोचन’ तथा संपूर्ण गुजराती<br>चिन्मय व्याख्या साथ<br>संपादक : प्रा. डॉ. तपस्वी शं. नान्दी<br>प्रकाशक : सरस्वती पुस्तक भंडार<br>अमदावाद - प्रथम आवृत्ति-१९९७-९८ |

## હિન્દી ગ્રંથો

### સહાયક ગ્રંથો


| | | |
|---|---|---|
| १. | गरुड पुराण एक अध्ययन | डॉ. अवस्थी अवधविहारीलाल - १९६६ |
| २. | धर्मशास्त्र का इतिहास (प्रथम भाग) | पी. वी. काणे<br>अनु. कश्यप |
| ३. | बार्हस्पत्य राजव्यवस्था आमुख | डॉ. बाजपेयी राघवेन्द्र<br>प्रकाशक - वाराणसी - १९६६ |
| ४. | नीतिवाक्यामृत में राजनीति | शर्मा एम. एल. - दिल्ली - १९७१ |
| ५. | नीतिदर्शनकी रूपरेखा | प्रो. रन्नादे - १९६८ |
| ६. | नीतिशास्त्र | देसाई भास्कर गोपालजी<br>बडोदरा - १९६४ |
| ७. | नीतिः धर्मः दर्शन | महात्मा गांधी - इलाबाद - १९७६ |
| ८. | नीतिशास्त्रकी रूपरेखा | जयप्रकाश एवं चौधरी बलबीरसिंह<br>- १९३६ |
| ९. | नीतिः धर्मः दर्शन | भूमिका साधना सुमन - इलाबाद - १९६८ |
| १०. | पाणिनीकालीन भारतवर्ष | श्री वासुदेव शरण अग्रवाल<br>वाराणसी - वि. सं. २०१२ |
| ११. | प्राचीन भारतीय शासन व्यवस्था और राजशास्त्र | विद्यालंकार सत्यकेतु |
| १२. | प्रमुख स्मृतियों का अध्ययन | ठाकुर लक्ष्मीदत्त<br>हिन्दी समिति लखनऊ - १९६५ |
| १३. | महाभारतकालीन राज्यव्यवस्था | डॉ. शास्त्री रघुवीर<br>प्रकाशक - साहित्य भण्डार मेरठ-१९७१ |
| १४. | भारतीय नीतिशास्त्र का इतिहास | भीखनलाल आत्रेय - लखनऊ-१९६४ |
| १५. | भारतीय शासनपद्धति | अलतेकर ए. एस. |
| १६. | भारतीय नीति का विकास | पाण्डेय श्यामलाल<br>प्रकाशक - बिहार राष्ट्रभाषा परिषद<br>पटना - १९६५ |

| | | |
|---|---|---|
| १७. | भारतीय धर्म और दर्शन | आचार्य बलदेव उपाध्याय |
| १८. | भारतीय दर्शन | डॉ. राधाकृष्णन<br>डॉ. उमेश<br>प्रकाशक - उ. प्र. हिन्दी समिति<br>लखनई - १९७५ |
| १९. | भारतीय राज्यशास्त्र प्रणेता | पाण्डेय श्यामलाल |
| २०. | भारतीय नीतिशास्त्र | दिवाकर पाठक<br>प्रकाशक - हिन्दी ग्रंथ अकादमी<br>पटना - (बिहार) १९७१ |
| २१. | भारतीय संस्कृति का विकास | डॉ. मंगलदेव शास्त्री<br>प्रकाशक - वाराणसी - १९६६ |
| २२. | राजनीति और दर्शन | डॉ. वर्मा विश्वनाथ प्रसाद<br>प्रकाशक - पटना - १९६० |
| २३. | वेदकालीन राज्यव्यवस्था | पाण्डेय, राजबली - लखनऊ |
| २४. | वेदकालीन समाज | ज्ञानी शिवदत्त<br>प्रकाशक - वाराणसी - १९६७ |
| २५. | वैदिकधारा | डॉ. मंगलदेव शास्त्री |
| २६. | वैदिक देवताशास्त्र | अनु. डॉ. सूर्यकान्त |
| २७. | वाल्मीकि रामायमण में राजनीति | चतुर्वेदी शिवदत्त शर्मा<br>प्रकाशक - वाराणसी - १९८० |
| २८. | संस्कृत काव्य के नीतितत्त्व | बाकना प्रकाशन |
| २९. | सांख्य प्रवचन सूत्र | |
| ३०. | सांख्य प्रवचन भाष्य | |
| ३१. | संस्कृत साहित्य का इतिहास | डॉ. बलदेव उपाध्याय<br>प्रकाशन - शारदा संस्थान<br>वाराणसी - १९३७ |
| ३२. | शुक्र की राजनीति | पाण्डेय श्यामलाल<br>प्रकाशक - लखनऊ<br>वि.सं. २००१ |
| ३३. | हिन्द राज्यतंत्र | जायस्वाल काशीप्रसाद |

| ગુજરાતી ગ્રંથો | | |
|---|---|---|
| ૧. | ભગવદ્ ગોમંડલ | કર્તા. ભગવતસિંહજી ગોંડલ<br>પ્રકાશન વર્ષ - સ્વાતંત્ર્યદિન - ૧૯૫૦ |
| ૨. | ભગવાન કૌટિલ્ય | ડૉ. ક. મા. મુનશી<br>પ્રકાશક - ગુર્જર અમદાવાદ - ૧૯૭૨ |
| ૩. | ભારતીય સાહિત્યશાસ્ત્રની વિચાર પરંપરાઓ | લેખક - ડૉ. તપસ્વી નાન્દી<br>સહસંપાદક - નારાયણ મે. કંસારા<br>પ્રકાશક - યુનિ. ગ્રંથનિર્માણ બોર્ડ<br>અમદાવાદ - પ્રથમ આવૃતિ-૧૯૭૫ |
| ૪. | ભારતરત્ન | લેખક - ઉપેન્દ્રરાય સાંડેસરા<br>પ્રકાશક - અમદાવાદ - ૧૯૬૩ |
| ૫. | હિન્દુ રાજય વ્યવસ્થા | લેખક - જયસ્વાલ કે. પી.<br>અનુ. - મહેતા ચંપકલાલ<br>પ્રકાશક - અમદાવાદ - ૧૯૩૭ |
| ૬. | હિન્દુ રાજય પદ્ધતિનો ઈતિહાસ | સોમપુરા કાંતિલાલ એફ.<br>પ્રકાશક - યુનિ. ગ્રંથનિર્માણ બોર્ડ<br>અમદાવાદ - ૧૯૭૩ |
| ૭. | હેમ સમીક્ષા | મોદી મધુસૂદન<br>આત્માનંદ જન્મશતાબ્દી સ્મારક ટ્રસ્ટ<br>૧૯૪૨ |
| ૮. | પાણિનીય વ્યાકરણ પરમ્પરામાં કારક-મીમાંસા | કમલેશકુમાર છગનલાલ ચોકસી<br>પ્રકાશક - ગુજરાત યુનિ. -અમદાવાદ<br>- પ્રથમ સંસ્કરણ - ૨૦૦૧ |
| ૯. | પ્રાચીન ભારત | ડૉ. શાસ્ત્રી હરિપ્રસાદ જી.<br>પ્રકાશક - ગુજરાત યુનિ.<br>અમદાવાદ - ૧૯૬૯ |

| | | |
|---|---|---|
| ૧૦. | યજુર્વેદ સંહિતા<br>(સરળ ગુજરાતી ભાવાર્થ<br>સહિત - ભાગ ૧ થી ૪) | સંપાદક : વેદમૂર્તિ તપોનિષ્ઠ પં.<br>પ્રકાશક : યુગ નિર્માણ યોજના<br>પ્રકાશક : બ્રહ્મવર્ચસ્ શાંતિકુંજ<br>હરિદ્વાર, ઉત્તરાંચલ - ૨૦૦૫ |
| ૧૧. | સામવેદ સંહિતા<br>(સરળ ગુજરાતી ભાવાર્થ<br>સહિત - ભાગ ૧ થી ૪) | સંપાદક : વેદમૂર્તિ તપોનિષ્ઠ પં.<br>પ્રકાશક : યુગ નિર્માણયોજના<br>પ્રકાશક : બ્રહ્મવર્ચસ્ શાંતિકુજ<br>હરિદ્વાર, ઉતરાંચલ - ૨૦૦૪ |
| ૧૨. | અથર્વવેદ સંહિતા<br>(સરળ ગુજરાતી ભાવાર્થ<br>સહિત - ભાગ ૧ થી ૪) | સંપાદક : વેદમૂર્તિ તપોનિષ્ઠ પં.<br>શ્રીરામ શર્મા આચાર્ય<br>પ્રકાશક : બ્રહ્મવર્ચસ્ શાંતિકુજ<br>હરિદ્વાર - ૨૦૦૪ |
| ૧૩. | ઋગ્વેદ સંહિતા<br>(સરળ ગુજરાતી ભાવાર્થ<br>સહિત - ભાગ ૧ થી ૪) | સંપાદક : વેદમૂર્તિ તપોનિષ્ઠ પં.<br>પ્રકાશક : યુગ નિર્માણયોજના<br>ગાયત્રી તપોભૂમિ - મથુરા - ૨૦૦૫ |

| અંગ્રેજી ગ્રંથો | | |
|---|---|---|
| 1. | A. B. Keth | The Religion and Philosophy of The Vedes and Upanishada |
| 2. | Alterkar A. S. | State and Govt. in Ancient India |
| 3. | B. K. Sarkar | The S̄ukranīti (Tr.) |
| 4. | Benerjee S. C. | Dharm Satras A. Study in their origin and Development |
| 5. | Beni Prasad | Theory of Government in Ancient India - Allahabad-1927 |
| 6. | Betai R. S. | A Reconstruction of the original Interpretations of the Manusmriti Guj. Uni. Ahmedabad - 1970 |
| 7. | Banerji P. N. | Public Administration in Ancient India |
| 8. | Bhandarkar D. R. | Some Aspects of Ancient Hindu Polity - Banaras - 1929 |
| 9. | Bhandokar D. R. | Carmichael Lectures - 1981 |
| 10. | Bhoshal V. N. | History of Indian Political Ideas |
| 11. | Chaudhary G. C. | Political History of Northen India from Jain - Sources Amritsar - 1963 |
| 12. | Cr. Kangle R. P. | The Kautiliya Arthasatra |
| 13. | Dasgupa S. N. | A History of Sanskrit Literature, Calcutta - 1962 |
| 14. | Dikshiar V. R. R. | -Mauryan Polity - Mysore - 1932<br>- Gupta Polity - Madras - 1952<br>- Hindu Administrative Institutions |

| | | |
|---|---|---|
| 15. | Drekmeier C. | Kingship and Community in Early India - Oxford - 1962 |
| 16. | Ghoshal U. N. | History of Hindu Political theories - Calcutta - 1923 |
| 17. | Gopal Lajanji | Sukraniti A, Nineteen Century text - Varanasi - 1978 |
| 18. | Gowne Ferbert H. | History of Ancient Sanskrit Literature<br>Seema Publication - Delhi-1983 |
| 19. | Gupta Ram Kishore | Political throught in the Smrti Literature - Allahabad - 1958 |
| 20. | Hopkis | Ethics of India Viewhaven - 1927 |
| 21. | J. Bentham | Principles of Morals and Legislation |
| 22. | Jayaswal K. P. | - Hindu Polity - Calcutta - 1934<br>- Manu and Yajnyavalkya Calcutta - 1930 |
| 23. | Kane P. V. | History of Dharma Sastra Poona, Bhandarkar oriental Research Institute - 1930, 1946 |
| 24. | M. Winternitz | A History of Indian Literature vol. III Part II Delhi - 1967 |
| 25. | Mishra B. B. | Studies in the puranic pecoras on Hindu Rites and custom |
| 26. | Mitra R. L. | The Nisatra by Kamandaka |
| 27. | Puntambekar S. V. | Indian Journal of political Science - 1948 |

| | | |
|---|---|---|
| 28. | R. E. Hume | The Thirteen Princcial Upanishada |
| 29. | Roy B. P. | Political Ideas and Institutious in the Mahabharata Calcutta - 1975 |
| 30. | S. N. Shende | The religen and Philosophy of Athavaved a Poona - 1952 |
| 31. | Saletor B. A. | Ancient Indian Political Science - 1963 |
| 32. | Sarkar B. K. | Positive Background of Hindu Sociology Allahabad - 1921 |
| 33. | Sharma Ramashraya | Socio - Political Study of Ramayana - Delhi - 1971 |
| 34. | Vishwanath S. V. | International Law in Ancient India |

| કોશ ગ્રંથો | | |
|---|---|---|
| ૧. | અમરકોશ | અનુવાદક – કેશવરામ કા. શાસ્ત્રી<br>પ્રકાશક – યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ<br>અમદાવાદ – પ્રથમ આવૃત્તિ – ૧૯૭૫ |
| ૨. | અમરકોશ | અમરસિંહ<br>પ્રકાશક – નિર્ણયસાગર પ્રેસ મુંબઇ<br>૧૯૧૮ – ઇ.સ. ૧૮૯૭ |
| ૩. | ગૂજરાતી સંસ્કૃત કોશ | રચયિતા – ડૉ. નારાયણ કંસારા<br>આચાર્ય નટવરલાલ યાજ્ઞિક, ડૉ. દશરથ<br>ભાઇ વેદિયા, ડૉ. જયંતિલાલ ભટ્ટ<br>ડૉ. અમૃત ઉપાધ્યાય<br>પ્રકાશક – ઇશ્વરલાલ પટેલ<br>મહર્ષિ વેદ વિજ્ઞાતા અદાદમી<br>વર્ષ – ૧૯૯૦ |
| ૪. | हलायुधकोशः<br>(અભિધાન રત્નમાલા) | સંપાદક – જયશંકર જોષી<br>પ્રકાશક – સરસ્વતી ભવન, વારાણસી |
| ૫. | હિન્દી સાહિત્યકોશ | સંપાદક – ધીરેન્દ્ર વર્મા<br>પ્રકાશક – જ્ઞાનમંડલ લીમીટેડ,<br>વારાણસી દ્વિતીય સંસ્કરણ<br>સંવત – ૨૦૨૦ |
| ૬. | संस्कृत शब्दार्थ कौस्तुभ | દ્વિતીય સંસ્કરણ |
| ૭. | संस्कृत - हिन्दी शब्दकोश | સંગ્રહકાર – વામન શિવરામ આમ્ટે<br>પ્રકાશક – દિલ્લી – ૧૯૬૬<br>અમર પબ્લિકેશન – વારાણસી<br>પ્રથમ સંસ્કરણ – ૧૬૬૪ |
| ૮. | સંસ્કૃત ગૂજરાતી વિનીતકોશ | સંપાદક – ગોપાલદાસ જીવાભાઇ<br>પ્રકાશક – ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ<br>પ્રથમ આવૃત્તિ – ૧૯૬૨ |

| | | |
|---|---|---|
| ૯. | शब्दकल्पद्रुम भाग १ से ५ | संपादक : राजा राधाकान्त देव विरचित<br>प्रकाशक : नाग पब्लिशर्स<br>दिल्ली - द्वितय आवृत्ति - २००२ |
| ૧૦. | સાર્થ ગૂરાતી જોડણી કોશ | પ્રકાશક - રામલાલ ડાહ્યાલાલ પરીખ<br>ગુજરાત વિદ્યાપીઠ અમદાવાદ<br>પ્રથમ આવૃત્તિ - ૧૯૨૯ |
| ૧૧. | बृहत् कोश (संस्कृत-गुजराती) | સંપાદક - પ્રા. રતિલાલ સા. નાયક<br>પ્રકાશક - અક્ષરા પ્રકાશન અમદાવાદ<br>પ્રથમ આવૃત્તિ - ૨૦૦૩ |
| ૧૨. | भगवद्गोमण्डल | भगवतसिंहजी<br>प्रवीण प्रकाशन राजकोट<br>प्रथम आवृत्ति - १९४८<br>पुनःमुद्रण - १९८६ |
| ૧૩. | विश्व सूक्तिकोश<br>(खण्ड १ से ४) | संपादक - डॉ. श्याम बहादुर वर्मा<br>सहसंपादक - डॉ. मधु वर्मा<br>प्रकाशक - प्रभात प्रकाशन<br>दिल्ली - २००६ |
| ૧૪. | प्रेकिकल संस्कृत डिक्शनरी | ए. ए. मेकडोनाल |
| ૧૫. | A Dictionary of Literari Terms | - J. A. Cuddon Edited by Eric Parttridge and Simeon Potter<br>New Delhi - 1980 |
| ૧૬. | A Modern English Gujarati Dictionary | - P. G. Deshpande<br>Oxford University Press - 1987 |

| સામયિકો | | |
|---|---|---|
| ૧. | આત્મધર્મ | પ્રકાશક - શ્રી ચીમનલાલ ઠાકરશી મોદી<br>મંત્રી - ટ્રસ્ટી - શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ - સોનગઢ<br>સંપાદક - નાગરદાસ બેચરદાસ મોદી |
| ૨. | કવિલોક<br>(પંચમહાકાવ્ય વિશેષાંક) | સંસ્થાપક - રાજેન્દ્ર શાહ<br>મુદ્રક - પ્રકાશક - તંત્રી<br>ધીરૂ પરીખ<br>નવેમ્બર - ડિસેમ્બર |
| ૩. | सरस्वती सुषमा | वाराणसेय संस्कृत विश्व विद्यालय पत्रिका<br>संपादक - श्री क्षेत्रेशचन्द्र चट्टोपाध्याय |
| ૪. | संस्कृत प्रतिभा | संपादक - आचार्य एस. बि. रघुनाथाचार्य<br>उपसंपादक - आचार्य लक्ष्मीनरसिंह<br>प्रकाशक - के. सच्चिदानंदन<br>न्यू दिल्ली - २००० |
| ૫. | साम्मनस्यम्<br>(मासिकी पत्रिका) | बृहद्गुजरात संस्कृत परिषद्<br>पालडी - अमदावाद |